# ● અનુક્રમણિકા ●


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૪ | ૪૨ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગુણવાન પ્રત્યે અદ્વેષ | ૧ |
| ૨. | ૪ | ૪૩ | શ્રી 'યોગદૃષ્ટિ૰ ભાવદયા માટે ચંદન જેવા બનો | ૧૪ |
| ૩. | ૪ | ૪૪ | શ્રી 'યોગદૃષ્ટિ૰ દુઃખી પર દયા શા માટે | ૨૧ |
| ૪. | ૪ | ૪૫ | શ્રી 'યોગદૃષ્ટિ૰ સર્વત્ર ઔચિત્યનું પાલન | ૨૩ |
| ૫. | ૪ | ૪૬ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ઈર્ષ્યાની આગ | ૪૧ |
| ૬. | ૪ | ૪૭ | શ્રી 'યોગદૃષ્ટિ૰ જીવનમાં શાની વધારે અપેક્ષા છે ? | ૫૪ |
| ૭. | ૫ | ૨ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ચિત્ત સ્વાસ્થ્ય | ૮૨ |
| ૮. | ૫ | ૪ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' યોગાવંચક | ૯૧ |
| ૯. | ૫ | ૬ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' આઠ દૃષ્ટિ | ૯૯ |
| ૧૦. | ૫ | ૭ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' સ્વસ્થ મન | ૧૧૨ |
| ૧૧. | ૫ | ૧૬ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' યોગબીજ સંગ્રહ | ૧૧૪ |
| ૧૨. | ૫ | ૧૭ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' કુશળ ચિત્ત | ૧૧૫ |
| ૧૩. | ૫ | ૧૮ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' કુશળ ચિત્ત | ૧૨૩ |
| ૧૪. | ૩૨ | ૧૯ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય | ૧૨૬ |
| ૧૫. | ૩૨ | ૨૦/૨૧ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' વરબોધિ | ૧૩૪ |
| ૧૬. | ૩૨ | ૨૨ | શ્રી 'યોગદૃષ્ટિ૰ નિશ્ચિત મુક્તિ છતાં તપ કેમ જરૂરી | ૧૫૦ |
| ૧૭. | ૩૨ | ૨૩ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' વીર શાથી ? | ૧૫૬ |
| ૧૮. | ૩૨ | ૨૪ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ઈચ્છા યોગનો ધર્મ | ૧૬૭ |
| ૧૯. | ૩૨ | ૨૬ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શુદ્ધ ધર્મ ઈચ્છા કેવી ? | ૧૮૧ |
| ૨૦. | ૩૨ | ૨૭ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' લૌકિક-અલૌકિકના ભેદ | ૧૯૦ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૨૧. | ૩૨ | ૨૮ | શ્રી 'યોગદૃષ્ટિ૰ શાસ્ત્ર યોગ માટે અપ્રમાદિતા | ૨૦૦ |
| ૨૨. | ૩૨ | ૨૯ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્ર યોગ માટે શ્રદ્ધા | ૨૧૩ |
| ૨૩. | ૩૨ | ૩૦ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' સપ્રત્યયાત્મક શ્રદ્ધા | ૨૨૬ |
| ૨૪. | ૩૨ | ૩૧ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્રોતાના ૧૦ ગુણ | ૨૩૮ |
| ૨૫. | ૩૨ | ૩૨ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રયોગમાં પટુબોધ | ૨૪૭ |
| ૨૬. | ૩૨ | ૩૩ | શ્રી 'યોગદૃષ્ટિ૰ વીતરાગભક્તિથી વીતરાગતા તરફ | ૨૫૬ |
| ૨૭. | ૩૨ | ૩૪ | શ્રી 'યોગદૃષ્ટિ૰ સ્વરૂપયોગ્ય-ફલોપધાયક કારણ | ૨૬૫ |
| ૨૮. | ૩૨ | ૩૫ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' પ્રવૃત્તિમાં જિનવચન | ૨૭૩ |
| ૨૯. | ૩૨ | ૩૬ | શ્રી 'યોગદૃષ્ટિ૰ સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર | ૨૭૬ |
| ૩૦. | ૩૨ | ૩૭ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' દીક્ષાર્થીના ૧૬ ગુણ | ૨૮૪ |
| ૩૧. | ૩૨ | ૩૮ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અનેકાંતદૃષ્ટિ | ૨૯૩ |
| ૩૨. | ૩૨ | ૩૯ | શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અસદ્ આગ્રહ ત્યાગાદિ | ૩૦૩ |
| ૩૩. | — | — | પરમાત્મ-પ્રીતિ | ૩૧૧ |






E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

# ૧ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

## (ભાવમળહ્રાસના ૩ લક્ષણ)

**સંસાર જ એવો છે ! :**

અત્યંત દયા એટલે દયાની પરંપરા ચલાવનારી દયા. એટલે કે 'કોઈના પર દયા કરી તે કરી, હવે પછી તે મારું કંઈ બગાડી જાય તો પણ મારી દયા તો સલામત જ !' આ ભાવના કદાચ સામે કંઈક કરવું પડ્યું તો પણ પૂર્વે દાખવેલી દયા અખંડ રાખીને ! તમે પૂછશો.

**પ્ર.**- આ કેમ બને ?

ઉ.- બને; જ્યાં અનુભવાયું નથી ત્યાં નથી, બાકી તો બીજે ઘણે ઠેકાણે બને છે ! દા.ત. તમારો નાનો છોકરો છે, ગાલે ફૂલેલો ગોરી ચામડીવાળો, હસતો ને ખીલતો, પ્રેમાળ બાપુજી બાપુજી કરનારો. એટલે એના પર ભરપૂર રાગ છે. હવે એ છોકરાએ હઠીલા થઈને ત્રણને ચાર વાર કપડું બગાડ્યું કે કંઈક નુકસાન કર્યું. તો શું થાય દિલમાં ? ''લપડાક એક લગાવી દેવી જોઈએ.'' એમ ને ? છતાં અંદરનો પ્રેમ સલામત છે, એટલે કેવી રીતે લપડાક લગાવો ? **આ તો જો કે મોહના ઘરનો પ્રેમ છે; પણ અહીં વાત એ છે કે ધર્મના ઘરનો હાર્દિક મૈત્રીભાવ જોઈએ.** કદાચ બહારથી આવેશ દેખાડો, ''જો ભાઈ, તને કીધું છે, હવે હું સહન કરીશ નહિ, ભવિષ્યમાં ચેતી લેજે !'' છતાં હૈયામાં એના પ્રત્યેની હિતબુદ્ધિ ખંડિત ન થવી જોઈએ. જે દયા, જરાક કાચના વાસણને ઠબકો લાગતાં નંદાય તેમ નંદાઈ જાય, મૈત્રીભાવ ખંડી જાય, તે દયા નહિ. આવી દયાથી આત્માને ઉદયનો વિશ્વાસ મળે નહિ. આજે ઘરખટલામાં ક્લેશ કેમ છે ? એક બીજા સાથે ઊંચાનીચા થવાના પ્રસંગ આવે એમાં અંદરની દયા ગુમાવાય છે, તેથી પણ એમાં ભારે નુકસાન છે. એ તો વિચારી લેવું જોઈએ કે ''મારા પાપનો ઉદય છે માટે મારી પ્રતિકૂળ વર્તવાનું કરે છે. છતાં પણ એણે આજ સુધીમાં મારી ઘણીય સેવા કરી છે; મારા પર ખૂબ હેત વરસાવ્યું છે; હજી પણ મારો પોતાનો ગણાય તો તે છે, રસ્તે જનારો નહિ. અવસરે હજીય એને દાઝ આવશે, પરાયાને નહિ. માટે આજે કદાચ એ મને કાંઈ પ્રતિકૂળ કરે, તો તે અકિંચિત્ છે. એના પર પૂર્વના હેત વીસરાય જ નહિ. કે એવો પશ્ચાત્તાપ નહિ જ કરવાનો કે અરેરે આમની સાથે કાં પ્રીત કરી.'' આવેશ



આવે ત્યારે વિવેક રાખીને વિચારણા કરવી જોઈએ કે ''સામો જીવ ઉપકારી છે કે આપણને પરીક્ષામાં ઉતારે છે. ક્ષમાની સુંદર તક આપે છે. અથવા અજ્ઞાન છે માટે આવું આચરણ કરે છે...'' જો આવો વિચાર ન કરીએ તો એક તો પાપનો ઉદય વર્તે છે ને આ વળી દયા કરવાનો સોનેરી અવસર ચુકાઈ જાય છે ! 'એને સદ્બુદ્ધિ મળો. એનું પણ સારું થજો.'' આ ક્યારે આવે ? જો અત્યંત દયાનાં વહેણ વહેતાં હોય તો- એવી વિચારણા દઢ બનાવો કે **''પ્રતિકૂળતા આવે છે તો તે આપણા જ પાપકર્મના ઉદયથી. અથવા તો આ સંસાર જ એવા સ્વભાવવાળો છે કે આપણી ધારણા મુજબનું બે ટકા બને અને ધારણા બહારનું અઠ્ઠાણું ટકા બને ! તો પછી સામા પર દયા ગુમાવવાની નહિ.''**

**દયા વિચારવાની તક અહીં છે :**

જીવનમાં તમારી ધારણા મુજબનું કેટલું બને છે ? તમારા કુટુંબી કેવા છે ? હાથ જોડવા જેવા ? છતાં તમારી ધારણા કેવી છે ? સારા બનાવવાની ને ? 'હા, ભાઈ સાહેબ, ધારણા તો એજ હોય જ ને !' એમ કહેશો. પણ આવેશમાં આવો ત્યારે ખરેખર એ ભાવના રહે છે ? 'ધારણા મુજબનું કેટલું થાય છે ? દુનિયાના સત્તાધીશો મને બોલાવે ! મારો બધા પર રોફ ને ઠસ્સો ચાલે ! હું સરમુખત્યાર બનીને સત્તાનો દંડ અજમાવું !' ઘણી ધારણાઓ છે જીવની ! પણ કેટલી બની આવે છે ? સંસારનો સ્વભાવ જ એવો છે કે ઘણીય ધારણા બર ન આવે. તો શું આમ જ ચાલવાનું ? ન ચાલે, જો તમે પલટો ખાઓ તો. એ માટે સંસારથી ફારગતી લેવી પડે. ગભરાશો મા. વસ્તુ સ્વરૂપ વિચારજો. જો ફારગતી નથી લેવી તો આ બનવાનું જ ! આવી અનેક વિચારણાઓ છે કે જે દયાને સારી રીતે રાખી શકે. **દયાનો દીવો બુઝાવવાના ભવ ઘણા; ને પ્રગટાવવાનો ભવ ફક્ત આ !** દયાની જ્યોતિ ક્યાં જગાવવાની ? **જો જીવીને પણ દયા મોંઘી છે, તો શું પછી મરીને દયા કરશો ?** ચંડકોશિયાની જેમ કીડીઓ શરીરને વીંધીને ચાલી જશે ત્યાં દયા કરશો ? છે એટલું સત્ત્વ ? કહો કે આ વિચાર એક જબરદસ્ત આલંબન છે. નરકની કારમી પીડા આપણે ભોગવીને આવ્યા છીએ. એવી પીડા અહીં હોત તો કાયાથી તો શું પણ મનથીય એક ક્ષણ પણ ધર્મસાધના દુર્લભ બની જાત. તો આ તો સારું છે કે એવી પીડા તો નથી પણ ઊલટું ઘણી ઘણી સુખસગવડ છે. હવે જો જરા ડાહ્યા થઈએ કે આટલી સગવડ છે ત્યારે તો દાન, શીલ, તપ, ત્યાગ, વ્રત વગેરે કરી લેવા દે; તો તે ઘણું કામ થાય એમ છે. તદ્દન પારણું ન મળવાનું હોત તો તો ક્યાં ઉપવાસની ભાવના થાત ? પરાધીનપણે ભૂખે મરત. તો એ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કરતાં તો ચાહીને ઉપવાસ કાં ન કરી લઉં ? પાછું બીજે દિ'સારું ખાવા તો મળવાનું જ છે. એમ અહીં **વીતરાગના શાસનમાં જો દયાનો દીવો જલાવ્યો તો ઠીક; નહિતર પછી દુર્ગતિમાં ઘસડાઈ જવાના. ત્યાં તો સદ્ગુરુઓએ જલાવેલો દીવો તે પણ બુઝાઈ જવાનો !** આ મૃદુતા સંગીન છે ! ચિરકાળજીવી છે ! એવી અત્યંત દયાથી આત્માને જેણે કુણો બનાવ્યો તેણે આત્મા પર અનેક સુંદર ઘાટ કરવાની તૈયારી કરી. માટીનો પીંડો કુણો ન થાય ત્યાં સુધી એના પર ઘાટ શાના ઉતરે ? એ તો કેળવાય, ટુંપાય, ટિપાય, પાણી સાથે જ્યારે એકમેક થઈ ચીકાશ પકડે, કર્કશતા, કાંટા ને ઢેફાથી રહિત બને, ત્યારે તે ઘાટ ઘડાવા યોગ્ય બને. તેમ **આત્મા દયાદિ ગુણોના વર્તાવથી ટિપાઈ, ટુપાઈને કુણો થાય; ને કાંકરા કર્કશતા નીકળી જાય, પછી ઉત્તમ જ્ઞાન, દર્શનને ચારિત્રના ઘાટ માટે તૈયાર થાય.** સમકિતી બનવું છે તે આત્માનો ઘાટ છે. તે ઘાટ ઘડવાની તૈયારી શું ? કૂણાશ ! અત્યંત દયા ! તે ક્યારે બને ? **"જગતમાં અનંત જીવો પીડાઈ રહ્યા છે, ત્યારે તે જીવો પ્રત્યે દયા વિચારવાની મને અહીં સુંદર તક મલી છે !"** આવું મારા પ્રભુએ મને સમજાવ્યું છે ! જન્મજન્મના વૈર ખમાવવાની વાત નહિ પણ ગયા વર્ષનીય વાત છે, તે નહિ ખમાવે તો શું થશે ? કહે છે કે "એ ગાંઠ છૂટે એવી નથી. એ સિવાય જે કહેવું હોય તે કહો." પણ એવું બોલનારને ક્યાં ખબર છે કે આ કેટલા ભવ માટે ? આ વૈર લઈને જઈશ તો પુણ્યની દૃષ્ટિએ શી શાબાશી ? શાબાશી નહિ, નાલેશી છે. બહાદુરી નથી; પણ કાયરતા છે. દા.ત. કોઈ બળવાનની સામે જોર ચાલતું નથી એટલે એને શરણે જઈને બેસી રહે, તે માટે એનો માર ખાઈ લે, તેમ અનાદિનો બળવાન જોદ્ધો ક્રોધ કષાય ઉઠ્યો તેની આગળ કાયર બની નિઃસત્ત્વ બની એના શરણે જઈ એની ગુલામી કરી લે; તે શું બહાદુરી છે ? કહી દે એને કે "તને હું ઓળખું છું; અહીં હવે તને જગા નહિ મળે. તારું ધાર્યું નહિ થાય." આ બહાદુરી છે. આ જીવનની અમારી સારા જગત તરફ એ દૃષ્ટિ છે કે "સારુંય જગત અનેક તરફથી માર ખાઈ રહ્યું છે, કર્મ અને મોહનો ભારે માર ખાઈ રહ્યું છે, ત્યાં અમે ક્યાં માર મારીએ ?" એટલે કે આ પહેલું લક્ષણ છે, દુઃખી પર અત્યંત દયા. જો જો દયાર્દ્ર હૃદય બનાવવા માટે કેઈ પ્રકારની સુંદર વિચારણાઓ છે. જેના પર આપણને ક્રોધ ઉઠવાનો સંભવ છે, એ જીવ કષાયોથી તો બિચારો મરી રહ્યો છે. એનાં કટુપરિણામમાં અહીં એનું દિલ ક્યાં સ્વસ્થ છે ? શાંત અને સુખી છે ? ભારે સંતાપ છે અને કષાયો એને ભવાંતરમાં તો ટીપી નાખવાના છે હવે આવા દયાપાત્ર જીવ પર હું નિષ્ઠુર કાં થાઉ ?



## • ૨ ગુણવાન પર અદ્વેષ •

**ત્રણ પ્રકારના જીવો : ૩ ભાવ :**

ભાવમળનો હ્રાસ થવામાં પહેલું લક્ષણ દુઃખી પર અત્યંત દયા, પછી બીજું લક્ષણ આવે છે ગુણવાન પર દ્વેષ ન કરવાનું. "સામો વિદ્યાદિ ગુણોથી યુક્ત છે. એની પાસે દુનિયાની વટ આબરૂ, સત્તા-સગવડ, જે બધું છે, એ મારા કરતાં અધિક છે. એ એને એના પુણ્યની મુડીથી મળ્યું છે, તો એના પર મારા દિલની ઈર્ષ્યા નહિ. મારા દિલમાં તો પ્રેમભાવ જ !" આ કોમળતા જોઈએ. જગતના જીવો ત્રણ કક્ષાના. એક તો આપણાથી નીચી કક્ષાના; બીજા સમાન કક્ષાના; ને ત્રીજા ઊંચી સ્થિતિના. ત્રણ ઠેકાણે ત્રણ ભાવ જાગતા જોઈએ. **નીચા પ્રત્યે નીતરતો દયાભાવ; સમાન પ્રત્યે ચોખ્ખો મૈત્રીભાવ; ને અધિક પ્રત્યે પ્રેમ ને પ્રમોદભાવ જોઈએ. આ ત્રણેયમાં બેભાન જીવોને વાંધા પડે છે.** નીચી કોટિના પ્રત્યે દયા નહીં એટલે તુચ્છકાર તિરસ્કાર અભિમાન કરવાનો. સમાન પ્રત્યે મૈત્રીભાવ નહિ, એટલે અરુચિ, અવગણના, નિંદા કરવાનું મન થશે; ઝીણી આંખે, ગીધની આંખે, દોષ જોવાનું જ આવડશે. આમાંથી બચવા માટે દયા, મૈત્રી ને પ્રમોદભાવ કેળવો. સારાયે જગત પર મૈત્રીભાવ શા માટે ? કેમકે જગત કર્મથી પીડાઈ રહ્યું છે, ને અમે પણ કર્મથી પીડાઈ રહ્યા છીએ. **બે સમાન દુઃખી છીએ. કર્મની કેદમાં પડેલા આપણે અહીં જગત સાથે એક સ્થિતિમાં આવ્યા છીએ.** આ ભાવના મૈત્રીભાવને સામે રાખે. તમે નાના હતા ત્યારે દુનિયામાં નવી શોધ નહોતી થઈ. તેથી વિમાનમાં મુસાફરી નહોતી કરી. આજે તે શોધ થઈ ત્યારે તમારો દીકરો વિમાનમાં મુસાફરી કરે છે. તો તમને શું દીકરા પર દ્વેષ થશે ? શું એમ કહેશો, "આ અમે ટાંટીયા તોડીને જતા, ને તમે આજે નવાઈના તે વિમાનમાં..." ના, ત્યાં તો પ્રમોદભાવ છે. બીજે એ રાખતાં નથી આવડતો તેથી જગતની કહેવત છે કે, "મેં નાકકટ્ટા તો તને યે અપશુકન કરું." સામાના સુખની પ્રત્યે આપણી ખુશી મોંઘી છે; પણ એમાં આપણે બેવડા દુઃખી થઈએ છીએ, કહે છે, મધ્યમવર્ગ દુઃખી છે. કબુલ વાત પણ એ મધ્યમવર્ગ ઈર્ષ્યા કરવા માંડે બીજાઓની, તો શું વળવાનું ? એની ઈર્ષ્યાની કાળી વિચારણાનો એક ડાઘ પણ બીજાને નથી લાગવાનો. પણ પોતે એ ઈર્ષ્યાના સંતાપથી દુઃખી થશે. આમ ગરીબનું દુઃખ તો હતું જ; તેમાં આ દુઃખ વધ્યું; એટલે દુઃખ બમણું થયું. આજે સાધર્મી સીદાય છે એ વસ્તુસ્થિતિ સાચી છે; પણ જો એવા સીદાતા સાધર્મી અગર માંડ પૂરું કરનારા સાધર્મી આગળ ઉપદેશ એ દેવામાં આવે કે "પોતે મોટા બંગલા, મોટરો ભોગવવી છે, ને સાધર્મી બંધુ સામે જોવું નથી;

એ કેટલી બધી નિષ્ઠુરતા. કેવી ધર્મની બેપરવાઈ !" ઇત્યાદિ ઉપદેશ દેતાં શું પરિણામ ? એવા બંગલાવાળા તો અહીં સાંભળવામાં છે નહિ. અને જે છે, તે આ ઉપદેશ સાંભળીને ઊલટા સુખી પર દ્વેષી બનશે. એમાં જાતે જ દુઃખ વહોરી રહ્યા છે.

**જૈનશાસનની વિશિષ્ટ દૃષ્ટિ :**

ત્યારે આ સુખી જીવ પ્રત્યે પ્રેમભાવ શીખવે છે કે "એને મળ્યું છે એના પુણ્યના ઉદયે" એથી આગળ વધીને જૈનશાસન તો કહે છે કે "એને મલ્યું છે એના પર અલબત ઈર્ષ્યા નથી કરવાની. પણ સાથે એના સુખના ગુણગાન ગાવાની જરૂર નથી; કેમકે એને મળ્યા પર તો એ કાળો છે ! જે મળ્યું છે તેના પર એ સુખી નથી, દુઃખી છે ! ધર્મ નથી કરતો, અધર્મ કરે છે ! મોટર નથી એટલે દુઃખ, પણ આવી એટલે બીજે તીજે ભટકવાનું કરે છે. અર્થાત્ પુણ્યની સગવડથી કર્મ કાપવાને બદલે પાપ ઉપાર્જી જીવને દુઃખ તરફ **પોતાના જ જીવન ઘસડે છે. એક માણસ લાકડું વહેરવાની કરવતથી જાતે વહેરાઈ રહ્યો હોય, ત્યાં એના પર દ્વેષ કરવાનો ?** આ ત્રણે ગુણોને રમતા રાખવા માટે ફક્ત એક વિવેકની જરૂર છે. શાના માટે જરૂરી ? ચરમાવર્તમાં નંબર લગાવવા માટે; હૃદયના ભાવમળનો નાશ કરવા માટે; યોગબીજનો સંગ્રહ કરવાના અધિકારી બનવા માટે; **મોક્ષની નિકટ પહોંચવા માટે આ ત્રણ જોઈએ; દયા, મૈત્રી ને પ્રમોદ.**

**"હું જગતને સુધારી દઉં !" પરમાત્મા પણ આવો ઠેકો રાખતા નથી :**

આજને આજ આટલું સાવધાન હૃદય દેખાય નહિ, તો મુંઝાવાની જરૂર નથી. અંદરમાં આ વાતોની ધગશ સલામત રાખવાની છે. અંદરની સલામતી હોય, એટલે ઉપરનો આવેશ ક્ષણ જીવી બની જાય. ઘણીવાર માણસ સામાનું સુખ સહી શકતો નથી; એટલે પછી એની બીજી ખામીઓને આગળ કરી નિંદા કરે છે. અલ્યા પણ શું તારી પાસે ઠેકો છે કે 'જગતને હું સુધારી નાખું ? કે જેટલા ઊંચા બનીને છાતી કાઢીને ફરતા હોય તેમને કાનપટ્ટી પકડીને હું નીચે ઉતારી દઉં ?' **શું આવો ઠેકો રાખ્યો છે ? સમજી રાખો કે કર્મની દૃષ્ટિએ જોતાં, આપણે તો કીડા કરતાં પણ વધુ મુડદાલ છીએ ! આત્માના પુરુષાર્થમાં શેક્યો પાપડ ભાંગવાનું સામર્થ્ય આપણામાં નથી ! અહીંથી અનંતા જોજન દૂરની વાત નહિ, પણ આપણી પાછળ શું છે તેનું ભાન નથી !**

**આપણે એટલે કોણ ? લાખો ધારણા કરીએ ને નવાણું હજાર ફેલ જાય ! તેવા અત્યંત દુબળા પુણ્યવાળા !**

**આપણે એટલે કોણ છીએ ? સો વાર શરીરની સેવા ઉઠાવીએ પણ એકસોને**



**એકમી વખતે રીસાઈ જતા શરીર પર કબજો રાખી શકનાર નથી !**

**આપણે એટલે કોણ ? મોટા દેવ જેવા વૈભવી, સત્તાધીશ, અને દિવ્યજ્ઞાનીપણાના હોદ્દા પરથી કોઈ વાર તુચ્છ ગદ્ધા કે ભંગી જેવા દરિદ્ર, અપમાનિત અને અજ્ઞાની અવતારે ફેંકાઈ ગયેલા !**

**આપણે એટલે કોણ ? દુનિયાનું દોઢસો વાર સાચવીએ છતાં દુનિયા સદા અનુકૂળ જ રહે એમ કરવા અસમર્થ !**

**આપણે એટલે કોણ ? મૃત્યુ જ નહિ, મૃત્યુની નોટિસ રૂપે ઘડપણ જ નહિ, પણ જુવાનીમાં આવતી ક્ષીણતાને કે રોગોને પણ નિવારવા સમર્થ નહિ ? શું ? ભાન છે જાતનું ?**

**આપણે એટલે કોણ ? કશું જ નથી. આત્મપુરુષાર્થ સંબંધમાં શેક્યો પાપડ ભાંગવાની તાકાત વિનાના !**

**ત્યારે પરમાત્મા એટલે કોણ ? આત્માના પુરુષાર્થમાં એક શું, એક લાખ શેકેલા પાપડનો ભાંગીને ભૂક્કો કરી શકે તેવા !** એક મૂઠ્ઠી લાગવા સાથે છૂંદા થાય ! એ અનંતકાળની પાછળ જોવા શક્તિમાન ! સેવામાં રામા કે ઘાટી નહિ. દુનિયાના સમ્રાટ નહિ, પણ દેવો ને ઇન્દ્રો હાજર થાય ! કોણ પરમાત્મા એટલે ? ધારણા જેમને કરવી ન પડે. છતાં લાખ ગુણી વાત બની આવે. કોણ પરમાત્મા ? સો વાર શું, એક વાર પણ શરીરને સાચવવાની વાત નહિ; છતાં જીવનભર નખમાં પણ રોગ નહિ ! જેને મરણ વખતે વૃદ્ધાવસ્થા નહિ ! જિંદગીભર અંદર કે બહાર મેલ-પરસેવાનું નામ નિશાન નહિ તેવા દિવ્ય શરીરને ધારણ કરનારા ! જીવનની બધી વાતો જેને અચિંત્ય અદ્ભુત મળે છે; એવા પરમાત્મા પણ એવો ઠેકો નથી રાખતા કે "હું જગતને સુધારી નાખું !" તો આપણે કોણ માત્ર ? **જીવને કહો કે ક્યાં એ જગતગુરુ પરમાત્મા ? ને ક્યાં તું ચિંથરેહાલ કર્મનો કીડો ? આજની ડૉક્ટરી વિદ્યા ભણનારા કીડાને ક્રૂરપણે ફેંદ્યા કરે એના કરતાં અતિ ક્રૂરપણે કર્મકસાઈ કારમા અને કરપીણ ઘા કરીને રાડ પડાવે છે ! માટે એવા કોઈ ઠેકા, કે દાવા હું રાખતો નથી !** માટે તો એકાદ બાબતમાં પણ મારાથી વધુ દેખાય ત્યાં પ્રમોદભાવ. એના બીજા લાખ દોષ મારે જોવાના નહિ. એમ સમાન પર મૈત્રીભાવ; ને નીચો દેખાય ત્યાં દયાભાવ રાખવાનો. આ ત્રણ ઉપર ચોથી વાત નહિ કરવાની.

## • ખ્યાલમાં ન્યાલ •

**મોક્ષસાધ્યની સિદ્ધિ :**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

શ્રી યોગદૃષ્ટિ શાસ્ત્ર દ્વારા એ પ્રકાશ આપે છે કે **ભવસાગરથી તરવા માટે એક જ સાધન, યોગની સાધના છે.** નિકટના સમયમાં મોક્ષરૂપી સાધ્યની સિદ્ધિ કરવા માટે અંતરાત્મામાં એ યોગસાધના પ્રાપ્ત કરીને એને વિકસાવવાની જરૂર છે. ભોગસાધના ઘણી કરી; હવે એ ઓછી કરી યોગની સાધનાને બહુ આચરવાની છે.

**યોગસાધના અને યોગદૃષ્ટિ :**

જેટલા પ્રમાણમાં એ કાળજીની જરૂર છે કે સવારે જાગ્યા કે સામાયિક કર્યું કે નહિ ? જમવા જાઉં છું પણ પ્રભુપૂજા કરી કે નહિ ? જીવન હજારો દિવસનું છે, એમાંથી મેં શીલના દિવસો નક્કી કર્યા કે નહિ ? આવું બધું કરવા સાથે હું ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળ્યો કે નહિ ? મેં યોગદૃષ્ટિમાં પ્રવેશ કર્યો કે નહિ ? જો પ્રવેશ કર્યો છે તો તે દૃષ્ટિઓનાં કેટલે પગથિયે ચઢ્યો ? **યોગની સાધના આત્માને કુપ્રવૃત્તિમાંથી બચાવી લે છે એમ યોગદૃષ્ટિ આત્માને કુવૃત્તિના યોગમાંથી બચાવી લે છે.** દા.ત. સામાયિકમાં બેઠા કે કાયાથી આરંભસમારંભ વગેરે બંધ થઈ જાય, વાણીમાં ખોટાં વચનો બંધ થઈ જાય; મનમાં રાગી દેવોને માનવાનું પાપવિચારો કરવાનું બંધ થઈ જાય. તપ કરીએ કે બહારની ગુલામી બંધ થાય. **આ યોગની સાધના આત્માને જેમ પાપવૃત્તિમાંથી નિવૃત્ત કરી સુપ્રવૃત્તિમાં જોડે છે, તેમ યોગદૃષ્ટિ જીવને પાપવૃત્તિઓમાંથી બહાર કાઢી પવિત્ર આધ્યાત્મિક વૃત્તિઓમાં ચઢાવી દે છે; અનંતકાળની મલિન જડ પરિણતિમાંથી બચાવી સુંદર ચૈતન્ય-પરિણતિમાં રમતા કરી દે છે.** આવી યોગદૃષ્ટિમાં આવવા માટે અનાદિનાં ઊંધા વલણોનો ત્યાગ કર્યા વિના કોઈ ઉપાય નથી.

**"અમારા જીવનનું સર્વસ્વ બહારમાં પડેલું છે !" આવું વલણ ઓઘદૃષ્ટિનું છે.** તો પ્રશ્ન થાય છે કે,

**પ્ર.**- ત્યારે શું જગત આપણું નહિ ? સો રૂપિયાનું ઘડિયાળ લાવ્યા તે આપણું નહિ ? તેમાં વળી પાંચ પંદર દુકાને ફરીને લેઈટેસ્ટ ફેશનનું લાવ્યા, તો તે આપણું નહિ ? આપણું ન ગણીએ તો વ્યવહાર કેમ ચાલે ? અને પોતાનું ગણીએ એમાં કયો ચોરી, જૂઠ વગેરે ગુનો કરીએ છીએ ?

**જુદી જુદી વ્યક્તિનાં ખાસ ખાસ વલણ :**

ઉ.- પ્રશ્ન સ્વાભાવિક છે. પરંતુ અહીં યોગદૃષ્ટિ કહે છે કે હજુ વિચાર કરવો પડશે. આ બધા ઓઘદૃષ્ટિના ચાળા છે. બહુ લાંબે જવાની જરૂર નથી. જે નગર કે શહેરમાં તમે રહેતા હો, તેમાંથી એવા એક માણસ તરફ નજર રાખો કે જેને લોકો નાસ્તિક કહેતા હોય; આપણી દૃષ્ટિમાં પણ જે અધર્મી દેખાતો હોય; જે દેવ, ગુરુ ને ધર્મની ઠેકડી ઊડાડતો હોય. નજરે ચડ્યો કોઈ ? હવે એવા એનું



જગત પ્રત્યેનું વલણ જુઓ. કેવુંક છે ? આવું જ ને કે અમે સીધી લાઈને કમાયેલા પૈસાથી જે ખરીદ્યું તે અમારું. જો તેના જેવું જ આપણામાં હોય તો આપણામાં ઓઘદૃષ્ટિ કે યોગદૃષ્ટિ ? **ઉચ્ચ જૈનમાનવની વિકાસદશા પામ્યાની શી વિશેષતા ?** આપણને એનામાં દેખાય કે એને પક્વાન્ન મલ્યા તો કેવી રીતે ખાય છે ? પૈસા મલે તો કેવી રીતે લે છે ? દુનિયાની વિચિત્ર ઘટનાઓમાં એનું વલણ કેવું કેવું હોય છે ? એ બધાની સામે આપણું કેવું હોય છે ? જુદું ખરું કે નહિ ? દા.ત. વિચારો કે એક કાગડો ને એક પોપટ છે. બંને પંખી છે તો બંનેની રીતભાત સરખી હોય ? **કાગડો કેટલાયે દિવસનું ફદફદી કોહી ગયેલું માસ ચુંથ્યા કરે છે. એવું જ જો પોપટ કરે તો પોપટ શાનો ? એમ પેલો નાસ્તિક પણ માનવ છે ને આપણે પણ માનવ છીએ; છતાં વધારામાં આપણે જૈન છીએ ! ધર્મી છીએ ! તેનો ખ્યાલ ન આવે તો જૈન શાના ?** રૂપિયા હાથમાં આવે તો ખ્યાલ ઉપજવો જોઈએ કે **આ લેનારો હું જૈન છું !** આટલું યાદ રાખીએ કે જગતની ઘટનાઓમાં જગતના પ્રાણી કરતાં આપણાં વલણ જુદાં હોવાં જ જોઈએ. આમાં કંઈ મોટું શાસ્ત્ર ઉકેલવાનું નથી ! માત્ર યાદ કરવાનું કે "હું બોલવા જાઉં છું તો બોલનારો હું જૈન છું."

એક રસ્તા પર એક કોઈ સામાન્ય માણસ ચાલે, ને બીજી બાજુ રાજા ચાલે છે તે રાજાને ખ્યાલ હશે કે 'હું રાજા છું ! એટલે શિસ્તબદ્ધ ચાલવું જોઈએ.'

હોંશિયાર વિદ્યાર્થી હશે તે વિચારશે કે 'હું હોંશિયાર છું ! એટલે બેન્ચ પર બાગમાં પણ બેસવાનું છે, ને અહીં સ્કૂલમાં પણ ! છતાં અહીં જુદી રીતે !'

નોકરને યાદ છે કે 'હું નોકર છું !' ને શેઠને યાદ છે કે 'હું શેઠ છું !' એટલે શેઠ કહે કે "ક્યાં ગયો હતો ?" તો નોકર કહેશે કે "હું ફલાણે ગયો હતો." પણ કદાચ ક્યારેક નોકર શેઠને પૂછશે, 'ક્યાં ગયા હતા ?' તો શેઠ કદાચ એમ કહી દેશે, 'તારે પૂછવાની જરૂર નથી.' કહો નોકરથી આ ઉત્તર દેવાશે ? ના, કેમ ? કારણ છે, એના મનમાં નોકરપણાનું એટલે કે તાબેદારીનું વલણ છે.

તમારા ઘેર એક ભિખારીને જમવા બોલાવો ને એક શેઠને; ભિખારીને મનમાં થશે કે "કાંઈ કદી નહિ મળેલું અહીં મલે છે તો ખૂબ ખાઈ લેવા દે !" શેઠને થાય કે "હું આબરૂદાર છું, તો રસોઈ હાઈક્લાસ હોવા છતાં વિવેક રાખું !"

નાટકના સ્ટેજ પર પાઠ ભજવનાર આવે તે જેનો જેવો પાઠ હોય એવો ખ્યાલ લઈને આવે કે નહિ ?

ત્યારે આપણું શાસ્ત્ર તો સમકિતધારીના માથે ચોવીસ કલાકની જવાબદારી મૂકે છે. એટલે શું ? એટલે એ કે તમે સામાયિકમાં જૈન છો એટલું જ નહિ; પરંતુ દુકાન પર પણ જૈન છો એ ખ્યાલ ન ભૂલો. માત્ર પ્રભુપૂજામાં જૈન છો એટલું જ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

નહિ, કિન્તુ રંગરાગમાં પણ જૈન છો, એ યાદ રાખો. નાટકીયાને પાઠ ભજવતી વખતે ખબર રાખવાની હોય છે કે હું કોણ ? તેમ આપણે ય સ્થલ સ્થલ પર ધ્યાન રાખવાનું 'હું કોણ ? હું એટલે સામાયિક કરનારો ! વેઠિયો નહિ, બેભાન કે મૂઢ નહિ.' જૈન એટલે જિનનો ખાસ ભક્ત; ને તે સામાયિકમાં બેસે એટલે પૂછવાનું જ શું ? મોહની સામે કેઈ ધર્મવિચારોમાં ઝીલે ! અહીં ખાસ કરીને મોહની નહિ પણ પ્રભુની આજ્ઞા શીરે ધરીને બેસે **"આ પ્રભુનું સામાયિક ફળે એટલી વાર છે ! પછી તારું મોહ ! ચાલવાનું નથી. કેમકે સામાયિક કરનારો હું કોણ છું ? જૈન !"** જગત તરફના પક્ષપાતી વલણ તે **ઓઘદૃષ્ટિ** એને પલટીને જિનવચનના પક્ષપાતી વલણ અર્થાત્ **યોગદૃષ્ટિ** ઘડો, પછી આ બધું સહેલું છે. વધારે અગત્યનું તો એ છે કે ધર્મક્રિયા સિવાય પણ જૈનપણાનો જાગતો ખ્યાલ જોઈએ. પછી ત્યાં વ્યવહાર માનવી તો શું, દિવ્ય બની જાય.

આપણાં કથાનકોને ફિલ્મના પટ્ટા પર નથી ઉતરવા દેતા તે સારું છે, બાકી તો કલ્પના કરો કે એવું ક્યાંક બન્યું તો ત્યાં સામાયિકમાં કે પ્રભુપૂજામાં જે માણસને બેસાડે, તેનો દેખાવ કેવો હોય ? એને એ વખતે ખ્યાલ છે કે "અત્યારે હું કોણ ? હું એટલે જૈન !' વિલાયતમાં એક ફિલ્મ ઉતારવાની હતી. "ઈશુખ્રિસ્ત" (ક્રાઈસ્ટની) એવી ઉતારવાની હતી કે દુનિયાભરમાં પ્રસિદ્ધ થાય. એનો મૂળ આશય ક્રિશ્ચન ધર્મ પ્રત્યે આકર્ષણ કરવાનો હતો. એમાં જૈન ક્રાઈસ્ટનો પાઠ આપવાનો હતો તેને પાંચ વર્ષ પહેલાંથી તૈયાર કર્યો. એના સાથે શરતો કરી કે "જેવી રીતે ક્રાઈસ્ટે જીવન જીવ્યું તેમ એણે જીવન જીવવાનું. અરે, ફિલ્મ ઉતરી ગયા પછી પણ એણે જીવન ક્રાઈસ્ટનું જ જીવવાનું ! રસ્તાના રખડેલ કે દુનિયાના ગૃહસ્થ નહિ બનવાનું." આ ફિલ્મની પાછળ કંપનીએ લાખોનો ખર્ચ કર્યો હશે; શા માટે ? ફિલ્મમાં તે ક્રાઈસ્ટ તરીકે ઊભો રહે તે વખતે તેને ખ્યાલ રહે કે 'હું ઈશુખ્રિસ્ત છું' તેમ આપણને જીવનના વિવિધ પ્રસંગો વખતે ખ્યાલ છે કે હું જૈન છું ? બાઈઓ કપડાં પહેરી બહાર નીકળે ત્યારે ખ્યાલ ખરો કે હું શ્રાવિકા છું ? સતી અને ગણિકામાં ફેર ખરો કે નહિ ? બંને કપડાં સારાં પહેરીને નીકળે બહાર. પણ સતી સમજે છે કે સતી છું એટલે એવી ઢબે કપડાં પહેરીને નીકળે; ને પેલી વેશ્યા એની રીતે નીકળે. આજે જાણે આ ખ્યાલ જ વીસરાઈ ગયો છે અથવા શ્રાવક-શ્રાવિકાપણાનું ધોરણ જ બદલી નાખી પોતાના કે દુનિયાના મનમાન્યા ધોરણ કરી નાખ્યા છે, તેથી આર્ય સન્નારી અને ગણિકા વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ થઈ પડ્યો છે, વધારે ખેદ તો એ છે કે દેવ કે સાધુની સામે પણ માથાં ઉઘાડાં અને અંગપ્રદર્શન કરતાં લાજ નથી આવતી ! "હું જગતની વિવિધ ઘટનાઓમાં હરેક



વખતે જૈન તો છું જ !" આ ખ્યાલ નથી એટલે બીજા જીવોનાં જેવાં વલણ તેવાં આપણાં વલણ થાય છે !

## • સુરસુંદરીનાં પરાક્રમ •

સુરસુંદરીને 'હું જૈન, હું શ્રાવિકા શીલવતી આ ખ્યાલ બરાબર જાગ્રત હતો માટે શીલ ખાતર કેટકેટલું સહ્યું ! બીજાઓ તરફથી શીલ સામે ઉપદ્રવ આવતા હતા તેથી શીલની રક્ષા ખાતર સરોવરમાં મરવા પણ પડી હતી. અભિમાનમાં એના પતિ અમરકુમારે એને નિર્જન બેટ પર છોડી, ત્યારથી દુઃખ શરૂ થયું. બાર વરસ દુઃખ વેઠ્યાં. અમરકુમાર પણ છોડ્યા પછી ઝુરી ઝુરીને દિવસ કાઢે છે. બંનેને કેમ એમ ? પૂર્વભવમાં સુરસુંદરીનો જીવ રાણીનો હતો. તેણે સાધુને ચળાવવાના ચાળા કરેલા. અમરકુમારનો જીવ ત્યારે પતિ રાજા. એણે તેને છૂપી જોઈ લીધી; પણ રોકી નહિ. બાર ઘડી પછી તેને વાળી કે આમાં તારું કશું નહિ વળે. સાધુએ પણ પછી ઉપદેશ આપ્યો; એટલે બંને ધર્મના માર્ગે વળી ગયા તે બંને અહીં સુરસુંદરી ને અમરકુમારપણે આવ્યાં. સુરસુંદરીએ પૂર્વે ચાળા કરેલા તેથી અહીં બાર વર્ષની દુઃખદ વિટંબણા ભોગવવી પડે. કર્મની સજા જો જો. ઘડીના જ સીધા વર્ષ. અહીં રાજા વગેરેની સજાની વિટંબના ઓછી, કર્મની ભયંકર. જુઓ, **શરીરના ભંગમાં એક મૃત્યુ થાય; ત્યારે શીલના ભંગમાં અનેક મૃત્યુ !!** શીલનો ભંગ ન કરીએ એજ સાચી શાબાશી છે; ને શીલનો ભંગ થવા દઈને શરીરનો ભંગ ન થવા દઈએ તો તે સાચી નાલેશી છે. સતીઓને કેમ યાદ કરીએ ? પ્રાણ જાય પણ શીલ ન ખંડે ! એકલી સુરસુંદરીને જોઈ વહાણના માલિકે એને પત્ની બનાવવા કહ્યું હતું. ત્યારે એણે શીલ રક્ષવા દરીયામાં ઝંપલાવેલું. હું સતી છું એનો કેટલો જાગતો ખ્યાલ. **જગતની ભયંકર ગુલામી ત્રાસ કે વૈતરું સહન કરવા તૈયાર છું પણ શીલને તોડવા તૈયાર નથી !** આ સંસારની ઘટમાળ છે, કે પૂર્વે ભલે મુનિને ચલાયમાન કરવા ચાળા કર્યા પછી ધર્મ મલ્યો પણ પછી એ ધર્મના જોર પર શીલરક્ષાની આટલી ધગશ !

બીજી વારના વહાણના સાર્થવાહે કાંઠે ઉતારીને બજારમાં એને વેચવા ઊભી કરી. ત્યાં ગણિકા આવી, એટલે પેલો વેપારી પૂછે છે, "બોલ જોઈએ છે ?" એટલે પેલીએ તો જોયું કે આ તો ખૂબ રૂપાળી છે. એને નાણાં આપી ખરીદી લીધી. સુરસુંદરીને કહે, "ચાલ, તું આજથી મારી ગુલામડી છે !" ઉપરાઉપર ભારે ઉપદ્રવો બધું ખરું છતાં જગત પ્રત્યે સુંદરીનું વલણ કેવું ? ગણિકાથી તદ્દન નિરાળું ! મિથ્યામતિઓથી તદ્દન જુદું ! એટલે જ ગણિકા સામે દાંત નથી કચરતી,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પણ કર્મરૂપી વિધિના ઘાટ વિચારે છે. સમજી ગઈ કે ગણિકાના ઘરમાં જઈને શું કરવાનું છે, એટલે એના ઘેર તો ગઈ પણ ત્રણ દિવસની મહેતલ માગીને એકાંતમાં રહી. લાગ સાધી ત્યાંથી છટકીને જંગલમાં ચાલી, આગળ ક્યાંક મરવા માટે સરોવરમાં પડી. ત્યાં મગરમચ્છે આખીને આખી ગળી લીધી. એટલે માછીમારે મગરનું પેટ ફૂલેલું જોઈને ચીરી. તેમાંથી સુરસુંદરીને અખંડ બહાર કાઢી. સુરસુંદરી ખુશી ન થઈ. એણે તો માનસિક દૃષ્ટિના આ પુનર્જીવનમાં શીલ સામે ભયંકર ઉપદ્રવ દેખ્યાં. તેથી શું ? તેથી એ કે ભાવિ અરાજ્ય મૃત્યુના આમંત્રણ દેખ્યાં પણ અહીં ચાલે એવું નથી. માછીમારને ખ્યાલ છે કે 'હું એક હલકો માણસ ! આ છે સુંદર ! તો એ મારે ઘેર યોગ્ય નહિ.' કહો કેવો જાતનો ખ્યાલ ! એણે તો સીધી જ રાજાને ભેટ ધરી. સુંદરી વિચારે છે, 'કર્મ તારી ગતિ ન્યારી ! જોવા દે જે થવાનું હોય તે,' રાજાએ એને પટરાણી કરવાનો વિચાર કર્યો. પૂરેપૂરો મોહિત થઈ ગયો છે. પોતાની રાણીઓને સાચવવા સોંપી. સુરસુંદરી મહાન આપદામાં આવી પડી. રાણીઓના પગે પડીને કહે છે, "મને જવા દો" એટલે રાણીઓ કહે છે, "સાચે સાચ જવું છે ? તો જા પાછળના જંગલમાં. દસ કલાક દોડદોડ કરજે !" ફાવી ! એવી દૂર ભાગી કે રાજાના સકંજામાંથી છૂટી; પણ જંગલમાં તે કોઈ સરોવરના કાંઠે વિશ્રાંતિ માટે સુતી, ત્યાં એને ભારંડ પક્ષીએ ઉપાડી. ઉપાડી પણ ઉપાડ્યા પછી જોયું કે શિકાર બરાબર નથી; એટલે અધવચ્ચે આકાશમાંથી પડતી મૂકી. જુઓ વિટંબણા પર વિટંબણા ! પછી અહીં એનું પુણ્ય એક વિમાન પકડી લાવ્યું, પેલીનું પડવું ને આનું ઝીલવું ! વિદ્યાધર રાજા નંદીશ્વરની યાત્રાએ નીકળેલો છે. તેના વિમાનમાં જ સીધી પડી. એટલે સુંદરીને ભય છે કે રાજા રાણી બનાવશે, માટે કંપે છે; કહે છે 'મને નીચે પટકાવા દે ને, શા માટે વિમાનમાં લઈ જાય છે ?' સુરસુંદરીને મનમાં ઘણું થાય છે, "અરે જીવ, આ નાનપણમાં કરેલી નાનકડી ભૂલ, તેનું આ પરિણામ ?" પણ પતિને ખુનસ ચઢ્યું હતું. **ખુનસ જુદી ચીજ છે. એ શીખવા નવી નિશાળની જરૂર નથી. કેમકે સંસાર એજ મોટી નિશાળ છે. બિલાડીના કે ગરોળીના અવતારમાં ખુનસની ઘણી બી.એ. ને એમ.બી. ની ડીગ્રીઓ લીધી છે.** તો કહો કે આવા ઉચ્ચ ભવમાં પણ જીવને ખુનસ છોડતું નથી, એનું કારણ શું ? એજ કે એ ડીગ્રીઓ લઈને આવ્યો છે એ ખુનસ અમરકુમારે બરાબર રાખ્યું. "જાઓ, પત્ની હોય તેથી શું ? મૂકો અહીં નિર્જન રાક્ષસી દ્વીપમાં. જોઈએ તો ખરી સાત કોડીમાં એ રાજ્ય કેવું લે છે ?" **આ લોકમાં કરેલી કાળી કારવાઈ એનાં કટુ પરિણામ આ લોકમાં તો ડબલ ત્રબલ આવે, પણ પરલોકમાં એના પર મીંડા ચઢીને આવે છે ! બાર ઘડીનાં બાર વર્ષ !** કેટલાં મીંડા ? ગણિત જાણો છો



ને ? કરો ને હિસાબ દિવસની ૬૦ ઘડી. વરસની ૨૧૬૦૦ ઘડી, તો બાર વરસની લગભગ અઢી લાખ ઘડીને ? બાર ઘડી પર કેટલાં મીંડાં ચઢ્યાં ? કરેલાં માઠાં કાર્યો, કરેલી પાપની કારવાઈ ને ખોટી ચિંતા તથા વિકલ્પો તેનાં પરિણામ ભયંકર છે, એ ખૂબ યાદ રાખો. સુરસુંદરીને વિદ્યાધર કહે છે, "ધીરજ રાખ, તારું શીલ અખંડ રહો. હું સદાચારી છું, તું મારી બેન, હું તારો ધર્મનો ભાઈ !"

વિદ્યાધરને થયું કે આ કોઈ વ્યક્તિ અસાધારણ છે. એટલે એને પૂછે છે, "તું કોણ છે ?" એટલે સુરસુંદરીને વિશ્વાસ પડવાથી એને પોતાનો કરુણ જીવન વૃતાન્ત કહે છે. વિદ્યાધર પોતાને ઘેર લાવીને પોતાની બહેન ગણીને રાખે છે. સુરસુંદરીનાં માબાપે એને જિનાગમનાં તત્ત્વો પાયાં હતાં, તે આ અહીં વિદ્યાધરની પત્નિઓને પાય છે ! જૈન શ્રાવિકાપણાનો કેવો ખ્યાલ ! વિદ્યાધર રાજાના મે'માન તરીકે રહી કામ પ્રભુના, તત્ત્વ પાવાનું કરવાનું ! ત્યાંથી વિદ્યાધર પછી એના સ્થાને મૂકી દે છે, ત્યાં અમરકુમારનો ભેટો આશ્ચર્યકારી રીતે થાય છે. ત્યાંથી પોતાને ઘેર બંને આવે છે. એક વાર જ્ઞાનીના મુખથી પૂર્વભવ જાણી જ્ઞાનીને પૂછે છે,

**પ્ર.- માત્ર બાર ઘડીના તોફાનમાં બાર વર્ષની ભયંકરતા અમારા પર વર્ષી, તો પછી ભૂતકાળના અનેક ભવોમાં ને વર્તમાનના અનેક વર્ષોમાં મોહ અને અજ્ઞાનને વશ પડી જે અનેક આડાંઅવળાં કર્યા હશે, તેનાં વિષમ ફળો શે સહ્યાં જશે ? ને એનો એ દીર્ઘકાળ શે પૂરો થાશે ?** તેનાથી બચવાનો કોઈ ઉપાય ?"

ગુરુ કહે છે "હા છે, સંયમ !"

"તો એજ જોઈએ અમારે !" અરે પણ, બાર વર્ષ ભટકીને આવ્યાં છો હવે તો રાજપાટ ભોગવો શી ઉતાવળ છે ? ક્યાં ઘરડાં થઈ ગયાં છો ? ના, કાલનો ક્યાં ભરોસો છે ? કર્મ કેટલાં બધાં તોડવાનાં છે ? ઊભાં થઈ ગયા ! મા-બાપ પાસે રજા માગી, **"સદ્ગુરુના સાર્થમાં જવું છે, જે અમને ભવઅટવીમાંથી ઉગારી શિવનગરીએ પહોંચાડે !"**

મુનિની દેશના, પૂર્વભવનું વર્ણન ને ભવિષ્યનું વર્ણન સાંભળીને સભા પણ કકળી ઉઠેલી એમણે જગત પ્રત્યેનાં વલણ કેવાં ફેરવી નાંખ્યાં ? સુખી સ્થિતિમાં સંયમ લીધેલું છતાં સુકોમળ કાયા પર દયા ન વિચારી. આંખ સામેના જગતનાં માન-સન્માનને ગણ્યાં નહિ. જીવનમાં આવતી પ્રતિકૂળતા ફૂલની માળાની જેમ વધાવી લીધી, સાધનાના સારમાં ભારે કમાઈ કરી. ત્યાં પણ ખ્યાલ છે કે "અમે કર્મના કેદી માંડ સંયમ પામ્યા. તે સંયમ પણ તીર્થંકર પ્રભુનું સંયમ ! મારે એવા ઊંચા હોદ્દાને અનુસારે જિનવચનની સાધના કરવામાં કમીના ન રાખીએ. પૂર્વના ઠાઠ, પૂર્વની સગવડ, પૂર્વના માન-સન્માન વગેરે બધું ભૂલી જઈએ," કેમકે એમ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એટલે હવે જિનના અને ગુરુના આજ્ઞાંકિત. પહેલું કર્તવ્ય વિનયનું ! ઉપર કોઈ સાધનાઓ ! પછી તો જગત પર સૂર્ય ભમે તો અનેક કમળોને પ્રતિબોધે તેમ આ વિચરતા અનેક ભવ્યોને પ્રતિબોધ કરતા ચાલ્યા. સાંસારિક સુખ ભૂલ્યા, ને મુનિપણાના સાતેય સુખ આવી વસ્યાં. પહેલું સુખ **વિનય કરંતા**-વિનયમાં શું સુખ ? વિનય કરે કે બધી ચિંતા, કાળજીનો ભાર ઉપાડીને ગુરુના શીરે મૂક્યો. ત્યારે આ જગતમાં ચિંતાના જેવું દુઃખ કયું છે ? અમારે તો ગુરુની ઈચ્છા ને આજ્ઞા તે જ પ્રમાણ ! ગુરુ ઠપકો આપે તો પણ વાહવાહ ! ને પ્રશંસા કરે તો પણ વાહવાહ ! મુંઝવણનો માર્ગ ગુરુ ! એટલે જ ગૌતમ મહારાજ સુખી ! ગુરુનું બહુમાન એટલે ભરપુર સુખ ! માણસ હીરાનો હાર પહેરીને જે સુખી નથી તે હીરાની સ્મૃતિથી વધુ સુખી. **“મારા ગુરુ ! મારા તારણહાર ! જીવનનૈયાના સુકાની ! મારા કર્મવશ પડેલા આત્માના બેલી ! આંખની કીકી ને કલેજાની કોર ! ક્યાં હું રખડતો રોઝ ! ને આશ્રવનો કીડો ! કેવોક મને ગુરુએ ચારિત્રનો ઉપકાર કર્યો !”** શું આપ્યું ગુરુએ ? એક સામાયિક કોઈએ આપ્યું હોય તો પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય, ત્યારે આ એક સામાયિક નહિ જિંદગીભરનાં સામાયિક ! એકલી ભાવના પર પણ ધ્યાન લાગતાં અઢળક કર્મ નિર્જરા થાય ! ગુરુનો કેટલો ઉપકાર ! ક્ષણવાર સંવેગનો પરિણામ આવે ને જો ત્યારેજ આયુષ્ય નક્કી થાય તો સદ્‌ગતિ દ્વારા જીવનો માટે સંવેગનો ખજાનો સોંપી દીધો ! શું હિસાબ માંડવાના ? મોક્ષ સુધીના સુખનો હિસાબ. **જગતમાં જે આ ગુરુ નામનું નિધાન મલ્યું છે તે પણ જગતમાં નહિ મલે !** ભવેભવ તે ગુરુ મલજો ! મુનિસુવ્રત ભગવાન હજરાહજુર હોય, ને પાલક પાપી પાંચસોને પીલી નાખે ! તે શાના પર ? ગુરુના પ્રતાપે ! ગુરુ નિર્યામણાં કરાવે છે !

**“જુઓ કર્મ સામે જંગ ખેલવાનો છે ! ક્ષત્રિય બચ્ચા છો ! પીછે હઠ ન કરતા. ફરીથી આવો અવસર ઝટ ક્યાં મળે ? ભૂલ્યા તો ભવો મલશે.”**

“આહા ! આ ગુરુનો ઉપદેશ !” શિષ્યો પીલાતાં પીલાતાં વિચારે છે, “બસ, કાયા તું કચડાઈ જા, હું તારી ચિંતા નથી જ કરવાનો ! મારે તો એક અરિહંત ! બાકી ધન્ય પાલક ! તેં અમારા દુશ્મન કર્મોને ખંખેરી નાખવામાં અમને સહાય કરી !”

શું ? પાલક ઘાણીમાં પીલે તો પૂર્વનાં અશાતા કર્મનો નાશ થાય; નહિતર નહિ તો કર્મનાશમાં પાલકની સહાય ખરી કે નહિ ?

આ બધે જ યોગદૃષ્ટિના વિકાસનો મહિમા છે. જાગતો ખ્યાલ છે, **“હું પ્રભુનો સાધુ ! પ્રભુનો હું ભક્ત ! મારાથી બીજા માર્ગે ન જ ચલાય. હું એટલે**



**અનંતકાળનો મુસાફર ભટકતો ભટકતો માંડ અહીં જિનશાસનના પડખે ચઢી ગયો છું ! હવે એ જિનશાસન એ જ પ્રાણ; એની ઉપાસનામાં કાયા ખોવાવા દો, ફિકર નહિ.” એમ જૈનપણાના ખ્યાલ ! આ ખ્યાલ તો ન્યાલ કરી નાખે. એ ખ્યાલ જાગતો રાખીને જીવન જીવવું જોઈએ.**

ભૂલશો નહિ, ખ્યાલમાંથી ન્યાલ થવાનું છે. તમને ઉચ્ચ ખ્યાલ માટે આ અપૂર્વ અવસર મળ્યો છે. જો ખ્યાલ નીચા પશુ જેવા પોષ્યા તો જાણો છો ને ગિરોલી, બિલાડી, વાઘ જેવાના પરલોક કેવા ભયાનક બને છે ? તંદુલીયો મચ્છ કાયાએ નાનો અને આયુષ્યમાં નાનો છતાં મરીને નરકે. નિયમ છે ? ખોટા ખ્યાલ ઉપર ‘હું આ મોટા મચ્છની જગાએ જાઉં તો સહેજે સહેજે મોંમાં આવી પડતા આ માછલામાંના એકને ન છોડું. બધા ગટ કરી જાઉં’ આવા ખોટા ખ્યાલ પર નરકનું રીઝર્વેશન. તમને બજારમાં ક્યારેક એવો લોભ તૃષ્ણાનો ખ્યાલ આવ્યો હશે ને ? ભલેને તેમાં સીધી હિંસાનો ખ્યાલ ન હોય, પરંતુ પરિગ્રહની મમતાનો ચીકણો ખ્યાલ ખરો કે નહિ ? બસ, જીવ આવા પાપ ખ્યાલ સેવ્યા કરવામાં જ મરે છે !! અહીંયાં સત્ત્વ ગુમાવી અશાંતિમાં સબડે છે, અને પરલોક અંગેના અઢળક પાપ ઉપાર્જે છે. એના સ્થાને સારા ખ્યાલ ઊભા કરો. રાત દિવસ એને મનમાં લાવ્યા કરો. શુભ ખ્યાલો આત્માને ન્યાલ કરી દેશે.

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૪,અંક-૪૩,તા.૨૧-૭-૧૯૫૬

## ૨ શ્રી ‘યોગદૃષ્ટિ સમુચ્ચય’

**વિશ્વવાત્સલ્ય : કૂણા હૃદયની દયા :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્ર સૂરિશ્વરજી મહારાજ ભવસાગરથી તરવા ઇચ્છતા પ્રાણીને જીવનમાં અતિ જરૂરી એવી યોગદૃષ્ટિની સાધના કેમ કરવી તેનો ઉપદેશ કરે છે. યોગદૃષ્ટિ જીવનમાં પ્રાપ્ત કરી વિકસાવવા યોગબીજના સંગ્રહની જરૂર છે. તે સંગ્રહ જ્યાં સુધી જીવ ચરમાવર્તકાળમાં આવે નહિ ત્યાં સુધી બને નહિ. ચરમાવર્તમાં પણ આવેલો ત્યારે ગણાય કે ભાવમળ ઘણો ઘણો કપાઈ ગયો હોય. તો તે કપાઈ ગયાનાં લક્ષણ શું ? તેના માટે ત્રણ લક્ષણ કહ્યાં. તેમાં પહેલું લક્ષણ દુઃખી પર અત્યંત દયા. અત્યંત દયા એટલે પરંપરા ચલાવનારી દયા. ક્યારે પરંપરા ચાલે ? દયા વાસ્તવિક રીતે કુણા હૃદયમાંથી જન્મી હોય તો. પણ જો હૃદય કઠોર હોય ને દયા કોઈ સ્વાર્થના ઘરમાંથી નીકળી હોય



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

તો અટકી જવાની. પરંપરા ચાલવા માટે તે દયાએ કુણા હૃદયમાંથી જન્મવું જોઈએ.

**મમતા : વાત્સલ્ય :**

હૃદય કુણું ક્યારે બને ? ત્યારે કે જગતને અને પોતાને કર્મજંજીરમાં જકડાયેલાં જોઈ, જાત અને જગતની અત્યંત પીડિત દશા દેખાય. એમ થાય કે **"અમે કર્મના અનંત ભાર નીચે દબાયેલા છીએ. આ સ્થિતિમાં અમારી દુર્દશાનો પાર નથી. દરિદ્રતાનો હિસાબ નથી. એ વખતે સામો જીવ વધારે દુઃખમાં પડ્યો છે, તો મારે એનાં તરફ મમતાભાવ રાખવો જોઈએ."** સાચો મમતાભાવ અને વાત્સલ્ય પ્રગટ કરવા હૃદયની કૂણાશ જોઈએ. તે લાવવા માટે ઉપરનો ખ્યાલ પાકો જોઈએ. એ ખ્યાલ આવ્યા પછી જે વાત્સલ્ય જાગશે, એમાં સામાની માત્ર ભોજનની દયા કે પૈસાની જ દયા નહિ કિંતુ બીજી અનેક હિત ચિંતા જાગશે. દિલ ઉછાળા મારતું રહેશે કે 'આ મારા ભાઈઓ છે. એમનું હું શું ભલું કરું' એમની ભૂલમાં વાત્સલ્ય વધુ ઉછળશે, પણ સ્થગિત નહિ થઈ જાય.

**વાત્સલ્યની ચાવી :**

ઘરનો સ્નેહી બાર મહિનાથી માંદો હોય, ખાવા-પીવામાં એને ઠેકાણું હોય નહિ એટલું જ નહિ પણ માથાની, પેટની, પગની, ઈત્યાદિ અનેક વેદનાઓ ભોગવતો હોય, હવે તે ઘોર માંદગીમાંથી લાંબે ગાળે ઉઠ્યો; ઘરમાં હરતો-ફરતો થયો, વૈદ્યે ખાવાની હવે છૂટ આપી છે. એમાં સહેજ વધારે પડતું એ ખાઈ નાખે, ઘરનું કંઈ કામ ન કરે, ને ઉપરથી શબ્દો ઉછળતા બોલે, તો પણ ઘરના માણસોને દયા આવે છે કે 'બિચારાએ ઘણું દુઃખ ભોગવ્યું છે.' સામાની દીર્ઘકાળની દુર્દશા જોઈ હોય તો દયા જલદી આવે છે. તો આજે બહાર એવી દયા કેમ નથી ? કારણ કે સામાની દુર્દશાનો ખ્યાલ નથી. પોતાની દુર્દશાનો પાકો ખ્યાલ છે ! "ત્રણ ત્રણ દિવસથી હું ભૂખ્યો છું ! છે કોઈને પરવા ? હું પીડાયો ! મને ત્રાસ પડ્યો !" આનો ખ્યાલ છે એટલે પોતાની દયા સહેલાઈથી આવે છે. પણ જગતને બહુ ત્રાસ કે દુઃખ પડ્યું, ઘણી કર્મની પરાધીનતા છે ! આનો ખ્યાલ નથી એટલે જગત પ્રત્યે મમતાનો ભાવ થતો નથી. **વિશ્વ પર પ્રેમ અને દુઃખી પર અત્યંત દયા લાવવા માટે હૃદયની જે કૂણાશ જોઈએ છે, તે આ ખ્યાલ જીવંત રાખીએ તો શક્ય છે.** પછી પ્રેમ અને દયા ક્યાંય મોંઘી નથી. **વિશ્વ વાત્સલ્યની આ ચાવી છે. વિશ્વની દુર્દશાનો ખ્યાલ કરો.** કર્મના ભાર નીચે દબાયેલા જીવોની નરકાદિ ગતિઓમાં થયેલી ભયંકર દુર્દશા, ઉપરાંત કર્મની ભરપૂર પરતંત્રતા, આનો ખ્યાલ આપણા દિલમાં કૂણાશ લાવે છે.



**જેવાં દાન તેવા આદાન :**

પછી થાય હૃદયમાં, "મારે એને સહાય કરવી જોઈએ. જો મેં દયા કરી હશે તો મને દયાનાં દાન મળશે." એક શેઠ સડેલી ખોરી જુવારનાં દાન કરતા હતા. ઘેર નવી નવી પુત્રવધુ આવી. તેણે વિચાર્યું કે શેઠને એજ જુવારમાંથી રોટલો બનાવી પીરસવો. એટલે એણે રસોઈઆને સૂચના કરી. પણ પેલો કહે, "મારે તો નોકરી ઊડી જાય !" એણે કહ્યું, "ના નહિ ઊડે." એટલું એ વહુનું ઘરમાં માન હતું. તે માન મેળવતાં ગુણોનો પરચો બતાવેલો. સર્વનું કરી છૂટનારી, મીઠા બોલવાળી, કોઈની નિંદાની વાત નહિ. આવા ગુણોથી કુટુંબને વશીકરણ કર્યું હતું. **ગુણના ઘરનાં વશીકરણ અલૌકિક હોય છે. પૈસાના વશીકરણ ફટાકિયાં કહેવાય.** એટલે રસોઈયાને હિંમત આવી; ને એજ પ્રમાણે બીજા દિવસે શેઠના ભાણામાં એ જુવારનો રોટલો પીરસાયો. સડેલી ખોરી જારનો રોટલો ! શેઠ ખાઈને ક્યાં રહે ? એ તો બે કોળીયા ખાઈને ચમક્યા. એટલે રસોઈયાને પૂછે છે,

**"કેમ આમ આજે ?"**

એટલે પેલો ભણાવી રાખેલો; તે કહ્યું, "ભાભી સાહેબનો હુકમ છે." એટલે શેઠને આશ્ચર્ય વધ્યું. કહ્યું, "બોલાવો એમને." બોલાવ્યા.

શેઠે પૂછ્યું, "કેમ આજે આ ?"

એટલે પેલીએ કહ્યું, "એ તો પરભવની પ્રેક્ટીસ માટે કરાવ્યા છે. કેમકે શાસ્ત્રો કહે છે, ને દુનિયાનો વ્યવહાર બતાવે છે, **જેવાં દાન તેવાં આદાન** થાય. કોઈને કાળી ચા પાયી હોય તો તેની પાસેથી કઢેલાં દૂધની આશા ક્યાંથી રખાય ? એટલે અહીં જો આ જુવારની સારી પ્રેક્ટીસ પાડી હોય તો ભવાંતરમાં વાંધો ન આવે." સસરા આગળ આવું બોલાય ? ના, પણ આણે તો વશીકરણ કર્યું છે. એટલે આનો એક એક બોલ રતન જેવો શેઠ લેખે છે. સસરો તો સજ્જડ થઈ ગયો. પોતાના મનોમન કહે છે, **"અલ્યા મૂર્ખા ! ભવાંતરમાં અસંખ્ય ભવ સુધી જે મહાન લાભ જોવાની આશા રાખે છે, તેની તૈયારીમાં સડેલી જુવારનું દાન ? ને જે વર્તમાન અતિ અલ્પ છે, ત્યાં ઘેબરિયા ભોજન ? યાદ રાખ કે આ ઘેબરીયાં ભોજન જવાબ નહિ આપે. જવાબ તો પેલું દાન આપશે. જેવાં દાન, તેવાં આદાન થાય."** એટલે આપણે દુઃખી જીવ પર અશાતાનાં દાન કરીએ ને ભવિષ્યમાં તે આપણને શાતાનાં દાન કરે, તેવી આશા રાખો છો ? લખી રાખો, નહિ કરે. એટલા જ માટે આપણે ખ્યાલ રાખવાનો છે કે "આ જગતમાં આપણે બધા કર્મના ભાર નીચે દુર્દશામાં છીએ. આજે અમને અપેક્ષા છે તો કાલે એને પણ છે. તો જો હું દયાનાં દાન નહિ કરું તો મને કોણ દયાનાં દાન કરશે ? અલબત્ત હું જે

એના પર દયા કરીશ એથી એનું સર્વ દુઃખ ફેડાવાનું નથી; પણ એનાથી એને જે રાહત મળશે, તે મને ભવાંતરમાં જવાબ આપશે.'' ભાવમળ હ્રાસ પામ્યો છે કે ચરમાવર્તમાં આવ્યા છીએ, એની ખાતરી આ કરાવી શકે.

**જીવનબાગ :**

દુઃખી પર અત્યંત દયા હોય પછી દ્વેષ-ઈર્ષ્યાની તો વાત જ ક્યાં ? **જ્યાં દ્વેષ છે ત્યાં દયા નથી, પ્રેમ નથી.** દા.ત. માને દીકરા પર પ્રેમ છે, તો પડોશી આગળ તો નહિ પણ ઘરના માણસો આગળ પણ એના અવગુણ નથી ગાતી. ''હશે, નાદાન છે, ભૂલો કરે છે, પણ સુધરી જશે !'' વિશ્વ વાત્સલ્ય અને દુઃખી પરની અત્યંત દયા દ્વેષને અટકાવે છે; હૈયાને કૂણું બનાવે છે; પોતાની તન, મન અને ધનની શક્તિઓનો સદુપયોગ કરાવે છે. પણ તે **દયા સહજ મૌલિક ગુણ તરીકે જોઈએ.** તે નથી દેખાતી એટલે દયાનાં કાર્યો નથી દેખાતાં. જ્યાં ગુણરૂપ દયા હોય, ત્યાં માણસ દયા કર્યા વિના સુખે ખાઈ શકે નહિ, સુખે સૂઈ શકે નહિ. દયામાં પાંચ રૂપિયા, ને જાતના ભોગમાં પાંચસો ઊડાવી શકે નહિ; પણ આપણે ત્યાં તો પોતાના વેપારમાં કે ઘરસંસારમાં જ્યાં ત્રુટી દેખાય કે તરત એનો વિચાર, યોજના અને અમલ ! જ્યારે દયાની વાત આવે ત્યારે કહેવાનું 'સંયોગ નથી.' સામો બહુ આજીજી કરે તો વળી એને કંઈનું કંઈ સંભળાવી દેવાય. આવું જો સહજ ગુણરૂપે દયા હોય તો ન બને. આપણી અનાર્યતાનો ખ્યાલ આવે છે ? ગાળ ન સમજતા; આર્યનું નામ લઈ લઈને ફરીએ છીએ; પણ આર્યના પ્રાથમિક ગુણ તરીકે આ દયા છે ? એ વિચારો. એના પર પદ્ધતિસરની વિચારણા, વ્યવસ્થિત યોજના અને એકદમ અમલ જોઈએ. દયાને અને પોતાને કેટલું છેટું છે એની વિચારણામાં જીવનના પ્રસંગોને લઈને જો પૃથક્કરણ કરાય તો ખબર પડે કે **આવા ઉત્તમ જીવનને બગીચો બનાવવાના બદલે ઉકરડો બનાવવાનું જ કાર્ય કર્યે રાખ્યું છે કે બીજું કાંઈ ? દુન્યવી સ્વાર્થ ઘવાતો હશે તે ખાવું નહિ ભાવે, સુખે સુવાસે નહિ, ચિત્ત ઉદ્વેગ ન ઉદ્વેગમાં રહેશે. દયા અને વિશ્વપ્રેમનાં કાર્ય કાંઈ ન થયા, તો એના અંગે ઊંઘ અને ભૂખ ક્યાં વીસાર્યા ? એનો ઉદ્વેગ ક્યાં જાગ્યો ? આત્મસ્થિતિનો બહુ વિચાર કરવા જેવો છે.**

**મહાન પ્રેરણા મંત્ર :**

આજે ક્યાં ક્યાં દ્રવ્ય અને ભાવદયા કરવા જેવી છે ? તે કરવાનું સામર્થ્ય આજે શું નથી ? સામર્થ્ય તો છે, કેટલાયે સંસારના પ્રસંગો વ્યવસ્થિત ચાલે છે; ઠાઠ ને આડંબરપૂર્વક ચાલે છે. એવા કોઈક કુટુંબો છે કે જ્યાં કેળવણીના સેંકડો-હજારોના ખર્ચા છે; પણ પડોશમાં ગરીબને બે ચોપડી મલે છે કે નહિ, તેની સ્થિતિ



જોવાની કે સાંભળવાની નથી. જે વખતે દ્રવ્ય ને ભાવ બંને દયાની જરૂર છે તે વખતે આંખમિંચામણાં તે ખરેખર આર્ય સંસ્કૃતિને ધક્કો લગાડવા બરાબર છે. **ખરાબી એક જ છે કે વર્તમાન દુનિયા આંધળિયાં કરે છે; ને તેની પાછળ આપણે મેનિયામાં પડી જઈએ છીએ.** વાગ્ભટે એક નિર્ણય કર્યો કે સિદ્ધગિરિનો ઉદ્ધાર કરવાનો છે. એટલે કોઈ શેઠીયાઓએ આવીને સોનૈયાના ઢગલા કરવા માંડ્યા. વાગ્ભટ્ટ ગુજરાતના મહામંત્રી છે. પુણ્યે શક્તિ આપી છે; પણ દિલ વિનાની શક્તિ શા કામની ? અહીં તો અરિહંત પ્રભુ પર ખૂબ જ ભક્તિ છે, પછી દિલનું શું પૂછવું ? વાગ્ભટ્ટ મંત્રીને તો પોતાને જ આ બધો મોટો લાભ લેવો છે. પરંતુ પેલા શેઠીયા ય ઝંખી રહ્યા છે, કહે છે, 'આપ તો સમર્થ છો, એકલા લાભ લઈ શકો. અમારું એ ગજુ નહિ; પણ આવા મહાન સુકૃતમાં અમને થોડો પણ લાભ ન મળે ? શું અમે એટલા બધા કમનસીબ ?...' આ હાર્દિક વિનંતિને કેમ ઉવેખાય ? માટે જ એમને લાભ આપ્યો બાકી તો એકલા કરવા તૈયાર હતા. આ ધગશ હતી તો કામ કેવાં સુંદર થતાં હતાં અને આજે ? વાતો છે. મંડળ સ્થાપો...સંસ્થા કરો...ચેરમેન ને સેક્રેટરી સ્થાપો...સમય, સાધન અને સંપત્તિ બગાડવાના ધંધા ! આડંબરના ખેલ સિવાય બીજું શું છે ? ખરી જો શાસનની પડી હોય તો હૃદયમાં થાય કે ''હું કેટલું કરું છું ? તે જોવા દે. કેટલું શક્ય છે છતાં નથી કરતો ? તો મારું નિર્ઘૃણહૃદય કેવું ? તે તપાસવા દે.'' આજે પણ એવા આત્માઓ છે કે ખાનગીમાં હજારોનું દાન કર્યે જાય છે. પોતાના હૃદયમાં દયાની લાગણી જોઈએ. તે લાવવા આ એક મહાન પ્રેરણા મંત્ર છે કે, **''હું અને જગત કર્મના ભાર નીચે સબડી મર્યા છીએ; ત્યાં જગતના જીવોને બનતી સહાય કરીશું તો ભવિષ્યમાં સહાય મળશે.''**

**દ્રવ્ય અને ભાવદયા :**

શું તમને એવી આશા નથી કે **'મને દયા મલે ?' સદ્ગુરુની દયા એટલે શું ? મોક્ષે પહોંચવા સુધીની દોરવણી કરવાની દયા !** એ આત્માની દયા છે. કાયાની દયા તે દ્રવ્યદયા અને આત્માની દયા ભાવદયા, એમ વિવેક કરી બતાવ્યો. આપણે ક્ષમા કરીએ એ પણ એક જાતની ભાવદયા છે. **સામાને ગુસ્સામાં સળગવાનું નિમિત્ત ન આપ્યું, પણ એની આગ ઠારી, તે મહાન દયા.** સામાને લાડુ ખવરાવો, ને જે દયા ન થાય, તે આ ખામોશ રાખવાથી થાય. સામાને પાંચ પૈસા આપો ને જે દયા ન થાય, તે કોઈ અભિમાનમાં ચઢ્યો હોય અને તમે કહો કે ''શું તું અભિમાન કરે છે ? એમાં રાજા રાવણ રોળાઈ ગયો. આપણા માથે જ્યાં સુધી કર્મની શિરજોરી છે, ત્યાં સુધી અભિમાન શા કરવા'તા ? એ વિચાર કે કંઈ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આવડતું નથી; હું અનંતા જ્ઞાનાવરણમાં દટાઈ મર્યો છું. જે મારા જ્ઞાનીઓ પાસે હતું તેના કેટલા અંશ મારી પાસે ? હું તો અજ્ઞાનમાં રોળાઈ રહેલો. આવું કંઈક વિચાર. મારી દૃષ્ટિએ તારી બુદ્ધિ આવડત ઊંચી, તેથી શું ?..." આમ સામાને કહે, તો શું બગડી જાય ? સામો વિચારશે કે "હું ત્યારે વળી કેવળીની અપેક્ષાએ કોણ માત્ર ? મારું તે શું જ્ઞાન અરે શું વીર્ય છે ?" ભાવદયા કરતાં આવડે તો સામો ઊભો રહી જાય; સ્તંભિત બની જાય ! ભાવદયા કરવા શું જોઈએ ? ખામોશ ને નમ્રતા. બીજા ભવોમાં નહિ આવડે. અહીં આવડશે. દેવગતિમાં નવરાશ જ ક્યાં છે ? રંગરાગમાં જે સમય પસાર થાય છે. તેમાં સમયનું માપ નથી. નરકાદિગતિમાં દુ:ખનો પાર નથી. ત્યારે અહીં ક્યાં બહુ દુ:ખમાં છીએ ? મધ્યમ સ્થિતિમાં છીએ. તેમાં વળી વીતરાગના શાસનમાં છીએ જેથી વિચાર કરી શકાય છે. **ક્ષમા, મૃદુતા, સરળતા ને નિર્લોભતાના વેપાર અહીં આદરી શકાય એમ છે જેથી જગત પર અનુપમ કોટિની ભાવદયા કરનારા બનીએ.** એટલે જ પાર્શ્વનાથ પ્રભુએ જુલ્મની ઝડીઓ વરસાવનાર કમઠ પર પણ દયા કરી, ભવોભવના વૈર મુકાવવાની દયા કરી; ઉન્નતિના માર્ગે લગાડવાની કૃપા કરી.

**ભાવદયા માટે ચંદન જેવા બનો :**

ભાવદયાના સાધનભૂત ક્ષમા, નમ્રતા વગેરે ગુણોને આત્મામાં પગભર રાખવા જોઈએ, જો દૂર હાંકી કાઢ્યા હોત પ્રભુએ, તો કમઠના જીવને ધર્મ પમાડી શકત ? પહેલા ભવમાં પ્રભુને કમઠે શિલાથી માર્યા ! બીજા ભવમાં હાથીના મર્મસ્થાન પર જળચર સાપ થઈને મર્મસ્થાને કરપીણ બચકાં ભર્યા ને પ્રાણનો નાશ કર્યો. પછીના ભવોમાં આ રાજા થાય, ચારિત્ર લે, ત્યાં પેલો સાપ થઈ ભરડો ભરીને મારે; સિંહ થઈને ફાફેડી ખાય; ને ભીલ થઈને બાણથી વીંધી મારે. છેલ્લા ભવમાં મેઘમાલી થઈ ભયંકર અવાજો ને મુશળધાર વર્ષા ! **આટલા ધારાબદ્ધ ઉપસર્ગો કરવા છતાં એના પર ભવોભવ દયા કરવાનું ક્યારે બને ? જ્યારે પોતાના આત્મા ગુણોને પગભર કરવા કટિબદ્ધ રહે.** કમઠ કે ધરણેન્દ્ર કોઈના પર દ્વેષ નહિ કે રાગ નહિ. મહાન મૂશળધાર વરસાદમાં ધરણેન્દ્ર આવીને પ્રભુને બચાવી લે તો તલ માત્ર પણ તોષ નહિ, પેલો કમઠ પાણીમાં બુડાવી દેવા ઇચ્છનાર, તેના પર તલ માત્ર રોષ નહિ ! બંનેને તાર્યા. કવિ કહે છે,

**"અચરીજ સુણજો એક તીણે સમે, શત્રુને સમકિત દાય સાહિબ મોરા રે;**
**ચંદન પારસ ગુણ અતિ ઘણા, અક્ષર થોડે ન કહાય સાહિબ મોરા રે...**
**આજ શંખેશ્વર જિન ભેટીએ."**



ચંદન અને પારસમણિના ગુણ થોડે અક્ષરે કહ્યા ન જાય. **ચંદનને જેમ વધુ બાળે તેમ સુગંધ વધુ આપે. જેમ વધુ લસોટે તેમ શીતળતા અધિક આપે ! જેમ જેમ વાંસલાથી છેદે, તેમ વાંસલાને વધારે મઘમઘ સુવાસિત કરે !** પ્રભુ પણ ચંદન જેવા ! કમઠના જીવે વૈરભાવમાં ચઢી પ્રભુને છોલવાનું, લસોટવાનું ને બાળવાનું કામ કર્યું; પણ પ્રભુએ ચંદન જેવા થઈ શીતળતા આપી ! ક્ષમા દાખવી એને આત્મ સન્મુખ બનવાની ઉત્તમ તક આપી ! એને એમ થયું કે "અરે ! હું કોના પર દ્વેષ કરતો હતો ? વગર વિનંતિએ ઇન્દ્રો આવી આવીને જેના ચરણમાં ઝુકે છે, એના પર મેં વૈરભાવ કર્યો ? અહો ! કેવો અધમાધમ હું !" મેઘમાલી ત્યાં ધર્મ પામ્યો. **ભાવદયા કરવા આવી ચંદન જેવી સ્થિતિ આવડે તો આવા પરિણામ લાવી શકાય.** આપણા હાથે સારું કાર્ય ક્યારે થાય ? **મહાન કલ્યાણ ક્યારે નિપજાવી શકાય ? આપણે ચંદન જેવા થઈ જગત પર નિર્મળ ભાવદયાનો વરસાદ વહેવડાવીએ ત્યારે.** "જો આજ સુધી એવા ઉપકાર સંત પુરુષો કરી ગયા તે પોતે ચંદન જેવા બન્યા હતા તેનો પ્રતાપ છે;" આ લક્ષ હોય તો વિચારે કે "ચંદનની નજીકમાં દુર્ગંધ ફેલાવતી ગટર ચાલતી હોય તો તે વખતે ચંદન આકરું નથી ય થતું. જાણે એ ગટરને કહે છે કે **જે તારી પાસે હોય, તે જ તું બહાર કાઢ !** મારી પાસે સુવાસ જ છે, તો હું એજ બહાર કાઢું. દુર્જનના હૈયે દ્વેષ, ગાળો ભરેલી છે. તો પછી ખારા કુવામાંથી મીઠા પાણીની આશા ? "હેં મારી સામે ગાળો દે છે, મને દ્વેષ કરે છે..." આવું મનને થાય છે; પણ એ વિચારવું નથી કે હા, કરે. બધું કરવાનો એ. કેમકે એ દુર્જન છે. સજ્જન તો તરત વિચારે કે "બોલ તારા હૈયામાં શું છે ? ગટર કે બગીચો ? હું ચંદન જેવો છું. જગત ખરાબ થાય પણ મારે નહિ થવાનું. જગત મને બાળવા માંડે તો મારે ફરિયાદ નહિ કરવાની. મારે તો બળીને સુવાસ દેવાની ! લસોટાઈને શીતળતા ચખાડવાની ! કોણ બળવાનું ? કાયા જ ને ? તો એ તો ગમે તેટલી સાચવીશ તો પણ એક દિ જરૂર બળવાની છે." માણસ અભિમાનમાં ચઢે ત્યારે કહે છે કે "શું અમે લાતો ખાઇએ ?" "હા, એમાં શું છે ? એથી અધિક તો રસ્તામાં મરી જાશો તો ગીધડાં ફાફેડી ખાશે; એ છે." સમજુતી કરતા શીખો. આ જીવનમાં આવી પડતા મોટામાં મોટા અને બહુમાં બહુ દુ:ખની સામે હૈયામાં સમજુતી કરવી હોય તો એ માટે જૈનશાસ્ત્રોમાં ઢગલો વાતો પડી છે. એ આવડે પછી જુઓ કે દિલમાં ભાવદયાના અને વિશ્વપ્રેમના કેવા સાગર ઉલસે છે !

# ③ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**દયા :** જગતની વસ્તુ આંખ સામે આવી કે 'મારે ભાવમળ નથી પોષવો' એમ કહેવા માત્રથી તે અટકતો નથી. તેને શોષવા માટે કોઈ સુંદર રચનાત્મક પ્રવૃત્તિ જોઈએ છે. તે માટે ત્રણ વાતો છે **(૧) દુઃખી પર અત્યંત દયા,** (૨) **ગુણવાન પર અદ્વેષ, અને** (૩) **સર્વત્ર ઔચિત્યનું પાલન.** આ ત્રણ વાતો જીવનમાં હોય તો સહેજે ભાવમળની પ્રબળતા ઓછી થઈ જાય. અથવા કહો કે એ હોય તો ભાવમળ ઓછો થઈ ગયો ગણાય.

**દુઃખી પર દયા શા માટે ?** કેમકે, આપણે પણ દુઃખી છીએ. આપણને પણ દયાની જરૂર છે. હવે જો આપણે કોઈને દયાનાં દાન કર્યા હશે તો અશાતા જ મલશે; શાતા નહિ જ મલે. **હાથીના ભવમાં મેઘકુમારના જીવે સસલાને દયાનું દાન કર્યું; તો મેઘકુમારના ભવમાં વીર ભગવાન દયા કરનારા મળ્યા.** સસલા પર જે દયા કરી તે કરતાં વીર પ્રભુની દયા ખૂબ જ મોટી મળી ! અલબત્ત, જે એક જીવ પૂર્વે બચાવ્યો હતો તેટલા પ્રમાણમાં પુણ્ય ખરું; પણ પ્રભુએ જે દયાનું દાન કર્યું તેનું પુણ્ય કેટલું ? જો એ પ્રભુએ પહેલાં ચારિત્રની અને પછી હિત-શિક્ષાની દયા ન કરી હોત; મેઘકુમાર જ્યારે સવારમાં ઉઠીને ઘેર જવા પ્રભુ પાસે આવ્યા ને પ્રભુ મૌન રહ્યા હોત, અને મેઘકુમાર ઓઘો મૂકીને હૈયાનો ઊભરો ઠાલવીને ઘેર ગયા હોત તો ? કેટલા ભવની રામાયણ ઊભી થાત ? ચારિત્રની ઘોર વિરાધના થાત ! શરીરના મોહનું પોષણ અને ઘેર જઈ રંગરાગમાં મશગુલ થાત ! વિષય ને કષાયની જોરદાર પ્રવૃત્તિ થાત ! આ બધાએ મેઘકુમારની કયી દશા કરી હોત ? સસલા પર દયા ન થઈ હોત તો સસલો એક ભવથી મરત ! પણ મેઘકુમાર પર પ્રભુની દયા ન વરસી હોત તો ? મેઘકુમાર કોણ જાણે કેટલાય ભવો કરી કરીને મસ્ત ! નરકની ભયંકર યાતનાઓમાં રીબાવાનું થાત ! કેમકે કર્મસત્તાને શરમ નથી કે “આ શ્રેણિકનો પુત્ર અને એને કેમ નરકે લઈ જવાય ?” જે **માનવના અવતારમાં અણઘટતાં આર્તધ્યાનનાં દુર્ધ્યાન અને રૌદ્રકોટિનાં દુર્ધ્યાન કરે, મહાઆરંભ-મહાપરિગ્રહ, શિકાર ને માસાહાર જેવાં પાપ આચરે; અરે, એની પાપવાસનાઓમાં રમે, તે સરળતાથી નરક જાય.** મહાઆરંભ ને પરિગ્રહની માત્ર વાસના કેવુંક કામ કરે છે ! ફક્ત વાસનામાં તંદુલિયો ? રાજગૃહિનો દ્રમક ? તંદુલિયા મચ્છને કોઈ પરિગ્રહ થયો નહોતો, કે ભિખારીએ મહા જીવનાશ કર્યો



નહોતો; છતાં કેમ નરકના મહેમાન બન્યા ? નરકના દરવાજા કયા ? નરકના સ્ટેશને જઈને સીધી ઊભી રહે તેવી ગાડી કયી ? પેલી વાસના અને રૌદ્ર ધ્યાન. એમાં આપણે મુસાફરી કરીએ તો સીધું નરકનું સ્ટેશન આવે. પાછું એટલેથી પતતું નથી. પછી દુર્ગતિના ભવની સીરીયલ પરંપરા ચાલે છે. ચારિત્ર લીધા પછી મેઘકુમારને જાગેલી પાછી સંસારની વાસના, તેવા એના પર મહાવીર પરમાત્માએ દયા ન કરી હોત ને મેઘકુમાર સંસારમાં ખૂંચ્યા હોત, તો એ પણ દુર્ગતિના રવાડે ચઢી જાય એમાં શું નવાઈ ? શ્રેણિકના કાલ-મહાકાલ વગેરે દસે પુત્રો નરકમાં ગયા, ને તેમની માતાઓ સ્વર્ગમાં ગઈ ! ખુદ શ્રેણિકની કયી દશા થઈ ? પ્રભુ ખુદ મળ્યા પણ પૂર્વની ક્રૂરતાના ફળ રૂપે નરકે જવાનું ઊભું રહે ? શું કરે પણ ! પ્રભુ મળ્યા તે પહેલાંની ભૂલ એવી જોરદાર હતી કે જવું જ પડે. પછી એવાએ નરકમાં અસંખ્યવાર મૃત્યુની પીડા હોવા છતાં મૃત્યુ થાય નહિ. અને વેદનાનો પાર નહિ !! દુઃખી પર દયા શા માટે ? આપણને પણ દયાનું દાન મલે માટે. દયાની જરૂર છે કે નહિ તમારે ? ધ્યાન રાખજો કેવળજ્ઞાન નહિ મળે ત્યાં સુધી દયાની જરૂર પડવાની, એટલે સાધ્વી મૃગાવતીજીને થયું કે “આ ગુરુણીજી કેવાક દયાળુ ! મને શિક્ષા આપી ! મારી આત્મચિંતા કરી !” દેહની ચિંતા કોણ નથી કરતું ? કેવળજ્ઞાન ન પામીએ ત્યાંસુધી આત્માને દયાની જરૂર છે. કોની દયા ? દેવાધિદેવની, ગુરુની અને સહધર્મીઓની. એવી દયા ભવિષ્યમાં મળી રહે માટે આપણે અત્યંત દયાના ગુણવાળા બનવું જોઈએ અને બીજી દૃષ્ટિએ જોઈએ તો જગતના જીવો કર્મથી ક્રૂર રીતે પીડાઈ રહ્યા છે, તેવા જગત પર દાઝયા પર ડામ, પડતા પર પાટુની નિષ્ઠુરતા બતાવવી તે સજ્જન નામ ધરાવનારને શોભતું નથી. **દિલ જેનાં કોમળ નથી, સ્નેહાળ નથી, બીજાને હૂંફ આપનાર નથી, તેના દિલમાં ગુણનો સંચાર ન થઈ શકે.** દિલ કોમળ ન હોવાથી દયા કરવાના સ્થાનમાં સામાના દુઃખ સાથે સમવેદન તો દૂર રહ્યું, પણ ઉપરથી તિરસ્કાર થાય છે. દુઃખીને સામે જુવે, પોતાની પાસે સામગ્રી છે. છતાં કરૂણા વરસાવવાના બદલે થાય કે “આ લોકો હરામખોર છે ! મફતનું ખાવું ગમે છે. તગડા જેવું શરીર છે, છતાં મજૂરી નથી કરતા જાઓ, મજૂરી કરી ખાઓ.” આવા ભાવ જે દિલમાં જાગે તે દિલમાં માનવતા હોઈ શકે ? જ્યાં નિર્ઘૃણ હૃદય હોય, ત્યાં માનવતા નહિ. આજે તો સુધરેલો યુગ છે ! તેમાં સુધારો શું ? જ્યાં દુઃખી પર આત્માએ પરમાર્થ કરવાનો અવસર છે ત્યાં પરમાર્થ ન કરવો પડે માટે 'તગડા હરામખોર છે, મફતનું ખાવું છે...' વગેરે ઉઠાવા નવા નવા ઊભા કરે છે ! ક્યાં જોવાની ફુરસદ છે કે મજૂરી કરવી હોય પણ મજૂરી મલે છે ક્યાં ? સામાને કમભાગ્યનો ઉદય છે. પણ પોતાને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

માત્ર દયા ન કરવી તે માટે આક્ષેપ કરી છૂટી જવાનું ? આ દયા નથી. સૌએ સ્વતંત્ર કમાઈ ખાવું જોઈએ, એવા કહેવાતા સ્વતંત્ર જીવનના ધોરણ પશુને મુબારક હો; માનવને નહિ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૪૫,તા.૪-૮-૧૯૫૬

## (૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ગુણવાન પર અદ્વેષ :** બીજું લક્ષણ ગુણવાન પર અદ્વેષ તેના પર ઈર્ષ્યાભાવ નહિ કરવાનો. કેમકે બીજા જીવો જે ઊંચી સ્થિતિ પામે છે, તે બે જાતની છે. તેમાં **જો આધ્યાત્મિક ઉન્નતિ હોય તો પોતાના સત્પુરુષાર્થથી છે, ને દુન્યવી હોય તો પોતાના પુણ્યથી છે.** હવે પુણ્યમાં પણ પૂર્વની શાબાશી તો છે જ; અને સત્પુરુષાર્થ એટલે અહીંની શાબાશી છે. હવે જો જો પોતાની શાબાશીથી અધિક છે, તો મારે એટલું ધ્યાન રાખવું જોઈએ કે 'હું ઈર્ષ્યા ન કરું, કેમકે ઈર્ષ્યામાં શાબાશી નથી, નાલેશી છે. હું તો સમજું કે એ પણ મારો ધર્મ-ભાઈ છે; જાતિબંધુ છે. છેવટે માનવભાઈ તો છે જ ! ભાઈને સારું મલે એ એની શાબાશી; તો કમમાં કમ મારે પ્રમોદભાવ, રાજીપો રાખવાનો, અગર ઈર્ષ્યા ન કરવાની શાબાશી તો રાખવી જ. ઈર્ષ્યા કરવા માત્રથી તે નીચો પડવાનો નથી. જો સામાનું પુણ્ય જોરદાર હશે તો એને જરાય આંચ આવવાની નથી. ત્યારે ઈર્ષ્યાથી મારું તો મન બગડશે, તેથી જીવન તામસી થશે; અને ભવાંતરેય કુસંસ્કારનો વારસો ચાલુ રહેશે.

**ઈર્ષ્યાળુ રાણીનો પ્રસંગ :**

એક પ્રસંગ આવે છે એક રાજાને બે રાણી હતી. એક રાણી ધર્મિષ્ઠ હતી. તે પોતાના મહેલમાં સુંદર જિનમંદિર રાખી, તેમાં અરિહંત પ્રભુની સુંદર પ્રતિમાજીની ભગવાનનો પૂજા ઉત્સવ ખૂબ કરતી. એમાંય ગમે તે ગમે તે નિમિત્તે પ્રભુજી અને મંદિરને પૂજા ઠાઠમાઠ વારેવારે કરે. ગવૈયાઓથી પ્રભુભક્તિના સંગીતની રમઝટ મચાવે. **જીવનમાં જેને પરમાત્મા એજ મહામૂલી વાત લાગી, પછી તો એ નાથની વાર તહેવારે પૂજા ને ભક્તિ કર્યા કરવાનો.** આરાધના ને પ્રભાવના કર્યે જવાનો ! આ રાણી તો પ્રભુભક્તા છે ! ગુણપ્રેમી છે પણ બીજી રાણી ઈર્ષ્યાળુ હતી; તેથી એને આ બધી ધામધૂમ કેમ જ સહેવાય ? "બસ, મારા કરતાં એ શાની આગળ વધે ?" પોતે તો મિથ્યાદૃષ્ટિ છે તેથી પોતાને આવી પૂજાભક્તિ સંગીત શાના હોય ? એટલે હવે કરવાનું બાકી શું ? ઈર્ષ્યા !! વાહ ! જીવનો જાણે સ્વભાવ



પડ્યો કે "પોતાનાથી કોઈ ઊંચો દેખાય ત્યાં **કડવી** નજર થાય ! હાં, બીજા પોતાનાથી જો નીચા દેખાય તો ખુશી થાય !! કેવી કલુષિત વૃત્તિ ! જગતમાં સારામાં સારું મારે જોઈએ. અને જગતને અધિક તો નહિ જ; સમાન પણ નહિ; કિંતુ ઉતરતું મળો." આ ઈર્ષ્યાની આગ છે. ચરમાવર્તમાં આવીને ભાવમળનો ઘણો નાશ કર્યો હોય તેનામાં આવી ઈર્ષ્યા ન હોય. સામો સમાન સ્થિતિમાં હોય, એમાં આપણને શું દુઃખ ? ઓછાપણામાં કદાચ હજુ એમ થાય કે "હું કેવો અક્કરમી, કે મને પૂરું ન મળ્યું !" પરંતુ, પેલાને શા માટે વધુ મળ્યું; એવું દુઃખ કરવાની શી જરૂર ? નહિ તો પછી કષાયના તોફાન એવા થવાના કે જેની પાછળ અધમ કોટિના ભવ સર્જાય !!

વાત્સલ્યભાવ ને મૈત્રીભાવમાં રમતા રહેવું જોઈએ; પ્રમોદભાવમાં નિષ્ણાત બનવું જોઈએ. પેલી રાણીને એવું જ બન્યું. કેઈ વિકલ્પોમાં ચઢી, "વાહ કેટલો ચાળો ? કેવાં ગર્વ ?" "બસ, આ કેમ જોયું જાય ? કેમ જાણે રાજાને શું એ એક જ રાણી હશે ? હું બતાવું છું એને." તેણે રાણીના ગૃહમંદિરની મૂર્તિ ચોરી. ઉકરડામાં સંતાડવા જતી હતી ત્યાં સાધ્વીજીએ સમજાવવાથી પાછી મૂકી ગઈ; પણ પછી બહુ જીવી નહિ; કાળ કરી ગઈ. ધર્મિષ્ઠ રાણીને તો ઈર્ષ્યા હતી જ નહિ એટલે એને તો દુઃખ થયું કે "અરેરે ! મારી બહેન ગઈ." **જૈન એટલે ? દુશ્મન પર પણ વાત્સલ્ય વરસાવનારો.** કેમકે એ જિનના અનુયાયી. **અનુયાયી એટલે શું ? જિનની પૂંઠે જનારો.** શા માટે ? જિન બનવા માટે, વીતરાગ બનવા માટે. **જે વીતરાગનો અનુયાયી થઈ એમની પૂંઠે ચાલનારો અર્થાત્ વીતરાગ બનવાની તમન્નાવાળો થયો. એણે તો રાગદ્વેષને હઠાવવાની ત્યાં સુધી ભાવના કરવી પડશે કે પોતાની પ્યારી કાયા અને પ્રાણ ઉપર પણ રાગ અને જીવલેણ દુશ્મન પર પણ દ્વેષ ન કરવા સુધીની સ્થિતિએ પહોંચી જાઉં.**

વાલીમુનિએ અષ્ટાપદ નીચે પેઠેલા રાવણને, એનો પ્રતિકાર કરવા અંગુઠો દબાવ્યો. એમને તીર્થ પર રાગ અને રાવણ પર દ્વેષ આવ્યો કે નહિ ? તો એ કેવી રીતે બની શકે ? "તીર્થ તો તરણતારણ ! તેનો રાવણ નાશ કરી નાખશે. માટે લાવ, રક્ષા કરું." દ્વેષ થયો એટલે "મારી નાખું" એમ નહિ. "પણ શિક્ષા કરું જેથી તીર્થ સલામત રહે." રાવણ પર અણગમો ઉઠ્યો છે છતાં કહેવાય કેવા ? વીતરાગ જેવા એટલે હેમચન્દ્રસૂરિજી મહારાજે વાલી મુનિની ભાવના બતાવી કે "અદ્યપિ હું રાગદ્વેષ વિનાનો છું. છતાં તીર્થની રક્ષા માટે મારે પ્રયત્ન કરવો જ જોઈએ." આ હોય તો કેવળજ્ઞાન થતાં વાર નહિ. જૈન એટલે વીતરાગની પૂંઠે જનારો વીતરાગ થવાની અભિલાષાવાળો. ગૌતમ મહારાજને ક્યાં સંસાર પર



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

રાગદ્વેષ હતા ? મહાવિરાગી હતા. છતાં પ્રભુ પરનો રાગ બાધક હતો. તો કેવળજ્ઞાન લેવા માટે ઈર્ષ્યા કરવાની ? વીતરાગની પૂજા કરનારે ઈર્ષ્યા જેવા દુર્ગુણોને તો પ્રથમ પગથિયે દૂર કરવા જોઈએ.

**ઈર્ષ્યાની ભયંકરતા :**

નગરમાં કેવળજ્ઞાની મહર્ષિ પધાર્યા. રાણીએ જઈને પૂછ્યું, "પ્રભુ, મારી બહેન મરીને ક્યાં ગઈ ?" જ્ઞાનીએ બતાવ્યું કે "તારી બહેન મહેલની નજીકના ભાગમાં કૂતરી થયેલી છે." શું ? કૂતરી ! રાત ને દિ' ભસતી ! કેમ વારું આમ ? રાણીમાંથી કૂતરી ? હા, ઈર્ષ્યાના પાપે. કૂતરાની જાતને ઈર્ષ્યા બહુ. કહે છે લાખો માણસનું સૈન્ય ધસમસ જતું હતું. ત્યાં એક કૂતરાએ એની સામે સવારથી સાંજ સુધી ભસી ભસીને પ્રાણ ખોઈ નાખ્યા ! જાણે "બસ કેમ આ આમ ધબ ધબ રોફથી ચાલે ?" અરે, તારું શું લે છે ? રાણી તો આ સાંભળીને ચોંકી ગઈ. "બિચારી ઊંચા મનુષ્યના ભવમાંથી કૂતરી ?" જેનો આને જરાયે ખ્યાલ નહોતો તે વાત જ્ઞાનીએ બતાવી કે "એને તારા પર ઈર્ષ્યા હતી, તારી મૂર્તિ ચોરી હતી. પાછી એજ મૂકી ગઈ. પણ ઈર્ષ્યા અને આર્તધ્યાનમાં આયુષ્ય બાંધી મરીને કૂતરી થઈ" આ સાંભળી રાણીને બહુ દુઃખ થયું. જઈને કૂતરીને પૂર્વભવનું નામ કહી ઉપદેશ આપ્યો. "શા સારું ભસી રહી છે ? શા સારું ભાન ભૂલી જાય છે ? આ રાણીના અવતારમાંથી ઈર્ષ્યાથી કૂતરી બની. ને હજુ ઈર્ષ્યા રાખે છે ?" પૂર્વના પરિચિત શબ્દોથી કૂતરીને ઉહાપોહ થયો, જાતિસ્મરણ થયું. હિતની વાતથી હૈયું આકર્ષાયું. જોયું કે "આ તો મારી શોક્ય છે, છતાં આટલો પ્રેમ દાખવે છે ! ત્યારે મેં ઈર્ષ્યા કરીને શું મેળવ્યું ? કોણ જાણે હજુય મારી કેવી ખરાબી થશે ?" **ઈર્ષ્યાનો દુર્ગુણ એકજ બસ છે. ભયંકર એવા ભવસાગરમાં ભમવા માટે.** પછી ધર્મ પાળતો હોય છતાં જો ઈર્ષ્યાળુ હોય તો એમાંથી બાકાત નહિ. દાન દેવા છતાં કારગત નહિ થવાનું. શીલ પાળવા છતાં રક્ષણ નહિ મળે. જો આ દુર્ગુણને થંભાવ્યો નહિ, એના ટકા કાપ્યા નહિ, તો ભાવિ ભવોમાં ટકા વધી જવાના. તો શી રીતે ટકા કાપવા ? આ સમજુતીથી કે "મારે અહીં સજ્ઞાન દશા છે; પછી અજ્ઞાન દશા આવવાની. જો સજ્ઞાન દશામાં દોષ ન દાબ્યો તો અજ્ઞાન અવસ્થા વખતે તો શાનો દબાય ? એટલે એક જ વિચાર કે 'સામો જે મારાથી ઊંચો છે, એને સારું મળેલું છે, તે બધું એના પુણ્ય કે પુરુષાર્થથી મળેલું છે. માટે એમાં મારી કોઈ વડાઈ નથી.' આમ વિચારી ઈર્ષ્યાની આગ દૂર કરવાની. પણ 'ના, ના, એને પગભર તો મેં કર્યો છે ! એ દેશમાંથી આવ્યો ત્યારે શું હતું એની પાસે ?' એમ વિચારતાં પહેલાં જાતને પૂછો તો, "તું એને પૈસા આપનારો એટલે ફિરસ્તા જેવો, ને એ



તારો ઓશિયાળો ને ? તો પછી એની પુણ્યાઈ કેમ વધી ગઈ, કેમ એ આજે મહાશ્રીમંત, અને તું દાતાર છતાં તારે ત્યાં કંઈ નહિ ? મુશ્કેલી ભર્યું જીવન છે, તો ચાલો દેશ ભેગા થઈ જઈએ." એમ કેમ વિચારે છે ? **તારી જાતને ઊંચી ગણતો હોય તો આ જોવાની જરૂર છે. ઈર્ષ્યા રોકવા માટે સામાના પુણ્ય ને પુરુષાર્થનો વિચાર કરીએ કે કંઈ ઈર્ષ્યા ન થાય.** ઈર્ષ્યાથી વળી સામાનું બગાડી જ શકાય એવો નિયમ નથી; ત્યારે પોતાનું તો નિશ્ચિતપણે બગડે છે. ડગલે ને પગલે બિલાડીના દાવ રમવા જોઈએ. બિલાડીનો ધંધો શો ? લપાઈને બેઠી હોય, 'ક્યારે લાગ આવે ને ઉંદરને ઝડપી લઉં ?' તેમ આ ઈર્ષાળુ એવા દાવ ખોળતો જ હોય છે. આ ભયંકર દુર્ધ્યાન છે. શુભધ્યાન પલાયન થયા પછી દુર્ધ્યાનની જાળમાં ફસ્યા પછી બાહ્ય રીતે ભલેને સામાની પૂજા કરે, પણ એનો અર્થ કંઈ નહિ, ઈર્ષ્યા સાથે ભટકાય તો વીતરાગનો ભેખ છતાં સાધુપણાના વેશમાં પણ નાટક રમે ! **ઈર્ષ્યા અંદર પેસીને ગુણોને આવવાના દરવાજા બંધ કરે છે. જ્યાં હૈયું ઢેડ-ભંગી જેવું થઈ ગયું પછી ઉમદા વાત વિચારનો અવસર જ નથી.** ભેખ તો ગૌતમસ્વામી કે કામદેવ શ્રાવકનો લીધો હોય, પણ દિલ પેલી હલકી ઈર્ષાળુ જાતમાં જ રમતું હોય; બળી બળીને ખાખ થઈ જાય ! એમાં કેવળ સત્ત્વહીન મન, ધખતી વૃત્તિઓ, પાશવી ભાવનાઓ સિવાય સારું કાંઈ નીપજે નહિ. જ્યાં સુધી આત્મીયતાનો મહાવિકાસ કરીને એને દિલમાં સ્થિર ન કરીએ; એ માટે ઈર્ષ્યાને ત્યજી દિલ ઉદાર ન બનાવીએ ત્યાં સુધી ભાવમળને સાફ થવા અવકાશ નથી.

**વિવેકનું અજવાળું :**

ભાવમળના હ્રાસમાં ત્રીજું લક્ષણ છે **"સર્વત્ર ઔચિત્યનું પાલન."** હૃદયને કોમળ બનાવે છે દયા. હૃદયને પહોળું બનાવે છે ગુણવાન પર પ્રેમભાવ, અને આત્માને વિવેકી બનાવે છે સર્વત્ર ઔચિત્યનું પાલન. આવું કૂણાશ મોકળાશ ને વિવેકનું અજવાળું જેના દિલમાં છે તેના દિલમાં ગુણો ધસારાબંધ આવે. ધર્મનાં ઊંચા બીજો વવાય અને ફળરૂપ મોક્ષનાં ફળો નજીકના કાળમાં પ્રાપ્ત થાય; "આત્મીયતાની બુદ્ધિના પ્રકાશમાં ભૂખે મરતો પણ બિચારો લાગે ને કષાયમાં ચઢેલો ક્રોધાદિમાં ધમધમતો પણ બિચારો લાગે." હૈયું કૂણું બનાવીએ તો જ આ વાત બને; ને હૈયું કૂણું બનાવવા ભગવાનનું અજોડ દૃષ્ટાંત છે. સંગમ જેવા ઘોર પાપી પર ભગવાનની કૂણાશે પ્રભુની આંખમાંથી આંસુ પડાવ્યા, "બિચારો !" આ બિચારો શબ્દ કોના માટે ? તમારી સામે ઉપસર્ગોનો ઘોર રંગ મચાવ્યો છે પણ તમને છુંદ્યા, પીસ્યા ને અકલ્પનીય કદર્થનાઓ કરી છે, તેના માટે "બિચારો ?" "હા, કેમકે તે ક્યાં જવાનો ?" એ વિચાર્યું એટલે **એની દીર્ઘકાળની ભવપરંપરા**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**જોઈ, કે હૃદયની કૂણાશ ઉછળી આવી.** "આ બિચારો મરીને જો તિર્યંચ ગતિમાં બોકડો વગેરે થશે, તો કસાઈ પકડીને લઈ જશે, છરો ઉગામશે...આ થરથરતા રહેશે, અને છરાથી રેંસાઈ જ્યારે નરકમાં જશે તો પામર જીવની પરમાધામી શી દશા કરશે ?" આવો વિચાર કરવો હોય તો થઈ શકે, એમાં કોઈ મોટી વાત નથી. પણ આત્મીયતાનો પોષકગુણ **હૃદયની કૂણાશ** એ પહેલો ગુણ જોઈએ; ને **હૃદયની મોકળાશ** એ બીજો ગુણ જોઈએ. શું આપે એ ? વિશાળ ભાવના. કોઈનું પણ ગમે તેટલું સારાપણું પચાવવાનું અને સાધી આપવાનું આપે છે. ત્રીજો ગુણ ઔચિત્યપાલન. **વિવેકનો દીવો સર્વત્ર ઔચિત્યનું પાલન આપે છે.** ચરમાવર્તમાં નંબર રજીસ્ટર્ડ કરવા માટે આ ત્રણ વાતો છે, જેના પર ખાતરી રાખી શકીએ કે "કૂણાશ એવી જોઈએ કે માથું વાઢનાર પર પણ "બિચારો થાય !" જો હૃદયની કૂણાશ નહિ રાખો તો ઊંચા નહિ અવાય, જરાયે આગળ નહિ વધાય. વિશ્વાસ રાખો કે લાલાશથી જે કામ કરવાનું હતું તે કામ પુણ્યાઈ કરી આપશે; ને કૂણાશથી પુણ્યાઈ વધશે. સામો ભયંકર પાપમાં દેખાય કે આપણું હૈયું બોલે "બિચારો !" સમકિતીની દયા તો એટલી વધી જાય છે કે મોટો ચક્રવર્તી જેવો પણ એને 'રંગરાગમાં ફસેલો છે !' એમ દેખાય, તો લાગે કે 'બિચારો !' આ હૈયું કેવું હશે ? દ્રવ્ય ને ભાવથી એક સરખી કૂણાશ.

**હૃદયની વિશાળતા શુભધ્યાન આપે છે :**

હૃદયની વિશાળતા શું આપે છે ? એક વખતે પોતાનું કામ અવગણીને બીજાને ઊંચે ચઢાવે છતાં ઈર્ષ્યા નહિ. "એ જીવ એ હું જ છું !" એવી આત્મીયતાની મનોવૃત્તિથી એની સંપત્તિ પર પોતાને પ્રમોદ છે. દા.ત. તમારા જમાનામાં કોઈએ તમને ભણાવ્યા નહિ; એટલે તમારાં માન-સન્માન ન થયાં; પણ તમારો દીકરો ઈંગ્લેંડ જઈને આવ્યો. અહીંયાં ક્લબોમાં ને સોસાયટીઓમાં તેનાં ભારે માન-સન્માન થયાં. ત્યાં તમને શું થાય ? ત્યાં તો આત્મીયતાનો સંબંધ છે; એટલે ઈર્ષ્યા ન થાય. તેમ અહીં પણ વિચારવાનું કે જીવો આપણી સાથે બધા સંબંધમાં આવેલા છે; તે એક વાર નહિ અનેકવાર ! એટલે કોઈ આ ભવમાં સંબંધી હોય તો કોઈ પૂર્વેના ભવમાં થયા હોય. એ પૂર્વના સ્નેહીઓ એવા હતા કે હું તેમને માટે પ્રાણ પાથરવા તૈયાર હતો. તો હવે અહીં તેમના પર ઈર્ષ્યા ન થાય. હૃદયની વિશાળતા છે એટલે કોઈ હલકી વિચારસરણી ઊભી નથી રહેતી. ઉમદા વિચારણા ને શુભધ્યાન એમાં ચૂકાતું નથી. તેથી ધર્મક્રિયાઓમાં સંસારની ગડમથલ નથી રહેતી એ પણ લાભ છે. આત્મીયતા ગુમાવી ઈર્ષ્યાદિમાં રમનારને તો ધર્મક્રિયા પણ એની વિચારણાથી કલુષિત રહે છે.



**વિવેકના પ્રકાશમાં સ્થાન અને સ્થિતિ જુઓ :**

ત્રીજા નંબરમાં વિવેકનો દીપક જોઈએ. વિવેકનો પ્રકાશ જોઈએ. શું કરાવે તે પ્રકાશ ? સર્વત્ર ઔચિત્યનું પાલન કરવા માટે પોતાનું સ્થાન અને સ્થિતિનો વિચાર કરીને. "હું કયા સ્થાને છું ? અને કયી સ્થિતિવાળો છું ?" આ વિચારવાનું. સ્થાન એટલે 'દુનિયાના સંબંધમાં હું વડિલ છું કે નાનો છું ? નજીકનો સંબંધી છું કે દૂરનો ? જ્ઞાની ગુરુઓના સંબંધવાળો છું કે દેશના સંબંધવાળો છું ? અને દરજ્જો શું છે ?' આ બધી સ્થાનની વિચારણા છે. અને સ્થિતિમાં 'પૈસા, આબરૂ, બુદ્ધિ, બળ, અપમાન વગેરે દુનિયામાં પોતાને કેવાં મળ્યાં છે ?' આ આવે. આ બંનેનો વિચાર કરીને જ વિવેકનો પ્રકાશ મેળવી શકે.

**જેમ બીજા ગુણમાં જીવોની સારી વાતો પચાવવા માટે પ્રેમભાવ લાવવો હોય તો આત્મીયતા જોડવી પડે,**

**તેમ ત્રીજા ગુણ તરીકે ઔચિત્યનું પાલન કરવા માટે જડનાં મૂલ્યાંકન ઘટાડવા પડે.**

**આત્મીયતાનું દર્શન પ્રેમભાવ વધારે છે, અને જડ વસ્તુના મૂલ્યમાં હ્રાસ તે ઔચિત્યનું પાલન કરાવે છે.** આ વાત સમજવા જેવી છે, કેમકે એમાં દર્શન કરવાની કલા છે ! જગતના ગમે તેવા જીવને પોતાનો સમજી શકીએ, તે આત્મીયતાનું દર્શન છે. જગતના જડનું મૂલ્ય ઔચિત્ય પાલન કરતાં ઓછું આંકીએ, તે તેના મૂલ્યાંકનમાં હ્રાસ છે. ત્રણ ગુણના સારમાં શું આવ્યું ? (૧) કૂણાશ, (૨) વિશાળતા અને (૩) વિવેક. એ મેળવવા ઘણા કઠીન છે. આત્મીયતાનો ભાવ નહિ કેળવીએ ત્યાંસુધી પ્રમોદભાવ નહિ જાગે. સિંહ ને વાઘ કેવા કહેવાય ? ભયંકર અને ઘાતકી. પણ છતાં પોતાનાં બચ્ચાં એની પાસે કેટલાં ગેલથી રમતાં હોય છે ! જો વાઘ-સિંહ ક્રૂર છે તો બચ્ચાને કેમ ભરખી જતા નથી ? માને છે કે "મારાં બચ્ચાં છે !" **જીવને જ્યાં મારાપણાનો ખ્યાલ નથી ત્યાં જ ક્રૂરતા કરે છે.** શીખવા મલે છે કે માત્ર સગાઈના સંબંધથી જે સંબંધમાં આવેલા હોય તેના પર મારાપણું કરતાં તો વાઘ-વરૂને પણ આવડે છે. તે સિવાય પર એને મારાપણું કરતાં નથી આવડતું. જ્યારે તને અહીં એવું સ્થાન મળ્યું છે કે જ્યાં પોતાપણાનો અભ્યાસ કરી શકે. માનવનો અવતાર એવો છે કે દુશ્મન પર પણ "આ મારો બંધુ છે !" એ ભાવ કેળવી શકાય માનવતાની શોભા તેમાં છે ! 'દુશ્મન પણ મારો મિત્ર !' 'દુન્યવી સગા તો છે જ, પણ સંબંધથી ન જોડાયેલા હોય તે પણ મારા સગા છે !' આવી આત્મીયતાની ભાવના રાખનારા પોતાના પાડોશીઓને એટલા વહાલા બને છે કે કદાચ તે રોગ વગેરેમાં ફસાય તો આખો મહોલ્લો દોડાદોડી કરી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

મૂકે ! બજારમાંથી ઝોળી ભરીને આવ્યો. ઘરની બાજુમાં પડોશીનાં છોકરાં રમતાં હતાં, તો "તે પણ મારાં જ છોકરાં છે ! લ્યો છોકરાંઓ ખાઓ તમે પણ !" એમ એમને પણ આપે છે. તો આ આપીને તે શું કરે છે ? વૈરીને પણ વશ કરે છે. લોકપ્રિય બને છે ! લોકના હૃદયના હાર્દિક આશીર્વાદ મેળવે છે; અને કદાચ જો આશીર્વાદોનું જોર વધી જાય તો વિઘ્નો પણ નાશ પામી જાય છે. આ એક ભાવના જોઈએ કે જે વાત પશુના જીવનમાં મળવી મુશ્કેલ હતી, કૂતરાના ભવમાં સગા ભાઈ પર દ્વેષ હતો, તે આજે હવે માનવભવે આત્મીયતાના ભાવને કેળવું તો કોઈ મને તકલીફ કે દુઃખ નથી !

**હૃદયનો પલટો :** ખેદની ખરી વસ્તુ એ છે કે પૈસા માટે જે ધગશ હોય છે, એવી ગુણને સિદ્ધ કરવાની ધગશ નથી. એ બિચારો જોઈ શકતો નથી કે આત્મીયતાની ભાવનામાં શું ચમત્કાર છે ! દુશ્મનને પણ આજે નહિ તો કાલે મિત્ર બનાવ્યા વિના રહે નહિ. ગુણસેનની પૂંઠે ખાઈ-પીને મંડેલો જે અગ્નિશર્મા, એક-બે ભવ નહિ, નવ નવ ભવ સુધી, એને પણ અંતે નવમા ભવમાં સમરાદિત્ય મહર્ષિની મૈત્રીભાવનાએ વૈર ભૂલાવી કૂણો કર્યો ! આત્મીયતાની ભાવના પર વાતાવરણ પલટાય છે. પહેલાં તો પેલાએ મહર્ષિને ગાભા વિંટ્યા, તેના પર તેલ છાંટ્યું, અને અગ્નિ સળગાવી ! એ વખતે પણ આ સમરાદિત્ય મહર્ષિ અનુપમ ભાવનામાં રમે છે. **"આહા ! મારો કોઈ બન્ધુ લાગે છે ! ઊંધે રસ્તે ચાલી રહ્યો છે બિચારો !"** એટલે એને લાત મારવાની તો વાત નહિ પણ રાતી આંખ કરતા નથી ! બલ્કે નયનમાંથી કરૂણાનું અમૃત વહી રહ્યું હતું. એમાં ક્ષેત્રદેવતા આવ્યો ને અગ્નિ બુઝાવી નાખી. અહીંયાં તો મહાત્મા શુભધ્યાનમાં ચઢ્યા કે સીધા જ કેવળજ્ઞાને જઈ બેઠા. પેલાએ પણ પલટો માર્યો ! "અરે, આ તો કોઈ મહાપુરુષ લાગે છે !" એના પર રાજાના પ્રશ્નમાં કેવળજ્ઞાનીએ કહ્યું કે તે મોક્ષે જવાનો. અલબત્ત નવ નવ ભવ સુધી સ્વાત્માની જ બરબાદી કરી છે એટલે અનંતસંસાર રખડવું પડશે; પણ છતાં મુક્તિ થશે. શાના પર ? હૃદયના પલટા પર. હૃદયમાં જાગેલા આકર્ષણ પર. કહો જો, આ જગતમાં તમે બીજી સારી વાતો બહુ કરી શકવાના ? મહાસંયમ પાળી શકવાના ? તપસ્યામાં ભગવાન મહાવીરદેવની જેમ વગર નિદ્રાએ અને ઘોર ત્રાસ-કદર્થનાની સાથે તપ કરી શકવાના ? દાનમાં વસ્તુપાળ-તેજપાળનાં દાન દઈ શકવાના ? ત્યાગમાં પુણિયાની તોલે આવવાના ? શીલ વિજય ને વિજયા શેઠાણીની જેમ પાળવાના ? કાંઈ દેખાતું નથી; પણ માત્ર આ વાત દેખાય છે કે દુશ્મન પ્રત્યે પણ મિત્રતાનો ભાવ રાખી શકીએ. એમાં જરાયે ખોટ નથી આવવાની.



**વૈરભાવ :**

જીવનમાં ત્રણ વાતો કિંમતી ગણાય છે; સમય, કાયા અને કંચન ! ત્રણેમાંથી એકને પણ, આત્મીયતાની ભાવના કરવા જતાં, ઘસારો લાગતો નથી. શત્રુ પ્રત્યે હૃદયમાં દ્વેષભાવ નહિ, વિચારવાનું એ છે કે જીવ પોતે ઉત્તમ છે, માત્ર કર્મ ભૂલાવે છે, માટે દયા અને પ્રેમભાવ રાખવા દો. જેના પાસે મનુષ્યનું ખોળિયું નથી. ચારિત્ર લેવાનો ભવ નથી, અને લૌકિક દૃષ્ટિએ ક્રૂર દેખાય છે, તેવા પ્રાણીઓ પણ જ્યારે પ્રભુના સમોવસરણમાં આવે છે ત્યારે દુશ્મનને દુશ્મન તરીકે નથી દેખતા. કહો કે આત્મીયતાનો ભાવ કેળવે છે. સમવસરણમાં એક પ્રભુની કાયાના સંનિધાન માત્રથી જંગલીમાં જંગલી પ્રાણીઓના હૃદયમાં પોતાના શિકાર પ્રત્યે પણ પોતાનું સંબંધીપણું દેખાય છે તો પ્રભુશાસનથી નિકટ બનેલા તમે, શિકારી પશુ પ્રત્યે તો નહિ પણ જાતિ-ભાઈ પ્રત્યે પણ આત્મીયતા નહિ ? પ્રભુ નજીકમાં છે; એટલે પુણ્યપરમાણું પથરાયેલા છે. પછી સિંહ ને હરણીયું સાથે જ બેસે. એક બીજા પ્રત્યે દાંતિયા તો નહિ જ, પણ હોંકારો કે ચુંકારો પણ નહિ. શાથી આ ? સિંહને નવતત્ત્વનું જ્ઞાન થયું હશે ? કદાચ જ્ઞાન થયું હોય તો દેશના સાંભળ્યા પછી થાય, પણ આ તો સમોવસરણમાં આવે ત્યારથી આત્મીયતા ! સિંહ સંજ્ઞી છે કે અસંજ્ઞી ? સંજ્ઞી છે છતાં વૈરભાવ નથી ! સમજે છે કે આ હરણિયું છે. છતાં સ્થાન માત્રથી પ્રભુની નીકટતા, સિંહ જેવા પાસે આત્મીયતા કરાવે. તો પછી શાસનથી નિકટ કરાયેલા એવા પ્રભુ આપણામાં સિંહ જેટલી પણ વિશેષતા ન લાવી આપે ? 'પ્રભુ નિકટ છે જ્યાં સુધી, ત્યાં સુધી મારે જિંદગીમાં વૈરભાવ કરવાનાં પચ્ચખ્ખાણ !' દ્રવ્યથી પ્રભુની નિકટતા જંગલી, હિંસક અને ક્રૂર પશુને શહેરી, દયાળુ અને અહિંસક બનાવી દે ! તેવી આત્મીયતા દેખાય ! તો પછી આપણે આત્મીયતાનો ભાવ કેળવવામાં કેમ પાછા પડીએ છીએ ? **"હું જો વૈર કરું તો પછી સિંહ પણ મને લજવી જાય ! માટે સર્વ જીવો મારા બંધુ, સગા અને મિત્ર છે !**

**જડના વિકાસમાં જીવનો વિનાશ :**

**"જીવનું જગતમાં કોઈ પણ નથી બગાડતું; ફક્ત કર્મ જ બગાડે છે. તેથી ગુસ્સો કર્મ પર કરવાને બદલે બીજાના પર કાં કરું ? જેના પર ગુસ્સો કરવા જેવો નથી એવા જગતના પ્રાણીઓ પર હું શા માટે ગુસ્સો કરું ? જો કરીશ તો કર્મનો ગુસ્સો મારા પર વધી જવાનો ! તો પછી કર્મનો ગુસ્સો વધારવાની જરૂર નથી. કર્મને તો ઠંડા કરી નાખવાનાં છે. જે બન્યું છે તે મને મારા કર્મના યોગે; અને એને એના કર્મના યોગે. એમાં એનું બિચારાનું ભવિષ્યમાં શું થશે !"** આવો આત્મીયતાનો

ભાવ માનવભવમાં જ કરી શકાશે; ને એ ભાવ ભવાંતરમાં એવી સ્થિતિ આપશે કે સહેજે સહેજે સંગમ પર કરુણાના આંસુ વહેવડાવવા સહેલાં બની જાય. "કદાચ આંસુ ન પાડી શકું છતાં દિલમાં પ્રેમભાવ તો રાખું જ ! મારે ગમે તેટલું બગડે પણ એનું ન બગડો ! મને દુઃખ મારા કર્મે આવવાનું જ, પણ એને ન આવો." આવા પ્રકારની હૈયાની વિશાળતા થાય તો પછી બીજા ગુણો આવવા સહેલા છે.

**ઔચિત્ય ભંગના નુકસાન :** જડનું મૂલ્યાંકન ઘટાડીએ તો ઔચિત્યનું પાલન આવે. તે આપણામાં નથી એટલે ઉચિતતાને ભૂલી જઈએ છીએ. બે જણા એક સાથે વ્યાખ્યાન સભામાં પેઠા; પણ બેસવાની એક જ જગા છે. બે જણા સાથે છે. તેમાં એક વિચારે કે "ચાલો, આ જગા ઠીક છે." પણ બીજાનું શું ? "એને મૂકો પડતો !" આ ભૂલ્યો ! જડનું મૂલ્ય મામુલી છે; પણ આત્મા ખોટ મહાન કરી રહ્યો છે. જગા ભલે એકની છે, પણ ઉભડક પગે બંને બેસી શકત. તો લાવ એને પણ બેસાડી દઉં ! જો આ બેસાડે તો મહાન સાધર્મિભક્તિનો લાભ મેળવે. **કેવળ પૈસાથી જ સાધર્મિભક્તિ થાય છે એવું નથી. ધર્મ કરવાની અનુકૂળતા કરી આપવાથી પણ ભક્તિ થાય છે.** સામાના મનમાં શું થાય ? "માણસ રીયલ છે ! સજ્જન છે ! જગા મેળવી આપવાની ઓળખાણ એની હતી છતાં આપણને બેસાડી દીધા." પ્રેમભાવ ઉત્પન્ન થયો પછી સામાના દિલમાં કચવાટ રહે નહિ; અને લાભ કેટલા બધા ? ત્યારે પ્રેમભાવ ન કર્યો તો નુકસાન કેટલાં ? 'મારે તો પલોઠો પહોળો કરીને જ બેસવું જોઈએ.' આ એક અનુકૂળતા માટે પ્રેમભાવ ગુમાવે છે. પાછી પલોંઠી એમને એમ રહેવાની નથી. થોડીવારમાં અકડાઈ જવાનો, એટલે પગ ઊંચો કરવાનો જ છે. છતાં મામુલી સગવડ ખાતર ઔચિત્ય ભૂલ્યો. સાધર્મિભક્તિ ભૂલ્યો. પેલાના દિલમાં કુભાવ ઉત્પન્ન કર્યો. કેટલા ગેરલાભ છે ? "શું ધર્મીમાણસો બધા આવા હશે ? આવા એકલ-પેટા હશે ? જાણે ઉપાસરો આખો એમના બાપનો...પેટભરા ! બસ, બસ, એવા લોકોની ધર્મક્રિયામાં અંજાઈ જવા જેવું નહિ." અવસર આવે આવો બફારો કાઢ્યા વિના રહે જ નહિ. ધર્મ પર દુર્ભાવવાળો થાય, અને નિંદા કરતો થઈ જાય. કેટલાં નુકસાન છે, માપ કાઢશો ? અને ઔચિત્યનું પાલન કરવામાં લાભ કેટલો છે ? તે પાલન કરવું કંઈ મોઘું નથી. જરાક જડની કિંમત ઓછી આંકવી જોઈએ. **જડના વિકાસમાં જીવના વિનાશનું દર્શન કરતાં આવડવું જોઈએ.** 'જેટલા પ્રમાણમાં જડની અનુકૂળતા ઇચ્છું છું તેટલા જ પ્રમાણમાં મારા જીવનો, જીવની સુખ-શાંતિનો વિનાશ થવાનો છે. 'ખાવા થાળ મોટો ભરેલો જોઈએ; સવા પલંગ પથારો સુંદર સુંવાળો જોઈએ વગેરે જેટલી સગવડ સન્માનભરી જડની વિકાસની ઇચ્છા છે, તેટલી વિનાશની અવસ્થા નક્કી



સમજી રાખો.

**જડનો વિકાસ આત્માનો ઘાતક છે :** આ સગવડ-સન્માનની લંપટતા ઊભી કરી, એ જીવની સામે લૌકિક દુશ્મન ઊભો કરાયો. કોણ કરાવે છે ? જડના વધુ વિકાસની અભિલાષા. આ વાત સમજતા થઈ જઈએ કે જડ પ્રત્યે નફરત થાય. ચાહે રેશમી કપડું આપો, કે સુતરાઉ એની બહુ કિંમત જ નથી. એની કિંમત કરી કરીને તો મર્યો છું, તેથી જ વિકાસથી વંચિત રહ્યો છું. માટે બહુ જડની કિંમત જ કરવી ન જોઈએ. **આ જડને જેટલું બહુ ખીલવીએ તેટલો આત્મા વધુ કરમાયે જાય.** પદ્મ અને પોયણું ! સૂર્યની ખીલવટ જેમ થતી જાય, તેમ પોયણું કરમાય; અને ચન્દ્રની વૃદ્ધિમાં પદ્મને કરમાવાનું. **જડને વધુ ખીલવીએ, એટલે આત્માની અનાસક્ત સાત્ત્વિક દશા કરમાય;** એ થાય એટલે કર્મને વધુ ખીલવવાનું થાય. જો જડના જ વિકાસમાં ને વિકાસમાં ચક્રવર્તી મરે તો નરક સિવાય બીજી ગતિ નહિ; અને એ વિકાસને સંયમ-જીવનથી સંકોચી લેતાં આવડે તો સ્વર્ગ કે મોક્ષ નક્કી. ભરત મહારાજાને બહારથી બધો જડનો વિકાસ હતો. છતાં **આરિસાભુવનમાં જડનો સંકોચ થયો કે આત્માની ખીલવટ થઈ. કહો** જો તમને જડનો વિકાસ તમારા જીવનો ઘાતક લાગે છે ? ખોટું કહેવામાં દમ નથી; પણ ઘાતક છે તે ખરી વાત. જડના વિકાસ જીવને ઘાણીમાં પીસી નાખનારા છે ! દાવાનળમાં સળગાવી નાખનારા છે ! પણ તે પહેલાં પીસાનારા અને સળગી જનારા ભરત ચક્રવર્તીએ એટલું તો નક્કી કર્યું હતું કે જડનો વિકાસ ઘાતક છે !

**"હું વડેરો છું !" તો મારું ઔચિત્ય શું ?**

ધર્મબુદ્ધિ ધરનાર માત્રને એ લાગ્યું છે કે જડનો વિકાસ ઘાતક છે. માત્ર ફરક એટલો છે કે અમે (સાધુઓએ) તેનાથી દોટ મૂકીને ભાગી નીકળ્યા છીએ, અને તમે ગૃહસ્થ શ્રાવકો દોટ મૂકવાની તૈયારીમાં છો ! ખરી વાત ને ? દા.ત. કોઈ કહે, "આગ લાગી." પણ માની ક્યારે શકાય ? આગમાં બેઠેલો બંદીવાન હોય તે પણ બેડીને તોડવાની તાલાવેલી અને તૈયારીમાં હોય.

પણ તે કહે કે "બેડી પગમાં છે ને...કેવી રીતે ભઈસા'બ નીકળું ?"

"અલ્યા, પણ સળગી મરીશ !"

"તે ભલે, પણ..."

જેને લાગ્યું **કે આ જડના સરંજામની ફોજ એ મારા આત્માને સળગાવી નાખનારી ફોજ છે,** તો શું કરે એ ? એટલે વાત એ છે કે જડના તરફ જીવનું વલણ કેવું છે ? "આ જડ મારા આત્માનું ઘોર ઘાતક છે એટલે એને જેટલું ઓછું ચઢાવ્યું તેટલું સારું, અને ઓછું ફટવ્યું તેટલું લાભમાં છે. ઔચિત્યનું પાલન ક્યારે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

થાય ? જ્યારે જડને ફટાવાની લગની ઓછી થાય ત્યારે. ઔચિત્યનું પાલન ફક્ત ઘરમાં પણ થાય, તો પણ ઘર સ્વર્ગ જેવું બની જાય ! સ્વર્ગીય આનંદનો ભોક્તા બને ! સમજી લેવું જોઈએ કે "હું વડીલ છું તો મારે દસ માણસને સંભાળવાના છે. એટલે ? ઘરમાં રાખેલા આ માનવ ઢોરોને માત્ર દાણોપાણી નીરવાનાં છે તેટલું જ નહિ, પણ તેમને ધર્મ કરાવી દિવ્ય માનવ બનાવવાના છે." સવારે ઉઠીને આઠ વાગ્યાના બોરીવલીથી ટ્રેનમાં બેસો ત્યારે હજુ છોકરાં તો ઊંઘતા હોય અને રાત્રે આઠ વાગે પહોંચો ત્યારે છોકરાં પથારીમાં જંપી ગયાં હોય ! પછી શું કરવાનું ? વાસનાની સંસારની વાતો કરવાનો અવસર ! આત્માની વાતો, માનવતાની વાતો અને સાચી મિત્રતાની વાતોના વાંધા કેમ છે ? જીવન એવાં ઘડી કાઢ્યાં કે સાંજ પડ્યે ઘરના માણસોને દાણોપાણી નીરાયા ને, તેટલું જ જોવાનું. તો સમજો કે આ જૈન તો શું પણ આર્યમાનવી તરીકેનીય સંભાળ નથી. **"હું મારા કુટુંબના માણસોના હિતાહિતનો જવાબદાર છું. માટે મારે એ જોવું જોઈએ કે મારું સ્થાન કયું છે ? વડેરાનું ? તો મારા આશ્રીતોને હિતના માર્ગે દોરવા જ જોઈએ.** વાત્સલ્યભાવથી ધર્મમાર્ગે રાખવા જોઈએ." વડેરા તરીકેનું ઔચિત્ય એ છે કે ગંભીર અને ઠરેલ બનવાનું. સામો આકળો થાય પણ આપણે ઠંડા પાણીના માટલા જેવા રહેવાનું. કદી ખરાબ વાતો કે ખરાબ ભાવ બહાર ન નીકળે. શું ગંભીરતા એટલે ? વાત-વાતના ધજાગરા ન બંધાય. વહીવંચાનો ધંધો ન મંડાય. કેસરીયાજીમાં પંડ્યાઓ હોય છે ને ? તેમનો શું ધંધો ? તેવું ન કરાય. જે ગંભીર છે તે તો ભાન રાખે કે "હું વડેરો છું !" અને બીજું જેની ભૂલ થઈ છે તેના પ્રત્યે પણ ખરાબ ભાવ નહિ કરવાનો. નદીઓ વડેરી નહિ પણ સમુદ્ર વડેરો છે. નદીઓ ઉછળતી ઉછળતી આવે, પણ આ તો વડેરો, તે જાણે કહે છે, "આવો સમાઈ જાઓ !" મોટા જહાજના જહાજ પ્રવાસમાં પડે છતાં ગંભીર ! આવો ગંભીર જો કુટુંબનો વડેરો બને, તો કુટુંબીઓનો પ્રેમ કેટલો મેળવે ? એમને થાય, "આપણા વડીલ કેવા કોમળ છે ! ગુસ્સે જ થતા નથી ! વાત બધી જાણે છે છતાં બોલતા પણ નથી !" આનું પરિણામ શું આવે ? એના દિલમાં જાગેલો પ્રેમ સેવા કરવા વધુ તાલાવેલી જગાડે. પડતો બોલ ઝીલાવે. જગતમાં ગમે તેવાં પ્રલોભનો મલે છતાં કહે, "અમને તો આ આજ્ઞા છે અમારા વડેરાની, બીજું ન જ કરીએ." આમ ગંભીર બનવું સસ્તું છે, ને લાભની દૃષ્ટિ એ અપંરપાર હિતકારી છે. સસ્તુ શાથી ? એ માટે કે જડની અનુકૂળતા ઓછી મલે, તો પણ ચલાવી લેવાની તૈયારી આવે છે. માત્ર હું પદ કાઢી નાખવાનું છે. હું પદ ધરાવવાની કોઈ જરૂર નથી કે "હું એટલે ઘરનું પોષણ કરનારો. હું એટલે વડેરો" ના, આ બધા નાના છે,



આશ્રિત છે, તેમની આ ભૂલ ખમી લેવાની. **સજ્જનતાની સુગંધ વ્યાપેલી હોય છે તે તો દુશ્મનની ગંભીર ભૂલોને પણ સહી લે.** કુમારપાલનો સાળો. કુમારપાલના સૈન્યને ફોડી નાખનારો બન્યો, એટલે યુદ્ધભૂમિ પર કુમારપાલે આજ્ઞા કરી સૈન્યને કે "ઉઠાવો શસ્ત્રો," પણ સૈન્ય તો ઊભું જ રહ્યું. એટલે કુમારપાલ ચોંક્યા. પોતે હાથી પર છે, પાસે ફક્ત મહાવત છે.

તેને પૂછ્યું કે "આમ કેમ ?"

એટલે મહાવત કહે છે કે "મને લાગે છે કે આ બધું સૈન્ય ફૂટેલું છે. માત્ર હું આપનો છું અને આ હાથી આપનો છે."

"તો લગાવ હાથીને આગળ."

હાથી તો અંકુશના ઈશારા પર કૂદ્યો; પણ સામેથી સિંહનાદ આવ્યો કે હાથી પાછો પડ્યો ! મહાવત વિચારે છે કે કંઈ ચિંતા નહિ. તેનો ઉપાય કરી લઉં છું. અને એને હાથીના કાનમાં ખેસના ડુચા ઘાલી દીધા. હાથી ડબલ જોસથી કુદ્યો ! કુમારપાલે દુશ્મનને કેશથી પકડ્યો; અને હાથીના હોદ્દા પરથી પછાડ્યો. આવો ભયંકર દુશ્મન હતો છતાં જ્યારે પેલાએ માફી માગી એટલે ખલાસ ! ઉદાર દિલે જતો કર્યો. એટલું જ નહિ પણ વધારામાં સૈન્ય કે સેનાપતિ સામે અણગમાથી જોવાની કે ટોણો મારવાની વાત નહિ. એટલી ઉદારતા અને ગંભીરતા ! ક્યારેય યાદ સરખું કરવાની વાત નહિ. આપણે સજ્જન છીએ એટલે દુર્જનની વહી વાંચવા માટે ઠેકેદાર ને ?

સજ્જન છોને તમે ? ઉત્તમ જીવનની શું ખુમારી છે કે **અમારા જીવન નાદાનોની હલકી વાતોના ઉકરડા ભરવા માટે નથી.**

**ભવસમુદ્રને કેમ તરાય ? :** પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્ર સૂરિશ્વરજી મહારાજે ભવસાગરથી તરવા માટેના અદ્‌ભુત ઉપાયને બતાવનારા યોગદૃષ્ટિ સમુચ્ચય નામના શાસ્ત્રની રચના કરી.

**પ્ર.**- ભવસાગરને તરવાની સાથે યોગદૃષ્ટિનો શો સંબંધ ?

ઉ.- એનો ઉત્તર સરળ છે. **યોગની સાધના સિવાય ભયંકર એવા ભવસમુદ્રને ઓળંગી શકાય નહિ; અને તે યોગની સાધના આત્માની અંદર દૃષ્ટિનો વિકાસ થયા વિના સફળતાને પામે નહિ.** તે વિકાસ કેમ સાધવો એનું આબેહુબ ચિત્ર આ શાસ્ત્ર બતાવે છે. એટલે આ શાસ્ત્ર દ્વારા મળેલો પ્રકાશ ને તેનાથી વિકસાવેલી દૃષ્ટિ યોગ-સાધનાને સફળ કરાવી આત્માને પાર ઉતારે, એ તદ્દન સીધી વાત છે.

**લિસ્ટમાં એક જ મુદ્દો નથી :** ભવસાગરથી પાર ઉતારવાનું કાર્ય ઘણું જ મોટું છે; ઘણી જ જવાબદારી માગે છે; પણ એ કાર્યને કર્યા વિના લેશમાત્ર ચાલે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એમ નથી. શું એવું તો નથી ને કે દુનિયાના મામુલી કાર્યોથી માંડી મોટામાં મોટાં કાર્યો કર્યા વિના ન ચાલે, બાકી ભવસાગરથી પાર ઉતારવાનું કાર્ય ન કરીએ તો ચાલે ? આવું તો નથી ને ? સવારથી જાગ્યો જીવડો અનેક યોજનાઓમાં પડે છે ! નહાવાનું, આ પીવાનું, છાપું વાંચવાનું આના વિના ન ચાલે. સ્નેહીને મળ્યા વિના નહિ ચાલે. આજે ઓફિસ...સત્તરસો વલોપાત છે ! ફક્ત એમાં લિસ્ટમાં એ આઈટમ નથી કે "મારે ભવસાગર તર્યા વિના નહિ ચાલે !!" આ અતિ ઉત્તમ માનવના અવતારમાં પુરુષાર્થ કર્યા વિના નહિ જ ચાલે; એવું પામરની નોંધમાં તો ન હોય; પણ જૈનપણાનો ઠેકો રાખનારા આપણામાં એ ન હોય તો શું સમજવું ? 'અમે ધર્મી છીએ ! અમે જૈન છીએ !' કહેવું છે, પણ ભવસાગરની ભયંકરતા નથી દેખાતી; તેથી તરવાની તાલાવેલી નથી. તો પછી કહો કે "અમને જૈન તરીકે ઓળખો નહિ; અમને ભવની ભયંકરતા નથી દેખાતી. અમને તો લીલા લહેર છે." પણ એ તો પાલવતું નથી કે અમને કોઈ અધર્મી કહે ! કોઈ નાસ્તિક કહે તો સાંખી લેવા તૈયાર નથી. તો પછી કેમ વિચારતા નથી કે શું ખરેખર ભવ ભયંકર નથી ? શું એ બનાવનાર શાસ્ત્રોએ ગજબ ઉપકાર નથી કર્યો ? એની કિંમત જો લેખાઈ હોય તો વિચારત **કે હું જૈન ન હોત, ને શ્રીમંત હોત; ધર્મી ન હોત, ને સત્તાધીશ હોત; આસ્તિક ન હોત ને વટ-આબરૂવાળો હોત; તો હું ભારે હીણભાગી ને અક્કરમી હોત ! પણ એ બધું નથી, ને હું ધર્મી, જૈન, ને આસ્તિક છું તો મહાન ભાગ્યશાળી છું !** આ જાતની ભાગ્યશાળીપણાની ખુમારી આત્મામાં એક અજબ પરિણતિ ઘડે છે ! જગત પર મગરૂબ થઈ ફેરવે છે ! દીનહિન થઈને ફરવાની જરૂર નહિ ! મનને જરાયે ઓછું લગાડવાની જરૂર નહિ, **"હું આસ્તિક છું તો આખીયે સમૃદ્ધિ-સગવડ મારી પાસે છે. કેમકે એમાં ભવસાગરથી તરવાના ઉપાયોને અવકાશ છે, અવસર છે ! તેમ એ પણ વસ્તુ છે કે** આસ્તિકતામાં આત્મા સર્વોચ્ચ કિંમતવાળો લાગ્યો છે; તો એમાં ફાસફુસીયા મૂલ્યવાળી વસ્તુ તો સમાઈ જ ગઈ છે. કોહિનૂર હીરાવાળા પાસે કદાચ બીજો ફરનીચર ગાડી-ઘોડા વગેરેનો સરંજામ ન હોય તો પણ તે કોહિનૂરમાં સમાઈ ગયો જ ગણાય. આમ, આત્મસત્ત્વ ખીલે છે કે હું આસ્તિક છું તો સમસ્ત સમૃદ્ધિ-સગવડ મારી પાસે છે. માત્ર ખોટ છે તો તે ભયંકર ભવના બંધન કાપવાની.

**પ્ર.**- ભવ ભયંકર શાથી ?

**ઉ.**- દેખીતો સંસાર જ પોતાની ભયંકરતા રજૂ કરે છે. જુઓને ગઈ કાલના રાજાઓ પદભ્રષ્ટ થઈ ગયા ! ગઈ કાલના આબરૂદાર ને સત્તાધીશો ગુલામ થઈ ગયા ! જે સંસાર આવું દેખાડે છે, તેને ભયંકર માનવો કે કેવો માનવો ? ભયંકર



તો છે જ; પણ વાત એ છે કે એનો વિચાર કરવાની ફૂરસદ નથી ! એ ભયંકર છતાં તત્કાળ ભયંકર નથી દેખાતો એટલે બહુ વિચાર કરવાની જરૂર નથી લાગતી. મનને થાય છે કે ખાવાનું-પીવાનું કામ અટકતું નથી. તો પછી એને વિચારવાની શી જરૂર છે ? આ જાતની બેપરવાઈ સંસારની પેલી દોઢસો કલમોમાં આ એક કલમ નથી લાવવા દેતી. **રોજિંદા જીવનમાં એવી એક કે અનેક કલમ ખાસ જોઈએ કે જે ભવસાગરથી તરવા માટે પ્રબળ જાગ્રતિ અને પુરુષાર્થને પ્રેરે. દા.ત.**

"આજે મારી તબિયત નરમ છે, તેથી અનાજ નહિ ચાલે. આની સાથે એક મુદ્દો એ પણ લખે કે મારા આત્માની તબિયત વધુ નરમ છે, તેથી ખાંડ વિગઈ નહિ ચાલે; અને અરિહંતનો ૧૦ હજાર જાપ કરવો જોઈશે." જેને પ્રબળ પુરુષાર્થ જોઈએ છે તેને આવી બે પાંચ કલમો જોઈએ જ !

"આજે તહેવાર છે તો મહેમાન નોતર્યા વિના નહિ ચાલે; તેમ એ સાથે નક્કી કે આજે રૂપિયો ખર્ચી પ્રભુપૂજા અગર સ્નાત્ર ભણાવ્યા વિના નહિ જ ચાલે."

જુલ્મ છે કે **કુટિલ કાયાની ગુલામીમાં મન અને ધનની બધી શક્તિઓ સમર્પિત ! અને પરિણામે પાછું મીંડુ ! ત્યારે જો આત્માની કાળજી કરાય તો જે ભવોભવ સુખ દેખાડે તેના માટે તન-મન-ધનની શક્તિનો શો ઉપયોગ ?** સંસારમાં રખડપટ્ટી ચાલુ રાખવી હોય, કર્મની અનંતકાળની કેદમાં કેદી તરીકે પૂરાયા રહેવું હોય તેણે આત્માની ચિંતા કરવાની જરૂર નહિ. જુઓ તો ખરા કે **કેદી વર્ષ-બે વર્ષ કે ભવ-બે ભવનો નહિ, અનંતાનંત કાળનો કેદી !! જીવે જે કાયાના સંપર્કમાં આવીને પોતાના જ આત્માને અનંતવાર નરક નિગોદ સુધીનાં દુઃખમાં સબડાવ્યો, તે આત્માની દયા વિચારવા આજ સુધી અવસર કાઢ્યો નહિ,** તેવા એ આત્માની વીતરાગના શાસને ઓળખ કરાવી કે **"તેંજ તારી જાતને પારકાની વેઠમાં દુઃખી કર્યો છે; માટે હવે તારી પોતાની દયા ખાવાની જરૂર છે, જો તારા આત્માની તું દયા નહિ ખાય તો જગતમાં કોઈ બીજો દયા ખાનાર નથી."** કેવી સુંદર ઓળખ જિનશાસને કરાવી આપી ! ધન્ય શાસન ! ધન્ય શાસન નાયક શ્રી જિનેન્દ્ર ભગવાન ! મરીચિ પોતે જ પોતાના આત્માની કાળજી ભૂલ્યો, કાયા અને અહંત્વની ચિંતામાં જાતે જ પડ્યો તો ગબડ્યો. તમે તમારા આત્માની દયા નહિ ખાઓ, આત્માની ચિંતા નહિ કરો તો આ ભવ અટવીમાં ખોવાઈ ગયા સમજો !

**પ્ર.**- તો શું સદ્‌ગુરુ દયા નહિ ખાય ?

**ઉ.**- તારી દયા વિના એમની દયા ખાધેલી કાંઈ કામ નહિ આવે. તું તૈયાર નથી તો પેલા રંચમાત્ર કશું જ કરી શકે એમ નથી. મુનિ મેઘકુમારને પડતા

અટકાવ્યા ખરા પ્રભુએ, પણ મેઘકુમાર પોતાની દયા ખાવા તૈયાર હતા તો. જમાલી-મરીચિને ભગવાને અટકાવ્યા નહિ, કેમકે એ પોતાની દયા ખાવા તૈયાર નહોતા. એટલે **જો આપણે આપણી દયા ખાવા તૈયાર નથી તો દેવ, ગુરુને ધર્મની દયા કોઈ કારગત નહિ નીવડે.**

**મોહની મોહિની એટલે આશ્રવની જાળ :** કાયાની વાતમાં આવ્યું કે 'મારે દૂધ વિના નહિ ચાલે,' તો આત્માની વાતમાં 'મારા આત્માએ બીજા ટેસ કરવા નહિ પાલવે.'

'મારે આજે પાંચ પંદર રૂપિયાનો ખર્ચો કર્યા વિના નહિ ચાલે,' તો 'પ્રભુભક્તિમાંય મારે આટલો ખર્ચો ઉપાડ્યા વિના નહિ ચાલે.'

'મારી તબિયત નરમ છે તો છ કલાક આરામ કર્યા વિના નહિ ચાલે,' તો 'મારો આત્મા વધુ નરમ છે તેથી જેમ કાયાને બજારમાં નહિ મોકલું તેમ આત્માને દુર્ધ્યાન-દુષ્પ્રવૃત્તિ આદિ આશ્રવોમાં નહિ મોકલું. આમેય કાયા બજારમાં નહિ જાય તો સુઈ જવાની છે તો સુતાં સુતાં મારે પાપના વિચાર નહિ કરવાના; સાથે બ્રહ્મચર્ય પાળવાનું. કુદરતી સૂવાનું મળ્યું છે તો કમમાં કમ એટલું તો કેમ ન કરું કે "મારે સંસારના આરંભ-સમારંભાદિની ભાવનાઓ નહિ ભાવવાની." **"અહો જગતમાં મોહરાજાએ પાપસ્થાનરૂપી આશ્રવની મોહિની કેવી પાથરી છે, સુતેલાને સખણો ન રાખે, ને ચાલતાને દોડાદોડ કરાવે છે.** જંપ ભિખારીને નહિ, ને રાજાને પણ નહિ ! બુદ્ધિમાનને નહિ ને મુરખને પણ નહિ ! એવી મોહિની પાથરી છે કે **પંચેન્દ્રિય વગેરેની તો કાનપટ્ટી પકડે, પણ એકેન્દ્રિયનેય લોથમાં સુવાડી રાખે.** વ્યક્ત કે અવ્યક્ત મિથ્યાત્વ-અવસ્થા. તૃષ્ણા મમતા માયા, ક્રોધાદિ કષાયો, પાપત્યાગની પ્રતિજ્ઞાનો અભાવ, આહારગ્રહણ, શ્વાસગ્રહણ, હલનચલન, ભાષણ મનન વગેરે પ્રવૃત્તિઓ એ બધા આશ્રવ છે, આત્મામાં કર્મનું આશ્રવણ કરનારા, કર્મનું વહેણ કરાવનારા કર્મબંધન કરાવનારા છે. મોહ ગયા પછી પણ શુભ-પ્રવૃત્તિની જે જીવન પર્યંત અસ્તિતા રહે છે, તે ય કર્મનું આશ્રવણ તો કરે જ છે.

**આશ્રવની ઈમારત : સંસારનું તંત્ર અનાદિથી અવિચ્છિન્નપણે ચાલતું હોય તો આ આશ્રવની યોજનાઓ પર !** ભિખારી ચપ્પણીયા પર આશ્રવની ઈમારત ચણે છે અને ચક્રવર્તી છ ખંડ પર ચણે છે ! મમ્મણ વિચારે છે, 'મુડી કરોડોની છે, હવે રત્નનો બળદ પૂરો થયો છે, પણ એક શિંગડું બાકી છે ! રત્નનો બળદ એવો કે શ્રેણિકને હાથ જોડાવે, "બાપુ માફ કર, રાજ્યનો આખો ભંડાર આપું તો પણ એ શિંગડું પૂરું ન થાય." કેવાં એ રતન હશે ? ડાહ્યાને દિવાનો બનાવે એવા ! એના પર કયા આશ્રવની ઈમારત ? મૂર્ચ્છાને મમતાનો આશ્રવ ! "બસ,



શિંગડું પૂરું થાય કે બેડા પાર ! આખો સુખનો સાગર મારે ત્યાં આવી ગયો." એ માટે લાકડાં લેવા પોતડીભેર પડ્યો નદીના પૂરમાં ! આશ્રવની ઈમારત રચતો હતો **'મારો રત્નનો બળદિયો !'** એમાં વળી સાંભળે કે 'અમુક બજારમાં મફતનો માલ લૂંટાઈ ગયો...અરેરે ! કેવો હું મૂર્ખ કે ઊંઘતા પડ્યો રહ્યો ?' આ શોક એ પણ આશ્રવ છે. મમ્મણને શોક સદા ચાલુ. **આશ્રવની ઈમારત કરોડોના રત્નો પર રચી શકાય તેમ ભાંગેલા માટીના ઠીકરા પર પણ રચી શકાય.** ત્યાં જ રાજગૃહીના દ્રમકે રચીને ? "હમણાં દોડીને ઠીકરું ભરી લાવું છું. શાનું ? એંઠા-જૂઠા થોડા ભોજનનું ! અહીં ગયો...ત્યાં ગયો...પણ બધે નન્નો ! પાપના ઉદયે સામું કોઈ જોતું નથી !" રાજગૃહીના નગરવાસીઓ ઉજાણીએ બહાર નીકળેલા. ત્યાં તો ખાવાની છૂટ હોય. પણ ત્યાંય આ દ્રમકને લાભાંતરાયના ઉદયે થોડું એઠું મળવું પણ ભારે પડી ગયું !... હવે ? આશ્રવની ઈમારત ઊંચી ચણી ! મનના પાપે ચઢ્યો, "આટલું ઠીકરું ભરી ન આપે ? પાપી છે, બતાવી આપું છું બધાને...આ વૈભારગિરિ પર ચઢી શીલાને નીચે પાડી બધાને કચરી નાખીશ." આ આશ્રવની જાળમાં ફસાનાર અબજોપતિ જ નહિ, પણ ભિખારીય ફસાય ! દુબળો જ નહિ, તગડંબાજ પણ ફસાય ! અટેલે "મારા આત્માને કુદરતી સુવાનો પ્રસંગ આવ્યે છે તો **લાવ, આ આશ્રવની ભાવનાને પડતી મૂકું; ને સંવરની ભાવનાને પકડું. નાદાન જીવ, આશ્રવની હજી લપ ક્યાં સુધી રાખીશ ? ક્યાં સુધી આશ્રવની વેઠ કરીશ ? પરમાત્માએ ઉત્તમ સંવરનો માર્ગ કહ્યો છે તેના સામે દૃષ્ટિ નહિ કરે અને આંખમીંચામણા કરીશ તો પછી આના તરફ દૃષ્ટિ કરવા આવી આંખ નહિ મલે.** આજે હું કલ્પાંત કરું કે 'હું જો જાત બજારમાં તો પાંચ પચાસ રૂપિયા મલત. પણ ખરું જોતાં આવા વલોપાતથી, ખોટી ધાંધલથી રૂપિયા પાછા ચાલીને આવે એમ નથી" આ બધું કોને વિચારવાનું ? સવારથી સાંજ સુધીનાં કાર્યોમાં જેમ પેલી આઈટમો છે કે ખાધા વિના, પીધા વિના નહિ ચાલે; એમ મારે ભવસાગર તર્યા વિના નહિ ચાલે. માટે જ એના જોગો પ્રબળ પુરુષાર્થ કર્યા વિના નહિ ચાલે. સંવરની ભાવના વિના નહિ ચાલે. પ્રભુભક્તિ, ને દુઃખી પર અત્યંત દયા કર્યા વિના નહિ ચાલે. આ "નહિ ચાલે" આવે તો એ કયી ગેરંટી આપે છે ? આત્મા ચરમાવર્તમાં આવી ગયો તેની ! ભાવકચરો નાશ કરી નાખ્યો તેની ! પછી યોગબીજનો સંગ્રહ કરવાની લાયકાત આવી !

**યોગબીજ સંગ્રહ એટલે શું ? આત્માને યોગદૃષ્ટિમાં ચઢાવવા માટે અજબ જોમ. એ સંગ્રહમાં પરમેષ્ઠિનું ચિંતન, સદ્ગુરુનું સેવન-સમાગમ, સંસાર પ્રત્યે અરુચિ, જીવનને અનેક પ્રકારની પ્રતિજ્ઞાથી વણી લેવાનું અને શાસ્ત્રની ઉપાસના આવે.**

શાનો સંગ્રહ કર્યો તેણે એના પ્રતિપક્ષી સંસાર બીજોને ઉખેડી નાખ્યા. મેલા મનને દૂર ફગાવી દીધું. પછી જો કે હજી ઊંચા યોગ સ્થાને પહોંચવાની વાર છે, છતાં એવું સુંદર ગૃહસ્થ જીવન સરજાશે કે જે બીજાના ઉપર પણ પ્રકાશ પાડશે; જૈનધર્મની વાહવાહ કરાવશે; સુંદર જીવનમાં ધર્મનો પક્ષપાત, સુકૃતોથી ભરી દિનચર્યા, ઉત્તમ પરમેષ્ઠિધ્યાન તથા અસાર લક્ષ્મીથી પરોપકાર આવું બધું મઘમઘશે. એથી પ્રતિપક્ષી દોષો દૂર નાસી જવાના. ધર્મપક્ષપાત એટલે પાપપક્ષપાત ગયો. સુકૃત સેવન એટલે દુષ્કૃત સત્તા ગઈ. પરોપકાર એટલે સ્વાર્થાંધતા ફગાવી દીધી ! **પરમપવિત્રનું ચિંતન એટલે મનમાં અપવિત્રતા ટકી શકે નહિ. હું એટલે પરમાત્માના ચિંતનરૂપી તંબોલ ખાનારો. તે અપવિત્રતારૂપી કોલસા શી રીતે ખાઈ શકું ? જે મોંઢે સરબત પીધાં તે મોંઢે ગટરનાં પાણી કેમ પીવાય ?**

**પાંચ વાતો :**

ચરમાવર્તમાં આવ્યો, ભાવમળ કપાયો એટલે આ પાંચ દિવ્ય વાતો બને છે.

(૧) **ભવનું મેલું મન તેને દૂર કાઢે છે. બીજું,**

(૨) **કાયાની કુટિલતાને દૂર કરે છે.**

(૩) **વિષયોમાં ગાઢ આસકિતને કાઢી નાખે છે.**

(૪) **આત્માની સ્વચ્છન્દતાને દૂર ફગાવે છે.**

(૫) **લોકસંજ્ઞાનો નાશ કરે છે.**

આ પાંચ વાતો ક્યારે બને ? ચરમાવર્તમાં આવી ભાવમળને કાપનારો બને ત્યારે. તે બન્યો છે કે નહિ તેની ખાતરી શું ? એનાં ત્રણ લક્ષણ બતાવ્યાં. પહેલું દુઃખી પર અત્યંત દયા; બીજું ગુણવાન પર પ્રેમભાવ; ને ત્રીજું સર્વત્ર ઔચિત્યનું સેવન.

**શક્તિનો ઉપયોગ :**

જગત અને મારો આત્મા અનંતા કર્મથી પીડાઈ રહ્યા છીએ તે વખતે મારા પુણ્યે મને બીજા જીવો કરતાં શક્તિઓ વિશેષ આપી છે, તો તેનો ઉપયોગ શું ? એ કે પીડાથી પીડાતાને તેમાંથી બચાવામાં કરવો જોઈએ. **સમજી રાખો કે આવ્યું છે તે જવા માટે, મળ્યું છે તે મૂકવા માટે. જીવનની શાબાશી છે તે મૃત્યુની નાલેશીમાં પરિણમવા માટે. જે જગતની વાતો જવાની હોય, નાલેશી આપનારી હોય તેનાં મૂલ્ય આંકી સ્વાર્થને પોષવાનું અને દયાને અવગણવાનું કામ આર્ય કેમ જ કરે ?** આજે તો જીવોની દયા, સાધર્મિની ભક્તિ, જૈન તત્ત્વોના પુસ્તકોનો બહોળો પ્રચાર, અરિહંતની ભક્તિ, સાધુ મહાત્માઓની સેવા શુશ્રૂષા વગેરે સુંદર ધર્મસ્થાનો સામે ઊભા છે. એમાં તન-મન-ધનની શક્તિઓ ખરચવાને બદલે



તિજોરીમાં ગોંધી કેમ રખાય ? હા, જો એમ થયું કે "પણ ના ના, શક્તિ સાચવીશું તો ભવિષ્યમાં કામ લાગશે;" તો ?

**એ શક્તિઓ તને કામ નહિ લાગે, પણ એ શક્તિઓથી પોષેલા પાપ તેનાથી તું બીજાને કામ લાગી જવાનો. મસ્તાન અને** ગુલતાન રહેનારા જીવો ક્યાં પહોંચ્યા ? કર્મના ન્યાયમાં. કયો ન્યાય ? ન્યાય એ કે તને વિષય બહુ ગમે છે, એટલે તને વિષય બનાવું. દેવો જો વાવડીઓ જોઈ અંધ બની ખીલે છે તો કર્મ કહે છે. 'જાઓ તમે જ વાવડીના પાણી તરીકે જન્મો. તમને બીજા ભોગવે.' **વિષય જેને બહુ ગમે તે જગતના બીજા જીવો માટે વિષયરૂપ થઈ જાય.** "પુણ્યે અહીં અનુકૂળતા આપી તો હમણાં ભોગવો કે સાચવી રાખો પછી કામ લાગશે; આવી ગણતરીઓ કરનાર ખુદ બીજાને કામે લાગી જાય છે. **આર્યભૂમિમાં જન્મ્યા પછી મારાં અહોભાગ્ય ક્યાંથી કે મારી સર્વ શક્તિઓ બીજાના કામમાં આવી જાય ! આર્યદેશની પ્રજાની વિશેષતા આર્યસંસ્કૃતિની પ્રણાલિકા અવિચ્છિન્ન રાખવાની છે; અને સંતાનને સાચા વારસા પણ એના જ આપવાના છે.** પશુની વિશેષતા જુદી. પોતાના સંતાનને પોતાના જેવો કરી જાય. **"દીકરાને માત્ર પૈસાનો વારસો આપતો જાઉં છું પણ ધર્મનો વારસો આપી શકતો નથી તો પૈસાનો આપેલો વારસો નાશ પામશે ને હજારો વર્ષોથી ચાલ્યો આવતો ધર્મનો વારસો અહીં જ હું પૂરો કરીશ ને પાપનો હક્કદાર બનીશ."** આ વિચાર આવે છે ?

**દયાને બદલે દંભ :** સંતાનના દેખતાં ધર્મની પ્રવૃત્તિ કોઈવાર કરવી પડશે; અને એની મહત્તા સમજાવવી પડશે; પણ એના બદલે દંભ નહિ કરાય. દા.ત. ધારો કે આંગણે કોઈ દુઃખી આવ્યો, કહે છે, 'દુઃખી છું,' પણ તમારે દયા નથી કરવી; ત્યારે એ કહે છે કે "શેઠ બહુ દુઃખી છું જરૂર કાંક દયાની કાર્યવાહી કરવા જેવી છે." પણ આને દયા નથી કરવી તો શું કહો ? દિલમાં કઠોરતા છે એટલે લાંબુ બોલવું ન પડે, ને ટૂંકેથી જ કામ પતે તો ઠીક વાત, એટલે જો કહો, "ક્યાંથી હાલી નીકળ્યા છો ? ભીખ માગી જાણો છે કે બીજું કાંઈ છે ? તગડાબાજ તો છો ?" તો સંતાન પર શી છાપ પડે ? તો પછી નિયમ બાંધો કે તગડાબાજને ભીખ માગવાની જરૂર નહિ ! ખરું જોતાં એવું નથી. પેલો કહે છે, "તગડાબાજ તો કાયાથી છીએ, પણ પુણ્ય દુબળું પડી ગયું છે, પેટ પોકાર કરે છે માટે આવ્યા છીએ," આ ગમે તે કહે પણ જેને દયા જોઈતી નથી એ કહેશે કે 'જાઓ સેન્ટ્રલ સ્ટેશન પર હેલપાટી કરો." એક દયા નહિ એ માનવને કેવો હેવાન ને દાનવ બનાવે ? કેવાં કટુવચન કઢાવે ? એક કઠોરતાના યોગે દયાના ક્ષેત્રમાંથી નીચો પડી જાય. પહેલું લક્ષણ આ જોઈએ, **દિલની કોમળતા.** જે આત્માઓ કસાઈનું કામ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

લઈને બેઠા છે તે તો તેમનું કામ ચાલુ જ રાખવાના છે. આપણે બચાવ કરીએ તો અટકવાનું નથી છતાં પણ આપણા દિલની કોમળતાથી જે પાંચ પચીસને અભયદાન આપીશું, એની દુઆથી અહીં અને પરભવે સદ્ગતિમાં સુખશાંતિ મળે. આ પરંપરા ચલાવે તો ઠેઠ મુક્તિ સુધી જાય. પંચેન્દ્રિય જીવ પર દયા કરવી એમાં એક વિશેષતા છે. પંચેન્દ્રિયની હિંસામાં જેમ નરકનાં પાપ તેમ દયામાં અજબ કોટિનું પુણ્ય બંધાય છે. એને છોડાવીએ કે શું થાય ? જે પેલી છરી નીચે એ મરાયો હોત તો તેના પરિણામે દુર્ધ્યાનમાં ચઢી નરકની તૈયારી કરત, પણ છોડાવ્યાથી એને, "આહા ! મારા પર દયા કરી !" તો મારે પણ ક્રૂરતા ન કરવી જોઈએ. જે દયાની પાછળ કલ્યાણની પરંપરા ચાલે છે એની પાછળ જીવનમાં એનું સ્થાન કેટલું ને કેવું જોઈએ ?

**કોમળ હૈયું અને મળેલ જિનશાસન તથા પુણ્ય શક્તિઓના ઊંચા મૂલ્યાંકન; એ આત્માને ખૂબ પ્રેરક બને છે; ને આત્મામાં ભગીરથ પુરુષાર્થનો વીર્યોલ્લાસ જગાવે છે ! સાથે ધર્મના મૌલિક ગુણો** તરીકે ન્યાય સંપન્નતા, પરોપકાર, નિંદાત્યાગ, સૌમ્યતા, વગેરે માર્ગાનુસારી ભૂમિકાના ગુણો આત્મસાત્ કરી આપે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૪૬,તા.૨૫-૮-૧૯૫૬

## (૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

### • ઈર્ષ્યાની આગ •

અનંત ઉપકારી ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ ભવસાગરથી તરવા ઈચ્છનાર પ્રાણીને યોગસાધનાનો એક જ ઉપાય કહે છે; ને એવી એ યોગસાધનાને અલ્પકાળમાં અમલી અને ફલવતી બનાવવા માટે યોગદૃષ્ટિના વિકાસની જરૂર છે. એમ કહે છે. એ વિકાસ યોગબીજોના સંગ્રહ પર નિર્ભર છે. એટલે પહેલો પ્રયત્ન યોગબીજ સંગ્રહનો કરવાનો છે. આ સંગ્રહ પર આત્મા ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવી ભવ્ય કોટિની યોગસાધના કરવા સમર્થ બની શકે, એ વાત થઈ ગઈ છે કે યોગબીજનો સંગ્રહ કરવાનું કામ ચરમાવર્તમાં જ બને. તે પણ જ્યારે ભાવમળનો ઘણો નાશ થાય ત્યારે. ઉગ્રકોટિની રાગદ્વેષની પરિણતિ એ ભાવમળ. એવા એ ઉગ્ર કે **એવા રાગદ્વેષ પર કદી થાક નથી, પશ્ચાત્તાપ નથી, કદી નફરત નથી !** એ નથી એટલે કોઈના પર દયા શાની સૂઝે ? ગુણી પર ઈર્ષ્યા કેમ ન થાય ? અહીં ગુણી એટલે ? જગતની દૃષ્ટિએ ધનવાન, માનપાનવાળો તે



ગુણી, એમ અધ્યાત્મ દૃષ્ટિએ દર્શન, જ્ઞાન અને ચારિત્રવાળો, તે ગુણવાન. તેવા ગુણવાન પર મત્સરભાવ ન જોઈએ.

**મત્સરભાવ :** એટલે કે ઈર્ષ્યામાં એવું બને છે કે એ ઈર્ષ્યાનો અગ્નિ પછીથી મોંઢામાંથી કેવીય નિંદાની જ્વાળા બહાર કઢાવે છે ! એ જ્વાળાની આગ ઠેઠ પેલા અધિક સુખી કે અધિક ગુણી પાસે પહોંચે છે; અને એનામાં એ દુર્ધ્યાનની-અશુભ ચિંતનની ધુંઆડી પેદા કરે છે. એથી મહાકર્મબંધન વધે છે. ત્યારે **સજ્જન તો એવી સાવધાનીવાળો હોય કે "હું બીજાના દુર્ધ્યાનનું નિમિત્ત ન બની જાઉં. કેમકે એક બાજુ એને એનાથી ભયાનક કર્મબંધ થાય અને બીજી બાજુ કદાચ શલ્યની ગાંઠ બંધાઈ જાય.** તેથી આમ હૈયાથી એના પ્રત્યે હું મૈત્રીભાવ રાખું, છતાં એની બિચારાની દુર્ગતિ થાય." કોણ આ વિચારે ? વિશાલ ભાવદયાને વિચારનારો; ગુણગાન પર છલકતો પ્રેમભાવ ધરનારો. 'હું બીજાને ઊંચી કોટિનું સંવેગ-વિરાગનું દાન તો નથી કરી શકતો, ધર્મશ્રેણિએ તો નથી ચઢાવી શકતો, પણ એટલું તો કરાવી શકું કે મારું નિમિત્ત પમાડી એને દુર્ધ્યાનમાં તો ન ઘસડું ! અનંતકર્મના ભાર નીચે દબાયેલા જીવો એટલા બધા દયાને પાત્ર છે, એટલી બધી લાગણીથી જોવા જેવા છે કે એને અધિક કર્મબંધનું હું કારણ ન થાઉં.' પછી બાપ દીકરાને મિલકતનો વારસો આપીને જાય તે જાતે તો વોસિરે વોસિરે કરીને જાય ! પણ દીકરાનેય સમજાવીને વારસો આપે. "જો ભાઈ, મારા બાપાજીએ મને આપ્યું હતું તે મેં રાખ્યું ખરું, છતાં રાખવા જેવું નહોતું. **આપણને મળેલો અવતાર ચિંતામણી રત્ન સમાન છે, તે વિષયરૂપી બકરીની ડોકે બાંધવા જેવો નહિ પણ જગતના મુકુટ સમાન પ્રભુના શાસનમાં જડી દેવા માટે !"** આ માનવ જન્મ એ કોહિનૂર રત્ન છે તમારી પાસે પણ શા માટે છે ? ગમાર ભરવાડ જેવા થઈ એને વિષયરૂપી બકરીની ડોકે બાંધવા માટે નહિ, પણ ઝવેરી જેવા થઈ સમ્રાટ એવા પ્રભુના શાસનમાં મઢી દેવા માટે ! જૈન શાસન એ નવપદમય છે. એમાં ક્યાંક આપણું જીવન ગોઠવી દેવાનું. આ તો મેં ગુમાવ્યું પણ તને કહું છું કે તું ગુમાવીશ નહિ. તો તારે પાપસ્થાનકની હોળી નહિ કરવી પડે. બાકી આ જિનશાસનમાંથી ખૂબ ખૂબ દર્શનજ્ઞાન અને ચારિત્રની આરાધના કરજે. શા માટે તને આ વારસો આપું છું તે ખબર છે ? નવો કર્મનો ભાર ન વધારવા; અને જૂનાં કર્મનો ભાર જેનાથી ઘટે તેની સાધના કરવા માટે. જો આ વારસો તને ન આપું તો તારે અસમાધિ રહે અને કમાવાની ઘણી ભાંજગડ કરવી પડે. પણ એ ન કરવી પડે માટે આ આપું છું." આ રીતે સમજાવીને આપવામાં આવે તો તેને કર્મનિર્જરામાં સહાય આપી કહેવાય. આ માટે ખાસ વિવેક જાગેલો જોઈએ ! એટલે ભાવદયાનો ખપી વિચારે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કે બીજાને વૈરાગ્ય અને પ્રશમનાં પાન તો નથી કરાવતો, પણ કમમાં કમ લાવ, દુર્ધ્યાનનું નિમિત્ત તો બીજાને ન આપું ! આપું તો સમાધિ. અમીનાં પાન આપું, અસમાધિરૂપી ઝેરનાં પાન નહિ. દુર્ધ્યાનમાં એ ચઢે નહિ અને કષાયમાં એ ફસાય નહિ; માટે મારે ખામોશ રાખવી જોઈએ; ને દિલ ઉદાર તથા પ્રેમાળ બનાવવું જોઈએ. એ અવસર જતો કરીને પછી કોઈ યોગ્ય અવસરે એને બોલાવીને કહેવું.

**કોઈના પર હક-દાવો ન રખાય :** અવસર પામીને હિતસલાહ દેવા છતાં જો એ માનવા તૈયાર નથી તો એનું પુણ્ય એને સોંપી દેવું. ત્રણ જગતના નાથે એ દાવો રાખ્યો નથી તો આપણે શા માટે રાખવો ? દાવો કે અધિકાર રખાય ? સાયણાં-વાયણાં એટલે કે હિતનું સ્મરણ અને અહિતમાંથી નિવારણ કરાવવા મહેનત કરવાની. પણ પરિણામ ન આવે તો આપણે બિલકુલ સ્વસ્થ રહેવાનું. કેમકે **બીજા જીવોની કર્મ પરિણતિ પર કોઈ આપણો અધિકાર દાવો નથી.** નહિતર જગતના તારણહાર પ્રભુએ જમાલિને પડતો કેમ ન બચાવ્યો ? દાવો ન રાખ્યો પ્રભુએ. પ્રભુમાં સામર્થ્ય કેટલું હતું ? અસંખ્ય ઈન્દ્રો હતા. એક આજ્ઞા કરે કે "જાઓ, આ જમાલીને સીધોદોર કરી નાખો..." તો શું થાત ? ત્યારે પૂછો કે તો શું પ્રભુની જોખમદારી નહિ ? હા, ખરી, પણ યોગ્ય રીતે તે જોખમદારી બજાવી લીધી. સંસારમાંથી એને બહાર કાઢ્યો; સ્થવિરોને સોંપ્યો, કેળવણી અપાવી. હવે એને ગરજ હોય તો હિતોપદેશ મલે પણ જો એને જોઈતો જ નથી તો કંઈ નહિ ! મેઘકુમાર માટે જોયું કે સાંભળે એવો છે તો કહ્યું. આપણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ ચારેય જોવાં પડે. જે ફરજ હોય તે તે રીતે બજાવી લેવાની. જો એનું હિત નથી થતું તો એનું વધુ અહિત ન થાય તેમજ આપણું અહિત ન થાય તે જોવાનું.

**ગુણનું સર્ટિફિકેટ :**

ગુણવાન પર પ્રેમભાવ જોઈએ. દિલમાં આનંદ જોઈએ. આ કેવી ખુબી છે કે લઈ જવા છે ઠેઠ ચારિત્રના મહાયોગની સાધના સુધી. એના માટે દૃષ્ટિનો વિકાસ એવો કરાવવો છે કે જેમાં આત્મા ધર્મને જ સાર સમજનારો હોય, સંસારને ભયંકર જ લેખનારો હોય. જીવો પર અત્યંત દયાવાળો હોય અને ગુણવાન પર ઈર્ષ્યા વિનાનો હોય આ વસ્તુ અહીં પાયામાં છે. જ્ઞાનીની શોધ વાસ્તવિક છે. કેમકે શાસનની દૃષ્ટિએ માત્ર બહારની ક્રિયાઓથી સર્ટિફિકેટ આપી શકાય નહિ. ચાર કલાક પૂજા કરે છે, આંગીમાં દસ રૂપિયા ખરચી જાય છે, પણ એથી કઈ હૃદયના ધર્મી તરીકે સર્ટિફિકેટ અપાય નહિ. બહારથી વ્રત લેવાનો દેખાવ કરે, શ્રાવકપણાની કરણી બજાવે, આ બહારની કરણી પરથી કહેવાય કે માત્ર વ્યવહારથી તે પાંચમે ગુણઠાણે પહોંચ્યો. હવે સાધુ બન્યો તેથી કહેવાય કે વ્યવહારે તેને છઠ્ઠું



ફરસ્યું. બાવીસ પરિસહ સહન કરે, ગોચરી નિર્દોષ વાપરે, દસ પ્રકારની સાધુ સમાચારી આદરે, આ બધું વ્યવહાર છે. ત્યારે નિશ્ચય શું ? પોતાના ગુણોમાં ઠરે ત્યારે નિશ્ચયથી તે સ્થિતિ પ્રાપ્ત કરી કહેવાય. દેશવિરતિપણું તે પાંચમાનો ગુણ છે. હવે તે પાંચમે નિશ્ચયથી પહોંચ્યો તેનો આધાર શાના પર ? ચોખ્ખો હિસાબ છે કે અપ્રત્યાખ્યાનીય કષાયનો નિરોધ કરનારો હોય. અનંતાનુબંધી કષાયનું તો મુદ્દામ નામ નહિ; તો નિશ્ચયથી ચોથે ગણાય. અપ્રત્યાખ્યાન કષાયને રોક્યો ને ક્ષાયોપક્ષમિક ભાવને પેદા કર્યો કે તેને પાંચમું ગુણઠાણું મળ્યું. એવી જ રીતે છટ્ઠે ગુણઠાણે પહોંચવા માટે પ્રત્યાખ્યાનાવરણ કષાય રોક્યા, હવે ક્ષાયોપક્ષમિક ભાવ થયો માટે તેને હવે કષાયોની પીડા નથી. માત્ર છેલ્લા સંજ્વલનના આછા કષાયો રહ્યા. તે છઠ્ઠું ગુણઠાણું. કષાયો છે તેથી વીતરાગતા નથી; પણ પતલા કષાયો છે તેથી સર્વવિરતિપણું છે. સઘળો વ્યવહાર નિશ્ચયની પ્રાપ્તિ માટે છે.

**વ્યવહારની જરૂર :**

એ વાત એટલી જ સાચી છે **કે બહારની ક્રિયા વિના અંદરના ભાવના સર્ટિફિકેટ પહોંચવું મુશ્કેલ છે.** એક માણસ આખો દિવસ તલવાર બાજી ખેલે છે, તો એને દયાના પરિણામ રહેવા મુશ્કેલ છે ! વેશ્યાઓનાં ચિત્રો જોયા કરતો હોય ત્યાં અંતરમાં બ્રહ્મચર્યનાં પરિણામ રહેવા મુશ્કેલ ! એટલે બાહ્યક્રિયાઓ પર સર્ટિફિકેટ આપી ન શકાય. પણ તે છતાં મેળવી શકાય એમ છે. **જો બહારની શુભ ક્રિયાઓ છોડી દો અને જગતની ક્રિયાઓ પકડો, તો પરિણામ જે સારું જોઈએ છે, તેનું સ્વપ્નું પણ નહિ આવે.** એ હિસાબ કોણ કાઢી આપે ? કેટલી કષાયની આગ બુઝી એ કાઢી આપે. તો તેની માત્રા ઘટાડવાની કેવી રીતે ? સ્થિર રીતે ક્ષણવાર કષાયને રોકીએ તેથી ન કહેવાય કે હું ગુણ પામ્યો ! એમ તો સંયોગવશાત્ દેખાય કે મેં કષાયો રોક્યા, ઘરમાં પેઠા ને અરીસો ફૂટેલો દીઠો; જોતાં જ ગુસ્સો આવ્યો. પણ નોકરે કહ્યું : "બાબાએ અરિસો ફોડ્યો હતો." હવે આને બાબા પર તો પ્રેમ છે. તેથી "શું બાબાએ ફોડ્યો ? કંઈ નહિ !" શું આ ક્રોધ રોક્યો કહેવાય ? ના, એ તો મોહના રૂપે પલટાઈ ગયો. એવા બનાવટી રીતે દમેલા કષાયો દેખાય તે ગુણની પ્રાપ્તિ નથી, પણ કષાયોને એના ભયાનક રૂપે સમજીને દબાવવામાં આવે, ને તે આત્મા પર કબજો ન મેળવી શકે, ત્યારે કહેવાય કે મેં કષાયને દબાવ્યો.

**બીનજરૂરી પાપોથી અવશ્ય બચો :**

બીજા બિનજરૂરી કષાયોને તો બીલકુલ ન જ થવા દેવા. બીનજરૂરી એટલે શું ? બે માણસો લડે છે, આપણે એમની સાથે કઈ નિસ્બત નથી કે કેમ લડે છે ? ત્યાં જો જોવા ઊભા એમાં પેલાએ બીજાને ઠોંસો લગાવ્યો કે અહીં **કષાયે**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**આપણને લગાવ્યો !** છાપામાં વાંચ્યું કે કોરિયામાં સામ્યવાદીઓએ તોફાન જગાવ્યું પછી શું થાય ? કષાયોએ આપણા હૈયામાં તોફાન મચાવ્યું ! એમાં જો તમારો ઝોક સામ્યવાદી પર છે. તો શું થાય ? "આ ઠીક કર્યું...એ લાગનું જ..." આ બધી કષાયની તદ્દન બીનજરૂરી વાતો છે. 'મારા જીવનને જરૂરી ન હોય તેવા કષાયો મારે ન કરવા,' તો આ વાત આવે કે જગતમાં ગુણવાન હોય તેના પર ઈર્ષ્યાભાવ ન કરવો. મારે સમજવું જોઈએ કે પાડોશી પાસે અધિક પુણ્યાઈ છે તો એ ભલે ભોગવે. જો આ ન સાચવ્યું તો તદ્દન બીનજરૂરી વાતોમાં પણ કષાય પીડવાનો ! તો પછી જરૂરી કષાયમાંથી શી રીતે છૂટવાનું ? જે પાપ કર્યા વિના કોઈ કામ અટકતું નથી એવાં પાપથી તો અવશ્ય બચવું જ જોઈએ. જો તે ન બચ્યું તો મારે તો મોક્ષ સુધી પહોંચવું છે; એમાં તો જરૂરી પણ પાપોમાંથી પણ બહાર નીકળવું પડશે. તો ક્યારે એ બનશે ? જગતે માન્યું કે "ખાવા-પીવા માટે પૈસા જોઈએ. પૈસા માટે બજારે જવું જોઈએ !" ત્યારે ખરી રીતે ઊંચુ જીવન તો એનું નામ કે જ્યાં બજારે જવાનું ન હોય ને પૈસા ન હોય. જગતે જરૂરી માનેલાં પાપો જેવાં કે જીવનમાં સગવડો નભાવવી, વગેરે પણ અમારે તો એવા મોક્ષે જવું છે કે જે જીવન પાપ વિનાનું છે ! **જ્ઞાનીઓએ તો એ સાધુ જીવન બતાવ્યું છે કે જ્યાં જરૂરી મનાતાં પાપ પણ ન કરવાં પડે.** આ આદર્શે ક્યારે પહોંચાય ? બીનજરૂરી પાપોને તો જીવનમાંથી તિલાંજલિ અપાય. એટલુંય ન થાય તો પછી મોક્ષની નજીક થવાની વાત ક્યાં ઊભી રહે ? માટે બીનજરૂરી પાપમાં ગુણવાન પર દ્વેષ-ઈર્ષ્યા કરવાનું પાપ, કોઈનું સારું જોઈને જાત માટે સંતાપ કર્યા કરવાનું પાપ, એ ટાળવા માટે અને ગુણવાન પર પ્રેમ કરવા સારું ખાસ ઉદ્યમ કરવો જોઈએ.

**માનવભવ શા માટે :**

**આવા ગુણ જીવનમાં આવે કે હૃદય વિશાળ બની જાય. હૃદયમાં ઘણાનું ઘણું સમાય.** કુદરતી રીતે જેના પ્રત્યે પ્રેમભાવ હોય છે તેના તરફથી સુખનો જ અનુભવ હોય. ઘરમાં માએ રસોઈ તૈયાર કરી. દીકરો બહાર રમી રહ્યો છે. માએ બોલાવીને જમવા બેસાડ્યો. દીકરાને મન શું છે ? 'જમીને જલદી રમવા ભાગી જાઉં ! રસોઈ ઉમદા છે. પણ આ દીકરાને રસોઈનો આનંદ જેટલો નથી તેટલો મા એને વહાલથી જે જમાડે છે તેનો આનંદ છે ! પછી ભલે માએ સુકો રોટલો ખવરાવ્યો હોય. ત્યારે મા બહારથી આવેલો લાડવો કાઢીને દીકરાને આપે, પોતે સુકો રોટલો ખાય, અને લાડુનો ભોગવટો દીકરો કરે, ત્યાં આનંદ કોને વધારે ? માતાને કે દીકરાને ? કહો, માતાને ! જરૂર પડ્યે એમાં દીકરા કરતાં માતાનું લોહી વધી જાય ! આ પરથી પ્રેમ રાખનાર ક્યાં સુધી પહોંચે છે એ વિચારો. આનંદ-



સમૃદ્ધિવાળો જે ભોગવી શકે તેવો આ ભોગવી શકે - જેના પર પ્રેમભાવ જાગ્રત હોય હૃદયમાં, તેના વિષે કોઈ ભળતી વાત કરો તો તે સાંભળે નહિ. એ તો ભલે ને એમ ધારે કે 'હું કદાચ આંધળિયા કરતો હોઈશ તોય જ્યાં સુધી પ્રેમભાવ રાખું છું ત્યાં સુધી કંઈ વાંધો નથી.' તમને શું લાગે છે. મનુષ્યભવ શું બીજાના દોષો જોવા માટે છે કે ગુણો જોવા માટે છે ? ધ્યાન રાખો, કોઈના દોષ જોવાની જરૂર નથી. **દોષ તરફ દૃષ્ટિ નાખી કે દોષ થયા વિના રહે નહિ.** ત્યારે અહીં પૂછો કે,

**પ્ર.-** સર્વજ્ઞ પ્રભુનું જ્ઞાન તો જીવોના દોષ દેખે છે ને ?

**ઉ.-** પણ ઉતાવળા થતા મા. સર્વજ્ઞ પ્રભુ જે કાંઈ દેખે છે તે વીતરાગભાવે દેખે છે એ ભૂલશો નહિ. એ તો માત્ર શુદ્ધજ્ઞાતા-દ્રષ્ટા છે. આપણું એ ગજું છે ? ના, આપણે તો સામાના દોષ જોતાં લ્હેવાઈ જઈએ છીએ. દિલમાં સામા પર દયા, વાત્સલ્યને બદલે ક્ષુદ્રતા અને દ્વેષ જન્મે છે. પછી એમાં સામાના છતા ગુણો પણ નગણ્ય લાગે છે. અર્થાત્ દોષને જ મહત્ત્વના માની એ દોષવાળા ઉપર દ્વેષ, અરુચિભાવ ને જુગુપ્સા ઊભી થાય છે. માટે જ દોષ ન જોવા એજ સારું છે.

**ઈર્ષ્યાથી મન ભારે :**

આપણે વિચારવાનું કે **"હું સામા પર પ્રેમભાવ રાખું તો એમાં મને કંઈ શારીરિક-માનસિક-આર્થિક દૃષ્ટિએ ભારે નથી પડવાનું.** તો શા માટે નાહક ઈર્ષ્યામાં બળવાની જરૂર ?" ઊલટું ઈર્ષ્યાથી મન ભારે રહે છે. **જો ઈર્ષ્યા** નથી એટલે એની પાછળ કુથલી કરવાની જરૂર નહિ. નહિતર ઈર્ષાળુ માણસના કલાકો એમાં જ જવાના ! પછી એ આજુબાજુના સંયોગો બગાડશે. એ સંયોગો વળી એને વધારે બગાડશે. સદ્ગુરુના ઉપદેશથી કૂણા પડેલા સ્વાત્માના પરિણામોનો નાશ કરશે. એક ઈર્ષ્યા ઊભી થઈ કે મન લોચા વાળે છે, "શું સામ્રાજ્ય એમનું જ ચાલે છે ?...કેવોક ઘમંડ આવી ગયો છે !! પણ હું કંઈ ભોટબોટ નથી ! એટલે હવે એને નીચે પાડવો જોઈએ." સામામાં અછતા દોષ કલ્પી એને હેઠો પાડવા મથે છે. આ થયું કે પછી તેના ઉપયોગમાં પડે છે. ઈર્ષ્યાની આગ જે સળગી એ કાંઈ દસ વીસ મિનિટમાં ન પતે ! બસો મિનિટ ઓછી પડે ! સવારથી ઈર્ષ્યા થાય કે સાંજ સુધી દ્વેષ રહે ! જંપવા ન દે ! અમૂલ્ય સમય બગાડે ! સંયોગો બગાડે ! પછી સારું કુળ ભૂલાય. અરે ! ધર્મસ્થાનને ભૂલાવી દે ! મંદિરમાં ગયા પણ ઈર્ષ્યાની આગ છે એટલે ત્યાં પણ જો ઈર્ષ્યાનું પાત્ર મલી ગયું તો માનસિક યુદ્ધ શરૂ થાય ! રાંકડાને ઉત્તમ વીતરાગદેવનું સાનિધ્ય મળ્યું છતાં એવા ઉત્તમ સંયોગને બગાડી નાખે છે. બહાર નીકળ્યા, ને સાધર્મી મળ્યો. એ સંયોગ સારો છે; આત્મ-વિચારણા થઈ શકે. ધર્મચર્ચાનો અવસર છે. વીતરાગની ને એમની વાણીની સ્તુતિ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કરવાનો સંયોગ છે; પણ હાય, અંદરનો ઈર્ષ્યાભાવ !

પેલા સાધર્મી કહે કે "કેમ વ્યાખ્યાનમાં જઈ આવ્યા ?"

"અરે યાર મૂકોને એ વ્યાખ્યાનની વાત...બધું ઠીક છે...જુઓને દુનિયામાં હૈયા હોળી કેટલી છે ! આ પેલો..." જૈનકુળમાં આવવાથી સ્વાત્માના માંડ કૂણા પડેલા પરિણામ, એને પણ ઈર્ષ્યા કઠોર બનાવે છે. પછી એલફેલ વિચારો કરાવે છે. એમાં વળી વિષને વધારનારા મલે કે બળતામાં ઘી હોમાય ! આગના ભડકા નીકળે ! "હું તો અમુકને આટલો જ માનતો હતો, પણ શું એ આવો બદમાશ છે ? હવે તો એને ઉખેડી જ નાખવો જોઈએ." આ શું થયું ? સાંભળનારા અને એ પેલાને જઈને કહે તો એ સામાનાય પરિણામ બગાડી નાખ્યા !! કોઈ આત્મા પાસે પુણ્યના યોગે સારી શક્તિ-સામગ્રી છે, તેને જો સહન ન કરીએ ને દ્વેષ જાગે, તો બીનજરૂરી કોઈ પાપોમાં ઉતરી જઈએ. પછી એ સાધુનેય ભૂલાવે. હવે વિચારો કે ઊંચી કોટિના નિશ્ચયદષ્ટિના ચારિત્રના ગુણસ્થાનકને સ્પર્શવું કેટલું મોંઘું છે ? ભૂલશો નહિ, **આ અનાદિના કુટિલ પરિણામ છે "આખું જગત મારાથી નીચું રહે, ને હું ઊંચો રહું ! મોટો થાઉં !"** આવા પરિણામ થયા કરે છે. આ આજની આદત નથી; જુગજૂની છે ! હાલતાં ને ચાલતાં આની કસોટી થવાની. કોઈને કોઈ આપણા મનની સામે આવ્યા કરશે. પણ આપણને ઈર્ષ્યાભાવ ન થવો જોઈએ; એ આ 'ગુણવાન પર અદ્વેષ'ની વસ્તુ છે, તો ભાવમલનો હાસ વાસ્તવિક થયો ગણાય; ને તો જ ઓઘ સંસાર દષ્ટિમાંથી છૂટી મોક્ષની યોગદષ્ટિમાં આવવાની લાયકાત આવી ગણાય.

મનના ભારની વસ્તુ ભૂલતા નહિ. આપણે મનમાં ગુણવાન પર પ્રેમભાવ રાખીએ તો આપણા મનને કાંઈ ભાર નથી પડતો. બલ્કે એમાં તો મન ફોરું રહે છે. મન ભારે તો ઈર્ષ્યાથી થાય છે. આહા, કેવી ખૂબી છે કે આપણી પાસે છે આપણા મનને હલકું યા ભારે રાખવાનો કિમિયો ! મન જેટલું ભારે તેટલા આપણે સુખી નથી થવાના; તેટલા તો આપણે દુઃખી, મૂઢ અને પાપસંગ્રાહક બનવાના ! બીજાના ઉપર પ્રેમ ધરો, મન ફોરું, પ્રસન્ન અને ગુણગ્રાહક બનવાનું. એમાં જ સુખી, સુજ્ઞ અને પુણ્યોપાર્જક થવાની, પૂર્વ કાળના ગરીબ અને મધ્યમ માણસો શ્રીમંતાઈ નહિ છતાં સુખી હતા. કેમકે એમનું મન શ્રીમંતો પ્રત્યે પ્રેમભાવવાળું રહેતું. મનને એ મનાવી લેતાં; "જો ને પૈસા મળવા એ તો ભાગ્યાધીન વસ્તુ છે. આજે મળેય ખરા, પણ પાછું જોખમ ઊભું થાય છે. નથી ને જો એ પૈસા જાય તો પોક મૂકાવે છે, શોક એટલો બધો કરાવે છે કે પછી શુદ્ધબુદ્ધ રહેતી નથી; પરમાત્માની સ્મૃતિ ભારે પડે છે. ફલાણા ભાઈ પાસે પૈસા છે તો એમનું જૂનું



ભાગ્ય ખીલ્યું છે, પણ બિચારા જોખમમાં ગણાય. બાકી એ માણસ સારા ! આમ કદાચ કૃપણ હશે, પરંતુ પ્રેમાળ બહુ; ધર્મના પ્રેમી ! અભિમાની નહિ...વગેરે વગેરે વિચાર કરીને એમના પ્રત્યે આપણું મન પ્રેમભર્યું રાખવામાં બહુ ફોરું રહેવાનું. આમાં ખૂબી શી થઈ ? ઈર્ષ્યા પૈસાના કારણે થાય છે તો પૈસામાં ભાગ્યવશતા અને જોખમ વિચાર્યું. એથી મન પૈસાના ચમત્કાર અને શાબાશીમાં અંજાયું નહિ.

શરીરના ભારે રોગની કેટલીય જાતની દયા કરવી પડે છે. એમ આ મનનો મહારોગ કાઢવા આવી આવી કેટલીય જાતની આશ્વાસન પડીકીઓ સેવવી જરૂરી છે. આજના વ્યાખ્યાનમાં કેટલી આવી ગણો જોઉં.

## • પ્રેમભાવની ચાવીઓ •

**(૧) ઈર્ષ્યા કરવામાં બીજાને દુર્ધ્યાન અને કર્મબંધમાં નિમિત્ત બનાય છે, તેમ કદાચ વૈરની ગાંઠ પણ બંનેને ઊભી થાય છે. તો શા સારું ઈર્ષ્યા કરવી ?**

**(૨) હું બીજાને બીજું કાંઈ દાન તો નથી કરતો પરંતુ પ્રેમભાવનું તો દાન કરું ? એમાં ખર્ચ નથી. ને જીવો બિચારા કર્મથી ભારે હોઈ દયાને પાત્ર છે. એને મારા હૃદયનો પ્રેમભાવ દઉં.**

**(૩) ઈર્ષ્યામાં બીજાની દુષ્ટતા વિચારીએ છીએ પરંતુ આપણો એના પર કયા હક-દાવો છે. તે ફોગટ મન બગાડવું ? એના પર અધિકાર તો એના કર્મનો છે. આપણો અધિકાર હોય તો પ્રેમભાવ વરસાવવાનો છે. એમાં આપણે સ્વતંત્ર છીએ.**

**(૪) ગુણવાન પર અદ્વેષ, એ શ્રાવકપણા અને સાધુપણાનો મૂળ પાયો છે ઈમારત કદાચ ન રચીએ, પણ પાયો તો રચીએ ને ?**

**(૫) ઈર્ષ્યાનો કષાય બીનજરૂરી છે. એનાથીય ન બચીએ તો જરૂરી દેખાતા કષાયથી તો શે' બચવાનું ?**

**(૬) પ્રેમભાવ રાખનારો જરૂર પડ્યે પેલા શ્રીમંત કરતાં વધુ સુખી રહે છે ! દા.ત. દીકરાને પ્રેમથી લાડુ ખવરાવતી માતાનું લોહી વધે છે.**

**(૭) ઈર્ષ્યા કરવા જતાં દ્વેષ અને અજંપો રહ્યા કરે છે; અને પરમાત્મભક્તિ વગેરે સારી વિચારણા ગુમાવાય છે; તે નુકસાન પ્રેમભાવ રાખવામાં થતું નથી.**

**(૮) બીજાની એક વસ્તુ નિમિત્તે ઈર્ષ્યા, ખાર ને મત્સર, એ એના બીજા ગુણો પર આંખ-મિંચામણા કરાવે છે. પ્રેમભાવમાં એ ગુણો પ્રત્યે અનુરાગ રહે છે, ગુણની અનુમોદના રહે છે. એય મફતમાં પુણ્ય કમાઈ આપે છે !**

**(૯) બીજાના પૈસા પર ઈર્ષ્યા શી કરવી ? કેમકે પૈસામાં ભાગ્યની પરવશતા**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**છે, પાછું જોખમ છે. શોક અને પોકની આગાહીઓ છે. કરવો તો પ્રેમ કરવો. એ માટેના કેટલાય તત્ત્વો પણ સામામાં છે. કેમ આપણી જાત પર કોઈ ઈર્ષ્યા કે ખાર કરતું આવે તો આપણા સારા તત્ત્વો ઝટ આપણી નજર સામે તરવરે છે ? બસ, બીજા પર પ્રેમભાવ રાખવા એના સારા તત્ત્વો શોધી કાઢી એ જ નજર સામે રાખો.**

ટૂંકમાં સુખી પર ગુણવાન પર પ્રેમભાવ એ જીવનની એક મહાન કમાઈ છે. પ્રેમભાવને કેળવવાનો અહીં સોનેરી અવસર છે. એક બે દિવસ કે એક બે માસના અભ્યાસથી એ સિદ્ધ નહિ થાય. વર્ષોના વર્ષો સુધી સતત અભ્યાસ જોઈશે. તે પણ ડાયરી રાખીને કે આજ આજના દિવસે કેટલીવાર ઈર્ષ્યા આવી ? બીજા પર ઝેર વરસ્યું ? મૂક એટલી ચોકડીઓ. રોજ રોજની મેળવ એને. જો કે ઘટાડો થતો આવે છે ને. ઘટાડો લાવવા પ્રેમભાવના ખૂબ ખૂબ વિચારો કર્યા કર. પ્રેમભાવની વાણી વરસાવ્યા કર. પ્રેમભાવના કર્તવ્યો કર્યે જા.

**દયા, પ્રેમ અને ઔચિત્ય લાવવા કઠોરતા, સંકુચિતતા અને અવિવેક ત્યજો.**

**ત્રણ લક્ષણ ધરનાર પ્રિયદર્શન બને છે :**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા યોગદૃષ્ટિની પહેલી દૃષ્ટિના વિવેચનમાં એ વાત ફરમાવે છે કે જે આત્મા ચરમાવર્તમાં આવી ભાવમળનો નાશ કરનારો બને છે, તેનામાં ત્રણ અદ્ભુત લક્ષણો હોય છે. એના કૂણા હૃદયમાં **દુઃખી પર અત્યંત દયા** હોય છે; અને એના વિવેકથી પ્રકાશીત બનેલા હૃદયમાં **ઔચિત્યનું પાલન** કરવાની તત્પરતા હોય છે. આ ત્રણ ગુણોના યોગે આ આત્મા કલ્યાણમૂર્તિ બને છે. કલ્યાણમૂર્તિ એટલે પ્રિયદર્શનવાળો બની જાય છે; જેનું દર્શન જગતને ગમે, જેને જોવાથી જગત ખુશી થાય, જગતને 'આ ખરેખર ! સારો માણસ !' એમ થાય એ ! પ્રિયદર્શન પુરુષ ! જગતમાં દુઃખી જીવો ઘણા; અને આ એના પર દયા કરનારો બને. પછી કેમ પ્રિય ન બને ? જગતમાં સુખી થોડા છે, પણ તેના સુખ પ્રત્યે આ પ્રેમભાવ ધરનારો છે, ઈર્ષ્યા કરનારો નથી તો સુખી જગતને પણ આ કેમ ન ગમે ? અને જે આત્માઓ સંસારની રૂએ આના સંસર્ગના પ્રસંગમાં આવનારા છે, એના તરફ આ ઔચિત્યનું પાલન કરનારા છે તો એ કેમ ન ગમે ? માટે કહો કે જે આત્મા ત્રણ લક્ષણ ધરનાર છે તે પ્રિયદર્શન છે. જાણો છો પ્રિયદર્શન બનવાના લાભ કેટલા ?

**ભદ્રમૂર્તિ-સહરાના રણમાં મીઠી વાવડી છે :**

જગત સમજે છે કે "સારા માણસનાં દર્શન થયાં, આજનો દિવસ સફળ થશે. સારા કામે બહાર નીકળતાં આનાં દર્શન મલે, તો 'શુકન બહુ સારા ! કામ ફતેહ !" એમ માનશે. આપત્તિવાળાને આવાના દર્શન થાય કે માને "સહરાના



રણમાં પણ મીઠી વાવડી છે !" **ત્યારે જગતમાં દુઃખી કોણ પ્રાણી નથી ? દરેકને કાંઈને કાંઈ ફરિયાદ છે, તે સૂચવે છે કે એટલું એને દુઃખ છે, અને દરેક દુઃખી આશ્વાસનની મીઠી લહેરી માટે ઝંખી રહ્યા છે; સહાનુભૂતિની અપેક્ષા રાખે છે.** આ સ્થિતિમાં વિચારો કે તેવા જીવને આશ્વાસન સહાનુભૂતિ આપનારો કોઈ મલે, કે એને તત્કાળ રાહત આપનારો મળે તો તે કેવો પ્રિયદર્શન લાગે ! આજે તો એ મુશીબત પડી છે કે એક કુટુંબમાં પણ અન્યોન્યને આશ્વાસન-સહાનુભૂતિજ આપવાનું દેખાતું નથી. તેથી જ પ્રિયદર્શનતા નથી. દેખ્યાના ઝેર ચઢે છે, પ્રેમ નહિ ! આમાં ધર્મનું મૂળ ક્યાં રહે ?

**ઔચિત્યપાલનનો જાદુ :**

ખાસ ન ભૂલો કે કુટુંબીઓ પ્રત્યે પણ આપણે કેવા ગંભીર અને ઉચિત ભાવવાળા બનવાનું છે ! વિચારવાનું કે "અમે નાના હતા, કોઈકવાર ભૂલ થતી અમારી, તો મોટા પ્રત્યેથી આશ્વાસનની અપેક્ષા રાખતા હતા..." ઘી ઢળ્યું ઘરવાળાથી, તો શું કહેવાનું ?

"દાઝયા તો નથી ને ? **ઘી માટે આપણે નથી; પણ ઘી આપણા માટે છે. એટલું ભાગ્યમાં ઓછું હશે. જીવજંતુ ન મરે માટે જતના કરી લો." સહાનુભૂતિરૂપે** આ એક ઔચિત્યનું પાલન શું કરી આપે ? કુટુંબને દિવ્ય બનાવે. આશ્વાસન અને સહાનુભૂતિને વ્યાપકરૂપે જીવનમાં અપનાવવાથી તો માનવજીવનમાં પ્રિયદર્શન બની ઉચ્ચ કોટિના પગરણ માંડી શકીશું. **ઔચિત્યનો ખ્યાલ બરાબર જાગતો હોય તો શું નથી લાગતું કે બીજાની ભૂલ વખતે, કે બીજાની આપત્તિ વખતે આપણને, આપણી પોતાની તેવી ભૂલ-આપત્તિવાળી પરિસ્થિતિનાં સ્મરણ કરતાં કરતાં, (૧) એની દયા ખાવાનું, (૨) એના પ્રત્યે સમવેદન ને સહાનુભૂતિ દાખવવાનું અને (૩) એને આશ્વાસન આપવાનું ઉચિત સમજાય ?** આ દાખવીએ એટલે કહો જો, આપણે કેવા પ્રિયદર્શન બનીએ ! આપણા તરફ બીજાઓ કેવી સરસ પ્રિયદૃષ્ટિએ જુએ ? બીજાને ભય દૃષ્ટિથી, અણગમાની દૃષ્ટિથી જોવરાવનારી જાત વાઘ-વરુ અને સાપવીંછીની. માનવ તો બીજાની પ્રેમ દૃષ્ટિને ખેંચનારો હોય. તે ત્યારે જ બને કે જો માનવ બીજાને પ્રેમ, આશ્વાસન અને સહાનુભૂતિ આપનારો હોય. આશ્વાસન સહાનુભૂતિ એ તો મહાન જાદુ છે.

નરકના જીવને એટલુંય કોઈ પૂછનાર નીકળે કે "ભાઈ તું બહુ દુઃખી ?" તો એને થાય કે "હેં, કોઈ મારી ખબર લેનાર નીકળ્યો !!" તાવ ઘર કરીને બેઠો હોય. બેતાલીસ દિવસનો મુદતિયો તાવ છે. ખબર છે કે બેતાલીસ દિવસ સુધી નથી ઉતરવાનો; અને સ્નેહી આવીને એને કહે કે "હેં, શરીર બહુ લેવાઈ ગયું



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

છે..." આટલું બોલે એમાં તો પેલા દર્દીને ભારે આશ્વાસન મળે છે ! કેમકે રાહત ને આશ્વાસન માટે દુઃખીયા તલસી રહ્યા છે. ત્યાં એ આશ્વાસન ને રાહતનું દાન કરનાર કેટલો પ્યારો લાગે ? કેટલો આશીર્વાદભૂત બને ! આપત્તિવાળાને પ્યારો લાગે, અને સંપત્તિવાળાને ખુબ પ્રમોદભાવ વધારનારો બને ! એટલું જ નહિ પણ સંપત્તિવાળાના પડોશમાં પણ એની પાસે ઈર્ષ્યા કે નિંદાની વાત કરવાની નથી; ઊલટું પ્રેમભાવ અને ખુશીભાવની વાત છે, તો પેલા સંપત્તિવાળાને થશે કે "આ માણસ ક્યારે મળે ? માણસ સારો લાગે છે ! જેની સાથે માયા કે મહોબત નથી, તેને પણ આ માણસ ગમે; ને ઉપરથી તેના ગુણ ગાય છે ! કહો જો ત્રણ ગુણ ધરનારો કેવો ભદ્રમૂર્તિ બને છે કે જગત જેને તલસે છે ! જો એના અનુભવ આપણને નહિ; તો એની સમજ ઓછી પડે. બાકી એ જ્યાં જાય ત્યાં એનાં પગલાં પૂજાય ! સહુને એનાં દર્શન-મિલન ગમે. આ બધો શાનો પ્રભાવ છે ? એ ત્રણ ગુણોનો ! એ મેળવવા માટે આત્માને ભગીરથ પુરુષાર્થ કરવો પડે છે. માટે જેણે આ ત્રણ ગુણો મેળવ્યા છે, તેને સાચું મહાત્માનું બિરૂદ મળે છે. અહીં પૂછો કે,

**કઠોરતા-સંકુચિતતા અને અવિવેકનો અંધકાર :**

**પ્ર.**- માનો દુઃખી પર દયા, ગુણવાન પર અદ્વેષ અને ઉચિતતાનું પાલન કર્યું, એમાં તે વળી કયું મહાચારિત્રનું પાલન કે લાખોનું દાન કરવાનું છે ? છતાં મહાત્મા ?

ઉ.- હા, મહાત્મા છે ! કેમકે એણે મહાન દુર્ગુણો કઠોરતા, સંકુચિતતા અને અવિવેકના અંધકારને દૂર કર્યા. એ દુર્ગુણો અનંતા જીવોમાં પડેલા છે, ને તે કાઢી શકતા નથી. પણ આણે મહાન પુરુષાર્થ આદરી એને દૂર કર્યા ! પૂછો, કેમ પુરુષાર્થ ભારે આદરવો પડે છે ? કારણ એ છે કે **અનાદિકાળથી જીવના સ્વભાવમાં કઠોરતા વણાઈ ગઈ છે; હૃદયમાં સંકુચિતતા પેસી ગઈ છે; અને અવિવેકનો મહાન અંધકાર પ્રસરી ગયો છે.** અનાદિકાળથી પેસી અને પેંધી ગયેલી આ ત્રણ વાતો જાણે જીવના સ્વભાવરૂપ બની ગઈ છે, માટે પેલાં ત્રણ લક્ષણોને પ્રગટ કરવાનું કામ કઠીન બન્યું છે. ગુમડું શરીરની ઉપર નીકળ્યું તો તો ડપ દઈને કપાવી નાખ્યું ! પણ શરીરની અંદર ગુમડાં હોય તો ? અને ધોરી નસ પર જ થયું તો ? શું તે કપાવી શકાય ? તો તો નસ કપાય કે ખલાસ ! પછી 'ઈલેક્ટ્રીક રેઈઝ' આપો તો જુદી વાત પણ તેને દૂર કરવાનું કામ સહેલું નથી. તેમ આત્માની અંદરના આ ત્રણ દુર્ગુણોને કાઢવાનું કામ સહેલું નથી. જ્યાં ને ત્યાં કઠોરતા ખડી થવાની. પછી બીજાના પર દયા વરસાવવાનું કામ મુશ્કેલ બનવાનું. એમ, સંકુચિતતા ખડી થવાની ! કોઈએ પડોશીના ગુણગાન કરવા માંડ્યા કે આના હૃદયનું કમળ



ખીલેલું હશે તે બીડાઈ જવાનું ! ઝટ ગાજી ઉઠશે, "બેસો, કોણ કેટલામાં છે, તે મને ખબર છે ! શું વાત કરો છો ?" થયું, હૃદય બીડાવાથી ઈર્ષ્યા ચાલી. **પ્રેમભાવની વિશાળતા લાવવી હોય ત્યાં આત્માએ સામાની પ્રશંસા પચાવવા કટિબદ્ધ થવું જોઈએ.** આ તો સામાની પ્રશંસા કોઈ કરે કે તે સાંભળતા સાવધાન બને છે. મનને એમ થાય છે કે "આ શી વાતો કરે છે ? 'પેલો સારો માણસ !' જોયો હવે કેવો સારો છે તે !..." પછી એની નિંદા શરૂ થાય છે. આમ જ્યાં છતા ગુણની પ્રશંસા સહન કરવાની વાત નથી, તો પછી અછતા ગુણની પ્રશંસાની વાત જ ક્યાં ? સ્વભાવમાં વણાઈ ગયેલી વાત, કે 'બીજાનું સારું જોઈ ચલાવી શકીએ નહિ,' આ ખતરનાક દોષ છે. એમ અવિવેકથી ઔચિત્ય ગુમાવાય છે. એના પાયા હચમચે નહિ ત્યાં સુધી ઉપરની યોગદૃષ્ટિની ઈમારત રચાવી મુશ્કેલ છે. પણ ત્રણ લક્ષણ આવ્યાં કે તે ભદ્રમૂર્તિ બને છે. કોણ કહેનાર છે આ ? સમર્થ વિદ્વાન હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે. એ જ્યારે આવા આત્માને 'મહાત્મા' કહે છે ત્યારે શું પુરુષાર્થ એમણે આમાં જોયો હશે !!

**કઠોરતાના ઉદ્‌ગાર :-**

**દયા, પ્રેમ અને ઔચિત્ય, આ ત્રણ ગુણો મેળવવા અને કેળવવાનો પુરુષાર્થ સામાન્ય નથી. કેમકે એ માટે કઠોરતા, સંકુચિતતા અને અવિવેક, કે જે દુર્ગુણો જુગજૂના પેંધી ગયા છે, એને કચરવાનો, ટાળવાનો મહાઉદ્યમ કરવો પડે છે.** ત્રણ દુર્ગુણો તો સહેજે સહેજે થઈ જાય છે. ગુણ દાખવવો હોય તો મનને મનાવવું પડે છે. બળ કરીને ગુણ દાખવવો પડે છે. દુઃખીને જોતાં કાં તો 'એના પાપે એ દુઃખી જ થવા સર્જાયેલો છે !...તગડો છે છતાં મફતનું ખાવું છે !...' વગેરે વગેરે કઠોરતા હૈયે ઉઠે છે. અથવા, 'ભાઈ ! આપણે તે કેટલે પહોંચીએ ? આપણેય ઘર સંભાળવાનું છે ને ?...ને આપણે એમ દુઃખીની પાછળ ઉછાળી દઈએ, પછી આપણને દુઃખ આવતાં આપણા પર કોણ દયા કરવા આવવાનું હતું ?'...અગર તો, એમ થાય કે 'એ દુઃખી છે તો આપણે વળી કયા સુખી છીએ ?...' આમ, કઠોરતા સુલભ છે; આત્માના ખૂણે ખૂણે વણાઈ ગઈ છે. પછી ત્યાં દુઃખી પર દયા શે આવે ?

**હૃદય કુણું કરો :**

તગડા ને પાપીની પણ ક્યાંક ગુલામી છે; એના પર ક્રૂર કર્મસત્તાની જોહુકમી છે, એ જુઓ. ભાવિ દુર્ગતિમાં એની દુર્દશા થાય તો કેટલું એને સહન કરવાનું આવે એ વિચારો. એમ દુઃખી પાછળ આપણે કેટલે પહોંચીએ, એ જોતાં પહેલાં એ વિચારો કે હજીય આપણું કાંક પુણ્ય પહોંચે છે, એને ભૂંસી નાખવાની શી જરૂર



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

છે ? **પુણ્ય સ્વાર્થમાં સાચવી રાખવાથી તો ઘટી જશે, વધશે નહિ ! બીજાની દયામાં વપરાશે તો વધશે.** જીવન એકલાં સ્વાર્થિલા બનાવી પશુ જેવા બનવાનું નથી થતું શું ? આવી કઠોરતા ઉચ્ચ માનવભવે ? ત્યારે બીજાના દુઃખ જોઈ માનસિક દયા પણ વિચારવાનું નથી આવડતું, તે ઝટ કઠોર હૃદયે એમ થાય છે કે પોતે ક્યાં ઓછો દુઃખી છે ! શું દુઃખ છે એટલું બધું, ભાઈ, તને ? બીજાના દુઃખ, પોતાના દુઃખ ભૂલીને, જોવાની દૃષ્ટિ એ તો દિવ્ય દૃષ્ટિ છે. મા અને દીકરો બંનેય ભૂખ્યા થયા હોય, પણ મા શું પોતાનું દુઃખ જુએ છે ? ના, એ તો દીકરાનું દુઃખ જુએ છે. 'દીકરો મારો ભૂખ્યો થયો છે, લાવ રસોઈ કરું, અને એને ખવરાવું.' એમ એને થાય છે. હૃદય કૂણું હોય તો બીજાનું દુઃખ જોઈ ઓગળી જાય; ગળગળો થાય. પોતાના દુઃખની તે વખતે ચિંતા નહિ. અથવા એથી આગળ વધો. પોતાનું દુઃખ પણ બીજા પર દયા કરવાથી મટશે; કિંતુ 'પોતે દુઃખી, પોતે દુઃખી,' એમ રોદણાં રોવાથી નહિ; સામે દુઃખી મળ્યો એટલે તો એમ થવું જોઈએ કે "આ મારાં દુઃખ ટાળવા માટે નિમિત્ત મળ્યું. એની દયા કરીશ તો મારાં દુઃખ જશે." આમ વિચારવાથી હૈયું કઠોર મટી કૂણું બન્યું. દયા લાવવી હોય તો કૂણા થાઓ; પછી તમે બીજાને પ્રિયદર્શન બનો એમાં શી નવાઈ ?

**સંકુચિતતા :** ત્યારે ગુણવાન પર દ્વેષ આવવાનું કારણ શું છે ? કહો હૃદયની સંકુચિતતા. હૈયું સંકુચિત છે તેથી બીજાના ગુણને એ સમાવી શકતું નથી. સંકુચિત કહો કે ક્ષુદ્ર કહો, એક ચીજ છે. ક્ષુદ્ર હોવાથી જાતની જ વડાઈ દેખે છે. જગતમાં જાણે કોઈ સારું હોય તો તે પોતે જ. બીજાઓ તો કોઈને કોઈ દોષથી ભરેલા લાગે છે. આ અહંભાવનું પરિણામ છે. એથી પોતે શાંત નથી, ઉકળાટમાં છે. બીજાની અધમતા અને જાતની વિશેષતાનો ખ્યાલ એને એવો સાંકડા મનનો કરે છે, એને એવો સતાવે છે કે લોકોને મોઢે બીજાની પ્રશંસા સાંભળવાનું એને કઠીન થઈ પડે છે; ઈર્ષ્યાની લા'ય સળગાવે છે. આ સંકુચિતતા પણ સહજ છે, અર્થાત્ સહેજે આવી જાય છે, લાવવી નથી પડતી. ક્યાંય કોઈનું સારું દેખી જ શકે નહિ, ખમી જ શકે નહિ, એ કેટલી બધી મનની સાંકડી સ્થિતિ ! આ **માનવ** મન ? ક્યાં ગઈ કેળવણી ? મોટા ડીગ્રીધર પણ આ સંકુચિતતાના ભોગ બને છે. સંકુચિતતા કચરો, તો પ્રેમી બની શકો. તો પ્રિયદર્શન બનો તમને જોઈને લોકની આંખ ઠરશે. '**અહો !** આ ભાઈ કેવા કોમળ, દયાળુ અને મોટા મનના !' એમ લોકને તમારા માટે થશે.





## (૬) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ખરો પુણ્યાઈનો ઠેકો શાના પર રાખવો ? :-**

આપણી પાસે શક્તિની ખુમારી હોય, પુણ્યાઈનો રોફ હોય, અને બુદ્ધિનો ઠેકો હોય, તો એ શક્તિ, પુણ્યાઈ અને બુદ્ધિ, એ ત્રણેને ત્રણ દુર્ગુણ ટાળી ત્રણ ગુણ મેળવવામાં યોજાવા જોઈએ. આ ત્રણ લક્ષણ આવે કે જીવન જીતી ગયા. એવી કોમળતા કે કોઈનું દુઃખ જોયું ન જાય. તૈયાર જ હોય આશ્વાસન આપવા. એમાંય પૈસા ટકાના દ્રવ્ય દુઃખ કરતાં પાપમગ્નતાનું ભાવ દુઃખ હોય તો હૃદય વધુ દ્રવી જાય. આખા જગતને સુખી કરવા પ્રભાવના શાની કરવાની ? દ્રવ્યદયા અને વિશેષ કરીને ભાવદયાની. હૃદયની વિશાળતા એટલી કે બીજાનું સારું જોઈ હૈયું નાચવા માંડે. ત્યાં પછી ન સહવાની અને ઈર્ષ્યાની તો વાત જ ક્યાં ? કોઈ દિ' એની પાસે કટુવિચારણા ન હોય. કટુવાણી કે વર્તાવ ન હોય **કટુવાણી, વર્તાવ અને વિચારણા સંકુચિતતામાંથી જન્મે છે.** પછી એ કરાવે છે ઈર્ષ્યા; વર્તાવ તોછડો અને ધમધમતો ! કેમ જાણે એનો પેઢી-જૂનો વૈરી ન હોય ! અને વાણી ભારે કડવી ! **એટલું સમજવાની જરૂર છે કે જગતમાં ખરાબ વસ્તુનો ટોટો નથી. ખરાબ દુર્ગુણો અને ખરાબ આચાર એનાથી આખું જગત વ્યાપ્ત છે.** એનો અર્થ એ કે સારી વસ્તુનો જગતમાં દુકાળ છે. દુકાળના સમયમાં એ સારી વસ્તુ કોઈક જગ્યાએ જોવા મલે. તેથી રાજી થવાનું હોય, છતાં રાજી ન થાય એને દાંતિયા અને ડોળા કાઢે, ભવાં ચઢાવે, એ સ્થિતિ કેવી કહેવાય ? કદાચ પુદ્ગલ પરાવર્તથી વધુ રખડવાનું હોય એવી ! દુર્ભવી જીવ હોવાની સંકુચિત મનને એવું થાય છે કેટલીકવાર, "હું ખુશી છું કે એ સુખી છે, પણ જુઓ છો ખરા કે એની બાજુમાં શું છે ? મને ખબર છે દાન દે છે, પણ શબ્દો કેવા ખરાબ બોલે છે ?" અલ્યા પણ એ તો જો કે જગતમાં વિના દાને કડવા શબ્દો બોલનારા ક્યાં ઓછા છે ? એમાંથી આણે વિશેષતા એ રાખી કે દાન દેવાનું રાખ્યું. શું સૂચવે છે એ ? જગતમાં દાનરૂપી એક સારી વસ્તુનો દુકાળ છે, અને એ અહીં જોવા મલ્યું ! ભલે કડવું બોલનાર છે એ તો સર્વજીવ સામાન્ય છે, પણ દાન દેનાર છે એ વિશેષતા છે. બીજે તો લાત મારીને બહાર કાઢી મુકે છે; પણ ના, એ તો ઈર્ષ્યાની પર પગ મૂકીને ઊભો હોય તે કરી શકે. જગતની અંદર જે વાત સર્વત્ર પ્રસરેલી છે ત્યાં નજર જાય એમાં શી નવાઈ ? એ તો **ઉકરડાના કોઈ ખુણામાં કમલ જોઈને ખુશ થવું જોઈએ.**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

જગતમાં દુર્ગુણોના ઉકરડા તો ઠામ ઠામ છે. તેમાં આનામાં દાનરૂપી કમળ પડ્યું છે. સારું જોવાની તૈયારી હોય તો આ રીતે જોઈ શકાય. એ નથી માટે સીધો ઘા દાન પર કરે છે, 'કર્યું કર્યું દાન ? ઠગવાનો ધંધો છે. બીજા કેટલાં કાળાં કરે છે...' વગેરે. અથવા કહેશે, 'સાચું બોલે છે તે સારું છે, પણ કઠોરતા કેવી છે ? સામાયિક કરે છે તે ખબર છે પણ ઊઠીને ગુસ્સો કેટલો કરે છે ?'' અરે ભાઈ ! પણ જગતમાં કાળાં, કઠોરતા અને ગુસ્સો કોણ નથી કરતું ? કહે છે, 'પૈસા છે પણ દાન કરે છે ? શું કામ લાગશે એના પૈસા ?' અરે, પણ પૈસા છે તો જૈનના ઘરમાં ને ? બીજા પાસે તો નથી ને ? તારી ઈર્ષ્યાથી તે પૈસા ખર્ચશે ? ના એ તો જો તું પ્રેમભાવથી કહીશ, તો એનું હૃદય પલટાશે. આ ઈર્ષ્યાનો દુર્ગુણ અધઃપતન કરાવે છે.

**'પ્રેમ'ના મંત્રાક્ષરની આરાધના :**

**સંસાર એટલે ગુણનો દુકાળ છે.** તેમાં ક્યાંક ગુણની ઝાંખ જોવા મલે ત્યાં આ હૃદયની સંકુચિતતા દાંતીયા કરાવે છે. એ જ્યારે **હૈયું વિશાળ બનેલું હોય, અમૃતના ઝરા વહેતા હોય અને તે ઝરા મુદ્રા અને દૃષ્ટિ દ્વારા બહાર પડતા હોય ત્યારે એ બીજા લક્ષણનો અધિકારી બને છે.** આ જીવનમાં બીજું કંઈ બની શકવાનું નથી. કઠોર ચારિત્ર પાળશો ? ઉપસર્ગ અને પરિસહ સહશો ? પૂર્વે મહાત્માઓ રાત્રિભર કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા. શરીર મચ્છર કોચી ખાય; પણ એ અપેક્ષા નહિ કે ક્યારે કાઉસ્સગ્ગ પૂરો થાય કે ઊડાડું ! ત્યારે આપણે ? એક નવકારનો કાઉસ્સગ્ગ હોય ને તેમાં ભૂલેચૂકે મચ્છર કે માંખી બેઠી શરીર પર, તો ઊડાડવાની તાલાવેલી લાગીસ્તો ! ત્યાં જીવનમાં શું પરાક્રમ થઈ શકવાનાં ? ''માટે **મારી મુદ્રા, દૃષ્ટિ ને હૃદયને પ્રેમના અમૃતથી ભરેલું રાખું !** કોઈનું થોડુંક સારું હોય અને લાખ વાતો ખરાબ હોય તોય ખરાબ તરફ આંખ મિંચામણાં અને સારા તરફ હૈયું ઊભરાતું કરું.'' ચોર ને શાહુકાર, અને કંજુસને દાની બનાવનારા સંતુપુરુષો થઈ ગયા; પણ જેનામાં અમીનો ધોધ વહેતો હોય તે શું ખર્ચ છે એ અમીના ધોધમાં ? એટલો જ ખર્ચ કે અનાદિના સંકુચિતતાના રાહને મૂકી દેવાનો. મનને કહેવાનું 'એ જમાના ગયા દાંતિયા કરવાના.' એનો ચમત્કાર તમે સાત દિવસમાં જોઈ શકો. **એવું એવું સપ્તાહ યોજો કે 'આ અઠવાડિયામાં અમી જ વહેતી રાખવી છે, જ્યાં કંઈ પણ સારું જોયું કે પ્રેમભાવ કરવાનો છે.'** ઉલેચી નાખશે ઝેરને ! **ઝેર ઉલેચવાની ચિંતા નહિ કરવાની. આપોઆપ ઉલેચાઈ જશે. અંદર ઊંડાણમાં તો કદાચ સંકુચિતતા ઉકળશે પણ મારે તો પ્રેમનો ઝરો છલકતો રાખવો જ છે !** ''એક અઠવાડિયામાં ઉપસર્ગ નથી આવવાના. **સામાન્ય પ્રતિકૂળતા ભલે આવો. પણ અહીં તો પ્રેમ જ છે !''** આ મંત્રની આરાધના કરવાની. પ્રેમની નવકારવાલી ગણવાની. મનને એવું દબાવવાનું કે કોઈનું પણ સારું દેખાય કે હૈયામાં ઉદ્વેગને બદલે આનંદનો ઊભરો ! સહજભાવે નહિ તો છેવટે પરાણે. અભ્યાસી દશામાં બળાત્કારે પણ કરવો પડે. છોકરાને પૂછો કે 'પંદર પંચાં ?'' તો કહેશે, ''પંચોતેર'' એ જવાબ આપે છે તે ગોખાવેલું છે. તેને કંઈ પંચોતેરનું જ્ઞાન નથી. તેમ આપણે અંદરથી પ્રેમ ઉઠાડવાનો છે. તે ભલે શરૂઆતમાં ઉપરથી તો ઉપરથી ! પણ પ્રેમ જોઈએ. પછી આગળ જતાં અંદરથી હૈયું બોલે. પહેલાં ઊંડાણમાંથી ન બોલે તો કંઈ નહિ અંદરમાં ઈર્ષ્યા મોહ ભય કર્મનો ઉદય લઈને આવ્યા હોઈએ તો ઊંડાણમાંથી ન ય બોલે. તત્કાળ તે ઉદયને દાબવાનું ગજું નથી. પણ ઈર્ષ્યાદિનો ધીમે ધીમેય નાશ કરવાનો ઉપાય એ છે કે પ્રેમ બલાત્કારે પણ ઉત્પન્ન કરવાનો; ખુશી બલાત્કારે ઊભી કરવાની. કોઈ કહે, ''આ ભાઈ બહુ સારા'' તો, આપણે ખુશી દેખાડી કહીએ, ''ખરી વાત, સારા છે એ મને તમારી વાત ગમી.'' મોઢેથી આમ સામાન્ય રીતે તો દુનિયા પણ કહે છે કે ''બહુ સારું.'' પણ આ તો પ્રેમભાવ દેખાડવો જોઈએ સાથે ! એવો અનુપમ પ્રેમ કરવાનો અહીં ચાન્સ છે એની પાછળ નથી કોઈ મહેનત, નથી કોઈ ખર્ચ ! જો એ પુરુષાર્થ કરો, તો સાચો મહાત્માનો ઇલ્કાબ મલે છે !

**પાયા વિનાની ઈમારત રચી છે :**

જ્ઞાનીઓની દૃષ્ટિએ મહાત્મા બન્યો કે પછી તો વિના મહેનત ધર્મ સાધવાનું બધું સહજભાવે ! ધર્મનો પુરુષાર્થ આદરવામાં જે આ મહેનત પડે છે, તેનું કારણ શું ? કેમકે આપણે તેવા મહાત્મા બન્યા નથી. **કઠોરતા ટાળી કૂણા હૃદયવાળો દયાળુ બનેલો, ક્ષુદ્રતા મૂકી પ્રેમી બની ગયેલો, ને વિવેકના પ્રકાશથી ઔચિત્યનું પાલન કરનારો, એને હવે ધર્મના સુંદર ઊંચા પુરુષાર્થ મલે તો આચરવામાં વિલંબ કરે ? એને જોરદાર બહુમાન ન ઉછળે ? પ્રયત્નમાં વેગ અને હૈયામાં આનંદ ને ઉલ્લાસ કેમ ન ઉઠે ? ત્રણ લક્ષણ એ મૌલિક પાયો છે; ધર્મ સાધના એ ઈમારત છે,** પણ પાયા વિના ઈમારત રચીએ છીએ એટલે મહેનત વધુ પડે છે; મજૂરી લાગે છે. નહિતર વીતરાગ પરમાત્માએ બતાવેલી ધર્મચર્યાઓ પૂર્વે આચરવા મલી હશે કે નહિ ? તે અહીં મલ્યા પછી આચરવામાં કમી હોય ? શું એના સ્વાદમાં કમી છે ? જેને જિંદગીમાં સાકાર ચાખવા ન મલી હોય, ને એને કોઈ ચખાડે તો શું થાય ? તેમ અહીં ન મલવાની વાત મલી છે. જો ધર્મચર્યાઓ સાકર જેવી મીઠી લાગે છે, તો સમજીએ કે ''ન મલ્યાની ચીજ મલી છે; બહુ સારી છે !'' આ પ્રમાણે સમજીએ તો એના આનંદની ખુશી કેટલી બધી આવે ? એને બદલે દા.ત.

એક પર બીજી નવકારવાળી ગણીયે કે આનંદ લૂટાઈ જાય; તો પછી નવી ગણવાના કોડ કેટલા રહે ? નક્કી કરે કે "આ એક નવકારવાળી પતી ગઈ !" પછી રાતે અગીયાર વાગ્યા સુધી વાતોનાં ગપાટાં હાંકીયે તો વાંધો નહિ. કેમકે દેવું પતી ગયું છે !" કેમ નવા નવા કોડ નથી ? કહો કે પાયા વિનાની ઇમારત ચણી છે. ભાવમળનો હ્રાસ એ પાયો છે.

**જડની વધુ જરૂરિયાતમાં વધુ દુઃખનું દર્શન જોઈએ :**

ત્રીજા નંબરની વાત કયી ? ઔચિત્યનું પાલન. એ કોણ કરવા નથી દેતું ? અવિવેક. ત્યારે વિવેક કોણ ભૂલાવે છે ? જડની વધુ પડતી માયા અને પરાધીનતા ! જડની માયા થોડે થોડે પણ ઓછી કરવી જોઈએ. જડની પરાધીનતા પર કાપ મૂકવો જોઈએ. જીવને ઉચિત વર્તાવ માટે જરૂરી વિવેક કોણ નથી કરવા દેતું ? જડની વધુ પડતી માયા અને પરાધીનતા. માયા એટલે 'આ મારું' એવી મૂર્ચ્છા, આ સારું એવી લાલસા, પરાધીનતા એટલે ? 'એ બહુ સગવડદાયી એના વિના જરાયે ન ચાલે.' પતી ગયું ! જડને પનારે પડ્યો પછી શા માટે ઉચિત વર્તે ? એ તો આને જ સંભાળ્યા કરવાનો "કુટુંબમાં વડેરા છીએ, તે માન વિના ન ચાલે" આજ મીઠું લાગ્યું પછી કાલે નાનો ઉઠીને સામું બોલે તો કેમ સહે ? સામે ઠોકે ! "નાલાયક કોની સામે બોલે છે ?" ઉપરથી પોતાનો બચાવ કરે કે "ના, પણ અમે કંઈ ખોટુ કહેતા નથી. અમે તો એના હિતને માટે કહીએ છીએ !" ખરી રીતે સભાનું હિત ઘવાય છે એવી વિચારણા નથી. એ તો "મારું વચન ન માન્યું," આ બેઠેલું છે. તેથી જ બધી વાતો છે કેવળ ! ઔચિત્યનો ભંગ કરીને પોકળ પ્રેમ દેખાડવાની વાતો ! જે જડની જંજાળ વળગી છે, લક્ષ્મી, વિષયો, માન-પાન, આબરૂ, સત્તા-શાણપણ, હું પદ વગેરેની જે જંજાળ વળગી છે, એના પરની માયા કપાય, એની પરાધીનતા પર કાપ મૂકાય, વિવેક પ્રગટાવાય તો જ ઔચિત્યનું પાલન કરી શકાવાનું. ઔચિત્ય માટે મનમાં માને કે 'મારા માનની કિંમત નથી. પરંતુ જો એને સીધો ઉતારી પાડું, તો એના હૈયાની કૂણાશ તૂટી જાય. કેમકે એ મારા ટોણાં પર ગાંઠ બાંધે કે 'ડોસાનું સાંભળવું નહિ. એ કહેતા ભલા, ઔર હમ સુનતા ભલા !" માટે આપણું ઔચિત્ય એ કે એક વાર તો એના કોઈ સારા ગુણ કે કાર્યની પ્રશંસા કરીને અથવા એના સ્વાર્થનું કંઈક કામ કરી પછી કહેવાનું કે "જો ભાઈ, આમ ન બોલાય. દુનિયામાં તને બહુ ભયંકર પડશે; એ બુરી આદતની ચીજ એવી છે કે જીવનના કોઠામાં એક વાર ઘાલી પછી નીકળે નહિ. માટે એને કાઢી નાખજે. આ કરીશ તો તું એવો ધીર અને સુજ્ઞ થઈશ કે મોટા મોટા માણસો અવસરે તારી સલાહ લેશે." આમ તાળવે ગોળ ચોંટાડી દીધો



હોય કે છોકરો પગમાં પડતો આવે. પણ તે ક્યારે બને ? જ્યારે અવિવેક ત્યજી ઔચિત્યનું પાલન કરીએ ત્યારે. અને તે ત્યારે કે મનમાંથી ખરાબ ખ્યાલ કાઢી નાખવાના કે "ઠપકાર્યા વિના ન ચાલે ! દુન્યવી સ્વાર્થ માટેની આ વસ્તુ, એ જડની જરૂરિયાત છે. એ કાઢી નાખવાની. અમે આવી રીતે પ્રતિકૂળતા વેઠવી ને એ ? આ વિચારમાં સામાએ પણ પ્રતિકૂળતા વેઠવી જોઈએ એવો અશુભ વિચાર છે. મૂળ કારણ જડની માયા છે. **જડની માયા કાપવા એના સરસપણાનો ખ્યાલ કાઢી નાખવાનો; અને પરાધીનતા કાઢવા માટે 'એના વિના નહિ ચાલે' એ નિર્બળતા કાઢી નાખવાની.** એ કાઢવાનું કામ કઠીન નથી, જો આ બે વાત કરીએ તો. પણ જેમ ચોખ્ખું દેખાય છે કે પેંડાનો ટૂકડો મોંમાં મૂક્યો કે ઝટ જીભડી લપલપ કરે છે ! પછી કેમ એને ખરાબ મનાય ? તેમ જડની માયામાં પણ અનુભવ તો એવો થાય છે કે સારી મઝા છે, પછી કેવી રીતે ખરાબ મનાય ? તો કાપવા માટે બે વાત નક્કી કરો કે જડના **વિકાસમાં જીવના વિનાશનું દર્શન કરવું, જડની જરૂરિયાતમાં દુઃખનું દર્શન કરવું. ચાલુ દૂધ કરતાં જાડું કરેલું દૂધ સારું !** એમ કર્યું કે ફસાયા. ચાલુ દૂધથી પતાવ્યું હોત તો પીધા પછી કંઈ નહિ. પણ જાડું હોય ત્યાં તોફાન વધે, રાગ વધે, પ્રશંસા વધે. "આવું તો કોઈ દિવસ પીધું નહોતું !" **એથી પાપ વધે અને અહીં દુઃખ વધે. પૂછો દુઃખ શું વધે ?** ઉત્તર એ છે કે એ પછી ચાલુ દૂધ ગમશે નહિ. 'આવું ક્યાં મળ્યું,' એમ દુઃખ થશે. પહેલામાં જેટલું રળિયામણું તેમાં વિનાશ દેખાય છે. બીજામાં જે સાદું છે પણ જો બિનજરૂરી છે તો એની પણ જરૂરિયાતો રાખીએ તો વધુ દુઃખી થવું પડે. (૧) જેમ જડ વધુ સુધરતું થાય તેમ આત્મા બગડતો જાય. (૨) જેટલી જેટલી જડની અપેક્ષા તેટલો તેટલો આત્મા દુઃખી. 'परस्पृहा महादुःखम्'

**જડની વધુ જરૂરિયાતો મુડદાલતા વધારે :** બજારમાં જવા માટે એક ચંપલની જોડ રાખી હતી તો ઓછું દુઃખ હતું. ના, પણ બજારની જુદી, ને ચોપાટીની જુદી, એટલે દુઃખ વધ્યું. જડની વધુ જરૂરિયાત ઊભી કરનારો આત્મા ઉત્તમ અવતારમાં સહેજે મળેલી પરમાત્માની સેવા કરવાની સ્થિતિ એના પર કાતર મૂકી રહ્યો છે. એટલે કોના પર ? **દેવગુરુ ને ધર્મની બહોળા પ્રમાણમાં સેવા કરી બહુ જ બહોળા પ્રમાણમાં જે પુણ્યોપાર્જન કરવાનો મળેલો સંયોગ, તેના પર કાતર ! વધુ સંભાળ જેમ જડની કરશે, તેમ ધર્મકાર્યવાહી ઓછી કરવાનો. જેટલી જડની અપેક્ષા વધે તેટલું પાપ કે દુઃખ સિવાય કશું વધવાનું નથી.** આ વાત ઠસી જાય કે માયાને કપાતા વાર નહિ. પરાધીનતા હેઠી મૂકતાં વાર નહિ. જડ વિના ન ચાલે, એમ થયા કરે છે, પણ અરે ! એમાં તો આત્મા ભટકી રહ્યો છે, એ નથી ખટકતું !



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**ઈશ્વરને અર્પિત કરવા જેવો આત્મા જડને અર્પિત કરી દીધો !** માયા કપાયા પછી ? પેંડાનો ડબ્બો પડ્યો હોય, છતાં રોટલી લેવાનું મન થાય; અને પેંડા બીજાને આપો એમ કહે ! "પણ એકલી જ રોટલી ? અરે, પણ પેંડા બહુ સારા."

**"ના, વિચાર જ ન કર. એ બહુ સારા છે તો આપણે બહુ ખરાબ થવું પડશે.** જડને જે બહુ સારું કરવામાં પડ્યો તેને બહુ ખરાબ થવું જ પડે. જાણો છો બાર વાગી જાય છે દેવના ? "બહુ સારા રત્નો ગમે છે ? તો જાઓ કર્મો તમને બહુ ખરાબ કરીને રત્નોમાં જ ઘાલી દેશે !" વીતરાગનું શાસન હૃદયે સ્પર્શ્યાની પહેલી પરીક્ષા કયી ? જડની જરૂરિયાતો કેટલી, જો એનાથી આગળ વધીએ છીએ તો એની ઝમક સમજાઈ નથી. આ વસ્તુ એવી નથી કે એનો વિચાર કરવો પડે. જ્યાં જ્યાં જોશો તો ત્યાં જડનું તોફાન મોટું દેખાશે. જ્યાં સુધી કાળી ચા પીને ચલાવતો હતો ત્યાં સુધી સુખી હતો. હવે ગાંઠીયા વધ્યા કે દુઃખ આવ્યું, પછી તો ગાંઠીયા વિના જાણે મરવા પડ્યો. આત્માને જો કોઈ મુડદાલ બનાવનાર હોય તો જડની વધુ જરૂરિયાતો છે. પુણિયો હિંમત-હોશિયારીથી મગધના રાજા સામે વાતો કરતો હતો. "સાધર્મિ છો, આવો બેસો ! ફરમાવો આજ્ઞા." જરાયે શ્રીમંતાઈ કે સંપત્તિ એને આંજી જાય ? ના, એ તો એને આંજી જાય કે જડની અપેક્ષાઓથી મુડદાલ બનેલા હોય. અમારે તો દૂધ ન મલે તો ચા ! પેટનો ખાડો પુરાવો જોઈએ. **ખાડામાં કાંઈ રત્નો ન પૂરાય. ધૂળ ઢેફાં જ પૂરવાનાં.**

**રૂપિયા તો મારા આદેસર દાદાના હતા :** આજની ભયંકર પરિસ્થિતિ જુઓ કે સામગ્રી પૂરી છે છતાં પરમાર્થનાં દર્શન દુર્લભ થઈ ગયાં. કેમ વારું ? કારણ એ છે કે જાતના જ જ્યાં મોટા ખર્ચ ત્યાં શુ રાખ ખર્ચે પરમાર્થમાં ? એ તો એ પંચિયું અને પછેડી ઓઢનારા અને દાળ-રોટી ખાનારા એટલે ખૂબ જ વધે, એ થોકબંધ પરમાર્થ કરી શકતા. મોજમજાહ, વટવહેવાર, ફેશન-સગવડના ખર્ચની આજે તો એટલી ભયંકરતા વધી ગઈ કે હિસાબ જ નથી. જાણે મોટું દિવાનપણું આવી ગયું છે. એટલે હાથમાં પેટી ઉપાડી લેવાવાળાને કંજુસ કહે ! સિદ્ધગિરિનો દાખલો આપ્યો હતો ને ? એક મારવાડી હતો. ઘરડી ડોસીને વર્ષીતપનું પારણું; એટલે સિદ્ધગિરિ પર લઈ ગયો. છેલ્લી અટ્ઠાઈ હતી ડોસીને. તળેટીમાં આવ્યાં. ડોળીવાળો તો દસ રૂપિયા માગીને ઊભો રહ્યો.

આ કહે છે, "પાંચ રૂપિયા મળશે."

એટલે ડોળીવાળો કહે છે, "આજે પાંચમાં ડોળી ન મલે, વૈશાખ સુદ ત્રીજના દહાડે ?"

તો મારવાડી કહે છે, "ત્યારે ના ભાઈ, મારે ખપ નથી."



ડોળી ન કરી. "અલ્યા પણ આ અશક્ત ડોસી ઉપર શી રીતે પહોંચશે ?" આ તો ડોસીને કહે, "બેસી જા મા, ખભા પર ! ખભા સલામત છે !" ડોસીનો ભાર કંઈ બહુ નહોતો. પોતે ખખડધખ જુવાન હતો. શરમ નહોતી, માતા પિતાની સેવા કરવામાં. એ તો આજે ફેશનની લત છે કે સવારમાં ઉઠી મા-બાપને પ્રણામ કરતાં શરમ આવે ભાઈને ! ડોશી થોડું ચાલી, થોડું ખભા પર એમ ડોસીને ઉપર પહોંચાડી ! હૈયું તો દાદાના દર્શન કરતાં નાચી ઉઠ્યું ! ડોસીને પૂછે છે, 'બોલ શું જોઈએ ?' 'પહેલી પૂજા' મોટા ખર્ચે લીધી એની ઉછરામણી ! નીચે ઉતરતાં ભિખારીઓને દાન અને પોતાના તરફથી સાધર્મિવાત્સલ્ય !

પૂછનારા પૂછે છે, "અલ્યા આ શું ? ડોળીવાળાને પાંચ રૂપિયા વધુ આપવા નહોતા મળતા, તે હજારો રૂપિયા ખર્ચે છે ?"

આ કહે છે, "તમને ખબર નથી, **રૂપિયા તો મારા આદેસર દાદાના હતા, તે એમના જ ખોળે જાય ને ?** ડોળીવાળાના થોડા જ હતા તે એમના હાથમાં દેવાય ?"

આ તો અલ્પ જરૂરિયાતવાળાની વાત; પણ આપણે તો પહેલાં પોતાની જ ફાંદ મોટી હોય પછી શું રાખ પરમાર્થ થાય ? **જરૂરિયાતો વધી કે દુઃખ, પાપ, દીનતા અને ગુણહીનતા વધી સમજો.**

વાત હતી ઔચિત્યપાલનની. કઠોરતા, સંકુચિતતા અને અવિવેક ટાળો એટલે દયા, પ્રેમ અને ઔચિત્યપાલન પ્રાપ્ત થાય.

## • બાકી ખેંચી પૂરી કરો •

**ભદ્રમૂર્તિ મહાત્મા :**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ યોગદૃષ્ટિ ગ્રંથમાં યોગની પહેલી દૃષ્ટિનું વર્ણન કરતાં કહે છે કે જે આત્મા ભાવમળનો નાશ કરનારો બન્યો, એટલે **કે દુઃખી પર અત્યંત દયા, ગુણવાન પર અમત્સરભાવ અને સર્વત્ર ઔચિત્યનું પાલન, આ ત્રણ લક્ષણને ધરનારો બન્યો, તે આત્મા ભદ્રમૂર્તિ એટલે કે મહાત્મા પ્રિયદર્શન બને છે. ભદ્રમૂર્તિ એટલા માટે કે આ ત્રણ લક્ષણોના મૂળમાં તે આત્માનું હૈયું કૂણું, દિલ વિશાળ અને અંતરમાં વિવેકના પ્રકાશથી ઝગમગાટ બનેલું છે.** એટલે જ મુખ પણ અદ્‌ભુત સૌમ્યભાવને ધરનારું હોય છે; વર્તાવ બહુ જ આકર્ષક અને મોહક હોય છે, વાણી સાકરથી પણ અધિક મીઠી હોય છે. એનું નામ તે આત્મા ભદ્રમૂર્તિ છે. સહુને તેનું દર્શન અને સમાગમ ગમે. નથી એની વાણીમાં કટુતા, નથી વર્તાવમાં અનુચિતતા ! અને તો છે દયા અને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પ્રેમ. વળી ચહેરો સૌમ્ય છે. પછી એનું દર્શન કોને ન ગમે ? કોને પ્રિય ન લાગે ? માટે જ એ પ્રિયદર્શન

**બાકી ખેંચી પૂરી કરો :**

ઘણી વાર આપણે ફરિયાદ કરીએ છીએ કે "ફલાણા અમારાથી અતડા રહે છે રોફથી ચાલે છે." અલબત એ અતડા રહેતા હશે ને રોફ કરતા હશે; પણ તે છતાં દોષ આપણો છે. અગ્નિ સ્વભાવે ગરમ છે માટે બાળે. એટલે જે તેની પાસે જાય તેને બાળે જ છે. તેમ સામો શું રોફ કરવાના સ્વભાવવાળો છે ? તો તો એની પાસે જે જાય તે બધાની સામે એ અતડો અને અક્કડ રહેવો જોઈએ. "પણ ના, અમારા સિવાય બીજાઓ સાથે તો હળે-મળે છે" તો એનું જે અતડાપણું માત્ર આપણી સામે છે, તેમાં આપણો કોઈ દોષ છે. એ શોધી કાઢવા વિચારવું ઘટે કે "તો શું મારા હૈયામાં કૂણાશ નથી ? શું હૈયું મારું વિશાળ નથી ? શું એવું તો નથી ને કે મારું મુખ સૌમ્યભાવને બદલે અરુચિ ભાવને ભજનારું હોય ? વાણી મીઠાશને બદલે કટુતાવાળી હોય ?" આ બધું છે કે નહિ તે પહેલું જોવું જોઈએ. દેખાય તો છે કે "એ સામો આવતો હતો, હું જતો હતો, મેં તેને બોલાવ્યો નહિ. પછી તે અતડો રહે તેમાં તેનો શું વાંક ? એ મળ્યો, મેં શિષ્ટાચાર કર્યો નહિ, પછી દોષ કોનો ?" જેનામાં કોમળતા વિશાળતાદિ લક્ષણ હોય, તે મોટા ભાગે જગતમાં પ્રિયદર્શન બને; એ સારા જગતનો પ્રેમ જીતી શકે, તો કુટુંબનો પ્રેમ જીતવો તેમાં શું મોટી વાત હતી ? પણ યાદ રાખજો ત્રણ લક્ષણ વિના અને વાંધા-વચકામાં પોતાના દોષના દર્શન વિના તે નહિ બને. તે બનાવીએ તો ભદ્રમૂર્તિ બનીએ. આપણા પર સૌ સ્નેહ રાખનારું અને આપણી હાજરી સૌને પસંદ પડે તેવું બને. આજની દશા જોતાં એનો એકડ એકથી અભ્યાસ કરવાનો છે. "કાલની નવકારવાળી બાકી છે, દાન બાકી છે," આવી બાકી ખેંચતા હતા, તેમ આ બાકી ખેંચવાની છે કે "કોઈ કઠોરતા, કોઈ કટુતા, કોઈ દિલમાં ક્ષુદ્રતા કે અનુચિતતા દિલમાંથી દૂર કરવાનું બાકી તો રહી ગયું નથી ને ?" "હા, અમુક જગ્યાએ હું કઠોર બની ગયો હતો. આહા ! એ બહુ ખરાબ ! હવે આ દોષો મારે ટાળવા છે. માટે આમ આમ કરું" કોઈ મિથ્યાદર્શનમાં પડ્યો હોય, પણ એનામાં કોમળતા, વિશાળતા, મધુરતા વગેરે શુભ લક્ષણો આવી ગયાં હોય તો તેણે એ વિચારવાનું કે "મારે પ્રભુનાં દર્શન રહી ગયાં, મારે સામાયિક રહી ગયું !" એને એ; આપણને આ બાકીમાં જવું પડે કે "હૃદયમાં જ્યારે મૃદુતા, નમ્રતા કેળવવાનો અવસર મલ્યો હતો ત્યારે તે હૃદયમાં કઠોરતા પૂરી ધન્ય અવસર પ્રાપ્ત થયો હતો, ત્યારે ઘમંડમાં આવી તે કટુવાણી કાઢી હતી" **હૃદયની કૂણાશ, દિલની મોકળાશ અને વર્તાવની યોગ્યતા એ**



**બધું કમાવા માટેના અવસર અહીં મલે છે.** પછી ક્યાં મલશે ? એ ખૂબી માનવ ભવની છે કે અહીં તારી સામે કોઈ ધમધમતો આવ્યો તો સમજ અને વિવેક હોવાથી કૂણું હૃદય રાખી શકાય છે, દિલ વિશાળ બનાવી શકાય છે. પશુ-બશુના ભવમાં ગયો ત્યાં પ્રસંગ તો એવા આવશે પણ સમજ વિવેકના અભાવે ગુણોની કમાઈ નહિ થાય. કોઈ લાકડી લઈને આવ્યું ઢોર પાસે, ત્યાં તે પશુના દિલમાં કૂણાશ, વિશાળતા કે વિવેક રહે ? કઠોરતા ભારે આવી જાય ને ? "મારું ચાલે તો શિંગડું મારી દઉં !" છૂટું હોય તો લગાવેય ખરું; ને બાંધેલું હોય તો મનથી ઘણું કરે. ક્રૂર રીતે કપાઈ મરવા છતાં કેટલાય પશુ મરીને નરકમાં જાય છે ! મનથી એટલું રૌદ્ર ધ્યાન કરવાના યોગ નરકનાં ભાતાં ઉપાર્જે છે. એનો ભવ એવો કે અહીં મહાપીડાના પ્રસંગમાંય ગુણોપાર્જન દુર્લભ છે. **જ્યારે આપણી પાસે ભવ એવો છે કે અલ્પપ્રસંગો મલે છતાં મહાન ગુણો સંપાદન કરવાની સોનેરી તક છે.** તે તકનો સોનેરી સદુપયોગ આ ભવમાંથી ચૂક્યા પછી નહીં થાય.

**જીવનમાં શાની વધારે અપેક્ષા છે ? :**

"કૂણું હૃદય, મીઠી વાણી, અને દિલની વિશાળતા કેળવવાના પાયા ઉપર ગુણો કમાવવાનું સહેલું છે. માટે જ એ ત્રણની કમાઈમાં બાકી રહે તો બાકી ખેંચે કે આટ આટલી જગાએ દિલની કૂણાશ, વિશાળતા ને વિવેકનો અહીં અહીં ભંગ કર્યો. વર્તાવમાં ઔચિત્ય ગુમાવ્યું; ઘણી મોટી ભૂલ કરી ! વારણ થાય એમ છે ? હા, બોલાવો એને કહો ભાઈ, જરા હું ઉતાવળીયો થઈ ગયો હતો. ભડભડીયો સ્વભાવ હતો એટલે બોલી ગયો ઉતાવળથી. માફ કરજો" વર્તાવની અનુચિતતા હતી, તેને જો પહેલેથી જ સુધારી શકાય એવી હોય તો સુધારી દેવા માટે જાગ્રતિ દિનપ્રતિદિન રાખીને, બાકી ભરપાઈ કરવાનો પુરુષાર્થ નિરંતર ફરતા સૂર્ય-ચન્દ્રની જેમ રાખીએ તો પાયાના આ ત્રણ ગુણના સહજ માલિક જરૂર બનીએ. પછીનું ચણતર તો આમ થયું સમજો. બહુ ભવ આથડવાની રામાયણ હોય નહિ. સામાયિક વગેરે અનુષ્ઠાન ઉચ્ચ છે; આત્માની ઉન્નતિ કરનારાં છે; અલંકાર જેવાં છે. પણ એ ન ભૂલવું જોઈએ કે તે પણ આ ગુણોરૂપ વસ્ત્રની અપેક્ષા રાખે છે. એ ગુણ સાથેનું સામાયિક ગગનમાં ક્યાં યે ઊંચે લઈ જાય છે ! તો સામાયિકની સાધના કરી શકનારા તમે આ ગુણોની ઉપેક્ષા કેમ કરી શકો ? એની તો ડગલે ને પગલે જરૂર છે. માટે જ જોરદાર દરકાર એના માટે જોઈએ. ધર્મની ક્રિયાઓ ઊંચી જાતના ગુણસ્થાનક અપાવે; પણ આ ગુણોની સહાય ન હોય તો ? કહો જોઉં મોટી અપેક્ષા શાની રહે છે ? પૈસાની કે કૂણાશ વગેરે ગુણોની ? અનાર્ય આર્યના ભેદ શેમાં પડશે ? વિચારો કે પૂર્વના અસંખ્ય ભવ પૂર્વેનો માનવભવ, અને આ હવે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

અસંખ્ય ભવ કાપનારો, ભવને ન વધારનારો માનવભવ-આ બેમાં ફરક પડશે કે નહિ ? ફરક આ, કે પૂર્વે અર્થકામની જ અપેક્ષા રહેતી; અહીં ગુણોની અપેક્ષા રહે છે. પરમાત્માની પૂજા કરતાં વીતરાગનું સ્વરૂપ કેવું ? પ્રભુએ કાર્યવાહી કયી કરી ? અને ઉપદેશ પ્રભુએ કયો આપ્યો ? આ ત્રણ વાતો વિચારીએ તો આ ગુણોની તમન્ના જાગે.

**પ્ર.**- એ શી રીતે ?

**ઉ.**- આ રીતે. વીતરાગના સ્વરૂપમાં કઠોર નિર્દય દિલ, સંકુચિત વૃત્તિ અને અવિવેકનો સર્વથા અભાવ છે. પ્રભુની કાર્યવાહી કોમળતાદિ ગુણોથી ભરેલી છે. પ્રભુનો ઉપદેશ પણ એનો છે. તો મારે એ વિના કેમ ચાલે ? પ્રભુભક્તિ આદિ ધર્મક્રિયાઓ દ્વારા જે આ ગુણો મેળવી શકાય તેમ છે, તેમ તે સિવાયના બીજા કાળમાં પણ તેનો અભ્યાસ કરી શકીએ એવું છે, તેમ ગુણોથી ધર્મક્રિયાના પુણ્ય કરોડો ગુણાં ઊંચાં થઈ જાય એમ છે, એવા ગુણોની જ સાચી ભૂખ રહેવી જોઈએ. બાકી પૈસા વગેરે તો કોઈ ચીજ નથી.

**ત્યારે ગુણો સિદ્ધ થાય :** ચન્દ્રાવતંસક રાજા દેશાવગાસિક વ્રતમાં બેઠા. પ્રતિજ્ઞા કરી કે 'દીવો છે ત્યાં સુધી અહીં જ ધ્યાન કરવાનું. બીજું કાંઈ નહિ.' ત્યાં દાસી આવી. દીવામાં તેલ પૂરવા એ જતી હો તો પૂરતી અટકાવવી જોઈએ કે નહિ ? ના એવું કાંઈ ન કર્યું. દાસીએ એક વાર તેલ પૂર્યું, બીજીવાર ખૂટ્યું કે પાછું પૂર્યું. અહીંયાં રાજાનું શું થાય ? નસો તૂટવા માંડી. હાડકાના બંધ હચમચવા માંડ્યા. દેસાવગાસિક વ્રત છે, પણ હૃદયની કૂણાશ હદપાર છે. તેલ પૂરતા પહેલાં દાસીને દબડાવી શકત. પણ વ્રત રાખ્યું હોત અને દાસી પર કૂણાશ ન રાખી હોત તો ? પણ જો કૂણાશ રાખી તો પહેલાં રાજખટપટ હતી, મહાઆરંભ ને પરિગ્રહના જમેલા હતા. પણ આટલું વ્રત કૂણાશ સાથે કર્યું કે ત્યાંથી કાળ કરીને દેવલોકમાં પહોંચી ગયા. એ ખેદજનક છે કે જરૂર પડ્યે ઉત્સવ-મહોત્સવ અને દાનનું કાર્ય કરે, પણ કૂણાશના વાંધા હોય. **દીવો નવા નવા તેલથી ચાલુ રહે, એ** ગમતી વાત હતી રાજાને ? એને તો ૦।-૦।। કલાક ધ્યાન માટે ચાલુ દીવાની આડ ધરી. પણ આ દાસી જબરી મળી. જો કે એ બિચારી અજાણ છે. તેથી વધુ વખત દીવો ઊભો રાખે છે. પણ આ તો કાઉસ્સગ્ગમાં જ ખતમ ! ધ્યાનમાં જ રહ્યા !! **ગમતી વાત હોય કે ન હોય, શરીર માને કે ન માને, આયુષ્ય ટકે કે ન ટકે પણ આ કોમળતા મૌલિક ગુણને જરાયે હાનિ નહિ પહોંચવા દેવાની !** આ ગુણના ઊંચા મૂલ્યને ન સમજનારને દેખાય કે આટલી નાની ક્રિયામાં આટલાં ફળ શાનાં લખી નાખ્યા છે ? એક દેસાવગાસિકમાં દેવલોક ? એક જ થાળી ખીરના દાનમાંથી રોજ નવી



નવ્વાણું પેટી ? પણ કહો કે એ ધર્મઅનુષ્ઠાનો કોમળતા અને વિશાલતા વિવેકરૂપી મૌલિક ગુણોની સાથે આચરાયેલાં, એનાં આ ફળ છે. એવાં શક્તિવાળાં અનુષ્ઠાન આચરવાં હોય તો જેમ બાકી પેલી ખેંચવી પડે, તેમ 'મારે અમુક ગુણો કેળવવા રહી ગયા' તેની પણ બાકી વારેવારે ખેંચવી પડે અને એ ભરપાઈ કરવી જોઈએ. જેમ પેલા પર પ્રેમ છે તેમ અહીં પણ પ્રેમ જોઈએ. **આ સ્થિતિ થશે ત્યારે સિદ્ધ થશે આ ગુણો !** આમ ગુણોને સિદ્ધ કરીએ, પછી સોનેરી દિવસ જોવા મલે. કેવો ? સંગમના ઉપસર્ગ વખતે દિલમાં કૂણાશ સલામત રહી શકે; અને એ બિચારો પાપથી ભારે થવા પર આંખમાં આંસુ ભરાઈ આવે, એવો !!

**બીજાની વિશેષતા કે સમાનતા સહી શકાતી નથી :** ગુણની સિદ્ધિ કેવી ? આપણી સામે કોઈ આવીને આપણી ભારોભાર નિંદા કરે, સાથે જ પેટ ભરીને બીજાની પ્રશંસા કરે, ત્યાં પણ દિલની વિશાળતા અને પ્રેમ સલામત રહે. સમજ્યા નહિ ? આ તો સામો આવ્યો અને કહે છે કે "શેઠ તમે તો ખૂબ ઉદાર હોં, મને તો હમણાં ખબર પડી કે અમુકને આવી સહાય કરી. સરસ કામ કર્યું !" પછી સાથે જ કહે. "અને સાંભળ્યું હશે તમે કે અમુક ગામમાં પેલા ભાઈ પણ ઘણા ઉદાર ?" આ છેલ્લું વાક્ય કહ્યું કે કમળ સંકોચાયું ! "અરે પણ તારી પ્રશંસા કરી છે ને ?" ના, તે છતાં દિલ સંકોચાયા વિના અને ઈર્ષ્યા જાગ્યા વિના રહે નહિ ! એ સંકુચિતતાને પછી પેલી **નિંદાને બુદ્ધિના ખલમાં લસોટે ! વિચારણાના દસ્તા ચડે.** જરા આગળ મૂક્યો, અથવા તો સમાન મૂક્યો કે ઝટ ઈર્ષ્યા આવે ! વિશાળ હૈયું સંકુચિત થઈ જાય છે. હા જો પેલાને જરા નીચો રાખે તો ત્યાં સુખી ! ત્યાં દિલ વિકસ્વર બને છે ! કેવી અધમ દશા ! અરે ! ચઢીયાતો નહિ પણ સમાન કહે એટલેય હોળી સળગે છે. **પ્રશંસા થાય છે અહીં આપણી, છતાં પણ એજ વખતે જો આપણા કરતાં બીજાની સમાન કે અધિક પ્રશંસા સહન કરવાની તાકાત નથી, તો જ્યારે આપણા ઉગ્ર પાપના ઉદય હશે અને આપણી જ સામે આપણી ઘોર નિંદા થતી હશે અને સામાની પ્રશંસા ગવાતી હશે તો તે વખતે સામાની પ્રશંસા સહી લેવા જેવી વિશાળતા ક્યાંથી લાવવી ?**

**ઊંચી કક્ષાએ ક્યારે પહોંચાય ? :** ત્યારે એ સ્થિતિએ પહોંચવા શું કરવું જોઈએ ? સંગમના ઉપસર્ગ આવે ત્યારે પણ કૂણા માંખણ જેવી કોમળતા સલામત રહે, એ સ્થિતિએ પહોંચવા પ્રાથમિક અવસ્થામાં ડગલે ને પગલે કૂણાશ સલામત રાખવી જોઈએ. કદાચ ભૂલી ગયા અને કઠોરતા આવી કે ખ્યાલ લાવીએ. **"કૂણાશની બાકી ખેંચી તેને ભરપાઈ કરવી જોઈએ. સામો જીવ છે; અનાદિના દોષોના મેરૂ નીચે દબાયેલો છે. એટલે એનાથી ભૂલ થઈ જાય. પણ તેથી તું ગુસ્સો**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**કરવા હકદાર નહિ !** એટલે પેલાને બોલાવીને કહે, "ભાઈ, હવે મારા દિલમાં કંઈ નથી તારા માટે." કૂણાશ આગળથી જ દઢ કરવા અને ભૂલ્યા ત્યાં કૂણાશની બાકી ખેંચી ભરપાઈ કરવાનું શું સમજીને ? એજ કે નાના નાના પ્રસંગોમાં જો આ નહિ સાચવું તો સંગમના ઉપસર્ગમાં શું સાચવીશ ? તેવા પ્રસંગોમાં માર જોરદાર પડવાનો અને પરિણામમાં શીરપાવ તરીકેની નરકની જોરદાર પીડા મેળવવાની. એ તો ભગવાન જેવા કો'ક બચી જાય. આપણે તો માર ખાઈએ અને ભવિષ્યમાં રખડી પણ જઈએ ! એટલે **માર ખાવા છતાં નરકની તૈયારી થાય. કેટલો ફેર ? કઠોરતા નરકમાં લઈ જાય. કૂણાશ સ્વર્ગ કે મોક્ષમાં લઈ જાય;** પણ અહીં સામાન્ય પ્રસંગોમાં જો કૂણાશ મોંઘી છે, આચરવાનું સામર્થ્ય નથી તે ઘોર ઉપસર્ગોમાં શું રાખી શકે ?

**અહીં હૃદયની વિશાળતા સલામત રાખો :** તેવું જ દિલની વિશાળતામાં "જ્યાં મારી પ્રશંસા કરે છે, પણ સાથે બીજાની પ્રશંસા કરે છે; ત્યાં મારે ઈર્ષ્યા નહી કરવાની. કેમકે **મારા પાપના કારમા ઉદય હોય ત્યારે મને અપમાન ને નાલેશી જ મલે. અને મારું કર્યું કારવ્યું પણ ધૂળધાણી થાય !"** વળી એકલી સામાની પેટી ભરીને પ્રશંસા કરશે તે વખતે ઈર્ષ્યાની મારે રોકવી મહાકઠીન ! તો મારે અહીં હૃદયની વિશાળતા સલામત રાખવાની. ન રહે તો બાકી ખેંચવાની. પહેલાં દિલ જે સંકોચાયું હતું, તે હવે થાય કે, "એમ ? ફલાણો મારાથી હોંશિયાર ? મારાથી ઊંચો ? ઓહો, તો તો બહુ સરસ !" કહો તો ખરા આટલો વિચાર કરવામાં શું જતું હતું ? ઈર્ષ્યા ને તુચ્છતાના વિચાર કરતાં દિલની વિશાળતા અને પ્રેમ ઊભરાવવા શું ખોટા ? ચાહીને સામાની વધુ વિશેષતાઓ શોધી શોધીને જોવાની. એટલે જૂની વિશાળતા કરવાની બાકી રહી તે પૂરી થાય.

**દોષોનું દર્શન કર્યા પછી જંપ ન જોઈએ :**

ઔચિત્યના પાલન માટે શું કરવાનું ? સામાન્ય સામાન્ય પ્રસંગોમાં એનું પાલન સલામત રાખવાનું. ભૂલભાલ થાય કે બાકી ખેંચવાની. હૃદયની કૂણાશ અને વિશાળતામાં બાકી રહી. તે બાકી રહ્યું એટલે હવે આત્માએ પોતાના દોષો જોવાનું કામ આરંભ્યું. એક ખૂબી જુઓ કે જેણે સ્વદોષદર્શન આદર્યું તેણે ખરી રીતે ગુણસ્થાનકની પાયરીએ ચઢવાનું પ્રારંભ્યું. આ એવું છે કે આપણે આપણી જાતને દોષિત જોતા હોઈએ છીએ પણ ગુણ આપણને ઊંચે ખેંચે છે ! મૃગાવતીએ પોતાના દોષ જોવા માંડ્યા, કે છટ્ઠા ગુણસ્થાનકથી સાતમું, આઠમું, નવમું...ઠેઠ તેરમાં ગુણઠાણા સુધી ખેંચાયા ઊંચે. એ શું કરતા હતા ? દોષ જોતા હતા. "કેવી હું અક્કરમી ? બીન શરમી ? હું રાજકુમારી, એટલે ? ઘણી જ ઉપયોગવંતી હોવી



જોઈએ. ત્યાં મેં આ શું કરી નાખ્યું ?" માત્ર પોતાના દોષનું નિરીક્ષણ ! આત્મા દોષનું નિરીક્ષણ કરે અને ગુણસ્થાનક ઉપર ખેંચે. આમ જોતાં ગુણસ્થાનક ઉપર ક્યારે ખેંચે ? જ્યારે આપણે ગુણમાં વધવાનો યત્ન કરીએ ત્યારે. પણ આ તો જોવામાં પોતાના દોષ દેખાય છે ને ગુણસ્થાનક ઉપર ખેંચે છે ! હાલતાં ને ચાલતાં સ્વદોષનું નિરીક્ષણ કર્યા કરવું જોઈએ. એમાં આગળ વધવું એટલે ? દિલ જંપે નહિ જ્યાં સુધી બાકી ભરપાઈ કરાય નહિ. **સ્વદોષનું નિરીક્ષણ બનાવટી ક્યારે ? કે એની બાકી ખેંચ્યા પછી એની ભરપાઈ કરવામાં અખાડા હોય.** જેમ એક દેવાદાર હોય અને કહેશે કે 'શેઠ, તમારા પૈસા શાહજોગ;' પણ આપવામાં ખામી હોય, તો પછી એ અખાડો કે બીજું કાંઈ ? તેમ તમે ગુરુને ઠગવાનો સફાઈબંધ રસ્તો રાખી લ્યો એટલે કહો ખરા કે "સાહેબ, અમે તો ઘણા દોષવાળા છીએ; પણ પાછુ દોષ સુધારવાની બાધા હોય, ત્યાં શું થાય ?" દોષના નિરીક્ષણ પછી દોષથી પાછા હઠવાની, દોષના પક્ષને મૂકવાની અને દોષના પાપને ગુરુ પાસે આલોચવાની પૂરી તૈયારી જોઈએ. પછી કદાચ એવા પણ દોષો હોય કે જે એકદમ છૂટે નહિ; છતાં એની બાકી ખેંચવી જોઈએ. **સ્વદોષ દર્શન સાચું ત્યારે કે એ બાકી ખેંચ્યા પછી એનો આત્માને જંપ ન હોય.** આ તો બહુ સહેલી વાત છે. દેણદાર વર્ષો સુધી દેવું ભરપાઈ ન કરી શકે, પણ શાહુકાર સમજે કે "આ દેવાદાર છે, પણ એને જંપ નથી, નિરાંત નથી !" તો એને લુચ્ચો નહિ માને; તેમ અહીં નિરીક્ષણ સાચું ત્યારે કે દોષોનું દર્શન કર્યા પછી એ દોષો બદલ જંપ ન હોય.

**સંસારનો વફાદાર સેવક ! :**

"કેમ ભાગ્યશાળી, ચારિત્ર લીધું નથી ? કેમ વ્યાખ્યાનમાં ટાઈમસર નહોતા આવ્યા ?" "સાહેબ, પ્રમાદ છે." આ આજનો જાણે ગોખી રાખેલો રજીસ્ટર્ડ જવાબ છે ! પછી એ પ્રમાદ દોષના દેવામાંથી ભરપાઈ કરવાનો આની ભાર પણ પુરુષાર્થ ખરો ? કહોને "પુરુષાર્થ ? એ જમાના ગયા મહારાજ ! આજે તો અમારી દુનિયામાં એવા તૈયાર છીએ કે જ્યાં ઉણપ દેખાય કે તરત જ એને પૂરી કરીએ ! બાકી આમાં શું છે ?" ગઈ સાંજે દૂધ પીવાનું બાકી રહી ગયું, તો આજે ડબલ ઠોકો ! પૈસા કાલે કમાવાના બાકી હતા તો આજે ચોવીસ કલાક ખડા રહીને પૂરા કરો ! આવી આવી સંસારની બાકીઓ ભરપાઈ કરાય છે. કેમ કરો છો ને ? હા, એનું નામ સંસારના વફાદાર સેવક ! **ધર્મનો વફાદાર સેવક તો તે કે જે આત્મા સંબંધી ત્રૂટી રહી ગઈ હોય, જે સુધારવામાં બાકી રહી ગઈ હોય તેને ભરપાઈ કરવા ચોવીસ કલાક તૈયાર હોય.** એનો ધર્મ ફક્ત પૂજા કે પ્રતિક્રમણ નહિ પણ એની સાથે સાથે "આ મૌલિક ગુણો અવસર મલવા છતાં કેળવવા બાકી રહી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ગયા, આ દોષો દૂર કરવા બાકી રહી ગયા...!" એમ બાકી ખેંચે; એટલે સામાયિક કરવા રહી ગયા એમ નોંધમાં એકલી સામાયિકની બાકી નહિ ! **જે ભવાભિનંદી છે તે તો જડની બાકી ખેંચવામાં શૂરો ને પૂરો; પણ જૈન અને મોક્ષેચ્છુ તો તે કે જે જિનનો અનુયાયી હોય અને આત્માની બાકીને ખેંચવામાં શૂરો હોય અને એને ભરપાઈ કરવામાં પૂરો સજ્જ હોય.** એનો અર્થ શું આવ્યો ? એજ કે સ્વદોષોને નિરંતર જોતા રહો અને સુધારવા મથતા રહો.

**ભયંકરતા અને ભયાનકતા "સીરિયસ અને ડેન્જરસ." :**

દોષોની બાકી ખેંચ્યા પછી ભરપાઈ શાના બળ પર કરાય ? બે જાતના દર્શન પર. હવે એ વાત જોવાની છે. 'જડના વિકાસમાં જીવનો વિનાશ છે,' 'જડ જેટલું ખીલે છે તેટલો આત્મા કરમાય છે; અને જડ વિના જેટલું નથી ચાલતું તેટલો આત્મા સ્વસુખ ગુમાવી દુઃખી થાય છે' આ બે વાત બરાબર લક્ષમાં રહે તો દોષોથી આવેલી ખામી નિવારવાનું થાય. એક માણસે જડના વિકાસમાં વિનાશ જોયો કે વિકાસ માંડી વાળ્યો. 'આપણે રેશમી કપડાં ન જોઈએ. સુતરાઉ ચાલશે; પણ સુતરાઉની દસ પેટીઓ ભરી રાખી.' આ જરૂર વધી તો દુઃખ પણ વધ્યું. **જડના વિકાસમાં પરિણામ ભયંકર છે અને જડની વધુ જરૂરિયાતોમાં પરિણામ ગંભીર છે.** એક ગંભીર એટલે કે 'સીરીયસ' અને બીજું ભયંકર 'ડેન્જરસ !' સાધુ બન્યો એટલે જડનો વિકાસ તો ન કરે; પણ જો જરૂરિયાતો વધારે તો સ્થિતિ ગંભીર થાય ! એમાંથી પછી ભયંકર થવાનો અસંભવ નહિ. માટે જ જરૂરિયાતનો રોગ ઘટાડવો જ જોઈએ. આ બધું કરવા નવી ગળથુથી બનાવવી પડશે. જૂની ગળથુથીમાં ઝેર પડ્યાં છે. તેને ઓકી કાઢવા પડશે. સંસારની શોભાથી સહેજે સંસાર સારો થાય, અને સંસારના ડહાપણથી સહેજે સંસાર મજબૂત થાય, એમાં નવાઈ નથી. બચ્ચું એક જ કપડું પહેરવા રાજી હોય, 'પણ ના, ચડ્ડી પહેર ને શર્ટ પહેર ! મોજા પહેર, ને બૂટ પહેર !' આમ નાનપણથી બચ્ચાને જડના વિકાસનો અર્થાત્ સંસારશોભાનો પ્રેમી બનાવે, એમાં એ પછી જડનો ગુલામ બનેલો ભલેને સોમા વર્ષના છેડે પહોંચ્યો, છતાં બીજાને સંસારમાં ખેંચવાની, ને પાડવાની તરકીબ ને પેરવી ભૂલી નહિ શકે.

**જરૂરિયાતોના ભૂખ્યા ડાંસ ન બનો : અસલના જમાનામાં આર્યકુટુંબો હોસ્પીટલ જેવાં હતાં. કોઈ ડૉક્ટરનું કામ કરે; તો કોઈ નર્સનું કામ કરે !** પાઠપોથી ઉઘાડવાની જરૂર નહિ. ડોસીઓ ડૉક્ટરનું કામ કરે; અને સ્નેહી સંબંધી નર્સ-કંપાઉન્ડર જેવા ! તમે અમારે ઘેર છોકરાને ન મૂકો; પણ તમે કુટુંબ હોસ્પીટલ બનાવી દો. સંસ્કારની સ્કૂલ બનાવી દો. આ બધાં એકડે એકના અભ્યાસ છે; ઊંડા



તત્ત્વજ્ઞાન નથી. એ અલ્પ જરૂરિયાત. માટે પ્રસંગની વાટ જોવાની જરૂર નથી. અહીંથી ઉઠશો કે અહીં જ પ્રસંગ છે ! ત્યાં જ અમલ કરવાનો. **એમ તો કર્મ બાંધી મારીને ક્યાં આપણી કેટલીય જરૂરિયાતો નથી ખૂંચવી લીધી ?** એવે વખતે પણ આપણે મરી નથી ગયા; જીવતા હતા. વળી જરૂરી સગવડો માટે જે વેઠ્યું તે બધું અગ્નિમાં ગયું ! જરૂરિયાત એક પણ ન મલી ! રોઈ રોઈને જીવ્યા છતાં બધું રુદન ભસ્મમાં ઘી નંખાયું એવી વાત થઈ. શું ? રાખમાં ઘી ! મનને કહો 'જ્યારે અહીંયા કર્મનો બાંધી માર્યો નથી; લાવ, જિનની આજ્ઞાનો બાંધી-માર્યો થાઉં ! થોડી ઘણી જરૂરિયાતોને દેશવટો આપું તો મરી જવાનો નથી, જીવીશ.' અને પરિણામ ? **જડની જરૂરિયાતો કાપીને જીવન નભાવ્યું તેના અમાપ શુભ પરિણામના લેખાં અજ્ઞાન છદ્મસ્થ એવા આપણે કાઢી શકીએ નહિ !**

**ભિખારીનું દૃષ્ટાંત :**

એક રખડતો ભિખારી, રોજ માગી ખાનારો ! માગતાં માગતાં વધારે મલી જતું; તેથી ખાઈ ખાઈને પેટ બગાડ્યું ! તેથી શરીર બગડી ગયું ! તેને કોઢ રોગ થયો. શાથી આમ ? કહો, 'મલે છે તો કેમ ન ભોગવવું ?' આ સૂત્રનો અમલ ! **અંદરથી જરૂરિયાતોનો ભૂખ્યાં ડાંસ જેવો હોય તેને પુણ્યના યોગે મળ્યું તો ખત્મ થઈ ગયો સમજી લો !** તે જીવતો છતાં મુઆ જેવો.

**પ્ર.-** ઘણું મળે છતાં કોણ બચી શકે ?

**ઉ.-** અંદરથી જે જરૂરિયાતોનો ભૂખ્યો ડાંસ ન હોય.

**પ્ર.-** અંતરથી ભૂખ્યો ડાંસ કોણ ન હોય ?

**ઉ.- જડની વધુ જરૂરિયાતોમાં વધુ દુઃખનાં જે દર્શન કરતો હોય.**

પેલો ભિખારી તો રોગથી ત્રાહ ત્રાહ પોકારી ગયો. ત્યાં અચાનક તેને એક મુનિ મલી ગયા ! એટલે કહે છે,

"મહાત્મા દેખાઓ છો, તો જુઓને હું કેવો છું ? કોઈ જડીબુટ્ટી બતાવો. ભલું થશે તમારું, અંતરની આશીષ દઈશ."

એટલે મુનિ કહે છે, "ભલા માણસ, જડીબુટ્ટી તો તારી પાસે જ છે !"

"ના ના, સાહેબ, મશ્કરી કાં કરો ?"

"સાચી વાત છે, મશ્કરી નથી. આ રોગ શાથી થયો તે તું જાણે છે ? બહુ ખાવાથી ! બહુ પ્રકારનું ખાવાથી ! આ બંને તત્ત્વ મારે છે જીવને. **ભોજન પ્રમાણમાં ઓછું હોય છતાં ઘણા પ્રકારનું હોય; તે પણ મારે ! અને પ્રકાર ઓછા હોય, ને પ્રમાણ ઘણું હોય, તો તે પણ મારે !** હવે જડીબુટ્ટી તારી પાસે છે ! બહુ ઓછું ખાવાનું. બહુ જ ઓછી ચીજ ખાવાની. એમાંયે ચોવીસ કલાકમાંથી બાર

કલાક તો નહિ જ ખાવાનું. બોલ કબુલ છે ?'' ''હા, કરાવો પચ્ચખ્ખાણ બાપજી, કે રોજ **એક જ અનાજ, એક જ શાક અને દૂધ, દહીં, ઘી, ગોળ વગેરેમાંથી એક જ વિગઈ !** એય ઉણોદરી રાખીને ખાવાનું.'' ભિખારીએ જરૂરિયાતો પર કાપ મૂક્યો. અંદરથી ભૂખ્યો ડાંસ બન્યો હતો, વળી પુણ્યના ઉદયે ભીખમાંય મળતું હતું ! **પુણ્ય-ઉદય પણ નખરાબાજ છે ! કે ભિખારીને ભરપાઈ કરી આપે અને શાહુકાર અને કુલીનને ક્યારેક ત્રણ ત્રણ દિવસના કડાકા ઊડાડે !**

**''ડાંસ જેવી ભૂખ મીટાવાનો એ પુરુષાર્થ છે'' :-** ભિખારીએ દુઃખ પ્રત્યક્ષ જોયું, અને જ્ઞાનીના મુખે પર-લોકનાં દુઃખો સાંભળ્યા જાય એમ નથી. શાનાં ? જરૂરિયાતોનો ભૂખ્યો ડાંસ બનેલો મનથી એવાં કાળાં કર્મ ઉપાર્જે છે કે જેના યોગે નીપજનાર દુઃખ પરલોકમાં સહાય એમ નથી; સાંભળ્યાં જાય એમ નથી. નરકના દુઃખના વર્ણન સાંભળી થરથરી જવાય છે.

''શું કહો છો ? એવાં દુઃખ ? એને ટાળવાનો ઉપાય બતાવો. હવે મારે તે દુઃખ નથી જોઈતા ! હવે બસ, હવે તો ઉપાય બતાવો.''

**''લે ઉપાય. જડની વધારેલી જરૂરીયાતો એ પરલોકના દુઃખોનું સર્જન કરે છે.** તે દુઃખો સહ્યાં તો જાય એમ નથી; પણ સાંભળ્યાય જાય એમ નથી !''

આ વાત પેલા ભિખારીને બેઠી, કે પછી એક જ ધાન્ય, એક જ શાક અને એક જ વિગઈનો નિયમ કર્યો. પહેલાં કેટલી જરૂરિયાતો હતી ? ને હવે કેટલી છે ? ખતમ ! દરિદ્રતા ગઈ ! અને એક શેઠને આ ભિખારી પુણ્યવંતો થઈ લાગ્યો; કેમકે તે દુકાને બેઠો ને કમાણી વધી ! ત્યાં એને ભાગમાં લીધો. અને આગળ વધીને શેઠ થયો. લાખોનો માલિક બન્યો. ઘેર મોટી રસોઈ થાય છે, પક્વાન્નના જલસા ઊડે છે ! પણ આને પોતાને તો **એકજ અનાજ, એકજ શાક ને એક જ વિગઈ ! સમજે છે કે ''આપણી જરૂરિયાત ઘટી કે પરમાર્થનો માર્ગ મોકળો થાય.''** એનું પરિણામ શું ? નિમિત્તિયાએ અવશ્ય ભાખેલી દુકાળીને આણે બીજા ભવમાં ત્યાં જન્મવા માત્રથી ફેરવી નાખી ! મનુષ્યપણે જ્યાં જન્મ્યો ત્યાં રાજાને કહેલું નિમિત્તિયાએ કે બાર વર્ષની દુકાળી પડશે. પણ આનો જન્મ થયો કે દુકાળી ફરી ગઈ. પૂરપાટ વરસાદ થયો. ભરપૂર પાક થયો. ત્યાં જ્ઞાની મહર્ષિ પધાર્યા અને કહ્યું,

''નિમિત્તિઓ સાચો છે.''

એટલે રાજા કહે છે, ''તો દુકાળી કેમ ન થઈ ?''

''રાજન્ ! એના ગયા પછી એક વિશિષ્ટ કારણ બન્યું તેથી તે ન થઈ. શું એ વસ્તુ હતી ? **જડની વધુ જરૂરિયાતમાં દુઃખનાં વધુ દર્શન કરીને અનાદિની**



**ડાંસ જેવી જરૂરિયાતની ભૂખ પર કાપ મૂક્યો તેના પર. એ પુરુષાર્થનું આ પરિણામ છે.''** શું ભારે પડે આમાં ? ''જિનની આજ્ઞાથી બાંધી માર્યો. થોડી ઘણી જરૂરિયાતોને કાઢી નાખું, તો એનાથી મરી જવાનો નથી. જીવન નહિ ચાલે એવું નથી. અને પરિણામમાં ફળની સીમા નહિ. હિસાબ નહિ !

**જડના પૂરમાં તણાવાનું ન બને ! :** શાલિભદ્રના જીવે કર્યું કે ''હું ખીર નહિ પીવું તો ચાલશે પણ મહાત્માને પીવા દો.'' આ જરૂરિયાત કાપી. હું પીઈશ એટલે તો જડની જરૂરિયાત ઉપાડીશ. અને જરૂરિયાતનો રોગ છે. તેને કાપી નાખીશ તો સુખ છે. આમ કંઈ આપવા નીકળતા નથી પણ અવસરે આટલું ડહાપણ રાખવું જોઈએ કે 'આ અવસર મળ્યો છે તો ઉઠાવવાં છે એનાં મીઠાં ફળનાં અમાપ લાભ !' એ વાત જીવનમાં આવે ને પછી બહુ માન-મોભાની કાંક્ષા ઓછી કરી, બહુ ખાન-પાનના વૈભવની જરૂરિયાત કાપી, બહુ પૈસાની જરૂરિયાત ઘટાડી, કે પછી જ્યાં ત્યાં **ઔચિત્ય પાલન** કરતાં વાર નહિ.

આ ત્રીજો ગુણ કેળવવા માટે, યાદ કરી લો કે, જડના વિકાસમાં જીવના વિનાશના દર્શન, સતત દુઃખનાં દર્શન, હુબહુ કરવાનાં છે. પછી વિકસેલી જડની વેલ આપણને મહેકાવે નહિ, ઊભરાવેલ જડના નીર આપણને પૂરની જેમ તાણી જાય નહિ ! જડની જરૂરિયાતનો ભૂખ્યો જીવ સંસાર પ્રવાહના પૂરમાં તણાઈ જવા માટે એક કીડી જેવો છે, તે ટાળવા અને ઔચિત્યપાલન જાળવવા પુરુષાર્થી બનો.

## • યોગાવંચક •

**યોગાવંચક-ફલાવંચક અને ક્રિયાવંચક :**

પરમ ઉપકારી સમર્થ શાસ્ત્રકાર મહર્ષિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ યોગદૃષ્ટિ ગ્રંથમાં યોગની પહેલી દૃષ્ટિના વિવેચનમાં, ચરમાવર્તમાં આવીને ભાવમળનો નાશ કરનારો જીવ ત્રણ લક્ષણવાળો હોય છે, તે વાત બતાવી ગયા. હવે કહે છે કે એવા લક્ષણવાળો જીવ ભદ્રમૂર્તિ-મહાત્મા છે. એથી જ એને એવો પ્રશસ્તકોટિનો નિમિત્ત સંયોગ પ્રાપ્ત થાય છે, કે જેના યોગે યોગદૃષ્ટિનો વિકાસ સરળ બને છે. પ્રશ્ન થશે કે,

**પ્ર.-** શી રીતે શુભનિમિત્તનો સંયોગ મળે છે ?

**ઉ.-** 'અવંચકના ઉદયથી.'

**પ્ર.-** 'અવંચકના ઉદયથી' એટલે શું ?

**ઉ.-** એના માટે લખે છે કે ''આગળ પર જે સમાધિ કહેશે તેના ઉદયથી''. એવા પ્રકારની એ સમાધિ છે કે જેના ઉદયે સફળ સદ્યોગાદિનો સંયોગ પ્રાપ્ત થાય



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

છે. મુખ્ય ત્રણ વાતો બતાવવાની છે યોગ, ક્રિયા અને ફળ. એ ત્રણે પરથી કહેવાય છે યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક. ત્યારે એ પૂછોને કે,

**પ્ર.**- યોગદષ્ટિનો વિકાસ સાધવો છે તેમાં એની શી જરૂર પડી ? માનો કે યોગ એટલે કે સદ્ગુરુનો યોગ ન થયો, પછી ફરમાવેલી ક્રિયા અને એનું ક્રમશઃ ઉત્પન્ન થતું ફળ, તેનો યોગ ન મળ્યો, તો તેટલા માત્રથી, જે યોગદષ્ટિ લાવવી છે તેને શું હાનિ થાય ?

**ઉ.**- નિશ્રેયસ એટલે મોક્ષ. તે મોક્ષના સાધન તરીકે પ્રથમ પગથીયે સદ્ગુરુનો યોગ જ છે. "આપણે તે યોગની જરૂર નથી. ઘેર વાંચી લઈશું પુસ્તક ઉઘાડીને;" ના, તેનાથી મોક્ષ નહિ થાય. પેલાં જે યોગાવંચકાદિ છે તે આવશ્યક સાધનો છે મોક્ષનાં. **જે મોક્ષના સાધન જ્ઞાનીએ કહ્યાં એની ઉપેક્ષા કરનારો મોક્ષની અને મોક્ષોપદેશકની ઉપેક્ષા કરનારો બને છે.** માત્ર વાંચી લેવાથી સાચું જ્ઞાન ન મળે. ગુરુની પાસેથી જ્ઞાન લેવું જોઈએ. ત્યાં બેપરવાઈ એટલે જાતનું અહંત્વ પોષાય છે. એ પછી શી રીતે મોક્ષાપયોગી યોગદષ્ટિમાં આગળ વધી શકે ? યોગદષ્ટિ માગે છે હૃદયની કૂણાશ અને નમ્રતા.

**પહેલા નંબરનો સદુપયોગ :-** 'ઘેર બેસી વાંચી લઈશું, ગુરુ પાસે જઈએ, તો બે કલાક બગડે ! અને પાછું મલે ઘણું થોડું ! ત્યારે ઘેર તો એટલામાં ૫-૫૦ પાનાં વાંચી શકાય !" જાણો છો આમ મન મનાવવાથી શું નુકસાન ? એ, કે વાસ્તવિક મોક્ષનું સાધન છૂટી જાય. **શાસ્ત્રો લખનારા મહાપુરુષો છે. જેમણે આત્માના ઉદય માટે આંતરશુદ્ધિની, એના માટે સ્વાધ્યાયની, અને એના માટે પ્રાથમિક ગુણોની આવશ્યક્તા બતાવી છે.** એજ મહાપુરુષ લખે છે કે આ **સદ્યોગ** જ મોક્ષના સાધનભૂત છે. એ શું સમજીને લખતા હશે ? એ કે "અમે પણ એક વખત ઘમંડથી ઘૂમતા હતા. એ તો સદ્ગુરુ મળે નહિ, અને અમારા દેદાર ફરે નહિ. જો સદ્ગુરુનો યોગ પ્રાપ્ત થાય નહિ, તો મુક્તિમાર્ગની સાધના આવે નહિ. આજે હજારો માણસોએ આ સ્વજીવનમાં અનુભવ્યું છે. તેમ શાસ્ત્રનાં પાનાં તો કહે છે જ. ભૂતકાળનો ઈતિહાસ પણ ભરચક ભરેલો છે કે જેમાં (૧) અધમાધમ આત્મા પણ સદ્ગુરુનો યોગ મળ્યે છતે પરમાત્મા બની ગયા ! અને (૨) જે સદ્ગુરુનો યોગ મળ્યા છતાં તેનો અનાદર કર્યો તો રખડી ગયા ! જમાલી રખડી ગયો ને ? મરીચિને રખડી જવું પડ્યું ને ? શાથી ? સદ્ગુરુનો યોગ છતાં અવગણના કરી. યોગ સાધ્યો જેમણે એવા દઢ-પ્રહારી કે અર્જુનમાલી તરી ગયા ! ચંડકોશીયો કે શૂલપાણી દ્રોહી કહેવાય. કોના ? પરમાત્માના દ્રોહી ! સામાન્ય દ્રોહીની તો જુદી વાત. શૂલપાણીએ રાત્રિભર પ્રભુ પર ક્રૂરતા વરસાવી, અને ચંડકોશિયાએ બચકાં



ભર્યાં ! આવા દ્રોહી જેવા પણ પહેલા યોગાવંચકનો ઉદય પામ્યા. કે કામ થઈ ગયું ! માંડ્યા ચઢવા. પડવાનું બંધ !

**પ્રભુદર્શનનું "ઈથર" ! : યોગાવંચક પામેલા ચંડકોશિયાએ મીઠી પ્રભુમુદ્રા દેખ્યા પછી, ભલે કીડીઓ શરીરને કોચી ખાય પણ દિલમાં કટુતા શી રીતે લવાય ?** પ્રભુની મુખમુદ્રા જોયા પછી શું થયું ? મીઠાશ આવી ગઈ. ખાટું બોર ખાઈએ તો ખાટાશ આવે અને મીઠું ખાઈએ તો મીઠાશ ! સર્પના હૃદયમાં મીઠાશ વ્યાપી ગઈ અને **એ અજોડ મીઠાશ એટલે એનો સ્વાદ હવે ભૂલ્યો ભૂલાય નહિ અને દૂર કાઢ્યો દૂર જાય નહિ.** અમૃતફળ ખાધું હોય તો મોંઢામાં મીઠાશ લાગ્યા જ કરે. તેમ અહીં એને દયાસાગર વીર પ્રભુ જેવા સદ્ગુરુનો યોગ થયો, એમની મીઠી મુખમુદ્રા જોઈ કે આત્મામાં મીઠાશ મીઠાશ આવી ગઈ ! હવે કીડીઓ કોચી ખાય શરીરને, પણ હૈયામાં કટુતા આવે જ શી રીતે ? એ તો મીઠાશ નથી ત્યાં કડવાશ છે. લાંબુ શાસ્ત્ર ન ભણેલો હોય, ઊંડા તત્ત્વનો જ્ઞાતા ન થાય, તો પણ ભયંકર ઉપસર્ગોમાં સમતા અને સમાધિ શી રીતે રાખી શકે ? તત્ત્વો ભણેલો તો તત્ત્વો વિચારીને રાખે, પણ એ તત્ત્વો ખ્યાલમાં ન હોય તો શી રીતે સમતા-સમાધિ રહે ? "મેં કોને જોયા ? કયા ગુરુને ધાર્યા ? માલિક કોને સ્વીકાર્યો ? વીતરાગ પરમાત્માને ! અનંત જ્ઞાનીને, અને આત્મ સ્વરૂપમાં નિરંતર રટણ કરનારને. હવે ? હવે તો એ માલિક મળ્યા પછી બીજે શા માટે ફાંફા મારું ? એવા દેવાધિદેવને માથે ધર્યા પછી પુદ્ગલની બહુ ખટપટમાં હું પડી જાઉં ?" બાપે દીકરાને કોલેજ સુધી ભણાવ્યો. કેટલું ભણ્યો છોકરો ? ઘણું. હવે ધારો કે એક નાનો સરખો હિસાબ ગણવાનો હોય, ને દીકરો ભૂલ કરે તો ? આટલું ભણેલો તેની પાસેથી એટલી અપેક્ષા તો જરૂર રહે ને કે પ્રાથમિક ગણિતમાં તો ભૂલ જરાયે ન રહે ? તેમ મેં અનંતજ્ઞાનીની મુલાકાત લીધી. એમને જોયા, ને જાણ્યા. જેમને એકાંતે આત્મસ્વરૂપમાં જ રમણતા છે; પુદ્ગલ રમણતાનું ઝાંખુ કિરણ પણ નથી. મોટી ઈંદ્રાણીઓ કે રત્નના સમવસરણાદિ પણ વિસાતમાં નથી, જડનું લેશ માત્ર આકર્ષણ નથી. એવા પરમાત્માને જાણ્યા પછી કદાચ ભૂલ થાય તો તે કદાચ ઊંચી બાબતમાં થાય; પણ છ દુ બારમાં ભૂલ થાય ? જડની ખટપટ ન કરવી જોઈએ, છતાં પણ કરી નખાય, પરંતુ તે કેટલી ? જીવનની આવશ્યક્તા પૂરે એટલી જ ધાંધલ. કપડું અડધાને બદલે આખું જોઈએ તેટલું જ. ફાટેલું નહિ, સાંધેલું, મેલું નહિ પણ ધોયેલું, આટલી જ જરૂરિયાત બસ છે; પણ ના, અહીં તો ઈસ્ત્રી કેમ નથી ? કોલર ઠીક કરો. ઊંચા છે તે નીચા કરો. હું મનને જરા પણ થાય છે ખરું કે એકલા આત્મસ્વરૂપમાં જ રમણતા કરનાર પરમાત્માને જાણી આવ્યો, ને માથે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

લઈ આવ્યો છતાં જડમાં રમવાની આવી ભૂલ કરું છું ? શાસ્ત્ર નહિ ભણેલો, તત્ત્વો ઊંડાં નહિ સમજેલો આત્મા, ચંડકોશિયો, એણે કીડીઓથી કોચાતાં જે સમાધિ રાખી તે શી રીતે ? એ રીતે કે "હું કયા દેવાધિદેવને માનનારો છું ? અને કોનાં દર્શન મેં કર્યાં છે ?" **"ત્રણ જગતના રાજાનાં દર્શન પામ્યો !" એ દર્શનને અમૃતથી પણ અધિક મીઠાશવાળાં ગણ્યાં !** આ દિવ્યદર્શનની મીઠાશ જે હૈયામાં ઉતરી તે સામાન્ય પ્રસંગોમાં કટુતા કેમ લાવે ? ચંડકોશિયાએ સમજ શી રીતે રાખી ? યોગાવંચક પામ્યો. સદ્ગુરુનો યોગ અને એમનાં દર્શન કર્યાં. મીઠાશ એટલી વ્યાપી ગઈ છે કે કડવાશ ક્યાંથી લાવવી ? 'દૂધમાં એળીયો નાખીએ તો કટુતા જોવા મલે; પણ ધરાખ નાખો અને કહો કે જરાક કટુતા લાવોને...' બની શકે ? તેમ ચંડકોશિકને પ્રભુદર્શનની મીઠાશ એવી વ્યાપી ગઈ છે, કે કટુતા શી રીતે કરું ? "પણ આ લોહીની સેરોના ફૂવારા ઊડે છે ! કીડીઓ તીક્ષ્ણ દાંતથી ડંખી રહી છે તેની પીડા નથી ? છે, પણ એ **પીડાની સામે પેલા યોગાવંચકથી દર્શન કરેલાં છે તેનું 'ઈથર' એવું છાયેલું છે કે આ પીડાની ખબર નથી પડતી !** ડૉક્ટર ઈંજેક્શન મારે છે તો ઈથર છાંટીને તેવું આ દર્શન, એની કરામત છે, જાદુઈ કરામત છે કે શરીર આટઆટલું કોચાય છતાં પીડા નહિ !

**આ કાયા હરામડી છે ! :-** "શરીર મારું નથી, રહેવાનું નથી. જો તે મારું હોત તો મને પીડા આપત ? દીકરો !" આવું કયા દીકરા માટે માનો છો ? જે દીકરો બાપને સવારથી સાંજ સુધીમાં દસવાર ગોદા મારે અને ત્રીસ વાર ગાળ દે તે ને ? તો "જે શરીર મને પીડા આપે છે, તે શરીર મારું ?" ના, પણ આપણને લાંબુ જોવાની દૃષ્ટિ નથી, કે શું જોઈએ છે. જીવ નરકમાંથી બહાર પડે છતાં રાડ પાડે. માણસ મરીને સ્વર્ગમાં ગયો, અહીં એના મડદાને ગીધડાં ચૂંથે છે, તો ત્યાં રાડ પાડવી જોઈએ ? તેમ અહીં પીડા કોણ આપે છે ? કીડી નહિ પણ શરીર. તેને આપણું માન્યું તેથી આપે છે; પણ જો ભેદબુદ્ધિ થાય તો પીડા ન મલે. "તું છે માટે જ પીડા છે. અનંત સિદ્ધો અનંતસુખમાં લહેર કરે છે, તે શાથી ? કોઈ મારનાર નથી માટે ? ના શરીર નથી માટે; યાદ રહે તેવી વાત છે. માથુ ભટકાયું કે થાંભલા પર ગુસ્સો અને ઠોકર લાગી કે ઈંટ પર ગુસ્સો ! 'ક્યાં આ વચમાં આવ્યા !' પણ કોઈ દિ' કાયા પર ગુસ્સો કર્યો ? કે "આ હરામડી છે કે આ બધું છે. ઠિંગણો હોત તો કંઈ નહિ; પણ લાંબી તાડ જેવી કાયા થઈ કે પછી ભટકાવું જ પડે કે બીજું કાંઈ ?" જીવને પીડા કોણ આપે છે ? શરીર. માટે એ **શરીર મારું નહિ. 'મારું' એટલે વહાલથી મારું કરવા જેવું નહિ ! પૂછો.**

**પ્ર.**- માની લીધું કે 'વહાલથી રાખવું નથી શરીરને.' પણ ઉપયોગી તો ખરું



ને ? તો એટલી એની કિંમત આંકવી કે નહિ ? ના, જે મહેમાન ઘરમાં આવીને મીઠી મીઠી વાત કરતો હોય પણ ત્રીજે દિવસેજ ગુજરાત મેલમાં રવાના થવાનો હોય, તો તેની મીઠી વાતો પર આશા બંધાય ? આ શરીર પણ મારું તો નથી જ, પારકું છતાં રહેવાનું નથી. જવાનું છે ! હશે જવાનું છે પણ અલ્પકાળ તો છે ને ? તો, રહ્યું છે છતાં એવા ધંધા કરે છે કે એ ભવિષ્યમાં મારું કંઈ અજવાળવાનું નથી ! ઊલટું પાપનાં પોટલાં અને આહારાદિ સંજ્ઞાઓના દૃઢ સંસ્કાર સાથે વળગાડનારું છે. પરમાત્માના દર્શન અને સદ્ગુરુના યોગની મીઠાશ આવ્યા પછી કટુતા આવે નહિ. કટુતા લાવનાર છે શરીર. શરીર અંદરના જીવને શિખવાડે છે કે "જો આ તારું લૂંટી લીધું. તારું ખાવાનું રહી ગયું." "અરે, મારું શાનું ? એ તો તારું રહી ગયું. તારે તે જોઈએ છે. મારે આત્માને કંઈ નથી." આમ જવાબ કોણ આપે ? વાત તો સાચી છે કે શરીરને જોઈએ છે, ને જીવના માથે ચઢાવે છે. **આભૂષણ** પહેરવાં રહી ગયા; પણ પરમાત્માને આભૂષણ ચઢાવવાં રહી ગયાં, તેની ફરિયાદ શરીર કરે ખરું ? એટલે **આ શરીર નથી મારું, નથી રહેવાનું, અને છે તો એવી કોઈ સારી કરણી કરી અજવાળવાનું નથી. આવી ત્રણ ખાસીયતવાળું શરીર ખેંચાઈ જતું હોય તો મારે રોવાની શી જરૂર છે ? એ તો પીડા છે. જાય તો ઘણું સારું !**

**કાયા નથી તો પીડા જોવાની નથી :-** ભદ્રમૂર્તિ અને મહાત્મા બનેલો આત્મા તેને શુભનિમિત્તનો સંયોગ થાય છે. તેમાં **પહેલો શુભ સંયોગ કયો ? સદ્ગુરુનો યોગ.** તેને અતિ દુર્લભ સમજી સફળ કરો, એટલે ક્રિયાવંચક-ફલાવંચક લઈ ઉપડ્યો ઊંચે ! કહો, **સદ્ગુરુ યોગ પ્રાપ્ત થયો કે એના સદ્ભાગ્યના રસ્તા ખુલ્લા થઈ ગયા.** એટલું બધું મહાત્મ્ય છે ? હા ! એના પ્રતાપે ચંડકોશિયો અવસરે સાધુને ટપી જાય તેવી સમાધિમાં ચઢ્યો. હજારો કીડીઓ આખા શરીરે ! પૂંછડેય ખરી ને મોંઢામાં પણ ખરી ! આંખમાં ને છાતીમાં ! **આંખના આખા ભાગમાં પેસીને કોચી કોચી આરપાર જતી હશે તે પીડા કેટલી ? પણ એ પીડાની તાકાત નથી કે એના દિલમાં વ્યાપેલી પ્રભુ દર્શનની મીઠાશને મીટાવી કટુતા લાવી શકે !** માણસને આપઘાત કરવાનું મન કેમ થાય છે ? બજારમાં આબરૂ જાય કે લોકોનાં દેવાં ચઢી ગયાં હોય. "મારાથી આ પીડા વેઠાય નહિ, માટે એ પીડાનું ઉત્થાન આ કાયા તેને જ કાઢો ! આંખોથી ખરાબ જોવાનું માટે બળવાનું છે ? માટે મૂકો બધું !" આમાંથી જોવાનું એટલું જ છે કે "હું કાયાના ભેગો હોઉં અને જોવું પડે તો દુઃખ છે માટે જવા દો એ કાયાને પાટા પર ટ્રેનની નીચે કે કૂવામાં ! કાયા નથી તો પીડા જોવાની નથી." આમ માન્યું તો ખરું પણ લાંબો વિવેક નથી એટલે ભૂલી ગયો

કે આ તો આ કાયા કાઢી શકાય, પણ પછી ભયંકર કાયા મલી તો ? તિર્યંચની કોઈ કાયા મલશે એટલે છ છ માસ માલિક કચરશે છતાં તારું મોત નહિ થાય. નરકના જીવને પીડા આપનાર પરમાધામી મરીને એવા મનુષ્ય મત્સ્યના અવતારમાં જાય છે કે છ છ મહીના સુધી યંત્રમાં પીસાય છતાં મરે નહિ ! પીડા અનેક જાતની થાય. એનું ક્ષેત્ર પણ પીડા આપે, અન્યોઅન્યની પણ પીડા હોય, સ્વયં અશાતા હોય કે માથામાં શૂળ ઉપડે ! આ બધી પીડા કરતાં અનંત ગુણી પીડા નરકમાં ! અસંખ્યવાર કપાય છૂંદાય છતાં મરે નહિ ! નરકની પીડાનું માપ અંકાય એમ નથી. તો આપઘાતની પીડા નોતરનારો પછી કર્મની સજામાંથી બચી ગયો ? ના, એ તો કંદોઈને ત્યાં દુધપાકનો ઓર્ડર અપાય અને તે તે વખતે વાનગી ચખાડે તેટલું જ, તાવડો તો પછી.

**દુનિયાદારીનો આપઘાત અને વ્રતરક્ષાનો આપઘાત ! :**

તિર્યંચની ગતિ કેવી ? આ પરમાધામી જે મત્સ્ય થાય, તેને પકડવા યંત્રો ગોઠવેલાં હોય છે. એમાં એને ખેંચી લાવવા માંસના ટુકડાઓ લઈ જઈ ઠેઠ કિનારાથી યંત્ર સુધી ગોઠવે છે. પેલા મત્સ્ય ફરતાં ફરતાં ત્યાં આવે કે આ ટુકડા નાંખતા નાંખતા આગળ ચાલે છે, પેલા પાછળ પાછળ આવે, વચ્ચે અંતર ઘણું હોય. એમ કરતાં કરતાં પેલા યંત્ર આગળ આવે, માંસના ટુકડા પણ નાખે છે. પેલો મત્સ્ય આવીને તેમાં પડે પછી દિવસ બે દિવસ નહિ પણ છ-બાર મહિના યંત્રમાં પીલાવાનું કામ ચાલે. એની અંદર રહેલી ગોળી કાઢી લેવાનો પુરુષાર્થ એવો છે, એમને એમ મલે નહિ. હવે કલ્પના કરો કે જીવતા જીવે આ બાર મહિના પીસાતા હશે તેની કેવી સ્થિતિ હશે ? એકલું પીસાયાજ કરવાનું ! ખાવાનું નહિ, પીવાનું નહિ; બસ કચરાયા વટાયા કરવાનું. આ બધું શાનું પરિણામ ? કાયા વળગી છે એનું. **કાયાથી સદાને માટે આત્માનો છૂટકારો થાય તો જ દુઃખનો અંત આવે.** એ નહિ ત્યાં સુધી પીડા ખરી. દેવગતિમાં કાયાને અપમાન અવગણના સહી જાતી નથી. કાયા ઈર્ષ્યામાં સળગે છે. મનુષ્યગતિમાં કેટલી વેઠ, મજૂરી, ત્રાસ ! તિર્યંચગતિમાં તો ભૂખ, તરસ, મારપીટ મળે ! ત્યારે નરકગતિમાં તો કાયાને કાપણકૂટણ અપરંપાર ! આપઘાત કરનારને ભાન નથી. છૂટો થવા ગયો ને પછી પેલા મત્સ્યની કાયા કે નરકની કાયા પકડાઈ ગઈ તો અહીંના કરતાં ભયંકર ઉત્પાત થશે ! આપઘાતમાં દુર્ધ્યાનમાં દુર્ગતિ થાય છે. બલાત્કારે કાયામાંથી આત્માના છૂટકારા વખતે શુભ ધ્યાન રાખવું મુશ્કેલ છે. જો બલાત્કારે અંત લાવવો છે તો પીડા અપરંપાર થવાની ! એમાં ઝટ દુર્ધ્યાન થશે ! સ્થૂલદૃષ્ટિએ દેખાય કે "પડ્યો પાટા પર ને ખતમ !" પણ જે વખતે ગાડી ફરી વળે, તેના પહેલાં અને તે વખતે કષાયની



ભયંકર પરિણતિ જાગી હોય. એમાં જો રૌદ્રધ્યાનમાં જાય તો નરકમાં જ સીધો જાય. માટે તો શાસ્ત્રે આપઘાત કરવાની મનાઈ કરી છે. એટલી વાત છે કે વ્રત જાળવવાનો પ્રસંગ આવ્યો અને વિઘ્ન ઊભું થયું છે; બીજો કોઈ ઉપાય નથી, તો કેમ ? આપઘાત. એ એટલા જ માટે કે ત્યાં એને વ્રતની લગની છે. **મોત આવે છે પણ વ્રત પરનો પ્રેમ કાયાના પ્રેમને કથીરનો કરી નાખે છે.** "વ્રત સચવાઈ ગયું ને ? બસ !" જ્યારે પેલા પાટા પર સુઈ રહેનારને શું સારું આલંબન છે ? કંઈ જ નહિ. પણ જો વ્રત પર આક્રમણ વખતે વ્રતની પ્રીતિ હોય, પરલોકમાં સદ્ગતિની પ્રીતિ હોય, 'વ્રત ભાંગવાથી દુર્ગતિ થાય, તો મારો પરલોક બગડી જાય...' આવી ભીતિ હોય, તેને આપઘાત વખતે પણ વાંધો નહિ આવે. દુનિયાદારીની રુએ આપઘાત કરનારને આમાંનો પરલોક બગડવાદિનો કોઈ ભય નથી. જ્યારે વ્રત માટે મરનારને તો છે કે વ્રત ભંગથી મારી દુર્ગતિ ન થાઓ. વ્રત રક્ષાથી મારે સુગતિ નક્કી છે ! મૃત્યુ સુધી રાખેલી દઢ ભાવના પછી તો ઘણે ઊંચે લઈ જાય છે ! આગળ ઘણો જવાબ આપે છે ! જે આત્માઓના જીવન મહાત્મા અને મહર્ષિ જેવાં બન્યા તે ક્યાં ? ભૂતકાળના કોઈ ભવમાં મૃત્યુ સુધી દઢ ભાવના રાખી, ત્યાં મૂળિયાં નંખાયાં.

**ખોળીયાના પલટ વખતે :** શાલિભદ્ર મહાત્મા ખરા કે નહિ ? નવ્વાણું પેટીઓ, બત્રીસ રમણીઓના અખૂટ વૈભવ-વિલાસને લાત મારી, છઠ-અઠ્ઠમ-દશ-પંદર-મહિનાના ઉપવાસ કરી કરીને કાયાને સૂકવી વૈભારગિરિના ગરમ પત્થર પર અનશન કરી ગયા ! આ બધું શું ? આવો એક દાખલો નથી. અનેક છે. એટલે તો કહ્યું હતું **કે ખોળિયાના પલટ વખતે ભાવના સારી આવી જાય તો બેડો પાર !** પછી ખોળિયાના જવાનો શોક કરવો નહિ. "પણ ના, ના અરે ! મારી આબરૂ જતી રહી ! અરેરે ! મારો વટ જાય છે..." આમ કરનારને શું હોય ? આબરૂ એ કંઈ સદાચારનું અંગ નથી. જો એ સદાચારનું અંગ સમજતો હોય તો એણે પહેલાં સમજી લેવું જોઈએ કે "આડું અવળું કર્યું..." અને પછી આબરૂ જાય એમાં શું ?" આમ આત્મઘાત કરવા તૈયાર થનારો એણે માન્યું કે "આ કાયામાં છું માટે આ દુઃખ છે, માટે ઝેર ખાઈ લો !" પણ મર્યા પછી કઈ ગતિ ?

**સદ્યોગનો અમૃતનો ટૂકડો :**

જમીન પર મેલ ચઢી ગયો હોય, અને ફરસીથી લેખન થાય ને ? એમ ફરસી જેવા ત્યાગ, તપશ્ચર્યા, ઉપસર્ગને પરિસહોથી કર્મના લેપવાળી કાયાને ઘસી નાખવાની. શાસ્ત્રોક્ત વિધિ છે. પહેલાં ઘરમાં રહીને સંલેખના કરે, પછી આંગણામાં, અને ત્યારબાદ સ્મશાનાદિમાં જાય. કાકંદીનો ધન્નો, એમને માત્ર નવ મહિનાનું જ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ચારિત્ર ! એમનાથી અનશન કરાય ? કરાય. જ્ઞાનીના યુગમાં કરાય, આજે નહિ. પ્રભુ જ્ઞાનથી જુએ છે કે આને વાંધો નહિ આવે. આજે કોઈ દુઃખનો માર્યો આવે એને એમ જ દીક્ષા અપાય ? અરે દીક્ષા આપતાં વિચાર કરવો પડે. એટલે આપણી વાત એ છે કે આત્મઘાત કરે છે એણે પણ એટલું તો માન્યું કે "આ કાયા છે ત્યાં સુધી દુઃખ છે."

ત્યારે આપણે શું કરવાનું ? "કીડીઓ પર ગુસ્સો કરવા કરતાં કાયા પર કરવા જેવો છે. પ્રભુનું મળેલું દર્શન, અને એ સદ્‌ગુરુના યોગનો મળેલો અમૃતનો ટૂકડો એ યોગાવંચક થયો." હવે કીડીઓ નાક જેવા મર્મસ્થાનમાં તીક્ષ્ણ પીડા આપે છે તો "આ કાયા છે માટે પીડા છે, માટે આ કાયા જ ન જોઈએ." તો પછી કીડીઓ આ કાયા ખૂંચવી જતી હોય તો ભલે. **મેં તો પ્રભુના દર્શનરૂપી અમૃતનાં ભોજન કર્યાં ! હવે કષાયનું વિષ ન ખવાય ! મેં તો પ્રભુ દર્શનરૂપી મીઠાં તંબોલ ચાવ્યાં હવે હાયવોય કે દેહમૂર્ચ્છાના કાળા કોલસા ન ચવાય !** સદ્‌ગુરુના યોગને મહાન કિંમતી સમજે તો એ યોગમાં કેટલી તાકાત દે છે ! એક વખતના દુષ્ટમાં દુષ્ટ આત્માને ક્ષણવારમાં મહાત્મા બનાવ્યો. નરકના મહેમાન બનેલાને સ્વર્ગનો મહેમાન બનાવ્યો.

**જાણવું જુદું અને મૂલ્યાંકન જુદું ! :**

ખરી રીતે આપણને જે વાત મીઠી લાગે છે, એ વાતનું આપણે એટલું મૂલ્યાંકન નથી કરતા કે એને ટકવાનું રહે. વાત સાંભળવા-સાંભળવામાં ફરક હોય છે. એક વાતોડિયો આવીને કોઈ કૌતુકની વાત કહે, એમાં મીઠાશ કેટલી ? એના ગયા પછી કંઈ સંબંધ છે ? ના, ત્યારે જુઓ કે લડવૈયો લડાઈએ ચઢ્યો અને ભાટે એના પૂર્વજોની વાત કરી : "જો પેલો તારો સાતમી પેઢીનો બાપ યુદ્ધે ચઢેલો કે સામે દસ હજારનું સૈન્ય ! પણ આને થયું કે લાખની સામે એક સિંહણનું દૂધ પીધેલો ભારે પડી જાય ! તો એણે યુદ્ધમાં દાટ વાળ્યો." આ સાંભળીને મારા દાદાનું આટલું બધું પરાક્રમ ! "હવે ખલાસ ! મારાથી હવે ઠંડા બનાય નહિ. હવે તો હું આગની ભઠ્ઠી જેવો !" એમ થશે. આવું મૂલ્યાંકન છે આપણામાં ? ભાટની વાત તો તેણે પણ સાંભળી, ને તમે પણ અહીં હમણાં સાંભળી. "અમારા પરમાત્માનું આવું પરાક્રમ !! રંગરાગમાં બાકી નહોતું, પુણ્યાઈ સાથે કાયાની સુકોમળતા ભારે હતી ! દેવતાઈ ભોગવિલાસ ભોગવી શકે ! ને એમણે આ કર્યું ? જે **સાધના ઉપાડી તેની આંકણી થઈ શકે નહિ !" આવું મૂલ્યાંકન** કરીએ ને પછી એ વાતને હૈયામાં ગુંજતી કરીને ઘેર જઈએ, પછી જે યોગાવંચક સિદ્ધ થાય તે કેવો ? પણ કહો જાણવું જુદું છે, ને મૂલ્યાંકન કરવું જુદું છે !



**અંતરાત્મા શું જુવે ? સદ્‌આત્મા, મહાત્મા, અને પરમાત્મા :**

એ તો આપણો બચાવ છે કે "અમે સમજીએ છીએ બધું." પણ ખરું જોતાં એનું મૂલ્યાંકન કરતા નથી. **એની કિંમત તો એવી વસી જવી જોઈએ કે પછી અહીંથી ઉઠીને પાતાલમાં ભૂલા પડી જઈએ પણ એ આંકેલી કિંમત હવે ખસે નહિ.** ત્યારે પૂછોને કે,

**પ્ર.-** માપવાનું કંઈ ત્રાજવું છે ?

ઉ.- હા, છે. એ કે ગુરુના યોગની આગળ દુનિયાદારીની વાત કિંમતી નહિ ! ગુરુનો યોગ ખરો કિંમતી છે. કેમકે ગુરુ યોગે તો અધમને પરમાત્મા બનાવ્યા છે ! તો પછી સદ્‌આત્મા બનવું એમાં શું વધારે ? અને મહાત્મા બનવું તેમાં શું વધારે ? માર્ગાનુસારિતાની ભૂમિકામાં આવેલો આત્મા **સદ્‌આત્મા** છે. અને સમ્યક્ત્વમાં આવેલો **મહાત્મા** બને છે. પછી જ્યારે સર્વઘાતી કર્મનો ક્ષય થયો કે **પરમાત્મા** બને. **સદ્‌આત્મા** બનવા સદ્ આચારો, શિષ્ટાચારો જોઈએ. મહાત્મા બનવા આંતર્મુખતાદિ વિચારશુદ્ધિ જોઈએ. જીવ આંતર્મુખતાવાળો બન્યો એટલે કે **અંતરાત્મા બન્યો તે જ સાચો મહાત્મા છે.** એજ પછી સદાચાર-સદ્વિચારની પરાકાષ્ઠાએ પરમાત્મા બની શકે. સદ્‌આત્મા તે શરૂઆતમાં આ દિશામાં ન પણ હોય કેમકે આ દેશમાં જન્મ્યા કે દેખાદેખીથી સારી રીતે બોલવું જોઈએ, સદાચારથી રહેવું જોઈએ, જેમ તેમ બોલાય નહિ, જેવા તેવા ધંધા કરાય નહિ, વગેરે સમજીને વર્તે. પણ પછી એને આત્મદષ્ટિ જાગે કે **"હું એટલે શરીર નહિ, પણ અંદરમાં રહેનારો જુદો !** એની કાળજી તો પહેલાં જ કરવી જોઈએ. હું મારી જ કાળજી ન કરું તો બીજો મૂર્ખ મારા જેવો કોણ ? અને બીજાની કરેલી કાળજી કામ લાગવાની નથી. **આપણા આત્માની કાળજી આપણે નહિ કરીએ તો કોઈ કરવાનું નથી."** અંતરાત્મા આ જુવે છે. કાળજી કરવાની ઉત્તમ ભાવના છે ! અને "મારે જ કરવી જોઈએ !" કેમ ? 'કેમકે હું કરીશ નહિ તો બીજાની કાળજી કામ નહિ લાગે. એકલી ગુરુની કાળજી મને નહિ ફળે' **"વાસ્તવિક રીતે તો આત્માને પીછાન્યો કે એને સુધારવાની તમન્ના જાગી એટલે હવે બહુ નુકસાન પહોંચે એવું કરાય જ નહિ."** આ સ્થિતિએ પહોંચ્યો તે મહાત્મા અને એથી આગળ વધે કે પરમાત્મા બને. આ બધું શાના પ્રભાવે ? સદ્‌ગુરુના યોગથી; યોગાવંચકથી.

**ગુરુની આજ્ઞા અને ઈચ્છા મુજબ વર્તવામાં ત્રાસ કે દુઃખ નથી જ :**

દ્રાવીડ અને વારિખીલ્લની સાથે દસક્રોડ મુનિ મુક્તિએ ગયા. પુંડરીકસ્વામી સાથે પાંચ ક્રોડ ગયા. મુનિઓ પાસે સાધુપણું હતું, પણ તેથી કંઈ બધાએ હોશિયાર, પુણ્યશાળી, પ્રભાવશાળી અને ચકોર હોય તેવું બને ? તો પ્રશ્ન છે, બધાનું એક

સાથે એક સરખું કલ્યાણ શી રીતે થયું ? ઉત્તર એ છે કે એમનો યોગાવંચક એવો હતો કે "અમારા નાયક પુંડરીક સ્વામી ! બસ, આજ અમારા સદ્‌ગુરુ ! એમનો યોગ પકડી રાખવાનો; છોડવાનો નહિ." આ કોના બળ પર ? શાસ્ત્રના અધ્યયન પર નહિ. મોટી તપશ્ચર્યા પર નહિ, પણ માત્ર "અમારે આ સદ્‌ગુરુ છે કે બસ, એજ સર્વસ્વ !" આજ ધ્યાન ! ને એ ધ્યાન પર પહેલા ગણધર ભગવાનને જે ઈનામ તે જ ઈનામ આ મુનિઓને ! પુંડરીકસ્વામી એટલે પહેલા ગણધર. પરમ પુણ્યવંતા ! એવાની હારોહાર સ્થિતિ ! કેમ ? કેમકે એજ હૂંફ ! **"અમારા ગુરુદેવ, એમની શીતળછાયામાં છીએ, એમની શીતળછાયા એટલે એમની ઈચ્છા એજ આપણું મન ! સદ્‌ગુરુનો હુકમ એજ આપણું જીવન !" આ તો ઘણું મોંઘું ! જીવવું તો છે જ, જીવન ચલાવવું તો છે જ. માત્ર ફેર એટલો કે "તું મોહના હુકમ પ્રમાણે જીવન ચલાવે છે, તેના બદલે ફક્ત જગતના મોહની સામે ગુરુના હુકમને ગોઠવી દે."** પણ એ કેમ બને ? એટલા માટે બને કે **મોહનો હુકમ અને જીવન બનાવવા છતાં દુઃખ તો આવે જ છે તો પછી ગુરુનો હુકમ અને ઈચ્છામાં કદાચ દુઃખ કસોટી આવે તો શું વધારે પડતું છે ?** હા, જો નક્કી હોત કે "અમારી ઈચ્છા મુજબ ચાલીએ છીએ એમાં દુઃખ કે અપમાન, ચીસ કે રાડ નથી, અફસોસ કે પશ્ચાત્તાપ નથી, અને ગુરુની આજ્ઞામાં એ દુઃખ ને અપમાન, ચીસ ને રાડ, અફસોસ ને પશ્ચાત્તાપ બધું આવી જાય છે !" આવું હોત તો વાત જુદી હતી. બલ્કે એમ નથી. જ્યાં ત્રાસ સમજતો હતો ગુરુના યોગમાં, તેમાં તો ઘણું સુખ લાગે છે ! **ગુરુની ઈચ્છા પર ચાલવાનું રાખ્યું કે કોઈ ઉપાધિ નહિ.** ગુરુની આજ્ઞાનુસાર જીવન અને આજ્ઞાનુસાર મન, એમાં એકાંતે કલ્યાણ. એ પ્રમાણે બનાવવામાં, મોહના હુકમમાં અને આપણી ઈચ્છામાં જે ત્રાસ થાય છે તેના કરતાં આમાં સરવાળે વધારે ત્રાસ કે દુઃખ તો નથી જ. બલ્કે ત્યાં જ્યારે ગુરુની આજ્ઞા ઉઠાવવામાં ઘડાઈ જાય છે કે એનો કોઈ ત્રાસ લાગતો પણ નથી.

**જે ગુરુના મનોરથ, ગુરુને લાગવું અને ગુરુની ઈચ્છા, તે જ અમારું ! :** મોહનો હુકમ ઉઠાવવામાં અને પોતાની ઈચ્છાઓમાં કંઈ તત્ત્વજ્ઞાન મલતું નહોતું, જ્યારે અહીંયાં ગુરુની આજ્ઞાથી તપશ્ચર્યા આદરી; કાયા થાકી જાય ત્યાં સુધી સ્વાધ્યાય કર્યો, અથવા તો કોઈ ઉપસર્ગમાં મૂકાયા, ત્રાસ આવ્યો, પણ સાથે સાથે ગુરુની ઈચ્છામાં રહ્યા હતા તેથી તત્ત્વજ્ઞાન એવું મેળવ્યું કે કાયાની કિંમત કોડીની આંકી. **કાયાના પતનમાં આત્માની ઉન્નતિ જોઈ. દુનિયાનાં અપમાન વેઠવામાં અંતરાત્માની ઉજમાળતા દીઠી !** ત્રાસ ને તકલીફ હોવા છતાં પણ લાગે નહિ.



પછી તે ત્રાસ તકલીફને વધાવી લેવામાં શું નડે ? એટલે એ દ્રાવિડ વારિખીલ્લ કે એ પુંડરીકસ્વામી સાથે કરોડો આત્માઓએ સદ્‌ગુરુનો યોગ એવો સાધ્યો કે ભારે વિદ્વત્તાદિ નહિ છતાં ગુરુની આજ્ઞા અને ઈચ્છા મુજબ જીવન જે ઘડ્યું તેથી સીધા મોક્ષે જઈને બેઠા ! સદ્‌ગુરુનો યોગ કેવો ચમત્કારી ? અજ્ઞાનીને પણ મોક્ષમાં પહોંચાડી દે ! માષતુષમુનિને શું આવડતું હતું ? શાસ્ત્રોની ઊંડી વાતો તો નહિ પણ એના અક્ષર વાંચતા પણ નહોતા આવડતા; પણ સાધુનું જીવન એટલે પંદર કલાક સ્વાધ્યાય કરવાનો ! શાનો સ્વાધ્યાય ? **"मा रुष्, मा तुष् !** બે વાક્યો ગોખો." ગુરુએ કહ્યું, "બસ ! હા, પ્રભુ ! બહુ સરસ ! આવા ગુરુનો યોગ ક્યાંથી મળે ! એમનો ઈરાદો તે જ આપણું મન ! એમનો હુકમ એજ આપણું જીવન." મન એટલે લાગવું. "તમને શું મનોરથ છે ? તમને શું લાગે છે ? તમારી શું ઈચ્છા છે ?" તો કહે, **"અમારા ગુરુદેવના જે મનોરથ તે જ અમારા મનોરથ ! અમારા ગુરુ મહારાજને જે લાગે છે તે જ અમને લાગે છે ! અને અમારા ગુરુની જે ઈચ્છા તે જ અમારી ઈચ્છા !"** એટલે **मा रुष** ને **मा तुष्** માંથી **रु** ઊડી ગયો અને વચ્ચેનો **मा** ઊડી ગયો. ને **माषतुष् माषतुष्** -એમ ગોખવા માંડ્યા. બીજા સાધુઓ તેમની ભૂલને સમજાવે છે એટલે આ ઝટ મિચ્છામિ...દુક્કડં દઈ સુધારી બોલે છે. "મારા ગુરુમહારાજ ! એમની જ મારે સાધના કરવાની. મારા ભવોભવના તારક ! ભવોભવમાંથી પાર ઉતારનારા !" એ ઘોર જ્ઞાનાવરણ લઈને આવેલા છે એટલે સીધે-સીધું આવડતું નથી. એટલે શારદામાં લખાઈ ગયું **माषतुष ।**

**સદ્‌ગુરુનો યોગ એટલે શું ? :**

શું છે આ યોગાવંચકમાં ? સદ્‌ગુરુના યોગમાં ? મોક્ષનાં પગરણ છે ! આત્માની ઉન્નતિ છે, દિવ્ય જીવનની દિવ્ય વાતો છે; પણ એ વાત આપણને લાભકારી ક્યારે બને ? એની કિંમત આંકણી કરીએ ત્યારે ! પછી ગુરુ આગળ જગતની કોઈ વાત ઊંચી ન લાગે ! આજે પણ આ યુગમાં ગુરુના નામ પર રોમાંચ અનુભવનારા સાધુ ભગવંતો છે. અરે, કાશી જેવામાં ભણનારા ઈતરો પૈકી એવા છે કે જેને 'ગુરુજી' શબ્દ બોલતાં બોલતાં મોંમાં ફીણ આવી જાય છે. પોતે મહાન વિદ્વાન હોય, ગુરુ કરતાં પણ સવાયો ! પણ છતાં કથની કરવા બેસે ત્યારે કહે "અમારા ગુરુજીને ઐસા પઢાયા ! બહુત ઉપકારી !" વાત કરતાં તો આંખમાં ઝળઝળીયાં આવી જાય ! તેને કેવા ગુરુ મળ્યા હતા ? સંસારી ! સાધુ નહિ. અને એમણે શું આપી નાંખ્યું ? લૌકિક વિદ્યા. આટલું છતાં **ગુરુનું નામ યાદ કરતાં**

ઝળઝળીયાં **આવી જાય !** ત્યારે આપણને પરમગુરુ મહાવીરસ્વામી અને એમની પછી ગૌતમ સ્વામીથી માંડીને આજે છે ત્યાં સુધીના કંચન કામિનીના ત્યાગી, સાધુચર્યાને આદરનારા, બીજા જીવો પર નિઃસ્વાર્થભાવે ઉપકાર કરનારા, મહાવ્રતધારી ગુરુ મળ્યા છે, બસ, એમના નામ માત્રની નવકારવાળી ગણીયે તો પણ તે મહાસમર્થ છે ! શું આપ્યું છે તે ગુરુએ ? પણ દીલડું ઓવારી જાય છે ગુરુના સ્મરણ પર ! કેવા ઉપકાર કર્યા છે ! દુનિયા આખી પૂજારી થઈ ગઈ. જ્યાં જ્યાં શક્તિ દીઠી કે મહાલાભ કરનાર મલી ગયા ત્યાં ! ગુરુ સ્વરૂપે ગુણીયલ છે, અને લાભની દૃષ્ટિએ. 'સંસારની મુસાફરી કરતા આવેલા, ઊંધા રસ્તે ચઢી ગયેલા...' આહા ! જડ જેવા બની ગયેલા અમે, ત્યાં ગુરુએ દિશા પલટાવીને સીધો ચાલવાનો રસ્તો બતાવ્યો. પણ પછી રસ્તામાં ચોરાટીયા મલે તો ? રક્ષા માટે શાસ્ત્રના પાઠો આપ્યા. ભવનો છેદ અને મોક્ષની વાટ આપી. એક ભવમાંથી અનેક સુંદર સદ્‌ગતિના ભવ આપીને પરિણામે ભવનો જ અભાવ આપ્યો ! માનવ-જીવનના થોડાંક વર્ષોમાંથી અનેક ભવના પ્રકાશ કરી આપ્યા. શાસ્ત્ર બતાવે છે કે એક ગુરુ મળ્યા માણસને. રાત્રે ન ખાવાની બાધા આપી તેમાં તો મહાકલ્યાણ થઈ ગયું ! **"એવા ગુરુને હૃદયમાં વસાવી દઉં તો મારું અપરંપાર કલ્યાણ થઈ જાય !" "આવા ગુરુને યાદ કરતાં કરતાં શું થવું જોઈએ ? હૈયું ભેદાઈ જાય ! અને આંખ અશ્રુસ્નાન કરે !** મારા ગુરુ ! હું ગજબ પુણ્યશાળી ! મારા ભાગ્યની અવધિ નહિ ! **હું એટલે અધમાધમ જીવ, સંસારના રખડેલ રોઝ જેવો પ્રાણી અને આ ગુરુ !"** હૈયું એવું ભેદાય કે પછી હૈયામાં જિનાજ્ઞાની દોરી દઢ પરોવાઈ જાય; 'ધન્ય જિનવચન, જેણે આવું સુંદર ગુરુતત્ત્વ આપ્યું ! અહો, જગતમાં જિનવચન એજ સાર છે !'

**ઉપસંહાર :**

એટલે સદ્‌ગુરુનો યોગ પામ્યા પછી સમજાઈ ગયું કે 'કાયા છે, માટે પીડા છે. માટે કાયા જતી હોય તો જવા દો. હવે પીડા જવાની ! ને મોક્ષમાં તો ભરપૂર આનંદ છે !' કાયાની માયા મૂકી ગુરુનો હુકમ તે જ સુખ ! એવી જ જિનની આજ્ઞા, તેમાં પણ એકાંતે સુખ ! કેમ સુખ ? કેમકે મોહની આજ્ઞામાં સુખ નથી. મોહની આજ્ઞામાં તો કરવાની મજૂરી, અને પરિણામે ધપ્પા ! જ્યારે જિનાજ્ઞામાં અહીંયાંય લહેર અને પરિણામે મહાસુખની પ્રાપ્તિ !





# ⑦ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

## • ચિત્તસ્વાસ્થ્ય •

**અવંચકના ઉદયથી યોગાદિનો સંયોગ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ યોગની પહેલી દૃષ્ટિના વિવેચનમાં બતાવે છે કે **જે આત્મા ભાવમળનો હ્રાસ કરનારો બન્યો છે, તે દુઃખી પર દયા વગેરે ત્રણ ગુણોને ધરનારો હોય છે, તેથી જ તે ભદ્રમૂર્તિ અને મહાત્મા હોય છે; અને તેને અવંચકના ઉદયથી યોગાદિ ત્રણનો સંયોગ થાય છે.**

**ભાવમળનો નાશ શા માટે ? :-**

સદ્યોગની પ્રાપ્તિમાં વિશેષતા એ છે કે મોક્ષની જે સાધના છે, તેમાં યોગાદિ એ પ્રબળ કારણભૂત છે. હવે એમાં જોઈએ કે સદ્યોગ એટલે સદ્‌ગુરુનો યોગ, તે પ્રાપ્ત કરવા અવંચકના ઉદયની અને ભાવમળના ઘસાવાની જરૂર શું ? ગમે ત્યાં ગુરુ ભેટે કે ગુરુનો યોગ તો થઈ ગયો ! જે કાળમાં પરમગુરુ પ્રભુનાં સમવસરણ મંડાતા હશે તે વખતે તો વળી પરમગુરુના યોગ થતા હશે ! તો આવા ત્રણ લક્ષણ અને અવંચકનો ઉદય થયો હોય તે આત્મા સદ્‌ગુરુના યોગને પામનારો બને; - આવી ભાંજગડ શા સારુ ? પણ જ્ઞાનીઓએ વસ્તુસ્થિતિ જોઈને એ વિવેક પાડ્યો છે કે 'એમને એમ સમોવસરણમાં જઈને બેસી પડ્યો, ભગવાનની નજીક ગયો,' એટલા માત્રથી સદ્યોગ સિદ્ધ થતો નથી. **મોક્ષના નિમિત્તો હાજર છે, મોક્ષ સાધનાની સામગ્રી હાજર છે, પણ એનું સાચુ સ્વરૂપ ત્યારે જ નીપજે કે જ્યારે આત્મા ભાવમળનો નાશ કરનારો બન્યો હોય,** એટલે સંભળાતું કલ્પસૂત્ર પણ સામે રહી જાય, જો દુઃખી પર દયા વગેરે ગુણો ન કેળવ્યા હોય તો.

**ચેતવણીનો સિગ્નલ સાધનાને સુધારવા માટે છે :-**

**ચિત્તની અમુક પ્રકારની સુંદર અવસ્થા, તેનું નામ અવંચક.** એને જો આત્માએ ન મેળવ્યું હોય, તો પછી મોક્ષની સામગ્રી તરીકે જે કલ્પસૂત્રને માની બેઠો તે પણ હાથમાં રહી જાય અગર સામે ઊભું રહે, અને સાધનામાં કામ ન લાગે. સદ્‌ગુરુનો યોગ મોક્ષ સાધનાની સામગ્રી છે; અને વંદન વગેરે ક્રિયા એ પણ મોક્ષ સાધના માટેની સામગ્રી છે; અને એ યોગ અને ક્રિયા દ્વારા જે ફળ નીપજે તે પણ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

સાધનામાં સામગ્રીરૂપ છે. યોગ, ક્રિયા અને ફળ મોક્ષ સાધનામાં નિમિત્તભૂત ગણવામાં આવ્યા; પણ એ પ્રાપ્તિ સાચી થઈ છે તે ક્યારે મનાય ? પેલી દયા વગેરે ત્રણ વાતો અને અવંચકનો ઉદય આ બને તો વિશ્વાસ કરી શકીએ કે 'મને સદ્‌ગુરુનો યોગ થયો, વંદનાદિ ક્રિયાઓ કરી અને બોધ વગેરે ફળ મળ્યું.' **આ ત્રણેય મોક્ષની** સામગ્રી મલી,- એવો હવે વિશ્વાસ રાખી શકાય. એટલે તો એનો અર્થ એવો થયો કે જો પેલી દયા વગેરે વાતો ન હોય, તો પછી એમની પાસેથી સાંભળેલો બોધ, ઝુકાવેલું માથું બધુ નકામું ને ? તો હવે ઉઠીને ઘેર જઈએ ને ? ના, ઘેર જવાની કોઈ જરૂર નથી, કેમકે **જ્યારે જ્યારે આપણે કોઈ સાધના કરવા તૈયાર થઈએ છીએ ત્યારે ત્યારે તે સાધનામાં સુધારણાનો સિગ્નલ ધરવામાં આવે છે.** "નવકાર ગણો પણ ચિત્ત તેમાં પરોવીને ગણો." આ શું કર્યું ? સિગ્નલ ધર્યો. શા માટે ધર્યો ? એ માટે કે ચિત્ત તેમાં રાખ્યા વિના નવકાર ગણશો તો ઉત્તમ ફળ નહિ મલે. માટે ચિત્ત પરોવીને ગણો. **સિગ્નલ સાધનાને પાછી પાડવા માટે નથી, પણ સાધનાને સુધારવા માટે છે.**

"સદ્‌ગુરુને પ્રણામ-સ્તુતિ વગેરે આપણે કરી. અને તેનું બોધ વગેરે ફળ મેળવીએ છીએ; અને આલંબન મોક્ષના સાધનોનું કરીએ છીએ. આ કરવા પૂર્વે કહે છે કે "પેલાં ત્રણ ગુણો મેળવ્યા હોય ત્યારે આ અવંચકના ઉદયથી યોગક્રિયા-ફળ એ મોક્ષની સાચી સામગ્રી બને. તો પછી પૂછો,

**પ્ર.**- અમારી પાસે પેલું પૂર્વનું નથી, તો શું આ ક્રિયા અમારે કરવી નકામી ? તો તો ચાલો પાછા ઘેર !

**ઉ.- જરા થોભો, શાસ્ત્રકાર આડે માર્ગે ન જવા માટે એક પ્રેરણા આપે એનો અર્થ શું એ કે આપણે સીધું જ એ પ્રેરણાની સામે આક્રમણ કરીએ ?**

**પ્ર.**- 'ત્યારે શું મફતના આવીયે છીએ અહીંયાં ?'

ઉ.- "અરે, મફતના નહિ ભાઈ ! કિંમત ખરચીને આવો છો." પણ એટલું સમજી લો કે તમારે મોક્ષની અવિચળ સાધના બનાવવી હોય તો આ પૂર્વ ભૂમિકા બરાબર કરવી જોઈશે. આપણામાં ડહાપણ હોય તો એ કરવા જેવું છે કે ક્રિયા મૂકવાની જરૂર નથી. ક્રિયા જ જ્યારે ને ત્યારે ઊંચે લઈ જશે. પણ ક્રિયાની જેમ ફળથી ય વંચિત રહેવાનું નથી. પરંતુ યોગ, ક્રિયા ને ફળ ત્રણેને સાધવાનાં છે. માટે એ વિચારો કે "મેં જે પૂર્વ ભૂમિકા તૈયાર નહોતી કરી, તેને તૈયાર કરી લેવા દે !" પછી જેવો તાપસોને ગુરુ ગૌતમસ્વામીનો યોગ ફળ્યો, તેવો મને સદ્‌ગુરુનો યોગ ફળે ! ચંડરુદ્રાચાર્યનો શિષ્યને યોગ કેવો ફળ્યો ? ગુરુ ક્રોધથી ધમધમતા રહ્યા, ને શિષ્ય વીતરાગ સર્વજ્ઞ બની ગયા ! અગીયાર ગણધરોને (પૂર્વેના વિદ્વાન પંડિતોને)



મહાવીર પ્રભુનો યોગ કેવો થયો ? એ વ્રતધારી શ્રાવક નહોતા, શ્રદ્ધા ધારી પણ શ્રાવક નહિ; ઇતરદર્શનમાં પડેલા તેય અભિમાનમાં હતા; બીજાનું ઊંચું જોઈને ઈર્ષ્યામાં ફસાયા હતા. "અમે સર્વજ્ઞ બેઠા છીએ ને આ વળી બીજો કોણ સર્વજ્ઞ પાક્યો ?" 'અલ્યા કેમ ભાઈ ? બીજો પાકે એમાં તારું શું જાય ?' પણ ના, ઇન્દ્રભૂતિ ઊભા થયા, ત્યાં અગ્નિભૂતિ કહે છે : કેમ મોટાભાઈ, આપને શા માટે તૈયાર થવું પડે છે ? "અરે, એ તો પેલો સર્વજ્ઞ આવ્યો છે તેની જરા ખબર લઈ નાખીએ."

"અરે, મોટાભાઈ એમાં તમારે શ્રમ લેવાનો હોય ? એ તો આપણો એક વિદ્યાર્થી જઈને હરાવી આવે."

જો અહીં અગ્નિભૂતિ કે ઇન્દ્રભૂતિજીમાં મધ્યસ્થતાથી વિચાર્યું હોત કે "લાવ, જોવા દે કે શું છે આ ધમાલ ! જોઈએ કાંઈ તત્ત્વ જેવું હોય તો, અગર અતત્ત્વ હોય તો મિટાવીએ" તો શું ખોટું હતું ? પણ એ નહિ. અહીં તો 'સર્વજ્ઞ ?' તો તો એને હરાવવો જ જોઈએ. હેં સર્વજ્ઞ ? સરલ સ્વભાવી આત્માને ભગવાન મલે કે થાય, "બસ, ભજી લઉં !" જ્યારે આમને સર્વજ્ઞ ભગવાન મલ્યા કે થાય છે, "બસ, એમને જીતી લઉં !" પૂર્વે આવી બધી સ્થિતિવાળા ગૌતમ મહારાજને છતાં સદ્‌ગુરુનો યોગ કેવો થયો ? અવંચકનો ઉદય કેવોક બની આવ્યો ! એમાં નવ ગણધર બનેલા અને બીજા કેઈ મુનિઓ મહાવીર પ્રભુને સંસારમાં ઊભા રહેવા દઈને એમનો જ યોગ પામનારા તે પહોંચી ગયા મોક્ષમાં ! એટલે ગુરુનો યોગ મોક્ષસાધનામાં પ્રબળ નિમિત્ત રૂપ છે.

**ગુણને કક્ષાઓ હોય છે :-**

એવા તે યોગને મોક્ષનું સાધન બનાવવું હોય તો ત્રણ વાત સર્જવી જોઈ. (૧) ભાવમળનો નાશ. (૨) દયાદિ ત્રણ ગુણો અને (૩) અવંચકનો ઉદય. ભાવમળની અલ્પતા એટલે કર્મ સંબંધી વાતોમાં-રાગાદિ દોષોમાં અલ્પતા. અંદરનો કચરો સાફ કરવા માંડ્યો કે હવે કર્મનાં ઝુંડ એટલાં વળગી ન શકે. ધારો કે ઉડતી ધૂળ વખતે એક તેલિયું વસ્ત્ર છે, અને બીજું સાફ છે. બંને છે તો ધૂળમાં જ. પણ પેલું તેલીયું વસ્ત્ર કચરો ખૂબ સંગ્રહે ! ત્યારે પેલું બીજું ? તે કચરો લે ખરું; પણ ઝાટકો મારતાં ખરી પડે. એમ જેનામાં રાગદ્વેષની પ્રબળતા ખૂબ હોય તેને કર્મનો ભારો ખૂબ લાગે. જ્યારે તે પ્રબળતાને જેણે ઘટાડી નાખી, કંઈકે ચોખ્ખા કપડાં જેવો થયો, તે પછી કર્મરૂપી ધૂળના વાતાવરણમાં છે એટલે ધૂળ લાગશે ખરી, પણ પૂર્વ કરતાં થોડી. એટલે પહેલી વસ્તુ ભાવમળનો હ્રાસ. બીજામાં, દયાદિ ત્રણ લક્ષણો, અને ત્રીજામાં અવંચકનો ઉદય. અવંચક એટલે સમાધિ વિશેષ. અમુક



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પ્રકારની ચિત્તની સ્વસ્થતા. આ યોગદષ્ટિની વાતો સાંભળતાં ભડકતા મા, "કે ભઈસાહેબ, આવી બધી અઘરી વાતો હોય, કેમ પછી ન ભડકીયે ?" આ ભડક સાથે નિરાશા કરવાની નથી. કેમકે આ વાતો એકી કલમે નથી મળતી. આમાં તો એક પહેલી કક્ષ રચો કે તમે પુદ્ગલ પરાવર્તની અંદર આવી ગયા. દુઃખી પર દયા. એમાં વીર પરમાત્માનું દષ્ટાંત લઈએ કે **"પ્રભુનું નિમિત્ત પકડી ઘોર સંસાર લઈને જતા સંગમ પર પ્રભુએ દયાનાં આંસુ પાડ્યા."** આ તો એક દષ્ટાંત. પણ એથી શું આપણે એમ માનીયે કે પરાકાષ્ટાએ પહોંચે ત્યારે જ ગુણ કહેવાય ? કપડું મેલું હોય, તેને દસ વાર સાબુ દેવાનો હોય. છતાં તેને પહેલીવાર સાબુ લગાવ્યો કે થોડો મેલ નીકળ્યો. તો પછી શું તે એટલું ઉજળું થયું ન કહેવાય ? થયું કહેવાય. માત્ર ત્યાં દસ વાર ધોયા પછીની ઉજળામણનો આદર્શ રખાય. ગુણોની જે વાતો છે તે જુદી જુદી જાતની કક્ષાના ગુણોની છે; એ વસ્તુ ન ભૂલાય. દા.ત. તપની વાત કરે ત્યાં પ્રભુની છ માસીની વસ્તુ સામે આવે. પણ તેથી એમ નથી માનવાનું કે તો પછી આપણાથી કંઈ નથી બની શકે એવું.' અરે ! નવકારશીમાંથી પોરિસિ કર ને ! એટલે અહીં જે વાત કરવામાં આવે છે કે અવંચકનો ઉદય એટલે ચિત્તની સ્વસ્થતા; એ વસ્તુ લક્ષમાં લઈએ ત્યારે આપણાથી શક્ય સારી વાતો વિચારવાની છે. એથી એ નથી માનવાનું કે એ બધી મોટી વાતો ! એ વખતે કોરી નિરાશા ન થાય, એ માટે માત્ર એટલું કરવાનું કે જગતના ભયંકર પાપી જીવો તરફ નજર નાખવાની. "કેવા એ છે ? બિચારા કેવળ પાપના જ ઈજારદાર ! પાપમય જ જીવન ! એકલા સ્વાર્થમાં જ ચકચૂર ! કોઈ સાચા વિચારની કે સારા વર્તાવની વાત જ નહિ ! ત્યારે એના કરતાં મારામાં તો ઘણી ઊંચી સ્થિતિ છે. અલબત્ત, રાગદ્વેષથી હું વિનિર્મુક્ત નથી એટલે સારા પર રાગ અને ખરાબ પર દ્વેષ બની જાય છે. તેથી મારું ચિત્ત સ્વસ્થ નથી રહેતું ! છતાં પાપ તરફ કંઈકે ઘૃણાવાળો છું."

**પ્ર.**- સ્વસ્થ, એટલે શું ?

ઉ.- 'સ્વ' એટલે પોતાનું સ્વરૂપ, એમાં 'સ્થ' એટલે કે રહેલો. જે પોતાના સ્વરૂપમાં રહેલો હોય તેનું નામ સ્વસ્થ. ત્યારે **જો મનદ્વારા આત્મા પરભાવમાં ચાલ્યો જાય છે, તો તે અસમાધિ છે.**

અહીં પ્રશ્ન થાય કે 'તો પછી આપણામાં એવું અવંચકપણું શે આવવાનું હતું ?' પરંતુ, પેલા તરફ નજર નાખીએ તો જણાશે કે જેવું પેલાઓનું પરભાવમાં ચિત્ત ચકચૂર છે તેવું તો આપણું નથી. આપણને જો ભડક થાય છે કે, 'ભલા, આ માનવના જીવનમાં પરભાવમાં રમે છે તો પછી સ્વભાવમાં ક્યારે રમીશ ?



કયા ભવમાં રમીશ ?' તો તેટલા અંશે સ્વ તરફ ઝુકાવ છે. આપણું ચિત્ત દંભ ન ખેલી જાય તેની હરેક પળે સાવચેતી રાખવાની છે. તેમ સાથે સાથે થોડી ઘણી પણ ચિત્તની સ્વસ્થતા, અર્થાત્ મનની તંદુરસ્તી કેળવવાની છે. જડનાં બહુ આકર્ષણ એ રોગ છે. એ ટાળવાનાં છે.

**"હું અવંચકમાં આવ્યો." તેમ ક્યારે માનવું ? :-**

આપણને એમ થાય કે - "આપણે કંઈ સાવ ખરાબ તો નથી;" -જો આમ ગુમાન થાય તો આગળ પ્રગતિ સાધતા અટકી જવાય. પેલા જગતના ક્રૂર અનાર્ય પાપી માનવો મોજુદ છે. એનાથી તિર્યંચમાં તો વધુ ભયંકરતા દેખાય. ગરોળી વગેરે તો "ક્યારે જીવડો હાથમાં આવે, ને ગળી જાઉં !" ચોવીસે કલાક એના પર જ તરાપ ! પડછાયો છે ? બસ, ઉંદર ! બિલાડી તૈયાર થઈ જાય છે. સાથે એનું રૌદ્રધ્યાન પણ તૈયાર છે. પડછાયામાં કંઈ મલવાનું ન હોય છતાં રૌદ્રધ્યાનમાં આયુષ્ય જો બાંધે તો સીધી નરકનું જ બાંધે ! આવા પ્રાણીઓ જગતમાં બહુ છે, ત્યારે મારું ચિત્ત તો ઘણું સ્વસ્થ છે. હું શિકારી નથી, માંસાહારી નથી, એમાં ય વળી લીલોતરી વગેરેમાં ઇયળ જેવું કાંઈ જો દેખાય તો હૃદયમાં થાય છે કે "અરેરે આ શું !" અંતે જો હૃદયમાં એટલું આવે કે "પરનું જ હું સાચવ્યા કરીશ તો પછી મારું હું ક્યારે સંભાળીશ ?" તો અવંચકનો ઉદય થયો સમજો. અને તો જ સદ્ગુરુનો યોગ મોક્ષની સાધનામાં સામગ્રીભૂત બને.

**અસ્વસ્થતા એટલે ઉકળાટ :-**

એટલે યોગ, ક્રિયા અને ફળ તે સેવવા સાથે પૂર્વના ત્રણને સેવવાનું ભૂલવું ન જોઈએ. સદ્ગુરુને સેવું છું તો એની સાથે દયા, ગુણવાન પર અદ્વેષ, અને સર્વત્ર ઔચિત્યનું પાલન આ ત્રણ ગુણો કેળવવા જોઈએ. અને સાથે સાથે ચિત્તની સ્વસ્થતા પણ કેળવવી જોઈએ. **ચિત્તને રાગ-દ્વેષના ઉકળતા પાણીમાં બહુ ઉકાળવાની જરૂર નહિ. મોહનો નશો હોય એટલે ઉકળાટની ગરમી નહિ લાગે. પણ જો વાસ્તવિક વિચાર કરે તો લાગે કે ચિત્ત ઉકળી રહ્યું છે.**

**પ્ર.**- દ્વેષમાં તો માનો કે ચિત્ત ઉકળે, પણ રાગમાં શા માટે ઉકળતું ગણાય ? રાગમાં તો ફર્સ્ટ ક્લાસ ઘડિયાળ મળી, તેમાં ઉકળાટ શાનો ?

ઉ.- ઉકળાટ છે ખરો પણ ક્લોરોફોર્મની અસર નીચે છે. એટલે વ્યક્ત રીતે દેખાતો નથી. પણ એ ઉકળાટ એવો છે કે એમાં અવસરે જેવું મોત થઈ જાય, તે પેલા દ્વેષમાં ન પણ થાય. પર વસ્તુ પર રાગ કરે તે તદ્દન મફતનો છે. જીવ પાસે જો પુણ્ય છે, તો જ આ વસ્તુ સાથે સાંકળ છે. તે સાંકળ જ્યાં કપાઈ કે તરત જ ચીજ મોં ફેરવી નાખવાની. જીવ એટલો એમાં પ્રશંસામાં ઊંડો ઉતરી જાય

કે એ ઉકળાટ નથી તો શું છે બીજું ? ઉકળાટનો અર્થ શું ? ઉકળાટ એટલે ક્રોધથી ધમધમવું ? જ્ઞાની કહે છે કે ચાહે ક્રોધમાં ધમધમવું કે રાગમાં રચ્યાપચવું, બંને ઉકળાટ છે. એક માણસને આપણે ભયંકર દુશ્મન સમજીએ અને એ આપણી સામે આવીને દંભ રમવા માંડે : 'ઓહો, પધારો શેઠ સાહેબ ! એ ભાઈ, શેઠ માટે એક ડીસ આઈસક્રીમ લાવજે...' આપણને શું થાય ? થાય કે નહિ "આ શું નકામા ચાળા કરે છે ? હું જાણું છું તારા હૈયામાં શું છે." તેમ આ રાગની રમત છે. એની ભીતરમાં આપણને કચરી નાખનારું ભયંકર યંત્ર ચાલી રહ્યું છે. રાગની અસ્વસ્થતામાં જીવ બેહોશપણે સ્વભાવથી દૂર ક્યાંનો ક્યાંય નીકળી જાય છે. ઉકળાટ એટલે અસ્વસ્થતા. અને એ એટલે આપણા કાબુ બહાર ! એટલે જે યોગ સદ્‌ગુરુનો સાધુ છું એની સાથે મારે આ અવંચકનો ઉદય જાગ્રત રાખવો જોઈએ.

**સ્વસ્થતા લાવવા શું કરવું ? :-**

યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક, - ત્રણેયમાં અવંચકનો ઉદય જોઈએ છે. તો યોગ, ક્રિયા અને ફળ ફળે છે.

અહીં જ્યારે અવંચકના ઉદયને ચિત્તની સ્વસ્થતારૂપ કહ્યું ત્યારે પ્રશ્ન થાય,

**પ્ર.**- ચિત્તની સ્વસ્થતા લાવવા શું કરવું ?

**ઉ.**- આત્મામાં શુભ અધ્યવસાય અને શુભ આશય વર્તતા રાખવાના. સમાધિ કહો કે શુભ વિચાર કહો, સ્વસ્થતા કહો કે શુભ અભિપ્રાયો કહો, મુખ્ય વાત એ છે કે ચિત્તને બગડવા દેવાનું નહિ. તેને તો શુભ ભાવના ને શુભ વલણમાં રમતું રાખવાનું. પુણ્ય-પાપના યોગે જીવનમાં ઊંચી-નીચી ચાલવાની; પરંતુ ચિત્ત સ્વસ્થ, ફૂલી જતું કે કરમાઈ જતું નહિ. ઋષભદેવસ્વામી જ્યાં સુધી રાજગાદી પર હતા ત્યાં સુધી દેવો કલ્પવૃક્ષના ફળો લાવીને જમાડતા. ભગવાનનું ભોજન કલ્પવૃક્ષના ફળોનું ! ત્રેંસઠ લાખ પૂર્વ રાજ્ય કર્યું. પહેલાં વીસ લાખ પૂર્વ તો કુમારવાસમાં રહ્યા. પછી નાભિરાજાએ રાજ્ય સોંપ્યું. તેમાં એક દિ' પણ વાંધો ન આવ્યો. સદા દેવતાઓ ફળો સાથે હાજર ! પણ દીક્ષા લીધી કે વરસ ઉપર અર્થાત્ લગભગ ૪૦૦ દિવસ સુધી અનાજનો દાણો ક્યાં છે ? છતાં અપૂર્વ ચિત્તસ્વસ્થતા ! આ જોઈ, આપણને જરાક ક્યાંક સંકડામણ આવે છે કે હાયવોય કરતાં શરમ આવવી જોઈએ, કે પ્રભુને "ત્રેસઠ લાખ પૂર્વ બધું મલ્યું અને સવા તેર-તેર મહિના કંઈ નહિ ?" પણ ના ના, એ તો ભગવાનને તપ કરવો હશે, તો પછી જો તપ કરવો હતો તો પચ્ચક્ખાણ કરી લેત. પણ આ તો ગોચરી જતા હતા. હા, તો પછી વહોરાવનારને ભાવ નહોતા ?" બીજા પ્રત્યે હજી ભાવ ન હોય, પણ આમની પ્રત્યે ભાવ ન હોય ? જેને બધા પરમ પૂજ્ય માનતા હતા; ગોચરી જાય તો બધું



વહોરાવવા તૈયાર ! પણ અનાજ-પાણી બાકી રાખીને. કેમકે હજી સુધી પ્રજામાં કોઈ ભીખ માગતો નહીં, તેથી અન્ન વહોરવવાનું શીખ્યા નહોતા. એ તો પીછાનતા હતા કે "આ તો અમારા રાજા ! એ અમારે આંગણે ક્યાંથી !" એમ કહીને હીરા-માણેક ધરતા. પણ પ્રભુ કંઈ લીધા વિના ધર્મલાભ કહીને પાછા ફરે. કર્મે એવી તકેદારી રાખી કે લોકોને બીજું બધું સૂઝવા દીધું ! દાસદાસી, હીરા-માણેક, છોકરી-છોકરા ! પણ 'અનાજ-પાણી ?' એ નહિ તો જે કર્મે ઋષભદેવને ખૂબ હીરા-માણેકથી નવાજ્યા, ખૂબ સત્કાર્યો તે જ ઋષભદેવને વરસ દહાડો ભૂખ્યા રાખતાં કર્મને કોઈ શરમ નહિ ?

**પ્ર.**- પ્રભુ લોકોના ઘરેથી પાછા ફરે કંઈ લીધા વિના, તો લોકોને લાભ ખરો ?

**ઉ.**- હા, લોકે પોતાની સમજ મુજબ દેવાનું ધર્યું, તેટલો લાભ. તમારા ઘેરથી ભલેને સાધુ પાછા જાય, પણ તમને ભાવથી વસ્તુ ધરતાં લાભ ખરો. જેવું જેવી રીતે સાધુની સામે ધરાયું તેટલા પ્રમાણમાં લાભ.

**પ્ર.**- સાધુ કંઈ લીધા વિના પાછા જાય તો પશ્ચાત્તાપ ન થાય ?

**ઉ.**- થાય, પણ તે ખોટા શોકના ઘરનો ન જોઈએ 'હાય, સાધુએ મારું ન લીધું ! કેવા એ અભિમાની ? મારું વરસ કેવું જશે ?' આ ખોટું. હા, એમ થાય કે 'કેવો હું કમનસીબ...' અસ્તુ. વાત એ હતી કે તીર્થંકર જેવાઓને કર્મની આડીઅવળી નડે, તો મારું તો શું ગજું ? જેને જન્મથી ત્રણ ત્રણ જ્ઞાન ! અઢાર કોડા કોડી કાળના દેવાઈ ગયેલા ધર્મ પરના તાળાંને ઉઘાડનારા ! અસંખ્ય જીવોના તારણહાર ! જેમનું શાસન પચાસ લાખ ક્રોડ સાગરોપમ ચાલવાનું. નવાણું પૂર્વ વાર શત્રુંજયને પાવન કરનારા ! એવા ઋષભદેવપ્રભુને પણ કર્મની ઊંચી નીચી નડી. તો મારે ? મારે ભલેને ઊંચી નીચી નડે, પણ તેમાં મારે બહુ રાગ-દ્વેષના ઉકળાટમાં નહિ રમવાનું. ચિત્તને સ્વસ્થ રાખવાનું; એટલે કે તે રાગ-દ્વેષમાં બેસ બેસ કરે તેને આપણે ત્યાંથી ઉઠાડ-ઉઠાડ-કરવાનું. પહેલી ભૂમિકા આ કે મન બેસ બેસ કરે તેને પકડવાનું. અને બીજી ભૂમિકા એ કે તેને ઉઠાડ-ઉઠાડ કરવાનું. પણ જો ખબર ન રાખીએ કે ક્યાં એ બેઠું છે તો ઉઠાડવાની શી વાત ? અનાદિ કાળનું ગળિયું ચિત્ત પરભાવમાં બેસનારું છે. આપણે દૃષ્ટિ રાખવાની કે "ચાલ, ઊભું થા." આ દૃષ્ટિ રાખી કે સ્વસ્થતાનાં પગરણ શરૂ થયાં. સ્વસ્થ એટલે જ પર ઘરમાંથી નિજ ઘરમાં આવવું છે. અર્થાત્ આત્માને પોતાના વીતરાગી સ્વરૂપમાં લાવવો છે; તદ્દન નિર્વિકાર સ્થિતિમાં લાવવો છે.

**જડ જગત બગડે તો ય આત્મા બગડે છે, સુધરે તો ય બગડે છે :-** જીવને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એક ચીજ આવી સામે; બહુ સારી લાગી, કે ખરાબ લાગી. ત્યાં ચિત્ત જોરથી તેમાં બેસી જાય છે. "ઓહો ! આવું સરસ !" અથવા "આટલું બધું ખરાબ ?" ગમે એટલું ખરાબ પણ એમાં પોતે સારો છતાં કેટલો ખરાબ થાય છે, કેટલાં અનંત કર્મનાં ભાતાં તૈયાર થાય છે, એની તો સરાસર વિસ્મૃતિ. તું એ ચીજને બહુ મેલી કે સુંદર ગણે છે, પણ આત્માનો વિચાર કર્યો તેં ? જગત ખરાબ અને સારું, એ વિચાર તો કીડીને પણ આવડે કે "ગોળનું પાણી સારું અને કરીયાતું ખરાબ !" એમાં શું ? આત્મા સારો કે ખરાબ એ ક્યાં જોવાનું ? આ ભવમાં જોવાનું નહિ ? તો અહીં શું કેવળ ધૂળની જ રમત ? અરે આત્મા તરફ જરા દૃષ્ટિ પડવી ય મોંઘી ? **અનાદિ કાળથી જગત 'સારું' ને 'ખરાબ' કરતો આવ્યો તેવી ધૂળ ઉલેચવાની રમત આ માનવના અવતારમાં ?** ઊઠ, ઊભો થા. એના બગડેલામાં તું બગડેલો છે. ને એને સુધારવામાં વધારે તારું બગાડીશ **"જડ જગત સુધરે તો પણ આત્મા બગડે. અને એ બગડે તો પણ આત્મા બગડે."** તો પછી આત્માને બચવાનો આરો ક્યાં ? "કરિયાતું છે ? થુ, થુ થુ ! કેવાં માણસો છે ? આવું ને આવું લાવીને આપે છે ?... અને આ શું ? કઢેલું દૂધ ? હાં હાં હાં, માણસ કેવા સારા મળ્યા ! કેવો વિવેક !' પછી ભલેને આપણા પૂજ્ય દેવ ગુરુના એ નિંદક હોય. **સારું કે ખરાબ જગત ધ્યાનમાં લીધું કે આત્માને બગાડે જ.** એટલે હવે સમજાશે કે એ ક્યારે સુધરે ? કહો, જ્યારે એ સારા નરસા પરથી ચિત્ત ઉઠાડી દેવાય ત્યારે. ચિત્ત એમાંથી ઉઠે ત્યારે સુધારો અને બેસે કે બગાડો. આ અવંચકનો ઉદય શું કરાવે છે ? એવી ચિત્ત સ્વસ્થતા કે જે યોગદૃષ્ટિના પ્રવાસને સ્ફુર્તિબંધ કરાવે. જગતના ભાવોમાં સારા નરસાપણું આંકવા માંડ્યું તે તો રહેવાનું જ છે પણ જ્યાં સુધી આપણી સાવધાનગિરિ નહિ હોય ત્યાં સુધી તે આપણને નચાવ્યા કરશે. ત્યારે સાવધાનીમાં અનંતજ્ઞાનીઓએ કહેલા સુંદર તત્ત્વો પર અવરનવર રટણ કરીયે એટલે પછી થાય કે "ઊભો રહે ભાઈ ! આ ઉદ્વેગ કે આનંદ લેવા જેવો નથી. **ઊંચા માનવભવમાં આ જડની સાથે નાચવું એ નીચી પશુરમત છે."** આટલું મનમાં થાય, તેનું નામ પણ ચિત્તની સ્વસ્થતા છે. શું કર્યું એણે ? તેણે દૃષ્ટિ નાખી કે કેટલાયે પુણ્ય ખરચીને મેળવેલું મહાકિંમતી ચિત્ત, તેને હું નકામું વેડફી ન નાખું ! હજી થોડીક કિંમતનું હોત તો કંઈ નહિ, પણ આ તો લાખની કિંમતનું એરોપ્લેન લાવે, અને તેને ભોગવે જગતનો ઉકરડો, પોતે નહિ ! કેવી કમનસીબી ! માનવ ચિત્ત તો માનવને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડવા સમર્થ છે. જગતમાં ચિત્તના જેવું કોઈ વિમાન છે ? ક્યાં સુધી ઊંચે લઈ જાય ? લોકાંતે લઈ જાય. અને ત્યાંથી પટકે નહિ, પણ શાશ્વતકાળ ત્યાં ટકાવે. અનંત પુણ્ય ખર્ચીને



મેળવેલું સમર્થ મન, પૂર્વે અજ્ઞાન દશામાં કેઈવાર એને પરને માટે ખર્ચી નાખ્યું ! પરંતુ જિનને પામ્યા પછી હવે એવો મૂર્ખ નથી, માથે જિનને માલિક કર્યા પછી હું પાગલ નથી કે મારા ઉચ્ચ મનને પરને માટે ખર્ચી નાંખુ ! ભલે સંસારી છું, મન પરમાં જાય છે, પરંતુ એને ખેંચી ખેંચીને ધકેલવાનો મારા અંદરમાં. પરમાં ઊંડું પેઠું કે કહેવાનો "ઊઠ !" મનને શું થાય છે ? એજને કે કોઈ ચીજ બહુ સરસ લાગી, તો 'આહા ! સુંદર છે હોં !' પણ એ પૂછવું જોઈએ કે "અરે સરસ કોણ ? તું કે એ ? પુણ્યશાળી તો આત્મા છે; માટે એ સરસ; બાહ્ય વસ્તુ નહિ. નથી ને જો આત્મા પુણ્યશાળી ન રહ્યો અને બગડ્યો, તો તો પલવારમાં બધું બગડવાનું. માટે ચિત્ત ! **પરમાંથી** ઊઠ, ઊભું થા; આત્મામાં ઠર." મન કહે છે, "આ તો ઘણી ખરાબ ચીજ, ક્યાંથી આવી પડી ? તે વખતે દૃષ્ટિ કેવી જોઈએ ? આને ખરાબ કહેવા માંડ્યો ? **ઉઠ ઉઠ, તું અંદર જાતે કેટલો ખરાબ છે, તે જો.** જગત ખરાબ નથી પણ તું ખરાબ છે." વિચાર કે 'હું ખરાબ છું માટે સારા જગતને ખરાબ જોઈ રહ્યો છું. મહાપુરુષો સારા હતા. તો જગતને ખરાબ ન લેખ્યું, પણ સારું જ લેખ્યું !

**ખંધકમુનિને મન મારા સારા :-**

પાલક પાપીએ મોકલેલા મારાઓ ખંધકમુનિ પાસે આવ્યા. કહે છે, "ચામડી તમારી ઉતરડી લેવાનો અમને રાજાનો હુકમ છે." જુઓ અહીં ! ખંધકમુનિ પોતે સારા હતા. એટલે એમ નથી જોતા કે "રાજા તો હરામખોર છે ! મારાઓ પણ ખરાબ છે. અને મંત્રી તો દુષ્ટ છે ! બસ, બધા ખરાબ ! અને પોતે જ સારો !" પરંતુ ખંધકમુનિને આવું નથી આવડતું. એ તો વિચારે છે કે "હું જ ખરાબ છું. ભૂતકાળની ભૂલોથી, વર્તમાનના રાગ-દ્વેષથી, અને કર્મના બંધનોથી." આ ત્રણ નહિ હોય ત્યાં તો પોતાની જાત ખરેખર રૂડી રૂપાળી બનશે પણ તે પૂર્વે એ ત્રણની ખરાબી જ આંખ સામે જોઈએ. તેથી મારાઓ કે રાજા જરાય ખરાબ ન લાગે, મારાઓ આવ્યા ? ભલે આવ્યા. રાજા તો ઘણો જ સારો. ભાઈ કરતાં ભલેરો. મારાઓ પાસે અણીદાર તીક્ષ્ણ છરા હતા. આફૂસ કેરીને રાજસ ચપ્પુ કેમ છોલી નાખે ? તેમ આ ખંધકના શરીરને મારાઓ ચીરી નાખવાના છે. ચારે બિહામણા છે. તે ચારેની વચ્ચે શાંત ખંધક ઊભા છે. મુનિ તે વખતે માને છે કે "જગત તો સારું મળ્યું છે ! હું જ ખરાબ છું. તે હવે ખરાબી કાઢવાનો, કર્મ ખપાવવાનો અવસર આવ્યો છે.

**"કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે હો પ્રાણી રે;**
**એ તો વળી સખાઈ મીલીયો, ભાઈ થકી ભલેરો...અહો૰ "**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

જગત ખરાબ નથી. હું જ ખરાબ છું. જગત તો બહુ સારું ! એ ભાવનાને ભાવતા ખરાબમાં ખરાબ રાજાને સારામાં સારા તરીકે વધાવ્યો. તો શું બગડી ગયું ? કંઈ નહિ ઊલટું મોક્ષનું અનંત સૌંદર્ય મેળવ્યું. તો આપણું કર્તવ્ય એ કે **'સારા જગત પાસેથી સારું લઈ લઉં તો મારી ખરાબીનો અંત આવે;'** આ જાગ્રતિ રાખવી જોઈએ. પોતે ખરાબ છે એવી સતત ભાવના, અને જગત સારું છે, એવો સતત ખ્યાલ રહેવો જોઈએ. પરંતુ 'જગત ખરાબ અને હું સારો,' એવું માન્યું કે પછી ઈનામ કેવું મલે ? 'બધા ખરાબ એટલે બધા પાસેથી ખરાબીની બક્ષીસ મલે. એનું પરિણામ અંદરનો આત્મા જે કંઈકે ય પવિત્ર હતો તે ઊલટો વધારે ખરાબ બની જાય. માટે આત્માએ વિચારવાનું કે "આ સારું, અને આ ખરાબ, - એમાં ક્યાં પડ્યો ? **જો ખરાબ છે, તો તને વિરાગ કરાવવા માટે સારું છે, અને જો સારું છે તો તને ઊંચી કોટિના પરમાર્થ સધાવવામાં સારું છે.** બંને રીતે સરસ છે. દા.ત. જમણ તૈયાર થયું. "બહુ સારું !" એમ થયું. પણ તરત વિચારવાનું કે "અરે, તું આમાં ક્યાં પડ્યો ?" પણ આનાથી તો સાધર્મિકોના દિલને સુંદર રીતે ઠરાશે." આમ વિચારાય એટલે ખરાબી નહિ થાય. પરંતુ પરમાર્થ થશે. ભોજન સારું છતાં વિરાગ માટે થશે. તે ત્યારે બને કે મહાન વિમાનરૂપી મન, તેને જમીન પર ઘસડાતું કે પરભાવમાં બૂડા બૂડ ન રાખીયે, અને સ્વના આસ્માનમાં ઉડાડીએ તો થાય.

ચિત્તની સ્વસ્થતાનો પહેલો પાયો કયો ? આપણું મન ક્યાં પેઠું ? એ જોવાનું. પછી ઉઠ ભાઈ. આનાં બહુ ગીત ગાવાનાં નહિ. આવા ઊંચે ખોળિયે આવાં જડનાં ગીત ગાવાના ? 'આનાં' એટલે ઢેડ-ભંગીની જાતનાં ! અને 'આવું' ખોળિયું એટલે શું ? મોક્ષ તરફ દોટ મૂકાવે તેવું. શાસ્ત્રોએ કાયાની નિંદા કરી, અને પાછી માનવકાયાનાં વખાણ પણ કર્યાં ! ગીત ગાઉં તો એક જિનની આજ્ઞાના, મોક્ષ માર્ગના અને જ્ઞાનદર્શન અને ચારિત્રને સુંદર રીતે જીવનમાં અપનાવવાના.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૫,અંક-૪,તા.૧-૧૧-૧૯૫૬

## (૮) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

### • યોગાવંચક •

જગતમાં યોગ તો ઘણા થાય છે. યોગ એટલે સંબંધ, મેળાપ વગેરે. ઘણાની સાથે સંબંધ-મેળાપ થાય છે. પણ સદ્‌ગુરુનો યોગ એ અપૂર્વ વસ્તુ છે. જો એ



યોગને અધિકાર સાથે પ્રાપ્ત કર્યો હોય, તો તે અચૂક મોક્ષ-સાધનામાં પ્રબળ સાધન બને છે. વળી જે આત્માને મોક્ષની લગની છે, મોક્ષ જલદી મેળવવાની તાલાવેલી છે, તેને સદ્‌ગુરુના યોગનું મૂલ્ય ઘણું ઊંચું છે. આપણને એવી તાલાવેલી ન હોય એટલે "સાધુ મહારાજ મલ્યા હતા...સારા હતા...ઠીક છે બધું..." એમ લોચા વળે. પણ જેને તાલાવેલી છે, તેને મન સદ્‌ગુરુનો યોગ અપૂર્વ કોટિની વસ્તુ છે. સદ્‌ગુરુનો યોગ તે તો મૂળ છે, પછી ક્રિયા અને પછી ફળ ઉગશે. પ્રાયઃ તે ત્રણે આવ્યાથી જ વાસ્તવિક કોટિની મોક્ષસાધનાને અવકાશ મળે છે. તે આત્માને થોડા વખતમાં ભવનો પાર પમાડ્યા વગર રહેતા નથી.

આત્માની પોતાની યોગ્યતા વિના કે પુરુષાર્થ વિના મોક્ષ કદી ન પામી શકાય તે વાત નક્કી, પણ સાથે યોગ્યતા અને પુરુષાર્થ ખીલવનાર, ખીલેલી યોગ્યતા અને પુરુષાર્થને અંતિમ ફળ સુધી પહોંચાડનાર અવંચક સહિત સદ્‌ગુરુનો યોગ છે; ક્રિયા છે, અને ફળ છે, સાચા સદ્‌ગુરુ યોગના આલંબને કંઈને કંઈ શુભ ક્રિયા નીપજે છે; અને એમાંથી થોડું ઘણું પણ આત્મિક પ્રગતિનું ફળ થાય છે.

કાર્ય નિમિત્ત અને ઉપાદાન બેથી થાય, તેવું સાચા તર્કવાદીઓ માનનારા છે. જેને કુતર્ક ન કહેવાય, પણ સાચી યુક્તિ અને વાસ્તવિક તર્ક કહેવાય; તેના હિસાબે નિમિત્ત અને ઉપાદાન ભેગા થાય કે કાર્ય થાય. એકલી માટીમાંથી ઘડો ન થાય. માટી ઉપાદાન છે. તે માટીને નિમિત્તભૂત કુંભાર નિમિત્તભૂત ચાક પર ચઢાવે, તે ઉપાદાનને નિમિત્તનો સંયોગ થયો. હવે ઘડો તૈયાર થાય.

**ઉપાદાન એટલે :-**

**ઉપાદાન એનું નામ કે કારણરૂપમાંથી પરિણામ પામી કાર્યમાં ફરે.** સોનાની લગડીને સોનીને આપી. તેમાંથી કંઠી તૈયાર થઈ. શું થયું આ ? સોનું જ કંઠીના રૂપમાં પરિણામ પામી ગયું. ત્યાં કંઠીનું ઉપાદાન સોનું કહેવાય. **ઉપાદાન એટલે જેના વિના કાર્ય ટકી-જીવી ન શકે.** વસ્ત્ર છે, તેમાંથી તાંતણા ખેંચી લઈએ પછી શું રહે ? માટે તાંતણા એ વસ્ત્રનું ઉપાદાન. મોક્ષ એ કાર્ય કરવું છે, તેમાં આત્મા ઉપાદાન ગણાય. મોક્ષ એ અવસ્થા છે, જો આત્મા ન હોય તો અવસ્થા કોની ? આત્માને લઈને જ અવસ્થા છે. આત્મા પોતે જ મોક્ષવાળો બની જાય છે, એવી રીતે દહીંનું ઉપાદાન કોણ ? દૂધ.

**નિમિત્ત એટલે ? :-**

ઉપાદાનને છોડી કાર્ય બનવા માટે જેની જરૂર પડી, જેના વિના ચાલ્યું નહિ, તે નિમિત્ત કાર્ય બનવા માટે એ જોઈએ. ઉપાદાન અને નિમિત્ત. **કાર્યના પ્રાણ તે ઉપાદાન.** એમ એના સિવાય **કાર્યને બીજી જેની જરૂર પડે તે નિમિત્ત.**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

વસ્ત્રનું ઉપાદાન તાંતણા, અથવા કપાસ. પણ વસ્ત્ર થવા માટે કોઈની જરૂર પડી ? કોઈ સહાયમાં આવ્યું ? હા, વણકરની, ને શાળની જરૂર પડી. માટે તે નિમિત્ત કહેવાય. વણકર હોય, શાળ હોય, પણ કપાસ ન હોય, અને ધૂળનો ઢગલો હોય તો ? શાળ સારામાં સારી છે ! વણકર ઊંચામાં ઊંચો ! હવે સુતર વિના વસ્ત્ર બનાવી દે ! તેમ સુતરના ઢગલાના ઢગલા વર્ષો સુધી ઊભા કર્યા, કોઈ વણકર કે શાળ ન રાખી તો વસ્ત્ર બનાવો ! બને ? ના. તેમ **મોક્ષરૂપી કાર્ય યોગ્ય અને પુરુષાર્થી આત્મારૂપી ઉપાદાનથી જ થાય.** મોક્ષ એ કાર્ય છે, એના માટે યોગ્ય અને પુરુષાર્થી આત્મા ઉપાદાન છે પણ એકલો યોગ્ય આત્મા કાર્ય નિપજાવી શકતો નથી, જ્યાં સુધી પ્રબળ નિમિત્ત ન મળે ! **કાળ પણ નિમિત્ત છે સદ્‌ગુરુનો યોગ નિમિત્ત છે. ભવિતવ્યતાનો ઉદય તે નિમિત્ત છે. અને પુણ્યાનુબંધી પુણ્ય પણ નિમિત્ત છે.** કેમ નિમિત્તની અપેક્ષા છે ? કહો કે એના વિના કાર્ય બનતું નથી. અષ્ટાપદના પગથિયે તાપસો એના એ જ હતા, પણ ગૌતમ સ્વામી આવ્યા પછી જ કેવળજ્ઞાન થયું. એ નહોતા આવ્યા ત્યાં સુધી સમ્યક્ત્વ પણ નહોતું !

**પ્ર.**- આત્મા ઉપાદાન તે જ છે. પણ પહેલાં યોગ્યતા નહોતી, તે હવે યોગ્ય બનવાથી કાર્ય થયું એમ કેમ ન કહેવાય ?

ઉ.- નહિ. એમ તો હવે યોગ્ય કોણે બનાવ્યો ? કહો કે નિમિત્તે, નિમિત્ત વિના નહિ જ ચાલે.

**પ્ર.**- કુતર્કવાદીઓ કહે છે, "ઉપાદાન સાચું, પણ નિમિત્તની અપેક્ષા નહિ.

ઉ.- તો આપણે તેમને પૂછીએ કે ગૌતમ સ્વામી આવ્યા પહેલાં કાર્ય કેમ ન થયું ? તો એ કહેશે કે,

**પ્ર.**- તે પર્યાય થવાનો કાળ ત્યારે નહોતો, પછી કાર્ય ક્યાંથી થાય ?

ઉ.- તો આ હિસાબે તેં આ કાળને નિમિત્ત માન્યું. ઉપાદાન તો આત્મા જ. ગૌતમ સ્વામીજી ન પધાર્યા હોત તો શું ત્યાં લાગે છે કે પરિપક્વ થઈ જાત ? નિશ્ચયવાદી કહેશે.

**પ્ર.**- ના ના, તે બને જ નહિ. એ તો ભવિતવ્યતામાં હોય તે બને જ.

ઉ.- બધાં ગપ્પાં ! ભવિતવ્યતામાં ગૌતમસ્વામીના ઉપદેશથી તાપસોને પ્રતિબોધ થવાનું તો ખરું ને ? તો ઉપદેશ નિમિત્ત બન્યો જ. ગૌતમસ્વામી પધાર્યા અને તાપસોએ ઉઠીને ગુરુ તરીકે એમને સ્વીકાર્યા અને બે અક્ષર આપ્યા કે આત્મા ઉઠ્યો મિથ્યાત્વમાંથી. તો ત્યાં એ નિમિત્ત કેમ નહિ ? પેલા કહેશે,

**પ્ર.**- અમે પણ નિમિત્તને માનીયે ખરા, પણ જેમ આકાશની હાજરી છે તેમ ! પણ તે નિમિત્તની કાર્ય થવામાં કોઈ જ અપેક્ષા નહિ !



ઉ.- તો પછી નિમિત્ત વિના કાર્ય કેમ થતું નથી ? માટે જ નિમિત્તની અપેક્ષા તો છે જ. એકલો આત્મા શું કરી શકે ?

**પ્ર.**- યોગ્ય અને પુરુષાર્થી આત્મા તે ઉપાદાન; એકલો આત્મા નહિ. નિમિત્ત ખરું પણ અપેક્ષા નહિ એની. તો ?

ઉ.- નિમિત્ત ખરું, અને અપેક્ષા નહિ, એમાં નિમિત્ત શબ્દનો અર્થ શો ? કોઈ વસ્તુ નિમિત્ત છે, કોઈ નથી, એમાં ફરક શું ? એજ કે નિમિત્ત તે છે જેની અપેક્ષા છે. તમે કહો છો એની ત્યાં અપેક્ષા નથી હાજરી છે, તો ઘડો બનતી વખતે આકાશનીય હાજરી છે, તો તે નિમિત્ત ખરું ? પણ એની અપેક્ષા નથી, તેથી નિમિત્ત નહિ. તો કહો કે નિમિત્ત શબ્દનો ઉપયોગ જ ત્યાં થાય કે જેની અપેક્ષા રહે !

શેઠ એટલે કોઈ નોકરનો માલીક છે. બાપ એટલે પુત્રનો પિતા છે. એમ નિમિત્ત એટલે આની અપેક્ષા છે. તેથી આને નિમિત્ત કહેવાય, બીજાને નહિ. "એ નથી આવ્યું ત્યાં સુધી કાર્ય નથી થતું, અને આવ્યું કે કાર્ય થાય છે." આવું જે બોલાય છે તેનું નામ જ અપેક્ષા. બીજા ન આવ્યા, અને આ આવ્યા. તો આને નિમિત્ત કહેવાનું અને બીજાને કેમ નહિ ? પુત્રનો જન્મ થાય તેમાં મા-બાપ શું કહેવાય ? નિમિત્ત તો પેલો કુતર્કી કહે છે. પુત્રોત્પત્તિમાં માબાપની અપેક્ષા નહિ. તો એનો અર્થ એ થયો કે બાપની અને માની અપેક્ષા વિના પુત્ર ઉત્પન્ન થાય !! કવિ મોટો છે, ઘણું લખે એમ છે. ઉપાદાન છે, પણ ખડીઓ-લેખન ન મળે તો ? વક્તા સારો છે, સણસણતું બોલી શકે એમ છે. પણ ગળું જ ન ચાલે તો ? કાર્ય થાય તે ઉપાદાન અને નિમિત્ત, બંનેથી થાય. બંનેની મુખ્યતા છે. કવિ કહે છે,

**"સ્વામિ-દર્શન સમું નિમિત્ત લહી નિર્મલું; જો ઉપાદાન એ શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો; સ્વામિ સેવા સહી નીકટ લાગે."**

વીતરાગ દેવના દર્શન મલ્યા, અને આત્મા પવિત્ર ન બને ત્યાં કાં ઉપાદાન આત્મા-દ્રવ્ય ખોટું છે, કાં ઉદ્યમનો અભાવ છે ! વીતરાગદેવના દર્શનથી અધિક નિમિત્ત બીજું શું ? રણસંગ્રામે ચઢેલ ક્ષત્રિય એની આંખ સામે એવા ઝઝુમતા યોદ્ધા જોતો હોય કે જે દુશ્મનોના બાણના પ્રહારો ખાઈને પણ, ભાલાના તીક્ષ્ણ પ્રહારો ખાઈને પણ શત્રુ સામે જંગમાં ઝઝુમતા હોય, પછી પ્રેરણા માટે એનાથી અધિક બીજું નિમિત્ત કયું જોઈએ ? વીતરાગનું દર્શન એ આત્માને નિર્મળ કરવામાં પ્રબળ નિમિત્ત છે. તે એ વીતરાગ છે કે જે જગતને પૂજ્ય, ત્રણ લોકને પૂજ્ય અને ઈન્દ્ર જેવાને પણ માન્ય, તેમણે પણ ભયંકર કર્મોની સામે લડાઈ કરી છે, તો મારી ઉપર એક બે પાંગળા કર્મના ઉદય ધસી આવે, ત્યાં મારે પાછી પાની શા માટે

કરવી ? મહાન કૌવત આવવું જોઈએ.

ઉપાદાન અને નિમિત્ત બંનેની જરૂર છે. કુતર્કવાદી ખંડન ભલે કરે; પણ પોતે આધાર તો તેનો જ લઈ રહ્યો છે. શા માટે એ પોતાનો મત ફેલાવવા મોટમોટા મંડપ બંધાવી ભાષણો કરે છે ? સામાને બોધ કરાવવા માટે ને ? તો બોધનું કારણ ઉપાદાન તો સામાનો આત્મા છે. તેમાં તારા ભાષણનું શું કામ છે ? તે શું અસર કરશે ? ના, પણ પ્રવચન માટે સ્પેશીયલ મંડપ, રસોઈયાને ચૂલો સળગાવી રસોઈ ક્રિયા કરતા કેમ નથી અટકાવતા ? કહી દે એમને 'આ શી માથાફોડ ? કોણે કહ્યું ચૂલાની ને બીજાની અપેક્ષા છે ?'' ના, આ તો મહેમાનો માટે શીરા-પુરીનાં જમણ ! શી જરૂર છે આ બધાની ? એ એમની પ્રવૃત્તિ જ કહી રહી છે કે તે નિમિત્તની અપેક્ષા સ્વીકારે છે. સામે કોઈ દલીલ કરે તો કહે છે કે,

**પ્ર.**:- 'એવી દલીલો અનંતવાર કરી. અહીં રહો પંદર-વીસ દહાડા પછી બધું સમજાશે !'

**ઉ.**:- તો રહેવું અને સાંભળવું તે ઉપાદાન છે કે નિમિત્ત ? ભરત મહારાજાને આરિસાભુવનમાં વીંટી પડી ગઈ; અને આરિસામાં જોયું. ભાવનામાં ચઢ્યા. તો વીંટી એ ઉપાદાન કે નિમિત્ત ? નિમિત્ત છે. હવે જો એ નિમિત્તની અપેક્ષા ન હોત તો અરિસાભવનમાં પેઠા પહેલાં કેમ કેવળજ્ઞાન ન થયું ? ભવિતવ્યતા પણ ન કહેવાય. કેમકે તે પણ નિમિત્ત છે. વીંટી વિનાની આંગળીને અરિસામાં જોયા પર ભાવના જાગી એટલે ત્યાં એ નિમિત્તે કામ કર્યું. ભાવના પર કેવળજ્ઞાન ભરત મહારાજાએ મેળવ્યું.

**ત્રિવિધ અવંચક :-**

અસ્તુ. આપણી વાત શી હતી ? નિમિત્તની અપેક્ષા વિના કાર્ય નથી થતું, તો મોક્ષની સાધનામાં પ્રબળ યોગ કયો ? સદ્‌ગુરુનો. એમને કરાતી વંદનાદિ ક્રિયાઓ; અને એનાથી બોધાદિનું પ્રાપ્ત થતું ફળ. આ ત્રણેયથી ચિત્તની વિશુદ્ધિ થાય. મિથ્યાત્વની મંદતા થાય. એના યોગે આત્મામાં જે સારો અભિપ્રાય પ્રગટ થાય, વિચારણા, ભાવ, મનોરથ વગેરે સારા જાગે, તેનું નામ સમાધિ, તેનું જ નામ અવંચક. ઉપરોક્ત ત્રણેયથી આ અવંચક સંકળાયેલ થાય એટલે એનું નામ યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક કહેવાય છે.

**આજે ય ગૌતમગુરુ મળ્યા જેવું કાર્ય :-**

ભલે ગુરુ ગૌતમ જેવા ન પણ મલ્યા હોય, પણ જેવા મલ્યા તેવા મેળવનારો, જો ભૂમિકા તૈયાર કરીને આવ્યો હોય તો, કાર્ય જાણે ગૌતમગુરુ મલ્યા તેવું કરી લે. શાસ્ત્રોમાં દૃષ્ટાંતો મલે છે કે ગુરુ સામાન્ય મલ્યા હોય, પણ ભક્તોના કાર્ય થઈ



ગયા ! **સદ્‌ગુરુના યોગને કેવો માનો છો ? એની આગળ જગતને કેવું તુચ્છ ગણો ? પછી કેવા ધર્મ મનોરથ અને ધર્મક્રિયા કરો છો ? એના પર ફળને ફળવાનો આધાર છે.** એમાં પછી એ હિસાબ નથી કે રોજ એકાદ વાર જ ગુરુનો ભેટો થયો હતો. પણ એવો સંયોગ હૃદયમાં વસાવી દો કે અદ્‌ભુત કાર્ય થઈ જાય ! મનને થવું જોઈએ કે **''આ પાપથી ભરેલી પૃથ્વી પર આવા પવિત્ર ગુરુનાં દર્શન ક્યાંથી ! મારું તો જીવન ધન્ય થઈ ગયું !** એ સમજીને હવે તો જીવનમાં નિરંતર એ પવિત્ર મૂર્તિને હૃદયમાં એવી ધારણ કરીશ કે અંદરમાં પાપ ધ્રૂજી ઉઠશે ! ને નવાં પાપ પર હવે કાપ મૂકાશે ! મહાપવિત્રનાં દર્શન થયા પછી સામાન્ય પાપ પર પણ કાપ ન મૂકું તો તે મારી દર્શન ક્રિયા કેવી ?'' સોનાથી ભરેલી લંકામાં જઈ આવ્યો અને તોલા-બે તોલા સોનું લીધા વિના પાછો આવ્યો ! ઠેઠ પદ્મસરોવરે ગયો અને ચાંગળું પાણી પીધા વગર આવ્યો ! તે શું ? હીરો ઘોઘે જઈ આવ્યો, એ જ કે બીજું કાંઈ ? ગુરુનો યોગ એટલું જ માત્ર યોગાવંચક નહિ. આનંદઘનજી કવિ કહે છે,

**''નિરમલ સાધુ ભગતિ લહી,**
**યોગાવંચક હોય, સખી મુને દેખણ દે.''**

ભલે ગુરુનાં દર્શન માત્ર એક વાર થયાં, પણ જીવનમાં તેનાં ઊંચા મૂલ્ય વસાવે, એ ગુરુભક્તિ કહેવાય. ત્યાં યોગાવંચક સિદ્ધ થાય. ગુરુનાં દર્શને જાય કે થાય હૃદયમાં, **''અહો ! પાપથી ભરેલી પૃથ્વી પર આ પવિત્ર આત્માનાં દર્શન થયાં ! ચાલો આજે સરસ કામ થઈ ગયું !** ધન્ય દિવસ !'' આમ કંઈક થાય તો પછી સંસારની પાપ પ્રવૃત્તિઓ ઓછી થશે. એમ થશે કે 'આ સાધુ બનેલા તે અમારા જેવી જ કાયાવાળા છતાં એમને લેશ પણ પાપની જરૂર નથી, તો અમે અમારા જીવનમાં મોટાં મોટાં પાપને તો જરૂર છોડીએ !' આમ થાય તો એ ગુરુયોગ વંચક=ઠગારો નહિ; પરંતુ અવંચક અર્થાત્ નિશ્ચિત સફલ.

**ગુણ અને કળા :- સદ્‌ગુરુનો યોગ શું કરે ? પ્રભંજના સતીને** ગુરુનો યોગ રસ્તામાં થઈ ગયો ! એક હજાર વિદ્યાધર સખીઓની સાથે પતિની શોધમાં નીકળી હતી પ્રભંજના ! વિદ્યાધર ચક્રવર્તીની પુત્રી હતી; એટલે જે જે રાજ્યમાં જાય ત્યાં ત્યાં માનપાન કેવાં ? સ્થાન-સ્થિતિ કેટલાં બધાં ઊંચા મળે !! કેઈ રાજકુમારો મળે છે, છતાં એને પતિ મનગમતો મલતો નથી ! તો શું નહિ હોય જગતમાં રૂડા-રૂપાળા કુમારો ? પૈસે-ટકે સમૃદ્ધ નહિ હોય ! હશે, પણ એ કાળે એની કિંમત નહોતી. **રૂપ અને પૈસાને બદલે સત્ત્વ અને ગુણોની એ કાળમાં બહુ કિંમત !** સાચી કળાની એ કાળે ભારે કદર ! વર કે કન્યા 'કળા કેટલી જાણે છે ? ગુણ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કેવા છે ?' - એ જોવાતું. કારણ, **જે ખરું મસ્ત અને શાંત જીવન જીવવું છે, તે જો કળાના ખૂબ જ્ઞાતા હશે તો જીવાશે. સાત્ત્વિકતાદિ ગુણના દરિયા હશે તો જીવાશે.** જો એ નહિ હોય; કળામાં હોશિયારીને બદલે અભણપણું હશે, અને ગુણોના બદલે દુર્ગુણની ગટર હશે, પછી ગમે તેટલું રૂપ કે ગમે તેટલા પૈસા હો તેથી શું ? જીવનમાં એ સુખશાંતિ થોડી જ આપે ? કંઈ જ નહિ. બલ્કે એ જ રૂપ અને પૈસા પર સુખ-શાન્તિ સુકાઈ જશે; અને દુઃખ-અશાન્તિના દાવાનળ સળગશે ! રૂપ છે અને ગુણ નથી, તેવીને પરણીને લાવ્યો, બે-ચાર મહિના થયા, એટલે જોશે કે 'આ તો રોજની ઝગડાખોર છે ! આપણને પસંદ છે તે આ નથી કરતી માટે ચાલો બીજીને પકડો ! પણ વ્યવહાર ના પાડે છે; તો ભલે; આપણે ક્યાં બીજીને ઘરમાં લાવવી છે ! એની સાથે મોટરમાં તો ફરાય ને ? એના ઘરમાં જવાની થોડીક જ મનાઈ છે ?...' શું આ બધું ? પગે લાગવા જેવું છે ને આજના કાળને ? બાઈ સુશીલ ગુણીયલ અને કળાની જ્ઞાતા છે, પણ ભાઈમાં ઠેકાણું નથી. પછી એ શું દેખાડશે ? પ્રેમ કે અરુચિ ? ગુણ અને કળા નથી; પણ પૈસા અને રૂપ છે, તો પરિણામ ભયંકર ! અને ઉપર જો પૈસા છે તો દાવાનળ જ સળગવાનો ! માટે જ કહો કે ગુણ છે પણ એની સાથે જો ધર્મકળા છે, ને બીજી કળાઓનો નિર્દોષ ઉપયોગ છે, તો સ્વપરના જીવનમાં સુખનો અનુભવ થશે. હાં, ધર્મ વિનાની એકલી કળા કામની નથી. ગુણની સાથે કળા જોઈએ. નહિતર કળા શ્રાપરૂપ થઈ જાય. આજે વિલાયતી કળાઓ લેવામાં આવે છે, પણ ગુણ નહિ, એટલે એ કળા પર જ ઘોર પાપ સર્જાય છે ! માટે સમજી રાખો કે ગુણ અને કળા વિના જીવનમાં સુખ ટકી શકે નહિ. ગુણ અને કળા વિના સાંસારિક સંબંધો પણ વધુ સળગાવનારા થવાના.

રામ અને સીતાજીના સંબંધ શાના પર હતા ? રૂપ અને પૈસા પર હોત તો રાવણ જેવો મળે કે બાકી રહે ? એકાંત મળે તો બાકી રહે ? રામ જેવા ઊભે જંગલે તગેડે તે સહી લે ? પણ આ તો ગમે તે થાય છતાં હૈયામાં રામ સિવાય બીજાનું નામ સરખું નહિ ! તે શાના પર ? પૈસા રાવણ પાસે કમ નહોતા, રૂપ પણ રાવણનું ઓછું નહોતું ! મંદોદરી જેવી તો એના પગે પડતી ! પૈસા એટલે જગતની સગવડ. એના પર સંબંધ હોત તો ? એ નહોતું સીતાજીમાં. તો રાવણની સામે ઊંચી આંખ કરવાની પણ એને ગરજ નથી. પછી મીઠા બોલ બોલવાના તો હોય જ ક્યાંથી ? આર્ય પ્રજા એ ભાન ભૂલવા માંડી, ઊંચી પોતાની સંસ્કૃતિ ભૂલવા માંડી એટલે જેને સાક્ષાત્ દુરાચાર કહેવાય તે ભલે ચોક્ખો ન દેખાય, પણ એની પૂર્વભૂમિકા બની ગઈ છે. વાત વાતમાં નખરા ! આંખો ચગાવ્યા કરવી !



ટાયલાભર્યાં વચન ! વેશની છાકટાઈ ! અંગની કુચેષ્ટાઓ ! જેની તેની સાથે એકાંતવાસ ! વાસનાઓ પોષવા બિભત્સવાંચન ! આ બધું શું દુરાચારની ઓછી ભૂમિકા છે ?

આ રૂપનાં તોફાન અને પૈસાના પ્રપંચના યોગે આર્ય સંસ્કૃતિ વિનાશના પાટલે બેસી ગઈ ! કળા અને ગુણના સંબંધ હોય તો આંખ ઊંચી શાની થાય ? વાતવાતમાં બજારોમાં ભટકવાનું શાનું ? સગા ભાઈ-બહેન હોય છતાં એકાંતમાં વાતચીત શાની ? દિયર સાથે પણ ટાયલાં સૂઝે શાનાં ? આ બધું નથી એટલે આજે પ્રચ્છન્ન પાપોનો પાર નથી.

પ્રભંજનાને તો કળાવાન અને ગુણવાન પતિ જોઈએ છે; એ માટે મુસાફરી ચાલુ છે. પણ હજી પાત્ર જડતો નથી. ત્યાં રસ્તામાં જતાં સાધ્વીજી મલી ગયા. ગુરુ ભલે ગૌતમ ન હોય પણ યોગ જો સાચો મેળવીએ, એ યોગ મળતાં તેને પચાવીએ, તો જે કાર્ય ગૌતમ ગુરુ પાસેથી સાધીયે, તે કાર્ય આ બીજા ગુરુ પાસેથી મેળવી શકીએ. સાધ્વીજીએ પ્રભંજનાને ઊભી રાખી, પૂછે છે - "આ શું છે ?"

સખીઓ કહે છે, "વર વરવા જઈએ છીએ."

**સાધ્વીજી કહે છે, "ઓહો ! આ ભવમાં આ કાર્ય સૂઝ્યું ? પતિની પસંદગીના કાર્ય ક્યાં નહોતાં કર્યાં ? અને જગતમાં તે કોને નથી આવડતાં ! શું તમે આત્માનાં શાણપણ જઈ જઈને એમાં જોયાં ?"** લાંબા પરિણામનાં સુખ અને આત્માની ઉન્નતદશા એમાં દેખી ? ખુમારીમાં ચાલ્યા જાઓ છો કે 'કેવી અમારી મસ્ત કાયા ! એને યોગ્ય મસ્ત પતિ મળી જાય કે બસ, સુખ ભોગવીયે !' પણ ભૂલી કાં જાઓ કે એ સુખ આત્માનું નહિ ! ચામડાનું. એ વિષયસુખ વિષયી આત્માને કરપીણ જન્મમરણોની પરંપરા આપે છે !! એવા વિષસમા વિષયોમાં અમૃતબુદ્ધિ કરો છો ?' કવિ કહે છે,

**"વિષય હલાહલ વિષ તિહા, શી અમૃતબુદ્ધિ રે લો,...**
**અહો શી અમૃતબુદ્ધિ રે લો."**

જો જો પતિ ગુણવાન જોઈએ છે, તેથી આવું સાંભળી શકે છે. જો માત્ર રૂપસૌંદર્યની ભૂખ હોત તો આ સાંભળી શકત કે કેમ એ વિચારણીય છે. ત્યાં એને મળેલા ગુરુ સંપર્કને એ યોગાવંચક બનાવત કે કેમ એ પણ વિચારવા જેવું છે. યોગાવંચક સાધવાની આશા તે આત્મામાં રાખી શકાય કે જેણે કંઈક પણ **કર્મના ભાર હલકા કરી સ્વાત્માની દૃષ્ટિ ફેરવી છે. જડ જગતમાં પણ જેણે ઉજ્જ્વળ માનવતાથી વર્તવાનું રાખ્યું છે.** તમારે ય આ પહેલું કરવું પડશે. પ્રભંજનામાં તો એ જોશો કે એ શુભ ભાવનામાં કેવીક કૂદકે-ભૂસકે આગળ વધે છે.

# ⑨ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**પ્ર.**- યોગદષ્ટિની સામે અયોગ્ય દૃષ્ટિ તો એક ઓઘદષ્ટિ જ છે. તો અહીં અયોગ્ય દૃષ્ટિઓ એમ બહુવચન કહી અનેક કહી, તે શું ?

**ઉ.**- યોગદષ્ટિમાં જેમ વિવિધ દોષ ત્યાગ અને વિવિધ ગુણના હિસાબે અનેક પ્રકાર પડે છે; તેમ ઓઘદષ્ટિમાં વિવિધ ગુણત્યાગ અને દોષની અપેક્ષાએ અનેક પ્રકાર સમજી શકાય છે. અથવા કહો કે ભવાભિનંદી જીવોમાં ય જુદી જુદી જાતની દષ્ટિઓ હોય છે. દા.ત. કોઈને અર્થદષ્ટિ, તો બીજાને કામદષ્ટિ, કોઈને ઉદ્યોગદષ્ટિ તો બીજાને આરામદષ્ટિ. અહીં દૃષ્ટિ એટલે તેવા તેવા પ્રકારની રુચિ સાથેના ધોરણ સમજવાના છે. અર્થદષ્ટિવાળાને જીવનમાં મુખ્ય રુચિ અર્થ (પૈસા) પર હોય છે. એ પૈસાના જ આધારે જીવનનું ધોરણ માપે છે; 'પૈસા હોય તો બધું છે' એમ સચોટપણે માની જીવનમાં મુખ્ય ધોરણ પૈસાનું રાખે છે એમ આરામદષ્ટિવાળા લોક ખૂબ ખૂબ આરામ કરવાનું ધોરણ રાખે છે. આવા અનેક ધોરણ અને અનેક રુચિઓ છે. કોઈને કળાનું ધોરણ હોય છે, તો તો કહે છે કે 'કળા નથી તો જીવનમાં કાંઈ જ નથી.' બીજાને કૃપણતાનું ધોરણ હોય તો એમ જ માને છે કે 'ભેગું કરી સંગ્રહી રાખો, તો જ સુખી અને નચિંત. નહિ તો ઉડાઉગીરીથી ચિંતા રહેશે.' રોફનું ધોરણ હોય તેને તો 'બસ, જ્યાં ત્યાં રોફથી વર્તીએ તો જ સુખે રહી શકાય,' - એવું વલણ રહે છે. કોઈને હર્ષનું જ ધોરણ, તો કોઈને માયા-પ્રપંચનું ધોરણ. - આવી આવી તો ધોરણરૂપે કેઈ દષ્ટિઓ હોય છે. **આ બધી દષ્ટિઓ અયોગ્ય દષ્ટિઓ છે. તે નળ નામની વનસ્પતિ જેવી છે, સ્વપરને મહાન દુઃખની કડવાશ અને રોગ આપનારી છે. યોગદષ્ટિઓ યોગ્ય દષ્ટિઓ છે. એનામાં સંવેગનું માધુર્ય છે.** આનામાં એ નથી તેથી કડવી છે.

અહીં યોગ દૃષ્ટિઓને શેરડી-રસ...વગેરેની ઉપમા આપીને એ સૂચવ્યું કે **જીવનમાં સહેજ પણ સંવેગની મીઠાશ જો લાવવામાં આવશે તો જ પેલી અયોગ્ય દષ્ટિઓમાંથી બહાર નીકળાશે,** અને તો જ એ મધુરતામાં ધીમે ધીમે વધારો કરીને ઊંચે ચઢી શકાશે તેમજ, એ પણ વસ્તુ છે કે સાચી યોગદષ્ટિ પ્રાપ્ત કરવી હોય તો **જીવનમાંથી એ બધી અયોગ્ય દષ્ટિઓને રવાના કરી દેવી જોઈએ. જીવનમાં ઝેર નાખનાર હોય તો એ ઝેરી ધોરણો જ છે.** માણસ અર્થ (પૈસા) કમાવા જાય, પણ અર્થદષ્ટિ ન હોય એટલે કે 'પૈસા એ જ જીવનસૂત્ર' કરનારો ન હોય, તો



વેપારાદિમાં અન્યાય નહિ કરે, બહુ લોભ નહિ કરે, પૈસા પાછળ અનેક અનર્થ નહિ નિપજાવે. એવું જ બીજે. અને અવસરે કદાચ રોફ કરશે, પણ રોફદષ્ટિ એટલે કે જીવનમાં રોફનું જ ધોરણ જો નહિ હોય તો રોફ કર્યા પછી પસ્તાવો કરશે, રોફ ઓછો કરશે, બધે જ રોફ નહિ કરે. રોફના ધોરણવાળાના તો બેહાલ. એને તો જ્યાં ને ત્યાં રોફ કરવા જોઈએ, પાછી એમાં માનવાની હોશિયારી, ક્યારેય પશ્ચાત્તાપ નહિ...તાત્પર્ય એ છે કે જીવનમાં અયોગ્ય દૃષ્ટિ, અયોગ્ય ધોરણ. એ બહુ ખતરનાક છે. જીવનને એ વિષમય કરી જીવને એની પરંપરામાં ફસાવનાર છે. માટે તેને પહેલી તકે દૂર કરી કલ્યાણમાતા સમી સંવેગભરી યોગદષ્ટિનું શરણ કરવું જોઈએ. આ બધી શક્યતા અહીં માનવભવમાં બહુ છે; માટે જ માનવભવની ઊંચી કિંમત છે. તેથી જ અહીં આ અસત્ દૃષ્ટિનો નાશ, અને સત્ દૃષ્ટિનું હૃદયમાં સ્થાપન અને જીવનમાં અમલ કરી લેવો અતિ જરૂરી છે. આ કાર્ય પછીથી ક્યાં થઈ શકવાનું હતું ? ત્યારે જો અયોગ્ય દૃષ્ટિ લઈને માણસ મર્યો, તો એના ગુણાકાર થતાં દુર્ગતિના હલકા ભવોમાં જીવની દશા કઈ ? રોફની દૃષ્ટિ એટલે કેમ ? તો કે સિંહ-વાઘ વગેરે થયા કરો. કામદષ્ટિ એટલે ? મરઘાં-કબૂતરા કે ગધેડા જેવા હલકા ભવમાં રખડ્યા કરો. લ્યો, અહીં એવી પાપદષ્ટિ અલ્પકાળ માટે રાખીને છેવટે સાર શો કાઢ્યો ? પોતાની જાતે જ પોતાની ભવોભવ ભયંકર દુર્દશા ને ?

**બૌદ્ધ દર્શનમાં અસંગતિ :** અહીં ગ્રન્થકાર મહર્ષિ કહે છે કે ઓઘદષ્ટિ અને યોગદષ્ટિ, તથા યોગદષ્ટિમાં પણ મિત્રા દૃષ્ટિ, તારા દૃષ્ટિ, બલા... એમ જે ભેદ પડે છે તે તો **પરિણામિ - આત્મવાદમાં** ઘટી શકે; પણ સર્વથા **અપરિણામિ-ક્ષણિક-આત્મવાદમાં** ન ઘટી શકે. **જૈનદર્શન પરિણામિ-આત્મવાદી છે. અર્થાત્ જૈનમતે બીજા દ્રવ્યોની જેમ આત્મા પણ પરિણામી છે. બૌદ્ધ મતે બધું જ સર્વથા ક્ષણિક અપરિણામી છે.**

**પરિણામવાદ :-** પરિણામી એટલે જુદી જુદી અવસ્થામાં પરિણમન પામનારો. દા.ત. સોનું જુદા જુદા અલંકારના ઘાટમાં પરિણામ પામે છે. ત્યાં મૂળ સોનું દરેકે દરેક ઘાટમાં કાયમ રહે છે; કોઈ પણ ઘાટમાં એનો અભાવ નથી હોતો. તેમજ ઘાટ જે બને છે તે સોનાથી તદ્દન જુદી વસ્તુ નથી, પરંતુ સોનું પોતે તે તે વીંટી, કડું વગેરે ઘાટ રૂપે થઈ જાય છે. એટલે એ આવ્યું કે વસ્તુ પોતે જુદા જુદા ઘાટ રૂપે પરિણામ પામે છે. એમાં વસ્તુનો નથી તો એકાંતે નાશ, કે નથી તો એકના એક સ્વરૂપે અને અવસ્થાએ સ્થાયીપણું. એમાં તો **પોતાના મૂળ સ્વરૂપને કાયમ રાખીને બીજી બીજી અવસ્થાઓ રૂપે વસ્તુનું પોતાનું પલટાવું થાય છે. આ સિદ્ધાન્તનું નામ પરિણામવાદ છે.** આત્મા પણ આજ રીતે મૂળ ચેતન સ્વરૂપ કાયમ રાખીને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

દેવ, મનુષ્યરૂપી અવસ્થાઓમાં પલટો પામે છે. તેમજ મિત્રા દૃષ્ટિમાંથી તારા દૃષ્ટિની અવસ્થા વગેરેમાં પલટાય છે. આ બધું જૈનદર્શનના પરિણામીવાદમાં ઘટી શકે છે, પરંતુ બાહ્યદર્શનના સર્વથા અપરિણામી ક્ષણિક વર્ગમાં ઘટી શકતું નથી; કેમકે સર્વથા ક્ષણિક એટલે વસ્તુ એક જ ક્ષણ માત્ર ટકે, અને બીજી ક્ષણે તો એનું નામ-નિશાન ન હોય, પણ તદ્દન જુદી જ વસ્તુ હયાતિમાં આવે. આમાં એક વસ્તુ કાયમ રહીને એનામાં માત્ર અમુક પલટો આવ્યો, માત્ર બીજી કોઈ અવસ્થા આવી, એવું ક્યાં બન્યું ? એમાં તો વર્તમાન ક્ષણની સોનાની વીંટીનો ઘાટ નાશ પામવા સાથે મુદ્દામ મૂળ સોનું પણ નાશ પામ્યું. પછી બીજી ક્ષણે તદ્દન નવું જુદું જ સોનું અને એના જ ઉપર કડું વગેરે નવા ઘાટ ઉત્પન્ન થયા; એટલે એકના એક જ સોનામાં વીંટીપણું જઈને કડાપણું આવવાનું ન બન્યું. એવી જ રીતે સર્વથા ક્ષણિકવાદે આત્મામાં મૂળ આત્મા એનો એ કાયમ રહી એમાં ઓઘદૃષ્ટિની અવસ્થા જઈને યોગદૃષ્ટિની અવસ્થા આવવાનું ન બની શકે; કે યોગમાં પણ આત્મા મિત્રા દૃષ્ટિવાળો મટીને પોતે ને પોતે જ તારાદૃષ્ટિવાળો થયો, એવું નહિ ઘટી શકે. તેથી એક જ આત્માને ભિન્ન ભિન્ન અનેક ચઢતી દૃષ્ટિએ પ્રાપ્ત થાય છે, એ વાત બૌદ્ધ દર્શનના ક્ષણિકત્વના સિદ્ધાન્તે નહિ બની શકે; કેમકે ક્ષણિક આત્માને એટલે કે એક જ ક્ષણના આયુષ્યવાળા અને બીજી જ ક્ષણે સર્વથા નાશ પામનારા આત્મામાં **'તથાભવન'** એટલે ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ ઉત્તરોત્તર પ્રાપ્ત થવાનું અનુપપન્ન છે, અઘટમાન છે, ઘટી શકતું નથી.

**આઠ યોગદૃષ્ટિમાં આઠ પ્રકાશના દૃષ્ટાન્તની વિચારણા સમાપ્ત.**

**यमादियोगयुक्तानां, खेदादिपरिहारतः ।**
**अद्वेषादिगुणस्थानं, क्रमेणैषा सतां मता ॥ १६ ॥**

પરમોપકારી પરમવિદ્વત્તાવિભૂષિત શાસ્ત્રકાર મહર્ષિ આચાર્ય ભગવાન **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ સ્વરચિત **"યોગદૃષ્ટિ સમુચ્ચય"** નામના મહાશાસ્ત્રમાં યોગની આઠ દૃષ્ટિમાં બોધનો પ્રકાશ કેવો ઉત્તરોત્તર વધે છે, અને એની શી અસર થાય છે એ વર્ણવી ગયા. હવે એ વાત ફરમાવે છે કે આ યોગદૃષ્ટિ માત્ર જૈનદર્શન જ પ્રાપ્ત કરી શકે છે, એવું નથી. આ તો સકલ યોગીઓના દર્શનો માટે સર્વસાધારણ વસ્તુ છે. હા, જેને ત્યાં યમ-નિયમ જેવા યોગની વસ્તુ જ નથી, એથી જ જે યોગી જ નથી, એમના મનમાં એમના દર્શનમાં આ યોગદૃષ્ટિ પ્રવેશ નહિ કરી શકે, નહિ ઘટી શકે. બાકી યોગી બધામાં આનો સમન્વય થઈ શકશે. આ હિસાબે કેવા કેવાને કેવી રીતે યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, તેનું તેનું સ્વરૂપ હવે અહીં બતાવવા કહે છે.

**"यमादियोगयुक्तानां...** આનો અર્થ એ છે કે ક્રમસર 'યમ' વગેરે યોગથી



યુક્ત સત્પુરુષોને 'ખેદ' વગેરેના ત્યાગથી બનતું 'અદ્વેષ' વગેરે ગુણસ્થાન. એ આ યોગદૃષ્ટિ માનેલી છે." અર્થાત્ આઠ યોગદૃષ્ટિમાં ક્રમસર આઠ યોગાઙ્ગ, આઠ દોષત્યાગ, અને આઠ ગુણસ્થાન સિદ્ધ થયેલા હોય છે. બીજા શબ્દથી કહીએ તો એમ કહેવાય કે આ ત્રિક સિદ્ધ થતા આવે તેમ તેમ ઊંચી ઊંચી યોગદૃષ્ટિ પ્રાપ્ત થતી આવે. કઈ કઈ દૃષ્ટિમાં કયો કયો યોગાઙ્ગ દોષત્યાગ અને ગુણસ્થાન સિદ્ધ થતો આવે એનું એક કોષ્ટક બનાવી શકાય.

| દૃષ્ટિ | સિદ્ધ યોગાઙ્ગ | ત્યજેલ દોષ | પ્રાપ્ત ગુણ |
|---|---|---|---|
| ૧ મિત્રા | યમ | ખેદ | અદ્વેષ |
| ૨ તારા | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા |
| ૩ બલા | આસન | ક્ષેપ | શુશ્રૂષા |
| ૪ દીપ્રા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ |
| ૫ સ્થિરા | પ્રત્યાહાર | ભ્રાન્તિ | બોધ |
| ૬ કાન્તા | ધારણા | અન્યમુદ્ | મિમાંસા |
| ૭ પ્રભા | ધ્યાન | રોગ | પ્રતિપત્તિ |
| ૮ પરા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ |

કોષ્ટક પરથી એકી સાથે સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે કે કઈ દૃષ્ટિ પામવા શું શું સિદ્ધ કરવું જોઈએ. તેમ એની પૂર્વે કઈ કઈ દૃષ્ટિઓ અને તેની સાધનભૂત કઈ કઈ સિદ્ધિઓ થઈ ગઈ હોવી જ જોઈએ, એનો પણ ખ્યાલ આવી જાય છે. આમાં આગળ ઉપર દરેક દૃષ્ટિના વર્ણન વખતે બતાવશે કે ત્યારે ત્યારે તે તે યોગનું અંગ, તે તે દોષત્યાગ અને તે તે ગુણસ્થાન પ્રાપ્ત થઈ ગયું હોવું જોઈએ.

**આઠ યોગાઙ્ગનો આછો ખ્યાલ :- યમમાં** અંશે કે સર્વથા અહિંસા-સત્ય-અસ્તેય (પ્રામાણિકતા) - બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - એ પાંચ મૂળ ગુણો આવે છે. **નિયમમાં** ઈન્દ્રિય નિગ્રહ, વ્રત, નિયમ, સ્વાધ્યાય વગેરે ઉત્તર ગુણો આવે છે. **આસનમાં** પદ્માસનાદિ દ્વારા કાયિક અવયવોનું સંગોપન આવે છે. **પ્રાણાયામમાં** આમ તો યોગદર્શન પ્રમાણે શ્વાસોચ્છ્વાસ પર નિયમન, અને એ માટે શ્વાસનું રેચક-પૂરક-કુંભક આવે છે; પરંતુ અહીં યોગદૃષ્ટિના હિસાબે **બાહ્યભાવનું રેચન** (બાહ્યવૃત્તિને ખાલી કરી નાખવી તે) અને **આંતરભાવનું** પૂરણ-કુંભન અંતર્મુખ વૃત્તિને (અંતરમાં ભરવી અને સ્થિર કરવી તે) આવે છે. **પ્રત્યાહારમાં** ઈન્દ્રિયોને વિષયો તરફથી ઊભગાવી, સદા ઉદાસીન કરીને અંતર્લીન કરવાનું હોય છે. **ધારણામાં** ધ્યાનમાં વિષયભૂત તત્ત્વને સમજપૂર્વક મનમાં ચોક્કસરૂપે અવધારણ કરી રાખવાનું



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આવે. **ધ્યાનમાં** તત્ત્વ પર એકાગ્ર ચિંતન આવે. **સમાધિમાં** ધ્યાન જેટલી પણ મનોવૃત્તિના અભાવ સાથે આત્મસ્વરૂપમાં લયલીનતા આવે.

**આઠ દોષનો ખ્યાલ :-** યોગદષ્ટિના વિકાસ માટે યોગનાં શુદ્ધ અનુષ્ઠાન આચરવા જરૂરી હોય છે પણ અનાદિના કુસંસ્કારના પ્રભાવે એમાં અમુક અમુક દોષોને લઈને અશુદ્ધિ આવે છે. તેથી એવા અશુદ્ધ અનુષ્ઠાનનાં સેવન ચાલુ છતાં યોગદષ્ટિમાં પ્રગતિ થતી નથી. અહીં દોષો આઠ બતાવવામાં આવે છે. (૧) એમાં પહેલા ખેદમાં યોગક્રિયા કરતાં કરતાં થાક, કંટાળો, નીરસતા વગેરેનો અનુભવ થાય છે, ત્યારે (૨) બીજા ઉદ્વેગ નામના દોષમાં યોગક્રિયા આદર્યા પછી તો રસ રહે છે, કંટાળો નથી આવતો; પરંતુ આદરવા પૂર્વે કંટાળો-નિરસતા વગેરે હોય છે. ઝટ લઈને આ સારું એવો ઉલ્લાસ નથી થતો. ત્યારે ત્રીજા-ચોથા ક્ષેપ અને નામના દોષમાં ચાલુ યોગક્રિયા વખતે ચિત્તનું બીજે જવું, મનમાં બીજા વિચાર આવવા મન શૂન્ય બની જવું વગેરે ચંચળતા આવે. (૫) પાંચમાં ભ્રાન્તિ નામના દોષમાં ભ્રમણા આવે. યોગક્રિયા સંપૂર્ણ કરી કે નહિ બરાબર થઈ કે નહિ એને મનમાં ભ્રમ થાય, ઊંધો ખ્યાલ બંધાય. (૬) છટ્ઠા **"અન્યુમુદ્"** નામના દોષમાં ચાલુ ક્રિયા વખતે અન્ય ક્રિયાનો આનંદ આવે. સામાયિક કરતી વખતે એમ વિચારે કે પ્રભુપૂજાનો આનંદ બહુ સરસ અથવા બીજી ક્રિયાનો આનંદ સાક્ષાત્ અનુભવે. (૭) સાતમા રોગ નામના દોષમાં જેવા પ્રકારના શારીરિક માનસિક રોગ આવે, જે યોગાનુષ્ઠાનમાં બાધક હોય. (૮) આઠમામાં "આસંગ" નામના દોષમાં દરેક જાતની આસક્તિનું આકર્ષણ આવે એટલે પોતાના આત્માની જે ઘણી ઊંચી યોગિક અવસ્થા એના પર પણ જો લેશ પણ આસક્તભાવ રહે તો તે આસંગ દોષ છે. હવે એમને નિકટમાં વીતરાગ થવાનું છે ત્યાં રાગાદિનું નામ-નિશાન નથી. માટે આવી ઊંચી પાયરીએ ચઢેલા માટે આ આસક્તિદોષ છે. બધું નિરાસંગભાવે થવું જોઈએ. માટે જ સાધકને માટે યોગના અનુષ્ઠાનનો ક્રમ એ બતાવ્યો છે પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચનાનુષ્ઠાન, અસંગાનુષ્ઠાન.

**આઠ ગુણસ્થાનક :-** આત્મા જેમ જેમ આગળ વધતો ગણાય છે, તેમ તેમ એનામાં આ ગુણો વિકસતા આવે છે. એમાં પહેલો ગુણ (૧) **અદ્વેષ;** એટલે મોક્ષાદિ તત્ત્વો તરફ અનાદિકાળની જે અરુચિ, ને જે દ્વેષ હતો, એનો અભાવ થવો તે, એ અરુચિ નાશ પામવી તે. એના પર (૨) બીજો ગુણ **જિજ્ઞાસા.** એમાં મોક્ષ, આત્મા, યોગ વગેરે પદાર્થો જાણવા સમજવાની ઇચ્છા જાગ્યા કરે. જાણવાની ભૂખ રહ્યા કરે. એથી આગળ (૩) **શુશ્રૂષા** ગુણમાં જિજ્ઞાસા પૂરી કરવા માટે યોગ્ય સ્થાને જઈને સાંભળવાની અને તત્ત્વબોધ લેવાની તમન્ના હોય, પછી (૪) **શ્રવણ**



યોગ્ય સ્થાને જઈ વિનયાદિ વિધિપૂર્વક તત્ત્વને ખૂબ ઊલટથી ધ્યાનપૂર્વક સાંભળે. એના ઉપર (૫) પાંચમો ગુણ **બોધ** થાય, તત્ત્વની સમજ થાય. સાચા મોક્ષ માર્ગની ખબર પડે. પછી (૬) **મિમાંસા** એટલે તત્ત્વ ઉપર ચિંતન-મનન ચાલે. તે એવું કે (૭) સાતમે પગથીએ શુદ્ધ **પ્રતિપત્તિ** આવે; રચનાત્મક તત્ત્વસંવેદનની અવસ્થા આવે. કેવળ શ્રદ્ધા નહિ, પણ શુદ્ધ અમલરૂપે તત્ત્વની પ્રાપ્તિ. એમ કરતાં (૮) **પ્રવૃત્તિ** એટલે કે તત્ત્વમય બની જવાનું થાય. અર્થાત્ સાધક આત્મા જે વસ્તુગત્યા અસંગ-અનાસક્ત અને સદ્ધયાનરૂપ હોવો જોઈએ તે અવસ્થાનું જીવન અહીં બને.

**સદ્દષ્ટિના અધિકારી :-** આવા ક્રમથી સત્પુરુષોને એટલે કે ભગવત્પતંજલિ. ભદન્તભાસ્કર, બન્ધુ ભગવદ્દત્ત વગેરે યોગિઓને સદ્દષ્ટિ થાય છે. જો કે હજી એ મિથ્યાત્વ ગુણસ્થાનકે છે. છતાં એમનું મિથ્યાત્વ મંદ છે. કેમકે એમને મતાગ્રહ નથી પણ 'સારું એ મારું' એ ધોરણ છે. ઉપરાંત એ સંસારથી સારા વિરકત છે; તેથી જ વિષયોનું જરાય બહુમાન કરનારા નથી. એ તો મોક્ષના અભિલાષી છે, મોક્ષની ઉત્કટ તમન્નાવાળા છે. માટે જ શાસ્ત્રકાર મહર્ષિ એમની આગળ 'ભાગવત્', 'ભદન્ત' એવાં વિશેષણ મૂકે છે. આવા મુનિ એટલે તપોવનવાસી યોગીઓને સદ્દષ્ટિ માનેલી છે. હવે દષ્ટિ એટલે શું તે ગ્રન્થકાર બતાવે છે.

**મન એકાગ્ર કરી ધર્મક્રિયાને રસમય બનાવવાના ઉપાય :-**

**ધર્મક્રિયાઓમાં ડહોળામણ :-**

ચાલુ ક્રિયાની વફાદારી કેળવવાથી પણ મન એકાગ્ર બને છે. વફાદારી એટલે તે ક્રિયામાં હૃદયથી રસ લેવો તે. આ કરવા માટે જે વખતે જે શુભક્રિયા આપણે આચરતા હોઈએ, તે વખતે તે ક્રિયાનો આનંદ રાખવો જોઈએ. આના બદલે બીજી કોઈ શુભ કે અશુભ ક્રિયાનો આનંદ હોય છે, તેથી એ આનંદમાં ચાલુ ક્રિયાનો રસ ઊડી જાય છે. તેથી એ ક્રિયા વેઠ જેવી થઈને અસાર-તુચ્છ બની જાય છે. પછી ધર્મક્રિયાઓ હજારો કરીએ તેથી શું ? **જે ક્રિયામાં આનંદ સાથે મન ઓતપ્રોત નથી થયું એ ક્રિયાનો લાભ નહિવત્** સમજવો. આ એક નુકસાન. વળી મન એમાં ચોંટતું નથી, તેથી બીજે **ભટકી ભટકી ચંચળ બન્યું રહે છે.** તેથી મનને સ્થિર કરવાની મળેલી આ સુંદર તક-ધર્મક્રિયા આરાધનાની તક-ગુમાવવા જેવું થાય છે એ બીજું નુકસાન. મનને સ્થિર કરવું છે ? તો કોઈ પણ ધર્મક્રિયાની તક ઝડપો, એમાં એવો પૂર્ણ આનંદ જમાવો કે એ ક્રિયાના સમયે માત્ર બીજી સાંસારિક ક્રિયાઓનો જ આનંદ સરાસર વીસરાઈ જાય એટલું જ નહિ, બલ્કે બીજી ધાર્મિક પણ ક્રિયાનો આનંદ વીસરાઈ જાય. તો જ પ્રસ્તુત ક્રિયા વ્યવસ્થિત થાય, ડહોળાય



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

નહિ. એટલે એ, કે સવારે સામાયિક કરવા બેઠો ત્યાં પ્રભુપૂજા કરવાનો આનંદ યાદ કરી 'ચલો, સામાયિક પતાવો, જલદી પૂજા કરવી જોઈએ. પ્રભુભક્તિમાં ખુબ મજા છે !' એમ કરે તો એ સામાયિકની ક્રિયા ડહોળી નાખી ગણાય. વળી ઉઠીને નાહી પૂજા કરવા ગયો, ત્યાં બીજો એવો આનંદ રાખે કે- "ધર્મ-પુસ્તકનું વાંચન સારું છે, વ્યાખ્યાન શ્રવણ સારું છે, એમાં મજા છે...જલદી જવું છે..." એમ કરે તો ચાલુ ક્રિયા ડહોળાય. આ કરવાના યોગે 'પૂજા જલદી પતાવો, ચલો આગળ ધપો, જલદી જલદી પખાળ, પૂજા, ચૈત્યવંદન કરી લ્યો.' આવી ધાંધલથી સુંદર કોટિની ધર્મક્રિયાઓ ડહોળાઈ જાય, અને ક્રિયામાં રક્ત રાખવાનું જે મન, તે તો ખરેખરું ડહોળાઈ જાય ! વિક્ષેપ પડી જાય.

તો પૂછો કે- "આ ડહોળામણને ટાળવાના ઉપાય છે ?"

ઉત્તર લ્યો, "હા છે." પહેલું એ કે,

ભવિષ્યમાં જે ક્રિયા આવવાની છે, તેની કોઈ વિચારણા અગાઉની બીજી ચાલુ ક્રિયા વખતે કરવી નહિ. બીજું એ કે ભૂતકાળમાં જે ક્રિયા કરી છે, તેના આનંદની યાદગીરી ચાલુ બીજી ધર્મક્રિયા વખતે કરવી નહિ.

પરંતુ જે ક્રિયા ચાલતી હોય તેનો રસ અને તેનો આનંદ ઝળહળતો રાખવાનો.

**પ્ર.**- ચાલુ ક્રિયા વખતે બીજી ક્રિયાનો આનંદ ન ભૂલાય તો ભૂલવા માટે શું કરવું ?

**ઉ.**- જો બીજી ક્રિયાનો આનંદ આવી જાય તો તેને ચાલુ ક્રિયાના આનંદ ભેગો એકરૂપે ભેળવી દેવો અર્થાત્ ચાલુ ક્રિયાનું જે રહસ્ય છે, તે જ રહસ્ય પેલી ક્રિયામાંથી શોધી એના આનંદને આ ક્રિયાના આનંદ સમાન બનાવી દેવો.

**પ્ર.**- જ્યાં ભિન્ન ભિન્ન રીતે ખુશી ઉત્પન્ન થતી હોય ત્યાં એક ક્રિયાનો આનંદ બીજી ક્રિયાના આનંદમાં કેવી રીતે ભેળવાય ?

ઉ.- **ભિન્નભિન્ન રીતે ખુશી ઉત્પન્ન થતી હોય છતાં બંને ક્રિયાને એક ધ્યેયના ઝંડા નીચે લાવી શકાય.** એમ કરીને એકરૂપ આનંદ બનાવી દેવાય. દા.ત. પ્રભુપૂજા જિનાજ્ઞાના પાલન માટે છે. ઉપદેશ શ્રવણ પણ જિનાજ્ઞાના પાલન માટે છે. શ્રવણમાં બહુ રસ પડે છે, કેમકે એ ક્રિયા જિનેશ્વર ભગવંતે ફરમાવી છે. તેમ પૂજા પણ જિનેશ્વરદેવે જ ફરમાવી છે, માટે રસદાર છે. અથવા શ્રવણ જિનની વાણીનું છે, તો પૂજા જિનના અંગની છે; એમ વિચારી પૂજા વખતે યાદ આવતી શ્રવણ ક્રિયાનો આનંદ પૂજાના આનંદમાં એકરૂપ કરી ભેળવી દેવાય. તેથી પૂજાની ક્રિયા અસ્વસ્થ હૃદયે ન થાય, એ માટે એવું કાંઈક વિચારવું જોઈએ કે,



"અહો ! પ્રભુએ કેવાં સરસ હિતકારી કર્તવ્યો ફરમાવ્યાં છે ! ઉપદેશ સાંભળો તો એથી આત્માને મહાન શુભભાવનાનો લાભ, પ્રભુ પૂજા કરો એથી મહાન ભક્તિ અને શુભ ઉલ્લાસનો લાભ !" આમ વિચારી ચાલુ પૂજાની ક્રિયાના આનંદને મુખ્ય રાખવો જોઈએ.

**વિશુદ્ધ ક્રિયાનો અધિકાર ક્યારે મળે ? - સાંસારિક ક્રિયાના રસનું સરાસર વિસ્મરણ જોઈએ :-** આની સાથે બીજી વસ્તુ એ છે, કે જ્યારે બીજી ધર્મક્રિયાનો આનંદ પણ મનમાં નથી લાવવાનો ત્યારે કોઈ પણ સાંસારિક ક્રિયા કે વસ્તુનો આનંદ તો શાનો જ લવાય ? એ તો મહાઝેર સમાન છે. ધર્મક્રિયા વખતે જો સંસારની કોઈ પણ વસ્તુ કે પ્રવૃત્તિનો આનંદ હોય તો તે ધર્મક્રિયાના આનંદ માટે ઘાતક છે. તે ત્યાં સુધી, કે દા.ત. સમજો કે પરમાત્મા આગળ સંગીતમય સ્તવન-પૂજા ભણાતી હોય, અને ત્યાં જો ગવૈયાના કંઠનો, પેટીના સૂરનો કે તબલચીના ઠેકાનો આનંદ હોય, જો એમ થતું હોય, કે "અહો ! આ કેટલું સરસ ગાય છે ! અને કેવો સુંદર કંઠ છે !" તો એ આનંદ એના પ્રભુભક્તિ-પ્રભુગુણગાન રૂપ ધર્મક્રિયાના આનંદને ટપી જશે. એને બદલે એમ થાય, કે "અહો ! કેવી સરસ પ્રભુભક્તિ ! કેવી સરસ પ્રભુગુણગાનની રમઝટ !" વગેરે; તો ત્યાં પ્રભુના ગુણગાન આવે છે, આત્માનું ભાન આવે છે, આધ્યાત્મિકભાવ આવે છે; તેથી એ સાંસારિક આનંદ નથી. આ આનંદ શુદ્ધ ધર્મક્રિયાનો આનંદ કહી શકાય. ત્યાં આલાપ-લેલાપ-ધૂન વગેરેના આનંદને ધર્મના આનંદમાં ભેળવવો જોઈએ. એ માટે વસ્તુના કે ક્રિયાના ભેદે મનને સમજાવી લેવાની આવડત જોઈએ છે. જેથી ચાલુ ધર્મક્રિયાનો આનંદ મુખ્યપણે ચાલ્યા કરે. આ આવડત જો ન હોય તો વિશુદ્ધ ક્રિયાનો અધિકાર ન મળે.

**ક્રિયાને યોગ્ય ભાવોલ્લાસ :-**

આના પર આપણું ઘણું માપ કાઢવા જેવું છે. આ દૃષ્ટિએ જોતાં આપણામાં ઘણા વાંધા દેખાશે. એક પણ નાની ક્રિયા ય અન્ય આનંદના ઘાલ-મેલ વિનાની અર્થાત્ શુદ્ધ નહિ હોય. ત્યાં શી રીતે મનની સ્થિરતા આવે ? પછી શી રીતે મોટી ક્રિયાઓમાં ચિત્ત ચોંટે ? **સાવધાની વિના ધર્મક્રિયાનાં ઊંચા ફળ નથી મલતાં.** એક પ્રતિક્રમણની ક્રિયામાં વાંદણાની ક્રિયા, પાપ આલોચન-પ્રતિક્રમણની ક્રિયા, કાઉસ્સગ્ગની ક્રિયા-આ દરેક ક્રિયામાં નિર્ભેળ-શુદ્ધ ભાવ જોઈએ. તે તે ક્રિયાને યોગ્ય ભાવ હૈયામાં ત્યારે ત્યારે ઉછળવો જોઈએ. જેમકે વંદનમાં ગુરુ બહુ માનનો ભાવ, પ્રતિક્રમણમાં આત્મનિંદાનો ભાવ, નમુત્થુણં-લોગસ્સ વગેરેમાં પ્રભુભક્તિનો ભાવ, વગેરે વગેરે.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**ચાલુ ક્રિયામાં અંતરાય આવતાં શું ? :-**

જેમ તે તે ક્રિયામાં બીજી ક્રિયાનો ભાવ નહિ ઘાલવાનો, નહિ યાદ કરવાનો, તેમ તે ક્રિયા વખતે કાંઈક અંતરાય આવ્યો તો આંતરિક રીતે તે ક્રિયાનો ભાવ હૈયામાં ચાલુ રાખવાનો. દા.ત. તમે પ્રભુના પ્રતિમાજી સામે દર્શન કરતા ઊભા છો. ખૂબ ભક્તિભાવ અને આનંદમાં ઝીલો છો. એ વખતે કોઈ માણસ વચમાં આડો આવીને ઊભો. તો ત્યાં મન કેવુંક બગડે ? આ ખોટું છે. ખરી રીતે જગાવેલા પ્રભુદર્શનના ભાવ અને આનંદ હૈયામાં એવા જાગ્રત જોઈએ કે જેથી દર્શનના અંતરાય વખતે પણ એ ભાવ અને એ આનંદ બરાબર જાગતા રહે. ભલે બાહ્ય ચક્ષુથી નહિ; પણ મનથી દર્શન હુબહુ ચાલુ હોય. એમાં પરીક્ષા પણ થાય કે પોતે ચક્ષુથી બરાબર દર્શન કર્યું હતું કે નહિ.

જો કોઈક પ્રભુની અને આપણી વચ્ચે આડે આવીને ઊભું, તો ત્યાં આપણે શા માટે વ્યાકુળ થવું ? કહે છે, "કેમ વ્યાકુળ ન થવાય, દર્શનની ક્રિયા બંધ થઈ ને ?" અરે ભાઈ ! **દર્શનની** ક્રિયા બંધ થઈ તો **સ્મરણની** ક્રિયા કરો. યાદ રાખો કે બે મિનિટ સ્મરણની ક્રિયા કરશો તો જ દર્શનક્રિયા ફળશે. આકુળવ્યાકુળ થવાની શી જરૂર છે ? જે વખતે જે ક્રિયા મળી તે અવસરે તે પ્રમાણે મનને લાભ જ લેનારૂં કરવું જોઈએ. પ્રભુનું દર્શન તો એવું થવું જોઈએ, કે પ્રભુનું નિરંતર સ્મરણ રહે, ને એ સ્મરણ એવું બની જવું જોઈએ કે જગતની કોઈ વસ્તુ એ સ્મરણને તોડી શકે નહિ અર્થાત્ સામે બીજું હોવા છતાં સ્મરણ પ્રભુનું જ રહ્યા કરે. **દર્શનનું ફળ સ્મરણ છે.** સ્મરણનું ફળ અન્યનું વિસ્મરણ, અને અન્યનું દુર્લક્ષ કેળવી આ સ્મરણને જ સતત ચાલુ રાખવાનું.

ત્યાં કોઈ બીજી ક્રિયાનો અર્થાત્ સાંસારિક ક્રિયાનો પ્રસંગ ઊભો થયો તો તેના રહસ્યને આપણે ચાલુ ક્રિયામાં ભેળવવો જોઈએ.

કેવી રીતે ?

દા.ત. તમે દર્શન કરી પ્રભુનું સ્મરણ કરતા ઘરે ગયા. ત્યાં નાનો બાબો દોડતો દોડતો આવ્યો, હાસ્ય અને વહાલ કરતો કરતો. તો તેને પ્રભુના સ્મરણમાં જોડી દે. મનમાં આવું કાંઈક વિચારે, "બાબો જેવું વહાલ કરતો આવ્યો, તેવા વહાલથી હું પ્રભુને ભજું છું ? એવું સમર્પણવાળું વહાલ કરું છું ? જો ના, તો આ વહાલ લેવાનો મને શો અધિકાર છે ?"

બીજો દાખલો આ છે, કે કોઈ વસ્તુ જોતાં એમ થયું "આ વસ્તુ કેટલી સુંદર છે !" આમ થાય ત્યારે વિચારે, કે "આના કરતાં મારા પ્રભુ કેવાક અનંતગુણ સુંદર અને અનુપમ છે !" વાત એ ચાલે છે, કે પ્રભુના દર્શન કરતાં કરતાં વચ્ચે



કાંઈક આવ્યું ત્યારે ત્યાં પ્રભુનું સ્મરણ જ કરે, બીજી આડે આવેલી વસ્તુની વિચારણા જ નહિ. જો એટલું ય ન કરી શકે તો જીવને કહેવું ઘટે, કે "તો પછી કંગાળ ! તું બીજું શું કરી શકવાનો હતો ? જ્યારે પ્રભુ સન્મુખ છે, પ્રત્યક્ષ છે, ત્યારે પણ બે મિનિટનો વિલંબ પડતાં તું સ્મરણ નથી કરતો, તો બહાર જઈને શું કરવાનો ?

**પ્રભુએ ફરમાવેલા પ્રત્યેક કર્તવ્ય અનુષ્ઠાનમાં કેવળજ્ઞાનના યોગ છે :-** તમારી તાકાત જોઈએ તે લેવાની અને તે માટે ક્રિયામાં એકતાન થવાની. જો એક ક્રિયામાં એકતાન થવાય, તો તે વખતે બીજી ક્રિયાની ગડમથલ મગજમાં ન આવે. અને જો બીજી ક્રિયામાં મગજ રમે તો આ ક્રિયામાં ભલી વાર ન આવે. શ્રદ્ધા રાખો કે જિનાજ્ઞાવિહિત દરેક અનુષ્ઠાન શ્રેષ્ઠ ફળદાયી છે. માટે જે વખતે જે અનુષ્ઠાન લઈ બેઠા, તેમાં લયલીન બનો. દા.ત. ફૂલપૂજા એટલે ફૂલની પૂજા. ત્યાં વિચારણા જ ફૂલપૂજાની. "શું પરમાત્માની સુગંધ ! જેમ ફૂલને લસોટીએ, મસળી નાખીએ, કચરી નાખીએ કે પીસી નાંખીયે તો ય એ સુગંધ ન મૂકે, તેમ મારા પ્રભુને દુષ્ટોએ પીસ્યા, કચર્યા, મસર્યા તો પણ એ પરમાત્માએ સમતાસુગંધ અને ગુણસુગંધ ન મૂકી. એમની તો વિટંબણા કરો કે પૂજા કરો, તો ય તે પરમાત્મા એ પરમાત્મા ! એક માત્ર ગુણોની સુગંધ તે સુગંધ ! હે પ્રભુ ! મને પણ આ ફૂલપૂજાથી એવી ગુણસુગંધ દેજો." "અહીં વિચારણા જ ફૂલપૂજાની, નહિ કે 'હવે ઉપર સુંદર આરતિ ઉતારવી છે, એમાં સંગીતની રમઝટ મચાવવી છે." આવું કાંઈ જ એ વખતે વિચારવાનું નહિ.

ધૂપ-પૂજા કરતાં માત્ર ધૂપની જ પૂજા. તેની જ વિચારણા 'અહો ! ધૂપ બધી બહારની બદબોને ઉડાડી મૂકે છે. એમ પ્રભુની ધૂપ-પૂજા મારી અજ્ઞાન અને મોહની બધી ય બદબો ઉડાડી મૂકો. આજ મારા પરમાત્મા ધર્મશાસનના ધૂપથી કેઈકની આંતર બદબો ઉડાડી છે. તો એમના આલંબનથી જ મારી બદબો જશે. કેમકે પ્રભુ અનંતુ વીર્ય અને અનંતી શક્તિવાળા છે. એમના આધારે શું ન નીપજે ?"

આમ પ્રત્યેક ક્રિયા સર્વથા શુદ્ધ બને તો મન ખૂબ એકાગ્ર બનવા માંડે. ક્રિયા લાંબી હોય તો એના ટૂકડા કલ્પી દરેક ટૂંકા ટૂકડા પૂરતી મનની એકાગ્રતા કેળવાય એવા એકાગ્ર મનની ક્રિયામાં ભારે કર્મનાશની શક્તિ છે.

**મરણીયા થઈને ક્રિયામાં કૂદી પડો :-**

ક્ષત્રિય બચ્ચો ઘેરથી જ મરણીયો થઈને નીકળ્યો હોય, શસ્ત્ર સામગ્રીથી સજ્જ હોય, એ કદાચ પાંચસોનો નહિ તો સો-બસોનો તો ઘાણ કાંઢી નાંખે. પડે

છે ને એક મરણીયો સોને ભારે ? પણ જ્યાં ઘેરથી જ આદર્શ નબળા હોય તો શું કરે ? એ જ પ્રમાણે પરમાત્માએ ફરમાવેલી ક્રિયાઓ કરવાની છે, તે જાણે મરણીયા થઈને. એમાં યા હોમ કરીને કૂદી પડવાનું. એક જ દૃષ્ટિ, કે પ્રભુને ખુશ કરવાના, સંસારને નહિ. મનમાં આત્મભાવને રમાડવાનો, જડવાદને નહિ.

**કાયાના ચમકારા :- અખંડવિશુદ્ધ આરાધનાનું ફળ :-**

એક જ ફૂલપૂજાએ નાગકેતુને કેવળજ્ઞાન અપાવ્યું. ફૂલપૂજા કરતાં ફૂલપૂજાની જ વિચારણા કરવાની. નાગકેતુએ ફૂલપૂજા કરતાં કરતાં ફૂલ લેવા માટે કરંડીઆમાં હાથ નાખ્યો ત્યાં શું બન્યું ? કરંડીયામાં રહેલો સાપ કરડ્યો, અચાનક ચમકો લાગ્યો; પણ ત્યાં ભાવના કયી ? "શું થયું ? શું કરડ્યું ? લાવ જોવા દે, હેં સાપ કરડ્યો ? હાય ! હવે શું થશે ? બૂમ પાડવા દે. દોડીને દવા લેવા દે..." શું આ વિચારણા કરવાની ? ના, તે વિચારણા તો નહિ પણ ભાવના કયી ભાવે છે ? **આ કાયાના ચમકારા તો આથી અનંતગુણા અને અનંતીવાર જોયા.** તેમાં ચમકવાનું શું ! કેવી છે આ કાયા ! અંતે જાતે પાયમાલ થનારી અને પાયમાલ થતાં પહેલાં આપણી ગણાતી છતાં જાણે બાપ માર્યાના વેરથી આપણા જ આત્માને પાયમાલ કરનારી ! અમૂલ્ય ઝવેરાતના નિધાનની જેમ આત્મા એ મહાસારભૂત તત્ત્વ છે. એની સામે કાયા એ તુચ્છ છે. કેવી ? સડી, પડીને વિધ્વંસ પામી જનારી ! એ કાયા માનવભવમાંથી જે આત્માને દુર્ગતિમાં છોડે, તેને પછી કેટલીકવાર ભમવાનું ? અને જો નિગોદમાં ગયો તો ? અંતર્મુહૂર્તમાં જેમાં જન્મવાનું અને મરવાનું, એવા ભવ જરૂર પડ્યે અનંતા થાય; કાળ અનંતા કોટાકોટિ પલ્યોપમના વીતે. માટે જ એવી કાયાના મોહમાં અને મરામતમાં આત્માનું ગુમાવવાનું નહિ, તેથી નાગકેતુ આત્મહિતકારી ફૂલપૂજાની ક્રિયામાં જ મસ્ત છે, ઊલટું સાંસારિક ક્રિયાના આક્રમણ વખતે વધુ સ્થિર બની ધ્યાનમાં ચઢે છે. કેવા ચઢે છે ? પહેલાં ફૂલપૂજા હતી ચોથા-પાંચમાં ગુણઠાણાની પણ પછી ઉજ્વલભાવના વધી ગઈ. તેથી છઠ્ઠે-સાતમે-આઠમે...ગુણઠાણે ચઢ્યા. ધ્યાનની ધારા વધતી ચાલી. એમાં ક્ષપકશ્રેણિ લગાવી. એના જોરદાર રંગે બધાં જ ઘાતીકર્મોનો ઘાત કરી કેવળજ્ઞાન ઉપાર્જ્યું. શું આ ! ફૂલપૂજાની એક ક્રિયાની અખંડ વિશુદ્ધ આરાધનાનું ફળ.

**મનુષ્ય-કાયામાં આરાધનાનો અભ્યાસ કરો :-**

આવી આરાધના ન કરી હોય. તેનો ખાલી શોક કરવાની જરૂર નથી. પણ હવે સાવધાન થવાની જરૂર છે. અખંડવિશુદ્ધ આરાધનાનો અભ્યાસ શરૂ કરી દેવો જોઈએ. નહિતર હલકી ગતિઓમાં જન્મો, જીવો અને મરો. એમ અનંતીવાર કાયાઓ લો, પણ એમાં આરાધનાનો અભ્યાસ ક્યાં થાય ? અહીં જે મનુષ્યરૂપી કાયા મળી છે તે આમ તો સ્વયં વિનાશી અને પરની વિનાશક છે, છતાં એમાં જ આરાધનાનો અભ્યાસ સાધી



શકાય છે. એ જો ન સાધી શક્યા તો વિચારો કે પરિણામ શું આવશે ?

**સાંકળ ખેંચો :-**

શું ભાવ્યું હશે ફૂલની પૂજાની ભાવનામાં ? પ્રભુ ગુણગાન અને આત્મનિંદા, વૈરાગ્યભાવના અને તત્ત્વચિંતન ! એનું કેટલું બધું સામર્થ્ય કે, ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જૈન શાસન કહે છે કે 'અમારી પ્રત્યેક ક્રિયાઓ એવી છે કે જેની સાંકળે કેવળજ્ઞાન ગંઠાયેલું છે. સાંકળ ખેંચતાં તમને આવડવી જોઈએ. એ ખેંચો તેથી ભાવ વધવા માંડે. ભાવ ઊંચા વધે એટલે ગુણસ્થાનક ઊંચું મલે. એમ કરતાં તેરમે ગુણસ્થાનકે કેવળજ્ઞાન ! કેવળજ્ઞાની બન્યા પછી ચર્યા કેવી ? જે કરે તે શાસ્ત્રવિધાન તરીકે નહિ, પણ જ્ઞાનમાં યોગ્ય લાગે તે કરે. માટે કેવળજ્ઞાનીને તપ કરવાનો નહિ, પ્રતિક્રમણ કરવાનું નહિ. સાધુનો વેશ રાખતા, તે ય બીજા વેશનો કે નગ્નતાનો રાગ નથી માટે.

**પ્ર.-** તો પછી ગૃહસ્થવેશે કેવળજ્ઞાન પામનારા કેમ તે બદલી સાધુવેશ કરે છે ?

**ઉ.-** ધર્મ વ્યવહાર સાચવવા લોક ભૂલા ન પડી જાય માટે. જ્ઞાનીને પોતાને રાગદ્વેષ ન હોવાથી ગમવા ન ગમવાનો સવાલ નથી. પરંતુ ગૃહસ્થ વેશ એ પાપવેશ છે, સાધુવેશ એ પવિત્ર વેશ છે, એ વ્યવહારને બાલજીવો ચૂકે નહિ. એ ખાસ જોવું જરૂરી છે. બાલ જીવોના ઉપકારના માર્ગને જ્ઞાની મહાપુરુષો ઓળવતા નથી.

**કેવળજ્ઞાની પણ વ્યવહારને સન્માને છે :-**

માટે જ જુઓ, કે શ્રુતજ્ઞાની સાધુ શાસ્ત્ર નિયમ મુજબ ગોચરી લઈ આવ્યો છે, કેવળજ્ઞાનીની દૃષ્ટિમાં ભલે તે અશુદ્ધ હોય, પરંતુ કેવળજ્ઞાની તે જાણતાં છતાં દોષિત છે એમ ન કહે. કેમકે "સાધુએ પોતે બરાબર જ્ઞાનનો ઉપયોગ મૂકી, શુદ્ધ ગોચરી જાણીને, પછી લાવ્યા છે." હવે જો કેવળજ્ઞાની કહે કે ગોચરી દોષિત છે, તો શાસ્ત્ર-મુજબના વ્યવહાર પર લોકને એવી અશ્રદ્ધા થઈ કે કોણ જાણે બધે જ દોષ લાગતો હશે ! માટે કેવળજ્ઞાન વિના દોષ-બોષ જણાય નહિ." એમ કરી કદાચ દોષની તપાસ કરવી જ મૂકી દે. તેથી કેવળજ્ઞાની વ્યવહારનું સન્માન કરી એવી પરિસ્થિતિ ઊભી જ ન થવા દે. અહીં જુઓ કે શ્રુતજ્ઞાનીનો વ્યવહાર તો શાસ્ત્રને જ અનુસરીને છે. માટે શુદ્ધ જાણીને દોષિત ગોચરી કોઈનાથી કદાચ આવી ગઈ, પણ પાછળના બીજા સાધુ જાણી લાવે કે 'એ ખરેખર દોષિત છે.' તો એ આવીને જરૂર કહે કે "પહેલાં શુદ્ધ જેવી દેખાઈ, ને પોતાની બુદ્ધિ વડે શુદ્ધ માનીને વહોરી લાવ્યા છે," છતાં હવે દોષિત જાણીને વાપરે નહિ.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**મનની પાપ રમત : તેને ટાળવા આ વિચારો :-**

વાત એ ચાલે છે, કે જ્યારે જે ક્રિયામાં બેઠા ત્યારે ત્યાં જ એકાકાર થતાં આવડે તો ક્રિયા શુદ્ધ અને મન એકાગ્ર બને. પરંતુ જેટલી વાણીયા વિદ્યાથી ધર્મ ક્રિયામાં ખેલ થાય, એટલાં ફળ પણ ઢીલા ઢચ સમજવાં. ફળમાં અહીં ધર્મ રંગ ફીકો અને પરભવમાં પુણ્ય પાતળા. ધર્મ ક્રિયામાં ખેલ એટલે મફતીયા સાધના. ક્રિયા ધર્મની ચાલે પણ મન પાપની રમત કરતું હોય, પાપના ખેલ ભજવતું હોય. તેથી પૂજા કરવા જાય, ત્યાંય પખાળનું કામ મારું પણ અંગલુહણાનું કામ પૂજારીનું, એમ માને.

ધન્ય છે એ કાળના લોકને કે જેમણે કમળ જેવા શ્વાસોશ્વાસવાળા પ્રભુને જોયા હશે. પ્રભુના રૂપવાન જગદુદ્ધારક દેહને નિહાળ્યો હશે ! એવા પ્રભુના પવિત્ર અંગને અભિષેક પછી મેરૂ શિખર ઉપર ઇન્દ્ર દિવ્ય વસ્ત્રથી લૂછવા ભાગ્યશાળી થયેલ, તેમજ આજે પ્રભુને અંગ લુહણું કરવાનું મારું અહો ભાગ્ય ક્યાંથી ? પણ કહે છે કે "ચિત્ત રહેતું નથી, અંગલુહણાં કરતાં કરતાં. તો વિચારી શકાય કે આજ દિન સુધી મેં કેઈ મોહાંધોના અંગ લુછવાનું કર્યું છે. ત્યારે આ તો હવે એ જગતપૂજ્ય તરણતારણ એવા મારા નાથ મલ્યા છે, તો એમાં કેમ ચિત્ત ન રહે ?" આમ એકેક ક્રિયાને સુવિશુદ્ધ આચરો. તો આમ કલ્યાણ થઈ જાય. ફક્ત જે વખતે જે ધર્મ ક્રિયા કરો, તે ક્રિયામાં બીજા કોઈ સાંસારિક ક્રિયાની કે બીજી કોઈ ધર્મ ક્રિયાની ઘાલમેલ ન થવી જોઈએ.

**આરાધના સતિના રાહે કરો :-**

**પ્ર.**- વ્યાખ્યાન સાંભળતી વખતે નવકારવાળી ગણાય કે નહિ ?

**ઉ.**- ના, એ અજ્ઞાન છે. ગુરુનું અપમાન છે, શ્રુતનું અપમાન છે, પરંપરાએ ગણધર ભગવંતનું શાસન હોવાથી ગણધર ભગવાનનું અપમાન છે. એટલું જ નહિ, પરંતુ વ્યાખ્યાનમાં નવકારવાળી ગણતાં નવકારવાળીનું અપમાન છે !

**પ્ર.**- નવકારવાળીનું અપમાન શી રીતે ?

**ઉ.**- "જિનવાણી સાંભળતાં જ્યાં રસ આવશે ત્યાં તને ઝટ મૂકી દઈશ..." આવું નવકારવાળી માટે જે થાય છે, એ એનું અપમાન નહિ તો બીજું શું ? ભલે કદાચ એવું મનમાં ન થયું, પણ નવકારવાળી માત્ર આંગળીથી ફેરવવાની, ચિત્ત સાંભળવામાં જવાનું અથવા થોડું ચિત્ત નવકારવાળીમાં, તો સરસ સાંભળવાનું આવે ત્યાં ચિત્ત સાંભળવામાં અને નવકારવાળી અધરસ્તે ! આ અપમાન નહિ તો બીજું શું ? એમ શ્રુતનું અપમાન; કે શ્રુતને અંજલિ જોડી મન-વચન-કાયાને એકાગ્ર કરી ગ્રહવું જોઈએ. એના બદલે બીજી ક્રિયા સામે જ ઊભી કરી એ એનું અપમાન



છે. મનને રસ ન આવે તો પણ એક જ અનુષ્ઠાન આરાધવાનું. મોક્ષના અનુષ્ઠાનને વેશ્યાની જેમ આરાધે પ્રસન્ન નહિ થાય. સતિની રાહે આરાધના કરશો તો મહાધર્મ તમને સંઘરશે પરંતુ વેશ્યાની રાહે કરશો તો કોઈ નહિ સંઘરે.

**સાધકે આવશ્યક બધાં જ અનુષ્ઠાનો આરાધવાનાં છે :**

આનો એ અર્થ નથી કે માત્ર એક જ ક્રિયાને પકડીને બેસી રહેવાનું ! કેટલાક કહે છે કે "અમે પૂજા નિરાંતથી કરીયે છીએ તેથી વ્યાખ્યાન નથી સાંભળતા." આ ખોટું છે. સાધક આત્માએ આવશ્યક બધાં જ અનુષ્ઠાન આરાધવાનાં છે. એક ક્રિયાના રસના ભોગે બીજા આવશ્યકને ઉડાવે એણે જિનાજ્ઞાનું બહુમાન કર્યું ન ગણાય. ઊલટું એક પણ આવશ્યકની ઉપેક્ષામાં જિનાજ્ઞાની ઉપેક્ષા કરી ગણાય. માટે તરણ તારણ એવી મહાન જિનાજ્ઞાની ઉપેક્ષા, અવગણના કે લોપનું પાપ ન વહોરવા માટે જિનાજ્ઞાએ ફરમાવેલા કોઈ પણ આવશ્યકની ઉપેક્ષા-અવગણના કે લોપ ચલાવાય નહિ. એથી આવશ્યક અનુષ્ઠાન તો દરેક સાચવવાના. પરંતુ સાથે સાથે એમાં એક બીજી ક્રિયાની ચિંતા કે આનંદ વગેરેના ભેળસંભેળ નહિ કરવાના.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૭,તા.૧૫-૧૨-૧૯૫૬

## (૧૦) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**દોષના પાપે લાભ અતિઅલ્પ :-**

ક્રિયા સારામાં સારી હોય છતાં દોષ એને કલંકિત કરે છે. કપડું સારામાં સારું ધોયેલું હોય, પણ તેમાં વચ્ચે કાજળના બે ચાર ડાઘ પડ્યા હોય તો કેવું લાગે ? તેમ ક્રિયા ઊંચામાં ઊંચી કરી હોય, પરંતુ દોષ લાગ્યો, એથી ક્રિયાનું મૂલ્ય ઓછું થયું. જે ક્રિયા દોષ વિના કરી હોત તો અપૂર્વ લાભ અપાવે એવી હોય, ખર્ચની અપેક્ષાએ એકડા ઉપર મીંડાના મીંડા ચડી જાય એવો મહાન લાભ થાત, તે જ ક્રિયાને દોષો લાગવાથી અલ્પ લાભ દઈ ચાલતી થાય છે.

**ધર્મક્રિયારૂપી સહસ્રપુટી અભ્રકનું સેવન કરો :-**

પૂજામાં બેઠો છે, ત્યાં જો ગુરુ મહારાજનો પ્રવેશ યાદ આવે, તેની વિચારણા આવે તો એ વિચારણા પૂજા ડહોળે છે. આમાં વિવેક નહિ ગણાય. ભલે કદાચ પ્રવેશ-ઉત્સવમાં જવું છે. વચમાં પૂજાનો સમય પા કલાકનો જ છે, તો પૂજા પા કલાકની કરે, પણ પહેલેથી નક્કી કરે લે કે 'આજે પૂજા આટલી જ કરવાની. અમુક જ પ્રતિમાની પૂજા કરીશ. પ્રભુ આગળ હાય-વોય શા માટે કરવી ? 'મારે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

જવું છે, મારે જવું છે, વખત થઈ જશે !' આવી વિહ્વળતા હવે નહિ રહે. કેમકે પા કલાકનો જ સમય નક્કી કરી નાખ્યો છે. હવે શું ? પા કલાક પૂરતી પૂજા સારામાં સારી કરે, તેમાં ઓતપ્રોત થઈ જાય. પછી કદાચ તેમાં વખત વધારે જતો રહે તો પણ શોક કરવા જેવું શું છે ? જિનોક્ત પવિત્ર ધર્મક્રિયાઓ રસાયણ જેવી છે. આત્માને ભારે કૌવત આપનારી છે પરંતુ રસાયણ તરીકે વાપરીયે તો. જેમ અભ્રકને લસોટી લસોટી નવા નવા પુટ આપે અને તેના માટે વૈદ્ય કહે, "લ્યો, આ સહસ્રપૂટી છે ! જાવ આટલી જ લેવાની, ત્રણ દિવસમાં કાનમાં કહેશે." એવું ધર્મક્રિયારૂપી સહસ્રપુટી અભ્રક માટે છે. પણ એવું ક્યારે બને ? જ્યારે ક્રિયા શુદ્ધ કરે અને દોષોને ટાળે ત્યારે.

**ક્રિયામાં અનુભવનો આનંદ કેમ પ્રાપ્ત થાય ? :-**

આ માટે માનસિક મંથન જોઈએ. "કાળનો દોષ નથી. મારો જ દોષ છે. મારી જ બોડીબાંમડી સાધનાએ આ ક્રિયામાં કેવળજ્ઞાન અટકે છે. લાવ ! ક્રિયામાં વધુને વધુ એકતાન બનતો જાઉં. ઉછળતા ઉલ્લાસે ક્રિયા કરું." એમ વિચારી પાછળથી અમલ શરૂ કરી દે. મનને મનાવી લે, અને ઠસાવી દે. ત્યારે જ આત્માને અનુભવ થાય, કે પહેલાં ક્રિયા કરતો હતો તેના કરતાં વધુ આનંદ આવે છે.

**કેવી રેઢીયાળ દશા :-**

તમને આ બધું નથી આવડતું એમ નથી. વ્યવહારની કેટલીય ક્રિયાઓ ચોક્ખી કરો છો. ઉછળતા ઉલ્લાસે કરો છો. એવા પણ વિલાસીઓ હોય છે, કે પતિ-પત્નિ અરસપરસના શૃંગાર કરે. આનો સેંથો એ પાડે અને એનો સેંથો આ પાડે ! ત્યાં તિલક કરવા કેસર વાટવાનું હોય ને ? તે કેવી રીતે વાટે ? કેટલા આનંદથી ? કેવા ભાવથી ? અને કેવા ઉમળકાથી ? ત્યારે અહીં પ્રભુને તિલક કરવું છે, તો કેટલો આનંદ ? કેવી રીતે વાટો ? પથ્થર કેવો ? રાત પડી રહેવાથી પથ્થર ઉપર ઉંદર મામા મૂતરી ગયા હોય તો ધોવાની વાત નહિ એવું ? કેસર લસોટાય તો વાળ આખા ને આખા રહી ગયા હોય એ ચાલે ?

**ક્રિયામાં ધ્યાનસ્થ યોગી જેવા બનો :-**

**આજની ક્રિયાના રંગઢંગ તો જુઓ, ઈરિયાવહિયાની ક્રિયા કરતાં કાઉસ્સગ્ગની ઉતાવળ અને કાઉસ્સગ્ગ કરતાં મુહપત્તિ પડિલેહણની ઉતાવળ ! અને મુહપત્તિ પડિલેહતાં વાંદણા દેવાની ઉતાવળ ! ક્રિયાની એ અવગણના છે. નાલેશી છે. એવી વેઠવાળી ક્રિયાને નચાવાય તેમ નચાવે. વિચારવું જ ક્યાં છે, કે 'અલ્યા, ઉતાવળ શા માટે ?' અને નથી ને કદાચ ઉતાવળ જરૂરી છે. તો ય ચિત્ત એમાં જ કેમ ન રખાય ? આથી મોટું નુકસાન શું થાય છે તે જાણો છો ? મનને નિરોગી**



**બનાવનાર ઔષધરૂપ જે ક્રિયાઓ છે, એમાં મનને વધુ રોગી બનાવાય છે. ક્રિયાના રંગ-ઢંગ ફેરવી નાખવા પડશે. જ્યાં બેઠા ત્યાં ધ્યાનસ્થ યોગી જેવા બનવું પડશે. જાણે એકેન્દ્રિય જેવો લાગે ! એક જ ક્રિયામાં લયલીન બની જાય. લોકો ભલે કહે, "આમ શું એકેન્દ્રિય જેવા બેઠા છો ? બીજી કોઈ ગમ જ નથી ?" પણ હા. એમ જ. તો જ મન સ્થિર, સ્વસ્થ અને ધારાબદ્ધ શુભભાવના, શુભચિંતન અને શુભધ્યાનમાં રમતું થઈ શકશે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૧૬,તા.૧-૫-૧૯૫૭

## (૧૧) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ યોગની પહેલી દૃષ્ટિનું વિવરણ કરતાં યોગના બીજનો સંગ્રહ કરવાનું કહે છે. તેમાં પહેલા બે નંબરમાં જિનેશ્વર દેવ પર અને આચાર્યાદિ પર કુશલ-ચિત્તને સ્થાપવાનું કહે છે.

**માનવ-ચિત્તની મહત્તા :-**

પહેલો નંબર એટલા માટે આપ્યો કે આત્માની સઘળી પ્રવૃત્તિનો આધાર પોતાના ચિત્તની સ્થિતિ પર છે. જેને ચિત્ત નથી એની પ્રવૃત્તિની બહુ ગણત્રી કરવામાં નથી આવતી. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયાદિ પાસે ચિત્ત નથી. એમ તો ભાવચિત્ત છે; પણ **પૂર્વાપરના સંબંધને યોજી શકે એવું ચિત્ત નથી. એટલે ગણત્રી નથી.** ગણત્રી કોની ? સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરે તેની ગણત્રી થાય. સંજ્ઞી એટલે એવા ચિત્તવાળા. **એમાંય માનવના ચિત્તની જબરદસ્ત તાકાત છે. ઠેઠ શુક્લધ્યાન સુધી એ પહોંચી શકે છે.**

**વાસ્તવિક ઉન્નતિ ક્યારે ? :-**

જેવી રીતે ચિત્ત જગતની વાતોમાં ખૂબ ઓતપ્રોત બન્યું છે, એટલે જગતની પ્રવૃત્તિઓ ઉત્સાહ અને ઉદ્યમવાળી બને છે; એમ જો એ ચિત્ત એની પ્રતિપક્ષી લોકોત્તર વાતોમાં રસ લેતું થાય તો તે પ્રવૃત્તિ વધુ રસ લેતી થાય. તો જ વાસ્તવિક ઉન્નતિની આશા રાખી શકાય. માટે ચિત્તનો ઝોક ફેરવો.

**ચિત્તનાં પરાવર્તન :- આપણે જો આપણા ચિત્તના લૌકિક ઝોકને ફેરવવા તૈયાર નથી, જો આપણને એની કંઈ પડી નથી, તો આપણી પ્રવૃત્તિ તો કદાચ શુભ થશે, પણ તેવા પ્રકારના લાભને આપનારી નહિ બને. કાયિક અને વાચિક શુભ પ્રવૃત્તિને મઘમઘતી બનાવનાર ચિત્તનાં પરાવર્તન છે.** તે ચિત્તના પરાવર્તન પર



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આત્માના પરાવર્તન છે. **ધર્મ કરીને આત્માનાં પરાવર્તન સાધવાનાં છે !** ચિત્તનાં પરાવર્તન થાય તો કુશળ ચિત્ત બને; તો પ્રવૃત્તિ માલવાળી, સારવાળી ને સુંદર બને.

**કુશળચિત્ત માટે બહુમાન-પ્રીતિ અને શરણબુદ્ધિ** - યોગનાં ઘણાં બીજ કહેવાનાં છે. તેમાં કુશળ ચિત્ત પહેલું રાખ્યું. તે પંચ પરમેષ્ઠી પર કુશળભાવ ઊભો કર્યો તેણે ચિત્ત કુશળ કર્યું. **કુશળ ચિત્ત બનાવવા શું કરશો ? કહો કે અનંત ગુણનિધાન શ્રી જિનેન્દ્રદેવ પ્રત્યે ભાવભીનું હૃદય કરવું જોઈશે. બહુમાન, ઉછળતી પ્રીતિ અને શરણ બુદ્ધિવાળું હૃદય બનાવવું જોઈશે.** શ્રી અરિહંત પ્રભુ પર હાર્દિક વિશ્વાસ, બહુમાન, પ્રીતિ ને શરણ બુદ્ધિ જાગી એટલે તો સમજો કે યોગ બીજ સંઘરાવા લાગ્યા.

**બહુમાનથી** લાગે કે 'અહો ! મારે પ્રથમ પૂજ્ય હોય તો આ છે ! મારા કરતાં અનંતગુણા ઊંચા છે ! જગતમાં સર્વશ્રેષ્ઠ છે ! ઊચ્ચકોટિના સારભૂત છે !' બહુમાન એવો ગુણ છે કે જેના પ્રત્યે એ જાગ્યું તેનો વારંવાર વિચાર આવે. આત્મામાં સહજ બહુમાન પ્રગટ થયું હોય તોય, જ્યારે એનો વિચાર કરવામાં આવે ત્યારે એના ઉપર હૃદય ઉછળી પડે. આ જે વારંવાર સંસ્મરણ અને હૃદયની ઝુકાવટ છે તે જ સક્રિય બહુમાન છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૧૭,તા.૧૫-૫-૧૯૫૭

## (૧૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પ્રીતિમાં** પ્રેમ એવો ઊભરાય, કે વિચાર કદાચ લાંબો ન પણ આવે; દા.ત. અહો ત્રિશલાના પુત્ર, તીર્થના સ્થાપક પ્રભુ વીર ! એટલું જ થાય પણ તે સ્મરણ રોમાંચ ખડાં કરતું જોઈએ ! મનમાં ગીલ-ગીલિયાં કરાવે તેવું જોઈએ. શું ? નવા પરણેલાને એની પત્નીના કોઈ અક્ષર લાવે, તો અક્ષર વાંચવાની પછી વાત, પણ પેલો કહે : 'એનો પત્ર લાવ્યો છું,' તો 'હેં શું ? પત્ર !' આ ઉમળકો જગાડે છે ! તેવો કોઈ પ્રેમભર્યો ઉમળકો પરમાત્માનો વિચાર કરતાં જાગે તો નક્કી થાય કે આપણે કુશલ ચિત્ત પ્રાપ્ત કર્યું. શું આમાં ચારિત્ર લેવાની વાત છે ? તિજોરીમાં જે છે, તે બધું ઉછાળી દેવાની વાત છે ? **પ્રભુ કેવા અનંતગુણી ! ગજબ છે ભાઈ ! પ્રભુના ગુણો, આદર્શ જીવન ચર્યા, ને ઉપકારની કાંઈ હદ છે !** આ બહુમાન સાથે જે વિચારણા થાય ભાવભીની, તેનું નામ કુશળ ચિત્ત.



**બહુમાન** સામાની ઉચ્ચતાને લઈને છે. **પ્રીતિ** સામા પર સ્નેહને લઈને છે. કંઈ ખબર છે ? જૈન કુળમાં જન્મ્યો છે એટલે એટલી ખબર છે કે અરિહંત અમારા દેવાધિદેવ ! પણ જેમ "મારા બાપા ! મારી મા ! મારી પત્ની !" કરીને હૈયું ઉછાળા મારે છે, તેમ જિનેશ્વર પર પ્રેમને લઈને હૈયું ઉછાળા મારવું જોઈએ. કેવું ઉછાળા મારે ? તે કાંઈ શિખવવું ન પડે. જગતમાં જેની પર પ્રેમ છે, તેના પ્રત્યે હૈયું નાચે છે ? મુખની મુદ્રા પર રેખાઓ પર પ્રેમની લાલિમા તરી આવે છે ! રેખાઓમાં તનમનાટ ને થનમનાટ દેખાય છે ! એવો પ્રેમ પરમેષ્ઠી પ્રત્યે જગાડવાનો છે. તો કુશળ ચિત્ત આવે.

**દિલ ઠરે છે ? ભય ટળે છે ? :-** સમકિતી શ્રાવક સંસારની બહાર નથી નીકળ્યો. સંસારમાં બેઠો છે, મોહથી પર નથી, મોહના કિલ્લામાં છે, રાગ, દ્વેષ બધું છે પણ એ છે એટલે જગતના પદાર્થો પર બહુમાન છે તેમ પરમાત્મા પર બહુમાન જોઈએ. સ્નેહભર્યા સંસ્મરણ, હૃદયની ઝુકાવટ, પક્ષપાત વગેરે જે ત્યાં આવડે છે તેવું અહીં આવડે છે કે નહિ ? જો આવડે છે તો કુશળ ચિત્તના અધિકારી છો. નહિતર સમજો કે કુશળ ચિત્ત સસ્તું નથી ! "મારા દેવ ! મારા ગુરુ !" એવું હૈયું માત્ર સાક્ષી પૂરતું હોય ? કે આ ભાવભર્યું અહીં જ દિલ ઠરે છે, નિર્ભયતા મલે છે, આશ્વાસન મલે છે, તેવું બીજે નથી મલતું ? દિલ ઠરે છે એટલે ટાઢક વળે છે ! નિર્ભયતા અહીં લાગે છે ! અહો ! નાથ મલ્યા છે કોઈ ચિંતા નહિ ! નાથ આશ્વાસન દે છે. "અમારી સેવામાં છે તો ઊંચામાં ઊંચી આત્માની સ્થિતિ મળશે." હા, આ ઠંડક, નિર્ભયતા, ને આશ્વાસન અહીં મલે છે, જગતમાં નહિ. જગતના સ્નેહીનું તો ગમે તેટલું કરી છૂટો, પછી પણ છૂટકારો નહિ. જાણે તમે તો એમની ગુલામી કરવા જ સર્જાયેલા. વળી એમના તરફથી આશ્વાસન નથી કે જાઓ તમને ભવિષ્યમાં ઊચ્ચ સ્થિતિ મળશે. શું આ સાચી વાત છે ? કે વિરોધ છે કોઈ ? હોય તો કહેજો !

**જગત તરફથી આશ્વાસન કે જિન તરફથી ?**

જગતમાં શોધી કાઢો કે જે કમમાં કમ એક મિનિટનું તો આશ્વાસન આપે. મિનિટના વાંધા છે ! આ તે નાથ છે કે જે અનંતકાળના આશ્વાસન આપે છે. છતાં એમના પ્રત્યે કુશળ ચિત્ત નહિ તો તે હૈયાની ધિઠ્ઠાઈ કેટલી ? જે જગતના તરફથી આશ્વાસન નથી તેના પર હૈયાનો ભારોભાર પ્રેમ ! 'તમને નીચે દુર્ગતિમાં નહિ ઉતરવા દઈએ,' - આવું કંઈ આશ્વાસન નહિ ! છતાં હૈયાનો ભારોભાર પ્રેમ ! ને જ્યાં અનંતકાળના આશ્વાસન છે, પીઠ થાબડીને કહે છે, 'હવે તું નિર્ભય; તારે કંઈ ચિંતા નહિ, ભવાંતરમાં ઉત્તરોત્તર ઊંચી સ્થિતિ મલશે !' માત્ર આટલું કહે છે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એમ નહિ, ઘણાનું કરી બતાવ્યાના દાખલા છે, છતાં પ્રેમ નહિ. શાથી ? એ પરમાત્માનો એટલો ગુનો કે એ કોઈ પ્રત્યક્ષ લાભ દેખાડી શકતા નથી, એમ ? કેશરની વાટકીમાં આંગળી બોળીને પરમાત્માને અડાડી, ત્યાં આંગળીમાંથી રૂપિયો ઉછળતો હોત તો પ્રેમ થાત ! બસ, આકર્ષણ અનંતગુણનું નથી, શ્રી દેવીનું છે. એમની જ મહેરબાનીએ અહીં મળતું હોવા છતાં ભૂતકાળના સાચા ઉપકારકને નથી ગણવા, વર્તમાનના નિમિત્ત માત્ર ઉપકારીને વહાલા કરવા છે.

હજુ હાથની વાત છે. 'જગતની વસ્તુ પર કેમ પ્રેમ કરો છો ?' તે અમે નથી પૂછતા. પણ જગત પર જે બહુમાન છે, ને જગતનો જે આશરો લો છો, તેવું અહીં કરો તો તમારું ચિત્ત કુશલ ખરું ! પછી તમારે અરિહંતનું નામ કિંમતી થશે. હૃદયના કાળ જૂના પાપને ધોવા માટે સમર્થ થશે. કુશળ ચિત્ત એ યોગબીજ છે !

**મોહબીજ પર મોહનાં વન સર્જાય છે ! :-**

જગતનાં મોહબીજ એટલે સામાન્ય નહિ ! એના પર મોહનાં વનનાં વન ઉગે ! માત્ર છોડવો નહિ ! માણસ ઉંમરમાં આવ્યો કે કામરાગ જન્મ્યો. આ એક મોહ-બીજ પર જે પાક થાય છે, તે કોઈ છોડવા કે ઝાડ પ્રમાણ ? કે વનનું વન ? એક રાગના પ્રતાપે એના પર કેટલી બધી મોહની ને એના સુભટોની વિપુલતા ? પછી એના પર વધુ સ્વાર્થ, વધુ રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, અસત્ય, અઢારે પાપસ્થાનકના અનેકાનેક પ્રકારો ! અમુક જગાએ માયા જુદી ને અમુક જગાએ જુદી ! દુનિયામાં કહેવાનું કે "માલ વિનાના ન સમજતા. બધું છે !" ને ગુરુ આગળ કહેવાનું : "હું તો ગરીબ છું !" મોહના બીજમાંથી ઉગેલાં ઝુંડનાં ઝુંડ વનનાં વન એની કોઈ મર્યાદા કે હદ ? એક માયાના પાપના અનેકાનેક પ્રકાર ! અહંભાવના અનેકાનેક પ્રકાર ! સામે બળિયો આવે તો તેને ઋદ્ધિનો અહંભાવ દેખાડે ! ને ઊંચી જાતિવાળો આવે તો સામે જ્ઞાનનો મદ ધરે ! ને જ્ઞાની આવે તો ઊંચી જાતિના તપનો મદ દેખાડે ! ખબર છે આની ? ના, ભાઈઓને પૂછો બજારમાં જે વેપાર ચાલતા હોય તેની દરેકની રૂખ રસમ બધી જ ખબર ! ને બાઈઓને પૂછો તો ઘરના ડબે ડબામાં શું છે, તેની બધી ખબર પણ અંદરની ખબર કંઈ નહિ ! ધન્ય જીવન ! આપણી જાત માટે ભારોભાર તિરસ્કાર છૂટે છે કે હું શું આટલો અધમ કોટિનો ? શું મને એક અહંભાવ અનેક રીતે નચાવે ? ઊંચા જ્ઞાનવાળો આવે, તો કહેવાનું કે જોયો એને ? એ દશા તો અમે વિસા ઓસવાળ ! ઊંચો જાતિવાળો આવે તો કહો કે 'બેસ, બેસ, ભણ્યો તો ડીંટુએ નથી !' અહંભાવના કેટલા પ્રકાર ? કોઈ જગાએ હાર ન પામી શકે તેટલા



પ્રકાર ! માયાના કેટલા પ્રકાર ? પ્રકાર શું પૂછો છો, સ્થાને સ્થાને ભેદ જુદા ! લોભના કેટલા ? તે તો પૂછજો જ મા ! કેટલા ? ચીજે ચીજે જુદા એમજ ને ? ના, ના, એક એક ચીજમાં વળી જુદા જુદા પ્રકાર ! કપડું ધોળું જોઈતું હતું. ધોળું આવ્યું. પણ 'કરચલી છે, ઈસ્ત્રી બરાબર નથી ! બરાબર છે પણ આમ વળાતું હશે ? આમ જોઈએ !...' એટલે રાગના કેટલા પ્રકાર ? દારૂ પીધેલા વાનરના નાચ જેટલા ! શી વાત છે આપણી ? મોહનાં બીજમાંથી મોહના વનનાં વન ઊભા થવાં સમર્થ છે ! **એવી કોઈ ચીજ શોધી કાઢો કે જે સારી હતી તે મલી બસ ! હવે તેનો લોભ મરી પરવાર્યો** ના, એક તણખલાની જરૂર પડી ને મલી ગયું, પણ મન કહે છે, 'અડધું મેલું છે !' લે આખું ચોક્ખું. 'ના, પણ હવે જાડું છે !' પણ એ તો જો, કે તારું પુણ્ય એવું છે તો ધાર્યું ક્યાંથી મલે ? અંદર જો.

**આપણાં પુણ્ય કર્મો કુણાં-કુબડાં ને દુબળાં છે -**

તું વર્તમાન કાળે એવા કર્મો લઈને જન્મ્યો છે કે જેમાં પુણ્ય કર્મ કુણાં-કુબડાં ને દુબળાં છે ! કુણાં એટલે પોચલાં ! માલ વિનાનાં. સાર નહિ ! કુબડાં એટલે બેડોળ ! જાતને બિભત્સ દેખાડે ને અલ્પકાળમાં નાશ પામે ! ને પાપ કેવાં ? સર્વાંગ સંપૂર્ણ ! કઠણ ! એની જાતમાં ભારે રૂપાળાં ! લુલાં પાંગળાં નહિ, સર્વ અંગ સંપૂર્ણ ! ઠેઠ સુધી ચાલે ! આવું લઈને આવો ને કોડ રાખે છે કે કંઈ ન ચાલે. આજે લોભની ચક્કીમાં બેઠો છે, તેના ચક્કર આવે છે બધું ઉંધુ દેખાય છે. ફરે છે તું, પણ જુએ છે જગતને ફરતું. એટલ કે જે વસ્તુ જેવા સ્વરૂપે નથી એવી દેખે છે ! એના સ્વરૂપથી ઊલટી દેખે છે. જગતના પદાર્થો સુખ-દુઃખ આપતા નથી. પણ લોભને રવાડે ચઢેલો માને છે કે અહીંથી સુખ મલ્યું ને અહીંથી દુઃખ મલ્યું !

**મોહબીજનાં જોર :-** મુશ્કેલ કામ છે. પરમાત્મા પર બહુમાન-પ્રીતિ અને શરણ બુદ્ધિ ન જાગે ને દાવા રાખીએ કે મેં યોગબીજ સેવ્યું, તો તે દાવામાં કદાચ નિષ્ફળ જવાનું થશે. તે આવ્યા પછી તો દેદાર ફરી જવા જોઈએ. બળ અનેરી કોટિનું કેળવવું પડશે ! જાણો છો મોહબીજનાં જોર ? એનાં સામર્થ્ય અનેરી કોટિનાં ! એકાદ પણ આવ્યા પછી તેમાંથી વૃક્ષનાં વૃક્ષ થાય ! અનેક જાતની ખોટી લાગણીઓ, ખોટા તરંગો, સતાવ્યા જ કરે ! કશું જોવા ન દે કે **તારી લાયકાત કેટલી ? તારી પવિત્રતા કેટલી ? ને તેં શું બહુ સારું કર્યું છે ? તારા પર પરમાત્માનો ઉપકાર કેટલો, ને બદલામાં તેં સેવા શું આપી છે ?** કેટલો માલ તફડંચી કર્યો ને સમર્પિત કેટલો કર્યો ? કંઈ વિચારવાની જરૂર નહિ ? સમજ કે મોહના બીજમાંથી વનનાં વન તૈયાર થયાં એનું એ પરિણામ છે ! સંજ્ઞાના ઊંચા ડુંગરા પર વારંવાર કેટલી ઠેકાઠેક !



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**બે ભાઈની દશા :-** પરિગ્રહ દાટ્યા. પછી બે ભાઈ પાછું વાળીને જોવાની વાત નહિ. 'મારી વ્હાલી ચીજ છે ત્યાં તું કેમ આવ્યો ?' એક હરણિયો ને બીજો ભૂંડ થયો છે ! હરણિયાને ખબર નથી કે હું કોની સામે ધસું છું; ને ભૂંડને ખબર નથી કે હું કોની સામે ધસુ છું; ને ભૂંડને ખબર નથી કે એનું શિંગડું જો પેસી ગયું તો ? અલ્યા પણ તમે બે એક વખતના ભાઈઓ, પણ ના, કુદ્યું એ તો, એનું શિંગડું તો ન પેઠું, પણ ભૂંડે હરણિયાના પગ ચાવી નાખ્યા ! પડ્યો નીચે. હવે કોણ ખાવા-પીવા આપે ? રીબાઈ રીબાઈને મર્યો. કોઈ જોનાર નથી. ઉઠવાની તાકાત નથી. જીવતા જીવે ચવાઈ ગયા છે પગ ! **એ ચાવવા છતાં પરિગ્રહસંજ્ઞા ચવાવા તૈયાર નથી !** 'તું જ્યાં, ત્યાં હું છું !' જ્યાં ઝાડ ત્યાં છાયા ! હવે ભૂંડ મજા કરે છે - મસ્ત થઈને. પરિગ્રહની મિઠાશ છે ને ? આ લોકોએ પરિગ્રહનો મોહ, તેનું પૂર્વે બી નાખ્યું છે, તેનાં વન ઉગ્યાં છે પૈસા તે પરિગ્રહ છે. તેના પર જગાના પણ પાપ. તે જગામાં પેસનાર પર ઘોર-દ્વેષ ! એટલે ભયંકર હિંસાનું પાપ ! ક્રોધ-કલહ ને ભયંકર તૃષ્ણાનાં પાપ ! એક પરિગ્રહના મોહનું બીજ નાખ્યું તેમાં આ ! માયાનો અવકાશ હોય તો તેનું પણ પાપ કરવાનું ! પશુ એટલે વધુ શું કરી નાખે ? પણ માનવ હોય એટલે ચાડીચુગલી-નિંદા-અભ્યાખ્યાન બધું આવે ! કેમકે મનુષ્ય બુદ્ધિમાન ને ! ચાડી-ચુગલી ને પેટ ભરીને નિંદા ! અભ્યાખ્યાન, પૈશુન્ય ને પરપરિવાદ ! અભ્યાખ્યાન એટલે આળ. 'આમ કરતા હતા, આવા ખરાબ હતા...' વગેરે. ચાડીચુગલી એટલે "મારું તેં બગાડ્યું છે તો તારું જે છે તે બીજાને કહ્યા વિના રહું નહિ." વાત કીધા જેવી ન હોય છતાં કીધા વિના ન રહે. ગુપ્તને ઉઘાડું પાડે. નિંદા એટલે સામાનું હલકું ઘસાતું બોલવાની વાત. નિંદામાં, જે દોષો છે તે કહે છે ! સીતાએ પૂર્વના ભવમાં મુનિ પર અભ્યાખ્યાન ચઢાવ્યું હતું. સાધુમાં દોષ નહોતો છતાં કહ્યું લોકોને, કે 'અત્રે સાધુ તો ફલાણી જગ્યાએ હતો.'

**માનવભવનાં જીભ-ચિત્ત અને સમયના સદુપયોગ શા ? :-** મનુષ્ય એટલે ભેજું મલ્યું છે ! ને સમય મલ્યો છે ! ને પુણ્ય મલ્યું છે ! ચિત્ત ભ્રમ હોત તો કેમ કરત ? તે મલ્યું છે એટલે કરે છે અભ્યાખ્યાન ને નિંદા ! બંને હોય ને સમય ન હોય, સવારથી સાંજ સુધી વૈતરામાં જ હોય, તો શું કરે ? પણ આ તો સમય મળ્યો, એટલે દાટ વાળવાનો ! જીભ મલી, ચિત્ત મલ્યું ને સમય મલ્યો. એ ત્રણેનો ઉપયોગ શું ? એનાથી જ ભવભ્રમણ વધારવા જેવી હીણભાગિતા બીજી કોઈ હશે ? હરણિયો રીબાતો મર્યો. ને પેલો ફરે છે ત્યાં સિંહ છલ્લાંગ મારતો નીકળ્યો ! પેલાને ખબર નથી કે લાવ, છૂપાઈ જાઉં. કેમકે પરિગ્રહની મિઠાશનો



કીડો ! મિઠાશ છે પણ સ્થાન નથી રક્ષાનું ! ને રક્ષાનું સ્થાન છે ધર્મ, પણ પૈસા નથી, તો કહો તેની મિઠાશને બાજુએ મૂકી આપણે ધર્મની રક્ષા લેવા તૈયાર છીએ ? ના, કહે શું કે ઉલ્લાસ નથી જાગતો ! એટલે ? પરિગ્રહની મિઠાશ, વિષયની મિઠાશ નથી મૂકતી તો ભૂંડ કરતાં બહુ ફરક ખરો ? **ભૂંડ એટલે પશુ નહિ. ભૂંડ એટલે વિષયલાલસાથી ભૂંડા !** મનુષ્યને ભૂંડ કહેવાય ? અભ્યાખ્યાન કહેવાય ને ? વિચારજો કંઈ કંગાલ સ્થિતિ છે ! ઉચ્ચ આલંબન છે છતાં પ્રમાદ, કંગાલિયત ને કુમતિનો પાર નથી ! થાળ દેવતાઈ ભોજનના સામે છે, છતાં કમનસીબ પેટમાં લેશ ભૂખ નથી. ધર્મ વિમાન છે, ક્યાંય ગગનમાં લઈ જાય ઊંચે ! છતાં બિમારને પગે ઘસડાવામાં ઓર મઝા છે ! પાંચમા આરાના **'શ્રાવક સિંધુર (હાથી) સારિખા !'** પણ જીર્ણશીર્ણ ખંડિયેરમાં મજા માણે છે. ભૂંડને મિઠાશ થઈ છે, રક્ષાનું સ્થાન નથી. પછી સિંહ છોડે ? જાણે જમરાજ આવ્યો સિંહનું રૂપ લઈને. પાપથી પુષ્ટ થયેલો. માંસ ખાઈ ખાઈને પુષ્ટ કરેલી કાયા પર પેલાની ઉજાણી, સિંહે કરી ! **ઘોર અઢાર પાપસ્થાનકો સેવી કરીને જે બધું પુષ્ટ ને તર કરો છો તેની ઉજાણી તમને નહિ મળે. બીજા કરશે ! તમને શું મળશે ? અઢાર પાપસ્થાનકની ઉજાણી મલશે.** શું ? તમે કંઈ બીજું કહો ! તગડી કરેલી કાયા પર સિંહે કારમી ઉજાણી ઉડાવી ! છુંછા જુદા કરી નાખ્યા ! **ગમે તેટલી કાયાને ફેંદ, જીવ તે ફેંદાવા તૈયાર છે, પણ વહાલી વિષય પરિગ્રહની સંજ્ઞા ફેંદાઈ દેવા તૈયાર નહિ !** એ વાત હરગીજ નહિ કરીએ, એમ ને ? **કાયાને ફેંદાઈ જવા દઈ સંજ્ઞાને સલામત રાખવાની હોશિયારી મનુષ્યમાં હોય તો પશુમાં કેમ નહિ ?** મૂર્ખાઈ મનુષ્યમાં હોય તો તેનામાં કેમ નહિ ?

બંને બ્રાહ્મણને ત્યાં ભાઈપણે થયા. બ્રાહ્મણ પુત્રો થયા પણ એવા અવળચંડા કે ભારે ઉધમાતી ! નાના બાળ હતા, શેરીમાં જાય તો કેટલાના છોકરાંને મારે ને કૂટે. એક દહાડો, બે દહાડા, ત્રણ દહાડા ચાલ્યું. ફરિયાદો આવતી જાય. એટલે મા-બાપ ઘેર બેસાડીને કહે. પણ પેલા કહે : "મારવા આવે તો કેમ ન મારીએ ?" પણ શું રોજ મારે છે ? ના, પણ **ઊંધુ ચાલવાની ટેવ તેને એમજ લાગે કે દુનિયા ઊંધી છે, પોતે સીધો છે !** ચકેડીમાં ઘુમ્યાથી મન ઘુમે છે, પણ માને કે દુનિયા ઘુમે છે ! એટલે મોટા થયા તેમ ઉધમાત વધ્યા. કંઈકના માલને નુકસાન કરી આવે. વ્યસનમાં વધ્યા આગળ ! ત્રાહ ત્રાહ પોકારી ગયા મા-બાપ ! છોકરા હેરૂના અવતાર જેવા ! ગામના ઉતાર જેવા ! એટલે મા-બાપે સંતલસ કરી કે આવા છોકરાથી શું ? માટે હવે ઘરમાં આવે તો પેસવા ન દો. નક્કી કર્યું કોના માટે ? પોતાના છોકરા માટે કરાય એવું ? શું, હા ? એમ ? મારો સ્વાર્થ ને મારી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આબરૂ બગાડી નાખનારી દુનિયાને ચાલે તો કાઢી મૂકાય ! પણ આત્મા માટે કશું નહિ ? જેવા એ છોકરા આવ્યા, કે મા-બાપ લાકડી લઈને બેઠા હતા. "જાઓ, હરામી, નીચે ઉતરો." પણ છોકરા માથા ફરેલ થયા. માને એ નાલાયકો ? "લો, લો આવ્યા......." હવે આ બધા અવગુણ-ઉધમાત ક્યાંથી આવ્યા ? પરિગ્રહરૂપી મોહનું બીજ રોપ્યું હતું. તેમાંથી આ વન થયું. આ જન્મમાં મરતાં સુધી કેઈ મોહનાં બીજ પડ્યાં હશે ને ઉખેડ્યાં નહિ હોય તો શું થશે ? આ તો એકની વાત ! પણ આપણને અનેક છે ! પરિગ્રહ, વિષય, આહાર, ભય, કામ, ક્રોધ, માન, મદ, માયા, ઈર્ષ્યા, લોભ, આવાં અનેક બીજોનાં વાવેતર થયાં. કોઈ ગેરંટી પત્ર મલ્યું છે સીમંધર ભગવાન પાસેથી કે 'ભલે આ હોય પણ તમે અહીં જૈન છો એટલે ભવિષ્યમાં ઊંચા ને ઊંચા ?.......' કહેજો હોય તો, હું પણ મંગાવી લઉં ! અરે, ખુદ ભગવાનના કાળમાં ભગવાને નથી કહ્યું : "જા તું અહીં જન્મ્યો એટલે હવે નીચે નહિ જાય..." ના ના, પણ જમાલીએ એક અક્ષર બદલ્યો તો કહ્યું કે એ પંદર ભવ ભમવાનો ! બધી માન્યતામાં સ્વતંત્ર છીએ ! ને હલકી કારવાઈ ! હલકી જીવન ચર્યા ! મારવા ઝુડવાને ઉધમાત મચાવવાની વાત ! મા-બાપે કાઢ્યા. ગામમાં કોણ સંઘરે એમ હતું ? કંઈ સારું કર્યું હોય તો સંઘરે ને ? ધ્યાન રાખજો, અહીં કંઈ સારું કર્યું હોય ને મૃત્યુએ કાઢ્યા તો સારા કુટુંબ, શહેર સંઘરે. પણ સારું ન કર્યું હોય તો ? બહારગામ પેલા બે ચાલ્યા. સાર્થવાહ મલ્યો. પૂછ્યું,

'કેમ આવ્યા છો ?'

'અરે ભાઈસાબ, અમારા મા-બાપ રોજ પીડે, કનડે છેવટે એટલો દ્વેષ કે અમને ગડદા-પાટૂ મારીને કાઢ્યા !'

સાચી વાત ન કહી. એટલે પેલાને દયા આવી ગઈ. એટલે કહ્યું : "ચાલો, નોકરી જોઈએ છે ને ? કામ કરજો." સારું. એમ કહીને સાર્થમાં બંને જોડાયા. સાર્થ ચાલતો ચાલતો પેલા વનમાં આવ્યો. પરિગ્રહસંજ્ઞા છેટી ન જાય ! જીવ એટલે એનું રમકડું ! કેરમની સોગટીઓ એના પાટિયા પર જ ઉડે ને ? એમ, **સંજ્ઞાઓ રમત કરનાર ! ને આપણે બધા એનાં રમકડાં !** એટલે આપણને ક્યાં રમાડે ? જડ પુદ્ગલના પાટિયે.

**ઘરેથી તગેડાઈ ગયેલા બંને ભાઈ કાફલા સાથે તે જ વનમાં આવી ગયા :-** ક્યાંયે જન્મ્યા હતા પણ સાર્થની સાથે અહીં આવ્યા. બંનેને અન્યોન્ય પ્રેમ છે. ભાઈના પાછા ભાઈ ! સાર્થે મુકામ કર્યો. શેઠ કહે છે, 'આપણાં ઇંધન ખૂટી ગયાં છે તો લાકડાં લઈ આવો.' "આહ, એ તો અમારું જ કામ !" લઈ કુહાડો



ને ઉપડ્યા બંને. જંગલમાં પેલી ઝાડીના પ્રદેશમાં આવ્યા. શાસ્ત્રકાર કહે છે, 'એ પ્રદેશમાં પેઠા ને આત્માના પરિણામ ફરી ગયા. **પ્રબળ રીતે વાવેલાં મોહનાં બી તેમાંથી મોહનાં વન ઉગે. તે છેદાય-બેદાય નહિ !** તોફાની હતા. દુઃખી હતા. પણ પુણ્યે યારી આપી. સાર્થવાહ મળ્યો તો દુનિયાની નજરે ઠેકાણે પડ્યા.

**પણ પેલી સંજ્ઞા જાણે કહે છે, "મારે ને તમારે ગાઢ દોસ્તી ! તમે મને મનુષ્યભવમાં મ્હલાવી છે તો મારે સેવા ભવોભવ આપવી જોઈએ."**

જે સંજ્ઞાને મ્હલાવ્યા કરો છો તેની ભવોભવ સેવા ખપશે ? વિચાર નથી. ભય નથી જાગતો કે શું થશે ? નહોતું જોયું ત્યાં સુધી જાણે કંઈ મિઠાશ નથી, પણ પેલા પ્રદેશમાં આવ્યા ત્યાં બંનેને મિઠાશ જાગી ! ને મિઠાશ લાગતાં જ બંનેને દ્વેષ જાગ્યો. પેલાને થયું કે આ ન જોઈએ; ને આને થયું કે તે ન જોઈએ ! તો કહી દે "જા, ચાલ્યો જા." ના, પણ શા માટે ? શું કુહાડો નથી ? શાસ્ત્રકાર ચરિત્ર લખતાં કહે છે, **"અહો, મોટા મોહથી વ્યાપ્ત, વળી નિજમાં મોહને વધારનાર એવા જીવોના હૃદયના પરિણામ કેવા ?** મોટા મોહથી વ્યાપ્તને જન્મે જન્મે અનેક દોષોને પ્રાપ્ત કરી આપનાર તે દોષ શું વિરસ બની ગયા ? ના, સરસ તે સરસ હતા.

**સંજ્ઞા જાગી, ને પ્રેમ ભૂલાયા; ને રાક્ષસી નૃત્યો સર્જાયા :-** મા-બાપે કાઢી મૂક્યા, છતાં એક બીજા પર બંનેને હૂંફ હતી. પણ હૃદયના વિરસ પરિણામ પ્રગટ્યા પછી, - 'હવે તું શાનો ભાઈ ? આ જગ્યામાં તો હું જ જોઈએ !' પછી સગો ભાઈ પણ દુશ્મન ! એટલે ઊભો જ ન રખાય. તો પછી ? 'કંઈ નહિ, વધ કરી નાખવો પડે તો પણ વાંધો નહિ !'- કેવા વિરસ પરિણામ ? ભયંકર કોટિના દુર્ધ્યાનમાં ચઢ્યા. એટલે બંને એક બીજા સામે હોઠ ફફડાવે છે ! એમને કોણ કહે, 'અરે પાપી જીવો ! નિધાનને જાણતા નથી, જાતિસ્મરણ નથી, પૂર્વ વૃત્તાંતની ખબર નથી, કશી ખબર નહિ હોવા છતાં આહા ! એકાએક બંનેને પરસ્પર વિરોધ ?' મોહને કહેવાનું મન થાય, **'અહો, મોહ ! તારા તોફાન તું જીવ પાસે કરાવે છે ? તેની સીમા જ નહિ ?'** પણ ત્યાં જ્ઞાની કહે છે ગુનો કોનો ? જાત સિવાય બીજાનો નહિ. પોતાનું કોણ બગાડનાર છે ? પોતે જ ! **સંજ્ઞા બહારથી આવી પેસવા તૈયાર નથી; પણ આપણે એ ન આવતી હોય તો ઉઠીને એનાં વાવેતર કરીએ છીએ.** મીઠો કોળિયો મોંમાં મૂક્યો, ને ટેસ આવ્યો. તો ચીજ આવીને કામ પતી ગયું. હવે આરામ કરે છે. સામે ચીજ નથી. પણ આ જંપે નહિ. "બહુ સરસ ચીજ છે !" કેમ આમ ? સંજ્ઞાના વાવેતર, અમારી સંજ્ઞા જ્યાં સુધી પહોંચે છે, ત્યાં સુધી કેમ ન કરીએ ? **સંજ્ઞીપણાનો સદુપયોગ શું ? કુસંસ્કારનાં**



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

વાવેતર કરવાનાં એમ ?

કંઈ નિધાન દેખતા નથી; પૂર્વ વૃત્તાંતની ખબર નથી; તેવા એ એકબીજા સામે ઘુરકિયાં કરે છે ! કહે છે, 'રવાના થઈ જા...' પણ કોણ જવા તૈયાર છે ? બંને પાસે કુડાહો છે ! આંખ લાલ થઈ. ત્યાં તો ચહેરો લાલઘુમ ! પ્રેમ હતો ત્યાં સુધી મીઠો ચહેરો હતો. હવે ઉગ્ર ! મીઠી આંખ હતી તે રૌદ્ર ! હોઠ પર સ્મિત હતું પ્રેમનું પણ હવે બે ય રાક્ષસી બની ગયા. દાંતિયા કરે છે ! "કેમ ઊભો છે ? ખસવા માંડ !" બંનેમાંથી એકેનેય આશ્ચર્ય નથી કેમકે જાતે જ દોષમાં પડેલા ! 'બસ, નથી ખસતા' એટલે ઉપાડ્યો કુહાડો ! ઉપાડ્યો. બંનેમાં છે ને શક્તિ મારવાની ? પુણ્ય છે, એટલે શસ્ત્ર પાસે હતું. પુણ્યે મળેલ શક્તિને સામગ્રીનો સરવાળો શામાં ઉતરે ? શામાં ઉતર્યો અહીંયાં ? એમને તો બિચારાને પાપી બનવામાં આવ્યો, કેમકે તેના ઉપયોગ શીખ્યા નહોતા. પણ તમને શામાં આવે સરવાળો ? અંદર શક્તિ છે ને સામગ્રી છે; બંનેથી સરવાળો સમયે સમયે થાય છે. તે પાપના થોકનો કે પુણ્યનો ? શુભની નિર્જરા કે અશુભની ? શું ? **જ્યાં સુધી મોહબીજ સલામત ત્યાં સુધી મોહના વન સલામત.** તેમાં ફેરફાર ક્યારે થાય ? તેમાં યોગનાં બીજ પડે તો. ક્યાં ? પરમેષ્ઠિ પરનું પહેલું, ને બીજું આચાર્યાદિ પર કુશળ ચિત્તનું. **સાધના ને સંસ્કરણની પ્રબળતા યોગના બીજની પ્રબળતા પર નિર્ભર છે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૫,અંક-૧૮,તા.૧-૬-૧૯૫૭

## (૧૩) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**ધર્મની લાગણીઓ જોરદાર કેમ બને ? :-** મોહની લાગણીઓ જોરદાર કેમ ? કેમકે બીજ જોરદાર હતું. તેમ ધર્મની લાગણીઓ જોરદાર ક્યારે ? જો યોગબીજ પ્રબળ હોય. "પ્રભુ ! અમે તમારા સ્નેહી છીએ ! આભારી છીએ ! અમારા પર ઘણું કર્યું છે આપે ! ઉપકાર અનંત કર્યા છે ! એટલે અમે તમારા દાસ છીએ !" પ્રેમમાં આવા ભાવ ભરેલા હોય છે ! "ઉપકારના બોજા નીચે દબાયેલા છીએ ! આપના અમે આભારી છીએ. અમે આજે ઉજળા હોઈએ તો આપને આભારી છે ! ઘણો પ્રેમ અને સ્નેહ છે આપના પર ! અમારે આપનું જ શરણ છે. પૂર્વના તો આશ્રિત છીએ, ભવિષ્યમાં પણ છીએ !" એમ જ્યારે જ્યારે અભ્યાસમાં લાવીએ ત્યારે આ ભાવો જગાડવા પડશે !



**લૌકિક અને લોકોત્તર ગુણ-ઉપકાર અને જીવનચર્યા :-** "પ્રભુ, આપ તો સર્વશ્રેષ્ઠ ! આપ તો તન, મન ને ધન, સઘળાં કરતાં પ્યારા ! ખરા હિતકારી ! અત્યંત ઉપકાર છે આપનો. ભવિષ્યમાં એક આધાર હોય તો તમારો છે..." પરમાત્મા પ્રત્યે આ ભાવ જગાવીએ તો બીજ જે કુશળચિત્ત છે, તેનું વાવેતર થયા વિના રહે નહિ ! માસક્ષમણ કરે એને આ બીજ મલે એમ નથી કહેતા. શું કહે છે ? ચિત્તને કુશળ બનાવો. ચિત્ત કુશળ એટલે શું ? બહુમાનથી, લાગણીથી, ભાવભીના હૃદયે કરેલો પરમાત્માનો વિચાર તે કુશલ ચિત્ત. એ બનાવવું કેવી રીતે ? શી રીતે જાગે ? પ્રત્યક્ષ લાભ તો દેખાતો નથી. માથું દુઃખે ને બામ જે અસર દેખાડે છે, તેવી 'નમો અરિહંતાણં' નથી દેખાડતી ! ભૂખ લાગે ને કોરી રોટલી ય જેવી લાગે છે, તેવું પેલું નથી લાગતું. દુનિયામાં પ્રેમ બને છે; કેમકે દુનિયાના લૌકિક ગુણો, ઉપકારનું મહત્ત્વ સમજાય છે ! અહીંયાં દેવ-ગુરુના લોકોત્તર ગુણો, જીવન ચર્યા ને ઉપકાર એ જ જગતમાં શ્રેષ્ઠ વસ્તુ છે ! એજ કલ્યાણકારી છે ! એમના ગુણો, જીવનચર્યા ને આચરેલા પ્રત્યે ને એ ઉપકારના કર્તા પ્રત્યે પ્રેમ જાગવો કાંઈ મોંઘો નથી ! લોકોત્તર ગુણોનું ખરું મહત્ત્વ સમજાવવું જોઈએ. કિંમત હજારને હરાવ્યાની નથી, પણ હજાર સામે અડગ રહેવાની છે. એટલે જે વિચાર આવે પરમાત્માનો, તે આવો અને ભીના હૃદયે આવે. લૌકિક જીવનચર્યા કરતાં આ ઊંચી કોટિની લાગે.

લૌકિકમાં શું ? બીજું જ લગાડે ! દુનિયા મોહી જાય છે, કે "ચારે બાજુ શેઠની લાગવગ !" આનું મૂલ્ય આંક. પણ 'શું આ આચાર્ય મહારાજ ! કે નગરે નગર એમના ઉપકારથી વાસિત !' કિંમત આંકી, પણ કોની વધારે ? આચાર્યની કે શેઠની ? લૌકિક ગુણોનો પૂજારી એટલે પૈસાની કિંમત આંકી ! દુનિયાની લાગવગ જેને મોટો ગુણ લાગે, તેને મન, દુનિયાથી અલિપ્ત રહેનાર કોઈ દૃષ્ટિમાં નહિ ! કહેશે, 'મહારાજ છે ? ઠીક છે ! એમને કંઈ આડીઅવળી નથી, બેઠા બેઠા નવકારવાળી ગણે છે !' જગતના પરિચયમાં આવવું સૌને ગમે પણ તેનાથી એ અલિપ્ત રહે. ભારે ગુણ છે ! હા ! લૌકિક ગુણ, **ઉપકાર, ને** જીવનચર્યાના મોહ મગજ પરથી ઉતરશે નહિ ત્યાં સુધી લોકોત્તર ગુણ અને જીવનચર્યાનાં આકર્ષણ જાગશે નહિ. એટલે પરિણામ શું ? બસ, જે વાતો અનંતકાળ કરી હતી, તેમાં જ નિષ્ણાત બનવાની વાત ! આ ગુણોની નવાઈ નથી. અનંતકાળ કરી કેમ જાણે પૂરું નથી થયું કે એમાં જ કિંમત આંકવાની ને મહત્ત્વ આંકવાના ! લૌકિક ગુણ, ને જીવનચર્યાનો કેવો ગજબ પહેરવેશ પહેર્યો છે ! દુનિયાની વાતોમાં કેવું ચાપલુશીથી બોલતાં આવડે છે ! કેવી મજેની રોચક વાતો બોલતાં આવડે છે ! તેનાં મૂલ્ય છે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પણ તેની સામે ગંભીરતાનાં મૂલ્ય ને બોલવું પડે તો ભારે ધાર્મિકતા અને સુશીલતાથી બોલે, તેનાં મૂલ્ય શું ? આર્યદેશમાંથી આવા ગુણ કેમ લોપાવા માંડ્યા ? મોટમોટા ઉદ્યોગ-વિલાસની ને જગતની ધાંધલની સ્થિતિની ખૂબ કિંમત આંકી એટલે જગતથી નિવૃત્ત થવાનાં મૂલ્ય ભૂલાયાં, એટલે જગત જે આકર્ષણ કરે તે ચારિત્ર ન કરી શકે. "પેલા શેઠે ચાર મીલ ઊભી કરી ! મોટી કોલેજ બંધાવી !" એનું મૂલ્ય આંકે છે, ને 'ફલાણા ગામમાં ચાર મંદિર છે, બે દીક્ષાર્થી નીકળ્યા !' સાંભળે તો કહેશે, 'એમ ? ઠીક, હશે, દીક્ષાર્થીને કુટુંબ સ્નેહી નહીં મલ્યું હોય.' અથવા તો "ભાગ્યશાળી" ! આવું કોરા હૃદયે બોલાય. તેને કુશળચિત્ત શી રીતે માનવું ? જગતની વાત આવે તો હૈયું ઉછળે ! ઉજમાળતા આવી જાય ! કવિતા ગાવામાં પૂંઠ પકડે ! સત્તર જણાને કહી આવે ! ઘરમાં બેઠો શું, કે દુકાને શું ! ચાલ્યું બસ ! આણે ચાર મીલ ઊભી કરી. 'આ અહીંથી આવ્યો. આ આટલા કમાયો...ચાલ્યું....' જ્યાં કોઈ આશા ન હોય, મલવાની વાત નથી, છતાં ભારે આકર્ષણ, ભારે ગુણગાન થાય છે ! શાથી ? કેવળ મિથ્યા-મોહથી. રસ્તે જતાં કોઈનો બંગલો નજરે ચઢ્યો. શું આશા છે કે મહિનો માસ રહેવા દેશે ? ના, પણ લૌકિક ગુણોને જીવનચર્યાનાં આકર્ષણ એવાં છે કે સ્વાર્થ પણ જોવા ન દે. એ તો વગર બોલાવે તૈયાર છે બંગલાને સર્ટિફિકેટ આપવા માટે ! આવું કંઈ લોકોત્તર ગુણો અને જીવનચર્યા પર હોય તો કુશળ ચિત્ત કહેવાય. જ્યારે જ્યારે વિચાર કરવાનો અવસર આવે ત્યારે આ કુશળ ચિત્તનું મુખવાસ રાખ્યું હોય કે 'લાવ, એ જ ચાવ્યા જ કરું !' તો વિકલ્પોના પાપે જે કર્મ બાંધત તે અટક્યા.

કુશળ ચિત્તને ઝગમગાવ્યું એટલે એના યોગે આત્મા પરમાત્માની વિચારણામાં ગયો. શુભ ધ્યાન જાગ્યું. સુસંસ્કારનું પોષણ અને કુસંસ્કારની કાપણી કરી. **મોહના પાત્રો પર પ્રેમ થાય તે કુસંસ્કારના યોગે.** તેના પર ભય, અવિશ્વાસ ક્યારે થાય ? જ્યારે વીતરાગ પર પ્રેમ જગાવીએ તો પેલા કુસંસ્કાર કપાય. સાંભળ્યું છે ને અવસરે મોહના મહા પાત્રોને મૂકી આત્માઓ પરમાત્માને ભજતા હતા, તે કેવી રીતે ? તે સમજતા હતા કે 'મોહનું પાત્ર ખરું, પણ પરમાત્માના પાત્રથી વધુ નહિ ! કેમ આમ ? પરમાત્મા આગળ જગતની કોઈ ચીજની કિંમત નથી.' - આ લગની વિકલ્પની ભયંકરતામાંથી બચાવે; ઉપરાંતમાં શુભ ધ્યાન ને સુસંસ્કારનાં પોષણ અને કુસંસ્કારની કાપણી સાથે પુણ્યના થોક બંધાવે છે ! મોટમોટા પાપકર્મનો ક્ષય કરાવે છે ! કેટલા લાભ ? મોટું કલ્પસૂત્ર નથી ભણવાનું. ફક્ત કુશળ ચિત્ત કેળવવાનું છે. સ્વાદ કેવો આવશે ? તે તો અનુભવથી જણાશે. અનુભવ કરવા ક્યારે સમય મલવાનો ? આ જનમમાં ? મલે તો વિકલ્પનો ભાર ઓછો થાય.



અહીંથી મોડા છોડ્યા, તો મોડા ઉઠ્યા. મોડાનું વહેલું થવાનું નથી. છતાં મન વિકલ્પે ચઢ્યું : "મહારાજ ઓછું કરે તો ઠીક !" આ તો ઠીક પણ તેને ગોખવાની શી જરૂર ?

વિકલ્પને ટાળવાથી કેટલા લાભ ? અશુભ ટળે છે. શુભના થોક મલે છે. એ શાના યોગે ? કુશલ ચિત્તના યોગે. કોણ મૂર્ખો એને જતુ કરે ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૮૪

## (૧૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

### • ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય •

પ્રભુનું 'જિનોત્તમ' વિશેષણ કહીને પ્રભુની 'કર્મકાય' અવસ્થા બતાવી, અને 'અયોગ' વિશેષણ કહીને 'તત્ત્વકાય' અવસ્થા બતાવી. પ્રભુને કર્મકાય પહેલાં 'ધર્મકાય' હોય જ છે; એમ કહીને અહીં ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય એમ ૩ કાય બતાવી. અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- ધર્મકાય એટલે શું ?

ઉ.- ત્રણેય કાયમાં 'કાય' શબ્દનો અર્થ અવસ્થા છે. એ હિસાબે 'ધર્મકાય' એટલે ધર્મ સાધવાની અવસ્થા. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જ્યારે છેલ્લા ભવમાં સંસાર ત્યાગ કરી ચારિત્રધર્મ સ્વીકારે છે, ને ત્યાર પછી જે અહિંસા-સંયમ-તપધર્મની સાધના કરે છે, એ ધર્મ-અવસ્થા છે, એને 'ધર્મકાય' કહેવાય છે. એમ તો બીજા મુનિઓની પણ સંયમ-સાધના એ ધર્મ-અવસ્થા છે, પરંતુ તીર્થંકર ભગવાનની એ ધર્મ-સાધના લોકોત્તર વિશિષ્ટ કોટિની હોય છે. એ એવી, કે જ્યાંસુધી ભગવાન વીતરાગ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી હંમેશાં લગભગ રાતદિવસ કાયોત્સર્ગ ધ્યાને રહે છે. અહીં 'લગભગ' એટલા માટે કહ્યું કે દિવસના માત્ર ત્રીજા પહોરમાં આહાર-નિહાર-વિહારની પ્રવૃત્તિ કરે, બાકી ૮ પહોરની અહોરાત્રિમાં ૭ પહોર કાયોત્સર્ગ-અવસ્થામાં એટલે કે કાયાને ખડીખડી સ્થિર રાખી ધ્યાનમાં મગ્ન રહે છે. ત્યાં દિવસે શું કે રાતે શું, પણ ક્યારેય જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ ! તો સૂવાની તો વાત જ ક્યાં ? પછી ભલે ક્યાંક ભયંકર પરીસહ-ઉપસર્ગ સહવાના આવ્યા, તો એનાથી અત્યંત શ્રમિત બનેલા શરીરને પણ સુવાડવાની કે બેસાડવાની વાત નહિ. સહેજ ગોદોહિકા ઊભડક આસને બેસે, બાકી તો કાયોત્સર્ગ-ધ્યાનમાં જ ખડાખડા રહેવાની જ વાત.

આ ધ્યાનમાં પણ સ્થિરતા એટલી બધી કે પરીસહ-ઉપસર્ગ સહવાના આવે, તો પણ તે પૂર્વેથી જે તત્ત્વ-ચિંતન ચાલુ હોય એજ ચાલુ રાખે, કિન્તુ એમાં વચમાં 'ઠંડી બહુ' 'ગરમી બહુ' 'મચ્છર બહુ' ...'ઉપસર્ગ કષ્ટ ભારે આવ્યું'... 'ક્યાં સુધી આ પીડા ચાલશે ?' એવો ય કોઈ જ વિકલ્પ પણ નહિ, વિચાર જ નહિ ! એટલી બધી તત્ત્વધ્યાનમાં રમણતા લયલીનતા !

શું ક્યારેક શરીર અત્યંત શ્રમિત ન થાય ? થાય, તો ત્યારે બહુ અલ્પસમય ગોદોહિકા આસને ઊભડક પગે બેસે, પણ પાછા થોડી જ વારમાં કાઉસ્સગ્ગ મુદ્રામાં ખડા થઈ જાય.

આ કાયોત્સર્ગમાં ખડાખડા ક્યારેક જ ઔદારિક કાયાના સ્વભાવે એક ક્ષણ સહેજ ઝોકું આવી જાય એમ બને, એ સિવાય કોઈ નિદ્રાની વાત નહિ. ઋષભદેવ ભગવાનને ૧૦૦૦ વર્ષનાં ચારિત્રમાં કુલ ઝોકાનો કાળ માત્ર એક અહોરાત્ર ! એટલે ૨૪ કલાક જેટલો ! તો બોલો ૧-૧ વર્ષના ફાળે સરેરાશ કેટલો સમય આવ્યો ? કહો ૨૪ કલાકની ૧૪૪૦ મિનિટ, થાય, ૧૫૦૦ મિનિટ પૂરી નહિ ! ૧૦૦૦ વર્ષથી એને ભાગો, દર વર્ષ માટે નિદ્રાની સરેરાશ ૧॥ મિનિટ પૂરી ન આવી !

**પ્રભુનો પ્રમાદ : સરેરાશ ૫ લાખ મિનિટે ૪ મિનિટ :-**

મહાવીર ભગવાનને ઉપસર્ગ બહુ આવ્યા, અને બે વાર અનાર્ય દેશમાં વિચરી જાતે ઉપસર્ગને આમંત્ર્યા ! એવા ઢગલાબંધ ઉપસર્ગોમાં અને એમાં વળી ૧૨॥ વર્ષમાં ૧૧॥ વર્ષ જેટલા ઉપવાસની ઘોર તપસ્યામાં શરીર ભારે થાકે, ઝોકું સહેજે આવી જાય, છતાં ૧૨॥ વર્ષમાં કુલ ઝોકાનો કાળ માત્ર એક મુહૂર્ત ! યાને બે ઘડી એટલે કે ૪૮ મિનિટ ! તો કહો દર વર્ષે સરેરાશ આ પ્રમાદનો સમય કેટલો તો કે માત્ર ચાર જ મિનિટ ! એટલે વર્ષની ૧૪૪૦ x ૩૦ x ૧૨ = ૫૧૮૪૦૦ મિનિટો, એટલે કે લગભગ ૫ લાખ મિનિટોમાં માત્ર ૪ જ મિનિટ પ્રમાદ ! જુલ્મ કરનાર પર પણ ભયંકર દેવતાઈ ઉપસર્ગોમાં પ્રભુની ધર્મકાય-અવસ્થા કેટલી બધી કષાયરહિત ! કે તીર્થંકર ભગવાનની કરુણા ભારોભાર વરસી. દા.ત. મહાવીર ભગવાનને સંગમદેવતાએ ૬-૬ મહિના સુધી બહુ રંજાડ્યા છતાં પ્રભુ ચલાયમાન ન થયા. ને પછી હારી થાકીને એના ચાલી જવાના અવસરે ભગવાનના દિલમાં 'અરે ! આ બિચારો મારું નિમિત્ત પામીને ઘોર કર્મ બાંધી ગયો ! એને બિચારાને દુર્ગતિમાં કેવા ભયંકર દુઃખ સહવા પડશે !' એ વિચારે કરુણા એટલી બધી ઊભરાઈ આવી કે આંખમાં આંસુ આવી ગયા.



**કાનમાં ખીલો ઠોકનારને પ્રભુની સહાય :-**

આ તો આવી પડેલા ઘોર ઉપસર્ગ સમતાથી સહી લેવા ઉપર કરુણાની વાત; પરંતુ એથી ય અધિક કરુણા-વાત્સલ્ય તો પ્રભુએ ત્યાં ધર્યાં કે જ્યારે એક ગોવાળિયો પ્રભુના કાનમાં ખીલા ઠોકવા માગતો હતો અને ખીલો કાન પર ઠોકવા જાય ત્યારે માથું હલી જવાથી ખીલો શી રીતે કાનમાં ઘુસે ? ત્યાં પ્રભુએ ગોવાળિયાને પ્રેમ-કરુણાથી જાણે સહાય કરવા માથું થાંભલાની જેમ સ્થિર રાખ્યું ! અને પેલાએ ઠોકી ઠોકીને બંને કાનમાં વાંસના ખીલા ઠેઠ અંદર સુધી ઘૂસાડી દીધા...

બસ, પ્રભુની આવી વિશિષ્ટ અલૌકિક ચારિત્ર-ધર્મની સ્થિતિનો મુકાબલો કોણ કરી શકે ? પ્રભુની આ 'ધર્મકાય' અર્થાત્ ધર્મ સાધવાની અવસ્થા હતી. વિશેષ ખૂબી તો એ, કે પ્રભુની ધર્મકાય અવસ્થા કેટલી બધી ઊંચી કે એવા ઉપસર્ગ-પરીસહના ઘોર કષ્ટ વખતે પણ પ્રભુના મનમાં 'અરે ! આ ભારે કષ્ટ આવ્યું,... ઠંડી બહુ પડી,... માણસ અનાડી,...' એટલો ય વિકલ્પ નહિ તો સાધના વખતે બીજા ત્રીજા વિચારો-વિકલ્પોની તો વાતે ય શી ? એ તો મનને સાધનામાં તત્ત્વચિંતનમાં ચોંટાડ્યું તે ચોંટાડ્યું, એને બીજે લઈ જ જવાનું નહિ ! કઠોર ચારિત્ર પાળવું સહેલું, કઠોર તપ સહેલો, કઠોર કષ્ટ સહી લેવા સહેલા, પરંતુ મનમાં એનો કે બીજો એક વિકલ્પ પણ ઊઠવા દેવો, એ અતિ મહાકઠિન. ભારે ઠંડીમાં પણ ઊઠવા દેવો, એ અતિ મહાકઠિન. ભારે ઠંડીમાં પણ 'કામળી હોત તો ઠીક' એટલો ય વિચાર નહિ ! કેમ નહિ ? પ્રભુ સમજતા હતા, કે 'ઠંડીમાં કામળીની ઈચ્છા, એમાં સ્પર્શનેન્દ્રિયની આસક્તિ છે,' વીતરાગ થવા માટે આસક્તિમાત્ર તોડવાની છે. તેથી એવી અપેક્ષા જ ન રખાય. એટલા જ માટે ભયંકર ઉપસર્ગ કરનાર માટે પણ 'આ ખરાબ માણસ છે' એટલો ય વિચાર નહોતા કરતા ! કેમકે એ વિચાર કરાવનાર સ્પર્શનેન્દ્રિયની આસક્તિ છે. પ્રભુ તો ધર્મકાય અવસ્થામાં ચારિત્ર લે ત્યારથી જ આ બધી આસક્તિઓ તોડવાના પ્રબળ પુરુષાર્થમાં લાગી જાય છે; એટલે અહીં સમજવાનું છે કે ધર્મકાય અવસ્થા ચારિત્ર-ધર્મનો પુરુષાર્થ શરૂ કરે ત્યારથી જ ગણાય છે,- પણ નહિ કે ગૃહસ્થપણાની માત્ર મનની વિરક્ત અવસ્થાથી. નહિતર પ્રભુને ગૃહસ્થપણે અતિ ઉચ્ચ કોટિનો વૈરાગ્ય હોય છે; મન ખૂબજ સ્વચ્છ પવિત્ર હોય છે; છતાં ત્યાં ધર્મકાય-અવસ્થા નથી માની. એ તો સર્વ સાવદ્ય-ત્યાગની પ્રતિજ્ઞા લઈ ઘરવાસ છોડી ચારિત્રજીવન સ્વીકારે, ને પ્રતિજ્ઞાનો અમલ કરવા માંડે ત્યારથી જ ધર્મકાય અવસ્થા માની છે.

**અધ્યાત્મદંભીઓની ભ્રમણા :-**

આ ન સમજનાર આજના અધ્યાત્મ-દંભીઓ ઘી કેળાં ઉડાવતા રહીને માત્ર



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા બનવાના દંભ ઉપર ધર્મ સાધવાનું માને છે. પરંતુ પ્રતિજ્ઞા પૂર્વકના ચારિત્ર, સાધ્વાચારો અને તપ, આ ત્રિપુટી વિનાની અધ્યાત્મભાવના ધૂળના ઘર જેવી છે, ટકે નહિ. ધર્મની સાધનાને ઉવેખીને અધ્યાત્મભાવ શો ?

**અધ્યાત્મદંભીનું મંતવ્ય :-**

અધ્યાત્મદંભી કહે છે કે "ધર્મસાધના એ તો જડ કાયાની ક્રિયા છે. એ આત્મા પર શી અસર કરે ? એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર કશી અસર ન થાય, નહિતર મહાવીર પ્રભુની તો પ્રચંડ સાધના અને વિશ્વ કરુણા હતી, તો એની અસર જગતના જીવો પર પડીને એ જીવોનો ઉદ્ધાર કેમ ન થયો ? માટે જડની ક્રિયા અને જડના ધર્મથી દા.ત. બાહ્ય ત્યાગ-તપસ્યાથી આત્માનું કલ્યાણ માનવું એ મિથ્યાત્વ છે. બાહ્ય નિમિત્ત કશું કરતું નથી. ઉપાદાનશક્તિ યાને યોગ્યતા જ કામ કરે છે."

પરંતુ આ માનવું ખોટું છે; કેમકે જો બાહ્ય ત્યાગથી આત્મકલ્યાણ ન હોય તો પ્રભુએ બાહ્ય સંસારનો ત્યાગ શા માટે કર્યો ? પ્રભુ તો ઘરમાં પણ અનાસક્ત યોગી જેવા હતા, તો એમને સંસારત્યાગની શી જરૂર ? ઘરવાસમાં જ એમને ધર્મકાય-અવસ્થા યાવત્ કેવળજ્ઞાન કેમ નહિ ? પ્રભુએ ચારિત્ર લીધું, ને તપ તથા સંયમચર્યાઓ આચરી એ જ સૂચવે છે કે બાહ્યત્યાગ અને જડ કાયાના ધર્મરૂપ તપ પણ, આત્મા પર, કર્મોનો ક્ષય કરવા રૂપ અસર કરે જ છે, માટે એ જરૂરી છે.

દંભીની 'નિમિત્ત કાંઈ કરતું નથી, ઉપાદાન શક્તિ જ કામ કરે છે,' એ વાત પણ પોતાના વર્તાવથી જ ખોટી ઠરે છે; કેમકે દા.ત. એનું પ્રવચન ન સમજી શકનારને એ કહે છે, "આ તો સૂક્ષ્મ તત્ત્વ છે. એ એમ એક પ્રવચનથી ન સમજાય; એ સમજવા માટે તો અહીં ૨-૩ મહિના રહી સાંભળો એટલે સમજાશે." આમાં ચોક્ખું પોતાના પ્રવચનનું નિમિત્ત કામ કરતું બતાવી રહેલ છે.

સારાંશ, ખાલી અધ્યાત્મભાવના નહિ, પણ સાથે અહિંસા સંયમ-તપની સાધના જ આત્મા પર અસર કરે છે. માટે પ્રભુ એ સંયમ અપનાવે ત્યારથી જ ધર્મકાય-અવસ્થા શરૂ થાય છે, તે પહેલાં ગૃહસ્થાવાસમાં નહિ.

પ્રભુની આ ધર્મકાય-અવસ્થા એટલી બધી જોરદાર હોય છે કે એ આગળની 'કર્મકાય' અવસ્થાને નિકટ નિકટ કર્યે જાય છે. એ નિકટ કરવા માટે તો વિપુલ કર્મક્ષય કરતા ચાલવું જોઈએ; તો એ કામ પ્રભુ ધર્મકાય-અવસ્થામાં ઉગ્ર વિહાર, ઘોર તપસ્યા, કઠોર પરિસહ, અને ભયંકર ઉપસર્ગ તથા અત્યંત એકાગ્ર સળંગ તત્ત્વચિંતન-ધારા રાખીને કરી રહ્યા છે. આમાં જન્મોજુના કર્મોના ય ભુક્કા બોલાવી રહ્યા છે. ધર્મકાય-અવસ્થામાં આ જ એક વિપુલ કર્મક્ષયનું જ લક્ષ હોવાથી વિપુલ



કર્મક્ષયકારી સાધનામાં શું કામ બાકી રાખે ? ધર્મકાય-અવસ્થા પછી કર્મકાય-અવસ્થા આવે છે.

**૨. કર્મકાય-અવસ્થા : વિશિષ્ટ તથાભવ્યત્વ :-**

'કર્મકાય' એટલે કે તીર્થંકર નામકર્મ ભોગવવાની અવસ્થા. 'ધર્મકાય' અવસ્થામાં ધર્મ સાધનાને અંતે જ્યારે વીતરાગતા અને કેવલજ્ઞાનની સિદ્ધિ થાય, એટલે તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે; ને આ કર્મની ઉદય-અવસ્થા ચાલે એજ 'કર્મકાય' અવસ્થા શરૂ થાય છે. ભવિષ્યમાં તીર્થંકર થનાર આત્માને જ આ કર્મની પુણ્યાઈ ઊભી થાય છે, પણ બધા મોક્ષમાર્ગ સાધકને નહિ. એનું કારણ એ છે કે આ કર્મ ઊભું થવામાં મૂળભૂત કારણ વિશિષ્ટ તથાભવ્યત્વ છે. એ ભવિષ્યમાં તીર્થંકર બનનાર આત્મામાં જ હોય, બીજામાં નહિ. બીજામાં તથાભવ્યત્વ હોય તે જુદું જુદું વૈયક્તિક ભવ્યત્વ હોય ખરું, પરંતુ તે સામાન્યથી તથાભવ્યત્વ હોય; જ્યારે ભવિષ્યમાં તીર્થંકર બનનાર આત્મામાં તેમના કરતાં વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ હોય છે; અને તે અનાદિ કાળથી હોય છે; કેમકે જગતમાં જીવો અનાદિ કાળથી જ બે જાતના હોય છે, ભવ્ય અને અભવ્ય. 'ભવ્ય' એટલે સિદ્ધ-મુક્ત થવાને યાને સિદ્ધિ મોક્ષ પામવાને યોગ્ય. 'અભવ્ય' એટલે મુક્ત થવા યાને મોક્ષ પામવાને અયોગ્ય. ભવ્યમાં ભવ્યત્વ હોય અભવ્યમાં અભવ્યત્વ. આ ભવ્ય-અભવ્ય અનાદિ કાળથી હોય એટલે ભવ્ય એ કદી અભવ્ય ન થાય, અભવ્ય કદી પણ ભવ્ય ન થાય. આપણો જીવ ભવ્ય ? કે અભવ્ય ? આપણો મોક્ષ થશે કે નહિ' ? આવી જો શંકા પણ પડે તો નિશ્ચિતપણે આપણે ભવ્ય છીએ. અભવ્ય કદી મોક્ષ તત્ત્વ જ ન માને, એટલે એને 'મારો મોક્ષ થશે કે નહિ' એવી શંકા પણ ઊઠે નહિ; એને ભવ અર્થાત્ સંસાર સિવાય કાંઈ માનવાનું છે જ નહિ એટલે 'મારે ભવમાં જ રખડવું પડશે' ?-એવો ભય પણ થાય જ નહિ. 'હું અભવી તો નહિ હોઉં ? શું મારે ભવમાં જ ભટક્યા કરવાનું ?' આવો ભય ભવીને જ થાય. એવા ભવીમાં ભવ્યમાં ભવ્યત્વ હોય એટલે કે મોક્ષ પામવાની લાયકાત હોય...

હવે ભવ્યત્વ સઘળા ભવ્ય જીવોમાં આમ તો મોક્ષની લાયકાત રૂપે એક જાતનું છે, છતાં બધા જ ભવ્ય એક સરખા નિમિત્તથી કે એક જ કાળે મોક્ષસાધક નથી બનતા; પરંતુ કોઈ કેવા નિમિત્ત પામી કેવા કાળે મોક્ષમાર્ગ આરાધે છે, અને કેવા કાળે મોક્ષ પામે છે; તો બીજા વળી બીજા જ નિમિત્ત પામી અને બીજા જ કાળે સાધક બની મોક્ષ પામે છે. આ સૂચવે છે કે, ભવ્ય છતાં અન્યાન્ય સાધનાથી અને અન્યાન્ય કાળે મોક્ષ થાય છે, માટે એના મૂળમાં કારણભૂત યોગ્યતા યાને ભવ્યત્વ વ્યક્તિદીઠ જુદું જુદું માનવું જ પડે. એને 'તથાભવ્યત્વ' કહે છે. એ પણ

સઘળા ભવ્યોને અનાદિથી જ ચાલુ છે. એ ભવ્યોમાં જે ભવિષ્યમાં તીર્થંકર બનનાર ભવ્યાત્માઓ હોય છે, એમનામાં વળી વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ હોય છે; કેમકે એમની સાધનાઓ, નિમિત્તો વગેરે જુદી જ કક્ષાના હોય છે.

અહીં એક વસ્તુ ખાસ ધ્યાન દેવા યોગ્ય છે કે આ ભવ્યત્વ તથાભવ્યત્વ કે વિશિષ્ટ તથાભવ્યત્વ અનાદિ સિદ્ધ હોવા છતાં જીવ મોક્ષ પામતાં એ નષ્ટ થઈ જાય છે. મોક્ષમાં ભવ્યત્વ ન રહે. દૂધમાં દૂધપાક નથી બન્યો ત્યાં સુધી દૂધપાક બનવાની યોગ્યતા કહેવાય. પરંતુ દૂધપાક બની ગયે 'આ દૂધપાકમાં દૂધપાક બનવાની યોગ્યતા છે' એમ ન કહેવાય.

**મોક્ષમાં ભવ્યત્વનો નાશ કેવી રીતે ? :-**

**પ્ર.**- કર્મસંયોગ ભલે અનાદિથી ચાલુ છે, પરંતુ તે તો પ્રવાહથી અનાદિ છે, બાકી તો આત્મા પર કોઈ કર્મ અનાદિના ચોંટેલા હોતા નથી જ. દરેક કર્મ નવાં જ ચોંટે છે, નવાં જ બંધાય છે, ને એ ઉદય પામતાં ભોગવાઈને નષ્ટ થાય છે. એટલે છેલ્લે અયોગ અવસ્થામાં યોગ નથી એટલે નવાં કર્મ બાંધવાના જ નથી, અને જૂનાં કર્મ બધાં જ ભોગવાઈ જઈ નષ્ટ થવાનાં છે; તેથી હવે કર્મસંયોગ સર્વથા નષ્ટ થયો કહેવાય. પરંતુ તથાભવ્યત્વ તો કર્મસંયોગની જેમ પ્રવાહથી અનાદિનું નથી, કિન્તુ આત્માના અનાદિ સ્વભાવરૂપ છે, તો જેમ જ્ઞાન, જીવત્વ,... વગેરે. આત્માના અનાદિ સ્વભાવરૂપ હોઈ એનો મોક્ષમાં નાશ નથી થતો, તો પછી આત્માના અનાદિ સ્વભાવરૂપ આ તથાભવ્યત્વનો નાશ કેમ થાય ?

ઉ.- અહીં બંને વચ્ચે ફરક સમજવાનો છે; જ્ઞાન જીવત્વ વગેરે એ યોગ્યતારૂપ નથી, કિન્તુ આત્માનું સ્વરૂપ છે; જ્યારે ભવ્યત્વ ને તથાભવ્યત્વ એ મોક્ષ પામવાની યોગ્યતારૂપ છે. જેમ કાષ્ઠમાંથી કે પાષાણમાંથી શિલ્પી પ્રતિમા બનાવે છે, ત્યાં પહેલાં એ કાષ્ઠ કે પાષાણમાં પ્રતિમા બનવાની યોગ્યતા જુએ છે. જો યોગ્યતા જુએ તો જ એના પર ઓજાર લગાવી લગાવી એને ઘડી ઘડીને પ્રતિમા બનાવી શકે છે. જ્યારે કાષ્ઠ કે પાષાણ પ્રતિમારૂપ બની ગયા પછી એમાં કાંઈ પ્રતિમા બનવાની યોગ્યતા નથી કહેવાતી. પૂરી પ્રતિમા બની ગઈ એ કાષ્ઠમય કે પાષાણમય હોવા છતાં હવે એમ નથી કહેવાતું કે આ કાષ્ઠ કે પાષાણમાં પ્રતિમા બનવાની યોગ્યતા છે; કેમકે હવે કાંઈ એના પર ઓજાર-પ્રયોગથી બીજી નવી પ્રતિમા ઘડી શકાતી નથી, ઘડી શકાય એવું રહ્યું નથી. એ સૂચવે છે કે પ્રતિમા બની ગઈ પછી એનામાં હવે પ્રતિમા બનવાની યોગ્યતા નથી; યોગ્યતા નષ્ટ થઈ ગઈ.

બસ, એ રીતે મૂળ જીવમાંથી જ શિવ થાય છે. 'શિવ' એટલે સિદ્ધ, પરમાત્મા. પરંતુ જીવ શિવ તો જ બને, કે જો જીવમાં સિદ્ધ મુક્ત બનવાની



યોગ્યતા હોય. તેથી જ જ્યારે અભવી જીવમાં મૂળમાં જ સિદ્ધ બનવાની યોગ્યતા નથી, તો પછી યોગ્યતાના હિસાબનું કદી કશું ઘડામણ ઘડતર થતું જ નથી, ને એ જીવ ક્યારેય પણ સિદ્ધ-મુક્ત થઈ શકતો નથી. એટલે જેનામાં મૂળમાં યોગ્યતા હોય છે એ જ ઘડતર પામીને સિદ્ધ-બુદ્ધ મુક્ત બને છે, પરંતુ જેમ પેલું કાષ્ઠ કે પાષાણ પ્રતિમા બની ગયા પછી એનામાં પ્રતિમા બનવાની હવે યોગ્યતા નથી, એમ જીવ ખુદ સિદ્ધ મુક્ત બની ગયો, પછી એનામાં હવે સિદ્ધ બનવાની યોગ્યતા ન માની શકાય. જીવની આ સિદ્ધ બનવાની યોગ્યતા એટલે જ 'ભવ્યત્વ', ને જીવની આ વ્યક્તિગત યોગ્યતા એ 'તથાભવ્યત્વ' છે. સિદ્ધ બનતાં પહેલાં ભવ્યજીવ જ્યારે છેલ્લા યાને ચરમ પુદ્ગલ-પરાવર્તમાં એટલે કે 'ચરમાવર્ત' કાળમાં આવે ત્યારે જ સાધનાથી એના પર ઘડતર શરૂ થાય છે. એ પૂર્વે ચરમાવર્ત કાળમાં સંસાર-સુખની લાલચે અનંતીવાર ચારિત્ર લે, છતાં એનામાં ઘડતર નથી થતું...

**આત્મા પર ઘડતર એટલે ?**

આત્મા પર ઘડતર એટલે માર્ગાભિમુખતા, માર્ગપતિતા, માર્ગાનુસારિતા, સકૃદ્બન્ધકતા, અપુનર્બધક દશા... વગેરે સરજાય છે. એ કશું ઘડતર અ-ચરમાવર્ત કાળમાં આત્મા પર આવી શકતું નથી. એનું કારણ ત્યાં એ તથાભવ્યત્વ અપક્વ દશામાં છે, પાકને અયોગ્ય દશામાં છે. એ તો જીવ જ્યારે ચરમાવર્ત કાળમાં આવે ત્યારે જ એનામાં પાકને યોગ્ય દશા ઊભી થાય છે; જેમ કાષ્ઠ હમણાં જ લીલાવૃક્ષમાંથી કાઢેલું હોય તો એ લીલું હોય ત્યાંસુધી એનામાં યોગ્યતા હોવા છતાં ઓજારથી ઘડવાની એ યોગ્યતા પાકી નથી. એ તો જ્યારે સુકાઈ જાય પછી જ એનામાં રહેલી યોગ્યતા હવે પાકવાની સ્થિતિમાં આવે. ને ત્યાં શિલ્પીના ઓજારથી પ્રતિમાયોગ્ય ઘડતર શરૂ થાય છે.

જીવનમાં પણ યોગ્યતા યાને ભવ્યત્વ (તથાભવ્યત્વ) ચરમાવર્ત કાળમાં પાકવાને યોગ્ય બને છે. સામગ્રી નિમિત્તો મળી આવતાં સાધના થતી જાય તેમ તેમ તથાભવ્યત્વ પાક પર ચઢ્યું.

**તથાભવ્યત્વને પકવવા માટે 'શ્રી પંચસૂત્ર' શાસ્ત્રે ૩ ઉપાય બતાવ્યા છે :-**

(૧) અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર,

(૨) દુષ્કૃત-ગર્હા-સંતાપ તથા

(૩) સુકૃત-આસેવન-અનુમોદન.

આ ત્રણ સાધનની સાધનાથી જેમ જેમ તથાભવ્યત્વ પાકતું જાય, તેમ તેમ આત્મામાં ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાનકની અવસ્થા આવતી જાય છે. બી કોઠીમાં પડ્યું હોય ત્યાંસુધી એ પાકવાની સ્થિતિમાં નથી. પરંતુ એને રસાળ ધરતીમાં વાવે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પછી વરસાદ પડે, એટલે પાકવાની સ્થિતિ શરૂ થાય છે. બીજમાંથી અંકુર પ્રગટે છે. પછી જેમ જેમ પાણી અને સૂર્યનો તાપ મળતો જાય તેમ તેમ બીજમાં રહેલી યોગ્યતા વધુ ને વધુ પાકવા રૂપે ક્રમશઃ નાળ-પત્ર-પુષ્પ-(મહોર) પ્રગટતા જાય છે. છતાં હજી પેલી યોગ્યતા પૂર્ણ પાકી નથી ગઈ, એ જ્યારે છોડ પર પાક યાને દાણા આવી પૂરા પક્વ બને, બસ, અહીં બીજમાં રહેલ યોગ્યતાનું કાર્ય પૂર્ણ થયું. એટલે હવે પાક-ફળ વખતે પેલી બીજની યોગ્યતા કશી જ ઊભી નથી, એ તો પાકી ગઈ, એટલે કે નષ્ટ થઈ ગઈ.

જીવની પણ આ સ્થિતિ છે, એની આ તથાભવ્યત્વ રૂપી યોગ્યતા પાકતી પાકતી ચરમસીમાએ પહોંચી એટલે જે શિવ સિદ્ધ બુદ્ધ-મુક્ત અવસ્થા બનવા માટેની યોગ્યતા હતી તે સિદ્ધ અવસ્થા પ્રગટ થઈ જતાં હવે પૂરી થઈ, નષ્ટ થઈ જ કહેવાય; કેમકે સિદ્ધ અવસ્થા માટેની યોગ્યતા હતી તે સિદ્ધાવસ્થા પ્રગટ થઈ ગઈ, તો હવે યોગ્યતા શી ? તેથી મોક્ષ યોગ્યત્વ અર્થાત્ તથાભવ્યત્વ નષ્ટ થયું, ક્ષય-પરિક્ષય પામ્યું, અને મુક્ત-સિદ્ધ અવસ્થા એવી ઊભી થઈ કે જેમાં જીવમાં પરમજ્ઞાન-પરમસુખ યાને કેવળજ્ઞાન અને અનંત અવ્યાબાધ સહજ સુખ પ્રગટ થઈ રહ્યા ! અલબત કેવળજ્ઞાન સંસાર અવસ્થામાં જ પ્રગટ થઈ ગયેલું છે, પરંતુ એ મોક્ષ અવસ્થામાં ય ચાલુ રહે છે. તેથી સિદ્ધ અવસ્થાની તત્ત્વકાય-અવસ્થાને પરમજ્ઞાન સુખ સ્વરૂપ કહે છે. આવી જ્વલંત અત્યંત શુદ્ધ અવસ્થા વખતે એ યોગ્યતા શી ?

**બોધિ કરતાં વરબોધિ જુદું કેમ ? :-**

તીર્થંકરનો આત્મા પાક પર ચડેલા આ વિશિષ્ટ તથાભવ્યત્વના પ્રભાવે બીજા અતીર્થંકર સિદ્ધ થવાવાળા જીવોનાં સમ્યક્ત્વ યાને બોધિ કરતાં ઉત્તમ બોધિ યાને વરબોધિ પ્રાપ્ત કરે છે. એ વરબોધિ એટલા માટે છે કે એમાંથી અનેરી અરિહંત-વાત્સલ્ય વગેરે સાધના પ્રગટ થાય છે, જેના બળ ઉપર એમને જ તીર્થંકર-નામકર્મ આદિનાં ઉત્કૃષ્ટ પુણ્ય ઊભાં થાય છે. તીર્થંકર બન્યા વિના મોક્ષ પામનાર જીવોએ મોક્ષ સાધનામાં સામાન્યથી સમ્યક્ત્વ, અરિહંત વાત્સલ્ય... વગેરેની સાધના કરી તો હોય છે, પરંતુ એનાથી એમને તીર્થંકર નામકર્મની પુણ્યાઈ ઊભી થઈ હોતી નથી, અને તીર્થંકરના જીવને તો આ પુણ્યાઈ પ્રાપ્ત થઈ હોય છે. એ સૂચવે છે કે આમના સમ્યક્ત્વ યાને બોધિ એ વરબોધિ હોવાથી, તથા અર્હદ્-વાત્સલ્યાદિ સાધનાઓ વિશિષ્ટ કોટિની હોવાથી, એના બળે તીર્થંકર નામકર્મ વગેરે ઉત્કૃષ્ટ પુણ્ય ઊભા થાય છે... રાજા શ્રેણિક, સુલસા શ્રાવિકા,... વગેરેને આ વરબોધિ, અર્હદ્ભક્તિ વગેરે વિશિષ્ટ કોટિના હતા, તો જ એમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું.



ત્યારે ચંદનબાળા વગેરેને મૂળમાં જ અનાદિ વિશિષ્ટ તથાભવ્યત્વ નહિ, તેથી વરબોધિ વગેરેની પ્રાપ્તિ નહિ; એટલે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગની ઉત્તમ સાધના કરી સીધા જ કેવળજ્ઞાન અને મોક્ષ પામી ગયા. અહીં સવાલ થાય,-

**પ્ર.**- તીર્થંકર થવા ન થવામાં તથાભવ્યત્વનો ફરક કારણભૂત કહો, એથી જ સામાન્ય જીવોને વિશિષ્ટ તથાભવ્યત્વ નહિ તેથી તીર્થંકર નામકર્મ ન ઉપાર્જે અને તીર્થંકર થનાર જીવોને વિશિષ્ટ તથાભવ્યત્વ હોય તેથી એ પુણ્ય ઉપાર્જે, પરંતુ સમ્યક્ત્વ-બોધિમાં ફરક કારણભૂત કેમ કહો છો ? 'બીજા જીવોને સામાન્ય બોધિ અને તીર્થંકર થનાર જીવોને વરબોધિ,'- એમ ફરક પાડવાનું શું કારણ ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૨૦/૨૧,તા.૪-૨-૧૯૮૪

## (૧૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ઉ.**- આ ફરક પાડવાનું કારણ એ કે તીર્થંકર થવામાં સીધું વિશિષ્ટ તથાભવ્યત્વ કારણ નથી, કિન્તુ એના બળ ઉપર ઊભો થનાર તીર્થંકર-નામકર્મ આદિનો ઉત્કૃષ્ટ પુણ્ય-સમૂહ કારણભૂત છે. એ ઉત્કૃષ્ટ પુણ્ય સમૂહ પણ સીધો જ વિશિષ્ટ તથાભવ્યત્વના બળ ઊપર ઊભો નથી થતો, કિન્તુ વિશિષ્ટ બોધિસમ્યક્ત્વ આદિ દ્વારા ઊભો થાય છે. તીર્થંકર નામકર્મ આદિનો પુણ્યસમૂહ એ કર્મ છે ને ? તો કર્મને ઊભો થવા 'આશ્રવ' જોઈએ. એટલે આ નિયમ છે કે, શુભાશુભ મનોયોગ અને શુભાશુભ ભાવથી શુભાશુભ કર્મ ઊભા થાય એટલે તીર્થંકર-નામકર્મરૂપી શુભકર્મ ઊભું કરનાર શુભભાવ, શુભ અધ્યવસાય જોઈએ. વિશિષ્ટ તથાભવ્યત્વ એ કાંઈ મનોયોગરૂપ-અધ્યવસાયરૂપ નથી, પણ સમ્યક્ત્વ બોધિ આદિ એ શુભ અધ્યવસાયરૂપ છે. હવે સમ્યક્ત્વાદિ તો બીજા જીવોય ઉપાર્જે, પરંતુ એથી કાંઈ એમને તીર્થંકર-નામકર્મ નથી ઊભું થતું, અને તીર્થંકર જીવના સમ્યક્ત્વાદિથી એ પુણ્ય ઊભું થાય છે. એ સૂચવે છે, કે એમનું સમ્યક્ત્વ યાને બોધિ વિશિષ્ટ કોટિનું હોય છે, સામાન્ય બોધિ નહિ, એ વરબોધિ છે. માટે જ એના બળ ઉપર એવા વિશિષ્ટ અર્હદ્-વાત્સલ્ય વગેરે ઊભાં થાય છે કે જેના પ્રભાવે તીર્થંકર નામકર્મ ઊભું થાય છે. આમ તથાભવ્યત્વના ફરક ઉપરાંત બોધિમાં પણ ફરક માનવો જ પડે...

એટલે જ એવા વરબોધિ યાને વિશિષ્ટ કોટિના સમ્યક્ત્વના હિસાબે જ એમના અર્હદ્વાત્સલ્ય વગેરે પણ એવા અનેરા ઊભા થાય છે કે એ બધાના બળે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

તીર્થંકર નામકર્મ આદિની પુણ્યાઈ જન્મ પામે છે. એક સવાલ થાય-

**પ્ર.**- તીર્થંકર નામકર્મને ઊભું કરનાર બોધિ એ વરબોધિ કહેવાય છે, તો એમના ચારિત્રને વરચારિત્ર કેમ નથી કહેવાતું ?

**ઉ.**- એના ત્રણ કારણ છે,-

(૧) બોધિ-સમ્યક્ત્વ એ ચારિત્રમાં વણાયેલું છે, તે ઠેઠ ઉપરના ગુણસ્થાનકોની ક્ષપક અવસ્થા સુધીમાં વણાયેલું હોય છે. એટલે બોધિની ઉત્તમતાથી એ ચારિત્ર વિશિષ્ટ કોટિનું બની જ જાય છે તેથી એને વર-ચારિત્ર કહેવાની જરૂર નથી રહેતી. બીજું,

(૨) તીર્થંકર-નામકર્મ ઉપાર્જનાર બધા જ જીવો કાંઈ ચારિત્ર પામીને જ એ કર્મ ઉપાર્જે છે, એવું નથી બનતું. કેટલાક ચારિત્ર નથી પામ્યા હોતા, છતાં આ પુણ્યાઈ ઉપાર્જે છે. એ વરબોધિ સાથે વિશિષ્ટ અર્હદ્-વાત્સલ્ય વગેરેની સાધના કરે અને ચારિત્ર ન લીધું હોય તોય, તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. એવા આત્માઓ શ્રેણિક કૃષ્ણ વગેરે અનેક. વળી,-

(૩) 'બોધિ' શબ્દ વ્યાપક છે. 'બોધિ' શબ્દનો અર્થ શાસ્ત્રો 'જૈન ધર્મની પ્રાપ્તિ' એવો કરે છે. 'જૈન ધર્મ' એટલે જિનોએ કહેલ ધર્મ. એ શું છે ? સમ્યક્ત્વથી માંડી વીતરાગતા સુધીના બધા જ ધર્મ એ જૈન ધર્મ છે. એટલે જ ક્ષાયિક સમ્યક્ત્વવાળા પણ 'અરિહંત ચેઈયાણં' વગેરે બોલી કાઉસ્સગ્ગ કરે છે એમાં 'બોહિલાભ-વત્તિયાએ' પદ બોલે છે, ને તે સાર્થક છે. નહિતર જો 'બોધિલાભ' એટલે માત્ર 'સમ્યક્ત્વના લાભ'ના નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનો હોય, તો તો ક્ષાયિક સમકિતીને તો હવે સમકિત ક્ષાયિક છે, અર્થાત્ સર્વથા મિથ્યાત્વ-ક્ષયથી નિષ્પન્ન હોઈ શાશ્વત છે, યાવચ્ચંદ્રદિવાકરો કાળ માટે પ્રગટેલું છે, એટલે હવે એ પરલોકમાં ભવિષ્યમાં ક્યારેય પણ નષ્ટ થવાનું નથી. તો એના નિમિત્તે કાઉસ્સગ્ગ શો ? ત્યારે 'બોધિલાભ' એટલે વીતરાગતા સુધીના ધર્મ લેવાના હોય, તો ક્ષાયિક સમકિતીને હજી વીતરાગ ન થાય ત્યાંસુધી એ ઉપરના ધર્મ પ્રાપ્ત કરવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનો રહે. આ બોધિને તીર્થંકર થનારના વરબોધિ તરીકે ઓળખાવતાં એ વરબોધિમાં સમ્યક્ત્વ તો આવે જ, ઉપરાંત વીતરાગ બનવા સુધીના અર્હદ્-વાત્સલ્ય ચારિત્ર વગેરે બધા ધર્મ સમાય. એટલે વરબોધિ કહેવામાં ચારિત્ર વગેરે બધા ધર્મ આવ્યા. એથી 'વરબોધિ' શબ્દમાં વરચારિત્ર વર અપ્રમત્તતા, વગેરે સમાવી શકાય.

અહીં તીર્થંકર નામકર્મના કારણ તરીકે વરબોધિની સાથે અર્હદ્-વાત્સલ્ય કહ્યું એ ઉપલક્ષણ છે, સૂચક છે. એ સૂચવે છે કે બીજા સિદ્ધ-વાત્સલ્ય, પ્રવચન-



વાત્સલ્ય, આચાર્ય-વાત્સલ્ય, સ્થવિર-વાત્સલ્ય, ઉપાધ્યાય-વાત્સલ્ય, અને સાધુ-વાત્સલ્ય, વગેરે ૧૯ સ્થાનક પણ કારણભૂત છે. અલબત કુલ વીસે વીસ સ્થાનકની આરાધના કરીને પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જનારા થયા છે; ત્યારે કેટલાક ૨૦થી ઓછા. ૧૯/૧૮/૧૭ વગેરે સ્થાનક યાવત્ એકમાત્ર અર્હદ્-વાત્સલ્યનું સ્થાનક આરાધીને પણ એ પુણ્ય ઉપાર્જનારા થયા છે.

**વીસ સ્થાનકની આરાધના એટલે ? :-**

**પ્ર.**- આ વીસ સ્થાનકની આરાધના કરવાની એટલે શું કરવાનું ? એકેક સ્થાનકના ૨૦-૨૦ ઉપવાસ, જાપ, અને દેવવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણાં, પ્રતિક્રમણ, બસ એટલું જ ?

**ઉ.**- ના, આ ઉપવાસાદિ આરાધના તો કરતો હોય, પરંતુ જો બીજી બાજુ એમાં શક્તિ પ્રભાવ અરિહંતનો માનવાને બદલે પોતાની શક્તિને આગળ કરતો હોય; એમ ગુણ અરિહંતના ગાવાના બદલે પોતાના ગુણ ગાતો હોય; તો શું મોટું તીર્થંકરપણાનું પુણ્ય મળે ? ના મળે; કેમકે ઉપવાસાદિ કરીને આરાધના તો કરી, પરંતુ અરિહંતને બદલે પોતાની જાત આગળ કરી ! એમાં અરિહંતની અવજ્ઞા કરી, એ મલિનભાવવાળો છે. એને શાનું આવું જગત્-પૂજ્ય બનાવનારું ઉચ્ચ પુણ્ય મળે ? તીર્થંકરપણાનું પુણ્ય તો અત્યંત નિર્મળ અધ્યવસાય અને વિશિષ્ટ સમ્યક્ત્વ પર મળે; ને આ બંને આવી આવી આરાધનાથી જાગે, અને પુષ્ટ થાય.

**વીસ સ્થાનકની આરાધનામાં શું શું આવે ?**

દા.ત. 'અરિહંત' પદની આરાધનામાં (૧) અરિહંત પર અથાગ શ્રદ્ધા પ્રેમ-બહુમાન, અને અરિહંતના પ્રભાવ પર ભારે વિશ્વાસ કરાય.

(૨) બીજા મિથ્યાત્વી દેવ-ગુરુનો પડછાયો ય ન લે;

(૩) અરિહંતના વારે વારે ગુણગાન, પ્રાર્થના, સ્તુતિ, સ્તોત્રોમાં લીનતા રાખે;

(૪) અરિહંતના જાપ-સ્મરણ-ધ્યાન તથા અરિહંતનાં દર્શન-પૂજન કરે; અને

(૫) પૂજનમાં પોતાના કિંમતી દ્રવ્યોનું સમર્પણ કરે;

(૬) અરિહંતના મંદિર કરાવે, (૭) જિનમંદિરના જીર્ણોદ્ધાર કરાવે;

(૮) યાત્રા-સંઘ, તથા (૯) મહોત્સવાદિ ઉજવે.

(૧૦) પોતાના અને કુટુંબના સારા પ્રસંગોમાં અરિહંત-ભક્તિને આગળ કર્યા કરે.

(૧૧) અરિહંતના સ્વરૂપ-દર્શક વ્યાખ્યાનના ઊછળતા પ્રેમથી શ્રવણ તથા

(૧૨) એના પર મનન-ભાવન કરે.

(૧૩) લોકોમાં અરિહંતનો પ્રચાર કરે, અને અરિહંતનો પ્રભાવ પાડે;

(૧૪) બીજાઓને અરિહંતના ભક્ત બનાવે.

(૧૫) અરિહંત ખાતર ત્યાગ, તપસ્યા, જાપ, દેવવંદનાદિ કરે...

આવું બધું અરિહંતપદની આરાધનામાં આવે. માટે જુઓ, સુલસા અરિહંતની આવી આરાધક હતી, અંબડ પરિવ્રાજકે એને પરખવા બ્રહ્માદિના જીવંતરૂપ કર્યા ! લોક જોવા ઊમટ્યું, પણ સુલસા ન ગઈ ! એક જ હિસાબ કે "મારા ચિંતામણિ-તુલ્ય મહાવીર પ્રભુમાં શું ઓછું છે, તે હું કાચના ટુકડા સમાન ઇતરદેવને જોવા જાઉં ? મારે મારા મહાવીર પ્રભુનું ઘણું જોવા-ચિંતવવાનું કામ છે, ને એ કરવામાંથી બીજાને જોવા કરવાની મને ફુરસદ જ નથી,-" આ અનન્ય શ્રદ્ધા-બહુમાન હતા. એમ પછીથી એ જ અંબડે સુલસાને મહાવીર પ્રભુએ મોકલેલ ધર્મલાભનો સંદેશો કહેતાં, તે સાંભળીને સુલસા પાણી પાણી થઈ ગઈ ! અને આંખમાં ભરચક આંસુ સાથે પ્રભુનો લાખ લાખ ઉપકાર માનતી પ્રભુની દિશામાં ઊઠી ઊઠીને ખમાસમણાં દે છે !

શ્રેણિકે અરિહંત-ઉપાસના એવી રાખેલી, કે દા.ત. એને રોજ ત્રિકાળ જિનપૂજામાં તાજા ઘડેલા સોનાના જવલાથી સાથિયો કરવા જોઈતો હતો ! નેપાલ દેશના આવેલા વેપારી પાસેથી રાણીઓ માટે, ૧૬, તો નહિ પણ અતિ પ્યારી પટ્ટરાણી ચેલણા માટે એક રત્નકંબલ પણ લેવાની જે શ્રેણિકની તૈયારી નહોતી, તે વીર પ્રભુની સુખશાતાનો જે આંખે દેખ્યો અહેવાલ લાવી સંભળાવે, એને સોનૈયા કે માણેક મોતીનાં મોટા વધામણી દાન દઈ દેતા ! અરિહંતના શાસનની બહારમાં હલકાઈ થાય એવું જરાય ચલાવી લેતા નહિ... એટલો બધો અરિહંત પ્રભુ પ્રત્યે પોતાની રગેરગમાં ઉત્કટ પ્રેમ-ગૌરવ-ભક્તિ-બહુમાન વહી રહ્યા હતા ! એ બધું અરિહંત પદની આરાધનામાં કરવાનું આવે.

એમ સિદ્ધપદ વગેરે ૧૯ પદની આરાધનામાં પણ તે તે પદની તીવ્ર શ્રદ્ધા-ભક્તિ વગેરે કરવાનું આવે. વીસ સ્થાનકની આરાધનાથી તીર્થંકર-નામકર્મ બંધાય.

**વીસસ્થાનકનાં નામ યાદ રાખવા સહેલા :-**

આ વીસ સ્થાનકનાં નામ યાદ રાખવા સહેલા છે, તે આ રીતે,-

નવપદનાં નામ તો ખૂબ પ્રસિદ્ધ છે. એમાં પહેલા પાંચ પરમેષ્ઠિ-પદોમાં આચાર્ય પદ પહેલાં 'પ્રવચન' પદ ઉમેરાય; કેમકે પ્રવચન પામીને જ આચાર્ય થાય, તથા આચાર્ય પછી ગચ્છની સંભાળ રાખનાર 'સ્થવિર' પદ ઉમેરાય એમ બે પદ ઉમેરાતાં 'અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય-સાધુ,- એમ ૭ સ્થાનક થયા.

નવપદમાં પાંચ પરમેષ્ઠિપદ પછીના ચાર પદમાં દર્શન જ્ઞાન ક્રમ છે, એના



બદલે અહીં જ્ઞાનદર્શન પદ લેવાના; અને તે પછી ધર્મનું મૂળ વિનય એટલે તરત 'વિનય' પદ ઉમેરી પછી ધર્મ તરીકે 'ચારિત્ર', પદ લેવાનું. તે પછી 'બ્રહ્મચર્ય' અને 'ક્રિયા' પદ ઉમેરવાના, કેમકે ચારિત્રમાં આ બે રોજિંદા છે, ને તે પછી ચારિત્રનું ભૂષણ 'તપ' પદ લેવાનું. આમ બીજા સપ્તકમાં "જ્ઞાન-દર્શન-વિનય-ચારિત્ર-બ્રહ્મચર્ય-ક્રિયા-તપ" એમ ૭ પદ. પૂર્વના ૭, અને આ ૭, એમ ૧૪ સ્થાનક થયા.

એમાં શીલ અને તપ આવ્યા, પણ દાન નથી આવ્યું, તેથી હવે ૧૫મું દાનપદ લેવાનું. આમાં ગૌતમસ્વામીનું દાન અદ્ભુત ! કેમકે પોતાની પાસે નહિ એવા કેવળજ્ઞાનનું એમણે ૫૦ હજાર શિષ્યોને દાન કર્યું; તેથી ૧૫મું 'ગૌતમપદ' પણ કહેવાય છે. એ પછીના ૫ પદ યાને ૫ સ્થાનક "જિન, સંયમ-સમાધિ, અભિનવજ્ઞાન, શ્રુત અને તીર્થપદ" છે.

તીર્થંકર નામકર્મમાં કારણભૂત અરિહંતભક્તિ યાને અર્હદ્-વાત્સલ્ય વગેરે વીસ સ્થાનકની આરાધનામાં વરબોધિ વણાયેલું રહે છે. એ ઉપરાંત સર્વ જીવો પ્રત્યેની ભાવકરુણા પણ તીર્થંકર-નામકર્મનું પુણ્ય બંધાવામાં કારણભૂત છે; કેમકે શ્રી **પંચસંગ્રહ શાસ્ત્ર**માં કહ્યું છે, કે માત્ર પોતાના આત્માની કરુણા ચિંતવે એ મુંડ કેવલી થાય છે. 'મુંડ કેવલી' એટલે માત્ર પોતાના આત્માને તારે એવા કેવળજ્ઞાની. જ્યારે, પોતાની જ્ઞાતિ-ગામ-દેશ વગેરેના જીવોની કરુણા ચિંતવે એ ગણધર થાય છે, ત્યારે, વિશ્વના સમસ્ત જીવોની કરુણા ચિંતવે એ તીર્થંકર થાય છે, અર્થાત્ તીર્થંકરપણાનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જે છે... આ હિસાબે એ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવામાં સર્વજીવભાવકરુણા પણ કારણભૂત છે, આવશ્યક છે.

**પ્ર.**- તો પછી અહીં શાસ્ત્રકારે કેમ એનું ગ્રહણ ન કર્યું ? કેમ માત્ર 'વરબોધિથી સંવલિત અર્હદ્-વાત્સલ્યથી તીર્થંકર નામકર્મ પ્રાપ્ત થવાનું લખ્યું ?

**ઉ.**- જેવી રીતે 'અર્હદ્વાત્સલ્ય' શબ્દ બીજા સ્થાનકોનું સૂચક છે, એમ સર્વ જીવ કરુણાનું પણ સૂચક સમજવાનું છે; કેમકે જ્યારે 'પંચસંગ્રહ અને 'તત્ત્વાર્થ મહાશાસ્ત્ર' આને આવશ્યક બતાવે છે, તો પ્રસ્તુત ગ્રંથકારને એ સંમત જ હોય... અહીં એક પ્રશ્ન થાય,-

**પ્ર.**- સર્વજીવ-કરુણા એજ આત્માઓ ચિંતવી શકે એમ કેમ કહ્યું ? એ તો સૌ કોઈ મોક્ષાર્થી જીવ ચિંતવી શકે; કેમકે ધર્મના પાયામાં જ મૈત્રી-કરુણા વગેરે ભાવ જરૂરી માન્યા છે. ત્યાં જો મૈત્રીભાવ યાને સ્નેહ સર્વ જીવ પ્રત્યે રાખવાનો છે, તો કરુણાભાવ પણ સર્વ દુઃખી પ્રત્યે રાખવાનો હોય જ ને ? અને એમ જો એ સૌમાં હોય તો પંચસંગ્રહ શાસ્ત્રમાં કેમ તીર્થંકર બનનાર જીવોને જ સર્વજીવ-



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કરુણા હોવાનું કહ્યું ?

ઉ.- કારણ એ છે, કે 'કરુણા' એટલે 'દુઃખીના દુઃખ દૂર થાઓ', માત્ર એટલી ભાવના નહિ; કેમકે એવી ભાવના તો મૈત્રીની ભાવના છે. મૈત્રી ભાવનામાં જેમ 'સૌનું ભલું થાઓ, સૌ સુખી થાઓ', એવી ભાવના આવે, એમ 'સૌનાં દુઃખ દૂર થાઓ,' એ ભાવના પણ આવે. 'સૌને સુખ મળો એ જો મૈત્રી ભાવના છે, તો 'સૌનાં દુઃખ દૂર થાઓ,' એ કેમ મૈત્રી ભાવના નહિ ?

ત્યારે કરુણાભાવના શું છે ? આ, કે 'દુઃખીના દુઃખ હું દૂર કરું,' એવી ભાવના. **'પ્રશમરતિ'** શાસ્ત્ર કહે છે,-

**''परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥''**

અર્થાત્ - પરના હિતની ભાવના 'પરનું હિત થાઓ, ભલું થાઓ.' એવી ભાવના એ મૈત્રી છે; પરના દુઃખનો નાશ કરનારી કરુણા છે; પરના સુખ પ્રત્યે આનંદ એ પ્રમોદભાવ છે; ને પરના દોષોની ઉપેક્ષા કરવી, એના તરફ દૃષ્ટિ ન લઈ જવી, એ ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવ છે. આમાં કરુણાને પરના દુઃખનો નાશ કરનારી કહી, એટલે કે પોતે જાતે પરના દુઃખ દૂર કરે એને કરુણા (દયા) કહી. એટલે એવી કરુણા ભાવના 'હું પરના દુઃખ દૂર કરું' એવી ઈચ્છાએ પ્રાપ્ત થાય છે...

એથી જ **શાસ્ત્રવાર્તાની ટીકા**માં ઉપા. યશોવિજયજી મહારાજે લખ્યું **'परदुःख-प्रहाणेच्छा करुणा'** પરના દુઃખ પોતે દૂર કરવાની ઈચ્છા રાખે' એ કરુણાભાવ છે, ને એ પોતાની શક્તિ અનુસાર થઈ શકે. એટલા જ માટે એમણે સમકિતના ૬૭ વ્યવહારની સજ્ઝાયમાં સમ્યક્ત્વના પાંચ લક્ષણ પૈકી 'અનુકંપા' લક્ષણ માટે લખ્યું,-

**''દ્રવ્ય થકી દુખિયાની જે દયા, ધર્મ-હીણાની રે ભાવ;**
**ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ...''**

અર્થાત્ દુઃખીનાં 'દ્રવ્ય-દુઃખ' ભૂખ-તરસ-રોગ-મારપીટ વગેરે, એ દૂર કરાય એ દ્રવ્યદયા; અને ધર્મહીન આત્માની ભાવદયા અર્થાત્ જીવનાં 'ભાવ દુઃખ' જે ધર્મહીનતા, અજ્ઞાન, કષાય, દુર્બુદ્ધિ...વગેરે, એ દૂર કરાય, એ ભાવદયા... એને તું તારી શક્તિ અનુસાર મનમાં લાવ. અર્થાત્ એવી ઈચ્છા રાખ, કે 'જીવોના દ્રવ્ય દુઃખ ભાવદુઃખ હું મારી શક્તિ અનુસાર દૂર કરું,'- આવી ભાવનાને દયા-કરુણા કહી, એટલું જ નહિ પણ એ માટે કોશીશ કરે એને દયા કહી.

અહીં 'નિજ શક્તે મન લાવ' કહ્યું, એ સૂચક છે. જો અનુકંપામાં-કરુણામાં



પરભાર્યું ને પોણાબાર 'દુઃખીના દુઃખ દૂર થાઓ' એવી જ ભાવના કરવાની હોત, તો એમાં 'નિજ શક્તે' કહેવાની શી જરૂર હતી ? એવી માત્ર ભાવના કરવામાં કોઈ શક્તિ નથી જોઈતી, એ તો સૌ કોઈ કરી શકે. શક્તિની જરૂર ત્યાં પડે છે કે જ્યાં પોતાને કાંઈ કરવાનું હોય... સારાંશ, કરુણા ભાવનામાં પરદુઃખ પોતે જાતે દૂર કરવાની ઈચ્છા છે, ને એમાં નિજ શક્તિ જોવી પડે.

ત્યારે તીર્થંકરપણાના પુણ્ય માટે જરૂરી આખા જગતના જીવોની કરુણાભાવનામાં 'હું સમસ્ત દુઃખી જીવોનાં દુઃખ દૂર કરું,' એવી ઈચ્છા આવે. ભાવીમાં તીર્થંકર થનાર આત્મા આ વિચારે છે કે,-

''અહો ! જગતના જીવો બિચારા કર્મપિશાચથી પીડાય છે ! ચારે ગતિમાં જનમ મરણ વગેરે દુઃખ પામે છે ! ક્યારે મારી એવી તાકાત આવે, કે આ બધાને મોક્ષમાર્ગ પમાડી દઉં, જેથી એમનાં એ સમસ્ત દુઃખ નષ્ટ થઈ જાય.

**સવિ જીવ કરું શાસન રસી.''**

આ ભાવના કરવાનું બધાનું ગજું નહિ. મોક્ષાર્થી બધા જીવ તો એટલું વિચારી શકે, કે 'સૌના દુઃખ દૂર થાઓ,' પણ સૌના દુઃખ હું દૂર કરું એ નહિ, એ તો તીર્થંકરના આત્મા જ વિચારી શકે. અસ્તુ.

(૨) **કર્મકાય-અવસ્થા ક્યારથી શરૂ ? :-**

આ તીર્થંકર નામકર્મનો જ્યારે ઉદય થાય, અને એ આત્મા ભાવથી તીર્થંકર બને, ભાવથી અરિહંત બને, ત્યારે એમની 'કર્મકાય' અવસ્થા અર્થાત્ તીર્થંકર નામકર્મના ભોગવટાની અવસ્થા શરૂ થાય છે. એ અવસ્થા પરંપરાર્થને સાધનારી છે. પરાર્થ એટલે પરનાં હિતકારી પ્રયોજન; એ પણ સામાન્ય હિતકારી નહિ, કિન્તુ 'પર' એટલે કે ઉત્કૃષ્ટ હિતને કરનારા પ્રયોજન. એનું સંપાદન કરનારી, એને સધાવી આપનારી, કર્મકાય-અવસ્થા હોય છે.

ભગવાન તીર્થંકરપણે કર્મકાય-અવસ્થામાં જગત પર કેવો અનુપમ ઉપકાર કરે છે, જગતના જીવોને કેવું ઊંચું આત્મહિત સધાવે છે, એ અનેક મુદ્દાથી વિચારીએ ત્યારે, તીર્થંકર ભગવાન અને એમના શાસનની અનન્યતા અદ્વિતીયતા અને સર્વોત્કૃષ્ટતા પર આપણું હૈયું ઓવારી જાય ! એમાંના કેટલાક મુદ્દા જોઈએ,-

**કર્મકાય અવસ્થામાં તીર્થંકર ભગવાનના અનન્ય ઉપકાર :-**

(૧) પહેલું તો એ કે ભગવાનની પૂર્વ ભવની સમ્યક્ત્વ અને વીસસ્થાનકની અનન્ય સાધના, તથા સર્વજીવ કરુણા, અને છેલ્લા ભવની ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ-તપની સાધના ભવ્ય જીવોને મહાન આલંબન આપે છે, કર્તવ્યની પ્રેરણા આપે છે. એવી સાધના જગતના કોઈ ફિરસ્તામાં નથી કે આલંબન આપે, એ આલંબન દાન



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એ પ્રભુનો મોટો ઉપકાર છે.

(૨) તીર્થંકર ભગવાનના પૂર્વના ભવના અને છેલ્લા ભવના અનન્ય સદ્‌ગુણો જેવા કે અસાધારણ વૈરાગ્ય, પ્રખર સહિષ્ણુતા, પરાર્થવૃત્તિ, જીવલેણ અપકાર કરનાર પર પણ નીતરતું વાત્સલ્ય અને કરુણા, સાગરવર-ગંભીરતા, પરમ ઔદાર્ય, સર્વોચ્ચ સરળતા, અદ્‌ભુત પવિત્રતા. સાધના કાળમાં સાધનામાં નિર્વિકલ્પ એકાગ્રતા... વગેરે વગેરે અસાધારણ સદ્‌ગુણો પણ ભવ્ય જીવોને મહાન આલંબન આપે છે.

(૩) તીર્થંકર ભગવાને જેવું જીવ-વિજ્ઞાન આપ્યું છે, તેવું બીજા કોઈ ધર્મના ફિરસ્તા નથી આપી શકતા. ઠેઠ નિગોદ-એકેન્દ્રિય સુધીનાં જીવ કોણ બતાવી શકે છે ? પાણીમાં હજી પોરા વગેરે જીવ છે એમ કહેશે, માટે પાણી ગળીને વાપરવાનું કહેશે, પરંતુ પાણી ખુદ અસંખ્ય જીવોનાં શરીર છે એમ કોણ કહે છે ? એ તો તીર્થંકર ભગવાન જ કહે છે, એમનો જૈન ધર્મ જ કહે છે.

(૪) જ્યારે બીજાઓને એવું પૂરું જીવજ્ઞાન નથી, તો એ સમસ્ત જીવોની સંપૂર્ણ અહિંસા પણ ક્યાંથી બતાવી શકે ? એટલે માત્ર તીર્થંકર ભગવાન જ સંપૂર્ણ અહિંસા ઉપદેશી શકે છે, અને તે પણ ખૂબ જયણાવાળી અહિંસા બતાવે છે. આવી જયણાવાળી અહિંસા બતાવનાર બીજાઓ નહિ. દા.ત. પાણીમાં મોટા જીવો માન્યા પછી, અને પાણી ગાળીને વાપરવાનું કહ્યા પછી, એ ગળણાં પર જે હજારો પોરા જેવા સૂક્ષ્મ જીવો આવ્યા, એની રક્ષા-જયણા-અહિંસાના ઉપદેશનું ગજું બીજાઓનું ક્યાં છે ? એ તો તીર્થંકર ભગવાન અને એમનો જૈન ધર્મ જ કહે છે, કે પાણી ગળાતાં એ ગળણા પર આવેલા જીવોને બચાવવા માટે એ ગળણાને પણ એથી બમણા પાણીમાં એ જીવો પાછા ભળી જાય એ રીતે ઝબોળવું જોઈએ; નહિતર પોતાના ગળેલા પાણીમાં તો ત્રસ જીવને લઈ અહિંસા કરી, પરંતુ એ જીવોને ગળણા પર સુકાઈ મરી જવા દીધા ! ત્યાં જયણા-યતના ન થઈ. એમ ચૂલો-વાસણ-પાટલો વગેરે વાપરતા પહેલાં મુલાયમ પૂંજણીથી સાવધાનીથી પૂંજી લેવા, જેથી ઊંડતા જીવ પણ ત્યાં બેઠેલા ઊડી જઈ બચી જાય. આ ગૃહસ્થની જયણા થઈ. એમાં કદાચ એ વખતે જીવ ન હોત, તો એ વસ્તુ વગર પૂંજ્યે વાપરતાં જીવ હિંસા તો ન થાત, છતાં પૂંજવામાં 'જીવહિંસા ન થાઓ' એવા હૃદયના દયા-પરિણામનો લાભ મળે તે ન પૂંજવામાં ક્યાંથી મળે ? એટલે દયાના પરિણામ હોવાથી પૂંજવાની ક્રિયા જયણાવાળી થઈ. આમ અહિંસાના ઉદ્દેશથી કરાતી જયણા પણ મહાન ધર્મ છે. ઇતર ધર્મવાળા આટલી સૂક્ષ્મતાએ નથી પહોંચી શક્યા.



**(૫) અરિહંતનો એક મહાન ઉપકાર 'વિરતિ' માર્ગનું દાન છે.**
**જૈનધર્મની એક આગવી વિશેષતા વિરતિમાર્ગ.**

**વિરતિનું મહત્ત્વ :-** ઇતર ધર્મવાળા કહે છે,- **'કરે તે ભરે,'** અર્થાત્ ખોટું કરો તો દંડ ભરો, ખોટું કરે તો પાપ લાગે. પરંતુ જૈન ધર્મ આગળ વધીને કહે છે **'વરે તે પણ ભરે',** ખોટાને વરેલો છે તે પણ દંડ ભરે, તેને પણ પાપ લાગે. અર્થાત્ ભલે ખોટું આચરતો નથી, પરંતુ જ્યાંસુધી ખોટું ન કરવાની, અર્થાત્ ખોટાના ત્યાગની પ્રતિજ્ઞા નથી, ત્યાંસુધી એ ખોટાને હૈયાથી વરેલો છે; ખોટાથી વિરત નથી. એ અવિરતિ છે, ને એથી અઢળક પાપકર્મ બંધાય છે. પ્રશ્ન થાય.

**પ્ર.-** પાપ યાને ખોટું કામ ન કરે ત્યાં પાપકર્મ કેમ લાગે ?

**ઉ.-** પાપ એટલા માટે લાગે છે, કે એ ભલે ખોટું આચરતો નથી, પરંતુ મનમાં પાપની અપેક્ષા ઊભી રાખી છે. તે આ રીતે, કે જો પાપ આચરવું નથી, તો એ પાપત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિ-વ્રત-નિયમ કેમ નથી કરતો ? કહો, એટલા માટે નથી કરતો, કે એના મનમાં અપેક્ષા છે કે "આમ તો પાપ નહિ કરું. દા.ત. રાત્રિભોજન નહિ કરું, પરંતુ એવો કોઈ અવસર કદાચ આવે તો એ કરવું પડે, તેથી બાધા ન લઉં." તો જેમ પાપાચરણ એ પાપ છે, એમ દિલમાં આ પાપની અપેક્ષા ઊભી રાખી, એ પણ પાપ છે. ત્યાગની પ્રતિજ્ઞા યાને વિરતિ કરવાથી આ અપેક્ષા તુટે છે. એ પાપની અપેક્ષા તુટવાથી પાપ કામ-ખોટાં કામ સાથે એનો સંબંધ તૂટી જાય છે.

**પ્ર.-** શી ખાતરી કે જીવને પાપ સાથે સંબંધ અનાદિ કાળનો છે ?

**ઉ.-** પાપ-સંબંધ જુગજુનો છે, માટે જ પાપની વૃત્તિ સહેજે થાય છે... અને પાપનો ત્યાગ મન મનાવીને કરવો પડે છે. કેમકે પાપ ત્યાગનું કામ નવું છે. માટે,

**પાપવૃત્તિ તોડવા અને પાપ સાથેના અનાદિ સંબંધ તોડવા પાપત્યાગની પ્રતિજ્ઞા યાને વિરતિ જોઈએ, તો જ પાપકર્મ બંધાતા અટકે.**

**અવિરતિમાં આત્મા પર ક્ષણે ક્ષણે પાપકર્મનો ભરમાર વરસાદ ચાલુ;**

દા.ત. માનો કે તમે ભાગીદાર સાથે વેપારમાંથી સંબંધ બંધ કર્યા વિના બે મહિના બહારગામ હવા ખાવા ગયા, ને એ ગાળામાં ભાગીદારના હાથે વેપારમાં મોટી ખોટ આવી. અલબત એ વેપાર તમે નથી કર્યો, છતાં એ ખોટમાં ભાગ તમારા માથે ચડે છે. જો વેપારના સંબંધ કાપીને ગયા હો, તો ખોટનો ભાગ તમારા માથે ન ચડે. બસ, એજ રીતે ત્યાગની પ્રતિજ્ઞા કરી પાપ સાથે સંબંધ બંધ કરો, તો જ કર્મભાર માથે ન ચડે. પ્રતિજ્ઞા ન હોય તો પાપ ન કરવા છતાં કર્મભાર માથે ચડે જ. વિરતિનું આ મહત્ત્વ જિનશાસન જ બતાવે છે.

## • જૈનધર્મનું આગવું કર્મવિજ્ઞાન •

એમ મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગથી જીવ કર્મ બાંધે છે. એ 'કર્મ'નું મૂળ મટિરિયલ (કાચો માલ) પૌદ્ગલિક કાર્મણ-વર્ગણા છે, અને જીવ પર એ ચોંટ્યા કે તરત એના જ્ઞાનાવરણીય વગેરે આઠ વિભાગ અને આયુષ્ય કર્મ ન બંધાતું હોય તો એ વિના સાત વિભાગ પડે છે. એ આઠ કર્મના ઉત્તરભેદ ૧૫૮ છે. તેમજ એ કર્મ પર સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના નિધત્તિ-નિકાચના-ઉદય-ઉદીરણા... વગેરે કરણોની પ્રક્રિયા ચાલે છે. જીવની અમુક ગતિ, અને ત્યાં અમુક ગુણસ્થાનક, ને એના પર અમુક અમુક બંધ, અમુક અમુક ઉદય, વગેરે વગેરે વિસ્તૃત અને સૂક્ષ્મ વિજ્ઞાન માત્ર જિનશાસનમાં જ મળે છે, બીજા કોઈ ધર્મમાં નહિ.

**(૬) ૧૪ ગુણસ્થાનક : જૈનધર્મની જ વિશેષતા :-**

ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડી અયોગી ગુણસ્થાનક સુધીના ચૌદ ગુણસ્થાનકની આત્માની ઉત્ક્રાન્તિનો માર્ગ જિનશાસનમાં જોવા મળે છે. એમાં સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકથી જે સૂક્ષ્મ આત્મભાવોનું નિરૂપણ છે, એની બીજા ધર્મવાળાને ગંધ સરખી નથી. શુદ્ધ વીતરાગ બનનાર પણ જો કર્મોની ઉપશમના કરતો કરતો ચડ્યો હોય તો ઠેઠ ૧૧મા ગુણસ્થાનક સુધી ચડ્યા પછી ઉપશાંત કર્મ ઉદયમાં આવીને જીવને નીચેના ગુણસ્થાનકોમાં ઉતારી દે છે. એ સૂક્ષ્મતા બીજે ક્યાં જોવા મળે ?

**(૭) અનેકાંતવાદ આદિ સિદ્ધાન્ત જૈન શાસનમાં જ :-**

ત્યારે અનેકાંતવાદ-નયવાદ-સાપેક્ષવાદ-ભેદાભેદવાદ, એ માત્ર જિનશાસનની વિશિષ્ટ આગવી બક્ષીસ છે. બીજા તમામ દર્શનો એકાંતવાદી છે, અને એકાંતવાદના લીધે એમના જ દર્શનોમાં સામસામા ખંડન-મંડન ચાલે, છતાં અનેકાંતવાદ તરફ એમની દૃષ્ટિ જ નથી પહોંચતી. આ બધા સર્વશ્રેષ્ઠ જીવવિજ્ઞાન, સર્વોત્કૃષ્ટ અહિંસા, વિરતિ-માર્ગ, કર્મ-સિદ્ધાંત, ૧૪ ગુણસ્થાનક, અનેકાંતવાદ, વિસ્તૃત ચારિત્રમાર્ગ, એમાં ઉત્સર્ગ-અપવાદમાર્ગ, વિસ્તૃત અને સૂક્ષ્મ પ્રાયશ્ચિત્તમાર્ગ... વગેરેની અતિ સૂક્ષ્મ અને અન્યત્ર અલભ્ય તત્ત્વોનો વિશ્વને પ્રકાશ આપવાનો ઉપકાર તીર્થંકર ભગવાન કરે છે.

(૮) ભગવાન 'કર્મકાય' અવસ્થામાં જેમ આ તત્ત્વ-પ્રકાશ આપવાનો ઉપકાર કરે છે, એમ જગતને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો મોક્ષમાર્ગ આપવાનો અનન્ય ઉપકાર કરે છે.



વળી એ માર્ગ બરાબર પળે એ માટે વ્યવસ્થિત કાનૂનબદ્ધ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. જેના પ્રતાપે આજસુધી જિનશાસન અણીશુદ્ધ તત્ત્વો સહિત ચાલ્યું આવે છે... આમાં મુખ્યતા કોની ? અરિહંત પ્રભુની ? કે આ ત્યાગ તપ વગેરે સાધનાની ? કહેવું જ પડે, કે મુખ્યતા અરિહંત પ્રભુની, પણ સાધનાની નહિ; કેમકે બીજા રાગી-દ્વેષી મિથ્યા દેવના આલંબને આ બધું કરીએ તો એવા ઊંચા ફળ ન મળે, કિન્તુ અરિહંતનું આલંબન લઈ કરીએ તો એવા ઊંચા મોક્ષ સુધીનાં ફળ મળે. માટે મુખ્યતા આલંબનની, આલંબન દાતા અરિહંતની. આ તીર્થંકર ભગવાનનો કર્મપીડિત જગતને આલંબનદાનનો ઉચ્ચ કોટિનો ઉપકાર છે.

આમ શ્રી તીર્થંકરભગવાન તત્ત્વજ્ઞાન, માર્ગદર્શન, ઉપરાંત આલંબનનું દાન કરવાનો શ્રેષ્ઠ ઉપકાર કરે છે. આપણે કોઈ પણ દેવદર્શન-પૂજન ગુણગાન-ધ્યાન-પ્રાર્થના-સ્મરણ, સાધુ સેવા, જીવદયા, ત્યાગ, તપ, જપ, સ્વાધ્યાય, દાન, શીલ, વ્રત, નિયમ, ક્ષમા મૃદુતા... વગેરે ધર્મની સાધનામાં જો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર શ્રી અરિહંત ભગવાનનું આલંબન રાખીએ, તો આપણને ફળમાં ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય, ઉત્કૃષ્ટ કર્મ નિર્જરા... યાવત્ વાસ્તવ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આમ વિશ્વનાં કર્મપીડિત જીવોને સત્ય તત્ત્વ, સન્માર્ગ, અને સદ્આલંબનનાં હિત સધાવી આપનાર તીર્થંકરદેવની જે કર્મકાય-અવસ્થા, એને શાસ્ત્રકારે અહીં 'પરંપરાર્થ' યાને શ્રેષ્ઠ પરાર્થ કહી, મોક્ષ પર્યંતના આત્મહિતોની સંપાદની કહી.

શ્રી યોગદૃષ્ટિ શાસ્ત્રના મંગળ શ્લોકમાં શ્રી વીર ભગવાનને ઈચ્છાયોગથી નમસ્કાર કરતાં એમનું એક વિશેષણ 'જિનોત્તમ' મૂક્યું. એથી ભગવાનની આવી કર્મકાય-અવસ્થા સૂચવી...

## • (૩) તત્ત્વકાય-અવસ્થા •

હવે ભગવાનનું બીજું વિશેષણ 'અયોગ' છે, એનાથી હવે એમની તત્ત્વકાય-અવસ્થા સૂચિત થાય છે, 'અયોગ' પદમાં 'યોગ' શબ્દ છે. એનો અર્થ **'કાય-વાઙ્-મનઃકર્મ યોગઃ'** એ સૂત્રના અનુસારે 'કાયા-વાણી મનની ક્રિયા' એવો લેવાનો છે. એ મન-વચન-કાયાની સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ ક્રિયા જ્યાં સર્વથા બંધ થઈ ગઈ હોય, એ અયોગ અવસ્થા છે. અલબત આ અયોગ અવસ્થા ૧૪મા ગુણસ્થાનકે 'શૈલેશી' અવસ્થામાં પ્રાપ્ત થાય છે, પરંતુ ત્યાં હજી શેષ કર્મ ભોગવી લેવાનો કાળ છે, કિંતુ એ બહુજ અલ્પકાળ છે; 'અ-ઇ-ઉ-ૠ લુ એ પાંચ હ્રસ્વ અક્ષર બોલતાં જેટલી વાર લાગે એટલો જ કાળ છે; પણ પછી સર્વ કર્મથી મુક્ત થઈ સિદ્ધપદ પામતાં, પછીથી અનંતાનંત કાળમાં, કહો, હવે શાશ્વત કાળમાં અયોગ અવસ્થા જ રહે છે;

કેમકે ત્યાં શરીર નથી, વાણી નથી, મન નથી, એટલે એની ક્રિયારૂપ યોગ હોય જ શાનો ?

**પ્ર.**- એમ તો ૧૪મા ગુણઠાણે શૈલેશી અને અયોગ અવસ્થા બંને સાથે શરૂ થાય છે, તો અયોગને શૈલેશીના ઉત્તર કાળમાં થનારો કેમ કહેવાય ?

ઉ.- વાત સાચી, પરંતુ ૧૪ ગુણઠાણાનો કાળ કેટલો ? અતિ અલ્પ ! પાંચ હ્રસ્વાક્ષર-ઉચ્ચારણ જેટલો જ કાળ. એ અતિ અલ્પ કાળની વિવક્ષા ન કરતાં મોક્ષના જંગી ભાવી અનંત કાળની અયોગ-અવસ્થાને ગણતરીમાં લઈ શાસ્ત્રકાર મહર્ષિ કહે છે, કે "આ અયોગ અવસ્થા 'શૈલેશ્યુત્તર કાલ ભાવિની' અર્થાત્ શૈલેશીના ઉત્તરકાળે થનારી હોય છે."

અહીં 'શૈલેશી' એટલે 'શૈલેશીકરણ પ્રક્રિયા' સમજીએ તો તે ૧૩મા ગુણઠાણાના અંત સુધી ચાલે, અને એમાં સર્વયોગનિરોધનું કાર્ય પૂર્ણ થાય; તેથી ૧૪મા ગુણઠાણે 'અયોગ' અવસ્થા ચાલે. આ હિસાબે કહેવાય, કે 'શૈલેશી' = શૈલેશીકરણ-પ્રક્રિયા પૂર્ણ થયાના ઉત્તર કાળે અયોગ-અવસ્થા આવીને ઊભી રહે. ૧૪મા ગુણઠાણાનો અતિ અલ્પકાળ પૂર્ણ થવાના અંતે મોક્ષ થાય. એમાં અયોગ-અવસ્થા ચાલે. તેથી અહીં 'અયોગ' કહીને ભગવાનની તત્ત્વકાય અવસ્થા સૂચવી. અહીં પ્રશ્ન થાય,-

**શૈલેશી એટલે શું ?**

શૈલેશી એ ૧૪મા ગુણસ્થાનકે રહેલા આત્માના આત્મ-પ્રદેશોની તદ્દન સ્થિર અવસ્થા છે. 'શૈલ' એટલે શિલા-પાષાણનો બનેલો તે, પર્વત; એનો 'ઈશ' = સ્વામી, તે મેરુ પર્વત, એ 'શૈલેશ' કહેવાય. એના જેવી સ્થિર નિષ્પ્રકંપ અવસ્થા એ 'શૈલેશી' અવસ્થા. સંસારમાં જ્યાં સુધી આત્મા મન, વચન કે કાયાના યોગ (પ્રવૃત્તિ)વાળો હોય છે, ત્યાં સુધી એના આત્મ-પ્રદેશો અસ્થિર કંપનશીલ હોય છે. ઊકળતા પાણીના તપેલામાં પડેલો રૂમાલ પાણીના હલન ચલનથી હાલ્યા જ કરે, એમ શરીરમાં આત્માના પ્રદેશો યોગથી હાલ્યા જ કરે છે. એ સ્થિતિ અનાદિથી ચાલુ છે. સ્થિર એવા ઝાડના જીવના પણ આત્મ-પ્રદેશો અંદરમાં હાલતા-ચાલતા જ હોય છે; કેમકે એને પણ કાયયોગ ચાલુ છે. આત્માના પ્રદેશો તદ્દન સ્થિર થવાનું ત્યારે જ બને, કે યોગ સર્વથા બંધ થઈ જાય; અને તે ૧૩મા ગુણસ્થાનકનાં અંતે બને છે. એને યોગ-નિરોધ કહે છે. ત્યાંસુધી સયોગ અવસ્થા છે.

**સયોગી-અયોગી : જીવનમુક્ત-વિદેહમુક્ત :-**

૧૩મા ગુણઠાણે આત્મા 'સયોગી-કેવળી' = કેવળજ્ઞાની કહેવાય છે. એ વીતરાગ સર્વજ્ઞ છે. હવે એ જીવન-મુક્ત બન્યા. હવે એમને કોઈ સાધના કરવાની



હોતી નથી; કેમકે એ સિદ્ધ થયેલા છે. પરંતુ એમને આહાર-વિહાર હોય ત્યાં કાયયોગ કામ કરે છે, ને વ્યાખ્યાન આપે તો કાયયોગ-વચનયોગ બંને કામ કરે છે, હવે જ્યારે એ અતિ નિકટ કાળમાં પોતાના સર્વ કર્મ સહિત આયુષ્યકર્મનો ક્ષય પામવાનું જુએ, ત્યારે ૧૩મા ગુણઠાણાના અંત ભાગમાં સયોગી અવસ્થાથી જ શૈલેશીકરણની પ્રક્રિયા શરૂ કરી ક્રમશઃ પોતાના મન-વચન-કાયાના બાદર તથા સૂક્ષ્મ યોગોનો નિરોધ કરે છે, અટકાયત કરે છે; અને ૧૩માના અંતિમ સમયે સર્વથા યોગ-નિરોધ થઈ જાય એટલે, ૧૪મા ગુણઠાણાના પહેલા સમયે એ અયોગી બને છે. ત્યાં ૧૪મું 'અયોગી-કેવળી' ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. હવે અહીં ૧૪મા ગુણસ્થાનકે યોગ નથી, એટલે સ્થિર આત્મ-પ્રદેશની શૈલેશી અવસ્થા છે.

આ શૈલેશી અવસ્થાનું ૧૪મું ગુણસ્થાનક કેટલો વખત રહે ? તો કે પૂર્વે કહ્યું તેમ પાંચ હસ્વાક્ષરના ઉચ્ચારણ-કાળ જેટલો વખત જ રહે છે. એટલા કાળમાં ત્યાં શેષ સમસ્ત કર્મ ભોગવી લે છે, એટલે ૧૪મા ગુણસ્થાનકના અંતે આત્મા જીવનમુક્ત-જીવનસિદ્ધમાંથી હવે સમસ્ત કર્મથી રહિત વિદેહમુક્ત-સિદ્ધ-શુદ્ધ-બુદ્ધ બને છે. અહીં શુદ્ધ આત્મતત્ત્વ યાને શુદ્ધ આત્મસ્વરૂપ પૂર બહારમાં પ્રગટ થઈ જાય છે. એ જ તત્ત્વકાય અવસ્થા છે.

**તત્ત્વકાય યાને સિદ્ધ અવસ્થાના ૮ ગુણ :-**

અહીં તીર્થંકર ભગવાનને જીવનના અંતે ચાર અઘાતી કર્મ સહિત આઠેય કર્મોનો સર્વથા ક્ષય થયો હોઈ સિદ્ધ થયેલ તત્ત્વકાય અવસ્થામાં આઠ ગુણો પ્રગટ થાય છે. એમના આત્મામાં (૧) અનંતજ્ઞાન, (૨) અનંતદર્શન, (૩) અનંતસુખ, (૪) વીતરાગતા, (૫) અક્ષય-અજર-અમરપણું, (૬) અગુરુલઘુપણું, (૭) અરૂપીપણું અને (૮) અનંત વીર્યાદિ લબ્ધિ પ્રગટ રહે છે. અહીં પ્રભુ નિરંજન-નિરાકાર બનેલા હોય છે. એમના આત્માનું શુદ્ધ તત્ત્વ, શુદ્ધ સ્વરૂપ, કાયમ માટે પ્રગટ થાય છે. એટલે કે એમની જે 'તત્ત્વકાય'-અવસ્થા શરૂ થાય છે, તે શાશ્વતકાળ રહે છે. એમાંથી કદી ભ્રષ્ટ થવાનું નથી, એટલે એમને હવે અવતાર લેવાના હોતા નથી. એવા એ અશરીરી, અ-કર્મ, નિરુપાધિક અર્થાત્ તન-મન, રાગ-દ્વેષ, સુખ-દુઃખ, હરખ-ખેદ, જશ અપજશ, વગેરે સઘળા દ્વન્દ્વોથી પાર થઈ ગયેલા અને સદાને માટે મુક્ત બનેલા હોય છે. અસાંયોગિક નિરપેક્ષ-નિરાબાધ-અક્ષય-અનંત સુખમાં આ સદાને માટે ઝીલતા રહે છે. ભગવાન તત્ત્વકાય-અવસ્થામાં 'નિષ્ઠિતાર્થ' બનેલા છે. 'અર્થ' એટલે પ્રયોજન, અહીં સર્વ પ્રયોજન 'નિષ્ઠિત' યાને પૂરા થઈ ગયા છે, અર્થાત્ સંપૂર્ણ સિદ્ધ થઈ ગયા છે, એટલે પ્રભુ 'કૃતકૃત્ય' બન્યા છે. હવે એમને કોઈ કૃત્ય કરવાનું બાકી રહેતું નથી. કરવાનાં કૃત્યો પૂર્વે કરાઈ ગયા. છેલ્લે છેલ્લે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

શૈલેશી અને સર્વ કર્મક્ષય કરવાનું કાર્ય, તે પણ કરાઈ ગયું હવે તો મોક્ષ-અવસ્થામાં આત્મા એકલા શુદ્ધ સ્વરૂપમાં રહેલો છે. એને હવે શું કરવાનું રહે ? ને શા માટે કાંઈ પણ કરવાનું રહે ?

**હેય-ઉપાદેયના વિવેકીને જે કાંઈ કરવાનું રહે તે પોતાનું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ તત્ત્વ પ્રગટ કરવા માટે જ કરવાનું હોય.**

મોક્ષ પામતાં એ થઈ ગયું, એટલે જ આ તત્ત્વકાય-અવસ્થા એ પરમફળ-અંતિમ ફળ સર્વ શ્રેષ્ઠ ફળ છે. એનાથી વધીને પામવા જેવું કોઈ ફળ નથી. શૈલેશીથી નીચે-નીચેની પ્રવૃત્તિનાં ફળ ઉપર ઉપરનાં ફળ સાધવા માટે હોય છે. મોક્ષથી ઉપર હવે કોઈ ફળ નથી, જેને સાધવા માટે કશું કરવું પડે.

લૌકિક જીવનના સાંસારિક વ્યવહારમાં માણસ ધંધા-ધાપાની પ્રવૃત્તિ કરે તે પૈસાની પ્રાપ્તિરૂપ ફળ માટે કરે છે; પરંતુ એ ફળ પણ સુખસાધનોના સંગ્રહ રૂપી ફળ સાધવા માટે હોય છે; ને એ ફળ વળી સુખ-ભોગ-રંગરાગના આનંદરૂપી ફળ માટે હોય છે. હવે પૂછો, 'આ સુખ-ભોગનો આનંદ શા માટે જોઈએ છે ?' તો કે કશા માટે નહિ. સંસાર-વ્યવહારમાં એ છેલ્લું ફળ છે, આનંદ સ્વતઃ ઈષ્યમાણ છે, આનંદ કોઈના માટે નથી જોઈતો હતો.

**પૂર્વ-પૂર્વ સાધના ઉપર-ઉપરનાં ફળ માટે :**

એમ આધ્યાત્મિક જીવનમાં દયા-દાનાદિ આચાર પાળે એ શા માટે ? તો કે 'સમ્યક્ત્વ રૂપી ફળ માટે.' સમ્યક્ત્વ આવ્યું હવે એના ૬૭ આચાર શા માટે આરાધે ? તો કે બારવ્રતની સાધના માટે.

તો એ શા માટે કરે ? તો કે અંતરાત્મામાં દેશવિરતિ-ભાવ પ્રગટાવવા, ને પંચમ ગુણસ્થાનકરૂપી ફળ માટે.

એ ફળ પણ, એક દિવસ સંસાર-ત્યાગ કરી સાધુ-જીવન લઈ એની સાધના કરાય એ ફળ માટે.

એ પણ અંતરાત્મામાં સર્વવિરતિ ભાવરૂપી ફળની પ્રાપ્તિ માટે, અને એના સંવર્ધન માટે કરાય.

એ પણ ઉત્તરોત્તર અપ્રમત્તભાવ, અપૂર્વકરણ... વગેરે ફળ માટે; ને

એ પણ અનાસંગ યોગ અને વીતરાગ ભાવરૂપી ફળ માટે કરાય.

એ પણ કેવળજ્ઞાન માટે; ને

એ પણ અંતે અયોગ અને શૈલેશીરૂપ ફળ માટે છે. તેમજ

એ પણ સર્વ કર્મક્ષય કરવા માટે છે; ને

એ સર્વકર્મક્ષય પણ સર્વથા શુદ્ધ અનંત જ્ઞાન-સુખાદિમય આત્મ તત્ત્વ-



આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે કરાય છે.

હવે પૂછો,- આ અનંત જ્ઞાન-સુખ શા માટે ? તો કે એ છેલ્લું ફળ છે. એની પછી હવે કશું કરવા જેવું-મેળવવા જેવું રહેતું નથી. માટે ત્યાં કૃતકૃત્યના નિષ્ઠિતાર્થતા આવીને ઊભી રહે છે.

જીવનમાં આ ચરમ અને પરમ ફળરૂપ તત્ત્વકાય-અવસ્થાનું જો લક્ષ્ય બંધાઈ જાય, તો એની પૂર્વનાં પૂર્વે કહ્યા એ આત્મવિકાસનાં જ ફળ નીપજાવવાની લાલસા રહે; પણ તુચ્છ દુન્યવી સુખ-સન્માન વગેરેની લાલસા ન રહે. શુદ્ધ આત્મસ્વરૂપ સુધીના ફળની લાલસામાં દુન્યવી ફળની લાલસા મરી પરવારે.

**'ભગવાન મહાવીરપ્રભુને ઓળખો'**

સમર્થ શાસ્ત્રકાર આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે પૂર્વાચાર્યની ગાથા લઈને 'વીર' શબ્દના ૪ અર્થ : એવા સુંદર વર્ણવ્યા છે કે એના પર વિચાર કરતાં આપણને ભગવાનથી મહાવીર પ્રભુની અનન્ય વિશેષતાઓ સમજાય તે આ પ્રમાણે, -

(૧) વીર્યથી વિરાજતા માટે વીર;

(૨) વિશેષતયા ઈરણ કરનારા (કર્મોને રવાના કરનારા, માટે વીર;

(૩) શત્રુ સામે ભડવીર, વિજેતા, માટે વીર; અને

(૪) કૈવલ્ય કન્યા એમને સ્વયં વરી, માટે વીર.

આમ 'વીર' નામ પાછળ ચાર હેતુ કામ કરી રહ્યા છે. તેથી અહીં મહાવીર પ્રભુ કેમ 'વીર' છે એ માટે ટીકાકાર મહર્ષિ ચાર હેતુ રજુ કરે છે,-

(૧) અનુપમ તપવીર્યથી શોભતા હોવાથી વીરચ

(૨) કર્મનું વિદારણ કરનાર હોવાથી વીર;

(૩) કષાય આદિ આંતરશત્રુને જીતનાર હોવાથી વીર; ને

(૪) કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીએ એમને સ્વયં વરેલા હોવાથી વીર. એમ ચાર હેતુથી મહાવીર પ્રભુ વિક્રમી પરાક્રમી **'વીર'** તરીકે પ્રસિદ્ધ છે.

**અનુપમ તપ-વીર્યથી વીર : ઉગ્ર બાહ્ય તપ :-**

અહીં મહાવીર પ્રભુમાં અનુપમ તપવીર્ય છે, જે બીજા કોઈ જ ધર્મ ફિરસ્તામાં નથી. વીર્ય તો આપણામાં પણ છે, કિન્તુ એ વીર્ય ખાનપાનનું છે, યથેચ્છ રીતે ચાલ્યા કરે છે, હોંશથી ચાલે છે, ખુશી-ખુશાલીથી ચાલે છે. કેમકે એનાથી ઊભા થતા આ જનમ અને જન્મોજનમના અપાયો યાને અનર્થો તરફ દૃષ્ટિ નથી, કોઈ દૃષ્ટિ ખેંચે તોય આ આંખ-મિચામણાં છે; એ અનર્થોનો ભય નથી.

ત્યારે ત્રિલોકપતિ ભગવાન મહાવીર પ્રભુએ તપનું વીર્ય અમલી કર્યું કેવું ?



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

બાર પ્રકારના તપમાં પહેલું તો **'અનશન'** તપ, એનું વીર્ય એવું પ્રગટ કર્યું, કે પ્રભુએ દીક્ષા લીધી ત્યારથી ઓછામાં ઓછા તપ તરીકે છઠ્ઠને પારણ છઠ્ઠ શરૂ કર્યા, ને પારણે એકાશન ! તે ઠેઠ કેવળજ્ઞાન પામવા સુધી ચાલુ રહ્યા ! એમાં વચમાં વચમાં વચમાં બે છમાસી, નવચોમાસી, બબ્બે અઢીમાસી-દોઢમાસી, બાર માસખમણ, ૭૨ પાખમણ (પક્ષક્ષપણ)...... વગેરે તપનાં વીર્ય અજબ ગજબ ફોરવ્યા !

આ છમાસી-ચોમાસી એટલે ? આજની માફક છ મહિના ચાર મહિના સુધી ઉપવાસને પારણે ઉપવાસ, વચમાં બેસણું, એમ નહિ, કિન્તુ સળંગ ૬ મહિના ને ૪ મહિના સુધી નકોડા ઉપવાસ ! એમ કુલ ઉપવાસોની સંખ્યા લઈએ તો સાડા બાર વર્ષના છદ્મસ્થ ચારિત્રસાધનાના કાળમાં સાડા અગિયાર વર્ષથી અધિક જેટલા ઉપવાસો કર્યા ! કાંઈ કલ્પનામાં આવે ? આ પણ ઉપવાસો ઘોર ઉપસર્ગો - પરીસહો સહવા સાથે ! અને રાતદિવસ લગભગ ખડાખડા કાયોત્સર્ગ ધ્યાનમાં રહીને ! શું ?

વીર પ્રભુ સાડા બાર વરસમાં દિવસે કે રાત્રે એક ક્ષણ પણ ભૂમિ પર પલાંઠી માંડીને મુદ્દલે ય બેઠા નથી ! તો સૂવાની વાત જ ક્યાં ? કવિ કહે છે,-

**"સાડા બાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો,**
**ઘોર તપે કેવળ લહ્યા એહના, પદ્મવિજય નમે પાયા...**
**તપસ્યા કરતાં કરતાં હો, કે ડંકા જોર બજાયા હો."**

આપણી એક ઉપવાસ કરીને પણ રાતભર ઊભા ઊભા કાયોત્સર્ગમાં રહેવાની ત્રેવડ નથી; ત્યારે પ્રભુ ૧૨।। દિવસ નહિ, ૧૨।। મહિના નહિ, ૧૨।। વરસ સુધી વિહરણ બાદ કરીને, ઊભા ઊભા કાયોત્સર્ગમાં રહ્યા હતા ! અને એમાં ૧૧।। વરસના દિવસો જેટલા ઉપવાસ સાથે ! એમાં (૧) ઉપવાસોનાં અનશન ઉપર એકાશનથી પારણાં કેવા ? એક જ ઘરમાં પોતાની પાસે પાત્રા નહિ, પણ બે હાથની અંજલિમાં સામો જેટલું અને જે દ્રવ્ય નાખે એટલું જ અને એ દ્રવ્ય વાપરવાનું ! એટલે

(૨) **ઊનોદરી** તપ, (૩) **વૃત્તિસંક્ષેપ** તપ અને (૪) **રસત્યાગ**ના પણ તપ કેવા જોરદાર ! ત્યારે,

(૫) **કાયકષ્ટ** તપનું તો કલાકો દિવસો અને મહિનાઓ સુધીના કાયોત્સર્ગમાં પૂછવાનું જ શું ? એમ

(૬) છઠ્ઠો બાહ્ય તપ **'સંલીનતા;** (મન-વચન-કાયાનું સંગોપન.) એમાં સાડા બાર વરસ મૌન એટલે વાક્ સંલીનતા; કાયા આહાર-વિહાર-નિહાર પૂરતી જ



હાલતી ચાલતી, બાકી કાયોત્સર્ગમાં કાયસંલીનતા (સ્થિરતાઃ) અને તત્ત્વધ્યાન સિવાય મનની સંલીનતા. (સંગોપન). આ બાહ્ય તપની ઉગ્રતા કેવીક ?

**પ્ર.-** કેમ વારુ પ્રભુ આટલો બધો ઉગ્ર તપ કરતા ? પોતે જાણતા તો હતા જ, કે આ ભવને અંતે નક્કી મોક્ષ છે, તો પછી આટલો બધો ચારે બાજુથી ભયંકર તપ કરવાનું શું કારણ ?

**ઉ.-** કારણ આ, કે મોક્ષ પામવા માટે કર્મક્ષય કરવો પડે, અને તે કર્મક્ષય માટે આટલો બધો તપ કર્યા વિના ચાલે નહિ એમ સમજતા હતા. પૂછો,-

**પ્ર.-** પણ કર્મક્ષય માટે તો છેલ્લો ઉપાય શાસ્ત્રો ધ્યાનને કહે છે, અને પ્રભુ ધ્યાન કરે એ કેટલું બધું જોરદાર હોય ? તો તે તો પ્રભુ કરી શકતે; કિન્તુ સાથે ૧૧।। વરસ જેટલા ઉપવાસનો ભયંકર તપ કરવાની શી જરૂર ? બીજા ભગવાનોએ ક્યાં આટલા બધા ઉપવાસ કર્યા હતા ? તેમ કાયોત્સર્ગ, પરીષહ-ઉપસર્ગો સહન...વગેરે ઘોરાતિઘોર કાયકષ્ટ ઉપાડવાની શી જરૂર ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૨૨,તા.૧૧-૨-૧૯૮૪

## (૧૬) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ઉ.-** પ્રભુ કર્મક્ષય માટે તપ કરતા, અને ધ્યાનથી ઉત્કૃષ્ટ કર્મક્ષય થાય એ વાત સાચી, પરંતુ એવું ઉત્કૃષ્ટ ધ્યાન તો શુકલધ્યાન છે, ને એ લાવવા માટે સંપૂર્ણ અનાસક્ત યોગ જોઈએ, જ્યાં કોઈ વસ્તુ પર આસક્તિ ન હોય. એટલે કહો,

**આસક્તિ તોડવા માટે ૬ બાહ્ય તપનાં કષ્ટ પ્રભુએ ઉપાડ્યા.**

પ્રભુએ ધ્યાન ગુફામાં બેસીને કેમ ન કર્યું ? ખડાખડા કાયોત્સર્ગમાં કેમ ? ધ્યાનથી કર્મક્ષય તો ગુફામાં ય થઈ શકતે, તો કાયોત્સર્ગ ધ્યાનનો આગ્રહ શા માટે ?

કહો, ગુફામાં બેસી ધ્યાન કરે ત્યાં તો કાયાને આરામી મળવાથી કાયાની આસક્તિ પોષાય, રાગ પોષાય; ને એ પોષાય ત્યાં સુધી વીતરાગ ન થવાય. આ કાયાદિની આસક્તિ તુટે... એ માટે જગતના પદાર્થો યાવત્ પોતાની કાયા અને ઇન્દ્રિયો તથા અહંત્વ પર પણ આસક્તિ ન જોઈએ. ત્યારે જો માત્ર ગુફામાં બેસીને ધ્યાન જ કરવાનું હોય, અને અનશન, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકષ્ટ... વગેરે સહવાનું ન હોય, તો કાયા અને ઇન્દ્રિયો, એના વિષયો, તથા અહંત્વ પર આસક્તિ એમ જ ઊભી રહે. માટે કહો, પ્રભુએ એ અનશન, એ દ્રવ્ય-સંકોચ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આદિ વૃત્તિસંક્ષેપ, રસ-ત્યાગ, ખડાખડા કાયોત્સર્ગ, પરિષહ-ઉપસર્ગનું સહન... વગેરે કાયકષ્ટ... ઈત્યાદિ ઘોર બાહ્ય તપ ઉપાડ્યા, એ કાયા અને ઈન્દ્રિયો તથા અહંત્વ વગેરેની પણ આસક્તિ તોડતા રહેવા માટે ઉપાડ્યા. આમાં,

**અહંત્વની આસક્તિ કેમ તુટે ? :-**

અહંત્વ-સ્વાભિમાનની આસક્તિ એ રીતે,- કે ગમે તેવો હાલી મવાલી માણસ ખોટો કનડવા આવે ત્યાં માથું ઊંચકાય, એને સંભળાવી દેવાય, કે- 'તારે મને કનડવો છે ? આમ આવ, લે, જો...' એમ કરી, એ પામરને દબાવવા જરાક બળ બતાવાય, એમાં અહંત્વની આસક્તિ છે. પરંતુ પ્રભુમાં પગના અંગુઠે મોટો મેરુ પર્વત ડોલાવવા જેવી શક્તિ છતાં એમણે એમાંનું કશું ન કર્યું, મૂંગે મોઢે પ્રસન્નતાથી બધું સહી લીધું ! એ પોતાના અહંત્વ-સ્વમાનની પણ આસક્તિ તોડવા માટે.

આમ, અનશનાદિ બધા પ્રકારના બાહ્ય તપ ઘોરાતિઘોર ઉઠાવ્યા એ કાયા-ઈન્દ્રિયો-અહંત્વની આસક્તિઓ તોડવા માટે ઉઠાવ્યા.

તે પણ કેટલો કાળ ? સાડા બાર વરસ ! તો જ પ્રભુ અનાસક્ત બની શુક્લધ્યાન પર ચઢી શક્યા અને વીતરાગ સર્વજ્ઞ બન્યા. કહો,

**બાહ્ય તપ વીતરાગ બનવા જરૂરી આસક્તિ-નાશ માટે છે.**

વિચારજો, આપણે ખાલી એક ઉપવાસ કરવો હોય તો વિચાર થઈ પડે છે, કે 'ભૂખ લાગી જાય તો ? અશક્તિ આવી જાય તો ?' સોસાઈ જવાય તો ?' આ બધું શું છે ? કાયાની ભારોભાર આસક્તિ. ત્યાં પ્રભુના ૧૨।। વરસમાં ૧૧।। વરસ જેટલા ઉપવાસ નજર સામે નથી આવતા. એમ, પ્રભુના બીજા પણ બાહ્ય તપ અને એમાંય ભયંકર કાયકષ્ટ આપણા ધ્યાન પર નથી આવતા; એટલે વાતવાતમાં સુંવાળાગીરી સેવાય છે. પ્રભુને તે ભવે મોક્ષ નિશ્ચિત છતાં આવા ઘોર તપ અને કષ્ટ સહવાની જરૂર લાગી. કેમ ? કવિ કહે છે ને,-

**નિશ્ચિત મુક્તિ છતાં તપ કેમ જરૂરી ? :-**

**"તે ભવ મુગતિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**
**તો પણ તપ-આચરણ નવિ મુકે, અનંતગુણો તપ મહિમા;**
**હો પ્રાણી ! તપ પદને પૂજી જે."**

અર્થાત્ પ્રભુ અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાનથી તે ભવના અંતે પોતાની નિયમા (નિશ્ચિત) મુક્તિ જાણે છે, છતાં તપનું આચરણ છોડતા નથી ! આવા તીર્થંકર ભગવાન જેવા સતત તપ આચરે, એ સૂચવે છે, કે તપનો મહિમા અનંત ગુણ છે.



અનાસક્ત યોગી જેવા પ્રભુને સૂક્ષ્મ પણ આસક્તિ તોડવા આવા ઘોર તપની જરૂર ખરી, અને મોટી મોટી આસક્તિઓથી ભરચક ભરેલા આપણે એ અનશન, એ વૃત્તિસંક્ષેપ, એ રસત્યાગ, એ કાયકષ્ટ, એ મન-વચન-કાયાની સંલીનતા-સંગોપન... વગેરે કશાની જરૂર નહિ, તે મનમાન્યું ખાતાં પીતાં અને એશઆરામી ને સુખશીલતા તથા હરામ હાડકાં રાખતાં રાખતાં આસક્તિઓ છુટી જશે ? 'ભગવાન ! ભગવાન ! કરો,' એમ આસક્તિ ના છુટે. અહીં આવા પ્રભુનું આપણને આલંબન મળ્યું છે. એ આપણી જાતની અગાધ પુણ્યાઈ માની, એમના આલંબને છએ પ્રકારના બાહ્ય તપમાં સતત ધરખમ આત્મવીર્ય ફોરવી પુરુષાર્થ કરવાની જરૂર છે, પ્રભુ વીર હતા તે એવા તપના વીર્યથી શોભતા હોવાથી વીર હતા. આ એક રીતે 'વીર.'

**(૨) કર્મનાં વિદારણથી વીર :-**

બીજી રીતે પ્રભુ 'વીર' કર્મોનું 'વિ+ઈર = વીર, કર્મોનું વિશેષ રૂપે ઈરણ કરવાથી, કર્મોને રવાના કરવાથી, કર્મોનું વિદારણ કરવાથી વીર હતા. એ કેવી રીતે ?

આ રીતે,- પ્રભુની સામે ભયંકર દુષ્ટો આવ્યા, એમણે પ્રભુ પર ભયંકર દુષ્ટતા કરી જુલ્મ વરસાવ્યા ! છતાં પ્રભુએ પ્રસન્નતાથી સહી લીધું; કેમકે એમાં પ્રભુએ જોયું કે...

'આ ભયંકર દુઃખો સહન કરવામાં મારી કાય-આસક્તિ અને મારા જાલિમ કર્મોનો વિધ્વંસ થઈ રહ્યો છે; ને એથી વીતરાગતા તથા સર્વ કર્મ ક્ષયરૂપ મોક્ષ નિકટ થઈ રહ્યો છે. જો દુષ્ટોનું આ સહન ન કરતાં સામનો કરું તો રાગાદિ આંતરશત્રુનો જય અને કર્મક્ષય સાધવાનો રહી જાય. માટે જો ઘોર સહન કરવાનું મળે છે, તો એમાં ઘોર કર્મક્ષય થઈ રહ્યાનો આનંદ માનવાનો.'- એમ સમજી પ્રભુ અનહદ સહન કર્યે જ ગયા અને એમાં બાહ્ય દુશ્મનનું નિયંત્રણ નહિ, પણ આંતરશત્રુઓ રાગ-આસક્તિ વગેરેનાં નિયંત્રણ સાધ્યું, ને કર્મોનું વિદારણ કરતા જ રહ્યા. માટે 'વીર' કહેવાયા.

ત્યારે આ નજર સામે રાખીને જોઈએ, તો દેખાય કે સંગમ દેવતાએ પ્રભુને ૬-૬ મહિના સુધી ઘોર રંજાડ્યા છતાં પણ પ્રભુને એના પર દયાની લાગણી થઈ આવી ! એના પર ઈતરાજી કેમ ન થઈ ? કહો, એમાં પ્રભુએ આંતરશત્રુજય અને કર્મક્ષયનો મહાલાભ થયેલો જોયો. પછી શું કામ ઈતરાજી કરે ? રાજી જ થાય ને ?

**આપત્તિ સહવાના ૫ લાભ :-**

ત્યારે આપણે આ કાંઈ ધ્યાન પર લેવા જેવું ખરું ? જરાક કષ્ટ-દુઃખ-આપત્તિ આવે ત્યાં 'શું કરું ? કેવો મારે અશુભ કર્મનો ઉદય ?'- એમ વિચારી દીન બનીએ છીએ, લાચારી અનુભવીએ છીએ. ખરું જોતાં,

**દુઃખમાં અશુભના ઉદયને જોવાને બદલે 'અશુભ કર્મોનો નિકાલ (ક્ષય) થતો ચાલ્યો' એ જોઈએ, તો કશી દીનતા ન કરાય, કશી લાચારી ન દેખાડાય, પ્રસન્નતા જ રખાય.**

કહો, ડગલે ને પગલે એક યા બીજા પ્રકારની આફત છે એ તક છે; શાની ? આવા પ્રભુનું આલંબન લઈ કર્મક્ષય થઈ રહ્યો માનવાની તક છે; એમાં પ્રસન્નતા અનુભવવાની સોનેરી તક છે. એમાં આપત્તિના કર્મોનું વિદારણ તો છે જ, પરંતુ કષ્ટોમાં પ્રસન્નતા રાખ્યાથી

(૧) બીજા જ્ઞાનાવરણ આદિ અઢળક કર્મોનો પણ ક્ષય છે ! તેમજ,

(૨) મનોરત્નનું વિશુદ્ધિકરણ છે, વળી

(૩) અશુભ અનુબંધો(પાપબીજ-પાપસંસ્કારો)નો ક્ષય છે, તથા

(૪) અનંત કલ્યાણકર શ્રી જિનાજ્ઞાનું ભવ્ય પાલન છે, તથા

(૫) ભાવી પાપિષ્ઠ જીવન મટી ધર્મિષ્ઠ જીવનનો આ પાયો છે.

આ મહાન લાભોને જોઈ કેમ આપણે અશુભનો ઉદય ભૂલી અશુભના ક્ષય તરફ જ દૃષ્ટિ ન રાખીએ ? કેમ આપણે આપત્તિમાં થતા કર્મક્ષયથી હરખી પ્રસન્નતા ન રાખીએ ? આમ પ્રભુ કર્મ વિદારણ કરતા રહેવાથી 'વીર' હતા, આ 'વીર' શબ્દનો બીજો અર્થ.

**(૩) આંતરશત્રુ 'કષાયો' ને જિતનારા માટે વીર :-**

મહાવીર પ્રભુને ઓળખવા માટે પ્રભુ 'વીર' શાથી, એના ચાર હેતુ બતાવ્યા. એમાં "તપો વીર્યથી બિરાજતા હોવાથી" તથા "કર્મોનું વિદારણ કરતા હોવાથી વીર" એમ બે હેતુની વિચારણા કરી. હવે 'કષાયરૂપી આંતરશત્રુઓને જીતતા હોવાથી 'વીર', એ ત્રીજા હેતુનો વિચાર કરીએ. સંસારી જીવના ખરેખરા શત્રુ હોય તો તે રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મોહ-મત્સર,... વગેરે કષાયરૂપ આંતરશત્રુઓ છે. કેમકે જીવને નરકાદિ સુધીની અધમ દુર્ગતિઓ અને એના ભયંકર દુઃખો દેખાડનાર કોઈ બાહ્ય શત્રુ નથી, પરંતુ રાગદ્વેષાદિ કષાયરૂપી અભ્યંતર શત્રુઓ જ છે. માટે તો,

**૯૮ પુત્રોને ઉપદેશ :-**

ૠષભદેવ પ્રભુએ ૯૮ પુત્રોને આ જ સમજાવ્યું કે "તમે ભરતને દુશ્મન શું



દેખો ? એ કાંઈ તમને દુર્ગતિમાં જવાનો ફોર્સ ન કરી શકે, જો તમે કષાયોથી અલિપ્ત હો. પરંતુ જો તમે આ તૃષ્ણા અભિમાન વગેરે આંતર કષાયોને તમારા પર વિજેતા બનાવો, મતલબ તમારા પર એ જીતે, અને તમે એ બધાથી હારી એની ગુલામી કરો, તો તમારે નિશ્ચિત દુર્ગતિ છે."

૯૮ પુત્રો સમજી ગયા, ભરત પર વિજય મેળવવાની બુદ્ધિ પડતી મૂકી, અને અંતરશત્રુ પર જ વિજય મેળવવા માટે એમણે ત્યાં ને ત્યાં જ સંસાર ત્યાગ કરી સાધુદીક્ષા લઈ લીધી ! આ પ્રતાપ કોનો ? ૠષભદેવ પ્રભુએ પોતે પહેલાં આંતરશત્રુ સાથે વિક્રમી સંગ્રામ ખેડી એના પર સંપૂર્ણ વિજય મેળવ્યો છે એનો પ્રભાવ કે એમના ઉપદેશની ૯૮ પુત્રો પર અસર થઈ.

એમ મહાવીર પ્રભુએ પણ પોતાની ઉપર શૂલપાણિ યક્ષ વગેરેના જુલ્મ વરસ્યા કે ઈન્દ્રોએ વારાફરતી આવી શાતા પૂછી, સન્માન કર્યાં, છતાં ન દ્વેષ કર્યો કે ન રાગ. રાગદ્વેષાદિ આંતરશત્રુને મચક જ ન આપી.

આંતરશત્રુને જીતે તે વીર. આપણે આવા વીર પ્રભુનાં સંતાન ખરા ને ? ક્ષત્રિયનાં સંતાન ક્ષત્રિય હોય કે ખત્રી ? ક્ષત્રિય જ હોય. તો વીરનાં સંતાન આપણે વીર કે કાયર ? અલબત પ્રભુની જેમ પૂરા વીર ન બન્યા હોઈએ, પરંતુ થોડા અંશે તો વીર ખરા ને ? રાગાદિની સામે લડવાની કોશિશમાં તો હોવા જોઈએ ને ?

**જૈન એટલે રાગાદિની સામે લડવાની કોશિશવાળો :-**

બે મલ્લ લડતા હોય તો નીચે પટકાનારો મલ્લ ઝટ ઊભો થઈ એની છાતી પર ચડી બેઠેલા સામાને પછાડવાની કોશિશમાં હોય છે, તો જ એ મરદ-વીર-મલ્લ છે; નહિતર કાયર... એમ **'આપણે વીરના સંતાન છીએ,'** એ યાદ રાખી જ્યાં રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ આંતરશત્રુથી પછડાતા હોઈએ, ને એ આપણા હૃદય પર ચડી બેસતા હોય, ત્યાં આપણે તરત સજાગ સશક્ત બની એને પછાડવાનું-દબાવવાનું કાર્ય કર્યે જવાનું છે; ને તે વીર પ્રભુનું જીવન નજર સામે રાખવાથી અને એમની ટેક્નિક ધર્મકળા અજમાવવાથી બને. તો જ આપણે વીરના સાચા સંતાન છીએ; નહિતર કાયર કંગાલ અને નમીલા કપુત છીએ; પ્રભુનું નામ લજાવનારા છીએ.

**સંસાર એટલે જીવનભર ૧૮ પાપસ્થાનકનું આક્રમણ, માટે જ એની સામે જીવન-સંગ્રામ જોઈએ.**

અહીં સમજી રાખવાનું છે, કે આ આંતરશત્રુ સામે લડી એને દબાવતા રહેવાનો સંગ્રામ જીવનભર ખેલતા રહેવાનું છે, જીવન-સંગ્રામ ખેલવાનો છે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

જીવનભર લડતા રહેવાનું છે. કેમકે સંસારમાં ૧૮ પાપસ્થાનકના નિત્ય આક્રમણ છે. ત્યાં સંસારની એકેએક ચીજથી વિષયોના રાગદ્વેષ તથા હિંસાપરિગ્રહાદિની વૃત્તિઓમાંથી ગમે તે વૃત્તિ ગમે તે એક યા બીજી રીતે નિરંતર આપણા હૃદય પર ચડી બેસતી હોય છે. એની સામે નિરંતર લડતા રહેવાનું છે, ને તે દેવ ગુરુ-ધર્મના સહારે એ રાગદ્વેષની વૃત્તિને દબાવી શકાય છે.

**ઈષ્ટદેવ કેમ વીતરાગ જોઈએ ? :-**

પરંતુ જોજો, દેવ વીતરાગ જોઈએ. જો સરાગી દેવને આપણી સામે આદર્શ તરીકે રાખ્યા, તો આ લડાઈ થઈ રહી. એમ ગુરુ નિર્ગ્રન્થ મહાવૈરાગી અને નિસ્પૃહી તથા સજ્ઞાન જોઈએ; નહિતર જો સ્પૃહાવાળા રાગી મિથ્યાજ્ઞાની ગુરુ પકડ્યા, તો એવો એ ઉપદેશ આપશે, કે જેથી સામાની રાગદ્વેષની હોળીમાં ઘાસતેલ છંટાવાનું થશે. ત્યાં **"ઘરનો બળ્યો વનમાં ગયો વનમાં ઊઠી આગ"** જેવું થશે. એમ ધર્મ પણ શુદ્ધ અર્થાત્ સર્વજ્ઞનો કહેલો દયા-વૈરાગ્ય-સમતા આદિમય ધર્મ જોઈએ; નહિતર અસર્વજ્ઞકથિત અશુદ્ધ ધર્મથી તો ૧૮ પાપસ્થાનકની વૃત્તિઓ હૃદય પર ઊભેલી રહેવાની.

**ક્ષમા-સમતાદિની પ્રેરણા કોણ આપે ? :-**

દા.ત. ભક્ત પોતાના શુદ્ધ ધર્મદાતા સુગુરુ પાસે ગયો અને એમની આગળ પોતાના ઘર કલેશની માંડી. ત્યાં એ સુગુરુ કહેશે; "ગાંડા ! તું શું કામ ક્રોધે ભરાય છે ? જરાક તો જિન-શાસનની ક્ષમા સમતાની રીતરસમ ધ્યાન પર રાખીએ ને ?

**"કડવાં ફળ છે ક્રોધનાં, ફળ સમતાનાં મીઠા રે."** જગતની તુચ્છ ચીજો તો પુણ્ય-પાપના આધારે રહેનારી-જનારી છે, તારા કષાયના આધારે ચાલનારી નહિ. તારા કષાય કાંઈ લીલું વાળે નહી. પછી એ તુચ્છ ચીજ ખાતર તું એ ફોગટિયા કષાયો કરી તારા આત્માનું શા સારુ બગાડે ? એમાં તો પછી રાગદ્વેષાદિની વૃત્તિ અને નિંદા-આક્ષેપ-આરોપ વગેરે કેટલાય આંતરશત્રુ હૃદય પર ચડી બેસે છે. ત્યાં વીરના સાચા સંતાન શી રીતે બન્યા રહેવાશે ? આ તો મહાપુણ્યે પ્રાપ્ત થયેલા આ કિંમતી જૈન જીવનમાં ખાસ કમાઈ લેવાની, ખામોશ-ક્ષમા-સમતા અને ઉમદા દિલ માટેની ખરી તક ગણાય.

**ક્ષમાના વેપાર ક્રોધ-પ્રસંગના બજારમાં થાય :**

ત્યાં ૨-૩ કે ૧૩ પ્રસંગમાં જ નહિ, પરંતુ દીર્ઘકાળ ક્ષમા-સમતાદિ રાખવાની ઉદારતા કરવી પડે. લોકાત્તર દૃષ્ટિએ તો ગુસ્સો સારો નથી જ પરંતુ લૌકિક દૃષ્ટિએ પણ ગુસ્સો સારો નહિ."

આમ સુગુરુ તરફથી વીર પ્રભુની ક્ષમા વગેરે તરફ ધ્યાન દોરી ભક્તને વીર



પ્રભુના સાચા સંતાન બનવા માટે ક્ષમાદિની પ્રેરણા-પ્રોત્સાહન આપે.

વાત આ છે, ગ્રંથકાર અહીં ગ્રંથ-પ્રારંભે વીર પ્રભુને નમસ્કાર કરતાં વીરપણું આંતરશત્રુઓને જીતવામાં બતાવે છે. એ પરથી સૂચિત થાય છે, કે આપણે વીરના સાચા સંતાન તરીકે આંતરશત્રુને દબાવતા રહેવાની વીરતા કરવાનું જીવન જીવીએ.

**સુરસુંદરી પર કર્મના જુલ્મ :-**

જુઓ રૂપ-રૂપની અંબારસમી સતી સુરસુંદરી કર્મવશ ભ્રમણાવાળા પતિથી પરદેશમાં ત્યજાયેલી, ને કેટલાય વિઘ્નો-ઉપદ્રવો પોતાનું શીલ સાચવીને પસાર કરતી એકવાર એને ઊભે બજારે વેચાવાનો પ્રસંગ આવ્યો ! અને એક વેશ્યા એને ખરીદી ઘરે લઈ જઈ પોત પ્રકાશયું,- 'હું વેશ્યા છું. તું અહીં ઊંચા રૂપાળા ઘરાકોનાં વિષયસુખમાં આનંદ મંગળ કર, અને ઢગલો ધન કમાતી રહે.' જુઓ જાત વેશ્યાની, એટલે દૃષ્ટિ ચામડાના સુખ અને માટીના ધન પર છે, આત્માના મહા કિંમતી શીલ આદિ સદ્ગુણ-સંપત્તિ પર નહિ.

આજની જમાનાવાદમાં ફસેલી સ્ત્રીઓની દૃષ્ટિ પોતાના ચામડાનાં રૂપનાં પ્રદર્શન પર જ રહે છે, નહિ કે આત્માના શીલ સદ્ગુણ પર.

**દૃષ્ટિ શીલ-સદ્ગુણ પર ન હોય એ પોતાના રૂપને બજારુ બનાવે એમાં નવાઈ નથી.**

વેશ્યાને શીલની પડી નથી, એટલે પોતાની કાયાને બજારુ બનાવે છે, પણ તે તો ધન લઈને; ત્યારે આજની ઉદ્ભટ વેશવાળી તો મફતમાં પોતાના રૂપને બજારુ બનાવે છે ! વેશ્યા કરતાં એ વધારે મૂર્ખ નહિ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૮૪

## (૧૭) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

વેશ્યા ધનની ભૂખી, તે જુએ છે કે 'આ સુરસુંદરીનાં અપ્સરા શા રૂપમાં એક પંખેરું ફસાયું, કે હજારો રૂપિયાનો વરસાદ ! એટલે સુરસુંદરીને લલચાવે છે- 'જો અહીં જરિયાન સાડીઓ ને મોતીના દાગીના પહેર, ઘી કેળાંના ભોજન કર, અને અનેક લષ્ટપુષ્ટ ઘરાકો સાથે અમનચમન કર, તારી જિંદગી સફળ !' ભાનભૂલી વેશ્યાને બિચારીને ખબર નથી કે આ તો પ્રાણના સાટે શીલને સાચવનારી મહાસતી છે.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**સુરસુંદરીની શીલ રક્ષણાર્થે વિચારણા :-**

ત્યાં સુરસુંદરી પોતાની કર્મ-વિટંબણા વિચારે છે.

**"કર્મે વેચાણી ઈહાં રે, વેશ્યા દુરજન સંગ;**
**ખલ પાસે રહેતા થકાં રે, શિયળ તણો હોય ભંગ,**
**રે ભવિયા ! કર્મ તણી ગતિ જોય. કર્મ સમો નહિ કોય રે, ભવિયા..."**

"અરે ! વિશુદ્ધ શીલને ધરનારી અને રાતદિવસ જિન-ધર્મનું રટણ કરનારી મારે ય આમ વેશ્યામાં ફસાવું પડે ? આ સૂચવે છે, કે કર્મ સમો સત્તાધીશ કોઈ નહિ. માટે મને વધુ સાવધાન થઈ જવા દે. આ બધા રૂપના ભૂતડાં ! ચામડીના સગા ! ભોગના ભિખારી ! વિષય સુખના દલાલ ! આવા દુર્જનના સંસર્ગમાં રહેવાય નહિ; કેમકે અહીં આવનારા કેવા ? ચામડીના ચળકાટના પતંગિયા, રૂપના ભમરા, અને દૃષ્ટિના ચોર ! એટલે પહેલું તો અહીંથી ન છૂટાય ત્યાં સુધી એકાંતવાસ જ કરવા દે, જેથી પહેલું તો પરપુરુષનાં દર્શનથી જ બચું."

સુરસુંદરીમાં શીલની વીરતા હતી, એટલે એને જરાય કુશીલના રંગરાગમાં લલચાવું નથી; તેથી વેશ્યાને કહે,- 'જો હું આવા આવા ત્રાસ વેઠીને આવી છું, તેથી હમણાં મને થોડા દિવસ એકાંતમાં શાંતિથી રહેવા દે.' કેમ વારુ ?

**પાપનાં કામ ખોરંભે નાખવાથી બચી જવાય. તેથી પાપમાં વિલંબ સારો; પણ ધર્મમાં ઉતાવળ સારી;**

નહિતર ધર્મ-ભાવના ચંચળ, તે ધર્મમાં વિલંબ કરવા જતાં પડી જાય, તો ધર્મ કરવો રહી જાય. વેશ્યાનું પાપ વિલંબમાં નાખ્યાથી સુરસુંદરી એકાંતમાં લાગ મળતાં એક દિવસ ભાગી છુટી, ને વેશ્યાના સકંજામાંથી બચી ગઈ ! શીલની વીરતા સાચવવા સુરસુંદરી બધાં પ્રલોભન છોડવા તૈયાર છે, બધી આપદા સહવા તૈયાર છે.

વાત આ છે,- આપણે જો વીરના સંતાન છીએ, તો આંતરશત્રુ સામે વીરતાનો અભ્યાસ કરનારા બનવાનું ને આંતરશત્રુને દબાવતા ચાલવાનું છે, ત્યાં જો નાના નાના દુઃખમાં કે તુચ્છ અગવડમાં આપણે મગજની સ્વસ્થતા ગુમાવીએ, દ્વેષ-અરતિ-શોક-ઉદ્વેગ કરીએ ને આ આંતરશત્રુથી હારી જઈએ, તો ત્યાં આ જોવા જેવું છે, કે-

ભગવાન મહાવીર પરમાત્માએ કેવા કેવા સંયોગોમાં અતુલ બળને અતુલ ધૈર્ય વાપરીને આ આંતરશત્રુઓ પરનો વિજય મેળવ્યો છે ! સંગમદેવતા ૬-૬ મહિના જાલિમ ઉપદ્રવો કરતો પૂંઠે પડ્યો, પરંતુ પ્રભુએ ધૈર્ય રાખી લેશ માત્ર ખેદ ન કર્યો, કે સંગમ પર દ્વેષ ન કર્યો ! એવું બીજે કામ-ક્રોધ રાગ-દ્વેષ-મોહ વગેરે



લેશ માત્ર ન કર્યા ! એમ આંતરશત્રુ કષાયોને સંપૂર્ણ જીતી લીધાથી **'વીર'** કહેવાયા. વીર પ્રભુના સાધક જીવનમાં એવા આંતરશત્રુ પર વિજયના અનેકાનેક પ્રસંગ છે. જે આપણું દિલ ચમકાવી દે એવા છે ! એ પ્રસંગ પ્રસંગને અહીં વિચારતાં વિસ્તાર થઈ જાય; પરંતુ એટલું ખરું કે **આંતરશત્રુથી હારે તે કાયર, અને આંતરશત્રુને જીતે તે વીર.** 'વીર' હોવામાં આ ત્રીજો હેતુ બતાવ્યો. હવે ચોથા હેતુની વાત-

**(૪) કેવલશ્રી સ્વયં વર્યાથી 'વીર.'**

ભગવાન મહાવીર એમ ને એમ નથી કહેવાયા. 'કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી પ્રભુને સ્વયં આવીને વરી, માટે પ્રભુ વીર કહેવાય છે.' પૂર્વે અસાધારણ ગુણસંપન્ન ક્ષત્રિય કન્યાઓના સ્વયંવર થતા; જેમકે, સીતાજી માટે સ્વયંવર થયેલ. એમાં એ કન્યાઓ જેના ગળામાં સ્વયં વરમાળા પહેરાવતી, એ વીર હતા તેથી એમને વરમાળા પહેરાવતી. કેવળલક્ષ્મીને પ્રભુએ યાચના નથી કરી કે તું મને વર. કેમકે મહાવીર પ્રભુ તો વીરતાથી પોતાની સાધનામાં રક્ત હતા, એકાકાર હતા, અને એમાં ઉચ્ચ કક્ષાએ પહોંચતાં એવા અનાસક્ત યોગવાળા બનેલા, કે એમને અનાસક્તિમાં હવે 'મને કેવળજ્ઞાન મળે,' એવી કશી ઝંખના નહોતી; છતાં કેવળજ્ઞાન પ્રગટ થયું ! ત્યાં એમ કહેવાય, કે પોતે કેવળજ્ઞાનની ઈચ્છા ન કરી કિન્તુ કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી સ્વયં આવીને પ્રભુને વરી.

**વફાદાર સંતોષી નોકરને શેઠ તરફથી ઈનામ સામે આવીને મળે છે, એમ અનાસક્ત યોગીને કેવળજ્ઞાન સામેથી આવીને મળે છે.**

કેવળલક્ષ્મી માયકાંગલાને નથી વરતી, એ તો આત્મ-વીરને વરે છે. જગતના શત્રુઓને દબાવવામાં, કે મહાન રજપુતાણી કન્યા જેને સ્વયં વરે એમાં, યા રાજ્યપાટ આદિ મહાસમૃદ્ધિ મેળવવાના પરાક્રમ ખેડવામાં જે પરાક્રમી છે તે વીર ખરા, પણ કહેવાના વીર છે.

સાચા વીર તો તે છે, કે જે જગતના સર્વ સુખને તુચ્છ નિસ્સાર નાશવંત અને મહા અનર્થકારી ગણી તેની પરવા છોડી દે છે, તેમજ સર્વ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરી સમભાવના માર્ગે નીકળે છે : અને પછી સામે ગમે તેટલા ઉપદ્રવો આવો કે પ્રલોભનો આવો, પરંતુ પોતાના આદરેલા સમભાવના માર્ગે સ્થિર રહે છે.

અને પછી સામે ગમે તેટલા ઉપદ્રવો આવો કે પ્રલોભનો આવો, પરંતુ પોતાના આદરેલા સમભાવના માર્ગમાં અડગ રહે છે; વળી એમ પોતાના માર્ગની સાધનામાં આગળ વધતાં યોગમાર્ગમાં શત્રુભૂત રાગદ્વેષ-મોહનો સંપૂર્ણ નાશ કરે છે, એ જ સાચા વીર છે; પછી ભલે કાયાથી દુબળા હોય. એવા સાચા વીરને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કેવળલક્ષ્મી સ્વયં વરે છે. બાકી તો જે જગતના સુખોના લંપટ છે, ને એમાં જ જે સાર દેખે છે, જેમને એના ત્યાગની ભાવના જ નથી, તેથી જ એને પોષનારા આરંભ-પરિગ્રહાદિના પાપોમાં જે કૂદે છે, અને રાગ-દ્વેષ મોહથી જે દબાયેલા રહે છે, એ માયકાંગલા છે. કેવળલક્ષ્મી આવા માયકાંગલાને વરતી નથી.

**'જિણાણં... તિણ્ણાણં...' નો ક્રમ અને ભાવ :-**

અહીં શાસ્ત્રકારે 'કેવળલક્ષ્મી સ્વયં વરે' તે કહીને એ સૂચવ્યું છે, કે કેમ જાણે કેવળલક્ષ્મી વરમાળા લઈને જ ઊભી છે, માત્ર તમે વીતરાગ થાઓ કે ઝટ કેવળલક્ષ્મી તમને વરી લે છે. આનો અર્થ એ, કે કેવળજ્ઞાન લાવવું છે. એટલે અનંતુ અજ્ઞાન ટાળવું પડશે, ને તે વીતરાગ બન્યા પછી જ ટળે, એટલે પહેલાં મોહને ટાળો, રાગ-દ્વેષાદિને ટાળો, પછી સહેજે અજ્ઞાન સર્વથા ટળી અનંતજ્ઞાન પ્રગટ થશે. એટલા જ માટે **'નમુત્થુણં'** સ્તુતિમાં પ્રભુને સ્તવવા માટે પહેલાં 'જિણાણં' કહ્યું, પછી 'તિણ્ણાણં', ને પછી 'બુદ્ધાણં' 'મુત્તાણં' કહ્યું.

**'જિણાણં'** એટલે કે જિનને અર્થાત્ રાગ-દ્વેષ-મોહને જીતનારને, યાને મોહનીય કર્મનો સર્વથા નાશ કરનારને, એ ૧૦મા ગુણઠાણાના અંતે જિન બને. પછી,

**'તિણ્ણાણં'** એટલે અજ્ઞાનના સાગરને તરી જનારને, અર્થાત્ સંપૂર્ણ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મનો નાશ કરનારને એ ૧૨ મા ગુણઠાણાના અંતે બને. પછી,

**'બુદ્ધાણં'** અર્થાત્ સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન પામેલાને. એ ૧૩ મા ગુણઠાણાના પહેલા સમયે બને; અને તે પછી કહ્યું,

**'મુત્તાણં'** અર્થાત્ સર્વ કર્મ ક્ષય કરી સંસારથી મુક્ત થયેલાને. એ ૧૪ મા ગુણઠાણાના અંતે બને.

આમ પહેલાં રાગાદિ મોહને જીતી લેવાનો ને વીતરાગ બનવાનું; પછી અજ્ઞાન-સાગર તરાય. સમુદ્રમાં મગરમચ્છના મોમાં કોઈ પકડાયો હોય, તો પહેલાં એણે મગરમચ્છના મોં પર મુક્કા-મુક્કી કરી એની પકડમાંથી છૂટવું પડે; પછી જ સમુદ્ર તરી જઈ શકાય. તરી ગયે એ કાંઠાનો પ્રકાશ પામે, અને પછી ઈષ્ટ સ્થાને પહોંચી શકે... એમ પહેલાં મોહરૂપી મગરની પકડમાંથી છૂટવું પડે, પછી અજ્ઞાન ટળે. આનો અર્થ એ, કે

પરમાત્મપણાની આડે અજ્ઞાન કરતાં રાગ-દ્વેષ એ પ્રબળ વિઘ્ન છે. માટે રાગદ્વેષ ટાળવા માટે પહેલો અને પ્રબળ પ્રયત્ન કરો. અહીં પૂછે,-

**પ્ર.**- તો શું રાગદ્વેષ ન ટળે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નહિ ભણવાનું ? ધર્મ-ક્રિયા નહિ કરવાની ?

**ઉ.**- સમ્યગ્જ્ઞાન જરૂર ભણવાનું, અને ધર્મક્રિયા પણ જરૂર કરવાની, પરંતુ



તે રાગદ્વેષ ટાળવાના ઉદ્દેશથી કરવાની. એટલે જ્ઞાનયોગ ક્રિયાયોગ સાધતાં સાધતાં આ જોતાં જ રહેવું પડે, કે 'હું દુન્યવી પદાર્થ અંગેના રાગદ્વેષ ઓછા કરતો ચાલું છું ને ?

**જ્ઞાન અને ક્રિયા એ રાગદ્વેષ ઓછા કરવા માટે જ છે.**

અને એ ચારિત્ર-જીવનમાં જ સહેલાઈથી બને; કેમકે ચારિત્ર લીધું એટલે જ પહેલાં તો ઘણાં ઘણાં રાગદ્વેષ કાઢી મૂક્યા. તે પછી રહ્યા સહ્યા રાગદ્વેષ જ્ઞાન ક્રિયાયોગ સાધતાં સાધતાં ટળી જાય. એટલે તો તીર્થંકર ભગવાન જનમથી અવધિજ્ઞાન જેવું મહાન જ્ઞાન ધરાવે છે, છતાં ચારિત્ર સ્વીકારે છે ? કેમકે ચારિત્ર લેવાય તો જ નિષ્પાપ જીવન બને. અર્થાત્ આરંભ-વિષય-પરિગ્રહ વગેરેનાં કોઈ પણ પાપ ઊભાં ન રહે, અને એ વિષય-પરિગ્રહાદિનાં પાપ ઊભાં ન હોય તો જ રાગદ્વેષને સાવ ઘસારે પાડી નાખવાનું સરળ બને; નહિતર તો એ પાપનાં નિમિત્તે રાગદ્વેષ કર્યે જ છૂટકો. પ્રભુ ચારિત્ર લઈને રાગદ્વેષના અનેક પ્રસંગોમાં રાગદ્વેષ ન કરવા તનતોડ મહેનત કરે છે, અને એ કરતાં સર્વથા રાગદ્વેષનો ક્ષય કરી વીતરાગ બને છે. એ બનવાનું સપાપ ગૃહસ્થ-જીવનમાં નહિ, પણ નિષ્પાપ ચારિત્ર-જીવનમાં જ કરે છે. તેથી કહો.

**ચારિત્ર એટલે પંડિતાઈ નહિ, પણ નિષ્પાપ જીવન, પવિત્ર જ્ઞાનાચારાદિ પંચાચારનું જીવન.**

પછી ભલે ચારિત્ર જીવનમાં મોટું કામ જ્ઞાન ભણવાનું રહે છે. છતાં કહેવાય શું ? **"ક્રોડ પૂર્વનું ચારિત્ર પાળ્યું" પણ "ક્રોડ પૂર્વ સુધી જ્ઞાન ભણ્યા" નથી કહેવાતું.** એટલે આજે જે કહે છે, કે 'અમે ચારિત્ર શું લઈએ ? અમે ભણ્યા નથી, ને હવે ઉંમર પાકી થઈ એટલે ભણી શકાય એમ નથી,' આ કહેનાર જાણે એમ જ સમજે છે કે **'ચારિત્ર એટલે પંડિતાઈ !' આ ભ્રમ છે,** વાસ્તવમાં,

**ચારિત્ર એટલે પંડિતાઈ નહિ,** કિન્તુ

**'ચારિત્ર એટલે નિષ્પાપ જીવન.'**

**ચારિત્ર કેમ લેવાતું નથી ?**

**કહો, આરંભ-વિષય-પરિગ્રહાદિનાં પાપ હૈયાને ખૂચતાં નથી. બાકી નહિ ભણ્યાનું તો બહાનું છે.**

**જેને પાપ ખૂંચે એને જ ચારિત્રની ભૂખ હોય.**

**જેને વિષયો અને હિંસાદિ પાપની પાછળના રાગદ્વેષ ખૂંચે એને જ ચારિત્ર ગમે.**

ચારિત્ર કેમ ગમે છે ? એટલા માટે કે એમાં સર્વ પાપના ત્યાગપૂર્વક



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પંચાચારનું જીવન જીવવા મળે છે, ને તેથી રાગદ્વેષ મરવા પડે છે. આમાં ક્યાં પંડિતાઈની વાત આવી ? શાસ્ત્ર નથી કહેતું કે 'ચૌદ પૂર્વ ભણ્યા હોય એને જ કેવળજ્ઞાન મળે.' અરે ! ૧૧ અંગ પણ નહિ ભણેલા, છતાં જ્ઞાનીની પાછળ પાછળ પંચાચારના માર્ગે ચાલતાં ચાલતાં કેવળજ્ઞાન પામી ગયેલા અનંતા !

શું પુંડરીક ગણધરની જેમ એમની સાથે અનશન કરનારા પાંચ ક્રોડ મુનિ બધા ય પંડિત બનેલા હતા ? ના, છતાં ગણધર ભગવાનની પાછળ પાછળ સંયમનું નિષ્પાપ જીવન અને પંચાચાર પાળવાના પ્રભાવે રાગદ્વેષ ઘસારે પડતા આવ્યા, તો ગણધર ભગવાનની હારોહાર સિદ્ધગિરિ પર અનશન કરીને સર્વથા રાગાદિનો ક્ષય કરી વીતરાગ બની ગયા ! પછી તો કેવળશ્રી અને મોક્ષશ્રી એમને સ્વયં વરી. રાગદ્વેષાદિ આંતર શત્રુઓનો જોરદાર વિધ્વંસ કરવા બેઠા ત્યારે એમણે 'મારે કેવળજ્ઞાન મેળવવું છે, મોક્ષ મેળવવો છે' એવી કોઈ ઝંખના રાખી નહિ. એના પર કશી દૃષ્ટિ જ ફેરવી નહિ. એમણે તો દૃષ્ટિ માત્ર રાગદ્વેષાદિના સંપૂર્ણ નિગ્રહ પર એ આંતર ખરાબીઓના સંપૂર્ણ વિધ્વંસ પર રાખી; તે એવી જોરદાર કે સંપૂર્ણ વીતરાગ બન્યા ત્યારે જંપ્યા, સાધક દશા પૂર્ણ કરી. મહાવીર પ્રભુએ ન તો આ વીતરાગ બનવામાં કે ન વીતરાગ બન્યા પછી કેવળજ્ઞાનની ઝંખના કરી, છતાં વીતરાગ બનતાં જ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા ! એ સૂચવે છે, કે સ્વયંવરની જેમ કેવળશ્રીએ સ્વયં એમને વરમાળા આરોપી, કેવળશ્રી એમને સ્વયં વરી.

'વીર' શબ્દની પાછળ કામ કરતા આ ચાર હેતુની વિચારણા અહીં વિસ્તારથી કરી, એમાં એ દેખાશે, કે મોક્ષાર્થી કોઈ પણ જીવને 'શી શી સાધના કરવી ? સાધના કેવી રીતે કરવી ?' એ વિચારવા માટે ને જીવનને ઉચ્ચ સાધનામય બનાવવા માટે આ વીરપણાના ચાર હેતુ અથવા 'વીર' શબ્દના ચાર અર્થ ખૂબ જ પ્રેરક છે. તેથી

આપણા જેવા અલ્પ સત્ત્વવાળા જીવોએ એને વારંવાર વિચારવા જેવા છે.

એટલા માટે પુનરુક્તિનો દોષ વહોરીને પણ અહીં ફરીથી સંક્ષેપમાં બીજી બીજી વિચારણાથી 'વીર' શબ્દના ચાર અર્થ જોઈ લઈએ. અહીં પહેલા હેતુમાં તપોવીર્યથી વિરાજતા તરીકે વિચાર્યું એના બદલે હવે 'મહાવીર્યથી વિરાજમાન' અર્થ લઈ વિચારશું.

**'વીર' શબ્દના ૪ અર્થ :**

(૧) 'વીર' એટલે જે મહાવીર્યથી વિરાજે છે, શોભે છે;

(૨) 'વીર' એટલે જે ૧૨ પ્રકારના તપથી કર્મોને વિદારે છે;



(૩) 'વીર' એટલે જે કષાયાદિ આંતરશત્રુ-ભાવશત્રુઓને જીતે છે; અને

(૪) 'વીર' એટલે જે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીએ જેમને સ્વયં વરવાથી વિક્રાન્ત છે, વિક્રમવાળા-પરાક્રમવાળા છે, પ્રસિદ્ધ છે.

ત્રિલોકનાથ ભગવાન મહાવીર પરમાત્માને નમસ્કાર કરતાં ઓળખી લેવા જોઈએ. શાસ્ત્રકાર અહીં ઓળખ આપે છે.

**મહાવીર્ય શેમાં ? પાપ-વિકલ્પો રોકવામાં :**

(૧) ભગવાન વીર છે. અર્થાત્ મહાવીર્યથી વિરાજતા છે. આ 'મહાવીર્ય' જગતમાં મોટા સમ્રાટ રાજાને કોઈ જીત મેળવવા માટે કરવા પડતા મોટા સંગ્રામનું વીર્ય નથી લેવાનું, કિન્તુ સંયમના મહાકષ્ટ તથા મોટા મોટા પરીસહો, ઉપસર્ગોની ભયંકર વેદના વખતે સામા પર દ્વેષ, અભાવ કે હાયવોય યા અસમાધિ ન થવા દેવાનું મહાવીર્ય લેવાનું છે, અને વિશેષમાં એ વખતે તત્ત્વ-ચિંતન સિવાય, બીજો કોઈ વિકલ્પ પણ મનમાં ન આવવા દેવો એવું જબરદસ્ત વીર્ય લેવાનું છે.

**પાપ વિકલ્પો રોકવાનું વીર્ય નાનુંસૂનું નથી.**

માણસ બહારમાં બધે તાકાત બતાવી શકે છે, પરંતુ પોતાના અંતરમાં પાપ વિકલ્પો અને મહાદુઃખ દીનતાના વિકલ્પો રોકવાની તાકાત નથી બતાવી શકતો. અરે ! 'આ દુઃખ ભારે' એટલો પણ વિચાર રોકવાની તાકાત નથી બતાવી શકતો તેથી દુન્યવી દુશ્મનના વિજેતાના મગજ પર આવા રાગભર્યા વિચાર ચડી બેસે છે.

મહાવીર પ્રભુનું મહાવીર્ય કેવું ? કે-

"આર્ય દેશમાં કષ્ટ ઓછા આવે છે, બહુ નહિ; અને હલકા અલ્પ પીડાના આવે છે, ભારે નહિ; ને ભારે કષ્ટ વિના ભારે કર્મ ખપે નહિ, અને મારે ભારે કર્મનો નીકાલ કરવાનો છે; તો લાવ, જાઉં અનાર્યદેશમાં, જેથી ત્યાં ભારે અને ઘણાં કષ્ટ આવે. તેથી મારાં ભારે કર્મ ખપી જાય." આટલું વિચારી અનાર્યદેશમાં વિચર્યા !

**અનાડી દેશમાં જઈ કષ્ટ વેઠવાનો વિચાર માત્ર કરવાનું વીર્ય પણ ફોરવવું કેટલું કઠિન છે !**

કેમકે અનાર્યદેશમાં અનાડી લોકો તરફના ત્રાસની કલ્પનામાત્રથી દિલ ભડકે એવું છે ! ત્યાં 'એ હું સહન કરું' એ વિચારવાની તાકાત લાવે ક્યાંથી ? ત્યારે પ્રભુએ તો એવું વિચાર્યું, તો કેવુંક વીર્ય એમનું ! વળી પ્રભુ તો માત્ર એકલો વિચાર કરીને બેસી ન રહ્યા, પણ ગયા અનાર્ય દેશમાં ! અને એમણે ૬-૬ મહિના સુધી અનાર્યો તરફથી ગડદા-પાટુ-સોટીઓના માર, અપમાન, તિરસ્કાર, શિકારી કૂતરાના બચકા... વગેરે રોજિંદા ભયંકર ત્રાસ સમતાભાવે ખુશમિશાલ સહન



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કરવાનું મહાવીર્ય દાખવ્યું !

એકી કલમે કોઈ મોટો ઉપદ્રવ સહી લેવો હજી સહેલો, પરંતુ આ રોજિંદા ભારે ત્રાસ ૬-૬ મહિના સુધી લગાતાર સહવા મહા કઠણ ! આવું ૬ મહિના નહિ, ૬ અઠવાડિયા નહિ, માત્ર ૬ દિવસ પણ સહવાની તાકાત કોની ? દુઃખ આવી પડે ને સહી લેવું એ જુદું; પણ પ્રભુએ એ સહર્ષ સહવાનું દુઃખ જાતે ઊભું કરીને સહ્યું ! ત્યારે ત્યાં એ સહવા કેટલું બધું વીર્ય દાખવ્યું ! માટે વીર પ્રભુ મહાવીર્યથી શોભતા કહેવાય.

**શત્રુ પર પ્રભુને કરુણાના આંસુ :-**

(૧) ત્યારે, જે સંગમ દેવતાએ પ્રભુની ઉપર એક રાતમાં મોટા ભયંકર ૨૦ ઉપસર્ગો વરસાવ્યા ત્યાં પણ 'આ દુઃખ દેનાર ખરાબ' યા 'આ દુઃખ ખરાબ' એટલો પણ વિકલ્પ મનમાં ન ઊઠવા દેવાનું વીર્ય ! અને પછી પણ (૨) ૬-૬ મહિના સુધી એણે પ્રભુને ભારે રંજાડ્યા, યાવત્ ગોચરીય લેવા દીધી નહિ, એમાં પ્રભુને ૬ માસના સળંગ ચોવિહારા ઉપવાસ થયા, એ વીર્ય. (૩) ત્યાં પણ 'ક્યાં સુધી આ દુઃખ ?' એટલું ય ન વિચારવાનું વીર્ય વિકસાવ્યું ! (૪) ને લેશ પણ ખેદ ન કરવાનું વીર્ય દાખવ્યું ! એવા એ સંગમના હારીને હવે જવા વખતે (૫) પ્રભુએ પોતાના દિલમાં એના પર એટલી કરુણા ઊભરાવી, કે એમાં પ્રભુની આંખમાં આંસુ આવ્યા ! સંગમદેવના ભાવી દુઃખ વિચારી 'આ બિચારાને કેટલાં બધાં નરકાદિનાં દુઃખ સહન કરવાના આવશે ! અરે ! એમાં હું નિમિત્ત બન્યો ? મારા શરીરનું નિમિત્ત પામી આ બિચારાએ એવાં પાપ કર્યાં ?' એમ વિચારી આ ભયંકર જુલ્મગાર ઉપર પણ આંખમાં આંસુ આવવા સુધીની આ કરુણાનું વીર્ય ફોરવ્યું !

આવા જીવલેણ દુશ્મન પર પણ મનમાં દ્વેષ ન લાવતાં આંખમાં આંસુ આવી જવા સુધીની કરુણા ચિંતવવી સહેલી છે ? ના, પણ વીર પ્રભુજીએ એ કરુણાનું વીર્ય પ્રગટ કર્યું ! તો એ કરુણા કરવાનું વીર્ય તાકાત કેટલી બધી જબરદસ્ત !

**પ્રભુએ પોતાને ગોવાળિયા દ્વારા ખીલા ઠોકાવામાં પોતે સહાય કરવાનું અનેરું વીર્ય :**

વળી મહાવીર પ્રભુએ આ અનેરું વીર્ય દાખવ્યું,- ગોવાળિયાને પ્રભુના બે કાનમાં ખીલા ઠોકવા હતા, પણ પ્રભુ કાંઈ ભીંતને અઢેલીને ધ્યાનમાં ઊભા નહોતા, કે જેથી માથું એક બાજુ ટેકાયેલું રહે તો બીજી બાજુ કાનમાં ખીલા ઠોકતાં એ અંદર કાન ફોડીને ઘુસી શકે. ત્યારે ત્યાં બીજો કોઈ ગોવાળિયો કે માણસ પણ હતો નહિ



કે જે જો બીજી બાજુ માથું સજ્જડ પકડી રાખે તો આ બાજુ કાનમાં ખીલો ઠોકીને અંદર ઘુસાડી શકાય. આ સ્થિતિમાં ગોવાળિયો એકલે હાથે વાંસના ખીલા પર ઘા ઠોકી ઠોકી એને શી રીતે પ્રભુના કાનની ઠેઠ અંદર ઘુસાડી શક્યો ? કેમકે ખીલા પર ઘા ઠોકતાં જ માથું બીજી બાજુ હલી જાય, પછી ખીલો અંદર જાય શી રીતે ? કહો,-

પ્રભુએ એને એનું ઈચ્છિત સધાવામાં સહાય કરી ! પ્રભુનું દિલ આવા ગોવાળિયા પર પણ વાત્સલ્ય ભરેલું હતું. એટલે 'આવ મારા ભઈલા ! તારે ખીલો ઠોકવો છે ને ? લે હું મારું માથું સજ્જડ બનાવી રાખું છું, ઠોક ખીલો.' એમ એના પર ઊભરાતા પ્રેમથી એને એના ઈષ્ટની સિદ્ધિ માટે પ્રભુએ પોતાનું માથું થાંભલાની જેમ સજ્જડ સ્થિર રાખ્યું ! અને પેલાએ આસાનીથી બે કાનમાં ખીલા ઠોકી ઠોકી કાન ફાડીને અંદર ઘુસાડી દીધા !

પ્રભુએ આ આપણી કલ્પના-બહારના સક્રિય વાત્સલ્યનું અને ભયંકર દુઃખ સહવાનું મહાવીર્ય દાખવ્યું ! આ જેવું તેવું વીર્ય છે ? પોતાના ઉપર દુશ્મનને એનો ભયંકર જુલ્મ વરસાવવામાં સહાયતા કરવાનું વીર્ય બીજા કોની મજાલ હતી કે દાખવી શકે ? અસ્તુ... માટે મહાવીર્યથી વિરાજતા પ્રભુ આ એક રીતે વીર હતા.

**(૨) બીજી રીતે 'વીર' તે કર્મોનું વિદારણ કરવાથી વીર હતા.**

પ્રભુએ ચારિત્ર લઈને કર્મોના ભુક્કા બોલાવવાનો ભેખ લીધો...

બાર પ્રકારના તપથી કર્મના ભુક્કા બોલાવ્યા ! એમાં છ બાહ્ય તપમાં (૧-૫) પ્રભુએ મહા અનશન, ઉનોદરી, વૃત્તિ સંક્ષેપ, રસ-ત્યાગ, ભયંકર પરીષહ-ઉપસર્ગ સહવા સુધીના કાયકષ્ટ સહ્યાં ! તેમજ ૧૨॥ વરસ સુધી સળંગ મૌન, ને લગભગ કાયોત્સર્ગ તથા તત્ત્વમાં માનસિક એકાગ્રતા ! - આ વાણી-કાયા અને મનની સંલીનતા રાખી ! સ્વાધ્યાય અને ધર્મધ્યાનની સાધનાઓ એવી ખેડી, કે ભયંકર કર્મો પણ માત્ર ૧૨॥ વરસમાં નષ્ટ થઈ ગયાં ! કર્મોનું વિશેષ રૂપે ઈરણ કર્યું, માટે પ્રભુ વિ+ઈર=વીર હતા 'ઈરણ' એટલે પ્રેરણા, જવાનો બળાત્કાર કર્મો પર કર્યો. કર્મોને કાયમ માટે ધકેલી દીધા. આ કરવામાં પ્રભુનો એકેક પ્રકારનો તપ અદ્ભુત અને વિશિષ્ટ કોટિનો હતો. અનશન તપમાં પ્રભુએ ૧૨॥ વર્ષમાં ૧૧॥ વર્ષ જેટલા તો ઉપવાસ કર્યા !

**વીર પ્રભુનો સંલીનતા તપ :**

'સંલીનતા' એટલે મન-વચન-કાયાને ગોપવી રાખવા. એમાં (૧) વાક્સંલીનતા એવી કે કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી સજ્જડ વાક્સંલીનતા રાખી. એટલે કે મૌન; પછી ભલેને હજાર વરસ મૌન રાખવું પડે ! (૨) કાયસંલીનતામાં

પણ કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી લગભગ કાયોત્સર્ગ-ધ્યાનમાં ખડા ખડા રહેવાનું !

**પ્રભુએ ગુફામાં બેઠા ધ્યાન કેમ ન ધર્યું ?**

ખૂબી કેવી, કે પ્રભુએ ગુફામાં રહી પદ્માસને બેઠા બેઠા ધ્યાન ન ધર્યું ! કેમકે એમાં એટલો કાયાનો રાગ ને કાયાની સુખશીલતાના રાગ-મમતા આસક્તિ પોષાય. પ્રભુને તો વીતરાગ થવું છે, એટલે આટલો પણ દેહાધ્યાસ દેહમમતા શા માટે પોષે ? તેથી ખડા ખડા કાયોત્સર્ગમાં રહી કાયાની સંલીનતા કરી ધ્યાન કર્યું ! આમાં (૩) મનની સંલીનતા પણ ઉચ્ચ કોટિની કરી ! મનને બીજા ત્રીજા કોઈ વિકલ્પમાં ન જવા દેતાં મનને નિશ્ચિત ચોક્કસ પ્રકારના એક વિષયના ધ્યાનમાં જ ગોપવી રાખ્યું ! આમ આપણી કલ્પનામાં ન આવે એવા વિવિધ બાહ્ય અભ્યન્તર તપથી પ્રભુએ કર્મોનું વિદારણ કર્યું ! વિધ્વંસ કર્યો ! માટે એ પ્રભુ વીર મહાવીર બન્યા. વળી,

**(૩) 'વીર' એટલે વિજેતા યોદ્ધા,**

પ્રભુ એવા બન્યા કે પ્રભુએ આત્માના જે સર્વોત્કૃષ્ટ શત્રુ કષાયો, એના પર વિજય મેળવ્યો ! આ જગતમાં જીવને પોતાના આંતર કષાયો કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ... વગેરે જેવા કોઈ શત્રુ નથી. નરકમાં એ લઈ જાય છે, બહારના શત્રુ નહિ, ત્યારે એ આંતરશત્રુને જીતવા પણ ભારે કઠણ છે.

**નમિ રાજર્ષિની વીરતા :**

નમિ રાજર્ષિના ત્યાગ-વૈરાગ્યની પરીક્ષા કરવા આવેલા ઈન્દ્રને એમણે આ જ કહ્યું, કે "સંગ્રામમાં જે હજારો-લાખો સુભટોને જીતે એના કરતાં પોતાના કષાય ભરેલા આત્માને જીતે, કાબુમાં લે, અર્થાત્ કષાયોનો સર્વથા નિગ્રહ કરે, એ મારે મન સાચો શ્રેષ્ઠ વીર છે ! શ્રેષ્ઠ વિજેતા છે."

**૯૮ પુત્રોની વીરતા :**

ઋષભદેવ ભગવાન પાસે ૯૮ પુત્રો ધા લઈને આવ્યા, કે 'મોટો ભાઈ ભરત અન્યાયી રીતે અમારા પર વર્ચસ્વ સ્થાપવા માટે લડવા ઈચ્છે છે. અમારે એનું નથી જોઈતું, પરંતુ જો એને અમારું લૂંટવું છે, ને લડાઈ કરવી છે તો અમે એને બતાવી દઈશું.' પરંતુ પ્રભુએ એ અઠ્ઠાણું પુત્રોને આત્માના ખરા શત્રુ જે આંતર શત્રુ કષાયો, એની ઓળખ કરાવી. ખાસ કરીને '(૧) અહંત્વ અને (૨) જડ ચેતન પદાર્થોની તૃષ્ણા-મમતા. એ આંતર શત્રુ આત્માની અનંત અનંત કાળથી કેટકેટલી ખરાબી કરતા આવ્યા છે, અને નરક નિગોદ સુધીનાં કેવાં દુઃખો દેતા આવ્યા છે !' એ સમજાવ્યું. ત્યાં અઠ્ઠાણું પુત્રોને લાગી ગયું, કે અરે ! તો પછી આપણે ભરતને શો દુશ્મન દેખીએ ? અને રાજયપાટ, મોહમાયા પર શી મમતા



રાખીએ ? તેમ વિષયોની શી તૃષ્ણા ઊભી રાખીએ ?...' એમ વિચારતાં એમણે મહાવૈરાગ્ય ઝળહળી ઊઠ્યો ! અને ત્યાં જ સંસાર ત્યાગ કરી પ્રભુ પાસે સાધુ દીક્ષા લઈ લીધી ! શત્રુ બનેલા ભરત પર વિજય મેળવવાને બદલે આંતર શત્રુ-કષાયો પર વિજય મેળવ્યો !

**ધરણી ધ્રુજતી, પ્રભુ અડોલ :-**

આમ મહાવીર પ્રભુ પણ કષાયો પર પરમ વિજય મેળવવાથી 'વીર' કહેવાયા. કષાયો પર પરમ વિજય કેવો ! કે સંગમ દેવતાએ પ્રભુના માથા ઉપર હજારો મણ વજનનું કાળચક્ર પછાડવા સુધીના ઉપસર્ગ કર્યા ! ઉપસર્ગ કેવા જાલિમ કે ધરણી ધ્રુજતી હતી, પરંતુ પ્રભુ અડોલ હતા ! અંતરની ક્ષમા-સમતા અને ધૈર્યમાં અડોલ હતા ! લેશમાત્ર પણ ગુસ્સો કે અકળામણ નહિ ! અરે ! 'હવે આ ત્રાસ ક્યાં સુધી ?' એવો ય લેશ માત્ર ખેદ નહિ ! અરતિ નહિ ! ઉપસર્ગકાળની હદ ? સંગમે જાલિમ ઉપસર્ગ કરતાં કરતાં છ છ મહિના થવા આવ્યા છતાં 'આ ત્રાસ બહુ ખરાબ ! હવે આ ક્યાં સુધી ?' એનો ખેદ કર્યો નહિ ! એવો કષાય પર નિગ્રહ કરેલો.

ગોવાળિયો,- 'તેં મારું સાંભળ્યું નહિ ? લાવ, તારા કાનમાં ખીલા ઠોકું છું' એમ બોલી કાનમાં ખીલા ઠોકવા આવે છે, પણ એની સામે પ્રભુએ 'હું જન્મીને તરતમાં લાખ જોજનનો મેરુ પર્વત ડોલાવનાર, હેં ? તારે મારા કાનમાં ખીલા ઠોકવા છે ? આમ આવ' એવો લેશ માત્ર ગુસ્સો કે અભિમાન ન કર્યું ! તેમ આ ઉપસર્ગથી પોતાની કાયાને બચાવી લેવાનો લેશમાત્ર લોભ ન કર્યો ! તેમજ સાધનામાં લેશમાત્ર પોતાની શક્તિ છુપાવવાની માયા ન કરી ! એવો હતો વીર પ્રભુનો કષાય પર વિજય ! તેથી વીર ગણાયા. આ પ્રભુ આપણા કષાય દબાવવા કેવું જબ્બર આલંબન ?

**(૪) કેવળશ્રી સ્વયં વરી :-**

પ્રભુનું 'વીર' નામ એટલા માટે પણ સાર્થક હતું, કે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રભુને સ્વયં સામે આવીને વરી ! 'સામે આવીને એટલા માટે કે 'મને કેવળજ્ઞાન મળે, મને કેવળજ્ઞાન મળે !' એવી સાધ્યની ઝંખના કર્યા વિના પ્રભુનું મન તો માત્ર સાધનામાં લીન હતું, અને કેવળલક્ષ્મી સામે આવી વરી ! વીર પુરુષને કન્યા સામી આવીને વરે, એ તો જેમ કોઈ રાજકન્યાના સ્વયંવરમાં વિક્રમી રાજકુમાર માત્ર રાધાવેધ સાધવામાં દત્ત-ચિત્ત બને, અને એ સધાતાં કન્યા સ્વયં સામે આવીને એના ગળામાં વરમાળા નાખી એને વરે, એના જેવું થયું. અહીં પ્રભુએ પોતાની કઠોર અને ઉગ્ર કષ્ટમય સાધનામાં દત્તચિત્ત બની વીતરાગિતારૂપ રાધાવેધ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

સાધ્યો ! એટલે કૈવલ્ય લક્ષ્મી સામે આવીને પ્રભુને વરી ! આવા વિક્રમી પ્રભુ હતા; એટલે એ વીર કહેવાયા.

**સદ્ભૂત સ્તુતિ :-**

વીરપણાનાં આ ચાર લક્ષણ ચાર ગુણ જેનામાં હોય એ દેવની 'વીર' તરીકેની સ્તુતિ એ સદ્ભૂત સ્તુતિ કહેવાય. પરંતુ જો એ ગુણો ન હોય એમની વીર તરીકે સ્તુતિ-સ્તવના કરાય, તો એ સદ્ભૂત નહીં, પણ કાલ્પનિક ઔપચારિક સ્તુતિ ગણાય. ઈતર લોકો પોતાના દેવોની સ્તુતિ કરે છે એ ઔપચારિક ગુણોથી કરે છે; પણ વાસ્તવમાં એ ગુણો એ દેવોમાં હોતા નથી; તેમજ કોઈ નાનો ગુણ હોય તો એની અતિશયોક્તિ કરીને મહાન ગુણ તરીકે સ્તુતિ કરે છે. ત્યારે વીર પ્રભુમાં તો વાસ્તવમાં એ સ્તવના ગુણો છે જ. એટલે જ વીર પ્રભુના એ વર્ણિત ગુણો 'અન્યાસાધારણ' છે, બીજા દેવોમાં ન મળે એવા. બીજા દેવો સરાગ હોય છે, સયોગ હોય છે, અયોગની એમને ગંધ સરખી નથી હોતી. આવા અદ્ભૂત અને સદ્ભૂત અસાધારણ ગુણોથી સ્તુતિ એ પરમાત્માપણાના ભાવની સ્તુતિ છે.

**જગતનાં સર્જન-સંહાર એ પરમાત્માપણાનો ભાવ નહિ :**

**ઈશ્વર જગત્કર્તા કેમ નહિ ? :-**

'પ્રભુ જગતના સર્જક છે, જગતના પાલક છે, અને સંહારક છે,''... વગેરે વગેરે ગુણોથી સ્તુતિ કરાય, એ ગુણો કાંઈ પરમાત્માપણાનો ભાવ નથી; કેમકે 'પરમાત્મા' એટલે શુદ્ધ આત્મા, ઘાતી કર્મોથી સર્વથા રહિત વીતરાગ સર્વજ્ઞ આત્મા. એમને હવે રાગ-દ્વેષ-અજ્ઞાન ન હોવાથી સર્જન પાલન-સંહાર કરવાનો હોય નહિ. રાગ નથી માટે દેવોને સ્વર્ગમાં લહેર કરાવવા સ્વર્ગનાં સર્જન કરવાનાં હોય નહિ; તથા નરકના જીવોને પીડવાનો દ્વેષ હોય નહિ; તેમજ 'જીવો પાપો કરશે તો, એમને કેવા ભાવીમાં દુઃખ અનુભવવા પડશે ?'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૮૪

## (૧૮) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

એનું અજ્ઞાન હોય નહિ; ને તેથી આરંભ-સમારંભ પરિગ્રહ વગેરેના ઉપદેશ આપે નહિ, યા એમાં પ્રેરક બને નહિ; તેમજ ભગવાનને એક બાજુ 'સર્વશક્તિમાન' માની બીજી બાજુ અજ્ઞાન-અબુઝ જીવોને પાપ કરતાં અટકાવવાની શક્તિ વિનાના માનવા પડે ! તેથી પ્રભુ એવા સર્વશક્તિમાન મનાય નહિ. તાત્પર્ય, બીજાઓ



અ-પરમાત્માની પરમાત્મા તરીકે સ્તુતિ કરે છે. એ સદ્ભૂત સ્તવ નથી, યથાર્થ સ્તવના નથી.

મહાવીર ભગવાન ઉક્ત ચાર વિશેષતાઓથી ખરેખર વીર છે, સાચા પરમાત્મા છે. તેથી એમની એ રીતે સ્તુતિ કરીએ એ ભાવસ્તવ કહેવાય. વીર પ્રભુની અષ્ટપ્રકારી પૂજા એ દ્રવ્યસ્તવ છે, અને યથાર્થ ગુણગાન એ ભાવસ્તવ છે.

**'ભાવસ્તવ'** એટલે પ્રભુના ગુણગાન દ્વારા કે પ્રભુની આજ્ઞાના સ્વીકાર અને પાલન દ્વારા આપણા ચિત્તમાં શુભ અધ્યવસાય ઉત્પન્ન કરવા તે. યોગદષ્ટિ૦ શાસ્ત્રકાર આવા વીર પ્રભુની ઈષ્ટદેવતા તરીકે સ્તુતિ કરે છે.

**પ્ર.**- વીર પ્રભુ ઈષ્ટ દેવતા શી રીતે ?

ઉ.- વીર ભગવાન શાસ્ત્રકારને ગુણથી ઈષ્ટ છે; અને ભગવાન ગુણપ્રકર્ષ રૂપ છે, ઉત્કૃષ્ટ ગુણમય છે, તેથી સહેજે પરમ ઈષ્ટ હોય. ગુણથી ઈષ્ટ એટલા માટે કે શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે મહાવીર ભગવાનને પોતાના ઈષ્ટ દેવ તરીકે પકડ્યા છે, તે પોતાના કાકા-મામાના થાય છે માટે નહિ; યા વીર પ્રભુ પોતાને દુન્યવી સુખ આપે છે માટે નહિ; કિન્તુ પોતાને ગુણો જોઈએ છે, ને એ માટે સામે ગુણોનો આદર્શ જોઈએ. વીર પ્રભુ એવા આદર્શ છે, તેથી પ્રભુને ઈષ્ટ દેવ તરીકે પકડ્યા છે. એમણે અન્યત્ર કહ્યું છે-

**पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

અર્થાત્ મને વીર ભગવાન પર પક્ષપાત નથી, કે કપિલ વગેરે ઈતર દર્શન-પ્રણેતા પર દ્વેષ નથી; છતાં ય વીર પ્રભુને એટલા માટે પકડ્યા છે, કે જેનું વચન યુક્તિ-યુક્ત હોય એને ઈષ્ટ આપ્તજન તરીકે પકડવા જોઈએ,- એવો શિષ્ટોનો નિયમ છે. આમ આમાં એમણે વીર ભગવાનનો **'યથાર્થ વક્તૃત્વ'** ગુણ લઈને એમને પોતાના ઈષ્ટ દેવતા તરીકે માથે ધર્યા. એમ ધૈર્ય-ગાંભીર્ય-ઔદાર્ય-સહિષ્ણુતા-ક્ષમા-સમતા-અહિંસા-સંયમ-તપ વગેરે પોતાને જોઈએ છે માટે એના આદર્શભૂત વીર પ્રભુને ઈષ્ટદેવ તરીકે પકડ્યા છે.

❀ ❀ ❀

## • ઈચ્છાયોગનો ધર્મ •

ભવાભિનંદી એટલે કે સંસાર-રસિયા જીવો ઓઘદષ્ટિમાં રમનારા હોય છે. એમને બસ સંસારનો જ રસ હોય છે. એમાં 'મારા આત્માનું શું થશે ?' એવો



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કોઈ ભય કે વિચાર પણ હોતો નથી. આવા આત્મવિમુખ જીવોને 'યોગદૃષ્ટિ૦' શાસ્ત્ર સાંભળવાની કોઈ રુચિ કે ઇચ્છા થાય નહિ એવાને તો મન 'બસ, ધનમાલ-ખાનપાન-સત્તા સન્માનાદિ એટલે સર્વસ્વ', તે એમાં જ લયલીન રહે છે. કદાચ 'યોગદૃષ્ટિ સાંભળવા આવનારને સારી પ્રભાવના મળે છે ?' તો એની લાલચે આવે ને સાંભળે; અથવા 'યોગદૃષ્ટિ' ભણી લેવાથી પછી વિદ્વાન તરીકેની કીર્તિ મળે એવી છે ? તો ભણે. પરંતુ એમાં વાસ્તવમાં એમણે યોગદૃષ્ટિનું શ્રવણ અને સમજ નથી કર્યા. એમણે તો પૈસા-માનપાન વગેરેનાં સાધનનું શ્રવણ અને સમજ કર્યા ! એટલે એવા ભવાભિનંદી જીવ વાસ્તવમાં આના શ્રોતા ય નથી, અને બોધ પામનારા ય નથી, તેમજ યોગદૃષ્ટિમાં પ્રવૃત્તિ કરનારા ય નથી. જ્યારે ઓઘ દૃષ્ટિમાંથી બહાર નીકળ્યા હોય ને યોગદૃષ્ટિમાં પ્રવેશ યોગ્ય બન્યા હોય, એવા જીવો આ શાસ્ત્રના સાચા શ્રોતા બને છે, તેમજ એમને જરૂર આમાંથી બોધ મળે છે. અને એ તદનુસાર પ્રવૃત્તિ પણ કરે છે, તથા આગળ વધતા ઠેઠ મોક્ષ ફળ પણ પામે છે.

## • ઔચિત્ય-પાલનનું મહત્ત્વ •

અહીં આ શાસ્ત્ર-પ્રકરણના પદાર્થોના જ્ઞાનથી ઔચિત્ય પૂર્વક એમાં પ્રવૃત્તિ કરવાનું અને એને પરંપરાએ મોક્ષ-સાધક બનવાનું કહી શાસ્ત્રકારે ઔચિત્ય પર પણ ભાર મૂક્યો, એ ખાસ લક્ષમાં લેવાનું છે. ઔચિત્ય બીજે પણ કેવું જરૂરી ગણ્યું એ જુઓ. આગળ પર પણ કહેવાના છે કે

જીવ ચરમાવર્ત-ચરમ પુદ્‌ગલપરાવર્ત યાને મોક્ષે જવાના છેલ્લા પુદ્‌ગલ-પરાવર્ત કાળમાં આવે ત્યાં સાથે અનાદિનો સહજ મળ અર્થાત્ અનાદિથી સાથે લાગેલો તીવ્ર રાગ-દ્વેષનો મળ સારો ઘસારે પડેલો હોય છે; એટલે ત્યાં એનામાં દુઃખિત જીવો પર અત્યંત દયા, ગુણવંત પર અદ્વેષ, એ બે ગુણની જેમ 'ઔચિત્ય પૂર્વક સેવન' ગુણ પ્રગટવાનું કહ્યું છે. એમાં ઔચિત્ય જરૂરી ગણ્યું. એવીરીતે જીવ સમ્યગ્દર્શન પામે એની પૂર્વે અપુનર્બંધક દશા પામે છે. પૂર્વાચાર્યોએ એના પણ ત્રણ ગુણમાં એક ગુણ ઔચિત્ય બતાવ્યો.

**અપુનર્બંધક જીવ કેવો હોય ?**

**पावं न तिव्वभावा कुणइ, न बहुमन्नइ भवं घोरं ।**
**उचियं ठिइं च सेवइ, सयाऽपुणबंधगो जीवो ॥**

અર્થાત્ (૧) તીવ્રભાવે પાપ ન કરે, (૨) ઘોર સંસાર પર બહુમાન ન કરે, અને (૩) સદા ઉચિત સ્થિતિનું પાલન કરે, એવો અપુનર્બંધક જીવ હોય છે.



ઉપા૦ યશોવિજયજી મહારાજે પણ અમૃતવેલિની સજ્ઝાયમાં આનો અનુવાદ કર્યો :

**"પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે,**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે,**
**ચેતન જ્ઞાન અજવાળિયે."**

આમાં પણ ઉચિત સ્થિતિ યાને ઔચિત્ય સેવવાનું કહ્યું. ત્યારે, અહીં યોગદૃષ્ટિ શાસ્ત્રના પદાર્થમાં પ્રવૃત્તિ પણ ઔચિત્યપૂર્વક કરવાનું કહે છે.

આ સૂચવે છે કે જીવનમાં ઔચિત્યપાલન કેટલું બધું જરૂરી છે ! પાછું ઔચિત્ય પણ ક્યાં ક્યાં જાળવવાનું ? તો કહ્યું **'સર્વત્ર'** જીવનના બધા જ ક્ષેત્રમાં ઔચિત્ય જાળવવાનું. આ સૂચવે છે કે આપણા બોલ, આપણી મુખમુદ્રા, આપણો જીવનવ્યવસાય, આપણી ચાલ, આપણા વ્યવહાર અને સૌની સાથેના આપણા ચાલ, આપણા વ્યવહાર અને સૌની સાથેના આપણા સંબંધ વગેરેમાં બધે ઔચિત્ય નહિ ચુકવાનું બતાવ્યું. પ્રસંગવશાત્ અહીં અપુનર્બંધક દશાની વાત આવી તો એને જરાક વિચારી લઈએ, કેમકે એને સમકિત પહેલાં પ્રાપ્ત કરવાની છે. સમકિતનો ફાંકો રાખતા હોઈએ તો પહેલા આ જોવાનું છે કે આપણામાં આ અપુનર્બંધક દશાના ત્રણ ગુણ આવ્યા છે ?

## • અપુનર્બંધક દશાના ૩ ગુણ •

### (૧) તીવ્ર ભાવે પાપ ન કરે :-

જીવ સંસારમાં બેઠો છે, અને સંસાર એટલે પાપનું ઘર, એટલે પાપ કર્યા વિના સંસારમાં ચાલવાનું નથી, પાપ કરવા પડવાના છે; પરંતુ તે તીવ્ર ભાવથી કરે નહિ; અર્થાત્ નિર્ધ્વંસપણે રાચીમાચીને કરે નહિ. મનને એમ ન થાય કે 'સંસારમાં બેઠા એટલે પાપ-બાપ શું ? એ તો કરવા જ જોઈએ. ચાલો ઉપાડો કરવાનું.' આ વૃત્તિ નિર્ધ્વંસ ચિત્તપરિણામ છે. પછી ત્યાં પાપ ભલે નાનાં હોય, પરંતુ રાચીમાચીને કરે એટલે મોટા થઈ જાય. ત્યારે ક્ષત્રિય રાજાને કદાચ દુશ્મન રાજા ચડાઈ લઈને આવ્યો તેથી એની સામે ખૂનખાર લડાઈ લડવી પડી, તો એમાં પંચેન્દ્રિય મનુષ્યો સુધીની હિંસા છે એટલે એ મોટાં પાપ છે, પરંતુ જો એના દિલમાં નિર્ધ્વંસતા નિષ્ઠુરતા નથી, પાપને પાપરૂપે ન માનવાનું નથી, મનને ઊંડાણમાં એમ છે કે 'કેવો ગોઝારો રાજ્યપાટનો સંસાર ! કે આવા ઘોર હિંસાના પાપ કરાવે છે તો ત્યાં પાપમાં નિર્ધ્વંસતા યાને તીવ્રભાવ ન હોવાથી એ મહાહિંસાદિ પાપ પણ નાનાં પાપ થઈ જાય છે.

**પાપ કેવું છે એના મહત્ત્વ કરતાં પાપ કેવા ભાવથી કરો છો એ વધારે મહત્ત્વનું છે.**

તીવ્રભાવથી પાપ કરો એટલે ત્યાં સમકિત તો નહિ, પરંતુ અપુનર્બંધક અવસ્થા પણ ન રહે; ત્યાં મિથ્યાત્વ મંદ ન હોય, પણ ગાઢ મિથ્યાત્વ હોય. માટે ત્યાં નાનું પણ પાપ મોટું કહેવાય, પ્રબળ કહેવાય.

દિલમાં પાપનો ખેદ હોય ત્યાં પાપસેવન તીવ્રભાવે અર્થાત્ નિર્ધ્વંસપણે નહિ સેવાય. સંયોગવશાત્ પાપ કરવા પડે છે. માટે કરે છે, પણ પાપ કરવાનો રસ નથી, હોંશ નથી. એ અપુનર્બંધક દશામાં આવેલા જીવની વિશેષતા છે, ને એ મિથ્યાત્વ મંદ પડ્યું અને અનંતાનુબંધી કોટિના રાગ-દ્વેષ મંદ પડ્યા એટલે એ વિશેષતા આવી છે કે પાપ તીવ્રભાવે રાચીમાચીને નિર્ધ્વંસપણે નથી કરતો. એમ બીજો ગુણ ઘોર સંસારને બહુ માને નહિ.

(૨) **સંસાર ઘોર, એના પર બહુમાન નહિ :-**

**સંસાર ઘોર કેમ ?**

અપુનર્બંધક દશા પામેલો જીવ સંસારમાં પહેલી તો જન્મમરણની ઘોર વિટંબણા અને નાલેશી દેખે છે. સંસારમાં પરાધીનપણે ગમે તે ગતિમાં જનમવું પડે એ વિટંબણા છે. એમાંય જીવ હમણાં દેવ છે, સુગંધમય વાતાવરણમાં જ રહેનારો; પરંતુ દેવ મરીને હવે કદાચ જો ભુંડ તરીકે જનમવું પડે તો જીવની કેવી વિટંબણા ને નાલેશી ? ત્યાં કેવી દુર્દશા ? એને દુર્ગંધમય વિષ્ઠા જ ખાવામાં રસ પડે ! સંસારમાં અનિચ્છાએ પણ આવા જનમમાં પૂરાવું પડે એ વિટંબણા નથી ? એમ જીવ સંસારમાં મોટો ઇંદ્ર કે ચક્રવર્તી બન્યો હોય, પરંતુ એને ય સર્વનાશસર્જક મૃત્યુ પામવું પડે ! એય કેવી વિટંબણા ? સંસારમાં આવા સર્વવિનાશ સર્જનારા મરણ જીવ અનંતીવાર પામ્યો, ને હજી એવા મરણ ઊભા છે, તો શું એ વિટંબણા નથી ? ત્યારે સંસારમાં બીજી રોગ-શોક-દુઃખ-દારિદ્ર્ય-અપમાન, તિરસ્કાર-ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ વગેરે વિટંબણાઓ કેટલી બધી ? માટે આવો વિટંબણાભર્યો ને નાલેશીભર્યો સંસાર ઘોર છે, ભયાનક છે; સોહામણો નહિ, પણ બિહામણો છે. તેથી અપુનર્બંધક જીવને આવા ઘોર સંસાર પર બહુમાન ન હોય, ગ્લાનિ હોય; નિરાંત ન હોય, અકળામણ હોય. જરાક શાંતિથી બેસીને સંસારનો વિચાર કરાય તો સંસાર જરૂર એવો ઘોર જ લાગે; ને એ ખરેખર ઘોર લાગે તો જીવ સ્વાત્માનું હિત સાધી લેવા ઊભો થઈ જાય; કેમકે સમજે કે

**વિટંબણા અને નાલેશીભર્યા સંસારમાં માનવજીવન આત્મહિતનું અજવાળું કરી લેવા માટે જ જીવવાનું છે :**



**કલકત્તાના યુવાને દીવો કર્યો :-**

બહુ વર્ષો પૂર્વે કલકત્તામાં એક ૩૦ વરસની ઉંમરનો યુવાન રહે. એને એક મોડી સાંજે અંધારું થયે એની ૧૦ વરસની બેબી કહે :

'બાબુ ! અંધારું થયું ને હજી દીવો નથી કર્યો ?'

બસ, આટલા જ બોલ પર એ યુવક વિચારમાં પડી ગયો કે 'આ બેબી શું કહે છે ? હજી દીવો નથી કર્યો ? ખરેખર આ જિંદગીનાં ૩૦-૩૦ વરસ ભગવાનના ભજન વિના મોહમાયાની વેઠમાં એટલે અંધારામાં વહી ગયા ! આત્માનું કશું હિત સાધ્યું નહિ ? હજી ભગવદ્ ભજનનો દીવો નથી કર્યો ? તો આત્મહિતનું અજવાળું ક્યારે કરવાનું ? જન્મ-મરણાદિ મહા વિટંબણાભર્યા સંસારમાં માંડ અહીં મનુષ્ય-અવતારમાં આવ્યો, કે જ્યાં મોહમાયાની વેઠ મૂકી ભગવદ્ ભજન કરી શકાય; અને તો જ વારંવારના જનમ-મરણની વિટંબણાનો અંત આવે. તે ૩૦-૩૦ વર્ષ ગયા, હજી સુધી ભગવદ્ ભજનમાં લાગ્યો નહિ ?' બેબીના કહેવા હિસાબે એણે બાહ્ય દીવો તો સળગાવ્યો, પણ અંતરમાં દીવો કરવાની લગન ઊભી કરી. યુવાન પોતાની પત્નીને કહે :

'સાંભળ્યું ? આ બેબી શું કહે છે ? અંધારું થયું, હજી દીવો નથી કર્યો ? આ ઉત્તમ મનુષ્ય-જનમમાં મોહ-માયાના અંધારપટમાં ૩૦-૩૦ વરસ નીકળી ગયા, હજી ભગવદ્-ભજનનો દીવો નથી કરવો ?'

પત્ની પણ આર્યદેશ આર્યકુળની હતી.

એણે કહ્યું 'જરૂર દીવો કરવો છે.' પતિ કહે ક્યારે ?

પત્ની કહે : 'તમે કહો ત્યારે.'

પતિ : 'સારામાં સો વિઘન. માટે આવતી કાલે જ અહીંનું મૂકી દઈ વૃંદાવનમાં જઈ જીવન ભગવદ્ ભજનમાં જ ગાળીએ.'

બસ, બીજી સવારે બધી મિલકત ધર્માદા કરી દઈ ત્રણેય ગયા વૃંદાવનમાં ! અને ભગવદ્-ભજનમાં જ જિંદગી પસાર કરી.

કેમ વારુ ? સંસાર જન્મ-મરણાદિ અનેક વિટંબણા તથા નાલેશીભર્યો; તેથી એને બહુ માન્યો નહિ, એના પરનો આદર ઊઠી ગયો; એટલે ભગવદ્ ભજનમાં લાગી ગયા.

(૩) **ઉચિત સ્થિતિનું સેવન :-**

વાત આ હતી કે ઔચિત્યપાલનને કેટલેય ઠેકાણે અતિ જરૂરી ગુણ કહ્યો છે. બીજા ગુણ મેળવો, પણ સાથે ઔચિત્ય ચૂકશો નહિ. આ સૂચવે છે કે આપણે જો ખરેખર ધર્મસન્મુખ બન્યાં હોઈએ તો આપણા બોલ અને આપણી ચાલમાં ક્યાંય



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

અનુચિત ન આવવું જોઈએ. આપણા શબ્દ, આપણી પ્રવૃત્તિ, આપણા ધંધા-ધાપા અને બીજા સાથેના વ્યવહાર ઔચિત્યભર્યા હોવા જોઈએ.

**રાજા ગુણસેનમાં ઔચિત્ય :-**

એટલે જ જુઓ સમરાદિત્ય કેવળી પૂર્વના પહેલા ભવમાં રાજા ગુણસેન, તે રાજ્ય છોડી ભાવથી સંસાર ત્યાગ કરીને ધ્યાનમાં બેઠા છે, ત્યાં દુશ્મન બનેલ અગ્નિશર્મા-તાપસ દેવ થઈ અહીં આવી ગુણસેનની ઉપર અગ્નિમય રેતીનો વરસાદ વરસાવે છે ! ત્યાં મહાત્મા બનેલા ગુણસેન પોતાના જીવનનો સ્ટોક લે છે, જીવન પ્રસંગોની આલોચના કરતા વિચારે છે કે,-

'આ જીવનમાં પેલા તાપસને મારાં કારણોના નિમિત્તે ત્રણવાર પારણું અટક્યું, એ એક અનુચિત આચર્યું નથી, અને એમાં પરમદયાળુ ગુરુદેવ મળ્યા ને મને સંસારમાં અતિ અતિ દુર્લભ એવો જૈન ધર્મ પમાડ્યો ! જિનવચન પમાડ્યા ! તો હવે હે જીવ ! ઉપશમ ભાવ જ આદરવાનું કહેનારા આ અમૃતસમા જિનવચનને પામેલા સફળ કરજે.'

આમાં પહેલું શું વિચાર્યું ? આ જીવનમાં એક અનુચિત સિવાય બીજું કશું અનુચિત આચર્યું નથી. એ વિચાર બતાવે છે કે જીવનમાં ઔચિત્ય કેટલું બધું જરૂરી છે !

## ૪ પ્રકારના યોગી :

અલબત આમ તો 'યોગી' ચાર પ્રકારે છે, 'યોગી' શબ્દ ચાર ઠેકાણે વપરાય છે; પરંતુ આમાં પહેલો ગોત્ર યોગી તો નામથી યોગી છે.

(૧) ગોત્ર યોગી, (૨) કુળ યોગી, (૩) પ્રવૃત્તચક્ર યોગી, (૪) નિષ્પન્ન યોગી.

આનું વિસ્તૃત વિવેચન આગળ પર આ ગ્રંથના છેડે આવશે. તેથી અહીં સામાન્ય સ્વરૂપ જોઈએ,

**(૧) ગોત્ર યોગી :** આમાં 'ગોત્ર યોગી' તે કે જેમના માત્ર ગોત્ર-નામ 'યોગી' છે એટલું જ, પરંતુ વાસ્તવમાં યોગ સાથે એમને ને એમના કુળને કશી નિસ્બત નથી. પેઢીઓ પૂર્વે એ વંશમાં યોગ સધાતા હશે, પરંતુ પછીથી એ સાધના નીકળી ગઈ ને માત્ર 'યોગી' ગોત્ર-નામ રહ્યું.

**(૨) કુળ યોગી :** 'કુળ યોગી' તે કે જે યોગીના કુળમાં જન્મેલા હોય અને યોગીના પ્રારંભિક ગુણોને અનુસરનારા હોય; દા.ત.

(i) પોતાની માન્યતા પર એવો આગ્રહ નહિ કે એ માન્યતા વિનાના લોકો પર દ્વેષ થાય; એટલે સર્વત્ર દ્વેષ વિનાના; તેમજ



(ii) ધર્મના પ્રભાવે ગુરુ પર ઈષ્ટદેવ પર, અને સાધર્મિક પર પ્રીતિવાળા હોય. એ આ કુળ યોગીને પ્રિય લાગે; તથા

(iii) સ્વભાવે કરીને દયાળુ, અર્થાત્ દયાળુ સ્વભાવવાળા; કેમકે હવે ક્લિષ્ટ પાપ ઉદયમાં નથી, કે જે હૈયું નિર્દય-નિષ્ઠુર બનાવે; વળી

(iv) વિનીત અર્થાત્ સારા વિનયભાવવાળા હોય; કેમકે એ શુભ અનુબંધવાળી લાયકાત લઈને આ જનમમાં આવેલા હોય છે. અશુભ અનુબંધ અર્થાત્ અશુભ સંસ્કાર લઈને આવ્યા હોય એવાને વિનય ન આવડે, ઉદ્ધતાઈ આવડે; તથા

(v) સમ્યગ્ બોધવાળા બનેલા હોય; કેમકે એમણે રાગદ્વેષની ગ્રંથિ ભેદી હોય છે. નહિતર ગ્રંથિનું જોર તો એવું કે સમ્યગ્ બોધ પામવા જ ન દે; તેમજ

(vi) ઈન્દ્રિયોનું સંયમન-દમન-કરનારા હોય; કેમકે કંઈક પણ ચારિત્ર ભાવ આવ્યો હોય. આવા ગુણસંપન્ન એ કુળયોગી કહેવાય છે.

(૩) **પ્રવૃત્તચક્ર યોગી :**

પ્રવૃત્તચક્ર યોગી તે છે જેમને યોગચક્રમાં પ્રવૃત્તિ શરૂ થઈ છે. એ ઉપરોક્ત ગુણોવાળા તો હોય જ, પરંતુ વધારામાં,- યમ નિયમ વગેરે અષ્ટાંગ યોગ સમૂહમાં પ્રવૃત્તિ હોય. એમાં

(i) 'ઈચ્છા' યમ અને 'પ્રવૃત્તિ' યમને સાધનારા હોય; અને

(ii) બાકીના બે 'સ્થૈર્ય' યમ અને 'સિદ્ધિ' યમની તીવ્ર આકાંક્ષાવાળા હોય કે 'એ કેમ પ્રાપ્ત થાય ?' એટલા માટે

(iii) એના સમ્યગ્ ઉપાયમાં પ્રવર્તમાન હોય; તથા

(iv) શુશ્રુષા આદિ બુદ્ધિના ૮ ગુણોવાળા હોય.

**બુદ્ધિના ૮ ગુણ અર્થાત્ તત્ત્વજ્ઞાનનાં ૮ સોપાન**

**१ शुश्रूषा, २ श्रवणं चैव, ३ ग्रहणं, ४ धारणं तथा ।**

**५ ऊहोऽ ६ पोहोऽ ७ र्थविज्ञानं, ८ तत्त्वज्ञानं च धीगुणाः ॥**

આમાં પહેલો ગુણ (૧) 'શુશ્રૂષા', એટલે કે તત્ત્વ સાંભળવાની તીવ્ર તાલાવેલી હોય; અને (૨) તત્ત્વવાણીનું શ્રવણ કરે, સાંભળે ત્યાં તત્ત્વ સાંભળતાં સાંભળતાં (૩) તત્ત્વનું 'ગ્રહણ' એટલે કે સમજવાનું કરશે. હવે શ્રવણ વખતે સમજી લીધું એટલેથી બસ નથી, કિન્તુ જે સમજતા જવાય એનું (૪) 'ધારણ' અર્થાત્ દિલમાં ટકી રહે, ભુલાઈ ન જવાય, એવું સ્થાપન કરવું જોઈએ. એ પછી એ ધારણા કરી રાખેલ તત્ત્વ પર (૫) 'ઊહ' અને (૬) 'અપોહ' કરાય. 'ઊહ'

એટલે કે સાંભળી ધારી રાખેલ તત્ત્વનું સમર્થન થાય, તત્ત્વની હિતકારિતા સિદ્ધ થાય એવી વિચારણા કરવી. તે અનુકૂળ તર્ક-દૃષ્ટાંત અને લાભદૃષ્ટિથી વિચારણા કરવી જોઈએ. તેમજ 'અપોહ' અર્થાત્ તત્ત્વથી પ્રતિપક્ષી વસ્તુ દા.ત. અહિંસાની સામે હિંસા કેવી કેવી રીતે અહિતકર એની તર્ક-દૃષ્ટાંત અને ગેરલાભની દૃષ્ટિથી વિચારણા કરવી જોઈએ. એ પછી (૭) 'અર્થ વિજ્ઞાન' થાય એટલે કે તત્ત્વ પદાર્થનો ભ્રમ-સંશય વિનાનો ચોક્કસ રૂપનો નિર્ણય કરી લેવાનો. અંતે (૮) 'તત્ત્વજ્ઞાન' અર્થાત્ પદાર્થ-નિર્ણય થવા પર વસ્તુના રહસ્યનું જ્ઞાન વસ્તુના ઐદંપર્યનું તાત્પર્યનું જ્ઞાન. દા.ત., 'અહિંસા હિતકર' એમ પદાર્થ-નિર્ણય થવા પર હવે હિંસા અત્યંત ત્યાજ્ય હોવાનો નિર્ણય થાય, તેમજ 'જીવ જે હિંસાના પરિણામમાં પોતાના સ્વભાવથી ખસી વિભાવમાં જાય છે, તે હવે વિભાવમાંથી ખસી આ અહિંસાથી પોતાના સ્વભાવમાં આવે,' એવા તાત્પર્યનો બોધ થાય, એ તત્ત્વજ્ઞાન કહેવાય.

માણસે પોતાની બુદ્ધિનો વિકાસ કરવો હોય તો આ 'શુશ્રૂષા'થી માંડી આઠમા સોપાન 'તત્ત્વજ્ઞાન' સુધી ચડીને વિકાસ કરી શકે; તેથી આ આઠ સોપાન બુદ્ધિને ઉપકારક છે, ગુણકારી છે, માટે એ આઠને 'બુદ્ધિના ગુણ' કહેવામાં આવે છે.

(૪) **નિષ્પન્ન યોગી** એટલે જેમને યોગ સિદ્ધ થઈ ગયો છે તે.

## • ઈચ્છાયોગાદિ ૩ યોગ •

'યોગ' એટલે કોઈ પણ ધર્મસાધના ત્રણ કક્ષાની હોય,- (૧) ઈચ્છા યોગ, (૨) શાસ્ત્ર યોગ, અને (૩) સામર્થ્ય યોગ.

આમાં ઈચ્છાયોગ એટલે માત્ર ઈચ્છા નથી સમજવાની પરંતુ સ્વતઃ અર્થાત્ કોઈ લાલચ વિનાની ધર્મસાધનાની ઈચ્છા પૂર્વકનો ધર્મ સધાય એ ઈચ્છા યોગ છે.

**ઈચ્છાયોગમાં ચાર ખાસિયત :-**

(૧) કરવાની ઈચ્છા, (૨) શાસ્ત્રશ્રવણ, (૩) કર્તવ્યબોધ અને (૪) પુરુષાર્થ,- ખાસ આ ચાર ખાસિયત ઉપર આત્મા ધર્મયોગનો અધિકારી છે, એમ કહેવાય. પણ પ્રમાદમાં હોવાથી યોગ વિકલ-ખોડખાંપણ દશાનો હોવાને લીધે ઈચ્છાયોગની સ્થિતિમાં છે. શાસ્ત્રયોગી તો પ્રમાદ નહિ સેવવાનો; આત્મસત્ત્વથી પ્રમાદ ત્યજવાનો. તેથી તેનો ધર્મયોગ વિકલ નહિ થવાનો, પણ સકલ-સંપૂર્ણ શાસ્ત્રાનુસારી થવાનો. 'શાસ્ત્રાનુસારી' એટલે શાસ્ત્રે જેવા કાળને, ક્ષેત્રને, દ્રવ્યને, અને ભાવને સાચવીને ધર્મ કરવાનો કહ્યો છે, તે મુજબ બરાબર સાચવીને કરનારો હોય.



કાયોત્સર્ગયોગ કરવાનો, એટલે પછી કાયોત્સર્ગના દોષો વિનાનો અને પ્રતિજ્ઞાના બરાબર પાલનથી કરવાનો. જેટલા આગારો રાખ્યા તેટલાથી ઉપરવટ નહિ થઈને કરવાનો. એ રીતે કરે અને તે પણ બરાબર જિનમુદ્રા સાચવીને, પ્રમાદને ત્યાગીને કરે, તો તે શાસ્ત્રયોગનો કાઉસ્સગ્ગ થાય.

**ઈચ્છાયોગમાં ધર્મની ખુમારી કે ધર્મનો સંતોષ ખોટો છે :-**

જે શાસ્ત્રયોગ આટલો ઊંચી કોટિનો છતાં સીધો કેવળજ્ઞાન આપનાર નથી, પણ સામર્થ્યયોગ વિકસાવે તો જ કેવળજ્ઞાન મળે છે, તો તેનાથી નીચેનો ઈચ્છાયોગ સીધો મોક્ષ કેમ જ આપી શકે ? આપણે એ ઈચ્છાયોગમાં કદાચ આવ્યા હોઈએ, તો પણ એ નીચેની કક્ષાના ઈચ્છાયોગમાં આવ્યા; પૂર્વ પુરુષો આચરી ગયા એવી ઉપર-ઉપરની કક્ષાના ઈચ્છાયોગમાં નહિ. એ આવ્યા વિના નીચેની કક્ષાના ઈચ્છાયોગની ધર્મ-પ્રવૃત્તિ પર ધર્મિપણાની કેટલી ખુમારી કરી શકીએ ? યા એવો કેટલો સંતોષ માની શકીએ, કે 'અમુક પ્રકારની સાધના મેં કરી લીધી; હવે બસ શક્ય બધું પામી ગયો,' સાચેસાચ ઈચ્છાયોગના ઘરની આપણી સાધના હોય, તો પણ શાસ્ત્રયોગની કે મોટા ગણધર ભગવંતોના ઈચ્છાયોગની આગળ તો તે તુચ્છ છે, એ બરાબર લક્ષમાં જોઈએ. એ લક્ષમાં હોય તો ખોટી ખુમારી કે સંતોષ ન થાય.

અલબત આવી પણ ધર્મયોગની માત્ર ઈચ્છાને શાસ્ત્રકાર ઈચ્છાયોગ નથી કહેતા, કિન્તુ તેવી શુદ્ધ ઈચ્છાપૂર્વક કરાતા ધર્મયોગને ઈચ્છાયોગ કહે છે. ઈચ્છાયોગની નીચેના પૌદ્ગલિક આશંસાવાળા યોગ કે કષાયવાળા યોગ એ ધર્મયોગ નથી. 'ફલાણો શું દાનથી કીર્તિ ખાટી જતો' તો ? હું વધુ દાનથી એને બતાવી આપું,' એમ કરી દાન દે, એ અભિમાન કષાયયોગ થયો.

તો પહેલું એ વિચારવાનું છે, કે 'જો ધર્મયોગને સાધીએ છીએ, તો એના માટેની ધગશ કેટલી છે ? દર્શન કરવા જઈએ છીએ, સામાયિક-પ્રતિક્રમણ કરીએ છીએ, નવકારવાળી ગણીએ છીએ, ત્યાં જો ધગશ રાખીએ છીએ, તો 'તે ધગશ એની કે બીજાની ?' 'મારે પરમાત્માનાં દર્શન કરવાં છે,' એ ધગશ છે ? કે 'ક્રિયા પતાવવી એ ધગશ છે ?' શું પતાવવાનું ? મોંમાં પાણી ઘાલવા માટે દર્શન પતાવવાના, એમ ? મન ક્યાં જઈ રહ્યું છે ? શું ક્રિયાની પતાવટ પર ? માત્ર વ્યવહારના પાલન પર ? શું શ્રાવકપણાનો આચાર 'પતાવવા પર ?' અરે મહાનુભાવ ! પતાવવા જેવી તો સંસારની વેઠ ? કે ઉત્તમ ધર્મક્રિયા ? જેનાથી ભાવી અનંતકાળ સુધરી જાય એવી તરણ તારણ ધર્મક્રિયા તો 'કેમ વધુ કરું, સારી કરું, નિરાંતે કરું...' એવું થવું જોઈએ. એના બદલે કેમ જાણે એક વેઠ આવી પડી

છે, તે પતાવવી છે ! આમાં ધર્મયોગની શુદ્ધ ઇચ્છા ક્યાં રહી ? ધર્મ-ધગશ ક્યાં રહી ?

**શુદ્ધ ધર્મ-ઈચ્છા કેવી હોય ? :-**

ઈચ્છાયોગમાં શું લાવવું છે ? મનમાં થાય કે 'મારે પ્રભુની પૂજા કરવી છે. પૂજાની ક્રિયા તો મારે પહેલી કરવાની છે, સંસારની વેઠ પછી કરવાની. પ્રભુ-પૂજન વિના કાયા અને મન પવિત્ર ક્યાંથી બને ? ત્યારે એ વિના દિવસ કેમ જાય ? પરમ ઉપકારી પ્રભુની પૂજા વિના કૃતજ્ઞતા ક્યાં ?' આવા આવા વિચારથી પૂજા કરાય, એ ઈચ્છાયોગનું પહેલું લક્ષણ શુદ્ધ ધર્મઈચ્છા. એટલી ઈચ્છાથી ય બસ નથી, પણ શાસ્ત્ર સાંભળવાનાં છે.

શાસ્ત્ર શા માટે સાંભળવું ? કહો, કે 'તે વિના આત્મા કેમ સુધરે ? આત્મા હિતમાર્ગે આગળ કેમ વધે ?'

શું સમજ્યા ?

**'શાસ્ત્રોનું શ્રવણ આગળ વધવા માટે છે, પણ ત્યાં ને ત્યાં ઊભા રહેવા માટે નથી;'**

એટલું જો ધ્યાનમાં આવી જાય તો ઈચ્છાયોગની આ ક્રિયા પણ આત્માને ખૂબ જ આગળ લઈ જાય. આમ તમને ધર્મ કરવાની જ શુદ્ધ ઈચ્છા હોય, શુદ્ધ ધર્મ કરવાની જ ધગશ હોય, તો જ ઈચ્છાયોગની સાધનામાં આવી શકાય, નહિતર નહિ. જગતમાં સંમૂર્ચ્છિમ ક્રિયા કરનારા હોય છે, વિષ ક્રિયા કરનારા હોય છે, પણ એ, ઈચ્છાયોગમાં નહિ ગણાય; કેમકે એ શુદ્ધ ધર્મની સાચી ઈચ્છા નથી. ગતાનુગતિ ક્રિયા કરે એના કરતાં માણસ એમ વિચારે, કે "નવકારવાળી વિના મારે ચાલે જ નહિ," એમ વિચારવામાં શું વાંધો નડે ? ગભરાશો નહિ, કે 'ઉત્કૃષ્ટી ઈચ્છા તો અમારામાં આવતી નથી.' આવી ગભરામણ કરવાની જરૂર નહિ; કેમકે ઈચ્છા અને ઉલ્લાસની ઘણી કક્ષાઓ છે, એટલે એમાંની મધ્યમ કક્ષા પણ ઈચ્છાયોગમાં આવી શકે છે. માત્ર ક્રિયા શા માટે કરીએ છીએ, એનું ચોક્કસ નિદાન કરવાની જરૂર છે.

કોઈ પૂછે, 'કેમ કંદમૂળ ખાતા નથી ?' તો શું એનો જવાબ એટલો જ, કે 'બાધા છે ?' ના, એમ નહિ. ત્યાં કહેવાનું કે, કંદમૂળમાં જીવ-હિંસા ઘણી માટે ખવાય જ નહિ.' કોઈ નિયમ લઈને કાર્ય શરૂ કર્યું, પછી રોજ શું વિચારવાનું ? એ જ, કે 'અમારે હવે તૃષ્ણાનું પાપ કાઢવા માટે ઓછામાં જ ચલાવવાનું, એમ અમે નક્કી કર્યું છે. આનાથી વધુ નહિ જ વાપરવાનું.'

બાધા કરીને કાંઈ પણ છોડ્યું છે શા માટે ? ઓછામાં ચલાવવા માટે,



ઈચ્છાઓ પર અને જરૂરીયાતો પર કાપ મૂકવા માટે, પાપ ઓછા કરવા માટે.

'પ્રભુનાં દર્શન શા માટે કરો છો ? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે,- 'પ્રભુનાં જ દર્શન કરવા લાયક છે માટે.'

'જુઠું ન બોલતાં સાચું શું કામ બોલો છો ?' એટલા માટે કે,-

'માનવ જીભે જુઠું બોલાય જ નહિ, સત્ય જ બોલાય. માટે જુઠું નથી બોલતા.'

વ્રત-ક્રિયા આદિના ઉદ્દેશ અંગે અંદર ઊતરીને વિચારશો તો પોતાની પામરતા, અજ્ઞાનતા જરૂર દેખાશે. અજ્ઞાનતા એવી છે, કે સ્ટેશનની જ ખબર નથી. એટલે પચીસ વર્ષ પહેલાંનું જે સામાયિક, પૂજા, કે દર્શન, તે જ આજે છે ! કદાચ એમે ય હોય કે પૂર્વે જે ધગશથી થતું હતું તે ધગશ આજે નહિ હોય ! પહેલવહેલાં સિદ્ધિગિરિદાદાના દર્શને આંખમાં આંસુ હશે, પણ પછી નહિ ! છે ને દુર્દશા ? ફરીથી દર્શને ભાવ ઘટ્યો ! ઈચ્છાયોગના ઘરની પહેલી શરત એ, કે 'ધર્મકાર્ય સ્વતઃ શુદ્ધ ઈચ્છાથી અને ધગશથી કરીએ.' માટે સતત ધ્યાન એ જ જોઈએ, કે

**આ જીવનની કિંમત ધર્મ સાધવા પર છે, પશુની જેમ રંગરાગ માણવા પર નહિ.**

**માનવની શાબાશી ધર્મ સાધવામાં છે, કર્મ સાધવામાં નહિ.**

આ ધગશથી ધર્મ થતો જાય તેમ તેમ અંતરમાં ધર્મની ધગશ વધતી આવે. વળી

**ધર્મની ઈચ્છા શી રીતે થાય ?**

તો કે એમ વિચારીને થાય, કે 'કાળ જીવનું બધું ખેંચી જાય છે, તેમાંથી બચાવવાનું ધર્મકાર્યથી બનશે' દિવસ પર દિવસ ઊગે છે, એ પસાર તો થાય જ છે, પણ પાપમાં ! ગઈ કાલનો કોઈ મહાન મહાત્મા હોય, ને બીજો કોઈ બદમાશ હોય, પણ બંનેને નવું પ્રભાત મળે એટલે અહોરાત્રની ક્ષણોની નવી કોરી કરન્સી નોટો મળે છે ! હવે તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરી શકે છે.

જીવની શાબાશી એ, કે તણાઈ જતામાંથી બચાવી લેવું. સવારે ઊઠ્યા ત્યારે કુદરત તરફથી ચોવીસ કલાકની જે ભેટ મળી, તેમાં અખંડ ત્રીસ સામાયિક કરવાની ભેટ છે. ચોવીસ કલાકમાં તો પૂજા-દર્શન-વ્રત પચ્ચક્ખાણ તપ-જપ વગેરે અનેક જાતના ધર્મ કરવાની તક છે ! પણ સાંસારિક સમયમાંથી એવું કેટલું બચાવવાની પડી છે ? મકાન, તિજોરી, બધું સલામત હોય, પણ માત્ર બે પૈસાની સાવરણીય ન ખોવાય, તેની પણ કેટલી બધી સાવચેતી-સલામતી રખાય છે ? ત્યાં

તો એટલું ય તણાઈ જવું ન જોઈએ ! અને અહીંયા બધું તણાઈ જાય, છતાં બચાવવાની વાત નહિ ! કેમ આમ ? 'મનુષ્ય જીવન તણાઈ જતી શક્તિ સામગ્રી, અને સમયમાંથી બચાવી લઈ એને ધર્મ માર્ગે જોડવા માટે છે, ને એમ કરી પોતાના આત્માને દુર્ગતિમાંથી બચાવી લેવા માટે છે, એટલા જ માટે મારે ધર્મ કરવાની ઈચ્છા છે,'- તે વાત મનને નક્કી નથી કરી. જો બેસીને બરાબર વિચાર કરો કે કાળ તમારા જીવનમાંનું કેટકેટલું તાણી જાય છે, તો એની ભયાનકતા ગજબની લાગે ! શું શું તણાઈ-વેડફાઈ રહ્યું છે ?

**(૧) તણાઈ જતો મોંઘેરો માનવ સમય :**

માનવ જીવનનો એકેક દિવસ જે મળે છે, તેમાં કેટલું ય સારું શક્ય હોય છે; પરંતુ એના બદલે એકેક દિવસનો કાળ જીવનમાં ઘણાં ઘણાં ઊલટા રસ્તે તણાઈ વેડફાઈ જાય છે. અફસોસ કે હજારો દિવસોની તો કેટલી ય ગજબની ખોટ ! કહો કે કિંમતી લાખો માનવ-ક્ષણો ખોટમાં તણાઈ જાય છે.

**(૨) તણાઈ જતી માનસિક શક્તિ**

બીજી વેડફાઈ જતી વસ્તુ 'માનસિક શક્તિ છે.' વિચારો, આ માનવના અવતારમાં ભારે સમજશક્તિ-વિચારશક્તિ મળી છે, તો એથી,

(૧) સારામાં સારી જીવાજીવાદિ તત્ત્વ-વિચારણા કરી શકાય,

(૨) આત્મ-ચિંતન કરી શકાય,

(૩) મૈત્રી આદિ ચાર ભાવના ભાવી શકાય,

(૪) અનિત્યતાદિ બાર ભાવના ભાવી શકાય,

(૫) આજ્ઞા-વિચયાદિ શુભ ધર્મધ્યાન ધ્યાઈ શકાય,

(૬) મનથી ક્રમસર તીર્થો-મંદિરો જુહારી શકાય, અથવા

(૭) **'ભરહેસર'**ના મહાપુરુષોનાં જીવન વિચારી શકાય.

પણ એના બદલે અતત્ત્વની ભાંજગડમાં, તુચ્છ જડ પદાર્થોની ચિંત્વનામાં, અને ખોટી હર્ષ-શોક-ભય તથા મોહની લાગણીઓમાં જીવન કેવું તણાઈ રહ્યું છે ? એમાં સમજશક્તિ અને વિચારશક્તિ બંનેય કેવી વેડફાઈ રહી છે ? જીવને કાળજી હોય તો શું આમાંથી કાંઈ જ બચાવી શકાય એવું નથી ? કાળજી ચીવટ હોય તો આડે માર્ગેથી ઘણીય શક્તિ વેડફાતી બચાવી શકાય એમ છે. ખરાબ વિચાર, ખરાબ ચિંત્વન, ખરાબ ભાવના આવતા પહેલાં ઝટ સારી વસ્તુના વિચાર ચિંતન-ભાવના મનમાં ગોઠવી શકાય એમ છે, એટલે તરત માનસિક શક્તિ તણાતી બચે. ખરાબ વિચારો રોકવા આ જ માર્ગ કે મનને સારામાં લગાડો.



**(૩) તણાઈ જતા પૈસા :**

બીજું, જુઓ કે આ જ માનવકાળે તમારા જીવનમાં ધનની કમાણીમાંથી કેટલું ય બધું પાપમાં તણાઈ જાય છે ! કેટલું ખરચામાં, કેટલું ફેશનમાં, અને કેટલું એશઆરામી માટે ખેંચાઈ જાય છે ? આ જરા બજારમાં જવું છે, ઝટ મનને થશે, કે 'ચાલો રીક્ષામાં બેસી જઈએ' 'શી જરૂર હતી ભાઈ ! રીક્ષાની ? ચાલી નાખ, પાંચ-સાત મિનિટનો રસ્તો છે. એ રીતે વધેલા પૈસા કોઈ દેરાસરમાં, પૂજામાં, કે સાત ક્ષેત્રની પેટીમાં નાખજે, તો તે તણાતું બચ્યું ગણાશે.' આ સિવાય તો ઘણું ઘણું તણાઈ રહ્યું છે. જરા પેટ કે માથું દુખ્યું, ત્યાં એકાદ દિવસ ધીરજ ધરી ઉપવાસ ખેંચી કાઢે તો મટી જાય એમ હોય; પણ નહિ, એ તો ઝટ ડૉક્ટરના ઘેર દોડવાનો. બે રૂપિયા દવાના, ત્રણ રૂપિયા ઈંજેક્શનના, બે રૂપિયા મોસંબીના, એમ ધનને તણાઈ જવા દેવામાં સંકોચ નહિ ! માત્ર હિસાબ ગણવાનો જ્યાં આત્માનો બચાવ છે ત્યાં ! એટલે ક્યાં ? પ્રભુ-પૂજાની સર્વ વસ્તુ ખરીદીને વાપરવામાં, કોઈ ટીપમાં લખાવવામાં, દાનમાં, જ્ઞાનમાં, પ્રભુભક્તિમાં, ગુરુભક્તિમાં, સાધર્મિક ભક્તિમાં, અનુકંપા કરવામાં, જ્યાં આ બધે ખરચેલું એ બચેલું બને છે, ત્યાં ખરચતાં હિસાબ ગણવાનો ? વધુ ન ખરચાઈ જાય એ ધ્યાન રાખવાનું ? ત્યારે સંસારમાં તમારી હિસાબ વિના તણાઈ જવાની વાહ ઉદારતા ! સંસારના બિનજરૂરી ખરચામાં આખું ને આખું તણાઈ જાય ત્યાં કાંઈ વિચાર નહિ ?

**(૪) તણાઈ જતી શરીર-શક્તિ :**

હજુ વિચારો કે કેટલું ઉન્માર્ગે તણાઈ રહ્યું છે. શરીરની શક્તિઓ ઘણી ઘણી સારી પ્રવૃત્તિમાં જોડી શકાય એમ છે, પણ એના બદલે ફોગટ પ્રમાદમાં, વિષયકષાયનાં પોષણમાં, નિદ્રા-કુથલીમાં, ખોટા યા મોજ શોખના આરંભ-સમારંભમા, સાંસારિક દોડધામમાં વગેરે વગેરેમાં શરીર-શક્તિઓ તણાઈ રહી છે. એના બદલે દેવ ગુરુ અને ધર્મની સેવામાં શું કેટલીય શક્તિઓ ખરચી શકાય એમ નથી ? ત્યાં શું સારા માર્ગે, પરમાર્થના કાર્યમાં, સુકૃતમાં તે શક્તિઓ વાપરી શકાય એમ નથી ? બજારમાં શાક લેવા ગયો. ત્યારે લાવ બજારમાં દહેરાસરનાં દર્શન પણ કરતો જાઉં, એવું ન કરી શકાય ? શું છાપાના વાંચનને બદલે ધર્મપુસ્તક ન વાંચી શકાય ? કસરતની સાથોસાથ પ્રતિક્રમણ કે ખમાસમણા ન બની શકે ?

**(૫) તણાતા સામગ્રી અને સંયોગ :**

પોતાની ચીજ-સામગ્રી અને સંયોગો સંસારના કથલામાં કેટલા બધા તણાઈ જાય છે ! એ ય જોવા જેવું છે. જો એને ધર્મખાતામાં કે પરોપકારમાં વાળી બચાવું



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એવી ધગશ હોય, તો કેટલો બચાવ કરી શકાય એમ છે ? માત્ર લક્ષ જોઈએ, આવડત અને ઉદ્યોગ-ઉદ્યમ જોઈએ. આવડત હોય તો વિવેક કરી કરી બચાવવાના માર્ગ શોધી કઢાય, તે અનુસાર ઉદ્યમ થાય. એવા ઉદ્યમથી દેખાશે, કે આપણે માનેલી પાપ-સામગ્રી અને પાપ-સંયોગ એ ખરેખર હવે તો ધર્મ-સામગ્રી અને ધર્મ-સંયોગ બની ગયા છે !

**પુણ્ય સામગ્રી :-** દા.ત. એ જ માનવદેહનો ઉપયોગ દયામાં, ધર્મસાધનામાં તથા દેવ-ગુરુ સંઘ-સાધર્મિકની પૂજાભક્તિ-વૈયાવચ્ચમાં અને તપસ્યામાં જેટલો થાય, તેટલા પ્રમાણમાં પુણ્યોપાર્જન નીપજે છે. એ હિસાબે એ દેહસામગ્રી પુણ્યસામગ્રી બની ગણાય. એમ જ ઇન્દ્રિયોનો સદુપયોગ થાય, એને અશુભમાંથી પાછી હટાવાય, પ્રશસ્તસ્થાનમાં નિયોજાય, તો એ જ ઇન્દ્રિયો પુણ્યસામગ્રી બને. દા.ત. ચક્ષુનો ઉપયોગ પરરૂપ જોવામાં, કે હિંસામય આરંભ-સમારંભ જોવા ઇત્યાદિમાં થાય, એ ચક્ષુ પાપ-સામગ્રી બની; પણ શાસ્ત્રવાંચન, જીવદયા, ઇરિયા સમિતિ-નિરીક્ષણ, દેવાદિ-દર્શન, વગેરેમાં ચક્ષુનો ઉપયોગ થાય, તો એ ચક્ષુ પુણ્ય સામગ્રી બની. એમ પ્રભુ-ગુણગાન, ધર્મોપદેશ વગેરેમાં વપરાતી જીભ એ પુણ્ય સામગ્રી; ત્યારે તત્ત્વચિંતન, પરોપકાર વિચારણા, ધર્મધ્યાન, વગેરેમાં વપરાતું મન એ ય પુણ્યસામગ્રી. તેમ જિનપ્રતિમાદિ સાત ક્ષેત્રમાં અને અનુકંપામાં ખર્ચાતી લક્ષ્મી એ પુણ્ય સામગ્રી કહેવાય.

**પુણ્ય સંયોગ :-** તો સંયોગમાં પણ એવું જ છે. સારી પત્નીનો સંયોગ જો ધર્મકાર્ય કરવામાં ઉપયોગી થયો તો તે પુણ્યસંયોગ. કુપત્નીનો સંયોગ જો ધીરતા ક્ષમા અને વૈરાગ્યદાયી બન્યો, તો તેય પુણ્ય સંયોગ. કપરા દેશકાળમાં સંયોગ જો ત્યાગમાં જોડનાર બન્યા, મોજશોખ ઘટાડનાર બન્યા, અને ધર્મમાં વધુ ઉદ્યમી કરનારા બન્યા, તો એ પણ પુણ્ય સંયોગ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૨૬,તા.૧૦-૩-૧૯૮૪

## (૧૯) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**વિવેક કરો : ધોરણ ફેરવો :**

બસ, આ ભેદ સમજીને પાપરૂપ બનતી સામગ્રી કે સંયોગને આપણે વિવેક વાપરીને પુણ્યરૂપ બનાવી શકીએ. માત્ર આપણાં ધોરણ ફેરવવાની જરૂર છે. એ



થાય તો તો લાગે કે આપણે તણાઈ જતું કેટલું ય બચાવી શકીએ છીએ ! આ માટે કોઈ પણ સામગ્રી કે સંયોગ અંગે થતી હલકી વિચારણા અને અધમ ધોરણમાં કઈ કઈ ભયંકરતા છે, અને એથી ઊલટું ઉત્તમ વલણ અને ઉમદા ધોરણમાં કઈ કઈ વિશેષતાઓ છે, એનો આ લોક પરલોકના અનેક દૃષ્ટિબિંદુથી વિચાર કરવો જોઈએ. ખેદની વાત છે, કે એવી ઘણી સામગ્રી અને ઘણા સંયોગો આજે આપણને મળ્યા છે, કે જે ધરાર પાપ સામગ્રીરૂપ અને પાપ સંયોગરૂપ બની રહ્યા છે !

**હવે પાપસામગ્રીના દાખલા જુઓ.**

**પાપસામગ્રી :-** દા.ત. પહેલા નંબરની સામગ્રી માનવદેહ, એ કેવી ઊંચી સામગ્રી ! પણ આજે એ ષટકાય જીવોનાં સંહારમય આરંભ-સમારંભમાં કારણભૂત બની થોકબંધ પાપકમાઈ કરાવી રહી છે ને ? એટલે દેહ એ પાપસામગ્રી થઈ. એ જ પ્રમાણે ઇન્દ્રિયો અને મન એ પણ વિષયોના સંગ અને કષાયોના સેવનમાં કારણભૂત બની સતત કર્મબંધ કરાવી રહ્યા છે, તેથી એ પાપસામગ્રી થયા. એવું જ લક્ષ્મી પણ ઘોર પાપસામગ્રી બની રહી છે, એ આજે પ્રત્યક્ષ દેખાય છે.

**પાપસંયોગના દાખલા પણ જુઓ. :-** કોઈને પત્ની સારી પ્રેમાળ મળી છે, તો એ પણ એને પાપસંયોગ રૂપ નીવડે છે, જો એ પત્ની એટલા બધા મોહમાં ચકચૂર રાખે છે કે એની જ લગન રખાવે, ને એના સિવાય બીજી દેવ-ગુરુ-ધર્મની લગની જ ન લાગવા દે ! અને એની ખાતર અનેક પાપ-વેપારો, અભક્ષ્ય-સેવન, બીજાઓ સાથે કલેશ-ટંટા વગેરે કરાવી પાપના થોક ઉપાર્જાવે ! આવી રૂપાળી પ્રેમાળ પણ પત્નીનો સંયોગ પાપ-સંયોગ જ થયો. એથી ઊલટું, જો એ કર્કશા પત્ની હોય, કુભારજા હોય, તો પણ એના સંયોગે પતિ કલેશ, કષાય અને શોક વગેરે દ્વારા કેટલાંય પાપ ઉપાર્જશે ! માટે એ સંયોગ પાપરૂપ. બીજી રીતે જુઓ, કે ગામમાં કે દેશમાં, ધંધામાં કે મિત્રમંડળમાં, અમુક પ્રકારના સંયોગ ઉપસ્થિત થાય, એના ઉપર પણ જીવો અઢળક રાગદ્વેષ કરી પાપ બાંધશે, તો એ પાપસંયોગ થયા.

પણ જો હવે જૈન શાસનની સમ્યક્ શિક્ષા લો, તો એ આવડત આવશે, કે જેથી એ પાપસામગ્રી અને પાપ સંયોગોને ધર્મસામગ્રી અને ધર્મસંયોગોમાં પલટાવી શકાશે.

**ઇચ્છાયોગના ધર્મની તાકાત :-**

મુખ્ય વાત આ છે, કે ઇચ્છાયોગનો ધર્મયોગ આરાધો તો આ આવડત આવી જાય. કેમકે એમાં તો શુદ્ધ ધર્મની જ ઇચ્છા રાખવાની છે, એટલે એ ધર્મ-ઇચ્છા પ્રબળ થઈ. પછી પાપસામગ્રી અને પાપસંયોગોને ધર્મસામગ્રી-ધર્મસંયોગોમાં



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પલટાવી દેવાનું સરળ છે. ધર્મની જ શુદ્ધ ઈચ્છા છે એટલે એમાં ભાવ ને ભાવના ફેરવવાથી એ પલટવાનું બની શકે.

## • દેવપાલની કથા : •

આ શુદ્ધ ધર્મ ઈચ્છા કેવી હોય તેમજ શુદ્ધ ધર્મની ઈચ્છાપૂર્વક ધર્મ કરાય એ કેવો હોય, એ આપણને અરિહંતપદના આરાધક દેવપાલના જીવનમાં આબેહુબ જોવા મળે છે. દેવપાલ એક ક્ષત્રિય જાતિનો રાજપુત પણ કર્મસંયોગે એક શ્રાવક શેઠને ત્યાં ઢોર ચરાવવા લઈ જવાની નોકરી કરતો હતો.

એક વાર ચોમાસાના દિવસમાં એ જંગલમાં ઢોર લઈને ચરાવવા ગયેલો. એણે ત્યાં જોયું, કે પર્વત પરની એક ભેખડ તૂટીને પડેલી નીચે, ને ભેખડ જ્યાંથી તૂટેલી ત્યાં ડુંગરાના પોલાણમાં ઋષભદેવ પ્રભુની પ્રતિમા હતી. જોઈને એ રાજીનો રેડ થઈ ગયો, કે 'અહો ! મને ભગવાન મળ્યા !' પાસેની નદીમાં નહાઈ ધોઈને ભીની માટી લઈ આવ્યો, અને ડુંગરની નીચે એનાથી નાનું દેવળ બનાવ્યું પછી ડુંગર પર ચડી સાચવીને ભગવાનને નીચે લઈ આવી એ માટીના દેવળમાં પધરાવ્યા. પધરાવીને જંગલમાંથી ફૂલો લાવી પ્રભુને ચડાવ્યા. પ્રભુની આગળ હવે હરખનાં આંસુ સાથે સ્તુતિ કરે છે,-

**દેવપાલની ભવ્ય પ્રભુસ્તુતિ : દર્શનપ્રતિજ્ઞા :-**

'અહો ! પ્રભુ ! તું મને મળ્યો ? મારા ભાગ્યની અવધિ નથી. ક્યાં હું હીનભાગી ? એક રાતી પાઈ મારી પાસે નહિ, એવો ક્યાં દરિદ્ર હું ? અને તું ત્રિભુવનનો રાજા ! મને તું શે' મળે ? મારા તો મહાન ભાગ્ય ખૂલી ગયા ! આ મહામોંઘેરી મારી માનવ-જિંદગી પ્રભુ ! તારા વિના બેકાર જતી હતી, હવે તું મળી ગયો, એથી તારી ભક્તિમાં મારી જિંદગી ન્યાલ થઈ જશે ! વાહ રે વાહ પ્રભુ ! પ્રભુ ! હવેથી મારે રોજ તારાં દર્શન વગર મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખવાનો નિયમ.'

પ્રભુ મળ્યાના હરખમાં નાચતો જાય ને ગાતો જાય, 'હેં, મને ભગવાન મળ્યા ! ભગવાન મળ્યા !' પાછો વળી નીચે બેસે, પ્રભુના ગુણ ગાય, 'નાથ ! તું મારો તારણહાર ! તું મારો ઉદ્ધાર કરનારો, તું જગતદયાળુ, તું મળ્યો એ મને પરમનિધાન મળ્યું ! મારે હવે શી દરિદ્રતા ? તું મળ્યો એટલે મને બધું જ મળી ગયું.' વળી પાછો ઊઠી ઊઠીને પ્રભુને ખમાસમણાં દેતો જાય ! જંગલમાં છ કલાક રહ્યો ત્યાં સુધી પ્રભુનાં ગુણગાન કરતો રહ્યો ! શું લેવા આ ભક્તિધર્મ કરી રહ્યો છે ? કશું જ લેવા નહિ, એ આગળ દેખાશે. માત્ર ધર્મ કરવાની ઈચ્છાથી આ ધર્મ



કરી રહ્યો છે એ એનો શુદ્ધ ઈચ્છાયોગના ઘરનો ધર્મયોગ છે.

પછી તો ઢોર લઈ એ ઘરે ગયો, પણ મનમાં પ્રભુ જ પ્રભુ છે. હવે રોજ સવારે ત્યાં આવે છે, ને પ્રભુના દર્શન કરી નહાઈ ધોઈ ફૂલથી પ્રભુને પૂજી પ્રભુનાં સ્તુતિ-ભક્તિ-ગુણગાન કરતો રહે છે.

**વરસાદહેલી : દર્શનમાં અંતરાયે ઉપવાસધારા :-**

એક વારના પ્રસંગે વરસાદની મોટી હેલી વરસી. પાણીના પૂર ખૂબ ચડી ગયા છે, ઉપરથી મુશળધાર વરસે છે. દેવપાલ જંગલમાં જઈ શક્યો નહિ, શી રીતે જાય ? ચારેકોર જળબંબાકાર છે, તે પણ માથાભેર પાણી ! એમાં શે ચલાય ? સવારની સાંજ પડી. સાંજની સવાર પડી, વરસાદ મૂશળધાર ચાલુ છે. ઘરે ભૂખ્યો તરસ્યો બેઠો છે. એના મનમાં લેશ પણ ખેદ નથી કે 'મેં આવો નિયમ ક્યાં કર્યો ? ને કશી છૂટ ન રાખી ?' ના, એ તો દર્શનની ઝંખનામાં છે. શેઠ કહે 'જમી લે,' તો કહે છે; 'ના, જંગલમાં મારા ભગવાનનાં દર્શન-ભક્તિ કર્યા વિના મારે જમવાનું નથી.' સાત દિવસ લગાતાર વરસાદ ! તે ઠેઠ આઠમે દિવસે ઊઘાડ નીકળતાં પહોંચ્યો જંગલમાં, અને પ્રભુનાં દર્શન કરતાં રોઈ પડે છે ! રોતો રોતો કહે છે,-

'અરેરેરે પ્રભુ ! તારાં દર્શન વિના મારા ૭-૭ દિવસ વાંઝિયા ગયા માફ કરજે પ્રભુ ! મેં તારી ખબર ન લીધી, કેટલો કમનસીબ હું ? આ મોંઘેરી જિંદગીમાં ત્રણ જગતનો નાથ તું મને મળ્યો, છતાં તારા દર્શન પૂજન વિના માત્ર એક દિવસ નહિ, પણ મારા સાત સાત દિવસ બરબાદ ગયા ! પ્રભુ ! આટલી મોટી મને સજા ! નાથ ! જોઈએ તો મને સાત નહિ સત્યાવીસ દિવસ ભૂખ્યો રાખજે, પણ આવી દર્શન નહિ પામવાની સજા મને ના કરીશ, તું; હે દીનદયાળ ! હે અનાથોના નાથ ! દયા રાખજે આ રાંક સેવક પર !'

આંખમાં ચોધાર આંસુએ રોતો જાય, ને પ્રાર્થના કરતો જાય છે, ખૂબી જુઓ, ૭ દિવસ ભૂખ્યો રહેવું પડ્યાનું એને કોઈ દુઃખ નથી; દુઃખ છે પ્રભુદર્શન ન મળ્યાનું ! કેમ વારુ ?

ઈચ્છાયોગનો ભક્તિધર્મ કરે છે એટલે એને મન ધર્મ જ મુખ્ય છે.

**ચક્રેશ્વરી દેવી પ્રગટ :-**

હવે ત્યાં દેવી આવીને દેવપાલને કહે,-

'હે દેવપાલ ! હું આ તારા ભગવાન ઋષભદેવની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી છું. શું તારી ભક્તિ ! તારી શુદ્ધ ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થઈ અહીં આવી છું. ભક્તિના બદલામાં તું કાંઈ પણ માગી લે, હું શું તારું પ્રિય કરું ?'

દેવપાલ કહે, 'તું મને ભક્તિ આપ.'

દેવી કહે, 'અરે ભલા આદમી ! ભક્તિ તો તારી પાસે છે જ. એમાં શું માગ્યું ?'

દેવપાલ કહે 'ક્યાં છે મારી પાસે ભક્તિ ? મારી પાસે હોત તો આ સાત દિવસ પ્રભુ-ભક્તિ વિના મારા વાંઝિયા કેમ જાત ? માટે મને કાયમી ભક્તિ દઈ દે.'

દેવી કહે, 'અરે મહાનુભાવ ! વરસાદના કારણે તું ભલે કાયાથી અહીં આવી ન શક્યો, પરંતુ સાતેય દિવસ તારા દિલમાં તો ભક્તિ જ ભક્તિ હતી. માટે હવે ભક્તિના બદલામાં દુનિયાનું કશું રાજ્યપાટ, ખજાના, જે જોઈએ તે માગી લે. જો હું દેવતા છું, દેવનું દર્શન નિષ્ફળ જાય નહિ. મારે આવા તારા જેવા પ્રભુભક્તની કશી સેવા કરવી જ જોઈએ, માગ માગ ભક્તિના બદલામાં તું માગે તે આપું.'

ત્યાં દેવપાલ કહે,- દેવી ! મને તું મૂર્ખ શું બનાવે ? ભક્તિના બદલામાં દુનિયાનું કશું માગું, એટલે મારી મહાકિંમતી પ્રભુભક્તિને વેચી મારું ? તને ક્યાં ખબર છે, પ્રભુ-ભક્તિ તો મારે મન ઐરાવણ હાથી જેવી છે, ને એની સામે તું જે દુન્યવી મોટું રાજ્ય પણ આપે એ તો ગધેડા તુલ્ય છે. હવે ભક્તિના બદલામાં તારા કહેવા પ્રમાણે માગું અને તું આપે, એનો અર્થ એવો થયો કે હું ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદું ? એવો હું મૂર્ખ નથી. ભક્તિના બદલામાં ઊંચી ભક્તિ આપી શકતી હોય તો આપ, બાકી બીજું કશું જ ભક્તિની હરોળમાં ઊભું રહી શકે નહિ કે જે ભક્તિના બદલામાં માગી શકાય.'

કોણ બોલાવે છે આ ? એને પ્રભુભક્તિના ધર્મની ઇચ્છા કોઈ દુન્યવી વસ્તુની આશંસા-અભિલાષાથી નથી, પરંતુ પ્રભુભક્તિરૂપ ધર્મ જે કરી રહ્યો છે, એના ફળમાં પણ એને ભક્તિરૂપ ધર્મ જ જોઈએ છે માટે ભક્તિ ધર્મની ઇચ્છા છે.

**ઈચ્છાયોગનો ધર્મ સાધવો છે ? તો ધર્મના બદલામાં ધર્મ જ માગો.**

દેવપાલ એમ મક્કમ છે. એ શાનો દેવીના વરદાનથી લલચાય ? એને બીજા કશાની ઈચ્છા જ નથી, એટલે દેવીને ઘસીને ના પાડી દીધી.

હવે શું કહે ચક્રેશ્વરી ? હાથ જોડ્યા, બોલી 'શાબાશ શાબાશ દેવપાલ ! મારું આપ્યું તો તું નહિ લે, પણ તારી આ ઉત્કૃષ્ટ ભક્તિ હોવાથી એ તને આ જન્મમાં જ ફળશે, ને તે તત્કાલ ફળવાની છે ! આ ભક્તિનું પુણ્ય તને સાતમે દિવસે આ નગરીનો રાજા બનાવશે !

છતાં આ સાંભળીને દેવપાલને આનંદ ન થયો, બલકે દિલમાં ખટકો થયો



કે 'અરરર ! જો હું રાજા થઈશ તો રાજ્ય-ખટપટ સંભાળવામાં આ મારા પ્રભુની દિવસભર ભક્તિ શી રીતે કરી શકીશ ? રાજા થઈશ તો મારી ભક્તિનું શું થશે ?'

શું છે આ ? માત્ર ભક્તિ ધર્મની જ શુદ્ધ ઇચ્છા. એના રોજના પ્રભુદર્શનનો ધર્મયોગ આવી શુદ્ધ ધર્મની જ ઇચ્છાપૂર્વકનો હતો, માટે એ ધર્મયોગ ખરેખરો ઇચ્છાયોગનો ધર્મ કહેવાય. ધર્મના બદલામાં દુન્યવી કશું જોઈતું હોય તો શુદ્ધ ધર્મ-ઇચ્છા ગઈ, ને બીજું લફરું પેઠું ! પછી ત્યાં દુન્યવી વસ્તુની ઇચ્છા મુખ્ય થશે, ધર્મની ઇચ્છા મુખ્ય નહિ.

**જીવનમાં ધર્મની ઈચ્છા મુખ્ય થાય એટલે પ્રતિકૂળ સંયોગોમાં પણ હૈયાના ભાવ નહિ બગાડાય.**

દા.ત., પત્ની કે પુત્ર ઉગ્ર સ્વભાવના છે, તો ત્યાં વિચારશે કે 'ચાલો, આપણને (૧) ક્ષમા ધર્મ કમાવા મળે છે, (૨) અશુભ કર્મનો ક્ષય થઈ રહ્યો છે, (૩) સંસાર પર વૈરાગ્ય વધે છે; કેમકે સંસારમાં આવા એક કે બીજા પ્રકારના વાંધા ભારે ઊભા જ છે. 'એવો સંસાર અસાર છે,' આમ વિચારી મનને ખામોશ, સહિષ્ણુતા રખાશે. શુદ્ધ ધર્મની ઇચ્છા મુખ્ય છે તો સહેજે બિનજરૂરી પાપો અને પાપસ્થાનક ઓછા કરતા જ જવાશે; એટલે શુભભાવ ટકાવી શકે. તેથી ઇચ્છાયોગમાં સારો નંબર લાગે.

**આત્માના ઉદયની ઈચ્છાથી ધર્મ થાય એ ઈચ્છાયોગ :-**

ઇચ્છાયોગ શું માગે છે ? 'આત્માના ઉદય માટે ધર્મ સાધવાની ઇચ્છા,- 'ધર્મ વિના મારે ચાલે જ નહિ. કેમકે જીવનનું કર્તવ્ય ધર્મ જ છે, ધર્મથી જ આત્માનો ઉદય છે,' પણ એમ નહિ કે 'ધર્મ ન કરીએ તો લોકમાં આપણું ખરાબ દેખાય, પૈસા ટકા ન મળે,' કેમકે એ વૃત્તિમાં તો, ખાનગીમાં પાપ કરતાં ખરાબ નહિ દેખાતું હોય, તો ધર્મ મૂકીને પાપ આચરાશે !

કોઈ પૂછે 'બ્રહ્મચર્ય કે સદાચાર કેમ પાળો છો ? તો કહીએ 'મારું જે આ જીવન છે, તે શીલ પાળવા માટે છે; જેથી એનાથી અનાદિના કુસંસ્કારો ભૂલાઈ-ભૂંસાઈ જાય, ને મારા આત્માનો ઉદય થાય;' પરંતુ 'મારું વ્રત ભાંગે તો હું કલંકિત થાઉં ! લોકમાં મારી હલકાઈ થાય,' તેવી જ માત્ર વાત નહિ. 'માનવ થઈને શીલ ગુમાવીએ તો ખલાસ, ભવ બગડ્યો ! ભવ ગુમાવ્યો ! તક ગુમાવી,' આ કર્તવ્ય સમજે એટલે પોતાના જીવનમાં શીલને બરાબર પકડી રાખે, એમાં પીછેહટ નહિ. આ સમજ સાથે ઇચ્છાયોગનો ધર્મ સાધવા માંડે એટલે ધર્મમાંથી પ્રાયઃ એને કોઈ ચલાયમાન ન કરી શકે.

**બાધામાંથી પતન કેમ ? :-**

માણસ પતન પામે છે, તે કેવી રીતે ? એ વિચારશે કે 'પ્રતિજ્ઞા છે, માટે પાપ નહિ કરવાનું,' પણ એમ નહિ કે **'પાપ કરાય જ નહિ. પાપના ભવ બીજા, માનવનો નહિ.'** પછી અવસર આવ્યે પ્રતિજ્ઞા તો ન ભાંગે, પણ નવો ઈશ્યુ કાઢશે ! ધારો કે બાધા છે કે 'જુઠું ન બોલવું;' પણ જૂઠનો પ્રસંગ આવ્યે, છોકરાને બોલાવીને કહેશે કે, 'જો આ મારે તો જૂઠ ન બોલવાનો નિયમ છે, પણ તું સમય વર્તી લે.' કેવું પતન ! અહીં જો એ સમજ્યો હોય કે 'જૈન માનવના જીવનમાં જુઠું ન જ બોલાય,' તો પોતે તો ન બોલે, પણ બીજા પાસે ય ન બોલાવે. એના બદલે 'મારે બાધા છે માટે મારે જૂઠું ન બોલાય' એટલું જ માની બેસે, એટલે એટલા સિવાય જુઠ-પાપના બીજા બધા દરવાજા ખુલ્લા ! સમજી રાખશે 'બીજાને એવી બાધા નથી તો એ જુઠું બોલી શકે. મારે પણ જુઠું બોલવાની જ બાધા છે બોલાવવાની બાધા નથી...' આવા આવા લોચા વાળે, ત્યારે કેમ પતન ન પામે ?

પણ 'ધર્મ જ કર્તવ્ય છે, પાપ કરાય જ નહિ,' દા.ત. શીલ એ જ કર્તવ્ય માને તો બચે. શીલ પાળે તે એમ સમજીને કે 'શ્વાસોશ્વાસ એ કાયાનો પ્રાણ છે, તેમ શીલ એ આત્માનો પ્રાણ છે.' આત્મા અવિનાશી છે, તો એનો ગુણ 'શીલ' બચાવેલો અવિનાશી થઈ જાય. બાકી પુદ્ગલનો લોચો શરીર તો નાશવંત છે, એટલે એના પ્રાણ પણ નાશવંત છે. તે નાસ્તિકને પણ કબૂલ કર્યે છૂટકો છે.

**શરીર અને આત્માનો મુકાબલો કરીએ એટલે શરીરની કિંમત જ નહિ લાગે.**

એટલે જો આત્માના શિયળનું-શીલનું રક્ષણ થતું હોય, તો ભલે કાયા વહેલી પડી જાય ! પણ કાયાના રક્ષણમાં શીલનું ભક્ષણ થતું હોય તો તે નહિ થવા દેવાનું.

**કર્તવ્ય-પાલનની ઈચ્છાથી ધર્મ એ ઈચ્છાયોગ :**

**પાપ ધોવાનું અહીં જ સુલભ છે :**

ઈચ્છાયોગનું કર્તવ્ય બજાવ્યે, એ શી તાકાત આપે ? સુકોમળ કાયાથી પણ ક્ષાત્રવટ દેખાડવાનું બળ આપે ! કંગાલ દેખાતામાં શૂરવીરતા લાવે ! 'સંવત્સરી પ્રતિક્રમણ કરવું તે કર્તવ્ય છે. વર્ષભરનાં પાપ ધોવાં છે,'- એ બુદ્ધિથી પ્રતિક્રમણમાં આવ્યો હોય, તો સામાન્ય ગરમીની તો શું તાકાત છે, પણ કોઈ વિશેષ ગરમી વરસે તો પણ વધાવવા તૈયાર. 'પાપ ધોવાનું મારું કર્તવ્ય છે માટે પ્રતિક્રમણ કરવું જ જોઈએ; ને આમ પાપ ધોવાનું આ જ જીવનમાં સુલભ અને સાધ્ય છે. માટે



એ કર્તવ્ય તો અવશ્ય સાધવું જ જોઈએ,' એમ મનને રહેશે. એટલે અહીં ધર્મની ઈચ્છા થઈ તે કર્તવ્યપાલન માટે થઈ. એ શુદ્ધ ધર્મ-ઈચ્છા છે, તેથી એ કર્તવ્યપાલન એ ઈચ્છાયોગનો ધર્મ થયો.

મહાસતી સુરસુંદરીને પરદેશમાં પતિએ ત્યજી દીધેલી, તે કર્મ-સંજોગે અનેક આપદાઓ વટાવતાં વટાવતાં એક વિદ્યાધરના વિમાનમાં ઝીલાઈ જવાથી કહે છે,-

'મને પડવા દો નીચે; શું કામ મને મરતી અટકાવો છો ? મારા માથે શીલ સાચવવામાં બહુ ભીતિ છે.

**જીવતી રહીને શીલનો અંત આવી જાય એના કરતાં શીલ રહીને જીવનનો અંત આવી જાય તો સારું; જેથી શીલ અખંડ રહ્યે આગળ દુર્ગતિ નહિ.'**

વિદ્યાધર કહે છે, 'બેન ! મારાથી તું બી મા. હું તારો ભાઈ છું, તારી મુદ્રા જોતાં તું ઊંચા ખાનદાનનો જીવ લાગે છે; તો શા સારુ આપઘાત જેવું અધમ કામ કરવા તૈયાર થાય ? તારું શીલ અખંડ રહેશે, વિશ્વાસ રાખ.'

વાત સાચી છે આયુષ્ય નકામું નષ્ટ ન કરાય. આયુષ્યની રક્ષા કરવી જોઈએ, ગોપવી રાખવું જોઈએ અનુભવીઓ કહે છે :

**સજ્જને નવ વસ્તુ ગોપવવી** (૧) પહેલું તો આયુષ્ય ગોપવવું, સાચવવું, ખોટી રીતે નષ્ટ ન થવા દેવાય. એટલા માટે તો ખોટા સાહસ કરવાની મનાઈ છે. આપઘાત કરનાર અજ્ઞાન વહુઓ 'સાસુના ત્રાસ સહવા કરતાં મરી ગયા સારા' એમ માને છે ! પણ એને વિચાર નથી કે 'પછી માછલી થઈ કે મ્લેચ્છના ઘરે બકરો થઈ, તો કઈ દશા થશે ? જીવતાં છાલ ઉઝરડાશે ! કડકડતા તેલમાં તળાવું પડશે ! માટે આપઘાતનો વિચાર ખોટો છે,' વાસ્તવમાં,

**હાથમાં માનવ આયુષ્ય (જીવન) એ અવ્વલ સુકૃતોપાર્જન અને પાપત્યાગ તથા પાપનાશનું અનન્ય સાધન છે.** સાધન ગુમાવ્યે આ મહા દુર્લભ લાભ ગયા !

(૨) બીજું, ધન ગોપવી રાખવું, પણ જેમ તેમ ઉડાઉ બિનજરૂરી ખરચામાં વેડફી ન નાખવું. ખૂબ સાદાઈ, કરકસર અને ત્યાગ કેળવીને ધન સંરક્ષવું; જેથી (i) વધુ કમાવાના પાપ ન કરવા પડે, ને (ii) સુકૃતને જગા રહે.

(૩) ત્રીજું ગોપવવાનું ઘરનું છિદ્ર; અર્થાત્ કુટુંબના દોષ યા રહસ્ય (ગુપ્ત વાત) બહાર નહિ કહેવા. એ બહાર કહેતાં ઘરની આબરૂ જાય; અને એ દોષ રહસ્યવાળો કદાચ ઝેર ખાય !

(૪) વિષય-ક્રિયા અને મોહની રમત ગુપ્ત રાખવી. સામાન્ય પ્રેમ-ચેષ્ટા પણ ત્રીજો દેખતો હોય ત્યાં ન કરાય. અરે ! મોહનો સામાન્ય બોલ પણ ત્રીજાના સાંભળતાં ન બોલાય. ત્રીજાના સાંભળતાં જો પત્નીને પતિ 'વહાલી' કહીને બોલાવે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

તો ભૂંડો લાગે. ત્યાં તો ગંભીર અને શિષ્ટ બોલ જોઈએ.

(૫) ઔષધ પણ ગોપવીને અર્થાત્ એકાંતમાં લેવું જોઈએ; જેથી ક્યારેક કદાચ કોઈની નજર ન લાગે.

(૬) છઠ્ઠું ગોપવવાનું દાન. જમણા હાથે દીધેલું પોતાનો જ ડાબો હાથ ન જાણે. અર્થાત્ દીધેલું બીજો ન જાણે. બીજો જાણે તો માન આપે, પ્રશંસા કરે, તો ફુલાઈ જવાય, અભિમાન-કષાય થાય, અને મનને એવું થવા સંભવ કે 'દાન લેખે લાગ્યું !' અર્થાત્ દાનના મહાન પારલૌકિક લાભ કરતાં માનની કિંમત વધુ લાગી !

(૭) માન મળે એ મનમાં ગોપવી રાખવું, બહાર ગાતાં નહિ ફરવું. નહિતર આપ-બડાઈની સજ્જન લોક હાંસી કરે; તેમજ બહાર કહેતાં, સામો સામેથી બીજાના અધિક ગુણ-સુકૃતની પ્રશંસા કરવા જાય ત્યાં પોતાને ઈર્ષ્યાથી બળવાનું-કરમાવાનું થાય.

(૮) કોઈના તરફથી આપણું અપમાન થયેલું ગોપવી રાખવું, બીજાને કહેવું નહિ; નહિતર બહારમાં આપણી નમાલા તરીકેની પ્રસિદ્ધિ થાય; અથવા અપમાન પાછળ સમજફેર હોય, ને નીકળે જુદું, તેથી પછી ભોંઠા પડવું પડે.

(૯) નવમું ગોપવવાનું શીલ, વગેરે ગુણો, એ ગુણોની પૂરેપૂરી રક્ષા કરવી. એ માટે સત્સંગ, સારું શ્રવણ, સારું વાંચન, વગેરે રાખવું જોઈએ; તેમજ પ્રલોભનથી લોભાઈ ન જવું, ને આપત્તિમાં ધીરતા ન ગુમાવવી, જેથી ગુણોનો ભંગ કરવાનું મન ન થાય. લોભાઈ જવામાં તો એક ગુણના ભોગે બીજો ગુણ પણ જવા લાગે છે.

ઈતર શાસ્ત્રોમાં આવે છે. વિશ્વામિત્ર ઋષિ વર્ષોથી તપ કરતા હતા, બ્રહ્મચર્ય પાળતા હતા, પરંતુ ઈન્દ્રને ભય લાગ્યો કે 'આ મારું સિંહાસન લઈ લેશે', તેથી એમને ચળાવવા મેનકા અપ્સરાને મોકલી. એણે આવી હાવભાવ વગેરે કામના ચાળા કર્યા, પ્રલોભન આવ્યું, ઋષિ ચલાયમાન થઈ ગયા ! બ્રહ્મચર્ય ગુણ મૂક્યો એટલે તપ મુકાઈ ગયો !

**રૂપાળી સ્ત્રીનું એક આંખનું મટકું કે એક અંગનો ચાળો જોયેલો વર્ષોના તપ-બ્રહ્મચર્યને સાફ કરી નાખવા સમર્થ છે.**

**બ્રહ્મા** એમ જ ચતુર્મુખ થયા. **સિંહની ગુફા** આગળ ૪-૪ મહિના સુધી ઉપવાસ કરીને કાઉસ્સગ્ગમાં ઊભા રહેવાની તાકાતવાળા મુનિને કોશા વેશ્યાના રૂપદર્શનનું પ્રલોભન મળ્યું, તો ચલિત થઈ ગયા ! માટે શીલ વગેરે ગુણો ખૂબ ગોપવવા જેવા; અર્થાત્ ભારે પ્રયત્નથી એનું રક્ષણ કરવા જેવું; નહિતર જાતીય



સંબંધોના અનાદિના સંસ્કાર એવા છે, કે વિજાતીય પાત્રો સાથે વર્ષો નહિ, મહિના નહિ, ૨-૪ દિવસના પણ સંબંધમાં આવતા, એ વિકારના અવનવા તોફાન જગાવ્યા વિના ન રહે. માટે જ શીલ-બ્રહ્મચર્યની મર્યાદા અને નવ વાડ સાચવીને શીલની શીલમર્યાદાની ખૂબ રક્ષા કરવાની છે. જો સાધુએ પણ મર્યાદા મૂકી, જો એ બ્રહ્મચર્યની વાડ ચૂક્યા, તો મોહ જાણે કહે છે 'આવ, તને માંકડાની જેમ નચાવીએ ! તારે જો વિકાર સુલભ કરવા છે, શીલ ગોપવવાની પડી નથી, તો સામે ભક્તાણીના રૂપમાં તને ફસાવી તને ઊંચો નીચો કરી મૂકીએ.'

**વિકારી થવાથી આત્મામાં સારું શું આવે ? :**

આમાં જીવને એ જોવાની ફુરસદ કે પરવા નથી રહેતી કે મોહના આવેશમાં વિકારી બનવાથી આત્મામાં સારું શું વધે છે ? નિર્મળ જ્ઞાન વધે ? ધર્મશ્રદ્ધા વધે ? ચારિત્ર વધે ? ના, કશું જ નહિ, ઊલટું મનથી પણ સ્ત્રી તરફ ને ભોગ તરફ આકર્ષાઈ જવામાં એ વખતે જ્ઞાન-દર્શન-ચારિત્રનો ઉપયોગ ચૂકે ! વળી આત્મા સત્ત્વ ગુમાવે, રાગ થાય, એ થવાથી વીર્યનાશ થાય, માનસિક વિહ્વળતા વધે. બસ,

આ અનર્થોથી બચવાના હેતુએ શીલધર્મની પૂરી રક્ષા કરાય, એ શુદ્ધ ઈચ્છાયોગનો ધર્મ બને. એવું બીજે,- **અનર્થોથી બચવા ધર્મ કરાય એ ઈચ્છાયોગ.**

**આત્માની બદીઓ કાઢવાની ઈચ્છાથી ધર્મ કરાય એ ઈચ્છાયોગ :**

ધર્મની શુદ્ધ ઈચ્છામાં ઘણું સમાય છે. આત્માની બદીઓ કાઢવાની ઈચ્છાથી ધર્મ-સાધના કરાય એમાં પણ શુદ્ધ ધર્મ-ઈચ્છા જ છે.

**આત્મગુણ-વિકાસની ઈચ્છાથી ધર્મ કરાય એ ઈચ્છાયોગ**

એમ આત્મગુણોનો વિકાસ કરવાની ઈચ્છાથી ધર્મ સધાય એમાં પણ શુદ્ધ ધર્મ-ઈચ્છા છે. એવી રીતે,-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૨૭,તા.૧૭-૩-૧૯૮૪

## (૨૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સત્ત્વ વિકાસની ઈચ્છાથી ધર્મ કરાય એ ઈચ્છાયોગ :**

કેવળજ્ઞાન ક્ષપકશ્રેણિથી મળે છે, ને એ ક્ષપકશ્રેણિ અપૂર્વકરણથી નીપજે છે. અપૂર્વકરણ સાત્ત્વિક કરી શકે, કાયર નહિ. તેથી અપૂર્વકરણ માટે પ્રબળ સત્ત્વ જોઈએ. તો ધર્મયોગો સાધતાં સાધતાં સત્ત્વ વિકસાવ્યે જવાનું મોટું કર્તવ્ય થઈ પડે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

છે. બસ, આ સત્ત્વ કેળવવાની ઈચ્છાથી ધર્મયોગો સાધવામાં આવે એમાં પણ સત્ત્વ-ઈચ્છા એ પણ શુદ્ધ ધર્મ-ઈચ્છા છે.

**પ્ર.**- સત્ત્વ શેનું કેળવવાનું ?

**ઉ.**- ઈન્દ્રિયનિગ્રહ-મનોનિગ્રહ-કષાયનિગ્રહ-પ્રમાદનિગ્રહ વગેરેનું સત્ત્વ કેળવવા જેવું છે.

ધર્મની ઈચ્છા થાય તે ઈન્દ્રિયનિગ્રહ વગેરેનું સત્ત્વ કેળવવા માટે થાય, તે ઈચ્છાથી ધર્મ થાય, તે ઈચ્છાયોગનો ધર્મ. એટલે

**ધર્મ કરતાં મારે સત્ત્વ કેળવવું છે, આ જો લક્ષ રહે તો બ્રહ્મચર્ય પણ પાળવું સરળ બની જાય.**

કેમકે એ બ્રહ્મચર્યપાલનમાં સત્ત્વ વધે એ ખરો અને અતિ મહાન લાભ છે. બાકી માણસ વિચારે તો દેખાય કે

## • વિકારી બનવામાં નુકસાનો •

**સત્ત્વ ગુમાવી મન પર નિગ્રહ ન રાખી મનને વિકૃત બનાવવામાં કોઈ સમ્યક્ત્વાદિનો લાભ ?** શું કોઈ સમ્યગ્દર્શનનો, જ્ઞાનનો, ચારિત્રનો કે તપનો પર્યાય વધે ખરો ? ના, ઊલટું

(૧) વિકારી થવામાં એ પર્યાય હ્રાસ પામે, તો પછી શા સારુ વિકારી થવું ?

(૨) વિકારી થવામાં આત્માની ઊંચામાં ઊંચી કોટિની મહાકિંમતી અને શરીરના રાજા સમાન ગણાતી ધાતુ જે વીર્ય, તે પાતળી પડી વિનાશને પામે છે.

(૩-૪) વિકારી થવાથી ઈન્દ્રિયોનાં તેજ ઘટે છે. મગજની ગ્રહણ-ધારણ-વિચારણ શક્તિ હણાય છે, અને

(૫) વિકારી બનવામાં ધીરવીર હૃદય પણ દુર્બળ બને છે. જગતમાં જીવન જીવવાની મઝા હોય તો સાત્ત્વિક, સબળ અને તેજસ્વી ઈન્દ્રિયો તથા મનના ઉપર છે. બ્રહ્મચર્યના ભંગથી જો વીર્યનો નાશ કર્યો ને વીર્યના નાશથી જો એ ઈન્દ્રિયો અને મનને નિઃસત્ત્વ, દુર્બળ અને માયકાંગલા બનાવી દીધા, તો પછી જીવન જીવવામાં શી મઝા ? પછી તો આયુષ્ય હોય એટલે જીવવાનું તો ખરું, પણ

(૬) વિકારી બન્યા રહેલાને દહાડા એમજ મુડદાલિયા જીવનથી પૂરા કરવા પડે. ચક્ષુમાં તેજ ન હોય, કાન બહેરા પડ્યા હોય, મગજમાં સ્મૃતિ-ભ્રંશ રહ્યા કરે, તેથી ભૂલી બહુ જવાય; એટલું જ નહિ પણ

(૭) વિકારી બનેલાની મગજની શક્તિ મરી ગઈ તેથી મગજ સહેજ સહેજમાં ઉશ્કેરાઈ જાય.



(૮) વિકારી જીવ તુચ્છ વિચારો કરી નાખે, દીર્ઘ અને ઊંડા તત્ત્વચિંતન કરવામાં એ તદ્દન અસમર્થ હોય. તો આ તે કાંઈ જીવન છે ?

ત્યારે બીજી પણ એક વાત છે કે બ્રહ્મચર્યનું મમત્વ, ને રસ જો નથી, તો

(૯) વિકારીની વિચારસરણી હલકી રહેવાની, અને

(૧૦) વિકારીને કાર્યોમાં સારી સફળતા નહિ મળવાની. કવિ કહે છે :

**''અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદીએ સફળ ન થાય; પાપસ્થાનક ચોથું વરજીએ.''**

વિચારસરણીની હલકાઈ એ રીતની કે

(૧૧) વિકારી બનવામાં મન સામે ગમે તેવા સદ્ગુણી પાત્ર હશે, એમાં ગુણ જોવાને બદલે રૂપલાવણ્ય જોશે ! આત્માની સ્થિતિને બદલે ચામડાની ગોરાશ અને ગાલની ગુલાબી જોયા કરશે ! એમાં પાછું

(૧૨) વિકારી બનવામાં અન્યોન્ય કામ-પાત્રોમાં મુકાબલો કરી ટકા આંકશે ! આગળ વધીને કામની કલ્પના સૃષ્ટિમાં ચડી ભોગસુખના ઝાંઝવાના નીર જેવા વિકલ્પો કરશે ! વળવાનું કશું જ નહિ, પરંતુ સતત વિચારણા વિષય-ભોગની, વિષયોના સારા-નરસાપણાની !

ત્યારે બ્રહ્મચર્યના મમતાળુને અને અભ્યાસીને એ કોઈ લત નહિ. તેથી શુદ્ધ ગુણદર્શન અને તત્ત્વ ચિંતનના પવિત્ર ઉચ્ચ જીવન જીવે.

**બ્રહ્મચર્ય-ધર્મની ઈચ્છા થાય તે આ પવિત્ર નિર્વિકાર જીવન જીવવા માટે થાય.**

એ ઈચ્છાથી કરાતો ધર્મ તે ઈચ્છાયોગનો ધર્મ. અબ્રહ્મના રસમાં એ પણ ખામી છે કે

(૧૩) વિકારી બનવામાં છતાં તારક દેવગુરુને ને એમની સેવાને મૂકી કામના પાત્રની ખોટી ગુલામી ઉઠાવવી પડે છે ! એની ખોટી શેહમાં પડવું પડે છે ! તેથી દેવ ગુરુ અને ધર્મને કાં સરાસર ભૂલાય છે, અગર તો ગૌણ કરાય છે, ને ત્યાગ, તપસ્યા વગેરેને જતા કરવા પડે છે.

આવા આવા તો કેઈ નુકસાનો વિકારી બનવામાં ખડા થાય છે. અહાહાહા ! પ્રભુશ્રી વીરના વારસદાર થવા છતાંય આવી ભયંકર નુકસાનીઓ વહોરવી પડે તે શા કારણે ? વિકારી બનવાના જ કારણે ને ? એક અ-બ્રહ્મરસના જ કારણે ને ? વિષયભોગના રસના કારણે ને ! ત્યારે આ એકજ દોષ જો દૂર કર્યો તો કેવી અદ્ભુત કમાણી હાથવેંતમાં છે ! કેવા સુંદર અને સાચા વીરના વારસદાર બનાય છે !

અબ્રહ્મના લીધે કાર્યમાં નિષ્ફળતા પણ ઘણી. નિષ્ફળતા એટલે એ કાર્ય

આત્માના લાભમાં ઊતરવાની વાત નહિ; કેમકે પાછળથી નિશ્ચિતતા, પ્રસન્નતા અને પ્રોત્સાહિતતા નહિ.

આત્માના અસલી નિર્વિકાર અને જ્ઞાનમય સ્વરૂપની સામે લક્ષ રાખવાથી કામવાસના કાબૂમાં આવે છે. સાથે, સુદર્શનશેઠ, સ્થૂલભદ્રસ્વામી વગેરેનાં ચરિત્ર ખૂબ ખૂબ વિચારવા લાભદાયી બને છે.

## • ઈચ્છાયોગ માટે લૌકિકમાંથી અલૌકિક તરફ •

કોઈ પણ ધર્મયોગને ખરેખરા ઈચ્છાયોગની કક્ષામાં લાવવા માટે એક ઉપાય આ પણ છે,- કે આપણે લૌકિકમાંથી અલૌકિક તરફ પ્રયાણ કરીએ; જીવનમાં લૌકિકતા છોડી અલૌકિકતા લાવીએ, ને એ માટે અલૌકિક સાધનાઓ આચરીએ.

આ લૌકિક-અલૌકિકનો ભેદ સમજવા માટે એ જુઓ, કે જગતમાં જીવન તો ઘણી જાતના છે. કીડા-કીડી-મચ્છર-માકડ-વીંછી-સાપ, વાઘ-વરુ, ઢેડ-ભંગી... વગેરે અનેકનાં જીવન જુદા જુદા પ્રકારના જોવા મળે છે. એમાં કેટલાકનાં જીવન તો મહા ભયંકર દેખાય છે, દા.ત. માખીનો વાઘ, બિલાડી, ગિરોલી, સિંહ, વાઘ...વગેરેના. એમ શક્તિ-અશક્તિ, ગુલામી-શેઠાઈ, ત્રાસ-સુખ... વગેરેથી પણ જીવન જુદા જુદા દેખાય છે. નારકીના જીવોનાં જીવન એકલા ત્રાસમય ! ત્રાસ તે કેવા ? જીવતા કપાય-છોલાય-છૂંદાય, બળાય, કુટાય... વગેરે. ત્યારે દેવતાનાં જીવન એકલા સુખમય; અલબત અંતરમાં ઈર્ષ્યા-લોભ વગેરેથી દુઃખી થાય એ માનસિક વાત. એમ મનુષ્યોમાં ય રાજા-અમલદાર, વેપારી-દલાલ, શેઠ-ગુમાસ્તો, નોકર-મજુર... વગેરેનાં જીવન જુદા જુદા દેખાય છે, છતાં આ બધાનાં જીવન મુખ્યતયા આહાર-વિષય-પરિગ્રહ તથા કષાયોની સંજ્ઞાના પાયા પરનાં હોઈ લૌકિક જીવન છે. એમાં લોકનાં જેવી હિંસામય આરંભ-સમારંભ, ખાનપાન, ધંધો-વેપાર, વિષયો-કષાયો... વગેરેની પ્રવૃત્તિ રહે છે, માટે એ લૌકિક જીવન છે.

ત્યારે, એની સામે સારા સંયોગ-સામગ્રીથી વિષય-ત્યાગ, સંયમ, અહિંસા-દયા, વ્રત-નિયમ, જિનભક્તિ-સાધુભક્તિ વગેરેની પ્રવૃત્તિ કરાય, એ અલૌકિક પ્રવૃત્તિ છે. એનાથી અલૌકિક જીવન જીવાય છે. ખૂબી એ છે, કે માનવદેહ-ઈન્દ્રિયો-બુદ્ધિ વગેરે ઉત્તમ સામગ્રીથી પણ ઘણાઓ લૌકિક જીવન જીવે છે; ત્યારે સુદેવ-ગુરુ-ધર્મના સંયોગ સહિત માનવદેહ-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે સામગ્રીને કેટલાક ભાગ્યશાળી ત્યાગ-સંયમાદિના અલૌકિક જીવન જીવવામાં જબરદસ્ત કારણભૂત બનાવે છે.

**આ સંયોગ-સામગ્રીની કદર હોય તો અલૌકિક જીવન જીવવાનું કરાય.**



અહીં ઈચ્છાયોગના ધર્મયોગને અવકાશ મળે છે. મનને એમ થવું જોઈએ, કે 'આવા રુડા-સંયોગ-સામગ્રી મળ્યા છે, તો લાવ, લૌકિક જીવનના અંધારપટમાંથી બહાર નીકળી પ્રકાશમય અલૌકિક જીવનને જીવું.' બસ, આ ઈચ્છાથી જે સાધના થાય એમાં ધર્મયોગની જ શુદ્ધ ઈચ્છા હોવાથી એ વાસ્તવિક ઈચ્છાયોગ બને. પ્રશ્ન થાય,

**પ્ર.-** આમાં ઈચ્છા તો અલૌકિક જીવન જીવવાની આવી, શુદ્ધ-ધર્મ-ઈચ્છા ક્યાં આવી ?

**ઉ.- ધર્મ શું છે ? અંધકારમય લૌકિક જીવન પડતું મૂકી પ્રકાશમય અલૌકિક જીવનની પ્રવૃત્તિ એ ધર્મ જ છે.**

કોઈ પૂછે 'કેમ ધર્મ કરો છો ? કેમ દેવદર્શન-પૂજા, દયા-દાન-શીલ, ત્યાગ-તપ કરો છો ?' તો કહેવાય, કે 'અલૌકિક જીવન જીવવા માટે. દુનિયાદારી-ધંધાધારી-મજેના ખાનપાન-રંગરાગ... એ તો લૌકિક જીવન છે, એટલે કે કીડા-કીડી, પશુ પંખી, અનાર્ય મનુષ્યો વગેરે લોક-સાધારણ જીવન છે. એવા લૌકિક જીવનથી આપણી શી વડાઈ ? જ્યારે આપણે આર્યમાનવ જનમ પામ્યા એ અલૌકિક જનમ છે; તો એમાં જીવન પણ અલૌકિક જ જીવાય.

'અને તે અલૌકિક ધર્મવૃત્તિ અને અલૌકિક ધર્મપ્રવૃત્તિથી જ જીવન અલૌકિક બને.' આવી ઈચ્છામાં ક્યાં એકલા ધર્મ સિવાય બીજા કશાની ઈચ્છા જ છે ?

વાત આ છે, કે આપણને જે લોકોત્તર દેવાધિદેવ, સદ્ગુરુ, જૈનધર્મ તથા એના અંગભૂત શાસ્ત્રો-મંદિરો-સંઘ... વગેરેનો અલૌકિક સંયોગ મળ્યો છે, તેમજ સાથે સાથે રુડો આર્ય માનવદેહ-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે અદ્ભુત સામગ્રી મળી છે, એ સંયોગ-સામગ્રીની કદર જોઈએ; તો એનાથી અલૌકિક જીવનની ઉત્તમ આરાધના કરવાનું જ મન રહ્યા કરે.

**નરકની પીડાઓ :**

જગતના જીવોની તુલનામાં જોઈએ તો દેખાય કે આપણા પુણ્યની અવધિ નથી ! નરકના જીવો આજે પણ બિચારા કેવા ભયંકર મારપીટ તથા કપાવા-છૂંદાવા-પીસાવા, અગ્નિમાં શેકાવા-બળવા વગેરેના ત્રાસ, વેદના, રીબામણમાં પડ્યા છે ! શાસ્ત્રો નરકના જે ત્રાસના વર્ણન આપે છે, એ સાંભળ્યા ય જાય એવા નથી ! ત્યારે ખરેખર એ ત્રાસ ભોગવાતા જોવાનું તો શે' સહન થાય ? એથી આગળ વધીએ તો એ ત્રાસ ખુદ ભોગવનાર શે' સહન કરી શકતા હશે ? મનને એમ થવું જોઈએ, કે 'આજે મારે આવા કોઈ ત્રાસ નથી, પુણ્યોદયની સારાસારી છે, ઉત્તમોત્તમ દેવ-ગુરુ-ધર્મશાસનની સારી પ્રાપ્તિ છે, તો **સારાસારીમાં કેમ અલૌકિક**

જીવનની કરણી ન સાધી લઉં ?

વર્તમાન સંસારના તિર્યંચો પર વરસતા જુલ્મ સાંભળતાં ય સંસાર પર વૈરાગ્ય થઈ જાય એવું છે. જુલ્મ તે કેવા ?

**તિર્યંચગતિમાં પીડાઓ :**

અમેરિકા જેવામાં મોટા ઢોરોને સ્પેશિયલ ખેતરોમાં ઊછેરી તગડા કરી પછી યાંત્રિક કતલખાનામાં એને રેંસી નાખી ચરબી કાઢવામાં આવે છે, જે કાપડની મુલાયમતા માટે વપરાય છે ! એ મારેલા ઢોરોના ચામડામાંથી સુંવાળા બૂટ બને છે. વળી વધારે સુંવાળા ચામડા માટે તો ઢોરોને લોખંડી પાઈપો વગેરે સાથે બાંધી એના પર ઊકળતા પાણી નાખી ધોકાથી એને જીવતા કૂટવામાં આવે છે ! કેમ વારુ ? જનાવર જીવતું હોય ત્યાં સુધી કકળતા ગરમ પાણીએ શેકાવાથી અને ધોકાએ કુટાવાથી શરીરનું લોહી ચામડીમાં ભરાય, ને તેથી ચામડું કૂણું રેશમ જેવું બને ! આમ કેટલું ય એ બિચારા બંધને-જકડાયેલ જનાવરને બાળ્યા-કૂટ્યા પછી એના જીવતા જીવે એની ચામડી ઊઝરડી લેવામાં આવે છે ! વિચારવા જેવી છે એ જીવોના જીવનની કરુણ દશા ! છતાં એ ત્રાસમય જીવન પણ લૌકિક જીવન છે; કેમકે એમાં અલૌકિક જીવનના અંગભૂત કોઈ કષાય નિગ્રહ, ત્યાગવૃત્તિ, સંયમ, પ્રભુભક્તિ કે શુભભાવ-ભાવનાદિ નથી.

ત્યારે આજે સૌંદર્ય અને મોજશોખના સાધન બનાવવા, કે દવાઓ ઈન્જેક્શનો બનાવવા, યા બનાવેલાને ચકાસી જોવા માટે માછલા-સસલા-વાંદરા-દેડકાં-હરણિયા-સાપ વગેરે પ્રાણીઓ પર જે ભયંકર ત્રાસ વરસી રહ્યા છે, તે જોયા-સાંભળ્યા જાય એવા નથી ! ભારતમાં વર્ષે ૫૦ હજાર તો સાપની જીવતા જીવે ચામડી ઉઝરડાય છે ! લાખો ક્રોડો દેડકાના પગ પીંખાય છે ! કરોડો-અબજો માછલાને જીવતા સુકાવી એનો લોટ કરાય છે ! અમેરિકામાં વાંદરા પરના જુલમથી એ વાંદરા કરુણ ચીસેચીસ પાડી ઊઠે છે ! પરંતુ કોણ એની દયા ખાવા જાય ? આ તો મનુષ્યકૃત ત્રાસ !

બાકી કુદરતના ત્રાસ પણ કેવા ? મોટું તળાવ સુકાવા આવ્યું ત્યાં અંદરના સેંકડો માછલાની કેવી કરુણ દશા ! ઉપરથી સમડી-ગીધડા અને ધરતી પરથી શિયાળિયા-કૂતરા વગેરે એના પર તુટી પડે છે ! ત્યારે સારા ગણાતા ઘોડાની પણ આખી રાત ડાંસ-મચ્છરથી ચવાતા રહેવાની કેવી કરુણ દશા ! એમ શિકારી પ્રાણીઓથી રેંસાઈ જતા એના શિકારભૂત જીવોની કેવી દુર્દશા ! એમ ગુલામીમાં પડેલા માનવોની ય કેવી દુઃખદ દશા !

આ બિચારા આટઆટલા દુઃખમાં છતાં એને અલૌકિક જીવન ક્યાં છે ?



કેમકે એને ધર્મની સમજ જ નથી, વિવેક નથી. ધર્મના સંયોગ-સામગ્રીની સગવડ જ નથી.

એટલે જ આપણને એમ થવું જોઈએ, કે 'જ્યારે અહીં ધર્મ માટે અનુકૂળ, અતિ દુર્લભ સંયોગ-સામગ્રીની સગવડ મળી છે, ત્યારે પણ શું પશુ-સાધારણ આહારાદિ સંજ્ઞાઓ તથા ક્રોધાદિ કષાયોના લૌકિક જીવનમાં જ પડી રહીએ ? તો પછી અલૌકિક જીવન જીવવાનું ક્યારે ? ભેંસના ભવમાં એ નહિ થાય; એ તો આવા ઉચ્ચ માનવ-અવતારે જ શક્ય છે.'

**જીવનમાં અલૌકિકતા બે રીતે લેવાય :**

**પ્ર.-** પણ અહીં જેને લૌકિક જીવન પડતું મૂકવાની તાકાત ન હોય, એ કેવી રીતે અલૌકિક જીવન જીવી શકે ?

**ઉ.-** લૌકિકમાં અલૌકિકતા ભેળવીને એ બની શકે. એમાં બે માર્ગ છે,-

(૧) દુન્યવી લૌકિક જીવનની સાથોસાથ ધાર્મિક અલૌકિક જીવનની પ્રવૃત્તિ શક્ય એટલી વધારે કરતા રહેવાય; અને

(૨) લૌકિક પ્રવૃત્તિમાં અલૌકિકને ભેળવતા રહેવાય.

(૧) આમાં પહેલો પ્રકાર સ્પષ્ટ છે,- એમાં દેવદર્શન-પૂજા, દયા-દાન-શીલ, ત્યાગ-તપ-ભાવના, જિનભક્તિ-સાધુસેવા-શાસ્ત્રશ્રવણ, સામાયિક-પ્રતિક્રમણ-પોષધ... વગેરે વગેરેની અલૌકિક જીવનકરણી કરતા રહેવાય.

(૨) બીજા પ્રકારમાં,- ચાલુ સાંસારિક પ્રવૃત્તિમાં અલૌકિકતા ભેળવાય. દા.ત. રાગ-આસક્તિથી ખાવું-પીવું, પહેરવું-ઓઢવું વગેરે એ લૌકિક જીવન છે. પરંતુ એમાં ભક્ષ્યાભક્ષ્યાદિનો વિવેક કરે, અભક્ષ્યનો ત્યાગ કરે, અને રાગ-આસક્તિ ઓછી કરી વૈરાગ્ય રાખે, એ અલૌકિકતા ભેળવી ગણાય. નહિતર તો ખાવાની લૌકિક ક્રિયા કરતો કીડો અને એજ કરતો માનવ, બેમાં ફરક શો ?

**કીડા અને માનવમાં ફરક,- વિવેક, ત્યાગ, અને વૈરાગ્યથી પડે.**

માટે, લૌકિક-અલૌકિકના ભેદ મનમાં અંકિત કરી લૌકિકમાં અલૌકિક ભેળવવા જેવું છે. દા.ત.,

(૧) ભોજન એ લૌકિક છે. અભક્ષ્યનો ત્યાગ અને વૈરાગ્ય રાખે એ લૌકિકમાં અલૌકિકતા ભેળવી ગણાય.

(૨) ધનાદિના સ્વાર્થ સેવે એ લૌકિક, દાનાદિ પરમાર્થ કરે એ અલૌકિક.

(૩) વિષયભોગ કરે એ લૌકિક; એમાં ત્યાગ-માપ-સંયમ-નિયમ રાખે એ અલૌકિક.

(૪) વેપાર રોજગાર કરે એ લૌકિક; એમાં સત્ય-નીતિ-દયા તથા મર્યાદા

ને પરોપકાર જાળવે એ અલૌકિક.

(૫) ચૂલો સળગાવવો એ લૌકિક; એમાં પૂંજી-પ્રમાર્જી જીવજતના કરે એ અલૌકિક. એમ ઓછા પાણી-અગ્નિએ પતાવે એ અલૌકિક.

(૬) કચરો ગાળવા પાણી ગળે એ લૌકિક; પણ પછી ગરણા પરના જીવની (સંખારાની) બીજા જળ સંચયમાં ભેળવી રક્ષા કરે એ અલૌકિક.

(૭) પરણવું એ લૌકિક; પરંતુ એમાં પરસ્ત્રી-ત્યાગ, સ્વસ્ત્રીસંતોષ અને તિથિનું બ્રહ્મચર્ય રાખે એ અલૌકિક.

**માનવજનમ અલૌકિક છે, તો જીવન પણ અલૌકિક જીવવું જોઈએ.**

સર્વથા અલૌકિક ન બને તો ય લૌકિક જીવનમાં આમ અલૌકિકતા ભેળવવી જોઈએ. પ્રારંભે એ અલૌકિક કરણી અને ભાવ કદાચ અલ્પ હોય, તો ય જેમ કસ્તુરીનો કણ લિટર દૂધને મઘમઘાયમાન કરી મૂકે, એમ અલ્પ પણ અલૌકિક વૃત્તિ-પ્રવૃત્તિ લૌકિક કાર્યને મઘમઘાયમાન કરી દે છે.

**અલૌકિકનાં મિશ્રણ વિનાની એકલી લૌકિક કરણી ઝેરી, જંગલી અને પાપમય છે.**

'ઝેરી' એટલે જાલિમ કુસંસ્કારના ઝેર નાખી આપે તેવી. 'જંગલી' એટલે ત્યાગના કશા બંધન વિનાની, ને યોગ્યાયોગ્યના વિવેક વિનાની. 'પાપમય' એટલે જીવના માથે નકરાં પાપ લાદનારી.

ઈચ્છાયોગનો ધર્મ જીવનમાં અલૌકિકતા લાવવાની ઈચ્છાથી થાય, કે 'મારે મારું લૌકિક જીવન ઝેરી, જંગલી અને પાપમય ન બને, એ માટે એમાં તારણહાર અલૌકિકતા ભેળવવી છે; તેથી આ દેવદર્શનાદિ અલૌકિક ધર્મ કરું છું, આ અભક્ષ્ય ત્યાગ, વૈરાગ્ય, જીવજતના વગેરેનો અલૌકિક ધર્મ ભેળવું છું.' આને શુદ્ધ ધર્મ-ઈચ્છાથી ધર્મ કર્યો કહેવાય.

એમ 'શીલ કેમ પાળો છો ?' તો કે કુશીલ-અબ્રહ્મ-વિષયસંગ એ માનવ અવતારની દુર્ગંધ છે, અપવિત્રતા છે, લૌકિકતા છે. ત્યારે શીલ એ સુગંધ છે, પવિત્રતા છે, અલૌકિકતા છે. લૌકિક જીવનમાં શીલની આ અલૌકિકતા ભેળવું તો આત્માની કંઈક રક્ષા થાય. કોઈ દિવસે ય આ અલૌકિક શીલ ન પાળું તો પશુ અને વસવાયા કરતાં મારી શી વડાઈ ?

લૌકિકમાંથી અલૌકિક જીવન તરફ જવાની ઈચ્છાથી ધર્મ થાય એ ઈચ્છાયોગ. એમ

**વાસનાવિકારોના બંધનથી મુક્ત થવા, અને ગુણસંપત્તિ કમાવાની ઈચ્છાથી ધર્મ કરવામાં આવે એય ઈચ્છાયોગનો ધર્મ બને.**



દા.ત. 'કેમ દાન દો છો ?' તો કે (i) ધનવાસના ધન-મૂર્ચ્છા કાંઈક ઘટે એ માટે; તેમજ (ii) ગુણીને દાન દીધાથી એમના ગુણોની સક્રિય અનુમોદના થાય અને મારામાં ગુણબીજાધાન થાય એ માટે. એટલે મનને થાય, કે 'અલબત આ વાસના-મૂર્ચ્છાના હ્રાસ તથા ગુણ-બીજાધાન એ અલૌકિકતા છે. જીવનમાં આ અલૌકિકતા ન લાવું, તો એકલું લૌકિક જીવન એ છૂટું, સ્વચ્છંદ, અને મર્યાદાહીન તથા પાપમય પશુજીવન ન બને. બાકી અલૌકિક ધર્મજીવન વિનાના એકલા સાંસારિક લૌકિક જીવનમાં તો યથેચ્છ વૈભવ-વિલાસો સેવાતા રહે એ આત્માનું કારમું મોત છે. પછી સંકટ વખતે ય ધર્મ યાદ જ નથી આવતો ! કેવળ દુર્ધ્યાન અને અસમાધિ રહે છે. ત્યાં નવકાર કોઈ યાદ કરાવે તોય તે રુચતો નથી ! એકલા નીતરતા લૌકિક જીવનના અંતે આ દુર્દશા ન થાય માટે જ લૌકિક જીવનમાં શક્ય ત્યાગના નિયમ, વ્રત, પચ્ચક્ખાણ, જિનભક્તિ, પરોપકાર... વગેરેના અને સંવેગ-વૈરાગ્યના અલૌકિક જીવન જીવવા જેવા છે; જેથી પાપો અને પાપાનુબંધો ઓછા થઈ ભવાંતરે દુર્ગતિ-પરંપરા ન ચાલે. આ માટેની ઈચ્છાથી ધર્મયોગ સધાય, તે સાચા ઈચ્છાયોગનો ધર્મ બને.

ધ્યાનમાં રાખવાનું છે કે લૌકિક જીવનમાં અલૌકિકતા લાવવાની ઈચ્છાથી જ ધર્મ થાય, એ આગળ આગળ ઈચ્છાયોગને વધુ ને વધુ પ્રબળ કરે છે. ત્યારે બીજી-ત્રીજી ઈચ્છામાં તો પાછા પડવાનું જોખમ છે. દા.ત. 'શીલ કેમ પાળો છો ?' 'બાધા છે માટે,' યા 'પુણ્ય મળે માટે.' આવી જ જો ઈચ્છા હશે તો સંભવ છે, ક્યારેક વાસના જોર મારતાં શીલ ચૂકાઈ જશે ! ત્યાં મન વાળી લેવાશે, કે 'બાધાભંગનું પ્રાયશ્ચિત્ત લઈ લઈશું,' યા 'આજે શીલનું પુણ્ય નહિ કમાઈએ તો બીજી રીતે પુણ્ય કમાઈ લઈશું.' આમ શીલ પર જોખમ છે, પરંતુ જો કુશીલમાં પશુતા સમજી શીલને અલૌકિક જીવન તરીકે પાળવું છે, તો લોભાઈ જવાના એવા કચરાપટ્ટી વિચારો જ નહિ આવે, અને પતન પણ નહિ થાય. વાત આ,

આહાર-વિષય-પરિગ્રહ અને આરંભ-સમારંભના લૌકિક જીવનમાં એના સંગ તથા વિકારો-વાસનાઓના બંધન ઓછા કરવાની અલૌકિકતા લાવવી જોઈએ. સંજ્ઞાઓની પ્રવૃત્તિ પર કાપ એ અલૌકિકતા છે.

'શીલ-તપ-દાન વગેરે ધર્મ કેમ કરો છો ?' એના જવાબ આ, કે 'મારા આત્મા પરના લાખો ગમે વિકારો અને વાસનાઓનાં બંધન ઓછા કરવા માટે ધર્મ કરું છું. લૌકિક જીવનમાં આ શીલ વગેરેની અલૌકિકતા ભેળવવા ધર્મ કરું છું.' આ આશયથી શીલ આદિ ધર્મયોગ સધાય એ શુદ્ધ ધર્મઈચ્છાથી ધર્મયોગ સાધ્યો કહેવાય. એ ઈચ્છાયોગનો ધર્મ થયો. આના માટે...

આટલું સમજી જ રાખવાનું, કે જગતમાં આપણી નજર સામે દેખાતા સઘળાં જીવન લૌકિક જીવન છે. એમાં માનવજીવન ધર્મથી અલૌકિક બનાવી શકાય એવું જીવન છે. સારું ખાઓ-પીઓ, મજા કરો, પરિગ્રહ ઊભો કરો, જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં ગુસ્સો-ધમધમાટ અને રોફ કરતા રહો, સ્વાભિમાન ઊંચું રાખો...' આવા કોરા લૌકિક જીવન તો પશુજીવન છે.

**'પશુજીવન' એટલે છૂટું, નિયમ-મર્યાદા 'રહિત' સ્વચ્છંદ જીવન.**

**પશુજીવન એટલે રાગદ્વેષના તીવ્ર સંકલેશોવાળું જીવન.**

આવું કોરું લૌકિક જીવન જીવનારા પશુઓ કરતાં જ્યારે આપણને અલૌકિક આર્ય માનવજનમ મળ્યો છે, તો એમાં જીવનમાં અલૌકિકતા ભેળવવી જોઈએ. એ માટેના નિયમો લઈ પાળવાના કષ્ટ ઉઠાવવામાં તથા ભોગ આપવામાં, તેમજ રાગદ્વેષ દબાવતા રહેવામાં પાછી પાની ન કરાય.

જુઓ, સતી સુરસુંદરી પતિ દ્વારા એના અંગેની ખોટી ભ્રાન્તિ અને આવેશથી નિર્જન દ્વીપ પર ત્યજી દેવાયેલી ! એ પછીથી વિષયાંધ વહાણમાલિક, વેશ્યા, ચોર વગેરેના ફાંસલામાં ફસાઈ છે. ત્યાં એને જીવનમાં ભારે કષ્ટ આવ્યા છે, પરંતુ જીવનમાં એણે નવકાર-સ્મરણ, શીલ, તત્ત્વબોધ-તત્ત્વસમજ વગેરે અલૌકિકતાઓને ભેળવેલી છે, તો આ કષ્ટો ધીરતાથી પસાર કરી શકી છે. ચાલુ જીવનમાં આવી અલૌકિકતા વિના એકલા મોજ-વિલાસ અને ધનની જ ધૂન લગાવી હોય, એને કષ્ટ આવતાં ધીરતા ન રહે, ને અનિચ્છનીય પાપોમાં પડી જાય ! જરૂર પડ્યે શીલ ચૂકે ! સદાચારો ચૂકે ! અને શું શું ય ન કરે એ કહેવાય નહિ.

**ત્યાગ-સંયમન-વિવેકની અલૌકિકતા ભેળવ્યા વિનાના સંસારના વધુ પડતા વૈભવ-વિલાસ સેવવા એ ભાવી દુર્ગતિઓના અગણિત ભવોને સર્જવાનો ધંધો છે.**

મનને એમ થાય, કે 'આજ સુધી અજ્ઞાનતામાં એ સેવાઈ ગયું, તો હવે એમાંથી બહાર નીકળી દયા-દાનાદિભર્યું, શીલ-વ્રત-નિયમભર્યું, અને સંવેગ-વૈરાગ્ય-શુભ ભાવનાઓથી છલકતું અલૌકિક જીવન બનાવી દઉં. ઇન્દ્રિયો પર નિગ્રહ અને ક્રોધાદિ આવેશ પર સંયમન સ્થાપી દઉં. કેમકે

**ઇન્દ્રિયોના જેટલા વિષયો સામે આવ્યા એટલા બધામાં જો ઇન્દ્રિયોને જોડી, તો એમાં સાત્ત્વિકતા નહિ, પણ સત્ત્વનો નાશ છે. વીરતા નહિ, કાયરતા છે;**

માટે શક્ય એટલું વિષયોમાં ઇન્દ્રિયોને ન જોડું.' સુરસુંદરી, દમયંતી, સીતાજી વગેરે અબળા છતાં એવા ધીર વીર અને સાત્ત્વિક હતા, તો કષ્ટપૂર્વકના શીલપાલનમાં મરદને આંબે એવા હતા. ભારે કષ્ટમાં ય લૌકિક જીવનમાં અલૌકિકતા ન ચૂક્યા. બાકી તો ખોળિયે મરદ છતાં અંતરથી નિઃસત્ત્વ, કાયર, ને કંગાળ,



અને બાહ્યથી પશુસુલભ વાસના વિકારોનું જ જીવન જીવનાર એ સાચા મરદ શાના ?

જીવનમાં આ અલૌકિકતા લાવવા માટે પશુ સમાન કે અનાર્ય સમાન ભોગપ્રધાન જીવન નહિ કિન્તુ ત્યાગ-પ્રધાન જીવન બનાવવા જેવું છે. એ માટે આ એક ઉપાય છે, કે આપણા જીવનમાં માપાબંધી રાખવાની.

માણસ સંસાર નભાવે છે. એમાં બે જાતની માપાબંધી નક્કી રાખે છે,

**સંસારમાં બે જાતની માપાબંધી :**

(૧) એક માપાબંધી આ, કે પોતાનું શરીર, પરિવાર અને પોતાની આવક જોઈને માપ નક્કી કરે છે કે 'મારા શરીરથી આટલી જ મહેનત કરવાની, પણ વધુ પડતી મહેનત નહિ. નહિતર આઘા જઈને પાછા પડવાનું થાય, બિમાર પડવાનું થાય. એમ ખર્ચ આવકના માપમાં જ રાખવાનો, જેથી દેવું ન થાય. એમ પત્ની-પુત્ર-ભાઈ વગેરેના સ્વભાવને જોઈ આવી આવી રીતે જ રહેવાનું, તેથી અપ્રીતિ કે ઝઘડો ન થાય, ને સ્નેહ-સદ્ભાવ-શાંતિ બની રહે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૨૮,તા.૨૪-૩-૧૯૮૪

## (૨૧) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

### ઇચ્છાયોગ માટે લૌકિકમાંથી અલૌકિક તરફ

(૨) બીજી માપાબંધી આ રાખે છે, કે 'ઘરમાં આટલા વાસણ, આટલા ગાદલા-ગોદડા, આટલું ફરનીચર, આટલા કપડાલત્તા વગેરે તો જોઈએ જ એમ સંસારમાં માનભેર રહેવું છે તો આટલો દમામ, આટલો રૂવાબ, આટલી હોંશિયારી તો રાખવી જ જોઈએ.

જો લૌકિક સાંસારિક જીવનમાં આવી માપાબંધી આવડે છે, તો શું અલૌકિક ધર્મ-જીવનમાં માપાબંધી ન આવડે ?

**અલૌકિક ધર્મજીવનમાં બે જાતની માપાબંધી :**

(૧) પહેલી માપાબંધીમાં મારે આટલા અભક્ષ્ય-અપેય ત્યાગ જોઈએ. મારે જુગાર-સિનેમા-તમાશા, તેમજ જ્યાં ત્યાં ને જ્યારે ક્યારે ય ભટકવાનું બંધ જ હોય; એમ

(૨) બીજી માપાબંધીમાં 'મારે આટલી આટલી મારા દ્રવ્યથી જિનભક્તિ કરવી જ જોઈએ. આટલી સાધુ-સેવા, જિનવાણી-શ્રવણ કરવા જ જોઈએ. જીવનમાં



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આટલી ખામોશ, આટલી તૃપ્તિ, આટલી સહિષ્ણુતા રાખવી જ જોઈએ. એટલે ક્યારેક કદાચ કષાય કરવા જ પડે તો આટલાથી વધુ નહિ જ કરવાના.'

આશ્ચર્ય છે કે માણસને સાંસારિક બાબતમાં ચોકસ પ્રકારની માપાબંધી જોઈએ છે, ને ધર્મની વાતમાં કશું નક્કી જ નહિ ! જો આ અલૌકિક માપાબંધી ખપતી હોય, તો જીવન જીવતાં એનાં ધોરણ નક્કી રખાય. દા.ત. વિવિધ રસ ભોગવું છું, પણ રસગારવ નહિ રાખવાનો અર્થાત્ રસની આસક્તિ કે અભિમાન નહિ રાખવાના. ક્યારેય રસની આસક્તિવશ રગડો કે પ્રશંસા ન કરું; યા અભિમાનવશ 'આપણે તો ભાઈ ! મુફલીસ પદાર્થ ન ખાઈએ, આપણે તો ઊંચી રસમય વસ્તુ જ ખાનારા.' આવું ન બોલું. એમ, 'શાતા તથા સમૃદ્ધિના પદાર્થના સંબંધ છતાં એના ગારવ તો ન જ કરું.'- આ લૌકિક જીવનમાં અલૌકિકતા છે. એમ લૌકિક જીવનની વચમાં જ અલૌકિકતા લાવવા માટે 'બને તેટલા ઓછા વિષયથી ઓછા કષાયથી, ઓછી સંજ્ઞાઓથી, ઓછામાં ઓછી અસમાધિથી અર્થાત્ અસમાધિ લાવનાર રાગદ્વેષ, હરખ-ખેદ પર અંકુશથી જીવન જીવવાનું...'

**સાચો ધર્માત્મા કોણ :**

લૌકિક જીવનના આ વિષયો-કષાયો અસમાધિ-દુર્ધ્યાન-ગારવ-શલ્ય-મોજશોખ વગેરેમાં ઘણી ઘણી કાપકૂપ કરીને જીવન ચલાવવાનું સમજે એ સાચો ધર્માત્મા જીવ કહેવાય. જેને આ કશું ઓછું કરવાનું જરૂરી ન લાગતું હોય, બધું સર્વાંશે જોઈતું હોય, એને મોક્ષ સાથે, અને મોક્ષ-પ્રાપક ધર્મ સાથે તેમજ જિનશાસન સાથે શો સંબંધ ?

ઈચ્છાયોગની ધર્મસાધના ઊભી કરવી હોય તો એમાં માત્ર શુદ્ધ ધર્મની ઈચ્છા પહેલી જોઈએ; અને એ લૌકિક જીવનમાં આ બધી કહેલી અલૌકિકતા ભેળવવાની લગનથી ધર્મ-ઈચ્છા થાય. એ શુદ્ધ ધર્મ-ઈચ્છા છે. પછી તો આ લગનથી અલૌકિકતા માટે બને તેટલા વધુ ને વધુ ધર્મયોગ સાધતો જ રહે. પછી ત્યાં ધર્મસાધનામાં સંતોષ ન વળાય કે 'આપણાથી આટલો ધર્મ બને. વધારે શું થાય ?' આ સંતોષ વાળતાં પહેલાં મનને પૂછવું જોઈએ દા.ત., પૂજા અંગે 'અરે મૂર્ખ જીવ ! તું પૂજામાં સંતોષ વાળે છે. પરંતુ જરા એ તો જો, કે આ પરમાત્મા કોણ છે ? કેવા છે ?

**એ પ્રભુ એમના દરજ્જા પ્રમાણે કેવા સત્કાર-સન્માનને યોગ્ય છે ? ને તું એમનાં છતી શક્તિએ કેવા મુફલીસ દરિદ્ર સત્કાર અને લુખ્ખા મામુલી સન્માન કરી રહ્યો છે ?**

ઘરે એક સામાન્ય મેમાન આવે તોય એને એક ચહાનો કપ પણ જરાય



અનાદરથી નથી અપાતો, માનભેર અપાય છે, યા ચાલુ ભોજન નહિ પણ વિશિષ્ટ ભોજન અપાય છે, તો ત્રણ લોકના નાથની પૂજા કેટલા આદર-બહુમાનથી થાય ? ને કેવાં વિશિષ્ટ દ્રવ્યથી કરાય ? આમાં દેવાળું જોતાં એમ લાગે કે પરમાત્માને ને એમની ઉચ્ચતાને ઓળખી જ નથી, યા મન પર જ નથી. જમાઈની ઉચ્ચતા મન પર છે, તો જમાઈની ઊંચી સરભરા થાય છે.

**સામાની સરભરા પરથી મપાય છે કે સામાને કેવો માન્યો છે, ઉચ્ચ કે સામાન્ય ?**

આ પરથી માપી જુઓ કે પરમાત્માની બહુ સામાન્ય સરભરા કરતા હો તો પરમાત્માને કેવા માન્યા ? લૌકિક જીવનમાં અલૌકિકતા ભેળવવા પરમાત્માનાં ઊંચા મૂલ્યાંકન અને ઊંચી સરભરા કરવી જોઈશે. એ સમજીને પોતાના ઊંચા દ્રવ્યથી પ્રભુભક્તિ થાય એ ઈચ્છાયોગનો ધર્મ બને.

## • શાસ્ત્રયોગ માટે (૧) અપ્રમાદિતા : પ્રમાદરહિતતા •

ત્યારે હવે એ જોઈએ કે શાસ્ત્રયોગી કેવા અપ્રમાદી એટલે કે પ્રમાદ વિનાના હોય ?

**પ્રમાદ આ છે,**- નિદ્રા, વ્યસન, વિકથા, કુથલી, રાગદ્વેષાદિ કષાય, વિષયાસક્તિ, સ્મૃતિ-ભ્રંશ, ધર્મક્રિયામાં ભ્રાંતિ, ધર્મમાં અનુત્સાહ, ધર્મ પ્રત્યે અનાદર,... વગેરે.

શાસ્ત્રયોગી આમાંના એક પણ પ્રમાદને ક્યારેય પણ સેવનારા ન હોય; શું રાત્રે કે શું દિવસે, શું છ દહાડે કે શું છત્રીસ દહાડે, એક વાર પણ એક પ્રમાદનું ય સેવન નહિ. જિનેશ્વર ભગવાન ચારિત્ર લઈને આવી શાસ્ત્રયોગની કક્ષાની અપ્રમત્ત આરાધના કરનારા શાસ્ત્રયોગી હોય છે.

શ્રી ઋષભદેવ ભગવાને ચારિત્ર લઈને કેવળજ્ઞાન પામવા પૂર્વે આવા અપ્રમત્ત સંયમની સાધના સળંગ ૧૦૦૦ વર્ષ કરી ! એ કેટલો જંગી કાળ ! એટલા મોટા કાળમાં શું દહાડે, કે શું રાત્રે, જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહીં, તો સૂવાની ને નિરાંતે નિદ્રા લેવાની વાતે ય શી ? તે ય હજારો વર્ષ મૌન રાખ્યું ! એટલે કાંઈ પણ બોલવું જ નથી પછી કોઈની ય સાથે વિકથા-કુથલીને જગા જ ક્યાં ?

**(૧) વિકથા-કુથલી-પ્રમાદ :-**

'વિકથા' એટલે પાપકથા; અર્થાત્ સ્ત્રી-ભક્ત-(ભોજન)-દેશ-રાજકથા : આ ચાર અને દર્શનભેદિની કથા, ચારિત્રભેદિની કથા વગેરે પાપકથામાંથી એકે ય



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પ્રકારની વાત નહિ કરવાની. ન સ્ત્રીઓ સંબંધી વાતચીત, ન ભોજન સંબંધી, ન કોઈ દેશ-ગામ-નગર-ઉદ્યાનાદિ સંબંધી, કે ન કોઈ રાજ્ય સંબંધી વાતચીત.

(૧) સ્ત્રીકથામાં 'કામરુ દેશની સ્ત્રીઓ રૂપાળી હોય છે, મુલાયમ સ્વભાવની હોય છે,' એમ સામાન્યથી સ્ત્રીઓ અંગે વાત આવે; અથવા 'અમુક સ્ત્રી વિવેકવાળી' યા 'સારા ભક્તિભાવવાળી.' 'પ્રેમાળ'- વગેરે વાતચીત એ સ્ત્રી કથા છે. અરે ! સ્ત્રી અંગે એક જ બોલ, એ ય સ્ત્રી-કથા છે, વિકથા છે. એમ, સ્ત્રી સાથે ય વાતોચીતો એ સ્ત્રીકથા ય નહિ કરવાની. મહાતપસ્વી મુનિ નંદીષેણ વેશ્યા સાથે વાતમાં ઊભા રહ્યા તો પતન પામ્યા !

(૨) ભોજનકથામાં ભોજનની એકાદ વસ્તુ અંગે પણ 'આ ચીજ આમ બને.' 'આની સાથે આ વસ્તુ મેળવાળી ગણાય,' દા.ત. 'ખીચડી સાથે કઢીનો મેળ બરાબર બેસે,'... આવો આવો એક પણ બોલ એ ભોજન-કથા થઈ. એમ ભોજનની વસ્તુ બનાવવાની રીત અંગે ચર્ચા-વિચારણા-વાતચીત એ ય ભોજન કથા છે; અથવા ભોજનની કોઈ વસ્તુની વિશેષતા અંગેનો બોલ, દા.ત. 'સુરતી જમણમાં ઘારીની વિશેષતા હોય છે.' આટલો ય ઉદ્ગાર એ ભોજનકથા છે. એમ ભોજન વસ્તુની પ્રશંસા, ગુણગાન, કે નિંદા, દા.ત. 'ગરમ ચહાથી તેજી આવે,' 'આજે લાપસી ખરાબ બની,' 'કારેલાના શાકના ગુણ સારા,' આવું કાંક પણ બોલાય એ ભોજન કથા છે.

(૩) દેશકથામાં કોઈ ગામ-નગર-વન-ઉદ્યાન-નદી-પર્વત વગેરે અંગેની વાત આવે. દા.ત., 'અમેરિકા બહુ શ્રીમંત દેશ,'... 'અમુક ગામમાં કંજુસ બહુ,'... 'મારવાડમાં પાંચ રત્ન,'... 'કાશ્મિરમાં નૈસર્ગિક સૌંદર્ય ભારે,'... 'મહાબળેશ્વર સારું હવા ખાવાનું સ્થળ,' 'ગંગા નદી ઘણા પ્રદેશને પાણી આપે છે,'... 'સહરાના રણમાં પાણીના ફાંફા'... આવો એકાદ પણ બોલ એ દેશકથા છે.

(૪) રાજકથા એટલે રાજ્યતંત્ર સંબંધી કે રાજ્ય કે રાજાની આબાદી વગેરે અંગે વાત, દા.ત. 'આજે ભારતની રાજ્યનીતિ બરાબર નહિ,' 'રશિયામાં સામ્યવાદી તંત્ર,' 'ઠાકોર રાજાઓ આપખુદ બની ગયેલા,'... વગેરે એક પણ બોલ-ઉક્તિ એ રાજકથા-રાજ્યકથા થઈ.

વિચારો આપણા જીવનમાં આ ચાર વિકથામાંના કેટલા બોલ બોલાતા હશે ? લાંબી ચર્ચા જ માત્ર નહિ, કિન્તુ એકાદ બોલ પણ વિકથા બને છે.

**એ વિકથા ખતરનાક છે; કેમકે એ નકરા રાગદ્વેષ ને બાહ્યભાવને પોષે છે.**

વિકથાથી બાહ્ય ભાવ અર્થાત્ બહિરાત્મભાવ પોષાય. શાસ્ત્ર-યોગમાં આ એક અક્ષરની ય વિકથા ન હોય.



'કુથલી' એટલે બિનજરૂરી વાતચીત, અરે ! બિનજરૂરી એકાદ બોલ પણ બોલવાનો નહિ દા.ત. 'રાતના માંકડ બહુ કરડ્યા'... આ બિનજરૂરી બોલ છે. વળી, ધરાર દેખે છે, કે માણસ નાહી રહ્યો છે, છતાં એને પૂછે, 'કેમ ? સ્નાન કરી રહ્યા છો ?' એ બિનજરૂરી બોલ છે. અથવા 'બજારે નીકળ્યા હતા, રસ્તામાં ભીંડા સારા આવેલા જોયા, તે લઈ લીધા, પણ આજકાલ દગો-ભેળસેળ બહુ, એમાં ચાર ભીંડા સડેલા નીકળ્યા !... વેપારીઓ કેવા લુચ્ચા બની ગયા છે !... આજ કોનો વિશ્વાસ કરવા જેવો છે ?... આ ફલાણા ભાઈનો દીકરો જુદું જમાવી બેઠો...' બસ, આ ચાલી કુથલી ! આવી બિનજરૂરી વાતોચીતોથી શું પામવાનું ?

**કુથલીમાં લાખેણા માનવ-સમયની બરબાદી પામવાની !**

માનવ-જનમની લાખેણી એકેક ક્ષણમાં જો ભાવપૂર્વક કોઈ નવકાર સ્મરણ, મહાપુરુષ-ગુણગાન, તત્ત્વચિંતન, કે તીર્થયાત્રા-ચિંતન હોય તો લાખેણો એટલે કે અઢળક પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે એવો બને એવો હતો;

(૧) એ પ્રતિક્ષણ થનાર પાપક્ષય-પુણ્યલાભ આ કુથલીમાં હજારો ક્ષણ કમાતા રહેવાનું ગુમાવ્યું ! અને વધારામાં એ કુથલી પાછળ

(૨) કેટલાય રાગદ્વેષ કર્યા,

(૩) જડની નિંદા-પ્રશંસા કરી જડને મહત્ત્વ આપ્યું,

(૪) આર્તધ્યાન અને

(૫) અસમાધિ પામ્યો, તેમજ

(૬) નકરા બાહ્યભાવમાં રમતા રહી બહિરાત્મભાવ પોષ્યો,

(૭) પોતાના આત્માનું સરાસર વિસ્મરણ કર્યું ! વળી

(૮) ફજુલ-નિષ્ફળ વાણી-વિચારોથી, આજના માનસશાસ્ત્રીઓ પણ કહે છે તેમ મનને નિર્બળ બનાવ્યું ! સત્ત્વનાશ કર્યો !

આ બધાં નુકસાનો જોતાં કુથલી એટલે કે બિનજરૂરી બોલ અને બિનજરૂરી વાતોચીતોમાં ક્ષણે ક્ષણે કેટલી મોટી બરબાદી !

**પ્ર.-** કુથલીમાં સત્ત્વનાશ કેવી રીતે ?

**ઉ.-** કુથલીમાં ખબર છે, કે આ વાતોચીતોથી કશું સરવાનું નથી, વળવાનું નથી, છતાં મનમાં આવ્યું એટલું બધું જ બોલવાની ખણજ જાગે છે. એ ખણજને રોકવાનું સત્ત્વ નથી એટલે બોલાય છે.

એવી તુચ્છ ખણજની પરવશતા ન સેવાય, ને એવું ન બોલાય, ન ચલાય, એ સત્ત્વ છે; ત્યારે બોલી-ચાલી કાઢવામાં સત્ત્વ ગુમાવવાનું થાય છે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

સત્ત્વનાશ થાય છે.

ઇન્દ્રિયોના વિષય અંગે પણ એવું જ છે. ઇન્દ્રિયોને ને મનને બાહ્ય વિષયોમાં જેટલી ઓછી લઈ જવાય એટલા સુખી, એટલા રાગદ્વેષ ઓછા કરવાના. પરંતુ એ ઇન્દ્રિયોની ખણજ એવી છે, કે જીવ એને વશ થઈ ઇન્દ્રિયોને વિષયોમાં દોડાવે છે. ત્યાં સત્ત્વ ગુમાવવાનું થાય છે, સત્ત્વનો નાશ કરવાનું થાય છે. સત્ત્વની રક્ષા આ,- કે 'ધરાર ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવીએ, ન જ જવા દઈએ.' ત્યારે વિચારો, કે

**રોજ રોજ દિવસમાં કેટકેટલીવાર ઇન્દ્રિયોને ને મનને ખોટા દોડાવી સત્ત્વનાશ કરતા હોઈશું ?**

એ માપ કાઢવા જોવાનું કે દિવસમાં ઇન્દ્રિયોને કેટલા વિષયો પર અને એમાંય કેટકેટલીવાર જોડતા-ભટકાવતા હોઈશું ? અર્થાત્ ઇન્દ્રિયોનું વિષયોમાં ભ્રમણ કેટકેટલું ? તેથી જ હજી આ વિકથા, કુથલી તથા વિષયભ્રમણની યથેચ્છ અને નિઃસંકોચ પ્રવૃત્તિથી સારા ઇચ્છાયોગમાં ય આવવાની જો સ્થિતિ નહિ, પછી એમાં ઊંચા શાસ્ત્રયોગનું તો સ્વપ્નું ય શાનું ?

શાસ્ત્રયોગમાં પ્રમાદ નથી, અર્થાત્ નિદ્રા-વિકથા-કુથલી-રાગદ્વેષ આદિ નથી. એના પર એટલો બધો કાબૂ છે, કે પછી એના પર ઊભા થતા વિકથા-કુથલી અને ઇન્દ્રિયોનાં વિષયભ્રમણને અવકાશ જ ક્યાંથી હોય ? અહીં પ્રશ્ન થાય,-

**વિકથાદિ પ્રમાદ કેમ અટકે ?**

**આત્માનું સ્વાભાવિક-વૈભાવિક સ્વરૂપ જોવા પર.**

**પ્ર.**- રાગ-દ્વેષ, વિકથા-કુથલી, અને ઇન્દ્રિયોના વિષય-ભ્રમણ પર એટલો બધો કાબૂ શી રીતે આવતો હશે ?

**ઉ.**- આત્માના સ્વાભાવિક-વૈભાવિક સ્વરૂપ નજર સામે તરવરતું રહેવાથી રાગદ્વેષાદિ પર કાબૂ આવે. આત્માનું સ્વાભાવિક અને વૈભાવિક સ્વરૂપ શું ? અને એ વૈભાવિક સ્વરૂપ કેમ થયું ? એના ફલ કેવા ભયંકર ?... એ જો નજર સામે ને નજર સામે રહે, તો રાગાદિ અટકાવવા સહેલા પડે. આત્માનું સ્વાભાવિક સ્વરૂપ શુદ્ધ અનંતજ્ઞાન-દર્શન-વીર્યમય અને વીતરાગતામય છે. મૂળ આત્મસ્વરૂપ રાગાદિ-વિકાર રહિત યાને નિર્વિકાર છે; જ્યારે, એના પર ઘાતી કર્મો છવાઈ ગયા છે, જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ, એ ચાર ઘાતી કર્મનાં આવરણ લાગી ગયાં છે, જેના ઉદયમાં અજ્ઞાનતા વગેરે વિભાવ યાને ભાડુતી ભાવ આત્મામાં ઊભા થાય છે; એટલે જ આત્મા અજ્ઞાન, મૂઢ વગેરે બન્યો રહે છે. એ એનું અનંત જ્ઞાનમય સ્વાભાવિક સ્વરૂપ દબાઈને



વૈભાવિક સ્વરૂપ થયું કહેવાય. સ્ફટિકનું સ્વાભાવિક સ્વરૂપ સ્વચ્છ-ઉજ્જવળ છે; પરંતુ એની પાછળ લાલ કપડું લગાડ્યું હોય તો સ્ફટિક લાલ દેખાય છે. સ્ફટિકમાં ઉજ્જવળતા એ સ્વાભાવિક કહેવાય, અને આ લાલાશ એ વૈભાવિક કહેવાય. આત્માની આ અજ્ઞાનતા-મૂઢતા, ગુસ્સો-અભિમાન... હરખ-ખેદ,... વગેરે વૈભાવિક સ્વરૂપ કહેવાય. વૈભાવિક દશામાં કેવી કરુણ અને કઢંગી દુર્દશા ! શાના ઉપર એ ? કહો, ઘાતી કર્મો ઉપર.

## • ઘાતી-અઘાતી કર્મ •

આત્માનું ખરું બગાડનાર આ ઘાતી કર્મો છે; પણ વેદનીયકર્મ નામકર્મ વગેરે અઘાતી કર્મો એવું બગાડનારા નહિ.

'ઘાતી' એટલે આત્માના પરમાત્મભાવનો યાને વીતરાગ-સર્વજ્ઞભાવનો ઘાત કરે તે. એ મોહનીય-જ્ઞાનાવરણાદિ ચાર. 'અઘાતી' એટલે આત્માના પરમાત્મભાવનો વીતરાગ-સર્વજ્ઞભાવનો ઘાત ન કરે તે. એ વેદનીયકર્મ આયુષ્યકર્મ આદિ ચાર છે. ઘાતી ગયા પછી ભલેને આ વેદનીયાદિ ઊભા હોય છતાં પરમાત્મભાવ નષ્ટ ન થાય.

પાલક પાપીની ઘાણીમાં પીલાઈ મરતા ૫૦૦ મુનિઓને અશાતા વેદનીયકર્મ એટલે કે અઘાતી કર્મ પ્રબળ ઉદયમાં હતાં, છતાં એણે એમના આત્માનું કશું બગાડ્યું નહિ ! એ વેદનીય વગેરે અઘાતી કર્મોએ વેદના આપવાનું પોતાનું કામ કર્યું, અને મુનિઓએ શુભ ધ્યાનથી ઘાતી કર્મોનો નાશ કરવાનું પોતાનું કામ કર્યું ! શું ? કર્મે એનું કામ કર્યું, આત્માએ પોતાનું કામ કર્યું. તો કેવળજ્ઞાન લીધું ! બાકીના અઘાતી કર્મોને તો ભોગવીને નષ્ટ કરી પછી મોક્ષ પામી ગયા !

**આત્માનું બગાડનાર ઘાતી કર્મ છે, અઘાતી નહિ.**

માટે ડરવાનું હોય તો ઘાતી કર્મોથી ડરવાનું છે કે 'હાય ! આ રાગ-દ્વેષ-મોહ... વગેરે કરાવનારા ઘાતી કર્મો મારે જોર કરી રહ્યા છે ! મારું શું થશે ? મારા ભવ વધી જવાથી મારી કેવી દુર્દશા !' એટલે હવે જો પૂછો, કે

**પ્ર.**- ઘાણીમાં જીવતા પીલાવાની ઘોર વેદનામાં શી રીતે ઘાતી કર્મોનો નાશ કરી શકાય ?

**ઉ.**- એમને ઘાતીનો એવો ડર લાગી ગયો હતો તેથી હવે મોકો દેખે છે, કે 'ઘાણીમાં પીલાતાં તીવ્ર અશાતા દેવનીય યાને તીવ્ર વેદના ઊભી થઈ, એ અઘાતીનું નિર્ધારિત ફલ છે; અને એમાં કાયા પર રાગ, તથા પીલનાર પર દ્વેષ ઊભો થવા સંભવ છે, એ ઘાતીનું ફળ છે; પરંતુ અઘાતી કર્મની અનિવાર્ય વેદના

ભલે રહી, બાકી ઘાતી કર્મ-જનિત રાગ અને દ્વેષને કચરી શકાય છે, તેથી એને મચક નથી આપવી. રાગ-દ્વેષ કચરવાનો આવો મોકો ફરીથી નહિ મળે,- **'કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે...'** આમ ઘાતી રહી જાય તો ?' એનો એમને મોટો ભય લાગ્યો હતો, તેથી ઘાતીને નામશેષ કરવા મક્કમ મનવાળા બની ગયેલા.

**આપણને ઘાતીનો ભય લાગવાની વાત તો દૂર, ઊલટું આપણે ઘાતીને પંપાળવાનું કરીએ છીએ !**

**ઘાતીને કઈ લપડાક ? :**

નજીવા નજીવા પદાર્થ કે પ્રસંગમાં રાગ-દ્વેષ, હરખ-ખેદ કરી કરી ઘાતી કર્મ પથારી લાંબી કરીને સૂવાનાં ! ઘાતીના ઘરના રાગાદિનું કામ નાના છોકરા જેવું; એને પંપાળો તો માથે ચડી બેસે, લપડાક લગાવો તો ભાગે. ઘાતીને લપડાક આ,- 'વૈરાગ્ય, ક્ષમા, નમ્રતા, તૃપ્તિ, બ્રહ્મચર્ય, વગેરેનો જ આગ્રહ રાખી એને ખૂબ સેવતા રહેવાનું.' આ લપડાક લગાવાનું જો ચાલુ, તો ઘાતી કર્મ કચરાતા રહે.

**ઘાતી કર્મોમાં આ સરળતા,-** કે ક્ષમાદિનો આગ્રહ રાખી એને કચરતા રહો, તો એ કચરાય; જ્યારે, કેટલાય અઘાતી હઠિલા, લપડાક નહિ, લાત મારો તો ય ન ખસે, ઘોર તપ કરતાં પણ આયુષ્યકર્મ વગેરે અઘાતી કર્મ ન મરે. મહાવિદેહ જેવામાં નાની ઉંમરમાં ઘોર તપ કરી કેવળજ્ઞાન પામે, પણ પછી જીવવાનું કેટલું ! એ ઊભું રહે. લગભગ ક્રોડ પૂર્વ વર્ષ ! એક 'પૂર્વ' વર્ષ એટલે કેટલા વર્ષ ? ૭૦૫૬૦ અબજ વર્ષ ! એવા લાખો પૂર્વ વર્ષ જીવવાનું થાય તે આયુષ્ય કર્મ, શરીરાદિના કર્મ, ગોત્ર કર્મ, અને વેદનીય કર્મ,- એ ચાર અઘાતી કર્મ ભોગવવા પર જીવવાનું હોય છે. એટલા બધા દીર્ઘકાળ સુધી ચાલે એ અઘાતીનો જુમલો કેટલો મોટો ? કેમ એ અઘાતી કર્મ, કેવળજ્ઞાન પમાડનારી ઉગ્ર સાધનાથી કેવળજ્ઞાન પામતાં ઘાતી કર્મો નાશ પામવાની સાથોસાથ, નાશ ન પામી ગયા ? કહો, એ તો ભોગવાઈને જ નાશ પામનારા હઠિલા અઘાતી કર્મો ! માટે ઉગ્ર સાધનાથી પણ નાશ ન પામ્યા ! એટલે, મહેનત ઘાતીને જ કચરવાની કરવા જેવી છે, અઘાતીને નહિ.

સનત્કુમાર ચક્રવર્તીને એકી કલમે ૧૬ રોગ આપનારા અઘાતી અશાતા વેદનીય કર્મ ઉદયમાં આવ્યા ! તો એમણે ચક્રવર્તીપણાની સગવડથી દરિયાપારથી કોઈ ઔષધિ મંગાવી, યા વિદ્યાધર પાસેથી વિદ્યા-મંત્ર મેળવી અઘાતી કર્મ વેદનીયને કચરવાનું ન કર્યું, પરંતુ છ ખંડ, ચૌદરત્ન, નવનિધાન, વિશાળ અંતઃપુર વગેરે મહાવૈભવી સંસારનો ત્યાગ કરી એના રાગને કરાવનાર ઘાતી કર્મને કચરવાનું



કર્યું ! સંયમ લઈને ય દવા-ઔષધ કરવા-કરાવવાનું ન કર્યું, પરંતુ રોગિષ્ઠ શરીરે ય ઉગ્ર તપસ્યા માંડી ! સાથે ક્ષમા નમ્રતાદિ ૧૦ યતિધર્મની સાધના આવકારી ! તથા ઉગ્ર બાહ્ય-આભ્યન્તર તપ લગાવી ઈષ્ટનો રાગ, ને અનિષ્ટનો દ્વેષ કરવાનું છોડ્યું, ને કામ-ક્રોધ-લોભ વગેરે કરાવનારા ઘાતી કર્મોને તોડવાનું કર્યું. સાતસો-સાતસો વર્ષ સુધી એમ કર્યું ! સમજાય છે ? સાત દિવસમાં આપણે ગેં ગે ફેં ફે થઈ જઈએ, ત્યારે આ ચક્રવર્તીના અતિ સુંવાળા કોમળ શરીરે ૭૦૦ દિવસ નહિ, ૭૦૦ મહિના નહિ, ૭૦૦ વરસ સુધી ઘાતીને તોડનારી ઉગ્ર કષ્ટમય સાધના કર્યે ગયા ! આપણે નીરોગી શરીરે સળંગ ૫૦૦ આંબેલ કરવા હોય તો ! સત્તર વિચાર પડે. તો આમણે ૭૦૦ વરસ રોગની પીડામાં ઉગ્ર તપસ્યાદિ કષ્ટ ઉપાડ્યા ! કેમ વારુ ? સમજતા હતા, કે

અઘાતીના ઉદયે આવેલા રોગ દવાથી નહિ ખસેડી શકાય, પરંતુ ઘાતીના ઉદયે આવેલ દુર્બુદ્ધિને, કષાયને, રાગ-દ્વેષને, અને ધર્મપ્રવૃતિનિષ્ઠ-પ્રમાદને પ્રખર ધર્મપુરુષાર્થથી ખસેડી શકાય છે.

**વીર પ્રભુનો બાહ્ય તપનો ભગીરથ પ્રયત્ન :-**

એટલે તો ત્રિભુવન ગુરુ મહાવીર ભગવાને સંયમ લઈ ઘાતીને તોડવા પ્રખર ધર્મ પુરુષાર્થ આદર્યો ! તપ પર તુટી પડ્યા ! બાહ્યતપમાં (૧) છઠ્ઠ-છઠ્ઠથી ઓછા તપની તો વાત જ નહિ ! પાખમણ-માસખમણ-દોઢમાસી-બેમાસી-અઢીમાસી-ચોમાસી-છમાસી સુધીના જંગી અનશન તપ લગાવ્યે ગયા ! પાછું એમાં પારણે (૨) ઊણોદરી (૩) વૃત્તિ-સંક્ષેપ (૪) રસત્યાગ તથા (૫) કાયોત્સર્ગ અને પરીસહ-ઉપસર્ગનાં ઘોર કાયકષ્ટ ઉપાડ્યા ! એમાંય (૬) કોઈને એની ફરિયાદનો એક શબ્દ પણ કહેવાનો નહિ એવી વાક્સંલીનતા રાખી ! કાયોત્સર્ગમાં કાયા હલાવવાની નહિ એ કાયસંલીનતા રાખી ! 'આ 'કષ્ટ ખરાબ' એવો એક વિચાર પણ નહિ એવી મનઃસંલીનતા ! વિના કાયોત્સર્ગે પણ શરીર પરથી માખી કે મચ્છર ઉરાડવાની વાત નહિ એટલી કાય-સંલીનતા ! પ્રભુનો આ બાહ્યતપ શા માટે ? ખાનપાનાદિના ને કાયાના રાગ-મમત્વ અર્થાત્ ઘાતી કર્મ તોડવા માટે.

આભ્યન્તર તપમાં, પ્રાયશ્ચિત્ત તપ આવે જ નહિ એવી સચોટ નિરતિચાર સંયમ-સાધના ! વિનયતપમાં, અત્યંત નમ્રતા-લઘુતા એ સંયમનો મહાવિનય ! તત્ત્વચિંતનનો પ્રચંડ સ્વાધ્યાય ! મોટા ભાગે ખડાખડા કાયોત્સર્ગ ધ્યાન ! આમાં ય કચાશ ન રાખી. કેમ ? એક જ હિસાબ કે, -

તપના ઉગ્ર ધર્મ-પુરુષાર્થથી ઘાતી કર્મોને જબરદસ્ત લપડાકો પડે છે, ઘાતી કર્મ તોડી શકાય છે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

**ઘાતી હઠિલા નથી, આપણે હઠિલા છીએ.**

આવું આવું આપણા ભગવાન મહાવીર દેવનું જબ્બર સાધના જીવનનું આલંબન મળવા છતાં દુષ્ટ ઘાતી કર્મોને કચરનારા બારે પ્રકારના તપ નહિ કરવામાં આપણે હઠિલા છીએ, નહિતર આવા પ્રભુનાં જીવન અને ઉપદેશનું આલંબન મળ્યું, છતાં ઘાતી કર્મને કચરવાની ઉત્તમોત્તમ તક સમાન માનવ અવતારને ઘાતી કર્મોનાં પોષણમાં અર્થાત્ રાગ-દ્વેષ-વિષયાસક્તિ તથા કામ-ક્રોધાદિ કષાયોનાં પોષણમાં બરબાદ કરીએ ખરા ?

જૈન શાસનના બળે ઘાતી કર્મોને તોડવાનું આપણે સામર્થ્ય ધરાવીએ છીએ. ત્યાં શું કહી ન દઈએ કે

**'કર્મો મને શું લપડાક લગાવે ? જિનશાસનના બાહ્ય-અભ્યંતર તપનાં બળે કર્મોને હું લપડાક લગાવીશ.'**

સીતાજીએ દિવ્ય કરી જયજયકારો બોલાવી સંસારમાં ઠરીઠામ બેસવાને ટાણે આ કર્યું હતું...'કર્મોએ મને અનંતી વાર કચરી, આ જનમમાંય ત્રણ વાર ભારે કચરી, પરંતુ કર્મો મને શું કચરતા હતા ? ભગવાનના અહિંસા-સંયમ-તપથી કર્મોને હું કચરી નાખીશ,' આ નિર્ધાર કરી તરત ચારિત્ર લઈ ઘાતી કર્મોને કચરવા નીકળી પડ્યા હતા !

શાસ્ત્રયોગ અપ્રમાદ માગે છે. ઇન્દ્રિય-વિષયસંગ એ પ્રમાદ છે. પરંતુ પ્રમાદ જાય શી રીતે ? અપ્રમાદ શી રીતે આવે ? જ્ઞાનાવરણ-મોહનીય-અંતરાય કર્મને બંધાવનારા છે ઇન્દ્રિય-વિષયો. શું એ આવીને આપણને ચોંટે છે ? કે આપણે લાલસા કરી કરી વિષયોને શોધતા ફરીએ છીએ ? વળી શોધી મેળવીને આપણે જ એને બાથ ભીડીને ચોંટાડી ભેટાડી રાખીએ છીએ ? પાછી એ વિષય-લાલસા મોળી ન પડે માટે એને વારંવાર મીઠા વિષય-સ્મરણના ગુંદર લગાડીએ છીએ ? પછી પ્રમાદ કેમ ન પોષાય ? કેમ પુષ્ટ ન રહે ? મોટો પ્રમાદ આ છે કે વિકથા-કુથલી તથા ડાફોળિયાં, ઇન્દ્રિયોની ખણજ, વિવિધ વિષયોના સંગ, રાગદ્વેષ,... વગેરે નિઃસંકોચ આદર્યે જવાય છે ! અને એમાં કશો વાંધો નથી લાગતો ! એવા આત્માના પરિણામ નિષ્ઠુર થઈ ગયા છે.

નિષ્ઠુર આત્મપરિણામથી તીવ્ર પાપાનુબંધો અને દીર્ઘ દુર્ગતિના ભવો સર્જાય છે.

માટે જ શાસ્ત્રયોગીનો અપ્રમાદ કેવો સચોટ કે લેશમાત્ર વિકથા-કુથલી-ઇન્દ્રિય વિકાર નહિ ! 'પેલું કોણ આવ્યું ?'- એટલું ય જાણવાની લેશમાત્ર આતુરતા નહિ ! એક ડાફોળિયું ય નહિ. માત્ર પોતાની સાધનામાં લીન.

જૈન શાસનના કહેલા પ્રમાદ-અપ્રમાદના વિભાગને સમજવા જેવો છે. મોટા



ચૌદ પૂર્વધરને તત્ત્વ-ચિંતનમાં કોઈ શંકા પડી ને દૂર વિચરતા સર્વજ્ઞ ભગવાનને પૂછવા જવાનું મન થાય, યા વિચરતા તીર્થંકર ભગવાનનું સમવસરણ જોવા જવાનું મન થાય, અને એ આહારક લબ્ધિ વિકૂર્વી સૂક્ષ્મ પુદ્ગલોનું આહારક શરીર બનાવવાનું કરે, એને પણ પ્રમત્ત અવસ્થા કહી છે. કર્મ-ગ્રંથોમાં કહ્યું છે, 'આહારક-શરીર નામકર્મનું પુણ્ય બાંધે 'અપ્રમત્ત' નામના સાતમા ગુણઠાણે, પરંતુ એ પુણ્યનો ઉદય થાય 'પ્રમત્ત' નામના છટ્ઠા ગુણઠાણે ! શાસ્ત્રયોગીને આ આતુરતાનો પણ પ્રમાદ નથી, પછી વિકથાદિ કે રાગદ્વેષનો પ્રમાદ તો હોય જ શાનો ?

**શાસ્ત્રયોગીને કેમ પ્રમાદ નહિ ?**

કહો, આગળ શાસ્ત્રકાર કહેશે તે સંપ્રત્યયાત્મક શ્રદ્ધા છે, ને સૂક્ષ્મ પણ પ્રમાદ ન સેવવાનો પટુબોધ છે, ચકોરતા છે માટે. આની સામે આપણા પ્રમાદ જોઈએ તો કેટકેટલા પ્રકારના ? ને કેવા કેવા જાલિમ પ્રમાદ ? એક દેવદર્શન કરતાં ડાફોળિયું ચાલુ ! વચમાં યુવતી આવી તો એને જોવાનો રાગ કરાય ! માળા ગણતાં બીજા-ત્રીજા વિચાર ચાલે ! પરંતુ અહીં ધર્મમાં જ આ પ્રમાદ હોં ! નહિતર ખૂબી તો એ, કે દસ હજાર રૂપીયાની નોટો ગણી લેવાની હોય, તો એમાં કશો પ્રમાદ નહિ ! 'શું બે નોટો ભેગી જાય ? ગણવામાં ભૂલ થાય ? કોઈ ડાફોળિયું ? કોઈ પરસ્ત્રી દર્શનની આતુરતા ? કોઈ કુથલી ? કશું જ નહિ ! ધર્મ-ક્રિયામાં જ આ બધા પ્રમાદ ! વળી આ તો સામાન્ય પ્રમાદ; પણ મોટા વેપાર ઉદ્યોગો અને વિષયોની ઉજાણી વગેરેના તથા મહા આરંભ-સમારંભ તથા પરિગ્રહના પ્રમાદ કેવા જાલિમ ?

ત્યારે શાસ્ત્રયોગીને સૂક્ષ્મ પણ આતુરતા જેવો ય પ્રમાદ નહિ એવી અપ્રમત્ત દશાને ધન્યવાદ આપવાનું મન થાય. ઇચ્છાયોગમાંથી શાસ્ત્રયોગમાં જવું હોય તો આ ખાસ ખ્યાલ રાખવાનો છે, કે ધર્મયોગ સાધીએ એની સાથે સાથે આ વિકથા-કુથલી-ડાફોળિયું-વિષયાતુરતા-રાગદ્વેષ વગેરે પ્રમાદને ડામતા જઈએ.

**પ્રમાદને ડામતા જઈએ તો ધર્મરંગ જામે.**

તે માત્ર ધર્મસાધના વખતે જ નહિ, કિન્તુ તે સિવાય પણ પ્રમાદને ડામતા-દબાવતા રહેવાનું છે. આ સમજી જ રાખવાનું, કે (૧) અર્થ અને કામની લાલસા, (૨) વિષયોના રંગરાગ, તથા (૩) વૈભવ અને વિલાસનાં આકર્ષણ, એ આત્માના મોટા પ્રમાદ છે, એને નામશેષ કરતા જવું જોઈએ. એમ ક્રોધાદિ કષાયો રાગ-દ્વેષ, રતિ-અરતિ, ભય-શોકસંતાપ ચિંતા, એ પણ મોટા પ્રમાદ છે. એ કથલો ઓછો કરી નાખવો જોઈએ. ધ્યાનમાં રહે કે જ્ઞાન-વ્રત-નિયમ વડે સંયમિત જીવનથી એ પ્રમાદોનો કથલો ઓછો થાય. એટલા માટે તો,

**૧૮ દેશના સમ્રાટ કુમારપાળે :-** એવા મોટા મહારાજા બન્યા પછી સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રત ઉચ્ચર્યા હતા. એમાંથી મોટા સમ્રાટ છતાં દર ચોમાસે કડક નિયમો અને સાધનાઓ રાખતા ! (૧) ચારે માસ એકાશન ! (૨) ચારે માસ લીલોતરી-ત્યાગ ! (૩) ચારે માસ પાંચ વિગઈ ત્યાગ ! (૪) ચારે માસ પૂર્ણ બ્રહ્મચર્ય ! (૫) ચારે માસ મંદિર ઉપાશ્રય-મહેલ સિવાય લગભગ હરવા ફરવાનું બંધ ! કેમ આ બધું ? 'જો સંસારનો જંગી કથલો માથા પર રાખવાના પ્રમાદમાં રહું, તો ગુરુદેવ હેમચંદ્રસૂરિજી મહારાજ આગળ સુખે બેસી ન શકાય, સુખે જિનભક્તિ-સામાયિક-પોષધ-પ્રતિક્રમણ ન થાય,' એમ એ સમજતા હતા.

**'સુખે ધર્મસાધના'** એટલે એમાં કોઈ જ નિંદા-વિકથા-કુથલી-ડાફોળિયાં તો નહિ જ, કિન્તુ સંસારમાયાની કશી જ આતુરતા-આકર્ષણ પણ નહિ. તમને થશે,-

**એવા પ્રમાદની આદત કેમ ટળે ? :-**

**પ્ર.**- અનંત અનંત કાળની આ નિંદા-વિકથા કુથલીની આદત એકદમ કેમ ટળે ?

**ઉ.**- એ ટળે જો આટલો વિચાર રહે, કે "શું હું એવો દુર્ભાગી જીવ છું, કે જે **જીભથી** પ્રભુનાં ગુણગાન કરી શકાય, પ્રભુનાં સ્તોત્ર ભણી શકાય, મહાપુરુષોના ગુણાનુવાદ કરી શકાય, ને શાસ્ત્રો ગોખી શકાય, એ જ જીભથી પાપવચનો બોલું ? નિંદા કરી લોકના દોષ ઊકેલું ? કુથલીઓ કરું ? એમાં વળી સામો પણ 'જૈસે કું તૈસા મિલા' એ ન્યાયે વાતોડીયો હોય, તો કેવો ઘાટ થાય ? 'સાપે સાપ મળ્યા, તો જીભના લપકારા.' તો પછી સાપને જીભ મળી, ને મને ય જીભ મળી, એમાં શો ફરક ?" બહુ બોલકણાઓ ભેગા થાય એટલે જોઈ લ્યો નિંદા-કુથલી-વિકથાઓનો જાણે બજાર જામ્યો ! કેમ જાણે નિંદા-વિકથા-કુથલીની એજન્સી રાખી ! હું શા માટે એવો હીનભાગી થાઉં ? એમ, જે **મનથી** પ્રભુના ગુણ, પ્રભુનું જીવન તત્ત્વોના વિસ્તાર, એકેક મહાપુરુષોનાં જીવન-પરાક્રમ... વગેરે વિચારી શકાય, એ મનમાં વિષયોના ને તુચ્છ નજીવી બાબતોના કચરા ઘાલું ?

પુણ્યે મળેલી જીભ અને મન પર તો પરમાત્માને વસાવાય.

"તો એ જે પવિત્રતા, પ્રસન્નતા અને પ્રોત્સાહન આપે, અવસરે એ મોટો દેવતા પણ ન આપી શકે !

**ટુંકાશા જીવનમાં ટુંકીશી જીભ ! જેટલું સારું બોલવું હોય એટલું બોલવાની મારી પાસે સ્વતંત્રતા છે, અને એ બોલવામાં જીભ મને આશીર્વાદ રૂપ થાય એમ છે,**

તો પછી આટલી બધી અનુકૂળતા છતાં શા સારું હું પ્રમાદમાં પડી આવો



સુલભ સત્ પુરુષાર્થ ગુમાવું છું ? શું મારી જાતે જ મારી જ જીભ આંખ વગેરેને મારી પોતાની પ્રત્યે શ્રાપરૂપ બનાવું ?" આ વિચારથી વિકથા કુથલી આદિ ટળે.

**કાય-પ્રમાદો કેમ ટળે ? :-**

આંખ જીભ વગેરે ઈન્દ્રિયો અને મનની જેમ કાયા અને ગાત્રોના પ્રમાદ અર્થાત્ અસત્ પ્રવૃત્તિઓ પણ બંધ કરવાની છે. વિના પ્રયોજને અમસ્તા મન મોકળું કરવા બજારમાં ઘુમવા નીકળ્યા, નાથાભાઈ-પેથાભાઈને સારા લાગવા મફતિયા મળવા ચાલ્યા, કે ફોનથી વાતો કરી; બેઠા બેઠા ખાલી હાથપગ હલાવતા રહ્યા, સહેજ નવરા પડ્યા કે આડા પડ્યા,... આવા આવા ક્ષુદ્ર કાય-પ્રમાદ જો બંધ ન થાય તો પછી આરંભ-સમારંભના અને વિષય-વિલાસો તથા વેપાર-ધન-માલ પરિગ્રહના મોટા કાય-પ્રમાદ શે ઓછા કરવા તરફ ધ્યાન પણ જાય ?

**પ્રમાદમાં માનવભવની જાહોજલાલી નહિ, પણ સરાસર ભારે બરબાદી છે.**

**પુણ્યની હોળી કરવાનો એ ધંધો છે;**

અનંત કલ્યાણકર શ્રી જિનશાસન પામીને હું એ ન પોષું.' એ નિર્ધારથી અને સત્સંગ-જિનભક્તિ વગેરેમાં ખૂબ રોકાયા રહેવાથી એ કાયપ્રમાદો પણ ઓછા થતા આવે.

**યથાશક્તિ અપ્રમાદ એટલે ?**

અહીં શાસ્ત્રયોગમાં 'યથાશક્તિ અપ્રમાદ' કહ્યું. એમાં "યથાશક્તિ" એટલા માટે કહ્યું, કે જ્યાં શક્તિ ન હોય ત્યાં સંભવ છે પ્રમાદ થઈ પણ જાય. દા.ત. મગજશક્તિ મંદ પડી હોય અને ક્યાંક 'સ્મૃતિભ્રંશ' થઈ જાય તો એ આઠ પ્રકારના પ્રમાદમાંનો એક પ્રમાદ છે. અથવા શરીર ઉપસર્ગ પરિસહ અને કાયોત્સર્ગની સાધનામાં અત્યંત શ્રમિત થઈ ગયું અને સહેજ ઝોકું આવી ગયું, તો એ 'નિદ્રા' પ્રમાદ થઈ ગયો કહેવાય. નિર્ધાર તો છે સહેજ ક્ષણ પણ નિદ્રા ન આવવા દેવાનો, પરંતુ અત્યંત શ્રમિત શરીર અશક્ત બનવાથી કાબુ બહાર ઝોકું આવી ગયું એ પ્રમાદ. જેમ,

મહાવીર પ્રભુને ચારિત્ર-જીવનમાં અપ્રમાદ અજબ ! છતાં અત્યંત શ્રમિત સ્થિતિમાં ક્ષણવાર ઝોકાનો પ્રમાદ આવી ગયેલો. પ્રભુને પ્રારંભે શૂલપાણિ યક્ષના સતત ૩ પહોર એટલે કે લગભગ ૯ કલાક જાલિમ ઉપસર્ગ નડ્યા, એમાં પ્રભુ ઉપસર્ગ કરનાર પ્રત્યે કે ઉપસર્ગ પીડા પ્રત્યે લેશ પણ દ્વેષ-ખેદ-અરુચિ વગેરે કષાય-પ્રમાદમાં ન પડ્યા, યા પોતાની કાયાના લેશમાત્ર રાગ-પ્રમાદમાં ન તણાયા ! તો અંતે શૂલપાણિ માફી માગી પ્રભુના ગુણ ગાય છે ! પરંતુ પ્રભુને આ અત્યંત પીડાના અંગે શરીર અશક્ત બન્યું એમાં ઊભા ઊભા જ ક્ષણવાર ઝોકું-



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

નિદ્રા આવી ગઈ, ને એમાં દસ સ્વપ્ન દેખ્યા. આ નિદ્રા પ્રમાદ શક્તિ બહારનો હતો, કાબૂ બહારનો હતો. એટલે કહેવાય કે પ્રભુ ચાલ્યું ત્યાં તો અર્થાત્ યથાશક્તિ અપ્રમત્ત જ હતા.

અનાર્યોના ઘોર ઉપસર્ગોના કષ્ટમાં કે છ-છ મહિના ગોચરી ન મળતાં ભૂખ્યા રહેવાના કષ્ટમાં પણ અપ્રમત્ત. એટલે જ ૧૨ાા વર્ષમાં અત્યંત શ્રમિત થતાં જ્યાં ન ચાલ્યું ત્યાં ત્યાં પ્રભુનો ક્ષણવાર ઝોકાનો પ્રમાદ બધો મળીને કુલ માત્ર એક મુહૂર્ત ! બે ઘડી ! અર્થાત્ ૪૮ મિનિટ ! એમાં કહેવાય, કે પ્રભુ શક્તિ પહોંચી ત્યાં સુધી અપ્રમત્ત યાને યથાશક્તિ પ્રમાદરહિત હતા. શાસ્ત્રયોગમાં આ પહેલું લક્ષણ કે આ યોગવાળા યથાશક્તિ અપ્રમાદી હોય.

અપ્રમત્ત પ્રભુને ૧૨ાા વર્ષમાં ૪૮ મિનિટ નિદ્રા, તો સરેરાશ ૧ વર્ષ ૪ મિનિટ પ્રમાદ ગણાય. વર્ષની મિનિટો, રોજની ૧૪૪૦ લેખે ૩૬૦ દિવસની એટલે કે એક વર્ષની લગભગ ૫ લાખ મિનિટ એમાં પ્રમાદની ફક્ત ૪ મિનિટ શી વિસાતમાં ? એટલે પ્રભુએ ઘોર કષ્ટમય ચારિત્ર પાળ્યું. એમાં નિદ્રા જેવો ય પ્રમાદ નહિ, તો બીજા વિકથા, વિષયાસક્તિ, હાસ્ય-શોક-હર્ષ-ખેદ વગેરે પ્રમાદની તો વાત જ શાની ? ત્યારે આપણે એકેક દિવસમાં સાડી ત્રણસો મિનિટની તો નિદ્રા ! ઉપરાંત હરખ-ખેદ કેટલા ? વિષયોનાં આકર્ષણ કેટલા ? વિકથા-કુથલી-હાસ્યાદિ કેટલા ? છતાં મામુલી ધર્મ કરીને, ને તે પણ કેટલી ય ખોડ-ખાંપણવાળો કરીને ઘમંડ કરવો છે, કે હું યથાશક્તિ ધર્મ કરું છું. એમ અલ્પ જ્ઞાનમાં પણ ઘમંડ યા સંતોષ કે 'હું જાણકાર છું !' 'હું જાણકાર છું ?'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૨૯,તા.૩૧-૩-૧૯૮૪

# (૨૨) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**પૂર્વ સાધકોની અપેક્ષાએ આપણે ક્યાં ?**

કેમ આમ ? કારણ કે આપણે પૂર્વ પુરુષોની અપેક્ષાએ ક્યાં ઊભા છીએ એનું ભાન જ નથી, એનો વિચાર જ નથી માટે. નહિતર, હમણાં જો વિચારીએ કે-

**શ્રદ્ધા**માં હું સુલસાની અપેક્ષાએ ક્યાં ?
**ભક્તિ**માં ધરણશાહ પોરવાડની અપેક્ષાએ ક્યાં ?
**ત્યાગ-વૈરાગ્ય**માં શાલિભદ્રની અપેક્ષાએ ક્યાં ?



માત્ર **સમ્યક્ત્વ** છતાં નિર્વિકાર દશામાં અનુત્તરવાસી દેવની અપેક્ષાએ ક્યાં ?
**સંતોષ**માં પુણિયા શ્રાવકની અપેક્ષાએ ક્યાં ?
**ક્ષમા**માં ગજસુકુમાળની અપેક્ષાએ ક્યાં ?
**તપસ્યા**માં નંદન ઋષિ કે ધન્નાની અપેક્ષાએ ક્યાં ?
**શીલ**માં સુદર્શન શેઠની અપેક્ષાએ ક્યાં ?
**તો ધર્મનો ન ઘમંડ કરાય કે ન સંતોષ વળાય.**

વ્યવહારમાં બધી ખબર રહે છે, કે 'હું પૈસામાં, સત્તામાં, પરિવારમાં, તબીયતમાં ક્યાં ઊભો છું;' તો એમાં સંતોષ નથી વળાતો, અને અહીં ધર્મની વાતમાં 'ક્યાં ઊભો છું' એ વિચારવું નથી ! પછી મહાપુરુષોની સામે જોઈ અધિક અધિક ધર્મ માટે શાનો પ્રયત્ન થાય ?

**કષ્ઠ વેઠીને ય ધર્મ સાધવાનું લક્ષ અને પ્રયત્ન એ શાસ્ત્રયોગનું કારણ :-**

શાસ્ત્રયોગ એમ ને એમ નથી આવતો. ઊંચી ઊંચી કોટિના ઈચ્છાયોગના ધર્મ સંતોષ માન્યા વિના ખૂબ કર્યે રાખ્યા હોય, તો જ એ બને; પછી ત્યાં કષ્ટની પણ પરવા ન કરાય. **'કષ્ટ વેઠીને ધર્મ કરું'** - એ ધગશ જોઈએ. ભગવાને ધર્મ ખાતર ઘોર કષ્ટ વેઠ્યા, અને આપણે ભગવાનને માનનારા, વળી સંસારની વાતમાં અનેક કષ્ટ ખુશીથી ઉપાડી લેનારા, પણ ધર્મની વાતમાં કષ્ટથી ભાગીએ ? શક્ય કષ્ટ પણ વધાવવા તૈયાર નહિ ? ત્યારે ભગવાનને શું માન્યા ? ભગવાનનો આપણે શો ઉપયોગ કર્યો ?

માણસ વ્યવહારમાં તો સંસારને, પત્નીને, પુત્રને, પોતાના માન્યા પછી એની પાછળ કેટલાં કષ્ટ અને તકલીફ ઉપાડે છે ? ધર્મની વાત આવે ત્યાં જ સુંવાળા થવાનું મન થાય છે ! અગવડવાળો ધર્મ, તકલીફવાળો ધર્મ, કષ્ટવાળો ધર્મ નથી ખપતો ! શું સંસાર કષ્ટવાળો, અગવડવાળો નથી નભાવી લેવાતો ? શું તકલીફભર્યા સંસારથી ખસવાનું મન થાય છે ? ના નથી થતું, ને ધર્મમાં જરાક તકલીફ આવી કે ધર્મક્રિયા નહિ કરવાની ? માથું દુખ્યું તો ધર્મ બંધ ! પણ માથું દુખ્યું તો ય બેનો રસોઈ સંભાળે છે ! ને ભાઈઓ ધંધો-નોકરી સંભાળે છે ! ક્યારેય એમ નથી થતું કે 'હાય ! સંસારમાં બહુ અગવડ, બહુ તકલીફ, બહુ કષ્ટ ! માટે મૂક સંસાર, લે ચારિત્ર. આમે ય સંસારના કષ્ટ અગવડ તકલીફ વેઠવા, એના કરતાં ચારિત્રના કષ્ટ અગવડ તકલીફ વેઠ્યા શું ખોટા ?' ના, કષ્ટ છતાં સંસારમાંથી ખસવું નથી, ને કષ્ટ અગવડ-તકલીફ દેખી ધર્મમાંથી ખસવું છે !

ખરી રીતે તો ધર્મનાં કષ્ટ ખાસ સહન કરવા જોઈએ; કેમકે જેમ કાંટો કાંટાને કાઢે, ઝેર ઝેરને મારે, એમ કષ્ટમય સંસારને કષ્ટમય ધર્મ મારે.

**ધર્મનાં કષ્ટ સમજીને ઉપાડીએ તો મન પરથી સંસાર ઊતરી જાય.** નહિતર કદાચ ચારિત્ર લઈને સાધુ ય થયા, પણ જો ધર્મનાં કષ્ટ નથી ઉપાડવા, તકલીફ-અગવડ નથી વધાવવી, તો મન પર સંસારની વાસના ઊભી રહેવાની.

**(૧) ધર્મકષ્ટ વધાવી લેવાનો એક ઉપાય : ધર્મના વફાદાર સેવક બનો :-**

**'ધર્મ સુંવાળા રહીને ન થાય, મહાકષ્ટ વેઠીને થાય,'**

એ, મોટા નંદનરાજા, ચક્રવર્તી સનતકુમાર, ને શાલિભદ્ર જેવા સમજતા હતા; તેથી મહા વૈભવ-વિલાસનું જીવન છોડી એમણે મુનિ બનીને અત્યંત સુકોમળ શરીરે પણ તપ-સંયમના મહાકષ્ટ ઉપાડેલા ! અરે ! આનંદ-કામદેવ શ્રાવક અને જૈન રાજા ચંદ્રાવતંસક વગેરે શ્રાવકોએ પણ કેવાંક ધર્મ-કષ્ટ ઉપાડ્યા છે ! એ શાસ્ત્રો બતાવે છે. કેમ એ મુનિઓ અને સમૃદ્ધ શ્રાવકોએ ધર્મકષ્ટ વધાવ્યા ? કહો, ધર્મના એ વફાદાર સેવક બની ગયા માટે.

સંસારના વફાદાર સેવકો સંસારના કષ્ટ વધાવી લેવા કેવા તૈયાર હોય છે ! સત્તરસો સંકટ વેઠીને ય એ સંસારને બરાબર સંભાળી રાખે છે, ને કદી એમ નથી કહેતા કે 'અહીંયા સંકટ તકલીફ હોય તો અમારે સંસાર નથી જોઈતો,' એ જ માણસો ધર્મના કાર્યમાં તકલીફ દેખાય એટલે કહે છે, તકલીફમાં અમારું કામ નહિ. તકલીફવાળો ધર્મ અમારાથી નહિ બને. તમે કહેશો તો રવિવારે બે કલાક વ્યાખ્યાન સાંભળશું, પણ આ તમે ત્યાગ-વ્રત-નિયમની વાત કરો એ અમને નથી ગમતું.' કેમ જાણે સંસાર નભાવવા કશોત્યાગ નથી કરતા ! કશી તકલીફ નથી વેઠતા ! કશું ય નિયમબદ્ધ નથી બજાવતા ! વાત આ છે. સંસારની વફાદારી રાખી છે, ધર્મની વફાદારી નહિ...

મહાન આત્માઓ ધર્મના વફાદાર સેવક બનેલા, તેથી ધર્મની વાતમાં સુંવાળાશ હટાવી દઈ કષ્ટ-તકલીફ વધાવી લેતા હતા.

**(૨) ધર્મકષ્ટ વધાવી લેવાનું બીજું સાધન સત્ત્વ :-**

ધર્મ હૈયે વસાવવા - ટકાવવા અને વધારવા સત્ત્વ જોઈએ. આ સત્ત્વ ધર્મ-કષ્ટ વધાવવાથી વિકસે છે.

કષ્ટથી ભાગવામાં કાયરતા પોષાય, સત્ત્વહીનતા રહે. માટે સત્ત્વ કેળવવા સારુ મહાન આત્માઓ ધર્મકષ્ટ વધાવી લેતા.

**રાજા ચંદ્રાવતંસકનું ધર્મકષ્ટમાં સત્ત્વ :-**

રાજા ચંદ્રાવતંસક એક રાત્રે વહેલા જાગ્યા; તો વિચારે છે, 'હવે ઊંઘીને શું



મળવાનું ? લાવ, ધર્મ ધ્યાનમાં બેસું; એ પણ નિયમ લઈને બેસું; તેથી ધ્યાનના શુભ યોગની જેમ પાપથી વિરતિના શુભ યોગનો પણ લાભ મળે.' એમ કરીને એ પલંગ પરથી ઊતરી નીચે પ્રતિજ્ઞા કરીને બેસી ગયા કે 'આ ગોખલામાં દીવો બળે ત્યાં સુધી મારે દેશાવકાશિક અને અરિહંત પંચપરમેષ્ટીનું ધ્યાન રાખવાનું.'

'દેશાવકાશિક' એટલે 'અમુક મર્યાદિત દેશનો અર્થાત્ જગાનો જ અવકાશ, યાને વાપરવાની છૂટ; બાકીની બધી જગા ત્યાગ.'

દા.ત. અહીં રાજાએ જે કટાસન પર બેઠા એટલી જ જગાની છૂટ રાખીને બહારની બધી જ જગાનો ત્યાગ કર્યો. ત્યાં હરવા-ફરવાનું બંધ, ને એ જગાની વસ્તુ સાથે બધો વ્યવહાર બંધ !' બસ, આ નિયમ કરીને એમાં પરમેષ્ટીનું ધ્યાન લગાવ્યું. હવે દીવામાં તેલ ખૂટવા આવી ગયેલું, એટલામાં મહારાજાની તપાસ કરવા દાસી આવી, ને તેલ પૂરે છે ! પરંતુ રાજા બોલતા નથી. દાસીને રોકવા એક ઊંકારો ય નથી કરતા, કેમકે એ દાસી પોતાના નિયમની બહારની જગામાં છે, તેથી એની સાથે કશો વ્યવહાર ન થાય. અરે ! મનમાં પણ દાસી પર દ્વેષ નથી લાવતા કે તને કોણે દોઢદાહી કરી કે તેલ પૂરે છે ? કેમકે કષ્ટ વેઠીને પણ નિયમ પાળવો છે, ને તેમાં સત્ત્વ કેળવવું છે.

અહીં દાસી પર ગુસ્સો ન આવે ? ના, હમણાં જો આ નિયમ ન હોત અને અંધારે ઊઠ્યા હોત, ને ક્યાંક ભીંતે ભટકાયા હોત, તો તો ત્યાં દાસી પર એમ થાત ને કે 'ભાન નહોતું કે દીવામાં તેલ પૂરવું જોઈએ !' જો ત્યાં તેલ પૂરવામાં દાસી ડાહી લાગે, તો અહીં શા માટે એ દોઢદાહી લાગવી જોઈએ ? દાસીને થોડી જ રાજાના મનની વાતની અર્થાત્ મનના નિયમની ખબર પડે ? રાજા ચંદ્રાવતંસક સમજદાર છે, નિયમમાં દૃઢ છે, અને તે પણ ખૂબ પ્રસન્નતાથી પાલન કરનારા છે; કેમકે બીજા પણ કેટલાય રાજાઓની જેમ એ ધાર્મિક હૃદયવાળા હતા, તેથી રાજવીપણામાં પણ હાલતા ને ચાલતાં વ્રત અને પચ્ચક્ખાણ કરનારા ! તેમજ ઉદાર અને સહિષ્ણુ તથા સદ્ગુરુઓની પ્રેરણાથી આત્મહિત સાધનારા છે. એટલે એના અભ્યાસથી અત્યારે આ દેશાવકાશિક વ્રતવાળા બન્યા છે, અને કસોટી આવી તો એમાં પાર ઊતરનારા છે. કારણ કે એ સમજે છે કે,-

**કષ્ઠ વેઠી ધર્મ ન સાધીએ તો ધર્મ સાથે સગાઈ કેમ થાય ?**

કેમકે ધર્મ વખતે કષ્ટથી ભાગવામાં ધર્મ કરતાં સુખશીલપણું સગું કર્યું.

**૧૮ દેશના રાજા કુમારપાળના નિયમો.**

જુઓ ૧૮ દેશના સમ્રાટ મહારાજા કુમારપાળ. ગુરુ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પાસે કેવા કઠોર કષ્ટમય વ્રત ધરનાર બનેલા ! (૧) ચોમાસામાં પાટણ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

બહાર જવાનું નહિ ! એમાં ગિઝની બાદશાહ ચડી આવ્યો તો પણ પાટણની બહાર નહિ જવાનો નિર્ધાર ! (૨) ચારેય મહિના રોજ એકાસણ ! (૩) રોજ ૫ વિગઈનો ત્યાગ ! (૪) સંપૂર્ણ લીલોતરી ત્યાગ ! (૫) પૂર્ણ બ્રહ્મચર્ય ! કોને આ ? અઢાર દેશની રાજ્ય-સમૃદ્ધિવાળાને ! (૬) એક બોકડાની દયા ખાતર દેવીનું ત્રિશૂલ ખાધું ને જીવતા બળી મરવા તૈયાર ! (૭) પગની ચામડીએ ચોંટેલા મંકોડાને બચાવવા એ પોતાની ચામડી જ ઉખેડી નાખી ! (૮) અપુત્રિયા મરેલાનો વારસાહક જતો કરી કરોડોની આવક જતી કરી !

આ વ્રતો, આ દયા, આ સહિષ્ણુતા, આ નિસ્પૃહતાનું સત્ત્વ કેવુંક !

આ કુમારપાળ ચોથા આરાના માનવી નહિ હોં ? પાંચમા આરાના સમૃદ્ધ રાજવી હતા ! છતાં આરાધના કેટલી કષ્ટમય કરતા ! એ સામાન્ય સ્થિતિવાળા માટે મહાન આલંબન છે. એમને નજર સામે રાખવાથી ધર્મકષ્ટ વધાવાય, સત્ત્વ વિકસાવાય, અને ધર્મ સાથે સગાઈ થાય.

**ચંદ્રાવતંસકનું મૃત્યુ પર્યંત ધ્યાન :**

એવા રાજા ચંદ્રાવતંસક પણ મહાન આલંબન છે.

દાસીએ તેલ પૂર્યું, હવે આમની કેડ ફાટે છે ! ને માથું તુટી પડે છે ! નસો તંગ થઈ જઈ શરીર તુટું તુટું થઈ રહ્યું છે ! આટલી બધી પીડામાં દાસી પર ગુસ્સો ન આવે ? ના, કેમકે સમજે છે, કે પ્રતિજ્ઞાબદ્ધ દેશાવકાશિક ધર્મ અને ધ્યાન ધર્મ હાથમાં લીધો છે, તે સત્ત્વગુણના વિકાસ માટે, અને તેથી મોહમય પ્રવૃત્તિથી પોષાતા તમોગુણના નાશ માટે. તેથી હવે જો રોષમાં ધમધમાય તો સત્ત્વગુણ વિનાશ પામે, અને તમોગુણ વિકાસ પામે ! ધર્મસાધનામાં બેસીને આવો ઊંધો વેપલો કોણ કરે ? વળી કષ્ટ-તકલીફ વેઠીને આ ધર્મ થાય, તેમાં રસ આવે. શેલડી મોંથી ચવાય તો રસ આવે છે. વળી આ સમજમાં રોષ શાનો ઊઠવા જ દે ?

રાજા ચંદ્રાવતંસક સમાધિમાં મૃત્યુ પામ્યા અને દેવલોકમાં જનમ્યા ! શું બગડ્યું ? શી ખોટ આવી ? મળમૂત્રની કાયા મૂકી દિવ્ય કાયા મળી ! આ તો ભૌતિક લાભ; પણ આત્મિક લાભમાં સ્વર્ગમાં અહીંની આરાધનાનું ફળ જોઈ ધર્મપ્રેમ-ધર્મશ્રદ્ધા બળ ને પરમાત્મ-ભક્તિભાવ વધી ગયા. આ પરિણામ જોતાં દેખાય કે રાજા ચંદ્રાવતંસકની મહા કષ્ટમાંય ચંદ્ર જેવી શીતલ સમતાના કેવાં રુડાં ફળ !

## • શાસ્ત્રયોગીનું ૨ જું લક્ષણ, શ્રદ્ધા : (સંપ્રત્યયાત્મક શ્રદ્ધા) •

વાત આ હતી, કે ઇચ્છાયોગનો ધર્મ, એ (૧) શુદ્ધ ધર્મની ઇચ્છાથી, અને



(૨) કષ્ટ-તકલીફ-અગવડભર્યો પણ સેવાતો રહે, તો એથી આત્મામાં સત્ત્વ વધે; અને એના વધવા પર અપ્રમાદ-ભાવ વધે; તો એથી શાસ્ત્રયોગની ભૂમિકા ઊભી થાય. આવું સાત્ત્વિક ધર્મસેવન વિશિષ્ટ શ્રદ્ધાબળ પર આવે છે. તેથી અહીં કહે છે,-

**શાસ્ત્રયોગીનું બીજું લક્ષણ છે,- 'શ્રદ્ધા,'** એટલે કે એ વિશિષ્ટ શ્રદ્ધાવાન હોય, અર્થાત્ તેવા પ્રકારના મોહના નાશથી સંપ્રત્યયસ્વરૂપ શ્રદ્ધાવાન હોય.

સામાન્ય રીતે શ્રદ્ધા મિથ્યાત્વમોહના સામાન્ય ક્ષયોપશમ(નાશ)થી ઊભી થાય છે. એમાં મિથ્યામતના શાસ્ત્રની શ્રદ્ધા ઊઠી જઈને જિનમતના યાને વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનનાં વચનના શાસ્ત્રની શ્રદ્ધા ઊભી થાય છે. એથી હવે કોઈ પણ હેય પદાર્થના ત્યાગની અને ઉપાદેય પદાર્થના આદરની વાત આવે ત્યાં મનને એમ થાય, કે 'જિનવચન-જિનાજ્ઞા-જૈન શાસ્ત્રો આ ત્યાગ અને આદર કરવાનું કહે છે, માટે એ કરવાના.' દા.ત. ઉપાદેયના આદરમાં સવાલ આવે કે 'ભાઈ ! કેમ આ સવારે ઊઠીને દેરાસર ચાલ્યા ?' તો એનો જવાબ આ કે 'જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે માટે...'શ્રાવકે ત્રિકાળ જિનભક્તિ કરવાની.' આમાં પહેલી ભક્તિ પ્રભાતે કરવાની. એટલે જિનભક્તિ કરવા માટે દેરાસર જાઉં છું...'

'કેમ રખડતા ભિખારીને દાન કરો છો ?' તો કે 'ભગવાનની આજ્ઞા છે કે શ્રાવકે અનુકંપાદાન કરવું જોઈએ, માટે ભિખારીને આપવાનું.'

આમ બધીય ઉપાદેય ધર્મ પ્રવૃત્તિમાં 'જિનાજ્ઞા છે માટે ધર્મપ્રવૃત્તિ કરવાની'- એવી શ્રદ્ધા હોય.

એમ હેયના ત્યાગમાં સવાલ આવ્યો, કે 'બટાકા કેમ ખાતા નથી ? રાત્રે કેમ જમતા નથી ?' તો આ જ જવાબ, કે 'ભગવાનની આજ્ઞા છે કે રાત્રિભોજન કંદમૂળ આદિ ૨૨ અભક્ષ્ય ન ખવાય. એથી આ અભક્ષ્ય નથી ખાતા !'

એમ 'પિક્ચર-ટી.વી. કેમ જોતા નથી ?' તો આ જ જવાબ, કે ''ભગવાનની આજ્ઞા છે, કે 'શ્રાવકે અનર્થદંડ સેવવાનો ત્યાગ રાખવો જોઈએ. નાટક, પેખણાં, સિનેમા, સરકસ, લડાઈ, તમાશા... વગેરે ન જોવાય.' આ જિનાજ્ઞા છે માટે અમે પિક્ચર ટી.વી. નથી જોતા.''

આમ જિનવચનની શ્રદ્ધાથી પ્રેર્યા ધર્મ સધાય, એ સામાન્ય શ્રદ્ધા થઈ. શાસ્ત્રયોગ માટે આ શ્રદ્ધામાંથી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા પર જવાનું છે. ત્યાં જે ધર્મ કરાય તે 'શાસ્ત્ર કહે છે માટે ધર્મ કરું' એમ નહિ, પરંતુ પોતાના અંતરમાં ધર્મનો એવો ''સંપ્રત્યય'' અર્થાત્ એવી ગાઢ સમ્યક્ પ્રતીતિ થઈ ગઈ હોય કે ધર્મ સહજભાવે



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

જ રુચે. દા.ત. 'શાસ્ત્રે હિંસાને પાપ કહ્યું છે માટે મારે હિંસાત્યાગ' 'આ હિંસાથી નરકનાં દુઃખ મળે માટે હિંસાત્યાગ,'-એમ નહીં, કિન્તુ આંતરવૃત્તિ જ એવી થઈ ગઈ હોય, કે 'સામો જીવ છે, તો એને મરાય જ નહીં.' હૈયાને હિંસા સહેજે અજુગતી જ લાગે. સહજભાવે દિલમાં અહિંસા જ ઊઠે, જેમકે શિકારી પ્રાણીને દિલમાં સહેજે હિંસા ઊઠે છે ને ? બસ, સંપ્રત્યયાત્મક શ્રદ્ધાવાળાને દિલમાં સહેજે સહેજે અહિંસાદિ જ ઊઠે, હિંસા ઊઠે જ નહીં.

આવી સંપ્રત્યયાત્મક અર્થાત્ સહજભાવની શ્રદ્ધા શી રીતે ઊભી થાય ? તો કે તેવા પ્રકારના મોહના નાશથી ઊભી થાય. એમાં-

**પરિણતિ : આંતરવૃત્તિ-**

મિથ્યાત્વરૂપ મોહનો નાશ તો કરવાનો જ છે, પરંતુ આસક્તિ કરાવનાર મોહનો પણ નાશ કરવાનો છે, તેથી 'સંપ્રત્યય' હૃદયમાં સચોટ પ્રતીતિ-ખાતરી રૂપ શ્રદ્ધા ઊભી થાય.

**સંપ્રત્યયાત્મક શ્રદ્ધાનો ઉપાય :**

પ્રારંભમાં પાપ-ત્યાગ, તપ, ક્ષમા, અહિંસા, દયા વગેરે તથા દેવદર્શનાદિ ધર્મનાં અનુષ્ટાનો કરાય તે જિનેન્દ્ર ભગવાનના વચન પરની શ્રદ્ધાથી કરાય. એ જિનવચન પરની શ્રદ્ધાથી પાપત્યાગ વગેરે ધર્મ પર શ્રદ્ધા થાય છે, શ્રદ્ધાથી એનું આચરણ થાય છે. હવે એ શ્રદ્ધાપૂર્વકનું આચરણ એવું થતું જાય, કે એ ત્યાગ વગેરે ધર્મ અંતરાત્માની પરિણતિમાં ભળતો જાય, આંતરવૃત્તિમાં ઊતરતો જાય. અર્થાત્ દા.ત. અત્યાર સુધી અંતરાત્મામાં વિષયભોગ, ક્રોધ, હિંસા વગેરે ભાવ સહેજે ઊઠતા, ભરપૂર ઊઠતા, તે હવે જિનવચનના આલંબને વિષયત્યાગના, ક્ષમાદિના તથા અહિંસા વગેરેના ભાવ ઊઠતા થાય. આમ ભલે અભ્યાસ-દશામાં જિનાજ્ઞાની શ્રદ્ધાથી એ ત્યાગ-અહિંસા-ક્ષમાદિ પર શ્રદ્ધા થઈને એના ભાવ અંતરમાં ઊઠતા, પરંતુ એમ પણ સહી, પ્રારંભે એ જરૂરી જ છે, કિન્તુ હવે આંતર પરિણતિ પૂર્વની જેમ રંગરાગ-ભોગાદિ નહીં, કિન્તુ ત્યાગાદિની બનાવતા રહેવાય તે જિનાજ્ઞાને આધારે. એ ત્યાગ-ક્ષમા-અહિંસાદિની આંતર પરિણતિ આંતર વૃત્તિ બનાવતા રહેવાય, તો એક દિવસ એવો આવે, કે તેવા પ્રકારના મોહના નાશથી એ ત્યાગાદિની પરિણતિ સહજ સ્વભાવની બની જાય; ને ત્યારે 'ભગવાન કહે છે માટે આ ત્યાગાદિ કરવા જોઈએ' એ હિસાબ નહીં, કિન્તુ સહજ રીતે જ વિષયભોગ-હિંસા-ક્રોધ વગેરે પાપો કરાય જ નહિ, પણ ત્યાગ-અહિંસા-ક્ષમા જ કરાય' એવી આંતર પરિણતિ ઊભી થઈ જાય. દિલને ભોગ-ક્રોધ-હિંસાના ભાવ માફક જ ન આવે, દિલને સંગત જ ન થાય. સંગત થાય ત્યાગ-ક્ષમાદિ ભાવ; ને પછી ત્યાં



એ ત્યાગ-ક્ષમા-અહિંસાદિની શ્રદ્ધા આંતર સંવેદનાત્મક સ્વ-સંપ્રત્યયાત્મક બની જાય. આવી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા શાસ્ત્રયોગ માટે જરૂરી છે. એટલે આવી શ્રદ્ધા માટે ખાસ જરૂરી શું બન્યું ? ત્યાગ-ક્ષમાદિની બાહ્ય સાધના કરતાં કરતાં એની આંતર પરિણતિ ઊભી કરતા જવું એ જરૂરી; એવી સહજ આંતરવૃત્તિ બનાવવી જરૂરી.

**જૈન શાસનમાં આરાધનાનું માપ આંતર પરિણતિ પર છે.**

જિનશાસનની દૃષ્ટિએ આરાધના કેટલી અને કેવી થઈ, એનું માપ કોરી ઘસડપટ્ટીની ક્રિયા પર નથી, તેમ કોરી વિદ્વત્તા કે કોરા કષ્ટ ઉપાડવા પર નથી, કિન્તુ સાથોસાથ હૃદયની પરિણતિ કેવી બને છે, એના પર છે. પછી જો બાહ્ય સાધના સમાન છતાં શિષ્યની આંતરિક પરિણતિ વધી જાય ને ગુરુની પરિણતિ એવી ન વધે, તો શિષ્ય કેવળજ્ઞાનના આસમાનમાં ઊડે ! ને ગુરુ છદ્મસ્થતાની ધરતી પર ઊભા હોય !

આ પરિણતિનું વિજ્ઞાન (સાયન્સ) આપણને આશ્વાસન આપે છે કે, 'કદાચ આપણામાં મહાપુરુષો જેટલું જ્ઞાન ન હોય, યા તેટલી કષ્ટમય સાધના ન હોય, છતાં આંતરિક પરિણતિ-આંતરવૃત્તિ વધારે નિર્મળ ને વધારે સહજ શ્રદ્ધાભરી બનાવીએ તો આપણો ઉદય વધુ સતેજ બનશે,' અને ઇચ્છાયોગની-ધર્મસાધનાની શ્રદ્ધામાંથી શાસ્ત્રયોગની સાધનાની સંપ્રત્યયાત્મક શ્રદ્ધામાં જવા માટે આ આંતરિક સહજ શ્રદ્ધાભરી પરિણતિ-અંતરાત્માની વૃત્તિ બહુ જરૂરી પણ છે.

## • નિશ્ચય-વ્યવહાર •

**આરાધનાના રથનાં બે પૈડાં નિશ્ચય અને વ્યવહાર :**

અહીં ધ્યાનમાં રાખવાનું છે, કે આ આંતરિક પરિણતિ અર્થાત્ હૃદયના ભાવ ઇચ્છાયોગની ધર્મસાધનાઓની પ્રબળતા અને પ્રચુરતા (વિશાલતા)થી વિકસ્વર થાય છે.

**બાહ્ય સાધના એ દ્રવ્ય છે. તો આંતરિક પરિણતિ એ ભાવ છે.**

**બાહ્ય સાધના એ વ્યવહાર છે, તો આંતર પરિણતિ એ નિશ્ચય છે.**

શ્રી જૈન શાસનમાં દ્રવ્ય અને ભાવ, તથા નિશ્ચય અને વ્યવહાર, એ આરાધના-રથનાં બે પૈડાં છે. રથ એક પૈડે ન ચાલે, બે પૈડાં ઉપર જ ચાલે. એટલે જ શાસ્ત્ર કહે છે,-

**जइ जिणमयं पवज्जह, ता मा ववहार-निच्छए मुयह ।**
**एगेण विणा तित्थं, न होइ ततं परेण विणा ॥**

અર્થાત્ જો જિનમતને સ્વીકારતા હો તો વ્યવહાર અને નિશ્ચય બંનેમાંથી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એકેયને છોડી દેશો નહિ; કેમ કે વ્યવહાર વિના તીર્થ ન હોય, અર્થાત્ તીર્થ (શાસન)નો ઉચ્છેદ થાય, અને નિશ્ચય વિના તત્ત્વ ન હોય, તત્ત્વનો ઉચ્છેદ થાય.

**વ્યવહાર વિના તીર્થ-વિચ્છેદ :**

વાત પણ સાચી છે, કે વ્યવહાર એટલે બાહ્ય ક્રિયાઓ-આરાધનાઓ, તથા શ્રાવકાચાર-સાધ્વાચારો; એ જો કશા જ પાળવા જરૂરી ન હોય, તો પ્રભુએ ધર્મશાસન અને ચતુર્વિધ સંઘ શા માટે સ્થાપવાનું કર્યું ? અને પછીથી શાસન ચાલે શાના આધાર પર ? મતલબ, વ્યવહારધર્મ યાને આચાર-ક્રિયાઓ વિના શાસનનો ઉચ્છેદ જ આવીને ઊભો રહે ! બાહ્યથી કશું આચરવાનું ન હોય તો શાસન શું ચાલે ?

**નિશ્ચય વિના તત્ત્વ-વિચ્છેદ :**

તેમજ એકલો વ્યવહાર જ પાળવાનો હોય, અને નિશ્ચયનું લક્ષ જ હૃદયમાં ધરવાનું ન હોય, તો તત્ત્વ ઊડી જાય ! અર્થાત્ મુખ્ય તત્ત્વ જે અત્યંત વિશુદ્ધ આત્મતત્ત્વ, આત્માની તદ્દન શુદ્ધ પરિણતિ, એ તત્ત્વનો જ ઉચ્છેદ થઈ જાય; અર્થાત્ આત્માની-વીતરાગતાની અને સિદ્ધતાની પરિણતિ જ શી રીતે કદી ય ઊભી થાય ? કેમકે સંસારાવસ્થા એ અશુદ્ધ-મલિન આત્મપરિણામ છે, મલિન આત્મપરિણતિ છે. એ અંશે અંશે ય શુદ્ધ થતી આવે તો અંતે એ સંપૂર્ણ શુદ્ધ પરિણતિ રૂપ બને. જો નિશ્ચય દૃષ્ટિથી પરિણતિ લક્ષમાં જ લેવાની ન હોય, અને એકલા બાહ્ય આચારના વ્યવહાર પર જીવવાનું હોય, તો અંશે અંશે પણ આંતરિક પરિણતિ શુદ્ધ-શુદ્ધતર કરતા ચાલવાનું તો રહ્યું જ નહિ; પછી અત્યંત શુદ્ધ આત્મતત્ત્વ શી રીતે પ્રગટવાનું ? કહો, કે એનો ઉચ્છેદ જ થઈ ગયો ! માટે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું,-

**"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,**
**પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર..." (સવાસો ગાથાનું સ્તવન)**

અર્થાત્ પાળવાનો-આચરવાનો વ્યવહાર છે, અને વિચારવાનો નિશ્ચય છે. માટે કશું આચર્યા વિના જે માત્ર વિચારવા પર ભાર મૂકે છે અર્થાત્ દ્રવ્યક્રિયા વિના ભાવને જ જરૂરી માને છે, આંતર પરિણતિને જ આવશ્યક માને છે, તે બિચારા ભૂલા પડે છે. આ જ મહર્ષિએ શ્રી અધ્યાત્મસાર નામના શાસ્ત્રમાં કહ્યું કે,-

અધ્યાત્મસાર શાસ્ત્ર શું કહે છે ?

**( १ ) अतो मार्ग-प्रवेशाय व्रतं मिथ्यादृशामपि ।**
**द्रव्यसम्यक्त्वमारोप्य ददते धीरबुद्धयः ॥**



**( २ ) यो बुद्ध्वा भवनैर्गुण्यं धीरः स्याद् व्रतपालने ।**
**स योग्यो, भाव भेदस्तु दुर्लक्ष्यो नोपयुज्यते ॥**

અર્થાત્-

(૧) માર્ગ-પ્રવેશ માટે મિથ્યાદૃષ્ટિઓને (સમ્યક્ત્વ-પરિણતિ રહિતને) પણ ધીર બુદ્ધિવાળા મહર્ષિઓ દ્રવ્ય-સમ્યક્ત્વનો આરોપ કરીને ચારિત્ર આપે છે.

(૨) જેનામાં સંસારની નિર્ગુણતા જાણી વૈરાગ્ય થયો દેખાય, અને જે વ્રત (ચારિત્ર) પાલનમાં ધીર-સ્થિર જણાય, તે દીક્ષા માટે યોગ્ય છે. બાકી સમ્યક્ત્વ મિથ્યાત્વ કે ચારિત્ર અચારિત્રના આંતરિક ભાવ વિશેષ યાને પરિણતિ વિશેષ એ છદ્મસ્થ માટે દુર્લક્ષ્ય છે, અર્થાત્ આવા આત્મામાં આંતરિક રીતે સમ્યક્ત્વની પરિણતિ અને સર્વવિરતિના પરિણામ જાગ્યા છે કે કેમ ? એ પ્રત્યક્ષ દેખી શકાવા મુશ્કેલ છે. અહીં એકાંતે ભાવવાદી-નિશ્ચયવાદી પ્રશ્ન કરે છે,-

અહીં બે શ્લોકમાં એ બતાવ્યું, કે સાધુ પાસે આવનાર આત્માને ચારિત્ર-ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવવા માટે પહેલાં સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, અને પછી વ્રત સર્વવિરતિ-સામાયિક વ્રત ઉચ્ચરાવે છે. અહીં એના અંતરાત્મમાં સમ્યક્ત્વ-પરિણામ અને સામાયિક-પરિણામ ઊભો થયો છે કે નહીં એ પ્રત્યક્ષ નિહાળવું છદ્મસ્થ ગુરુનું ગજું નથી. હવે 'જો એ પરિણામ સામાના અંતરાત્મામાં ન થયો હોય તો વ્રત આપી જ ન શકાય' આવો જ જો કાયદો હોય, તો તો આંતર પરિણામ તો છદ્મસ્થ ગુરુને દેખાવાના નથી એટલે પછી વ્રત આપી જ ન શકે, અને એ જો ન અપાય તો સામાનો ઉદ્ધાર શી રીતે થાય ? પછી તો એ ઘરવાસના પાપો કરતો રહી ધર્મમાર્ગમાં આવે જ શી રીતે ? એટલે જ એનો ઉદ્ધાર કરવા એને ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવવા સુજ્ઞ ગુરુઓ એનામાં દ્રવ્ય-સમ્યક્ત્વનો વ્યવહાર-સમ્યક્ત્વનો આરોપ કરીને વ્યવહારથી સર્વવિરતિ વ્રતોચ્ચારણ કરાવે છે. માત્ર બે વાત જુએ કે (૧) સામાને સંસાર નિર્ગુણ લાગ્યો છે ને ? અને (૨) લીધેલ વ્રતમાં દૃઢ રહેશે ને ? પૂછો, -

**પ્ર.-** જો આ બે ભાવ પણ જોવા જરૂરી હોય, તો એ ભાવ પણ આંતરિક હોઈ એને છદ્મસ્થ ગુરુ શી રીતે જોઈ શકવાના હતા ?

**ઉ.-** અલબત પ્રત્યક્ષ ન જોઈ શકે, પરંતુ સામાને વિવિધ પ્રશ્ન કરી તોલ કાઢી શકે, કે 'સામાના હૈયામાં સંસારની નિર્ગુણતા સમજાઈ છે, અને વ્રતની દૃઢતા રહેશે.' આને પ્રશ્નશુદ્ધિ કહે છે, પ્રશ્નો કરીને યોગ્ય ઉત્તરો મળે તો ત્યાં પ્રશ્નશુદ્ધિ થઈ, જીવ પ્રશ્ન-પરીક્ષામાં ઉત્તીર્ણ થયો.

અહીં એકાંત નિશ્ચયવાદી પ્રશ્ન ઉઠાવે છે,-

**એકાન્ત નિશ્ચયનયનું ખંડન.**

**એકલા હૃદયના ભાવ પર ચાલનારને મતે શાસનનો વિચ્છેદ :-**

**પ્ર.**- સર્વ વિરતિના પરિણામ (આંતરભાવ) નહીં હોય તો સાધુવેશ આપીને શું કરશો ? દીક્ષા નકામી જશે ! ભાવ વિના ગુણસ્થાનક હોય નહીં. માટે ભાવ પર આધાર કેમ ન રાખવો ?

**ઉ.**- પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે, કે 'પણ જો એવું જોવા જઈએ તો શાસનનો ઉચ્છેદ થઈ જાય ! કેમકે હૃદયના ભાવ જોવાનું છદ્મસ્થનું ગજું નથી, અને તમારા મતે વેશ તો વ્યવહાર છે તેથી વેશ નકામો ! તો પછી શાસન શાના પર ચાલે ? એમ છતાં ય અમે તમને પૂછીએ, કે જેનામાં સર્વવિરતિના પરિણામ હોય, તેને પછી દીક્ષાવેશ આપીએ તો જ ક્ષપકશ્રેણિ માંડે, શું એવું તમે માનો છો ? ના, વેશ વિના જ ભાવથી ભરતચક્રી વગેરેને ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાન મળેલું છે, તેથી તમારા મતે તો ભાવની પહેલાં કે પછી, વેશની જરૂર જ ન રહી ! ને પછી તો ભગવાન જેવાએ પણ તમારા એકાંત ભાવવાદમાં રહી ગૌતમસ્વામીને દીક્ષા અને બાહ્ય આચાર પદ્ધતિ નહોતી આપવી જોઈતી ! કેમકે ભગવાન જુએ, કે ઇન્દ્રભૂતિજીને સર્વવિરતિના ભાવ થઈ ગયા છે, એટલે તમારા મતે તો ભગવાને કહેવું જોઈએ 'બેસો, હવે દીક્ષા લેવાની જરૂર નથી. ક્ષપકશ્રેણિ પણ એમ જ ભાવથી થઈ જશે.' આમ આખો દીક્ષા આપવાનો વ્યવહાર બંધ, એટલે પછી શાસન જેવું શું રહ્યું ?

એકલા ભાવ પર યાને નિશ્ચયનય પર મદાર બાંધી બાહ્ય વ્યવહારનો નાશ કરનારા એ તો શાસનનો વિચ્છેદ કરનારા છે.

કેમકે એમને તો બાહ્ય વેશ, બાહ્ય સાધુચર્યા અને ગૃહસ્થોથી જુદી પડતી સાધુસંસ્થા વગેરે બાહ્ય પદાર્થ જરૂરી ન રહ્યા ! કારણ, ભાવ ન હોય તો એ બધું બાહ્યનું નકામું ! અને ભાવ હોય તો પછી તે બધું બિનજરૂરી ! સારાંશ, એમના મતે બાહ્ય વ્યવહાર નિરુપયોગી.

જ્યારે અહીં દ્રવ્ય અને ભાવ, નિશ્ચય ને વ્યવહાર, બંને નય માનનાર અમારે તો 'વૈરાગ્ય અને વ્રતપાલનની દૃઢતા,' ઓછામાં ઓછા આ બે લક્ષણ જોઈ સાધુવેશ યાને દીક્ષા આપવાનું માનનારને આ સુલભ છે કે એ દીક્ષિતમાં સાધ્વાચારનું પાલન થતું રહેવાનું, પછી દીક્ષા લેતી વખતે એ જીવમાં કદાચ ભાવ ન હોય તો ય ભાવની ઈચ્છાથી સન્માર્ગનું પાલન કરતાં કરતાં એને ભાવ આવી જવાના, અને આત્મા આગળ વધી જવાનો. એમ અનંત આત્મા ઠેઠ મોક્ષે પહોંચી ગયા છે,



અર્થાત્ સમ્યગ્ વ્યવહારનું પાલન કરતાં કરતાં નિશ્ચય પામી ગયા છે. તમારે તો વ્યવહાર પાલનનો મોક્ષમાર્ગ જ નથી, તેથી જીવનમાં પાપાચારો જ ચાલુ રહેવાના; પછી એના આધારે ભાવ મલિન જ રહેવાના. ત્યાં મોક્ષ શાનો થાય ?

**ખુદ જિનેશ્વરદેવના જીવનમાં વ્યવહાર વિના નિશ્ચય નહિ,**

વીર પ્રભુએ જ્યારે 'કરેમિ સામાઇઅં' ઉચ્ચર્યું, ત્યારે જ સર્વવિરતિના ભાવ (પરિણામ) આવ્યા; પણ તે પહેલાં ઘર ત્યજીને વરઘોડે નીકળ્યા ત્યારથી એ પરિણામ નહિ. જો કે દીક્ષા લેવા માટે નીકળ્યા, ત્યારે અંતરથી બધું સાચેસાચ ત્યજી તો દીધું જ છે, પણ ત્યાં સુધી સર્વવિરતિ-પરિણામ નહિ ! વસ્ત્રાદિ બધું ઉતારીને આપી દીધું ત્યાંસુધી પરિણામ નહીં ! અરે, લોચ કર્યો ત્યાંસુધી પણ નહીં ! કિન્તુ **'કરેમિ સામાઈઅં'** પ્રતિજ્ઞા ઉચ્ચરતી વખતે સર્વવિરતિના ભાવ, સર્વવિરતિ-પરિણામ પ્રગટ થયા, અને ત્યાં જ મનઃપર્યાય જ્ઞાન પ્રગટ્યું. મનઃપર્યાય જ્ઞાન ૭ મે ગુણસ્થાનકે મુનિને જ પ્રગટ થાય. ભગવાનને મનઃપર્યાય જ્ઞાન દીક્ષા લેતાં થાય જ એવો નિયમ છે.

"જ્યાં સુધી 'કરેમિ સામાઇઅં" ઉચ્ચર્યું નહીં ત્યાંસુધી ૭ મું અપ્રમત્ત ગુણસ્થાનક આવ્યું નહિ, ને મનઃપર્યાય જ્ઞાન પણ પ્રગટ્યું નહીં." એ બતાવે છે, કે મુનિપણું અને દીક્ષાના પરિણામ યાને ભાવ, ઘરત્યાગ વગેરે ક્રિયાના અંતે કરાતી 'કરેમિ સામાઇઅં' ઉચ્ચારણનો વ્યવહાર આચરતી વખતે આવ્યા. સંસારનો ત્યાગ, પાછી એની પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ, એનું પાલન, વગેરે બધો એ વ્યવહાર છે. એ વ્યવહાર આદર્યો એટલે જગતના પદાર્થો પર વિરક્ત ભાવ યાને... વૈરાગ્યનો પરિણામ અમલી થયો, અને તે વિરતિમાં પરિણમ્યો.

**વિરતિ એટલે ? : વિરાગ એટલે ? :**

વિરતિ ને વિરાગમાં ફેર છે. 'વિરતિ'માં 'રતિ' એટલે આસક્તિ આકર્ષણ : 'વિરતિ' એટલે જેમાંથી આસક્તિ-આકર્ષણનો ભાવ નીકળી ગયો છે તે; આ વિરતિ છે. હવે વૈરાગ્ય એટલે ? વૈરાગ્યમાં રાગ શબ્દ છે, આ રાગ એટલે જગતના પદાર્થો વિષે સુખકારી-હિતકારીપણાની બુદ્ધિ રહે, અને એ પદાર્થો ઉપાદેય ગ્રાહ્ય-આદરણીય લાગ્યા કરે. હવે જો હૃદયમાંથી એ ઉપાદેય-ભાવ ઊડી ગયો, તો વિરાગ આવ્યો. માટે સંસારી ગૃહસ્થ-આત્મા વિરાગી હોઈ શકે છે. હૈયામાં સંસાર પર, સંસારના પદાર્થો પર, એને સુખકારી હિતકારીપણાનો ભાવ નથી. વિરાગી એમ નથી સમજતો કે 'સંસાર હિતકારી છે, કે આદરવા જેવો છે.' સંસારને એ નિર્ગુણ-નગુણો સમજે છે, અપકારી સમજે છે, છોડવા જેવો જાણે છે. છતાં હજી મોહના લીધે એ સંસાર-સુખો પર એને રતિ-આસક્તિ થાય છે; જેમ કે ડાહ્યા



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

દરદીને કુપથ્ય પર વિરાગ છતાં જીવને કુપથ્યનું ખેંચાણ થાય છે. પણ વિરાગથી આગળ વધી વિરતિમાં આવ્યાથી જીવને જગતનું ખેંચાણ કે જગત પર આસક્તિ નથી રહેતી. જાણે અંદરથી સહજભાવે સૂગ થાય છે. એવી વિરતિના આંતર પરિણામને લાવવા માટે ભરચક શુદ્ધ આચારપાલનના વ્યવહારની જરૂર છે. વ્યવહારથી જ નિશ્ચય (પરિણતિ) આવે. ભરત મહારાજાએ આરિસા ભવનમાં અંગ પરથી દાગીના ઉતારવાનો વ્યવહાર આદર્યો અને અનિત્યતાદિ ભાવના ભાવવાનો વ્યવહાર આદર્યો તો જ વૈરાગ્ય-વિરતિ વીતરાગતાના પરિણામરૂપ નિશ્ચય ઊભો થયો.

**નિશ્ચય એ સ્ટેશન છે, વ્યવહાર એ મુસાફરી છે :**

સીધી દિશામાં મુસાફરી કરો તો સ્ટેશન આવે. મુસાફરી વિના સ્ટેશન ન આવે. એમ દીક્ષા એ પણ વ્યવહાર છે. ઉપાશ્રયમાં રહેવું તે પણ વ્યવહાર, અને સ્વાધ્યાયાદિ સાધ્વાચારો એ પણ વ્યવહાર છે. વ્યવહાર વિના ભાવ ન જાગે. **એકલા નિશ્ચયથી કોઈની મુક્તિ થઈ નથી. વ્યવહારનું નિમિત્ત પામીને જ મોક્ષ થાય છે.** ભરત ચક્રવર્તી જેવામાં જો કે અહીં બાહ્ય દીક્ષાનો વ્યવહાર નહોતો દેખાતો, તો ય પૂર્વભવમાં તો તે હતો જ. જો સાચા જિનમતને શરણે જવા માગતો હોય, ને એને હૃદયથી સ્વીકારવા માગતો હોય, તે નિશ્ચયમાં મુઝાતો નથી, વ્યવહારને મૂકતો નથી. અર્થાત્ એ વ્યવહાર અને નિશ્ચય બંનેને માથે ધરે છે; કેમકે નિશ્ચય આદર્શ છે, વ્યવહાર પ્રવૃત્તિ છે. દા.ત. અમદાવાદ સ્ટેશન કઈ દિશામાં છે, એ જાણ્યા વિના ગમે તેટલી મુસાફરી કરે, તે શું કામ લાગે ? તેમ, એ પણ હકીકત છે, કે જાણ્યા છતાં મુસાફરી જ ન કરે, તો સ્ટેશનને દૂરથી માત્ર જાણવાનું જ ને ? પહોંચાય તો નહીં જ. તેથી કહો,-

**નિશ્ચય-વ્યવહારને અન્યોન્ય અપેક્ષા છે :**

નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહાર શુદ્ધ બને; અને વ્યહાર શુદ્ધ બને એટલે નિશ્ચય અધિક શુદ્ધ બને, વાસ્તવમાં જીવતું ને જાગતું બને. જેવી રીતે વ્યવહારની ધર્મ-ક્રિયાઓ, આપણે અંતરમાં કેવો નિશ્ચય-ધર્મ પામ્યા છીએ, તેનું પ્રતીક છે, તેમ નવો નિશ્ચય પામવા માટે એ સાધનરૂપ પણ છે. નિશ્ચય-વ્યવહાર ઉભયને માનનાર આ વિવેક કરી શકે, કે સામાન્ય નિશ્ચયથી વ્યવહાર ઊભો થાય, ને વ્યવહારથી વિશેષ નિશ્ચય ઊભો થાય, અન્યોન્યને અન્યોન્યની અપેક્ષા છે. બાકી નિશ્ચય કે વ્યવહાર એકલાને જ પકડનાર તો આખી ભીંત જ ભૂલે છે.

તીર્થંકરદેવ ગૃહવાસમાં હોય છે, ત્યારે પણ મહાવિરાગ અને આત્મા તથા જડનું ભેદજ્ઞાન ધરાવે છે; કિન્તુ પોતાના જીવનમાં પણ માત્ર એકલા ભેદજ્ઞાનથી



નથી ચલાવી લેતા. એ પણ માને છે, 'કે, "જેવું ભેદજ્ઞાન છે, તે પ્રમાણે વ્યવહાર કરી દેવો જ જોઈએ. જો માન્યું, કે શરીરથી આત્મા જુદો છે, તો પછી માત્ર શરીર સાથે સંબંધ રાખનારા એવા ઘરવાસનું આત્માને હવે કામ જ શું છે ? એ ગૃહવાસ ત્યજી જ દેવો જોઈએ." એ હિસાબે એ પરમપુરુષ પણ સંસારના સર્વ સંબંધો ત્યજી, ભાવ સાથે ચારિત્ર-વ્યવહાર આદરે છે. ચારિત્ર-વ્યવહાર એટલે વિહાર, તપસ્યા, સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોનું પાલન... વગેરે. એનાથી નિશ્ચયરૂપ ભાવની વૃદ્ધિ કરી કેવળજ્ઞાન સુધી પહોંચે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૦,તા.૭-૪-૧૯૮૪

## (૨૩) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**શુદ્ધ નિશ્ચયનયનો ભ્રામક શબ્દ :**

એકલા નિશ્ચયની વાત કરનાર થાપ ખાય છે. તે જે નિશ્ચય મનાવે છે, તેને જૈન શાસન સુનય નથી કહેતું. એ ઈતર-નિરપેક્ષ અને ઈતર નયનું ખંડન કરનારો મિથ્યા 'એવંભૂત' નિશ્ચય છે. 'એવંભૂત' એટલે એ જ પ્રકારે બનેલો. દા.ત. સાચો ઈન્દ્ર કયો ? તો કે ઈન્દન ક્રિયાવાળો, અર્થાત્ સિંહાસને બિરાજી ઈન્દ્રપણાની બરાબર સમૃદ્ધિ-ઠકુરાઈવાળો. આ એવંભૂત ઈન્દ્ર. ત્યારે પ્રશ્ન થાય,- 'શું સિંહાસનથી નીચે ઊતર્યા પછી એ ઈન્દ્ર નહીં ?' તો આ નય કહે છે, કે 'એ ઈન્દ્ર નહિ.' છતાં 'સમભિરૂઢ' અને 'શબ્દ' નામના નિશ્ચયનય તથા વ્યવહારાદિ નયની અપેક્ષાએ તો એ ઈન્દ્ર છે જ. એવંભૂતની પ્રધાનતામાં બીજાની ગૌણતા રહે એટલું જ, પણ બીજા નયનું ખંડન નથી કરાતું. બીજા નયનું ખંડન કરી પોતાનું જ સ્થાપનારો-માનનારો નય એ કુનય છે. જો કે આમ એને કહે છે તો શુદ્ધ નિશ્ચિયનય, પણ શુદ્ધનો અર્થ 'શુદ્ધ' એટલે અન્ય નયથી નિરપેક્ષ; અર્થાત્ **એકાંત નિશ્ચયનય,** તો ત્યારે શું એકાંત એ જૈનશાસનને માન્ય હોય ? જિનશાસન તો સ્યાદ્વાદી છે. માટે **શુદ્ધ શબ્દમાં મૂંઝાતા નહિ, ભરમાતા નહિ.** મૂંઝવનારા તો તમને કહેશે 'શુદ્ધ નિશ્ચયનય માનો' પણ 'શુદ્ધ' એટલે એકાંત; અને એકાંત એટલે જૈનેતર મત, જૈનશાસનથી બાહ્ય મત.

વિચારણા પણ વ્યવહાર છે : સંસારમાં પણ એવંભૂતની અપેક્ષાએ ચેતન કેવો ? તો કે 'શુદ્ધ ચૈતન્યવાળો, નિરંજન-નિરાકાર, અનંતજ્ઞાન ને અનંત સુખમય, અને કોઈ પણ જાતના વિકલ્પ વિનાનો.' આવા નિશ્ચયનયના આત્માને કરવાનું શું



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

રહે ? કાંઈ જ નહિ. તપ-જપ, વ્રત-પચ્ચક્ખાણ એ તો વ્યવહાર છે. પ્રતિજ્ઞા, સાધુવેશ, સાધુક્રિયા, એ બધું ય વ્યવહાર છે, ક્યાં એ બધું શુદ્ધ નિશ્ચયના સ્વરૂપમાં છે ? માટે એકલા નિશ્ચયવાદીને એની જરૂર નથી લાગતી ! ત્યારે મુક્તિ શી રીતે થાય ?'- એમ એને પૂછો, તો એ એકાંત નિશ્ચયવાદી શું કહે ત્યાં ? એ કહે છે, કે "નિશ્ચયનું અવલંબન જરૂર કરવાનું; પણ 'વ્રતક્રિયામાં આત્મહિત વસ્યું છે'- તે નહિ માનવાનું !! માત્ર આત્મપર્યાયની વિચારણા કરવાની એને શુદ્ધ કરતા ચાલવાનું."- આ કેવી અગડંબગડં સ્થિતિ છે !

પણ આ ધતિંગ છે, અજ્ઞાન છે. કેમકે આ આત્મપર્યાયની વિચારણા એ જૈન શાસનનો નિશ્ચય નહિ. એનું કારણ એ છે, કે આ શુદ્ધ પર્યાયની વિચારણા એ પણ વિકલ્પ છે, અને વિકલ્પ તો મનના પુદ્ગલોની રચના છે, માટે એ વ્યવહાર ગણાય.

પુદ્ગલનું આલંબન એટલે શુદ્ધ નિશ્ચય નહિ. એના મતે તો વ્યવહારમાં આત્મહિત માને તો મિથ્યાત્વ લાગે ! તો પછી વ્યવહારરૂપ આત્મપર્યાયની વિચારણા પણ એના મતે કેમ કરાય ? **નિશ્ચયના શુદ્ધ સ્વરૂપમાં તો શુદ્ધ પર્યાયોનું કેવળજ્ઞાનથી થતું આત્મ પ્રત્યક્ષ આવે.** ત્યારે પ્રત્યક્ષને બદલે વિચારણા તો જે કંઈ જાણ બહાર હોય તેની કરવાની હોય, દા.ત. જંગલમાં માર્ગ પ્રત્યક્ષથી ખબર નથી, તો જ વિચારણા થાય છે, કે 'માર્ગ કયો હશે ?' પણ અહીં તો શુદ્ધ પર્યાય પ્રગટ્યેથી આત્માને અનંતજ્ઞાનમાં સમસ્ત કાળનું સમસ્ત જગત દેખાય છે. તો વિચારવાનું શું રહે ? તો કહો, આત્મપર્યાયની વિચારણા કોને કરવાની ? જેને તે પ્રત્યક્ષ નથી તેને, એ વિચારણા એટલે કે મનની ક્રિયા એ શું આત્માનું નિશ્ચય સ્વરૂપ છે ?

**અશુદ્ધિ એ પરદ્રવ્યની અસર છે :** એકલો નિશ્ચય કૂટનારનું આ બીજું અજ્ઞાન છે, કે એ એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર નથી માનતો ! ને 'કાર્ય થવામાં માત્ર ઉપાદાન કારણભૂત ખરું, પરંતુ નિમિત્ત એ કારણભૂત નહિ' એમ માને છે ! કેટલું ઘોર અજ્ઞાન !

જો એને પૂછીએ, કે 'હાલ આત્મા શુદ્ધ છે કે અશુદ્ધ ? જો શુદ્ધ હોય તો કશું કરવાનું રહેતું નથી. જો કહો, કે આત્મા હાલ અશુદ્ધ છે, તો એ બતાવો કે અશુદ્ધિ શાથી ? જો 'કર્મથી અશુદ્ધિ છે' એમ કહેશો, તો કર્મ તો પરદ્રવ્ય છે. એની શી અસર આત્મારૂપ બીજા દ્રવ્ય પર થાય ? તમે તો એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર નથી માનતા. તો આ બધાનો સાર એ છે, કે **વ્યવહારથી અશુદ્ધિ માનવી જ જોઈશે, અને એને ટાળવા માટે ક્રિયાનો વ્યવહાર આદરવો જ પડશે.**



**શાસ્ત્રયોગની ભૂમિકારૂપ ઈચ્છાયોગનો ઉપાય :**

આત્માના ગુણ એ ભાવ છે, ને એને સાચવવા માટે અપ્રમત્તપણે સમ્યગ્ આચાર-ક્રિયાઓના વ્યવહારમાં રચ્યા પચ્યા રહેવું જ જોઈશે.

ગુણની અને શુભ ભાવની પ્રાપ્તિ અને રક્ષા માટે કરાતો ધર્મયોગ યાને આચારધર્મ એ શુદ્ધ ઈચ્છાયોગ છે. એટલે ઈચ્છાયોગમાં આવવા માટે ધર્મ કરવા પાછળ ગુણરક્ષાની ઈચ્છા જોઈએ. આમ જો ગુણરક્ષા માટે આચારનો વ્યવહાર જરૂરી છે, તો કહો જો, એ ગુણને સાચવવા માટે આપણો કેટલો અપ્રમત્તભાવ છે, કે દિવસ અને રાત્રે એવા સાવધાન રહીએ છીએ કે આ મારો ગુણ ન જ જવો જોઈએ ? પછી ભલે ગુણ તરીકે 'સંતોષ' હો, યા 'ઉદારતા', 'સહિષ્ણુતા' હો, કે 'નમ્રતા' હો, ભલે ગમે તે ગુણ પકડ્યો, પણ-

**ગુણને સાચવનારા ધર્મ-વ્યવહારને અવશ્ય પાળવાનો ઉદ્યમ થાય, તે સાચો ઈચ્છાયોગ બને.**

મહાપુરુષોએ એ જ રીતે ગુણરક્ષણ કર્યું છે, ગુણપ્રાપ્તિ અને ગુણવિકાસ સાધ્યા છે; ને એમજ શુભ ભાવના વિકાસ સાધ્યા છે. સારાંશ, શાસ્ત્રયોગની ભૂમિકારૂપ ઈચ્છાયોગની કક્ષાનો ધર્મયોગ સાધવા માટે આ પણ એક ઉપાય છે, કે- ધર્મયોગ પોતાના આત્મામાં (૧) તેવો તેવો ગુણ યા શુભ ભાવ પેદા કરવા, (૨) એનું રક્ષણ કરવા, અને (૩) એને વિકસિત કરવા સાધવો જોઈએ.

**'બનતો ધર્મ કરીએ છીએ, હવે વધારે શું થઈ શકે ?' એ ભ્રમણા છે :**

શાસ્ત્રયોગમાં જવું છે, તો પ્રબળ ગુણવિકાસ અને શુભ ભાવ વિકાસ અર્થે જોરદાર આચારધર્મનું પાલન જોઈએ. એ લક્ષ્યથી આચાર-ધર્મની ઈચ્છાપૂર્વક આચાર-ધર્મ સધાય એ સાચો ઈચ્છાયોગ, એમાં વૃદ્ધિ કરતા રહેવું જોઈએ. એ વૃદ્ધિ શી ? આ જ કે અધિકાધિક ગુણવિકાસ અને ભાવવિકાસની ઈચ્છા બની રહે; અને એ વિકાસ કરનારા આચારધર્મના ધર્મયોગ સધાતા રહે.

એટલે કેટલાક જે કહે છે,- 'અમે બનતો ધર્મ કરીએ છીએ, હવે વર્તમાન સંયોગ અને શક્તિમાં વધારે શું બની શકે ?'

એ ખોટું છે; કેમકે એના એ જ સેવાતા આચારધર્મ અને ક્રિયાધર્મ દ્વારા વધારે આ બની શકે, કે ગુણવિકાસ અને ભાવવિકાસ કરતા રહેવાય.

**ક્ષમાદિ ધર્મની શ્રદ્ધા વધારતા રહેવાય. એટલે ?**

'જ્ઞાની કહે છે માટે ત્યાગ-ક્ષમા-અહિંસાદિ ધર્મ આચરો,'- એ શ્રદ્ધાથી આગળ વધી પોતાને સ્વતઃ લાગી જાય, કે 'એ ધર્મ જ કરાય;' એ ધર્મ જ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આચરવાની અંતરમાં સહજ પ્રતીતિ થાય, અર્થાત્ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા થાય, ચંદનમાં સહજ સુગંધ, એમ હૃદયમાં ધર્મનો સહજ ભાવ થાય.

શું ક્ષમાદિ ધર્મની આ શ્રદ્ધા, ક્ષમાદિનો આ સહજ ભાવ, આપણે કરી લીધો છે ? 'કર્મની વેઠમાં વધારે શું કરી શકાય ?' એમ બહાનું કાઢનાર શું તાવ આવે તો કર્મની વેઠ સમજી બેસી રહે છે ? કે દવા-હવાનો ઉપચાર કરે છે ? શું કર્મને આપણે સર્વથા પરાધીન, કે કર્મ વારંવાર તમાચો મારી જાય ? ના, કર્મરોગ કાઢવા દવા થઈ શકે. એના માટે જૈનશાસન એવા કિમિયા બતાવે છે, કે જે આદરવાથી કર્મને તમાચ લાગતા જાય, કર્મતાવ ઊતરતો જાય. એમાં આ એક કિમિયો, કે ધર્મનું શ્રદ્ધાબળ વધારતા રહેવાય.

શાસ્ત્રના આલંબને થતી ધર્મશ્રદ્ધાને સહજભાવની શ્રદ્ધારૂપ બનાવતા જવાય, તો શ્રદ્ધાબળ વધે.

'જ્ઞાની કહે છે. માટે ધર્મ કરવો જોઈએ, માટે ધર્મની ઈચ્છા છે,' એમ નહિ, પરંતુ ધર્મ જ આપણા આત્માનું સ્વરૂપ છે, તેથી એની ઈચ્છા છે. આ સ્થિતિ ઊભી કરવાની છે.

દા.ત. 'ખાનપાન કેમ કરો છો ?' ત્યાં આરોગ્યશાસ્ત્ર આગળ નથી કરાતું, પરંતુ 'એની સહજ ભૂખ છે, તરસ છે, માટે ખાનપાન કરાય છે;' એમ ધર્મરૂપ આત્મકલ્યાણની સહજ ભૂખ છે, તૃષા છે, ધર્મની સહજ ઈચ્છા, સહજ પ્રેમ, સહજ ભાવ છે, માટે ધર્મ સહેજે કરાતો રહે. ત્યાં ધર્મની સંપ્રત્યયાત્મક શ્રદ્ધા આવે. એ માટે, દા.ત. એમ વિચારવાનું કે,-

'સંસારની વેઠ કરતાં કરતાં હું વેઠિયો મજૂર થઈ ગયો, હવે લાવ, એ વેઠમાંથી છુટવા ધર્મ સંભાળું.

**ધર્મ જ મારું સ્વરૂપ છે, સંસાર વેઠ મારું સ્વરૂપ નહિ.'**

આ શ્રદ્ધા વધારતા જવાય, ત્યારે, પરાકાષ્ઠાએ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી થાય.

સંપ્રત્યયાત્મક ધર્મશ્રદ્ધા થવાનું લક્ષણ એ કે, પછી ધર્મ સ્વાભાવિક રીતે થાય. ખાવાપીવાની ક્રિયા કેવી સહજભાવે થાય છે ?

ખાવાપીવાના હજારો ટંક થવા છતાં ક્યારે ય ખાવાનો કોળિયો કે પાણીનો ઘુંટ મોંને બદલે નાકમાં નથી પેઠો. ખાતીપીતી વખતે બીજા ત્રીજા વિચાર આવે તો ય ખાવાપીવાની ક્રિયા તો મનના ઉપયોગથી સહજભાવે વ્યવસ્થિત જ ચાલે છે. બસ, જીવનમાં ધર્મસાધના મનના ઉપયોગ સાથે એવી સહજ સ્વભાવની થઈ



જાય. કહો, મનનો સહજ ઉપયોગ ધર્મમાં જ રહ્યા કરે.

ત્યારે સમજી રાખવાનું છે કે,-

**ધર્મના ફળનો અધિકારી કોણ ?**

તે જ, કે જે મુખ્યત્વે ધર્મમાં મનનો ઉપયોગ રાખે, જાગૃતિ રાખે. એ જો ન હોય તો ક્રિયા સંમૂર્છિમ થઈ જાય, યા દુન્યવી ફળની આશંસાવાળી થાય એટલે કે મનનો મુખ્ય ઉપયોગ ધર્મનો નહિ, પણ એ દુન્યવી ફળનો બન્યો રહે ! એમાં ધર્મનું અધિકારીપણું ન આવે. હજારો વાર ધર્મક્રિયા કરવા છતાં મન કેમ ચંચળ ? ને દિલ ધર્મ સાથે એકાકાર કેમ નહીં ? તેમજ ધર્મના ગાઢ સંસ્કાર કેમ ન પડ્યા ? કહો, મનને ઉપયોગ-શૂન્ય હલકાર્યે રાખ્યું ! કોઈની વેઠ પતાવવાની જેમ ધર્મક્રિયા પતાવવાનું રાખ્યું ! કદીય ધર્મની સહજ શ્રદ્ધા, સહજ ઈચ્છા, ન ઊભી કરી. આ જ ખામીથી,-

દુન્યવી બાબતોએ મનનો જે કબજો મેળવ્યો છે એવો ધર્મે મનનો કબજો નથી મેળવ્યો ! નહિતર સેંકડો સામાયિક ને હજારો નવકારજાપ કર્યા પછીના સામાયિકની કે નવકાર જાપની શું એ તાકાત નથી કે દુન્યવી બાબતો ભુલાવી દે ? શું દુન્યવી બાબતોની જ એ તાકાત છે, કે સામાયિક-જાપમાં રહેલા મનને વારંવાર એ પકડે ? આ સૂચવે છે કે,-

**ધર્મ મનને ક્યારે પકડી રાખે ?**

ધર્મની મનને પકડી રાખવાની તાકાત ઊભી કરવી હોય તો ધર્મ નથી સાધતા ત્યારે પણ જગતની વાતોના કચરા હવે હૃદય-ગૃહમાં નહીં જ ઘાલવાના; કેમકે એ કચરાની અસર પછી ધર્મયોગ પર પડે છે. ધર્મને સહજ રીતે મન પકડી રાખે ત્યાં ધર્મશ્રદ્ધા સંપ્રત્યયાત્મક બનવા માંડે પછી ત્યાં ધર્મ વખતે બીજા ત્રીજા વિચાર ન આવે.

**સંપ્રત્યયાત્મક શ્રદ્ધાનો એક ઉપાય : ભાવનિરીક્ષણ :**

આ શ્રદ્ધા ઊભી કરવા માટે પ્રારંભમાં આ એક ખાસ કરવા જેવું છે કે તે તે ધર્મયોગ સાધતાં કે સાધીને જે જે ભાવ જગાડવાના છે, એનું લક્ષ પાકું રહેવું જોઈએ. ધર્મયોગ સાધતાં જોતા રહેવાનું કે તેને યોગ્ય ભાવ જાગે છે ને ? દા.ત.

દાનધર્મ કરતાં આ જોવાનું કે દાનથી પરિગ્રહ-સંજ્ઞા પર કાપ પડતો આવે છે ને ?

શીલ પાળતાં જોવાનું કે શીલથી વિષયસંજ્ઞા કપાતી આવે છે ને ?

તપ કરતાં આ જોવાનું કે તપથી આહાર-સંજ્ઞા કપાતી આવે છે ને ?



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

સામાયિક કરતાં આ જોવાનું કે સામાયિકથી અવિરતિ-આસક્તિ-સંસારરસ ઘૃણા વધતી આવે છે ને ?

પ્રભુભક્તિ કરતાં જોવાનું કે પ્રભુભક્તિથી હૈયાના તાર ઝણઝણી આંખ હર્ષભીની થાય છે ને ? પ્રભુદર્શન કરતાં કે સ્તુતિ-સ્તવન બોલતાં કંઈક ભાવ જાગવા માંડ્યાં કે ઝટ સમાપ્ત કરવાની વાત હોય ત્યાં શી રીતે એ ભાવ પુષ્ટ થાય ? એમ તો એ જાગતાં જ તૂટી જાય.

**પ્રભુદર્શન કેવી રીતે થાય ?**

ખરેખર તો ભાવ જાગવા માંડ્યા ત્યાં દર્શન લંબાવાય, સ્તુતિ-સ્તવન વધુ બોલાય, તો ભાવ પુષ્ટ થાય, ભાવમાં ઝીલવાનું થાય, હૈયું નાચે, હૈયાના તાર ઝણઝણે, ભક્તિધર્મની શ્રદ્ધા વધે. પ્રભુનાં દર્શન ઉઘાડી આંખે કર્યા પછી આંખ મીંચીને માનસિક પ્રભુદર્શન કરાય.

(૧) બંધ આંખે પ્રભુને મનની સામે રાખી તાકી તાકીને પ્રભુની વીતરાગતામય ચક્ષુ-કીકી જોતા રહેવાય.

(૨) એમાંથી જાણે શાંત સુધારસ અને વીતરાગતાનો ફુવારો નીકળી આપણા પર પડી રહ્યો છે ! એ ભાવ ઊભો કરાય.

(૩) પ્રભુની સાથે વાત થાય, અર્થાત્ પ્રભુને સ્તુતિ-સ્તવનોની કડીઓના આધારે આપણી અરજી કહેવાય. આવું માનસિક પ્રભુદર્શન લાંબુ ન ચલાવી શકાય, તો વચમાં વચમાં આંખ ખોલીને સહેજ પ્રભુની મુખમુદ્રા જોઈ લઈ, પાછી તરત આંખ મીંચી એ કામ ચાલુ રખાય.

આવું કાંક કરતા રહીએ ત્યારે પ્રભુ સાથે દિલ મળે, પ્રભુમાં દિલ ભળે; અને પ્રભુભક્તિ ધર્મની શ્રદ્ધા સંપ્રત્યયરૂપ સહજ હાર્દિક પ્રતીતિરૂપ બનવા માંડે.

ધર્મનો સંપ્રત્યય યાને ધર્મની સહજ હાર્દિક પ્રતીતિ ઊભી કરવા માટે દરેક ધર્મયોગ એમાં દિલ ચોંટે-ભળે, અને દિલ ઠરે, એ રીતે સાધવો જોઈએ.

મનના ઉપયોગ વિના ધર્મક્રિયા ગબડાવવાથી આ ન સધાય. આ તો જાણે વિમાનમાં ઉપડ્યા તે સહેજ વાર પછી જોયું તો નીચે ૧૦૦ માઈલ દૂર પોતાનું ગામ દેખાયું, એમ દા.ત. 'ઇરિયાવહીયં'ની ક્રિયા માટે ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્' બોલી ઊપડ્યા તે સહેજવારમાં અપ્પાણં વોસિરામિ' આવ્યું ! ત્યારે ખબર પડી કે કાઉસ્સગ્ગ આવ્યો. વચલા સૂત્ર ક્યાં બોલાઈ ગયા તેની ખબર જ ન પડી. આવી રીતે વિમાનના વેગથી ધર્મક્રિયા કરવામાં એમાં દિલ ક્યાંથી ચોંટે ? દિલ ક્યાંથી ભળે ? દિલ શી રીતે એમાં ઠરે ? દુન્યવી વિષય-રંગરાગની કે ધનોપાર્જનની ક્રિયામાં દિલ કેવું ભળી જાય છે ? ને એમાં કેવું ઠરે છે ? એવું ધર્મયોગમાં



ભેળવવાનું અને ઠારવાનું છે, તો જ ધર્મશ્રદ્ધા સહજ હાર્દિક પ્રતીતિરૂપ યાને સંપ્રત્યયરૂપ બને. કદાચ કોક ધર્મક્રિયા કે સૂત્ર મનના ઉપયોગ વિના ચાલી ગયું, તો પાછા વળી એ ક્રિયા ફરીથી કરવી જોઈએ, એ સૂત્ર ફરીથી બોલવું જોઈએ; અને જો એમ કરાય તો હવે ફરીથી કરીએ છીએ માટે મન એમાં બરાબર ચોંટશે, ભળશે, ને ઠરશે; અને ત્યાં શ્રદ્ધા સંપ્રત્યયરૂપ બનવાની ભૂમિકા ઊભી થશે. કહો,-

સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી કરવા માટે ધર્મયોગમાં દિલ ચોંટવું જોઈએ, ભળવું જોઈએ, ને ઠરવું જોઈએ.

**ભાવની વિશુદ્ધિ અને શ્રદ્ધાની સહજરૂપતા ઊભી કરવા માટે વારંવાર ધર્મયોગોમાં (૧) દિલને ચોંટાડવાની, (૨) દિલને એકરસ ભેળવી દેવાની, અને (૩) દિલને એમાં ઠારવાની અત્યંત જરૂર છે.**

તો જ મન ધર્મના જ રસવાળું બનીને ધર્મના જ વિકલ્પો કરી કરી, સાંસારિક વાતોના પાપો વિકલ્પો-વિચારો-કલ્પનાઓથી બચવા પામશે, એ વિકલ્પો ઓછા થતા આવશે. નહિતર તો એ પાપ વિકલ્પોથી વળવાનું કાંઈ નહિ, ને પાપ-વિકલ્પોથી આત્માનું વલણ તેવું જ પાપિષ્ટ ઘડાવાનું. બિલાડીને ઉંદર મારવાના વિકલ્પ રાતદિ' ચાલુ, પણ વળે શું ? કાંઈ નહીં, ને એના આત્માનું વલણ-લેશ્યા અતિ કૃર ઘડાય છે. તંદુળિયા મચ્છને એવા વિકલ્પો કરી કરી એવી કૃર લેશ્યા ઘડાય છે, કે એથી એ અંતે મરીને નરકમાં જઈ પડે છે ! એમ દા.ત. 'આજના શ્રીમંતો ગરીબોનું લોહી પી તગડા થયા છે'- એવા વિકલ્પો કર્યાથી શ્રીમંતો પ્રત્યે ક્રૂર વલણ, ક્રૂર લેશ્યા એવી ઘડાય છે કે રસ્તે જો કોઈ શ્રીમંત દેખાઈ ગયો તો કદાચ દ્રવ્યથી નહીં તો ભાવથી ખૂન કરી નાખશે !

**દયાના વિકલ્પોથી કોમળતા આવે. દ્વેષના વિકલ્પોથી ક્રૂરતા આવે.**

**પાપ-વિકલ્પોથી નુકસાનો**

અશુભ વિકલ્પ એ જાણે ક્ષયનો જંતુ છે. એ એક મનમાં પેઠો કે-

(૧) બીજા અનેક અશુભ વિકલ્પ-જંતુઓ ઉત્પન્ન કરે છે. એથી વળવાનું કશું જ ન હોય, છતાં એ એટલી ભયંકર સ્થિતિએ પહોંચી જાય છે, કે-

(૨) હૃદયને કાળું મેશ કરી મૂકે,

(૩) મગજને તપાવી દે, અને

(૪) રૌદ્ર ધ્યાનમાં ચઢાવી નરકના ભાતાં ભેગા કરાવે ! લ્યો, અશુભ વિકલ્પ કરીને શો સાર કાઢ્યો ? એથી પ્રસન્નચંદ્ર રાજર્ષિને સાતમી નરકના ભાતાં ભેગા થયા !

(૫) શરીરની ધાતુઓને એ ઉશ્કેરી મૂકે છે, તેથી આખું ય ઘડતર ફરી જાય છે.

(૬) પછી તો એ અશુભ વિકલ્પોની આવૃત્તિ ચાલ્યા કરે છે. તે ય સહજભાવે !

(૭) પાપ-વિકલ્પોના કાળ દરમિયાન (i) સારી ભાવનાઓ, (ii) તત્ત્વના ચિંતનો, (iii) મહાપુરુષના જીવન-સ્મરણો કે (iv) માત્ર પ્રભુના નામજાપને પણ અવસર રહેતો નથી. તેથી.

(૮) અશુભ વિકલ્પોમાં માનવજીવનનો અમૂલ્ય સમય, વિના સુકૃત-કમાણીએ, વેડફી નાખવાનું થાય છે.

(૯) બીજું એક નુકસાન એ પણ છે, કે સારામાં સારા સ્નેહી માટે પણ, એણે આપણું બગાડ્યું માની, જો આપણે ખોટા વિકલ્પમાં ચઢ્યા, તો એ દુશ્મનરૂપ લાગશે, અને પછીના આપણા એવા વર્તાવ થશે, કે ખરેખર એ દુશ્મન બની જાય.

ખરેખર તો ત્યાં આપણા અશુભ કર્મનો ઉદય વિચારવો અને મૈત્રીભાવના વિચારવી જોઈએ; તો એ ખોટા વિકલ્પ નહિ ઊઠે, નહિ લંબાય. ત્યારે,-

અશુભ વિકલ્પોને જો મૂળમાંથી રોકીએ તો કેટલીય સારા પુરુષાર્થની કરણીને અવકાશ રહે છે. માત્ર, આપણા કર્મના ઉદયની વિચારણા અને સામા તરફ મૈત્રીભાવના આ બે જાગ્રત જોઈએ, તો વિકલ્પ અટકશે. પછી તો જુઓ કે વિકલ્પ વિનાના મસ્ત મનથી ધર્મની કેવી કમાઈ !

આવા અનેક નુકસાનો લાવનારા ખોટા વિકલ્પોથી બચવા રાજમાર્ગ આ, કે- (૧) ધર્મયોગો વારંવાર આરાધાય, (૨) એમાં દિલ ચોંટાડી ભેળવી એકરસ કરાય, અને (૩) દિલ એમાં ઠરે એવું કરાય.

પ્રેમાળ, રૂપાળી અને સેવાકારી તથા આજ્ઞાંકિત પત્ની માટે સારી ચીજોની ખરીદી કરવામાં અને એ માટે બે કલાક બજારોમાં ઘુમવામાં પતિનું દિલ કેવુંક ઠરે છે ! લોભી વેપારીનું કલાકોભર વેપાર કરવામાં દિલ કેવું ઠરે છે ! એવું ધર્મયોગોની સાધનામાં દિલ ઠરવું જોઈએ.

**ધર્મમાં દિલ ઠારવા માટે આ વિચારો, કે**

(૧) "આ ઉચ્ચ ધર્મસાધનાઓ એ માનવ ભવનો લહાવો છે; માટે ધર્મસાધનામાં મારું દિલ ઠારું. લગ્ન એ સંસારી જીવનનો લહાવો સમજ્યા પછી લગ્નની લાંબી પણ ક્રિયાઓમાં દિલ કેવુંક ઠરે છે !

(૨) "જગતના દુઃખી જીવો બિચારા ભૂખ ત્રાસ વગેરે અપાર કષ્ટ સહવા છતાં એમની પાસે ધર્મ-સમજ જ ન હોવાથી એમને તપ, પરિસહ, જિનભક્તિ વગેરે ધર્મનો લહાવો મળ્યો નથી. તો મને ધર્મ-સમજ મળ્યાથી આ ધર્મનો લહાવો



મળ્યો, પછી એમાં ઠરવાનું ચૂકું ?

(૩) "સંસાર નાશવંત છે, પરાયો છે, અહિતકારી છે, ત્યારે ધર્મ એ અવિનાશી છે, મારો પોતાનો છે, અને હિતકારી છે. પરભવે એના સુસંસ્કાર ચાલે છે, પરભવે ધર્મ સુલભ બને છે. તો પછી મારું દિલ સંસારમાં શું કામ ઠરે ? દિલ ધર્મમાં જ ઠરે."

ક્ષાયિક સમકિતી રાજા શ્રેણિકનું દિલ એમ જ સંસારમાં નહોતું ઠરતું, પણ પ્રભુભક્તિમાં ઠરતું. તેથી નેપાલ દેશનો વેપારી આવ્યો એની પાસેથી પટ્ટરાણી માટે સવાલાખ સોનૈયાની રત્નકાંબળ એક પણ ન ખરીદી, પરંતુ મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને ભારે વધામણી દાન દઈ દેતા.

(૪) "અનંત અનંત કાળ પાપસાધનો અને પાપસાધનાઓમાં ઠરવા ગયો, પણ ઠરવાનું ક્ષણિક અને અંતે તો પાછું બળવાનું જ મળ્યું ! તો બહેતર છે હવે દેવ-ગુરુ-ધર્મ સાધનાઓમાં ઠરું.

**પુદ્ગલમાં જરા વાર ઠરીને પછી બળવાનું ઘણું.**

**ધર્મમાં જરા વાર ઠરીને પછી ઠરવાનું ઘણું.**

આમ વિચારી,-

જો ધર્મમાં ઠરવા માટે ધર્મસાધનાઓ કરાતી રહે, તો એ ઇચ્છાયોગનો ધર્મયોગ થાય; અને

**ધર્મમાં જેમ જેમ ઠરવાનું વધે, તેમ તેમ એના પર શ્રદ્ધા વધતી જાય,**

ધર્મબળની આંતરિક પ્રતીતિ ઊભી થાય, ને એ થતાં શાસ્ત્રયોગમાં જરૂરી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી થઈ શકે.

**સંપ્રત્યયાત્મક શ્રદ્ધા માટે પ્રબળ શુભ ભાવ જરૂરી :**

**ભાવનો અચિંત્ય પ્રભાવ :**

આમ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા માટે ધર્મયોગોનું બળ વધારવું જોઈએ, અને એમાં હૃદયના શુભ ભાવને વધુ ને વધુ જોરદાર કરવા જોઈએ, તે એ સમજીને કે શુભ ભાવનો પ્રભાવ અચિંત્ય છે.

ગોશાળો મહાવીર ભગવાનની ઘોર આશાતના કરનારો ! તેજોલેશ્યાથી ભગવાનને ખત્મ કરવાનો માત્ર વિચાર નહિ પણ પ્રયત્ન કરનારો ! એ મર્યા પછી બારમા દેવલોકે દેવ થાય ? પરંતુ કેમ થયો ? કહો, અંતકાળે આ ગુરુ-આશાતનાના ઘોર પશ્ચાત્તાપનો શુભ ભાવ આવ્યો, એના પ્રતાપે બારમા દેવલોકે પહોંચ્યો ! આપણે ધર્મસાધનામાં એવો પ્રબળ શુભ ભાવ ન ઊભો કરી શકીએ ?

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ચારિત્ર છોડી દીધું નહોતું, છતાં અશુભ ભાવમાં ચડતાં



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

૭ મી નરક સુધીનાં પાપ બાંધનારા બનેલા ! પણ પછી અશુભ ભાવથી પાછા વળી, ભાવ અત્યંત નિર્મળ બનાવતા ગયા, તો ઠેઠ વીતરાગ સર્વજ્ઞતા સુધી પહોંચી ગયા ! શું આવા પરમ પ્રભાવક શુભ ભાવનો આપણને ખપ નહિ ?

શાલિભદ્રને માત્ર થાળી ખીરના દાનમાં રોજની દેવતાઈ ૯૯ પેટી ! મહારાજા કુમારપાળને માત્ર પાંચ કોડીના ફૂલથી કરાયેલ પ્રભુપૂજામાં ૧૮ દેશનું સમ્રાટપણું ? હા, કેમકે એ ધર્મયોગમાં પ્રબળ ભાવ ભરેલો હતો. અહીં એટલું ધ્યાનમાં રહે કે એ પ્રબળ ભાવ બાહ્ય ધર્મસાધનાના આધારે જ ઊભો થયેલો. તેથી બાહ્ય ધર્મસાધના તો જરૂરી છે જ; પણ હવે એમાં પ્રબળ શુભ ભાવ ભેળવવાનો છે.

સાધનામાં શુભ ભાવ કેમ ભળે ?

**ધર્મ-સાધનાની સામે આખી દુનિયા યાને દુન્યવી સમૃદ્ધિ-સત્તા-સન્માન વગેરે બધું જ બેકાર લાગે, 'કૂછ નહિ' લાગે, તો એના પરથી ભાવ ઊઠી જઈ પ્રબળ ભાવ ધર્મમાં ઊભો થઈ જાય.**

મગધસમ્રાટ શ્રેણિક પ્રબળ શુભ ભાવના પ્રતાપે કેવુંક પામ્યા ! એમને તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુ ઉપર અથાગ ભાવ, અથાગ શ્રદ્ધા, અથાગ રાગ-બહુમાન હતા ! તીર્થંકર પરના આ અમાપ ભાવના પ્રતાપે તીર્થંકરપણાનું પુણ્ય ઊભું થયું. આ શ્રદ્ધા-રાગ-બહુમાનના શુભ ભાવ ભલે એમને પાછલી વયમાં ઊભા થયેલા, પરંતુ તે હૃદયવેધી હતા, ઊંચી ઇચ્છાયોગના ઘરની શ્રદ્ધાના શુભ ભાવ હતા; તો એણે આત્માના દેદાર ફેરવી નાખ્યા ! એક શ્રદ્ધા માત્રના પ્રબળ ભાવથી આત્માના દેદાર ફરી જાય, તો ચારિત્રથી આત્માના દેદાર ફરવાનું તો પૂછવાનું જ શું ? ચારિત્ર પાળતાં આ જોવાનું છે, કે આત્માના દેદાર ફર્યા ?

**પ્રબળ શુભ ભાવ-ભાવનાથી આત્માના દેદાર ફરે.**

સંસારીપણાના દેદાર ફરે, તો જ ધર્મ ફળે; અને દેદાર તો જ ફરે કે જો હૃદયસ્પર્શી ભાવ જાગે.

ભૂખ્યું કૂતરું જોઈ દયાથી રોટલાનો ટુકડો નાખ્યો, પણ એ ભાવથી કે **'મારો જીવ કર્મવશ હતો ત્યારે મારા ય આવા ભૂખે ટળવતા કૂતરા જેવા ભયંકર હાલહવાલ થયા હતા !'**

દયાનું કામ આવ્યું ને દેદાર ફર્યો. ક્ષણ પહેલાં બીજા વિચારમાં મન કઠોર હતું, પણ દયાનું પાત્ર આવ્યું ને ભાવ જાગ્યો. દેદાર ફર્યા એટલે એ દયા ફળે, અતિ ઉત્તમ લાભ આપે. કેવો ? જુઓ,- હાથીપણેથી સીધા મેઘકુમાર ! ઇચ્છાયોગનું ધર્માનુષ્ઠાન સાધતાં ચિત્ત સ્થિર રહે તો શુભ ભાવ જાગે, પણ ચિત્ત ચંચળ થાય તો ફરીથી ધર્માનુષ્ઠાન સાધવાનું. ...એમ કરતાં એ ઉપયોગ પૂર્વકનું થઈ શુભ



ભાવ જાગે. 'સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો' બોલ્યા ખરા, પણ એનો 'પ્રભુ સઘળા સુખની વેલડીને ઉગાડવા માટે પુષ્કરાવર્ત મેઘસમાન' એમ અર્થ ખ્યાલમાં ન આવ્યો, તો હવે અર્થની વિચારણા સાથે ફરીથી બોલવાનું; ને એમ કરી પ્રબળ ભાવ જગાડી જીવના દેદાર ફેરવીને ચૈત્યવંદન કરાય, તો એ મહાન ફલ આપે.

સારાંશ, ધર્મયોગ સાધો તો ભાવ સુધરે.

**દેદાર ફેરવવા માટે ખૂબ જ ઉપયોગવંતી ધર્મક્રિયાની પૂંઠે પડવાની જરૂર છે. તો નક્કી ભાવ જાગી દેદાર ફરે.**

પછી કદાચ આ જીવનમાં જો નહિ, તો ભવાંતરમાં જરૂર સચોટ જવાબ મલશે. દેદાર ફેરવવા માટે એ વિચારાય, કે સંસારમાં વિષય-કષાય અને ત્રણ ગારવોના તાપથી સંસારી જીવ તપે છે, ધખે છે, એ જીવને સૂકવી દે છે, નિસ્સાર કરી દે છે ! તેથી સંસાર અસાર છે. ગમે તેટલો સાર કરીને સાચવ્યો તો ય અંતે અસાર ! એમાં સારભૂત શું ? ધર્મ. ધર્મ કરવો ગુમાવ્યો માટે આજ સુધી કર્મવશ રહ્યા. સ્વતંત્ર નહિ પણ કર્મના ગુલામ બન્યા રહ્યા ! કર્મના નચાવ્યા નાચ્યા ! સારભૂત કર્મ ? કે ધર્મ ? સંસાર જ એવા કર્મવશ બનાવે છે; માટે સંસાર અસાર.

**અસારની પૂંઠ ન પકડવી, ને સારનો કેડો ન છોડવો.**

મિથ્યાત્વ, કુમતિ, વિષયોની ઘેલછા, કષાય, તૃષ્ણા... એ બધું અસાર છે. એ કદી ઊભા ન રહે તેવું કરવું. આ ભેખ લેતાં આત્માના દેદાર ફરે, પ્રબળ શુભ ભાવ આવે, અને એથી ઇચ્છાયોગની ધર્મશ્રદ્ધા, શાસ્ત્રયોગની સંપ્રત્યયાત્મક શ્રદ્ધા બનવાને યોગ્ય બને. એ શ્રદ્ધામાં આંતર પરિણતિ જ ધર્મમય, દયામય-અહિંસામય સત્યમય... વગેરે થઈ જાય.

## • શાસ્ત્રયોગમાં જરૂરી (૩) પટુબોધ : (૪) યોગની અખંડિતતા. •

એવી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા થવા માટે, અને શાસ્ત્રયોગની કક્ષાની અપ્રમત્ત, નિરતિચાર, અને અખંડિત ધર્મસાધના ઊભી થવા સારુ, શાસ્ત્રયોગનું ત્રીજું લક્ષણ કહ્યું,- પટુબોધ-નિપુણબોધ જોઈએ. એ ભરચક શાસ્ત્રશ્રવણ અને શાસ્ત્ર-અધ્યયનથી આવે. ત્યારે પહેલું એ વિચારીએ કે ત્યાં

**શાસ્ત્રશ્રવણ કેવી રીતે કરીએ તો નિપુણબોધ મળે ?**

અહીં આ ધ્યાનમાં રાખવાનું છે કે,- શાસ્ત્રોનું શ્રવણ સાંસારિક ધોરણે ન કરાય. સંસારમાં તો ગમે તેમ શ્રવણ કર્યું, સાંભળ્યું ન સાંભળ્યું કર્યું, તે ચાલે; પરંતુ ધર્મક્ષેત્રમાં એમ ન ચાલે; કેમકે ધર્મશ્રવણ એ સમ્યગ્બોધ મેળવી આત્માની અજ્ઞાન દશા ઓછી કરવા માટે છે; અને એથી શક્ય ધર્મસાધના, ગુણવિકાસ અને



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

દોષત્યાગ કરવા છે. તેથી શાસ્ત્રનું શ્રવણ વ્યવસ્થિત જોઈએ. એ માટે શાસ્ત્રે શ્રોતાના આ ૧૦ ગુણો બતાવ્યા છે,-

## સારા ધર્મશ્રોતાના ૧૦ ગુણ.

**(૧) પહેલો ગુણ એ,-** કે શ્રોતા એ વક્તાગુરુનો **'ભક્ત'** હોવો જોઈએ, પણ ઈર્ષ્યાળુ છિદ્રાન્વેષી વગેરે નહિ. જેની પાસે ધર્મ સાંભળવો છે, એના પર ભક્તિભાવ જોઈએ. ભક્તિભાવ ન હોય, ઈર્ષ્યા હોય, છિદ્રાન્વેષણ હોય, તો સાંભળતો જાય ને મનમાં લોચા વાળતો જાય, કે 'આ શું નવું કહે છે ? આ તો અમને ખબર છે !'... 'અહીં મહારાજ ભૂલ્યા...' 'મહારાજ આવેશી છે. મહારાજથી બોલવામાં આવેશ લવાય ?...' મનમાં આવા લોચા વાળે ત્યાં વક્તા ગમે તેટલી ઊંચી વાતો અને ઊંચા તત્ત્વ કહે, શાસ્ત્રના ગુપ્ત રહસ્યો સમજાવે, છતાં એ આ ઈર્ષ્યાળુને મામુલી લાગે ! નકામું લાગે ! ત્યારે જો વક્તા પ્રત્યે ભક્તિભાવ હોય તો એમની વાણી બહુ પ્રેમથી ઝીલે, ને સાંભળતાં સાંભળતાં કેટલાય કર્મોનો ભુક્કો બોલાવે; અને કહેવાતી વસ્તુ પર એને શ્રદ્ધા થાય, તેમજ એ સાંભળેલું હૃદયમાં ઉતારી એમાંથી શક્ય હોય તે અમલમાં ઉતારે.

**(૨) શ્રોતાનો બીજો ગુણ 'અગર્વીપણું'** જોઈએ. શ્રોતા જો ગર્વથી પીડાતો હોય, તો (૧) શ્રવણ વખતે શંકા પડે એનું સમાધાન પૂછશે નહિ. 'હું આવું પૂછીને અબુઝમાં ખપું,' એમ એને અહંત્વ ઘવાતું લાગશે. એમ ગર્વિષ્ટ શ્રોતા (૨) વિનયભાવે અને વાચનાની મુદ્રાએ,- એક પગે ઉભડક બેસી, બે કોણી પેટ પર ટેકવી, બે હાથ જોડીને નહિ બેસે. (૩) વળી ગર્વના લીધે સાંભળેલાની પાઘડી બીજાના માથે પહેરાવશે, 'મહારાજે આ કહ્યું, તે ફલાણાના હિસાબે,' 'આ બીજું કહ્યું, તે અમુક વ્યક્તિના હિસાબે.' પણ પોતાને કશું લાગુ નહિ કરે. 'બાપ કેવા હોય' એ વાત ચાલશે ત્યારે પોતે દીકરો બની પોતાના બાપનો વિચાર કરશે, કે 'મારા બાપા આવા નહિ;' અને પુત્રના ગુણ સાંભળતી વખતે પોતે બાપ બની 'પોતાના દીકરા આવા જોઈએ'- એમ વિચારશે. આમ ગર્વમાં ને ગર્વમાં આખું વ્યાખ્યાન પોતાને લાગુ નહિ કરે, બધું બીજાને લાગુ કરશે ! કેવી દુર્દશા ! ધર્મશ્રવણનું કષ્ટ કરવા છતાં ફળમાં મીંડુ !

આ ખોટું થાય છે માટે બીજો ગુણ અ-ગર્વી, ગર્વરહિત જોઈએ. તો સાંભળેલું લેખે લાગે, એળે ન જાય, પોતાનું આત્મહિત સાધ્યા વિના નિષ્ફળ ન જાય.

**(૩) શ્રોતાનો ત્રીજો ગુણ 'શ્રવણની રુચિ'** જોઈએ. વક્તા-ગુરુનો શ્રોતા ભક્ત હોય, અને પોતે ગુરુ આગળ ગર્વરહિતપણે સાંભળતો ય હોય, કિન્તુ ગુરુ



જે શાસ્ત્ર કે હિતશિક્ષા સંભળાવે છે, એના શ્રવણની જો રુચિ જ મૂળ પાયામાં નહિ હોય, તો વક્તાનું કહેલું બધું બહેરા કાન પર પડવાનું ! વાણી કશી ઝીલાવાની નહિ ! ઊલટું, એના પર કંટાળો લાવશે ! વક્તા હિતૈષી ગુરુસ્થાને છે; એમના દ્વારા હિત ભાવનાથી કહેવાતા તત્ત્વ પર કંટાળો, અરુચિ એ કેટલો મોટો દોષ ? જરૂર પડ્યે દુર્લભબોધિ બનાવે !

**(૪) શ્રોતાનો ચોથો ગુણ 'શ્રવણમાં સ્થિરતા'** જોઈએ, ચંચળતા નહિ. નહિતર શ્રવણ વખતે ચંચળ મન વચમાં વચમાં બીજે ત્રીજે ભટકવા જશે ! તેથી કહેવાયેલું ધ્યાનમાં નહિ લેવાય, એળે જશે. એટલું જ નહિ, પરંતુ બધું બરાબર ધ્યાનપૂર્વક ન સાંભળતાં વચમાં વચમાં ચિત્ત બીજે લઈ જશે, તેથી વચલો સંદર્ભ ખ્યાલમાં નહિ હોય; એટલે પછીથી કહેવાતી વસ્તુ પર ખોટી શંકા ઉઠાવશે ! અને એ પૂછશે તો વક્તા ગુરુને પાછું ફરીથી પિંજણ કરવું પડવાથી એ ખિન્ન થશે. તેથી કહ્યું 'શ્રોતા સ્થિર જોઈએ,' ને તે સ્થિરતા મનના એવા કડક નિર્ધારથી આવે, કે 'મારે એક પણ બીજો વિચાર મનમાં લાવ્યા સિવાય અણીશુદ્ધ બધું બરાબર સાંભળવું છે.' મન પર આ કડકાઈ ન હોવાથી કેટલીકવાર તો મન ચંચળ બની સાવ તુચ્છ અને વાહિયાત વાતોમાં ચાલ્યું જાય છે. દા.ત. 'પેલું કોણ આવ્યું ?... ઓલ્યો કોણ ગયો ?... ઉપાશ્રયને બારીઓ કેમ ઓછી છે ?... વ્યાખ્યાન ક્યારે પૂરું થશે ?...' વગેરે. જીવની આ કેવી દુર્દશા ! ક્યાં ઊંચા તત્ત્વો ?, ઊંચી ગણધર વાણી ? અને ક્યાં આવા મુફલીસ વિચાર ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૧,તા.૧૪-૪-૧૯૮૪

# (૨૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**(૫) પાંચમો ગુણ : 'સમજ-શક્તિ'** જોઈએ. જો શ્રોતામાં વક્તાએ કહેલું સમજવાની શક્તિ નહિ હોય તો પણ સાંભળેલું એળે જવાનું, ને વક્તાની મહેનત માથે પડવાની ! અહીં એક પ્રશ્ન થાય,-

**પ્ર.-** સમજવાની શક્તિ આપણા હાથની વાત ક્યાં છે ? એ તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પર આધારિત છે ને ? પૂર્વ ભવેથી એવો ક્ષયોપશમ લઈને ન આવ્યો હોય તો ક્યાંથી ગુરુવાણી સમજવા જોગીશક્તિ હોય ? ને તે ન હોય તો શ્રવણ નિરર્થક, નિષ્ફળ, તો શું શ્રવણ ન કરવું ?



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ઉ.- શ્રવણ જરૂર કરવું, પરંતુ એની સાથે આ સમજી રાખવાનું છે કે જેમ પૂર્વભવની મહેનતથી અહીં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ લઈ અવાય, તેમ અહીંની મહેનતથી પણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ઊભો થઈ શકે. એટલું સમજી રાખવાનું છે કે,-

ધર્મ કરીએ અને પુણ્ય બંધાય એ સામાન્ય રીતે પરભવે ફળે છે, પરભવે ઉદયમાં આવે છે, પરંતુ તેવા પ્રકારનો ધર્મ કરીએ અને એથી જ્ઞાનાવરણીય કર્મનો, મોહનીયનો, અંતરાય કર્મનો ક્ષયોપશમ થાય, એ સામાન્ય રીતે આ ભવમાં ય ફળે છે, અર્થાત્ એનું કાર્ય અહીં ઊભું થાય છે.

**દા.ત.** જુઓ કે અહીં જ્ઞાનની ભક્તિ, જ્ઞાનીની ભક્તિ, સાધુસેવા, તપસ્યા... વગેરે તથા જ્ઞાન ભણવાની એકાગ્ર અને ભાવભર્યા ચિત્તે કાળી મહેનત કરી, તો એ ધર્મ જ્ઞાનાવરણીય કર્મનો એવો ક્ષયોપશમ ઊભો કરે છે કે જે અહીં ફળે છે ! અહીં જ્ઞાનશક્તિ, સમજવાની શક્તિ વિકસ્વર કરે છે, ને જ્ઞાનસંપત્તિ વધે છે. વરદત્ત ગુણમંજરીમાં જ્ઞાનશક્તિ નહોતી, ગાઢ જ્ઞાનાવરણીય કર્મ હતા, પરંતુ ગુરુવચનથી જ્ઞાનપંચમીની અને જ્ઞાનની આરાધના કરી, તો સુંદર ક્ષયોપશમ પ્રગટી જ્ઞાન-સંપત્તિ પામ્યા. એટલે 'મારામાં સમજશક્તિ નથી,' એમ કરી માત્ર બેસી રહેવાનું નથી, ને શ્રવણ બંધ નથી કરવાનું, પરંતુ સાથોસાથ સમજશક્તિ પ્રગટાવનારા જ્ઞાનાવરણીય-ક્ષયોપશમ માટે પૂર્વોક્ત જ્ઞાનભક્તિ વગેરે ઉપાય પણ આદરવાના છે.

**ગુરુવિનય-બહુમાનથી સમજશક્તિ વધે : બ્રાહ્મણ વિદ્યાર્થીનું દૃષ્ટાંત :**

અરે ! ગુરુનો વિનય, ને તે પણ ગુરુ પર અથાગ શ્રદ્ધા અને અથાગ બહુમાન સાથેનો, એનામાં આ ક્ષયોપશમ કરવાની જબ્બર તાકાત છે. જુઓ, પેલો બ્રાહ્મણ ઉપાધ્યાય, બે વિદ્યાર્થીઓમાં એક ઉદ્ધત અવિનીત હતો, તો બુધ્ધુ જેવો રહ્યો, એની સમજશક્તિ કશી ખીલી નહિ; ત્યારે બીજો એવા ગુરુ-વિનય, ગુરુ-શ્રદ્ધા, ગુરુ-બહુમાનવાળો હતો, કે એની બુદ્ધિ-શક્તિ વિકસ્વર થઈ ગઈ. આ બે વિદ્યાર્થી એક વાર જંગલમાંથી પસાર થતાં, એક ઠેકાણે પોરો ખાવા બેઠા. પછી વિનયી વિદ્યાર્થીએ કહ્યું - 'ચાલ, ચાલ જલદી; આગળ પર કાણા હાથી પર બેસીને ગયેલી રાજાની રાણીએ પુત્રને જન્મ આપ્યો છે, ને દક્ષિણા વહેંચાતી હશે ! તો આપણે સમયસર પહોંચી જઈએ તો આપણને પણ એ મળે.'... પહોંચી ગયા, ને બરાબર એ પ્રમાણે બનેલું, ને દક્ષિણા મળી ! પેલો બીજો વિદ્યાર્થી તો સ્તબ્ધ થઈ વિચારે છે કે 'આને આટલું બધું ક્યાંથી આવડ્યું ?' વળી આગળ જતાં નદી-કિનારે પાણીનો ઘડો ફૂટી જવાથી બાઈ રોતી હતી.



આ બંને પૂછે છે, 'મા ! આટલો બે પૈસાનો ઘડો ફૂટ્યો એમાં શું રોવા બેઠી ?'

ત્યારે એ કહે,- "ભાઈ ! છ વરસથી મારો છોકરો પરદેશ ગયેલો, એના કશા સમાચાર નથી કે 'ક્યાં છે ? જીવતો છે કે મરી ગયો ?' કમાનાર કોઈ નથી. એમાં વળી આ ઘડો ફૂટી ગયો ! માટે રોઉં છું."

પેલો અવિનીત એને કહે,- 'તો મા ! હવે નહાઈ નાખ. આ ઘડો ફૂટ્યો એ દેખાડે છે, કે તારો દીકરો મરી ગયો.'

પણ બીજો વિનીત વિદ્યાર્થી કહે,- 'ઉતાવળો ન થા.' ડોશીને કહે 'મા ! જા ઘરે, તારો દીકરો આવેલો મળશે !' ડોશી રાજીની રેડ થઈ ગઈ, ઘરે ગઈ તો દીકરો આવી મળ્યો ! એટલે એ વધામણી-દાન લઈ ગઈ ઉપાધ્યાય પાસે, કહે છે,- 'લો આ તમારા વિદ્યાર્થીને વધામણી-દાન, એણે કહ્યા પ્રમાણે દીકરો પરદેશથી આવેલો મળી ગયો !'

આ બે પ્રસંગ પર ઉદ્ધત વિદ્યાર્થી ગુરુને ઠપકારવા મંડ્યો, કે 'તમે પક્ષપાત કરી આ વિદ્યાર્થીને ખાનગી ખાનગી મહાન વિદ્યાઓ આપી દીધી'...

ગુરુએ બીજાને પૂછતાં એ કહે છે, 'ગુરુજી ! આપે અમને બંનેને સાથે જ સરખું ભણાવ્યું છે, મને એક વખત પણ ખાનગી કશું ભણાવ્યું નથી. પરંતુ ગુરુજી ! આપની પર અથાગ પ્રેમશ્રદ્ધા તથા આપનો વિનય બહુમાન કરવાના હિસાબે આપની મારામાં એવી કૃપા ઊતરી, આપનો એવો પ્રભાવ પડ્યો, કે મને એવું સ્ફૂરી ગયું. "પહેલાં તો રસ્તે જતાં હાથીના પગલાં દેખ્યાં. એણે પણ રસ્તાની એક બાજુના જ ઝાડોના પત્તા-ડાળખાં ખાધેલાં તે દેખ્યા, તેથી લાગ્યું કે અહીંથી હાથી કે હાથણી તે પણ એક આંખ કાણી ગઈ લાગે છે, અને રાજા કે રાણી સિવાય એના પર કોણ બેસીને જાય ? માટે લાગ્યું કે એ જ ગયેલ હશે. પછી જે ઝાડ નીચે અમે પોરો ખાવા બેઠા ત્યાં જોયું કે છોડવા પર રેશમના તાર હતા, તેથી નક્કી કર્યું કે એવા તારની સાડી પહેરેલી રાણી જ હાથી પર ગઈ હશે. વળી એ બેસીને ઊઠવા ગઈ હશે ત્યારે જમણા હાથનો પંજો ધૂળમાં ઊંડો છપાયેલો જોયો, એટલે નક્કી કર્યું કે રાણી ગર્ભવતી હશે, અને ગર્ભના દિવસ ભરાઈ ગયા હશે તેથી ભારે શરીરે ઊઠવા હાથનો ટેકો મૂક્યો હશે. વળી જમણી બાજુ ભાર દેખીને નક્કી કર્યું કે પુત્રનો ગર્ભ હોવો જોઈએ. બસ, ગુરુજી આ બધું જોઈ-વિચારી મેં મારા મિત્રને જણાવ્યું. આમાં કોઈ મંત્રવિદ્યા લગાવી નથી."

ગુરુ પૂછે, "તો પછી પેલી ડોસીનું શી રીતે જાણ્યું ?"

વિનયથી વિદ્યાર્થી કહે, 'ઓહો ! એમાં શું છે ? મેં વિચાર્યું કે ઘડો-ફૂટ્યો



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

એટલે ઘડાની જે માટી મૂળ માટીથી જુદી પડેલી હતી, તે નીચે મૂળ માટીમાં ભળી ગઈ; ને ઘડાનું પાણી મૂળ નદીના પાણીથી છૂટું પડેલું હતું, તે વહીને મૂળ નદીના પાણીમાં ભળી ગયું. તો પછી આ ડોસીને દીકરો ડોસીથી છૂટો પડેલો હવે મૂળ ડોસી ભેગો કેમ ન થઈ જાય ?'

આ સાંભળીને ઉદ્ધત વિદ્યાર્થી વિનયી વિદ્યાર્થીની સમજશક્તિ પર ઓવારી ગયો, અને ગુરુ પાસે ક્ષમા માગી. આ સમજશક્તિ ક્યાંથી આવી ? જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી. એ ક્ષયોપશમ શી રીતે ઊભો થયો ? ગુરુવિનય, અને અનહદ ગુરુશ્રદ્ધા, તથા અઢળક ગુરુ બહુમાનથી ઊભો થયો. બસ, શ્રોતાનો પાંચમો ગુણ 'સમજશક્તિ' કહ્યો. એ સાથો સાથ સૂચવે છે, કે 'શ્રોતામાં જ્ઞાન, જ્ઞાનીની ભક્તિ, વિનય વગેરે ગુણ જોઈએ.'

**(૬) છટ્ઠા ગુણમાં :** શ્રોતા **'પટુ'** જોઈએ, નિપુણ જોઈએ, ચકોર જોઈએ; જેથી ગુરુને કાંઈક પૂછવું હોય તો 'પ્રશ્ન કેવો મૂકાય ?... પ્રશ્ન કેવી રીતે મૂકાય ?... ક્યારે મૂકાય ?... કેવા શબ્દમાં મૂકાય ?... ચાલુ વિષય સાથે પ્રશ્ન સંગત કેમ કરાય ?... પોતાના ગુઢ પ્રશ્નનો ખુલાસો ગુરુ માગે તો એનું સ્પષ્ટીકરણ કેમ કરવું ?...' વગેરે અંગે નિપુણતા હોય તો ગુરુ સાથે કેમ બોલવું તે આવડે, અને એનો અવસર ઓળખે, તેથી પ્રશ્નના ખુલાસાથી રહસ્યમય બોધ મળે. એમ, પટુતા-નિપુણતા હોય તો વક્તાના કહેવાના ભાવ સમજી શકે, ઊંધું ન સમજી બેસે, અર્થનો અર્થાન્તર ન કરી બેસે, ઉત્સર્ગ માર્ગને અપવાદમાં ને અપવાદ માર્ગને ઉત્સર્ગમાં ન લઈ જાય, અથવા એકલા ઉત્સર્ગનો કે એકલા અપવાદનો આગ્રહી ન થઈ જાય. આ બધી નિપુણતા ન હોય તો અનર્થમાં પડે.

**(૭) શ્રોતાનો સાતમો ગુણ છે : 'સુજાણપણું'** સારું જાણકારપણું;' અર્થાત્ વક્તા જે જે કહે એનું જાણકારપણું આવવું જોઈએ. જો આ ગુણ ન હોય, તો વક્તાએ હમણાં સુધી કહેલી વસ્તુની જાણકારીના અભાવે, હવે એ વક્તા પૂર્વોક્ત વસ્તુના અનુસંધાનમા જે વસ્તુ કહેશે, તે શ્રોતાના સમજમાં નહીં આવે, યા વક્તાનો આશય કાંઈ હશે, અને પોતે બીજો જ આશય લગાવશે. માટે શ્રવણ વખતે કરવા જેવું આ છે, કે જેટલું જેટલું સાંભળતા જઈએ, એટલા એટલાની મનમાં જાણકારી ફિક્સ થઈ જાય, ચોક્કસ થઈ જાય.

શ્રોતાનો આ એક ગુણ બહુ આવશ્યક છે; પણ આના જ આજે વાંધા છે. વ્યાખ્યાનના શ્રોતા બન્યા રહેવામાં મહિનાઓ ને વર્ષો વીત્યા પછી પણ 'એ સાંભળેલાની જાણકારી કેટલી આવી ?' એ પ્રશ્ન આવે ત્યાં ત્યાં વ્યાખ્યાનોના કેટલા પદાર્થો ક્રમસર બોલી બતાવાય ? શું બોલી બતાવે ! પાસે કાંઈ હૈયામાં ટકાવી



રાખ્યું હોય તો બોલી બતાવે ને ? વર્ષોના શ્રવણ પછી પણ સુજાણપણું નહિ, એ કેટલી કંગાલ દશા ! ત્યારે અહીં બચાવ કરાય છે, કે 'અમને સાંભળેલું યાદ નથી રહેતું તેથી જાણકારી શી રીતે રહે ?' આનો જવાબ ૮ મો ગુણ છે.

**(૮) શ્રોતાનો ૮ મો ગુણ છે : 'ઉદ્યોગ.'**

અર્થાત્ શ્રોતાએ સાંભળી સાંભળીને સમજશક્તિ દ્વારા સમજાયેલાની યાદ રહે એ માટે પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્ન ધારણા કરવાનો અને પુનઃ પુનઃ સ્મરણચિંતન કરવાનો હોય. દા.ત.

(i) સાંભળવાનું શરૂ કર્યું, તો કયા વિષયથી શરૂ થયું. પહેલાં એને મન પર લઈ લેવાય. એમાં દાખલા દલીલ અને લાભાલાભ બતાવ્યા હોય, એ પણ લક્ષમાં લેવાના. પછી વક્તા પ્રાસંગિક વિષય પર ઊતરી જાય, અગર ક્રમસર બીજો વિષય ઉપાડે, ત્યાં એની મનમાં પૂર્વના વિષય સાથે કડી જોડી લક્ષમાં લેવાય. જેમ જેમ આગળ શ્રવણ વધે, તેમ તેમ પૂર્વના મુખ્ય મુખ્ય વિષયો કડીબદ્ધ મનમાં અવગાહતા રહેવાનું કે 'પહેલાં આ આવ્યું, પછી આ આવ્યું, પછી આ પછી આ...' એમ કરતાં પૂરા શ્રવણના અંતે એને મનમાં સમસ્ત વિષયો તૈયાર હોય ! આ એક ઉદ્યોગ કરવાનો.

(ii) બીજો ઉદ્યોગ એ, કે સાંભળીને ઊઠ્યા પછી અવકાશે મનમાં એ સાંભળેલા વિષયોને પુનઃ અવધારી લેવાના. સમય ઓછો હોય તો સંક્ષેપમાં પણ સમસ્ત વિષયો ધારી લેવાના; અને સમય પૂરતો હોય તો વિસ્તારથી અવધારણ કરાય. એને ડાયરીમાં નોંધી પણ લેવાય.

હવે જો, જેમ ભણનારો યા શાસ્ત્ર વાંચનારો **'ચોપડી બંધ એટલે મગજ બંધ'** કરે, તો એ ભણેલું હૃદયસ્થ ન બને. એનું સુજાણપણું ન આવે, એમ અહીં શ્રવણ બંધ એટલે સાંભળેલા માટે મગજ બંધ રાખે, અર્થાત્ સાંભળીને ઊઠ્યા, પછી કેમ ? તો કે 'રામ તારી માયા,' 'હરામ કાંઈ યાદ કરવું,' આમ ઉદ્યોગ ન હોય તો યાદ શાનું રહે ? ને જાણકારી શી વધે ? એ તો પહેલું સાંભળતી વખતે ય મગજ એટલું બધું કામ કરતું રાખવું પડે, કે એકેક વિષય કડીબદ્ધ જોડાતો જાય, ને એ વિષયોનો મનમાં મોટો હારડો બને; તેમ પછી પણ એનું સ્મરણ-ચિંતન-રટણ રખાય. જો આ ઉદ્યોગ કરાય, તો શ્રવણ વખતે વાતોડિયાપણું, ડાફોળિયાં, અને આડાઅવળા વિચારો બધું જ સૂકાઈ જાય.

**(૯) શ્રોતાના નવમો ગુણ : 'નિદ્રાનો ત્યાગ.'** શ્રવણ કરતી વખતે ઝોકાં ખાય, તો સાંભળતાં સરખું ન સમજી શકે, કે ન એની ધારણા કરી શકે. ઝોકાં કેમ આવે છે ? શ્રવણનો કે વ્યાખ્યાનના વિષયનો રસ નથી માટે ઝોકાં આવે છે.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ઝોકાં ન આવે એ માટે રસ ઊભો કરવો જોઈએ. જીવને સમજાવી દેવું કે,-

'દુનિયાનું પાપનું તો ઘણું ય સાંભળ્યું, ને હજી ય સાંભળી રહ્યો છે. અરે ! નકામી કુથલી ય કેટલી સાંભળી રહ્યો છે ? પણ એમાં તારું શું ભલું થયું ? કે થશે ? કેટલા બધા ઊંચા પુણ્યે શ્રોત્રેન્દ્રિય સહિત પંચેન્દ્રિયપણું મળ્યું ! એમાં ય મનુષ્યપણું ! એમાં ય આર્યપણું ! એમાં ય જૈનપણું ! કેટકેટલા અનંત અનંત પુણ્યના ઉદય થવા પર આ બધું મળ્યું ! તો-

આ જૈન દેહની મહાકિંમતી શ્રોત્રેન્દ્રિયનો અહીં આ ધર્મશ્રવણમાં સદુપયોગ નહીં કરે, તો એ કેવી વેડફાઈ જશે ?

**જગતમાં બધું મળે છે, જૈન ધર્મનું શ્રવણ ક્યાં મળે છે ?**

કેવાં મારાં અહોભાગ્ય, કે આ શ્રવણ-રસાયણ મળ્યું છે, કે જે આત્માની કાયાપલટ કરી નાખે !

ખુદ **ઈન્દ્રભૂતિ ગૌતમ** બ્રાહ્મણ એ મહાવીર પ્રભુ પાસે શ્રવણ-રસાયણથી પલટો પામી પ્રભુના પહેલા શિષ્યમુનિ બની ગયા ! ૯૯ ક્રોડ સોનૈયાના માલિક **જંબુકુમાર** સુધર્મા-ગણધર પાસે શ્રવણ-રસાયણ પામી સંસારથી વિરક્ત બની ગયા ! આજે આઠ અપ્સરાશી કન્યાઓ પરણી કાલે મુનિ બની ગયા ! શ્રોત્રેન્દ્રિયના સદુપયોગથી **પ્રભવચોર** જંબુની વાણી સાંભળી, બૂઝી, ૫૦૦ ચોરો સાથે સાધુ થઈ ગયા ! **અકબર** બાદશાહ મહા ઘાતકી-ક્રૂર-નિર્દય છતાં હીરસૂરિજી મહારાજ પાસે શ્રવણ રસાયણ પામી મહાન દયાળુ બની ગયો ! આ બધું વિચારી શ્રવણનો રસ ઊભો થાય.

એક વક્તા જે વિષય છણી રહ્યા હોય, એનો રસ ઊભો કરવા પણ આ વિચારાય કે 'અહો ! આ વિષયો કેવા અદ્ભુત ! અરે ભાઈ ! ખુદ ભગવાન પોતે અદ્ભુત હતા. એમનું જીવન અદ્ભુત હતું, તો એ જે તત્ત્વ સંભળાવે એ પણ કેમ અદ્ભુત ન હોય ? શ્રવણમાં એવા અદ્ભુત તત્ત્વો મને મળે, એ મારાં કેવાં અહોભાગ્ય ! એમ વિચારી શ્રવણ-રસ જગાવાય તો નિદ્રા-ઝોકાં ન આવે.

**(૧૦) શ્રોતાનો છેલ્લો ૧૦ મો ગુણ : 'સદ્બુદ્ધિ'** છે. સદ્બુદ્ધિમાં અનેક ભાવ છે,-

(ક) વક્તા પ્રત્યે કોઈ પૂર્વગ્રહ-વ્યુદ્ગ્રહ વગેરે ન રાખતાં શ્રવણથી વસ્તુને સીધા રૂપે લે; સરળપણે તત્ત્વ ગ્રહણ કરે. આ માટે,-

(ખ) વક્તાના આશયને સમજે,

(ગ) પ્રવચનના પદાર્થોમાં પૂર્વાપરનો સંબંધ ખ્યાલમાં રાખે;

(ઘ) પોતે સારી બુદ્ધિ અર્થાત્ તત્ત્વ પામવાના, સજ્ઞાન બનવાના, અને



કર્મક્ષય કરવાના નિર્મળ આશયથી સાંભળે. આ જો શુભ આશયરૂપ સદ્બુદ્ધિ હોય તો સાંભળતાં સાંભળતાં પાપ કર્મનો અદ્ભુત ક્ષય કરતા જાય. આ જો સદ્બુદ્ધિ નહિ હોય, તો ગમે તેવા સારામાં સારા વક્તા પાસે પણ ઊંચા તત્ત્વ સાંભળવા મળવા છતાં હિત નહિ સાધી શકે.

(ક) દા.ત. પૂર્વગ્રહ હશે તો મનમાં માનશે, કે 'આ વક્તાને તો હું ઓળખું છું. એ તો પોતાનો જ કક્કો ઘુંટનારા છે,... માયાવી છે.' આ પૂર્વગ્રહ છે. એવા પૂર્વગ્રહવશ તીર્થંકર ભગવાનના સમવસરણમાં ૩૬૩ પાખંડી આવું માનતા કે 'આ તો ઈન્દ્રજાળિયા છે. પોતાનું વક્તવ્ય એવી સીફતથી કહેનારા કે શ્રોતા એમની માયાજાળથી અંજાઈ ગયેલા તે એમનું કહેલું કબૂલ જ કરી લે !' હવે એ પાખંડીઓ પહેલેથી જ આવો ગ્રહ પૂર્વગ્રહ લઈને આવ્યા હોય, તે તીર્થંકર ભગવાન જેવાની વાણીના શ્રવણમાંથી ય શું પામી જાય ? કશું જ નહિ. સારામાં સારું કહેવાયેલું તત્ત્વ ઈન્દ્રજાળમાં જ લઈ જાય ! એટલે પછી કેમ ? તો કે પોતે એ વાસ્તવિક સત્ય, વાસ્તવિક હિત માનવાનું જ નહિ; ઉપરથી બીજા આગળ એ ઈન્દ્રજાળ તરીકે બતાવી એની નિંદા જ કરવાનો ! ખુદ તીર્થંકર ભગવાનની દેશના સાંભળનાર ૩૬૩ પાખંડી આવા હોય છે. શ્રોતા બન્યા પણ પૂર્વગ્રહ છે, સદ્બુદ્ધિ નથી, એના આ અનર્થ છે.

એમ, વ્યુદ્ગ્રહ હોય અર્થાત્ કોઈના તરફ રાગાંધ હોય, અને એણે ખોટું પકડાવી દીધું હોય, તો એની અસર નીચે આ વક્તાનું કથન એને રુચશે જ નહિ. દા.ત. પત્નીમાં રાગાંધ પતિને પત્નીએ પકડાવી દીધું હોય કે 'આપણે આપણું ઘર-કુટુંબ જ સંભાળવાનું,' પછી વક્તાનો દાન-ધર્મનો જોરદાર ઉપદેશ પણ એને ગળે નહિ ઊતરે.

મોટા ગણધર ગૌતમસ્વામી જગદ્ગુરુ મહાવીર ભગવાનના આદેશથી દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા ગયા, અને ત્યાં એમણે ઉપદેશ આપ્યો કે,- "ભગવાને તને બૂઝવવા મને મોકલ્યો છે.

**ગૌતમનો દેવશર્માને ઉપદેશ.**

**તેં અત્યાર સુધી આ બધી મોહમાયાનું ઘણું કર્યું, પણ તારા અંદરવાળા આત્માનું ક્યારે કરીશ ?**

અહીંથી મર્યા પછી, જે આ મોહમાયા પાછળ તું જિંદગી ખુવાર કરે છે, એ તને પરભવે બચાવવા નહિ આવે. એ તો તેં તારા અંદરવાળા આત્માનું હિત અહીં સાધ્યું હશે, એ જ તને પરભવે ઓથ આપશે. માટે ઊઠ, લે ચારિત્ર, અને આત્મહિતની સાધના કર."



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પરંતુ દેવશર્મા ન બૂઝ્યો; કેમકે એને વ્યુદ્ગ્રહ હતો, પત્નીનું એવું કામણ હતું કે એ કહે છે, 'પ્રભુ ! આપની બધી વાત સાચી, પરંતુ આ પત્નીને હું છોડી શકું નહિ.' પરિણામ ? બૂઝ્યો નહિ, અને ગૌતમ મહારાજ થાકીને પાછા જવા માટે ઊઠવા ગયા ત્યારે, એ વળાવવા જવા ઊઠવા ગયો, પણ ખ્યાલ ન રહ્યો, તે ઉપર ખુલ્લી બારીનું બારણું એ દેવશર્મા બ્રાહ્મણને મર્મ સ્થાનમાં જોરથી એવું વાગ્યું, કે ત્યાં જ પડ્યો ને મરી ગયો ! ગૌતમ મહારાજે અવધિજ્ઞાનથી જોયું કે 'મરીને એ ક્યાં ગયો ?' તો એની સ્ત્રીના માથામાં જૂ તરીકે ઉત્પન્ન થયેલો જોઈ ગૌતમ પ્રભુ સ્તબ્ધ થઈ ગયા ! અતિ રાગના વ્યુદ્ગ્રહથી સદ્બુદ્ધિ નહિ, તે શ્રવણ એળે ગયું.

(ખ) શ્રોતાની સદ્બુદ્ધિ માટે આ પણ આવે, કે એ વક્તાના આશયને સમજીને સાંભળે. સાંભળતાં એ જુએ, કે આ વસ્તુ વક્તા કયા આશયથી કહે છે. તો એ વક્તાના કથનને વક્તાના આશય પ્રમાણે ગ્રહણ કરનારો બને; નહિતર એને એમ લાગે, કે 'વક્તા ખોટું બોલે છે, યા પુનરુક્તિ કરે છે, અતિશયોક્તિ કરે છે...' વગેરે.

દા.ત. ગુરુએ શિષ્યોને કહ્યું, "જુઓ પેલો સફેદ કાગડો કેવા કાગારવ કરે છે !' એક અયોગ્ય શિષ્ય ગુરુનો આશય ન સમજ્યો, ને એને લાગ્યું કે 'કાગડો ધરાર કાળો દેખાય છે, તે ગુરુ એને સફેદ કહે છે ? ગુરુ જુઠું બોલે છે !' બીજો શિષ્ય લાયક હતો, એ વિચારે છે કે 'ગુરુ જુઠ તો બોલે જ નહિ. તો આવું બોલવામાં ગુરુનો કોઈ ગુઢ આશય લાગે છે.' તેથી એ વખતે તો એણે હાથ જોડી કહ્યું 'હાજી !' પણ પછી અવસર મળતાં ગુરુને આશય પૂછ્યો, તો ગુરુએ કહ્યું 'જો ભાઈ ! કાગડો બહારથી રંગ કાળો, પણ હૈયે ઉદારતાથી ઊજળો-સફેદ છે. રસ્તા પર કાંક ખાવાનું પડેલું જુએ, તો એ એકલો નહિ ખાય, પરંતુ છાપરે ચડી કાગારવ મચાવી પોતાના જાતભાઈઓને ભેગા કરી બધાની સાથે મળીને ખાશે. આમ, શ્રવણ કરતાં વક્તાનો આશય સમજવાની સદ્બુદ્ધિ જોઈએ.

(ગ) શ્રોતાની સદ્બુદ્ધિમાં બીજું એ, કે સાંભળતાં પૂર્વાપરના સંબંધ ખ્યાલમાં રાખનારો હોય, વક્તાએ પહેલાં શું કહ્યું હતું, પછી શું કહ્યું,... આમ પૂર્વાપરનો સંબંધ ખ્યાલમાં ન હોય, તો પછીથી જે કહેવાતું હોય તે કદાચ ઊંધું જ સમજી બેસે.

**સદ્બુદ્ધિ એટલે નિર્મળ આશય :**

શ્રોતાનો સૌથી મહાન ગુણ 'સદ્બુદ્ધિ' એક એવો વ્યાપક ગુણ છે કે એમાં પૂર્વોક્ત મુદ્દા સમાવા ઉપરાંત બહુ અગત્યની વસ્તુ એ છે, કે પોતે શ્રવણ કરે એ



સદ્બુદ્ધિથી, અર્થાત્ નિર્મળ આશયથી કરે. 'નિર્મળ આશય' એટલે કશી લૌકિક સ્પૃહા નહિ; 'વ્યાખ્યાન સાંભળવા જાઉં તો લોકોમાં ધર્માત્મા ગણાઉં, 'વ્યાખ્યાનમાં રસમય કથા-ટુચકા સારા સાંભળવા મળે એટલે મજા આવે, મનને આનંદ થાય, તર્ક-દલીલો જાણવા મળે'... આવી કોઈ મલિન આશંસા-અભિલાષા ન હોય; એમ એવો પણ મલિન આશય નહિ કે 'શાસ્ત્રો સાંભળી-ભણીને વિદ્વાન થઈ જાઉં, સારો વ્યાખ્યાતા થઈ જાઉં, તો સારી પ્રસિદ્ધિ ઊભી થાય, લોકમાં નામના થાય;' અથવા 'પેલા બીજાને બતાવી આપું, કે તું જ એકલો વિદ્વાન નથી, વ્યાખ્યાતા નથી,' યા, 'સાંભળીને એવા ઉપાય જાણવા મળે જે આદરવાથી મહાન સિદ્ધિઓ થાય, કે પરલોકે દેવતાઈ સુખ મળે...' આવી આવી કોઈ જ મેલી આશંસા-અભિલાષા ન હોય, તો જ શ્રવણમાં નિર્મળ આશય રહે. ત્યારે પૂછો,

**શાસ્ત્ર સાંભળવામાં શી અભિલાષા હોય ?**

(૧) 'જગતમાં જિનવાણી મળવી અતિ દુર્લભ છે. તેથી આ ઉત્તમ જનમમાં જિનવાણી જો સુલભ થઈ છે, તો એનું શ્રવણ એક મહા ઉત્તમ કાર્ય છે, માટે એ જ કરું.'

(૨) 'પાપવચન સાંભળવાથી બચવા શાસ્ત્ર સાંભળવાનું રાખું.'

(૩) 'સાંભળીને સુજ્ઞાન-સુજાણ-સુબુદ્ધ બનાય, અને પશુ કે અનાર્ય જેવી અજ્ઞાનતા મૂઢતા ટળે, માટે સાંભળું.'

(૪) 'જિનવાણી સાંભળતાં ભરચક પાપકર્મક્ષય થાય માટે સાંભળું.'

(૫) 'સાંભળવાથી હિતાહિત, હેયોપાદેય, કર્તવ્યાકર્તવ્ય જાણવા મળે, તો તે પ્રમાણે જીવન જીવી શકાય માટે સાંભળું.' આવી આવી ઈચ્છાથી શાસ્ત્ર સાંભળવું જોઈએ.

શ્રોતાના આ ગુણો કેળવી શાસ્ત્રતત્ત્વ કે હિતશિક્ષા સાંભળતા રહેવાય, તો જ્ઞાન વધતાં વધતાં, શ્રદ્ધા ય વધતી ચાલે, અને એમ કરતાં કરતાં મોહનું જોર ખલાસ થઈ જાય ! ને શાસ્ત્રયોગમાં જરૂરી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા તથા પટુબોધ તરફ આગળ વધાય.

શ્રવણ અંગે આ પણ એક જરૂરી વસ્તુ છે કે,-

**વ્યાખ્યાનની રીતના મોહ કરતાં એમાં કહેવાતી વસ્તુનો મોહ રાખવો.**

વ્યાખ્યાન-શ્રવણ જે કરવાનું એ ધર્મવસ્તુ જ સાંભળવાના ધોરણથી કરવાનું છે. ત્યાં વ્યાખ્યાનની રીત નથી જોવાની. સદ્બુદ્ધિ આ,- કે 'તત્ત્વવસ્તુ-ધર્મવસ્તુ જોવાય, કહેવાની રીત ન જોવાય.' પણ આજે તો કહેશે કે, 'વસ્તુ તો સારી છે. ગ્રન્થ ભગવતી સૂત્રનો છે, પણ વક્તાની વ્યાખ્યાન-શૈલી ચમકદાર નથી, કહેવાની



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

રીત આકર્ષક નથી.'

અરે ભલા માણસ ! આત્મહિતને વસ્તુ સાથે સંબંધ છે, રીતને શું જુએ છે ? રીતના મોહ કરતાં વસ્તુનો મોહ કર. 'વસ્તુ' શું ? શાસ્ત્રે કહેલી ધર્મની વાતો, માર્ગાનુસારિતાના ગુણોથી ક્ષપકશ્રેણિ સુધીની વાતો, - શાસ્ત્રોના આ પદાર્થ તે વસ્તુ છે. રાગ એનો જોઈએ; પણ રીતના મોહમાં પડી જઈએ એટલે 'ભગવતી સંભળાવે છે, પણ મઝા આવતી નથી. અમુક ઢબે કહે તો ઠીક રહે !' આમ લોચા વળે છે.

રીતનો મોહ ખોટો છે. દા.ત.

કોઈએ સોનૈયા ભેટ આપ્યા, પણ મેલા લૂંગડામાં બાંધીને આપ્યા, તો શું આનંદ ન આવે ? આપવાની રીત ગમે તેવી, પણ આપ્યું શું ? સોનૈયા ! વહેવારમાં જુઓ, શરીર ઢાંકવામાં વસ્તુનો મોહ રાખે તો ઓછા ખર્ચમાં પતે પણ રીતનો મોહ રાખે એટલે ફેશનેબલ કપડાં જોઈએ ! શાક લાવવા બે આના ન મલતા હોય, પણ કપડાં ઈસ્ત્રી ટાઈટ કરવામાં ચાર આના પહોંચે. ઝવેરી જો ઘરાકની રીતના મોહમાં પડે તો પોતાનું ગુમાવી બેસે. એ ઘરાકના કપડાં ન જુએ ! એ તો એનામાં શાહુકારનું હૃદય છે કે ચોરનું, તે વસ્તુ જુએ !

**કલ્પસૂત્રમાં રસ કેમ નથી પડતો ?**

એટલા માટે કે રીતનો મોહ પેસી ગયો છે માટે. નહિતર કલ્પસૂત્રમાં વસ્તુ ક્યાં કમ છે ? ડહાપણ હોય તો રીતના નહિ, પણ વસ્તુના ખપી બનો. રીતની અપેક્ષાએ જોવા જાઓ તો વેશ્યા ચઢી જાય, ને વસ્તુની અપેક્ષાએ જોવા જાઓ તો સતી ચઢી જાય. આજનું જગત વિનાશના માર્ગે ચઢી ગયું હોય તો તે રીતના મોહના કારણે ઘેર ઘેર ફેમિલી ડૉક્ટર થઈ ગયા ! પણ ફેમિલી ગુરુ નહિ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૨,તા.૨૧-૪-૧૯૮૪

## (૨૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**કોણે ફેમિલી ડૉક્ટર ઘાલ્યા ?**

રીતના મોહે. તે એટલે સુધી કે ખાનપાનમાં તો રીતનો મોહ ખરો, પણ દવા ખાવામાં ય રીતનો મોહ ! રીતના મોહમાં આજની નવી પ્રજા વિપત્તિના માર્ગે ચઢી ગઈ છે. જીવનમાં નિરોગી ખોરાક, સાદાં વસ્ત્રો, સાદું ઘર, કલ્યાણ મિત્રો, સદ્‌ગુરુ-સેવા, દેવાધિદેવની ભક્તિ,... વગેરે વસ્તુની જરૂર છે. રીતની



ખટપટમાં પડવાથી આખી ય સ્થિતિ બગડે છે. પછી તો કેમ ? તો કે 'ખોરાક આવી રીતનો જોઈએ,... વસ્ત્રો આ પ્રકારનાં,... ઘર આવી સ્ટાઈલનું... મિત્રો આવી પદ્ધતિના, ગુરુ આ રીતનું બોલનારા જોઈએ...' આવા તો કેઈ અજ્ઞાન ચાલે છે. મિત્રની હૃદયવસ્તુને બદલે રીતે જુઓ તો ઠગાઓ.

**• મિત્ર પરીક્ષાનું દૃષ્ટાંત : •**

એક મંત્રીના 'નિત્યમિત્ર' ગણાતા ભાઈબંધે અવસરે મંત્રીને બહાર કાઢ્યો,- "રાજાનો દ્રોહ કરીને આવ્યા ? નીકળો બહાર !" ત્યારે 'પર્વમિત્રે' દિલસોજી દેખાડી, પણ સહાય ન કરી. જુહારમિત્ર મલ્યો, એણે કહ્યું, 'ફિકર ન કરો.' વસ્તુ જાણી લીધી. કેમકે મંત્રીએ જ કહ્યું, કે "મેં રાજપુત્રનું ખૂન કર્યું છે, મને બચાવો." વાત ખોટી હતી, પણ મિત્રની પરીક્ષા માટે મંત્રીએ જ એ વાત ઊભી કરી હતી. તે જુહારમિત્રે સાચી માની લીધી, અને મહાન રાજભય છતાં મંત્રીને ઘરમાં સંતાડી રાખ્યો. આમાં જુઓ, કે નિત્યમિત્રની રીત દેખાવડી હતી. બે વખત રોજ મંત્રીના ઘેર મલવા આવતો, પણ મિત્રપણાની વસ્તુ બરાબર નહોતી. પર્વમિત્ર વારતહેવારે આવતો, પરંતુ એની ય મિત્રતા ખોટી હતી. ત્યારે જુહારમિત્રની રીત બહુ સામાન્ય; કોઈકવાર રસ્તે મળે ત્યારે જુહાર કરવાના એટલું જ છતાં એનામાં મિત્રપણાની વસ્તુ ઉમદા હતી. તો કુટુંબના અને પોતાના જાનના જોખમે રાજાના કોપની સામે એણે મંત્રીને ગુપ્ત આશરો આપ્યો; કેમકે સાચા મિત્રહૃદયની ઉમદા વસ્તુથી એનામાં ઉત્તમતા હતી.

મૂળ, મંત્રીએ ત્રણમાંથી સાચા મિત્રને પરખી લેવા પોતાનામાં કૃત્રિમ રાજદ્રોહનો ગુન્હો ઊભો કરેલો, જેથી એમાં કયો મિત્ર શરણું આપે છે એની ખબર પડે. એ માટે રાજપુત્રને પોતાને ત્યાં જમવા નોંતરી જમાડીને ભોંયરામાં સુવાડી મૂક્યો. પછી ઉપર આવી નોકરને કહે "મારાથી રાજકુમારનું ખૂન થઈ ગયું છે. હું બહાર જાઉં છું. તું કોઈને કહીશ નહિ." કહીને ગયો એ મિત્રો પાસે. નોકરનું પેટ કેવું ? ઈનામની લાલચે રાજાને જઈને વાત કરી કે મંત્રીએ રાજપુત્રનું ખૂન કરી ભાગી ગયો છે. નોકર તે નોકર. આર્યદેશમાં હિસાબ મંડાતા હતા કે હલકાપણું નોકરમાં હોય, શેઠમાં નહિ. ઉછાંછળાપણું નાનામાં હોય, મોટામાં નહિ, અધીરપણું સ્ત્રીમાં હોય, પુરુષમાં નહિ. પણ આજે તો વિપરીત ઘણું દેખાય છે ! કેમકે આજે એવી કેળવણી નથી. સંસ્કૃતિને બદલે વિકૃતિની કેળવણી અપાય છે ! છતાં એનું નામ 'કેળવણી' કહે છે ! પહેલાં તો સહુ સહુને પોતાના દરજ્જા મુજબનું ભાન હતું; વસ્તુને મહત્ત્વ આપતા, રીતને નહિ. મંત્રીએ મિત્રમાં સરભરાની રીત ન

જોઈ, પણ સાચી મિત્રતા વસ્તુ છે ? એ જોયું. તો પૂછો,-

**પ્ર.**- વસ્તુ ને રીતનું મિલન ન હોય ?

**ઉ.**- હોય, પણ વસ્તુ અને યોગ્ય રીતનું મિલન હોય. જો વસ્તુ તત્ત્વ સમજાય, કે 'ખાવું એ પુષ્ટિ માટે છે,' તો રોગ ન આવે, ને પુષ્ટિ રહે; તો એની સાથે રીત કયી ? એ જ, કે "બે કોળિયા ઓછા ખાવા જોઈએ. પ્રકૃતિ બગડે એવું વાયડું, તીખું, તમતમતું કે કફકારી ન ખવાય.' પણ જેને રીતની જ ખબર ન હોય તે શું કરે ? આજે તો પકવાન્ન પોથીઓ ફેરવાઈ ગઈ ! વસ્તુગત્યા આરોગ્ય, પ્રશાંતમન,... વગેરે વસ્તુની પરવા નથી, એટલે સાચીને ખોટી રીત કહે છે ! ને ખોટી રીતને મહા આશીર્વાદ રૂપ ગણે છે !

**નિત્યમિત્ર-પર્વમિત્ર-જુહારમિત્ર એ ત્રણ મિત્રનું દૃષ્ટાંત કાયા, કુટુંબ અને ધર્મ એ ત્રણમાં લાગુ થાય.**

**(૧) નિત્યમિત્ર તે કાયા :**

મંત્રી સમાન આત્મા છે. એને કાયા એ નિત્યમિત્ર છે. શું કરે ? સદા સાથે રહે; ડાહી ડાહી વાતો કરે એટલું જ. આપણા ચાપાણી પી જાય, અને આપણને પાપ વધારી આપે ! એની ખાતર આપણે ઘસાવાનું, મૂંડાવાનું ને કચરાવાનું ! ને જ્યારે એ સમજે કે હવે કંઈ માલ નથી, એટલે આપણને કરે લટકતી સલામ ! તે આ કાયા ! આત્માનું પુણ્ય ખાઈ જનારી ને સુસંસ્કારો ચાવી જનારી આ કાયા ! એ કાયા આ ઉચ્ચ જનમમાં મળેલી સોનેરી ધર્મની તક ખાઈ જાય ! ત્યાગ-તપશ્ચર્યા ખાઈ જાય ! કાયા જન્મી ત્યારથી ખાવા માગે ! કશું નહિ તો અંગુઠો મોંમાં ! કાયા શાતા માગે ! આરામી માગે ! હાડકા હરામ રાખે ! આમ કરીને કાયા (૧) કષ્ટને આનંદથી વધાવવા-વેઠવાના સુસંસ્કાર, (૨) મહેનતના સુસંસ્કાર અને (૩) જ્યારે ને ત્યારે ત્યાગ સેવાભાવ વગેરેના સુસંસ્કારને જગા ન આપે, સફળ ન થવા દે.

**સુસંસ્કારો શું કહે છે ?**- 'ત્યાગ-તપ-વ્રત- પચ્ચક્ખાણ બરાબર રાખ !'

ત્યારે કાયા શું કહે ?- 'નિત્ય નવું ખાવા લાવ, નવું સારું પીવા લાવ, પહેરવા લાવ, જોવાનું સુંઘવાનું લાવ, કોમળ સ્પર્શો લાવ'... આમ એ પુણ્યના થોક ખાઈ જાય છે ! પૂર્વના શુભ કર્મે આપેલી અપૂર્વ ધર્મકરણીની તકને કાયા રદબાતલ કરે છે ! કાયાને સારાં માન-પાન, સારાં સ્થાન-સ્થિતિ જોઈએ છે; એટલે કહે, 'ધર્મ કરવાના સંયોગો નથી.' શું ? વાત સાચી છે ? કહે છે 'કાયાના સંયોગો જુદા છે !'

પણ આપણે કોના સંયોગ જોવાના,- 'કાયાના કે આત્માના ?'



નિત્યમિત્ર એવી કાયા તો મૃત્યુ-રાજાનો હુમલો આવતાં આત્માને કહી દેશે 'નીકળ અહીંથી,' અને કાઢી મૂકશે ! પેલા નિત્યમિત્રે મંત્રીને કહી દીધું હતું ને ? કે 'નીકળો અહીંથી.' બાકી તો

**જીવતા જીવે કાયા શું શું પાપ નથી કરાવતી ?**

વાસુદેવની કાયા એને અઢળક પાપ કરાવી નરકમાં મોકલે છે. કાયા રૂડા-રૂપાળા ધર્મને ભૂલાવનારો બદમાશ ભૂત છે. કાયાની બદમાશી તો બરાબર નજર સામે રાખવા જેવી છે. એને મિત્ર નહિ, પણ શત્રુ લેખવાની છે. તો જ એના મોહમાં ન પડાય, સુખશીલ મોજશોખી ન બનાય, અને કાયા દ્વારા જ પોતાના આત્માનાં હિત સાધતા રહેવાય.

**(૨) પર્વમિત્ર તે કુટુંબ-પરિવાર.**

એ કાયાની જેમ નિરંતર સાથે નહિ, છતાં ઘણીવાર સાથે રહે છે. તે પણ થોડી ઘણી લુચ્ચાઈ કરી જાય. કુટુંબી એ મિત્ર ખરા, પણ કર્મની વાતમાં, ધર્મની વાતમાં નહિ ! આપણું પુણ્ય ખાઈ જાય, પુણ્ય વધારે નહિ ! વધારે રંગરાગ કોણ કરાવે ? સારા સારા વિષયોનાં ઉપભોગ કોણ કરાવે ? કહો કુટુંબ જ. ચાડી ચુગલી કોની ખાતર ? શું પોતાના આત્મા ખાતર ? ના રે ના, હિંસાથી માંડી મિથ્યાત્વશલ્ય સુધીનાં પાપો જો સેવાતાં હોય, તો પહેલા નંબરમાં નિત્યમિત્ર કાયા માટે, ને બીજા નંબરમાં પર્વમિત્ર સ્વજન માટે. સ્વજન એટલે પર્વમિત્ર. એ શું કરે ? 'કાયા તું ય લહેર કર, ને મારે ય લહેર થાય.'

ધારિણી માતા દીક્ષાર્થી મેઘકુમારને મનાવે છે, "મને તો પુત્ર ! ઘણી આશા હતી, કે હું વહુના છોકરાને રમાડીશ ! મારા કકળતા હૈયાને તો તું જા. તું મારો એકનો એક પુત્ર છે." સ્વજન શું કહે ? 'તું ઘરમાં રહે એટલે મોક્ષનું સર્ટિફિકેટ ! ઘડપણ ન આવે ! મૃત્યુ ન આવે !' કેમ એમ જ ને ?

**મરીને ભવાંતરમાં કયા સ્થાને જશો, તે કહેવા તો કોઈ સ્વજન તૈયાર નથી,**

પણ ત્યાં ભવાંતરે સારું મળે એટલું ય કરવા સ્વજન તૈયાર નથી ! આ પર્વમિત્ર. આ પર્વમિત્ર આપણા મૃત્યુ વખતે માત્ર દિલસોજી દેખાડે, પણ રક્ષણ ન આપે. પરલોકની દુર્ગતિની જેલમાં એકલા જવા દે, સાથે ન આવે.'

**(૩) જુહારમિત્ર ધર્મ છે.**

એ કહે છે, કે 'ભલેને તું દિવસો સુધી મને ન મળે, પણ કોઈકવાર પણ મળે છે ? તો હું તો તને મિત્ર જ ગણું. આપત્તિમાં સાથે ઊભો રહું.' આ મિત્ર પેલાની જેમ આપણું પુણ્ય ખાય નહિ, પણ પુણ્યને વધારી આપે. ત્યારે બીજી બાજુ પેલા બે ? આપણું પુણ્ય ખાઈ જાય, ને પાપ વધારી આપે ! આ ધર્મમિત્ર પાપ

વધારે નહિ, પણ પાપનો ક્ષય કરાવી આપે; અંતે મૃત્યુ રાજાનો હુમલો આવે ત્યારે મહારક્ષણ આપે ! જુહારમિત્ર ધર્મ એમ ન કહે કે- 'ચાલ્યો જા એકલો.' એ તો જીવની કર્મ તરફથી થતી મૃત્યુ જેવી મહાદુર્દશા વખતે ય સાથે રહે, અને જીવને મહાશરણ, મહારક્ષણ, મહાસહાય આપે.

**ધર્મ પરલોકને જેલ સમાન નહિ, પણ મહેલ સમાન બનાવે.**

એટલું જ નહિ પણ છેવટે આ ધર્મમિત્ર આપણને મોક્ષના મહા સામ્રાજ્ય અપાવે !

પર્વમિત્ર, નિત્યમિત્ર, ને જુહારમિત્ર. એમાંથી જુહારમિત્ર ધર્મ કોઈકવાર મળનારો. અર્થાત્ ચૌદ રાજલોકના વિશાળ ક્ષેત્રમાં માત્ર મધ્યલોકમાં, માત્ર અઢી દ્વીપમાં, ને તે ય માત્ર પંદર કર્મભૂમિ પર જીવન મનુષ્યપણે આવે ત્યાં એ ધર્મ ચારિત્ર રૂપે ભેટે ! અનંતા પુદ્ગલ-પરાવર્તમાં ચરમાવર્તમાં આવે ત્યારે જીવને ધર્મ ભેટે ! એવો એ ધર્મમિત્ર જ્યારે અહીં મળવા આવ્યો હોય ત્યારે તેને હવે વધાવી લેવામાં પ્રમાદ કે બેદરકારી શા સારુ ?

આમ જુહારમિત્રની બાહ્ય સરભરાની રીત કરતાં આંતરિક પ્રેમની વસ્તુ અલૌકિક છે. તેમ ધર્મ-શ્રવણ મળે ત્યાં ધર્મની વસ્તુ જોવી, પણ કેવી રીતે કહે છે. તે રીત નહિ જોવાની. એ શું કર્યું ? દુન્યવી ધોરણ પડતા મૂક્યા. દુન્યવી ધોરણ પલટો, તો પછી ઈચ્છાયોગની સાધના વેગવંતી બનીને અપ્રમાદ, શ્રદ્ધાબળ, બોધ, વગેરે વધી શાસ્ત્રયોગ તરફ આગળ વધાય.

**શાસ્ત્રયોગમાં પટુબોધ શાનો ? :**

શાસ્ત્રયોગમાં 'અપ્રમાદ' અને 'તીવ્ર શ્રદ્ધા' અર્થાત્ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા એ બે લક્ષણની જેમ ત્રીજું લક્ષણ 'પટુબોધ' એટલે તીવ્ર બોધ, નિપુણ બોધ, સૂક્ષ્મતાવાળો બોધ જોઈએ. શાનો બોધ ? તો કે (૧) એક તો શાસ્ત્રોનો બોધ, તે એવો તીવ્ર અને નિપુણ બોધ કે સાધુ ક્રિયા સિવાયના સમયમાં એ શાસ્ત્રના સૂત્ર યા પદાર્થમાં જ મન રહ્યા કરે. (૨) બીજી રીતે તીવ્ર શાસ્ત્ર બોધ એ, કે પોતે જે ધર્મયોગ સાધે છે, એનાં વિધિ-વિધાન, એના કાળ આસન-મુદ્રા, તથા અન્ય સાધનો અંગેનો બોધ, તેમજ એમાં શી શી રીતે અતિચાર લાગે, દોષ લાગે,... વગેરેનો સૂક્ષ્મ બોધ, શાસ્ત્રયોગ સાધનાર આ બાબતો સૂક્ષ્મતાથી જાણનારા હોય, તો જ એનાં વિધિ વિધાન બરાબર સાચવી શકે, એના યોગ્ય કાળે, તેમજ એનાં વીરાસન ઉત્કટ આસન, આદિનું અને એની યોગમુદ્રા વગેરેનું સચોટ પાલન કરી શકે, તથા ક્યાંય પણ સાધનામાં સૂક્ષ્મ પણ દોષ, અતિચાર સ્ખલના મનથી ય ન લાગવા દે, બિલકુલ નિરતિચાર સાધના કરે. આ બધું પટુબોધને યાને સૂક્ષ્મ બોધને આભારી



છે. એવો બોધ જ ન હોય તો શું આચરી શકે ?

**તીવ્ર બોધનો ઉપાય :**

ત્યારે અહીં શાસ્ત્રયોગમાં સૂક્ષ્મ બોધ નિષ્ક્રિય માત્ર જાણકારી રૂપનો નથી, કિન્તુ અમલી છે; સક્રિય છે. બોધથી જાણેલું સંપૂર્ણ અમલમાં મૂકનારા છે. આ હિસાબે વિચારવા જેવું છે, કે એ સ્થિતિએ પહોંચવા માટે કેવી કેવી ઉચ્ચ-ઉચ્ચતર ઈચ્છાયોગની સાધના કરી હોય ત્યારે આ સામર્થ્ય આવે ? એવી ઉચ્ચ ઉચ્ચતર સાધના લાવવા માટે આ એક ખ્યાલ જીવતો-જાગતો જોઈએ કે,-

**'હું ક્યાં ઊભો છું ? ને મારે ક્યાં જાવું છે ?'**

'ક્યાં ઊભો છું ?' એટલે 'કેવાક આરાધનાની સામગ્રીવાળા ઉચ્ચ માનવ અવતારે કેવીક સાધનામાં રહ્યો છું ? હજી કેટલી અવિધિ અને કેટલા અતિચારવાળી મારી સાધના છે ?' ને,-

'મારે ક્યાં જવું છે ?' એટલે 'સંપૂર્ણ વિધિ અને તદ્દન નિરતિચાર એવી શાસ્ત્રયોગની કેવીક સાધનામાં મારે પહોંચવું છે ?'

**આંતર આત્મનિરીક્ષણ :-**

**સ્વકીય યથાર્થ દર્શન :** વિચારાય કે "જાવું છે મારે અપ્રમાદ-સ્થિતિમાં અખંડ ધર્મ-ક્રિયાની પ્રવૃત્તિમાં, અતિ નિર્મળ ને અતિ ચકોર બુદ્ધિના ઘરમાં; ને હું ઊભો છું ક્યાં ? હું છું પ્રમાદ ભરેલી સ્થિતિમાં ! વિકથા-કુથલી રાગદ્વેષાદિ કરવાની દશામાં ! હું છું બુદ્ધિનો બંઠ ! ને ધર્મ હું ખોડ-ખાંપણવાળો કરી રહ્યો છું ! તો ત્યાં કેવી રીતે જવાશે ? ઘોર સંસારમાં આવી દિવ્ય વાતો મળી છતાં કેમ પ્રમાદમાં આથડી રહ્યો છું ? આવી જે દિવ્ય વાતો જીવનમાં ઉતારવાની તક મલી છે, તે અહીં નહિ ઉતારું તો પછી આ તક ક્યાં મલશે ? કયા જનમમાં આ દિવ્ય વાતો જીવનમાં ઉતારીશ ? હું ભલે મહા સામ્રાજ્યનો રાજા કે મંત્રી હોઉં, છતાં અહીં ધર્મમાં જે બેઠો છું, તે રાજાપણું કે મંત્રીપણું મૂકીને બેઠો છું. મને એ ખ્યાલ છે, કે હું સંસારનો કીડો છું. કીડો એટલે ? કીડાને ઊંચું ચંદનનું કાષ્ઠ આપ્યું હોય, પણ એનું કામ તો તેને કોચી ખાવાનું ! એમ મારે ચંદન જેવો માનવભવ મેં કોચી ખાવાનો રાખ્યો ! એટલો પામર અને કંગાળ છું ! મારી આગળ મોટા નિધાન મોજુદ છે,' પણ હું કંગાળ અને પામર ક્યાં લાભ લઉં છું ? એટલે ? એક પ્રભુ-પૂજા કે એક સામાયિક, એ કેવળજ્ઞાન સુધીનું નિધાન છે. પણ એ નિધાનમથી સામાન્ય લાભ પણ ક્યાં લઈ રહ્યો છું ? અરે ! એક સીધો સાદો શબ્દ, કે 'સંસાર ઘોર, ને કર્મ ભયંકર છે,' એથી જરાય તડફડાટ પણ ક્યાં છે ? સંસારનો અદનો ગુલામ બની, કેવો ભાન ભૂલી ઈન્દ્રિયોના વિષયોમાં આથડી રહ્યો છું ? હું પ્રમાદથી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ભરપૂર ભરેલો, ધર્મ ક્રિયામાં વાતવાતમાં ખોડખાંપણ લગાડનારો, મારે વાતવાતમાં અતિચાર ને પ્રમાદ સેવવાનો પાર નહિ ! કેવો હું ? પણ હવે મારે ક્યાં જાવું છે ? નિર્મળ શ્રદ્ધામાં, ને અપ્રમાદની સ્થિતિમાં જાવું છે. એ માટે શું શું ન કરું ? દુનિયાની એક એક વાત સાધવા સત્તર માથાકૂટ કરું, તો અહીં એક પણ નહિ ? હવે તો બધી જ મહેનત કરું, કેમકે મારે આગળ વધવું છે."

આવી જો આંતર નિરીક્ષણથી ચાનક લાગી જાય, તો પછી પ્રમાદ,-અર્થાત્ વિકથાઓ ભોજનકથા-સ્ત્રીકથા-દેશકથા વગેરે, તથા કુથલી એટલે કે નકામી વાતો, ફજુલ તડાકા ને બિનજરૂરી બોલવાનું, અને વાતવાતમાં રાગ-દ્વેષાદિ,...એ બધું બંધ કરવાનું; ને તે મન મારીને કરાય.

પૂર્વ પુરુષોને આ આંતર નિરીક્ષણ કાયમ રહેતું, તેથી એમનો ધર્મબોધ અમલી રહેતો. ધર્મસાધનામાં એ ભારે ચોક્સાઈવાળા અને સહેજ પણ શિથિલતા રહિત હતા.

**પેથડશા** મોટા માળવા દેશના મુખ્ય મંત્રી, એવા પણ એ ભગવાનના પૂજામાં ભગવાન પાછળની પિછવાઈમાં પોતે જાતે એકેક ફૂલ ગોઠવીને ફૂલોની સુંદર ડિઝાઈન બનાવતા !'શું એ એટલો બધો સમય કાઢતા ?' હા.

**અનંત ઉપકારી વીતરાગ ભગવાનની ભક્તિમાં ગયેલો આ સમય જ લેખે છે,** ભવ્ય વળતર આપનારો છે, મહાન સફળતાવાળો છે. બાકી દુનિયાદારીમાં તો સમય તદ્દન વેડફાઈ જઈ નુકસાનમાં ઊતારી રહ્યો છે, એ એમ સમજતા, કે-

**પટુબોધથી પોષધ : પોષધની મહત્તા :-**

મહાન શ્રાવકો ગમે તેવા શ્રીમંત અને વ્યવસાયવાળા છતાં ચતુર્દશીએ પોષધની ભવ્ય આરાધના કરતા. જુઓ,

**ચૌદશે પોષધ શા માટે ? :-**

રાજા પ્રદેશી છેલ્લે છેલ્લે ધર્મ પામેલા ! નાસ્તિકમાંથી આસ્તિક શ્રાવક બનેલા ! તે ચતુર્દશી પર્વતિથિએ પૌષધમાં રહેતા. કેમ વારુ ? સમજતા કે,-

"૧૪-૧૪ દિવસ હોળી સળગાવી જાતને અને બીજાને બાળનારી ! માટે લાવ, પંદરમા દિવસે એક દિવસ એ હોળી બંધ કરી, પોષધમાં રહું. ભગવાનની કૃપાએ આ ઉચ્ચ ભવ પામ્યો તો પખવાડિએ એક દિવસ તો ભગવાનના પગલે યત્કિંચિત્ ચાલું ? પાપો બંધ કરી એક દિવસ તો ધર્મ ધ્યાનમાં રહું ? જગતના જીવોને કહું 'આજે તમે ખુશખુશાલ જીવતા રહો, તમોને આજ મારા તરફથી અભયદાન. જગતભરના સમસ્ત જીવોના નિષ્કારણ બંધુ એવા ભગવાનનો હું સેવક છું, અનુયાયી છું, તો હે જગતના જીવો ! શું એક દિવસ પણ હું તમારો



બંધુ ન બનું ? તો તો મારા ભગવાનના સેવકપણાને લાંછન લાગે.

"અઢાર પાપસ્થાનકોને આજના દિવસ માટે તિલાંજલી ! જો પોષધ વિના રહું તો કામકાજ હરવા ફરવા વગેરેમાં પાંચ મિનિટ પણ કાયગુપ્તિ ક્યાં છે ? એક મિનિટ પણ મનોગુપ્તિ ક્યાં છે ? એ તો પોષધમાં જ મન-વચન-કાયાની ગુપ્તિનું પાલન મળે. વિચાર-વાણી-વર્તાવના બધા પાપની નિવૃત્તિ અને પવિત્ર પંચાચારની જ પ્રવૃત્તિ પોષધમાં મળે ! પોષધમાં પ્રયોજન વિનાની એક આંગળી પણ હલાવવાની કે ક્યાંય આંખ લઈ જવાની ય પ્રવૃત્તિ નહિ !"

**સંસારને દુશ્મન દેખે ત્યારે આવા તારણહાર પોષધની આરાધનાની લાલસા રહે.**

**આનંદ કામદેવ** વગેરે મહાન શ્રાવકોની પોષધની આરાધના કેવી કઠોર ? દેવતાઈ ઉપસર્ગમાં ય એ ડગ્યા નહિ !

**સુદર્શનશેઠ**ને રાત્રિ-પોષધમાં અભયારાણીએ ફસાવ્યા, શૂળી પર ચડવા સુધીની સજા મળે એવો આરોપ આપ્યો ! છતાં પૌષધમાંથી ચસક્યા નહિ ! પોષધનું અને બ્રહ્મચર્યનું અણીશુદ્ધ પાલન રાખ્યું. જાણો છો ને ? અભયારાણીના પ્રપંચથી માણસો એમને, નગર બહાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા, ત્યાંથી ઊંચકી આડા ઉપાડી ઉપર કપડું ઢાંકી રાણીના મહેલમાં ઘુસાડી દે છે ! ત્યાં એક ખોંખારો પણ ન ખાધો ! નહિતર દરવાજે સિપાઈઓ વર્તી જાત, કે 'આ તો કોઈ માણસને ઉપાડીને આવ્યા છે,' તે જડતી લેત, તો રાણીનો ભંડો ફૂટી જાત ! પણ અભિગ્રહવાળા પોષધમાં એક એવો ખુંખારો પણ અતિચાર લગાડે. એવા એ સૂક્ષ્મ અતિચારને જાણવાના પટુબોધવાળા સુદર્શનશેઠ હતા, ને બોધ પ્રમાણે અમલવાળા હતા.

પટુબોધની ખૂબી છે કે

**ઝીણામાં ઝીણા પોતાના દોષને પરખી લે. તો જ પટુબોધ; નહિતર વિદ્વાન છતાં સ્વદોષ ન પરખવાથી અબુઝપણું.**

શાસ્ત્રયોગ શું માગે છે ? પટુબોધ, તીવ્ર બોધ, સૂક્ષ્મબોધ. એવો આ બોધ કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ ક્યાં લાગે છે, તેની બરાબર સમજ હોય. એ સમજ હોય એટલે સાધનામાં લેશમાત્ર દોષ ન લાગવા દે. જુઓ,

તીર્થંકર ભગવાન શાસ્ત્રયોગના ઘરની કાયોત્સર્ગ-ધર્મની સાધના કરે છે.

તો એમાં એ સમજે છે કે એમાં જે તત્ત્વ ચિંતન કરવાનું તે એમાં જો બીજો કોઈ વિચાર લવાય તો દોષ લાગે. એટલે જ એવા વિચાર નથી લાવતા, અને એકધારું તત્ત્વ-ચિંતન ચલાવે છે. તેથી જ 'અમુક પ્રમાણમાં તત્ત્વોનું ચિંતન થયું તો આટલો સમય ગયો,' એમ એમને બરાબર ખબર રહે છે. પછી ભલે વચમાં ઠંડી



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

બહુ પડી કે મચ્છર બહુ કરડ્યા, તો ય 'આ ઉપદ્રવ ભારે' એટલો ય કોઈ વિચાર નથી લાવતા ! નહિતર તત્ત્વ ચિંતનની વચમાં જો બીજા વિચાર મનમાં આવે તો અમુક પ્રમાણના તત્ત્વનાં ચિંતન પર 'આટલો અમુક જ સમય ગયા'ની ગણતરી રાખવી હતી તે ખોટી ઠરે. પટુબોધથી એ પણ પરખી લેવાય, કે 'આત્માને ક્યાં ક્યાં ઝીણો પણ કષાય લાગે છે ? ક્યાં સૂક્ષ્મ પણ રાગ થાય છે ?'

**આંતર નિરીક્ષણ :** આપણી આમાં ખામી છે. માટે દા.ત. આપણે થોડા ક્ષમાશીલ હોઈએ, અને કોઈ કહે, 'તમે તો ભાઈ ક્ષમા સારી રાખો છો,' ને ત્યાં જો એવું કહેવાનું મન થઈ જાય, કે 'ભાઈ ! આપણે આટલી વાત તો નક્કી રાખી છે, કે ક્રોધ નહિ કરવો;' હવે અહીં કેવા દોષ લાગ્યા એ જુઓ. એક બાજુ ક્ષમા રાખી એમાં ક્રોધ-કષાય તો દાબ્યો, પરંતુ 'આપણે' થી વાત કરી એમાં માન-કષાય પોષ્યો ! સૂક્ષ્મ બોધ હોય તો આની ખબર રહે, તેથી એમ ન કહેતાં, કહેવું હોય તો એમ કહે કે "ભાઈ ! જ્ઞાનીની ક્ષમા આગળ મારામાં કંઈ નથી. તેમજ ખરેખર મારા અંતરમાં કેવા કેવા કષાય ઊઠે છે, એની તમને ખબર નથી, એટલે મારામાં ક્ષમા હોવાનું જુઓ છો." આમ કહેવામાં જેમ અભિમાન અટકાવ્યું, તેમ ગુણ-સંતોષનો દોષ પણ અટકાવ્યો. ગુણનો સંતોષ કે 'ચાલો આપણે ગુણ પામી ગયા, બસ' એ દોષરૂપ છે, પટુબોધ સૂક્ષ્મ પણ અહંત્વ, લોભ, ભ્રમ વગેરે પરખી લે છે, અને એને અટકાવી જ દે છે.

**તીવ્ર બોધમાં તત્ત્વ-જથ્થો :-**

વળી શાસ્ત્રયોગીનો નિપુણબોધ એવો કે માત્ર કલાકો નહિ પણ દિવસોના દિવસો નવનવા તત્ત્વચિંતન ચાલ્યા જ કરે એટલા બધા શાસ્ત્ર-તત્ત્વોના જથા (Stock)નું જ્ઞાન પાસે હોય. માટે તો જિનકલ્પી મુનિઓ કે જે શાસ્ત્રયોગના ધર્મયોગ સાધે છે, એમને નવપૂર્વ ઉપરનું જ્ઞાન આવશ્યક કહ્યું છે. અહીં પ્રશ્ન થાય,-

**શ્રેણિકને વિપુલ બોધ શી રીતે થશે ? :-**

**પ્ર.**- શ્રેણિક રાજા જેવા જે તીર્થંકર થવાના છે એમણે એ શ્રેણિકના ભવમાં કાંઈ એવું ભરચક શાસ્ત્રજ્ઞાન મેળવ્યું નથી, ને તીર્થંકરના ભવમાં ગૃહસ્થપણે પણ 'પૂર્વ' શાસ્ત્રોનું જ્ઞાન મેળવતા નથી, તો ત્યાં ચારિત્ર લઈને નીકળે ત્યારે એટલો બધો વિપુલ બોધ ક્યાંથી હોય ? તો એમને શાસ્ત્રયોગ શી રીતે ?

**ઉ.**- એ તીર્થંકરના ભવમાં શાસ્ત્રયોગની ચારિત્ર-સાધના કરવાના છે એ હકીકત છે, તેથી માનવું પડે કે તીર્થંકરના ભવમાં ઉત્કટ વૈરાગ્ય, અત્યંત વિશુદ્ધ સમ્યક્ત્વ, અને પ્રબળ ઔત્પાતિકી બુદ્ધિ વગેરેથી એવો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ



થઈ જતો હોય, કે જેથી એટલો બધો વિપુલ તત્ત્વબોધ હોય. અહીં આ સમજી રાખવાનું કે

**જ્ઞાન બહારના પુસ્તકમાંથી નથી આવતું, પરંતુ અંતરમાં જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે, ને**

પુસ્તક એ ક્ષયોપશમ થવામાં નિમિત્ત છે. એવું નિમિત્ત ત્યાગ-તપ-સમ્યક્ત્વાદિ પણ બને છે. એથી શાસ્ત્રનો પદાર્થબોધ થઈ જાય છે; પછી ભલે સૂત્રોનો બોધ કદાચ ન ય થાય. એટલે જ એવા વિપુલ તત્ત્વબોધનો પ્રતાપ છે, કે શાસ્ત્રયોગીને એના આધારે ચાલતા તત્ત્વચિંતનની વચમાં આડાઅવળા એક પણ માનસિક વિકલ્પને ઊઠવાની જગા જ ન હોય. પછી ત્યાં રાગાદિ પ્રમાદને પોષાવાની વાતે ય ક્યાંથી હોય ?

**રાગાદિ પોષાય છે વિષયોના વિકલ્પ પર.**

જો મનમાં એક પણ ઇન્દ્રિય-વિષયનો વિકલ્પ ન ઊઠ્યો તો રાગ કે દ્વેષ સળવળવાના. દા.ત. મનને સહેજ વિચાર આવ્યો કે 'હીરો કિંમતી,' યા 'પત્ની સારા અનુકૂળ સ્વભાવની,' તો એ વિચાર ઊઠવા પર રાગ થવાનો. એટલે તો કહેવાય છે કે,-

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૩,તા.૨૮-૪-૧૯૮૪

## (૨૬) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**કામવાસના જાગવાનું મૂળ :-**

**काम जानामि ते मूलं संकल्पात् किल जायसे ।**
**न चाहं तं करिष्यामि न चापि त्वं भविष्यसि ॥**

અર્થાત્ 'હે કામ ! હું તારું મૂળ જાણું છું, કે તું સંકલ્પ યાને વિચાર એટલે કે વિકલ્પમાંથી ઊઠે છે; અને તેથી હું એવો વિકલ્પ જ મનમાં નહિ ઊઠવા દઉં, ને તું પણ અસ્તિત્વમાં નહિ આવે.' આ શું બતાવે છે ? આ જ કે કામવાસના-કામરાગ કામના વિકલ્પમાંથી ઊઠે છે. તમે એનો લેશ પણ વિચાર જ ન ઊઠવા દો, તો એ વાસનાને ઊઠવાની જગા જ નહિ મળે. આ માટે પાંચ પ્રકારના વાચના-પૃચ્છનાદિ શાસ્ત્ર-સ્વાધ્યાયનું ભારે મહત્ત્વ છે. મન એમાં જ પરોવેલું રાખો, તો વિષય-વિકલ્પ ઊઠવા ન પામે.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

વિષયોના વિકલ્પોથી વિષયોનો રાગ કે દ્વેષ પોષાય છે. સાપનો વિચાર આવતાં સાપ પ્રત્યે ભય કે અરુચિની દ્વેષની લાગણી ઊભી થાય છે. 'અહીં પાયખાનું છે' એટલું સાંભળતાં પાયખાનાના વિચારથી પાયખાના પર રાગ-દ્વેષ થાય છે.

**સારાંશ :** ઇષ્ટ-અનિષ્ટ વિષયોના વિકલ્પોથી રાગ-દ્વેષ પોષાય છે. માટે તો શાસ્ત્રયોગી પોતાના પટુબોધથી એવા વિપુલ તત્ત્વ-ચિંતનમાં લાગ્યા રહે છે કે ત્યાં એક પણ વિષય-વિકલ્પને ઊઠવા જગા જ નથી રહેતી, પછી રાગદ્વેષનાં પોષણ બંધ થઈ જાય એમાં નવાઈ નથી.

**વિષય-વિકલ્પો રોકવાનું અનન્ય સાધન શાસ્ત્ર સ્વાધ્યાય :**

એટલા જ માટે ઇચ્છાયોગમાં રહેલા સ્થવિર-કલ્પી મુનિઓના માથે શાસ્ત્રે દિવસ-રાતના આઠ પહોરમાંથી પાંચ પહોરના સ્વાધ્યાયનો ભાર મૂક્યો છે. મુનિ સળંગ સૂત્ર-અર્થના સ્વાધ્યાયમાં લાગ્યા રહે એટલે મનમાં કોઈ આડાઅવળા વિચાર યાને વિષયોના રાગ-દ્વેષ પોષાય નહિ. સ્વાધ્યાયમાં એકાંતે રક્તતા-લીનતા હોય, સાધ્વાચારની ક્રિયાઓમાં એકાગ્રતા હોય, તેમજ ગોચરી-ગમનાગમનાદિમાં પાંચ સમિતિ સાચવી લે, અને ગોચરીમાં દોષ ન લાગવા દેવામાં મન લાગેલું હોય, ત્યાં પછી ક્યાં વિષય-વિકલ્પ યાને વિષય વિચાર ઊઠવાને જગા જ રહે ? જો એ વિકલ્પો નહિ, તો રાગ-દ્વેષ ક્યાં પોષાય ? દા.ત. ગોચરીમાં મીઠાઈ આવી, તો ત્યાં મન કેવું હોય ? તો કે સહેજ પણ આસક્તિનો દોષ ન લાગવા દેવાની જ તમન્નામાં હોય. પછી 'આ મીઠાઈ સારી છે' એટલો ય વિકલ્પ શાનો ઊઠે ? આડાઅવળા વિચારો-વિકલ્પોથી બચવા માટે માત્ર મુનિઓને સ્વાધ્યાય ખૂબ જોઈએ એવું નથી, પરંતુ ગૃહસ્થોને પણ એ સ્વાધ્યાય ખૂબ જરૂરી છે; જેથી શાસ્ત્ર-સ્વાધ્યાય દ્વારા શાસ્ત્રબોધના હિસાબે એ મનને શાસ્ત્રીય પદાર્થોમાં રમતું રાખી શકે; ને તો અસદ્ વિકલ્પોથી બચી શકે.

મહાશ્રાવક **પેથડશા** મંત્રીને પણ શાસ્ત્રસ્વાધ્યાયની જરૂર લાગી !

એટલે જ મોટા માળવા દેશના મંત્રી પેથડશાએ આમ બીજો સમય ન મળતાં, ઘરેથી રાજદરબારે પાલખીમાં બેસીમાં જતાં જતાં **'ઉપદેશમાળા'** શાસ્ત્ર ગોખેલું ! જેથી એના સ્વાધ્યાયમાં અને એના પદાર્થોના ચિંતનમાં નવરું પડેલું, મન પરોવાયેલું રહે, તો મનમાં વિષયોના વિકલ્પને પેસવાની જગા જ ન રહે. જો આ સ્વાધ્યાય અને તત્ત્વચિંતન ન હોય, તો તો મનમાં નવરું પડ્યે વિષય-વિકલ્પો ઊઠ્યા કરવાથી રાગદ્વેષ આર્તધ્યાન-અસમાધિ અને કષાયોનાં પોષણ... વગેરે કેટલાય



અનર્થ ચાલ્યા જ કરવાનું થાય, અને એથી આત્મા પર પાપકર્મોના ઢેર ચડતા રહે !

**કુવિકલ્પોના મહા અનર્થ :**

વળી એ કુવિકલ્પો અને આર્તધ્યાન તથા રાગદ્વેષાદિ સેવવામાં જો કોઈ અફસોસી પણ ન હોય, તો (૧) મિથ્યાત્વ આવે ! તેમજ (૨) અશુભ અનુબંધોવાળા પાપકર્મ અર્થાત્ પાપાનુબંધી પાપ બંધાયા કરે ! એના ફળમાં ભવે ભવે પાપિષ્ટતા ને પાપબુદ્ધિ જ સ્ફુર્યા કરે ! એટલા માટે જ આ કુવિકલ્પોને અટકાવવાની ખાસ જરૂર ગણાય; ને તે કુવિકલ્પો સ્વાધ્યાય, સૂત્રાર્થ-ચિંતન તથા તત્ત્વચિંતન અને શુભ ભાવનાથી અટકે. એટલે જ ઇચ્છાયોગમાં આગમ-શ્રવણ અને આગમબોધ ખાસ જરૂરી ગણ્યો; કેમકે શાસ્ત્રયોગ માટે જરૂરી પટુબોધ આગમોના વિશાળ બોધથી આવે. આ બોધમાં ઉત્સર્ગમાર્ગ-અપવાદમાર્ગ બંનેનું જ્ઞાન આવે. તેમજ અતિચારોનું ને એના પ્રાયશ્ચિત્તનું જ્ઞાન આવે. પરંતુ શાસ્ત્રયોગી એવા અપ્રમાદી છે, કે પ્રાયઃ અપવાદમાર્ગ અને અતિચારનું સેવન ન જ કરે, પણ નિરતિચાર અને પ્રાયઃ ઉત્સર્ગમાર્ગની આરાધના કરનારા હોય.

સારાંશ, શાસ્ત્રયોગની કક્ષાની આરાધનામાં લેશમાત્ર નાનો ય પ્રમાદ નથી, સહજ શ્રદ્ધા છે, તીવ્ર પટુબોધ છે, સૂક્ષ્મ પણ અવિધિ તથા અન્ય અતિચાર પરખવાની ભારે ચકોરતા છે, અને એને મચક ન આપવાની ભારે તકેદારી છે. ઇચ્છાયોગની કક્ષાની સાધના અલબત પ્રમાદવાળી હોવાથી ક્ષતિવાળી સાધના છે, છતાં ત્યાં નજર સામે આદર્શ શાસ્ત્રયોગની સાધવાનો રાખવાનો છે; જેથી 'સૂક્ષ્મ પણ પ્રમાદ ન સેવું' એવી અભિલાષા તીવ્ર બની રહે, તેમ સમ્યગ્દર્શનની અધિકાધિક નિર્મળતા કર્યે જવાય. એથી જ્વલંત શ્રદ્ધાબળ ઉપર આરાધનામાં જોસ લવાય, ને અધિકાધિક વીર્યોલ્લાસ દર્શન જ્ઞાન-ચારિત્ર-તપના ૩૬ આચારોના પાલનમાં પ્રગટાવતા જવાય. એમાં પરાકાષ્ઠાએ 'શાસ્ત્રયોગ' પ્રગટ થાય.

## • વીતરાગ ભક્તિથી વીતરાગતા તરફ પ્રયાણ. •

અહીં અઘાતી કર્મો, વેદનીય કર્મ, નામકર્મ,... વગેરે ભલે ઊભા હોય, પરંતુ ઘાતીકર્મોનો નાશ કરાય તો વીતરાગતા અને કેવળજ્ઞાન (સર્વજ્ઞતા) પ્રગટ થઈ શકે છે. આનો અર્થ એ છે, કે અઘાતીકર્મે શરીર આપ્યું, ઇન્દ્રિયો આપી; એ હવે કદાચ દુર્બળ પડ્યા, શરીરે અશાતા વેદનીય છે, આંખનું તેજ તેવા કર્મથી ઝાંખું પડ્યું છે, પરંતુ જો ઘાતીનો નાશ કરવાની તમારી ત્રેવડ છે, તો એ અઘાતીકર્મ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કેવળજ્ઞાન ન અટકાવી શકે. માટે તો **અંધને પણ કેવળજ્ઞાન થઈ શકે છે !** અને ઘાણીમાં પીલતા શરીરે પણ કેવળજ્ઞાન થઈ શકે છે ! અર્થાત્,-

આંખે અખમને કેવળજ્ઞાન ન અટકે. શરીરે ભયંકર વેદનામાં કેવળજ્ઞાન ન અટકે.

એ સૂચવે છે, કે શરીર-ઈન્દ્રિયો-અશાતા-અપયશ વગેરેને ન રુઓ, પરંતુ એ સ્થિતિમાં પણ ઘાતીકર્મ રાગ-દ્વેષ-મોહ-હરખ-શોક વગેરેને ઊડાડવાનો પુરુષાર્થ વિકસાવો, તો તમે વીતરાગતાની નજીક પહોંચી જશો.

વીતરાગતાને અટકાવનાર અઘાતી કર્મ નથી; પણ રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનતા... વગેરેના હેતુભૂત ઘાતીકર્મો અટકાવનારા છે.

જાણે અઘાતીકર્મ નથી બોલતા, પણ ઘાતીકર્મ જાણે બોલે છે, કે 'અમે છીએ ત્યાં સુધી તારો સહજ-સ્વાભાવીક પણ આત્મગુણ-વીતરાગતા તને નહિ પ્રગટે.'

આ ઘાતીકર્મ જ ભયંકર છે. માટે તીર્થંકર ભગવાન જેવા પણ તે ભવના અંતે મોક્ષ નિશ્ચિત છે એવું જાણવા છતાં એ ઘાતીકર્મોને તોડવા માટે પ્રખર-પ્રબળ પુરુષાર્થ બાહ્ય-અભ્યન્તર તપનો કરે છે ! તીર્થંકર ભગવાન ગુફામાં બેસીને ધ્યાન નહિ, પણ ખડા ખડા કાયોત્સર્ગ ધ્યાનમાં કેમ રચ્યાપચ્યા રહે છે ? એટલા જ માટે, કે ગુફામાં બેસી રહેવાથી શરીરનો એટલો રાગઆસક્તિ પોષાય; જ્યારે ખડા ખડા કાયોત્સર્ગ ધ્યાન તો શરીરે કષ્ટ વેઠીને જ થાય; તેથી શરીરના મોહરાગ-આસક્તિના ફૂરચા ઊડે. એનાં પાછા ઉપસર્ગ-પરિસહ આવ્યા તે ય સહર્ષ વેઠવાના રાખ્યા ! એટલે તો વળી જીવને મોટો રાગ શરીરનો,- શરીર સુખાકારિતાનો, એ ક્યાં ઊભો રહી શકે ?

અહીં ખૂબી જુઓ, ઉપસર્ગમાં ઘોર અશાતા-વેદનીય નામના અઘાતીકર્મનો ઉદય કામ કરી રહ્યો છે, પરંતુ

**એ ઘોર અશાતા પણ કાંઈ વીતરાગતા તરફના પ્રયાણને અટકાવી શકતી નથી !**

પ્રયાણ ચાલુ જ છે. રાગ-દ્વેષ-આસક્તિ-મોહ-કામ-ક્રોધાદિ વગેરેના ઘાતીકર્મોને બાહ્ય-અભ્યન્તર તપની સાધના દ્વારા તોડવાનું જબરદસ્ત કામ કરાઈ રહ્યું હોવાને લીધે જ વીતરાગતા તરફ પ્રયાણ ધમધોકાર ચાલી રહ્યું છે.

પ્રભુની આ સાધના આપણને એ પ્રેરણા આપે છે, કે શરીરે અશાતા, વ્યવહારમાં ઓછું માન... વગેરેથી ડરો નહિ. એ અઘાતી કર્મનાં ફળ છે; એનાથી શું ડરવાનું-ગભરાવાનું ? ડરો અંદરની કામ-ક્રોધ-લોભ-ઈર્ષ્યા, રાગ-દ્વેષ, હરખ-



ખેદ, લંપટતા, લાલચૂડાપણું વગેરેની લાગણીઓથી ડરો, એનાથી ગભરાઓ કે,

**'હાય ! આ આંતરશત્રુઓ પરભવે મને ક્યાં ફેંકશે ?**

ક્યાં પટકશે ? કેવો મને કંગાળ, પામર અને પાપિષ્ઠ બનાવશે ? કેમકે,-

**પરભવે અહીંના રાગદ્વેષાદિના જ વારસા ચાલવાના છે, પણ નહિ કે અહીંના અશાતા-અપજશ... વગેરેના વારસા.**

ત્યારે, જો આપણને આ રાગદ્વેષાદિ આંતર ખરાબીઓનો ભય-ગભરામણ લાગી જાય, તો મહાવીર પ્રભુએ એના સમૂલ નાશ માટે આદરેલ સંવર અને બાહ્ય-આભ્યન્તર તપની પ્રખર સાધનાઓનું જબરદસ્ત આલંબન લઈ, શક્ય એ સાધનાઓને જીવનમાં મહેકાવાય. 'સંસારમાં અતિ અતિ દુર્લભ આવા મહાવીર પ્રભુ અને જિનશાસન મળી જવા છતાં જો અહીં આ નહિ થાય, તો પછી પરભવે એ વિના ક્યાં એ સાધનાઓ થવાની ?' આ ચિંતા સતત જોઈએ.

**ધર્મસાધનામાં સંતોષ ન વાળવા કે ખુમારી રોકવાની વિચારણા :-**

ભગવાન તો મહાકઠણ શાસ્ત્રયોગની કક્ષાની ઊંચી સાધના કરતા હતા, ત્યારે આપણે તો હજી સહેલા ઈચ્છાયોગની કક્ષાની સારી સાધના કરવાની વાત છે. એમાં સંતોષ વાળી બેસવું, કે 'હું દેવદર્શન-પૂજા રોજ કરું છું,' યા સાધુ સંતોષ વાળે, કે 'હું સાધુચર્યા અને સ્વાધ્યાય રોજ કરું છું,' એથી શી પ્રગતિ થાય ? શું પ્રભુની મહાકષ્ટમય બાહ્ય તપની સાધનાઓની અપેક્ષાએ આપણે કશું કરીએ છીએ ? શાના પર સંતોષ ? અને વળી ખુમારી ?

"જિનકલ્પી મહામુનિઓ જેવા પણ ખુમારી કરતા નથી, સંતોષ વાળીને બેસતા નથી, કે 'અમે ઘણું કરીએ છીએ.' એ તો આગળ આગળ ઉગ્ર સાધના માટે મથે છે, તો તું કોણ માત્ર ?"- એમ જીવને કહેવું જોઈએ. અલબત-

**ધર્મસાધનામાં ભાગ્યશાળીપણું કેમ માનવું ? :-**

આપણાથી જે કોઈ સુકૃત-સાધના થાય એથી આપણી જાતને ભાગ્યશાળી માનવી જોઈએ, જેથી દુનિયાની બીજી-ત્રીજી વસ્તુનું ભાગ્યશાળીપણું આપણા મનને ન અડે. ખરી હકીકત આ છે, કે દુન્યવી સારા પૈસા-ટકા, ખાન-પાન, કે માન-સન્માન મળ્યાથી ભાગ્યશાળીપણું લાગે છે, એટલે જ દેવાધિદેવ, ગુરુ જિનશાસન અને સુકૃત-સાધના મળ્યાનું ભાગ્યશાળીપણું લાગતું નથી ! તેથી જ બહારનું ભાગ્યશાળીપણું સલામત છતાં દુન્યવી આફતમાં રોવા બેસીએ છીએ. પરંતુ આ ફેરવવાની જરૂર છે. સુકૃતો અને સાધનાઓ જ સદ્ગતિ અપાવનારી છે. ભાવી અનંત કાળને એ જ ઉજ્જવળ કરનારી છે. એટલે,-

**સાચું ભાગ્યશાળીપણું એ સુકૃતો-સાધનાઓ મળ્યાનું છે.**

તેથી એની જ અનુમોદના કરાય, પૈસા ટકા મળ્યાની અનુમોદના નહિ.

આમ, સુકૃતો-સાધનાઓની અનુમોદના જરૂર કરવાની છે, પરંતુ એ અનુમોદના એવી ન જોઈએ, કે આત્માની બીજી અનેકાનેક ખામીઓ અને બદીઓ તરફ આંખ-મિંચામણા કરાવે, તેમ ખોટી ખુમારી કે સંતોષ વળાવી પ્રભુની સાધના નજર સામે રાખી આગળ આગળ વધવા પર તાળું મરાવે. પ્રભુનો તપ, પ્રભુનો ત્યાગ, પ્રભુનો તત્ત્વબોધ, પ્રભુની નમ્રતા, પ્રભુની સહિષ્ણુતા,... વગેરે એકેક સાધના એવી છે કે, આપણને આપણી સાધના પર ખુમારી કરતાં ઊભા રાખે; વિચાર કરાવે કે અરે ! પ્રભુ તો શાસ્ત્રયોગમાંથી સામર્થ્યયોગ તરફ આગળ ધપી રહ્યા છે, ત્યારે આપણે હજી ઈચ્છાયોગના ઠેકાણાં નથી !'

**ઈન્દ્રનો જિનભક્તિયોગ કેવો :-**

એક પ્રભુભક્તિનો ઈચ્છાયોગ જુઓ, કે ઈન્દ્રના હૃદયમાં કેવી પ્રભુભક્તિ ઘાલે છે ! મોટા સ્વર્ગના માલિક અને અસંખ્ય દેવતાઓના શિરછત્ર, તેમજ અનુપમ ઝવેરાતથી અને રૂપ લાવણ્યથી શોભતા ઈન્દ્ર, એમને પ્રભુના ચ્યવન કલ્યાણક વખતે શક્રસ્તવ ભણવાનું આવે, જન્મ વખતે મેરુ પર જન્માભિષેક કરવાનો આવે, ત્યારે શરીરે રોમાંચ કેવા ખડા થાય ! હૈયું કેવું ગદ્‌ગદ થાય ! અને શક્રસ્તવ-'નમુત્થુણં'ના એકેક પદના ઉચ્ચારણ વખતે તથા જન્માભિષેક વખતે કળશ ઢાળતાં નમ્રતા-મૃદુતા અને ભક્તિ કેવી ઊભરાતી હોય ! આટલો બધો ભક્તિભાવ છતાં પોતે સર્વવિરતિ-પાલન રૂપી ઊંચી જિનાજ્ઞાપાલનની ભક્તિ ન કરી શકવા બદલ એમને હૈયે ખટકો કેવો હોય ? શરમ કેવી લાગતી હોય ? આ બધું વિચારાય તો આપણી કઈ જિનભક્તિ પર ખુમારી કરાય ? કે સંતોષ વળાય ?

ખરી વાત એવી છે કે,-

**પ્રભુ પાસે જઈને આપણે કશું લઈ આવવાનું રાખ્યું છે ?**

માણસ એક સ્નેહીને સહેજ મળવા જાય તો ય એનો સ્નેહ લઈને આવવાની કાળજી રાખે છે. સ્નેહી મળવા આવે, તો એને સ્નેહ આપવાની ચોકસાઈ રાખે છે; માટે ચાહ-પાણીથી સરભરા અને સારી મીઠી વાતો કરે છે. એમ ધંધાર્થે બજારમાં જાય તો કાંઈ લઈ આવવાની ચિંતા રાખે છે. ઘરે બેસે તો કુટુંબનો સ્નેહ વધારવાની કાળજી રાખે છે. તો પછી શું ત્રિલોક-ચક્રવર્તી અરિહંત ભગવાન પાસે જઈને જ કશું લઈ આવવાનું નહિ ? ભલે પૂર્ણ વીતરાગતા ન લાવી શકીએ, છતાં વિરાગનું એકાદ પડિકુંય ન લાવી શકીએ ? આજના દિવસ પૂરતી કોઈ એક શાક-મિઠાઈ ફ્રુટ-ફરસાણના ત્યાગનું એક સેંપલ જેટલું ય ન લાવી શકીએ ? એમની મેરુ જેવી અડગતા તો આપણને ન લાવી શકીએ, પણ ધર્મમાં સામાન્ય અડગતા ય ન



લાવી શકીએ ? ઊલટું પ્રભુ પાસે માટીના કૂકાની ભીખ માગી આવવાની ? જઈ આવ્યો હોય શ્રેષ્ઠ દાતા મોટા ચક્રવર્તી પાસે, ને એ ને ધાન્યની મૂઠી માગી લાવે ! બહાર મૂઠી ધાન્ય માટે રોદણાં રુએ ? કેમ આમ ?

પ્રભુ પાસેથી વૈરાગ્યાદિ લઈ આવવાનું લઈ આવતા નથી, માટે દુન્યવી રોદણાં છે.

**વેશ્યાના હૃદયે શ્રદ્ધાબળ ન વધે :-**

દર્શન-પૂજા ત્રિભુવન ચક્રવર્તી તીર્થંકર ભગવાનની કરવા છતાં વાસ્તવમાં પ્રભુ પાસેથી થોડો ય વૈરાગ્ય નથી લેવાતો, એટલે પ્રભુ પાસે તુચ્છ ભીખ મંગાય છે ! તેમ શ્રદ્ધાબળ નથી લેવાતું, કે 'અરિહંત પરમાત્મા અચિંત્ય પ્રભાવી છે, એટલે જગતનું સારું કાંઈક મળશે તો તે આ નાથના પ્રભાવે જ મળશે, એમના પ્રભાવે જરૂર મળશે;' માટે 'નમું તો આ નાથને જ; ભજું તો આ પ્રભુને જ; સ્મરું-જપું તો આ અરિહંતને જ.' આ શ્રદ્ધાબળ ન હોય એટલે પછી બજાર-વેપાર-ઈજ્જત વગેરે પર યા દોરા-ધાગા, મંતર-જંતર વગેરે પર શ્રદ્ધા કરાય છે ! હૈયું આવા સત્તર ઠેકાણે આપવું છે ! કેમ ? તો કે 'જ્યાં લોટરી લાગી ત્યાં ખરી !' આ વેશ્યાના ખેલ છે. એને માથે વાળ તેટલા એના ધણી. ત્યારે સમજી રાખવાનું કે વેશ્યાના હૃદયે શ્રદ્ધાબળ ન વધે.

**હૈયું જ્યાં-ત્યાં ગીરે ન મૂકતાં માત્ર એક પ્રભુના ચરણે ગીરે મૂકવાનું.**

વીતરાગ પાસેથી શ્રદ્ધાબળ લઈ આવવાનું છે, વૈરાગ્ય અને ત્યાગ લઈ આવવાનો છે, ભક્તિરાગ લઈ આવવાનો છે. વીતરાગ પરનો ભક્તિરાગ એમનાં દર્શન-પૂજન-ગુણગાનથી ઊભો તો કર્યો, પરંતુ એ પછીથી બહાર નીકળી ઘરે આવતાં શું એ ભક્તિરાગ સાથે લઈ અવાય છે ખરો ? એ ખાસ વિચારવાનું છે. ખાટલે મોટી ખોડ ! એક પાયો જ નથી. એવી દશા છે. હજી તો વીતરાગના મંદિરમાં હોઈએ ત્યાં પણ વીતરાગ પરનો ભક્તિભાવ અખંડ નથી જળવાતો ! તો બહારમાં એ સાથે લઈ ચાલવાનું શે બનવાનું હતું ? શું મંદિરમાં ભક્તિભાવ ભૂલાય છે ? હા, જુઓ એના દાખલા !

**પ્રભુ પર ભક્તિભાવ ક્યાં ક્યાં ભુલાય છે ? :-**

(૧) જુદા જુદા પ્રભુ-બિંબ પર ટકાવાળી કરાય છે, કે, 'આ બિંબ સરસ, આ બરાબર નહિ.' એમાં ભક્તિભાવ સારા બિંબ પર આવ્યો, વીતરાગ પર નહિ ! નહિતર બધા ય બિંબ પર વીતરાગ-મુદ્રા તો અલૌકિક છે, તેથી બિંબરૂપ પ્રભુ બધા જ સરખા, એટલે સરખો ભક્તિભાવ આવત.

(૨) પ્રભુપૂજામાં ભગવાનના નિર્માલ્ય ઉતારવાનું, અભિષેક પછી અંગલૂછણા



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

કરવાનું, આંગી રચવાનું,... વગેરે કાર્ય પૂજારી કરે છે ! ક્યાં રહ્યો વીતરાગ પર ભક્તિભાવ ?

(૩) મંદિરમાં ભગવાનનાં બરાબર દર્શન કે પૂજા સિવાયના વચલા સમયમાં અંતરમાં ભક્તિભાવ જાગે ? કે બાહ્ય ભાવ ? લગભગ આત્મામાં પરમાત્મા સિવાયના જ વિચારો કે વાણી-વર્તાવ ચાલતા હોય છે ! ત્યાં ક્યાં રહ્યો પ્રભુ પર ભક્તિભાવ ?

હવે જ્યારે ખુદ મંદિરમાં રહ્યે રહ્યે પણ ભક્તિભાવ ભૂલાય તો પછી મંદિરમાંથી બહાર નીકળ્યે હૈયામાં પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ શે રમતો રહે ? ત્યારે વિચારણીય થઈ પડે છે કે, વીતરાગ પરનો ભક્તિરાગ-ભક્તિભાવ જો બહારમાં પણ અખંડ ન ચાલે, તો એનું કારણ શું ? કારણ આ જ, કે બહારના જગત પર મન એટલું બધું આસક્ત ને આકર્ષાયેલું રહે છે, કે એ મનને વીતરાગનો ભક્તિભાવ અખંડ વહેતો રાખવો પાલવતો નથી ! તો પૂછો,

**અખંડ ભક્તિભાવ માટે શું કરવું ? :-**

**પ્ર.**- વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ મનમાં વહેતો રહે એ માટે શું શું કરવું જોઈએ ?

**ઉ.**- પહેલાં તો એ વિચારવાનું, કે 'વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવની જરૂર જ શી છે ? ભક્તિભાવ શા માટે જ રાખવો જોઈએ ?'

શેઠના ઉપર નોકરને ભક્તિભાવ-સેવાભાવ એટલા માટે હોય છે કે એને શેઠની પાસેથી પૈસા મળે છે. પત્નીને પતિ પાસેથી શીલરક્ષણ મળે છે, માટે એને પતિ ઉપર ભક્તિભાવ હોય છે. સારા શિક્ષક પાસેથી વિદ્યાર્થીને સારી વિદ્યા મળે છે, માટે એના પર વિદ્યાર્થીને ભક્તિભાવ હોય છે. એમ,-

(૧) વીતરાગ પ્રભુ વીતરાગતા, નિર્વિકારતા ઉપશમભાવ-ઉદાસીનભાવ, ને ત્યાગ-વૈરાગ્ય-ક્ષમા-દયા વગેરે ઉત્તમ ગુણોની મૂર્તિ છે, એમની પાસેથી એની પ્રેરણા મળે છે, ઉપદેશ મળે છે, આલંબન મળે છે, માટે એમના પર ભક્તિભાવની જરૂર છે. એ ઉપદેશ, પ્રેરણા અને આલંબન આપતા હોવાથી જ હૈયે સચોટ બેઠું હોય કે,-

(૨) એ તારણહાર છે. ભયંકર જનમ-મરણની જંજીરોમાંથી છોડાવનાર છે, માટે એમના પર ભક્તિભાવની જરૂર છે. એમના પર અખૂટ અને અત્યંત ભક્તિભાવ હોય તો એમનું આલંબન લેવાય, શરણું લેવાય, ગુણોની પ્રેરણા લેવાય, ને એમનો ઉપદેશ ઝીલાય. સુશીલ સતીને પતિ પર ભક્તિભાવ હોવાથી એ પતિનું કેવું શરણું માથે ધરે છે ! પતિના સદ્‌ગુણોની કેવી પ્રેરણા મેળવે છે !



પોતાના જીવનમાં એ ગુણો ઉતારવા કેવી સજાગ અને સક્રિય રહે છે ! બસ, એ રીતે વીતરાગ પ્રભુ પ્રત્યે આપણને અખૂટ ભક્તિભાવ હોય તો આપણે એ પ્રભુનું શરણું માથે ધરીએ; મન પર એમનું જ આલંબન રાખીએ, અને એ વીતરાગતા-વૈરાગ્ય... આદિ ગુણોની પ્રેરણા જાગૃતિ મેળવ્યા જ કરીએ, મેળવ્યા જ કરીએ.

હવે જો વીતરાગ પ્રભુ પાસેથી શરણ આલંબન-નિર્વિકારતા વગેરે પામવા માટે જ એમનો ભક્તિભાવ રાખવો જરૂરી છે, તો હવે સ્પષ્ટ થઈ જાય છે, કે એમના પર ભક્તિભાવ રાખવાનો એટલે શું કરવાનું ?

**પ્રભુ પર ભક્તિભાવ એટલે પ્રભુના ગુણોના ખપી બનવાનું :-**

એટલે કરવાનું આ જ, કે એમની વીતરાગતા, નિર્વિકારતા, ઉપશમભાવ, ઉદાસીનભાવ, ત્યાગ-વૈરાગ્ય-દયા-ક્ષમા વગેરેના ખપી બનવાનું. 'ખપી' એટલે ખરેખરી ચાહના-રસ-ગરજ-આકર્ષણવાળા. એટલે હવે આ નિર્વિકારતા-ઉપશમભાવ વગેરેનો રસ રાખવો એ ભક્તિભાવનું કાર્ય કરવાનું થયું. આપણા દિલમાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ છે ? **એ માટે આ જોવાનું કે આપણા દિલને આ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ વગેરેનો રસ છે ? આકર્ષણ છે ? ખપ છે ?**

જો એ રસ-આકર્ષણ-ખપ વગેરે જ દિલમાં સ્ફુરાયમાન છે, તો દિલમાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ અખંડ વહેતો છે, એ વિશ્વાસ રહે.

જેના ગુણની આપણને ભૂખ નહિ, એ વ્યક્તિની પ્રત્યે ભક્તિભાવ ન આવે.

પરંતુ આપણે તો દુનિયાદારીમાં પડ્યા, જડની મોહિનીમાં ડુબાડુબ છીએ, ને એથી જ અનેકાનેક રાગાદિ વિકારો હોંશે હોંશે સેવતા રહીએ છીએ ! તેમજ ત્યાગને મૂકી હૈયે રાગ અને ભોગવિલાસમાં મશગુલ રહીએ છીએ ! વળી ઉપશમભાવને મૂકી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે કષાયો વિના સંકોચ સેવ્યે જઈએ છીએ ! તેમજ ઇન્દ્રિયોના વિષય રૂપ જડ જગત પ્રત્યે અને રાગ દ્વેષ મોહથી અંધ સ્વાર્થી જગત પ્રત્યે ઉદાસીનભાવ, અલિપ્તભાવ રાખવાને બદલે એમાં તન-મન-વચનથી ઓતપ્રોત રહીએ છીએ ! એના જ વિચારો, વાણી અને વર્તાવમાં ગળાબૂડ ડુબેલા રહીએ છીએ !

તો સ્પષ્ટ છે, કે ત્યાં એ વખતે હૈયામાં નિર્વિકારતા, ઉપશમ, ઉદાસીનભાવ, ત્યાગ, વૈરાગ્ય વગેરેના રસ-આકર્ષણ-અભિલાષ કશા છે જ નહિ. ફલતઃ સિદ્ધ થાય છે, કે ત્યાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ ઊભો નથી, પણ સંસાર પ્રત્યે ભક્તિભાવ અખંડ વહેતો છે.

સારાંશ વીતરાગ પ્રભુની ભક્તિની દર્શન પૂજન-ચૈત્યવંદનાદિ ક્રિયામાંથી બહાર નીકળ્યા પછી આ જ કરવાનું છે, કે ઇન્દ્રિયોના જડ વિષયો અને મોહાંધ

સ્વાર્થી દુનિયામાં મનને ડુબાડી ન દેતાં વીતરાગ પ્રભુના આલંબને આ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ, ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, દયા વગેરેના રસ-આકર્ષણ-ચાહના ઊભી રાખવાની છે; તો જ વીતરાગ પ્રત્યે ભક્તિભાવ અખંડ વહેતો રહે. ઉચ્ચ માનવ-જનમમાં આ વીતરાગ પ્રત્યેના ભક્તિભાવની મહાન સિદ્ધિ હસ્તગત કરવા જેવી છે.

**ભક્તિભાવની સિદ્ધિ એટલે સ્વભાવગત ભક્તિભાવ, ભક્તિભાવનો સહજ સ્વભાવ.** એ બનાવવા જેવો છે. તો જનમ સુંદર સફળતાને પામે, માનવ જન્મ પામ્યા લેખે લગાડ્યો કહેવાય. એ ભક્તિભાવની સિદ્ધિ, એ ભક્તિભાવનો સહજ સ્વભાવ, ભક્તિભાવની સતત સાધનાથી શક્ય બને. સિદ્ધિ સાધનાથી જ થાય.

ઈચ્છાયોગની કક્ષાની ધર્મયોગોની સાધના આ વીતરાગ પ્રત્યેના ભક્તિભાવના ચડિયાતા રંગથી ઉચ્ચ-ઉચ્ચતર બને, અને પરાકાષ્ટાએ આ ઈચ્છાયોગની કક્ષાની ધર્મયોગની સાધના શાસ્ત્રયોગની કક્ષાએ પહોંચે. એમાં પણ એ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ, વગેરેના નિર્ભેળ રસ સહિત વીતરાગ પ્રત્યેના ભક્તિભાવની ઉચ્ચતમ સપાટીએ પહોંચતાં સામર્થ્ય યોગની કક્ષાની સાધના પ્રાપ્ત થાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૪,તા.૫-૫-૧૯૮૪

## (૨૭) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પ્ર.**- આવો વીતરાગ પરમાત્મા પ્રત્યે અખંડ ભક્તિભાવ ન રહેતાં મન સંસારના જડ વિષયો અને સ્વાર્થી મોહાંધ સગાસ્નેહીમાં જતું રહે છે, એ ટાળવા શું કરવું ?

**ઉ.**- વીતરાગ પ્રભુ પ્રત્યે અખંડ ભક્તિભાવ રાખવા માટે એમાં બાધક દુન્યવી પદાર્થોમાં મનને ખેંચાઈ જતું અટકાવવું. એ અટકાવવા અનેક ઉપાયો છે, એ વિચારતાં અહીં વિસ્તાર થઈ જાય, પરંતુ એક ઉપાય વિચારીએ, તે આ છે કે- આપણી ધર્મ-સાધનાઓ વખતે તો હજી ય મન એના શુભ ભાવમાં રમે છે, પરંતુ સાધનાનું આલંબન મૂક્યા પછી એ ભાવ ટકાવવાની આપણને ગરજ નથી હોતી, તે ગરજ ઊભી કરવી જોઈએ.

વીતરાગ પ્રત્યે અખંડ ભક્તિભાવનું એક સાધન : **સાધના પછી એના ભાવ ચાલુ જોઈએ.**



દા.ત. વીતરાગનું દર્શન કરતાં તો શુભ ભાવ આવ્યો, પણ દર્શન પત્યું કે તરત અશુભ ભાવમાં-બાહ્યભાવમાં મન લઈ જઈએ તેના બદલે એ દર્શન વખતનો શુભ ભાવ મનમાં ચાલુ રાખવો જોઈએ. એમ, શાસ્ત્ર-વાંચન કરતા હોઈએ ત્યારે તો શુભ ભાવ આવે, પરંતુ પછી 'ચોપડી બંધ એટલે મગજ બંધ' એવું ન થવું જોઈએ. ચોપડી બંધ છતાં મગજ ખુલ્લું રહેવું જોઈએ, અર્થાત્ એ વાંચન વખતનો શુભ ભાવ વાંચન પછી પણ હૃદયમાં ચાલુ રહેવો જોઈએ. તાત્પર્ય,

**શુભ આલંબનના વિરહકાળમાં પણ શુભ ભાવનો વિરહ નહિ. કિન્તુ શુભ ભાવની ધારા ચાલુ રહેવી જોઈએ.**

**બાહ્ય સાધનાનું આલંબન ખસી ગયા પછી પણ આંતરિક સાધના અખંડ ચાલુ રાખવાની.**

એક નાનો દાખલો લો, પ્રભુના દર્શન કરી રહ્યા છો, એમાં કોઈ વચમાં આડો આવી ઊભો, તો મૂર્તિનું આલંબન ખસ્યું, પરંતુ એ વખતે આંખ મીંચીને જાણે સામે આપણે પ્રભુને જોઈ જ રહ્યા છીએ એવા માનસિક દર્શનની આંતરિક સાધના ચાલુ રાખવાની. એમ શાસ્ત્ર વાંચી બંધ કર્યું, પણ મનમાં એ શાસ્ત્રના પદાર્થની ચિંતવના રૂપ આંતરિક સાધના ચાલુ રાખવાની. ચૈત્યવંદન કરીને ઊઠ્યા, ચૈત્યવંદનનું આલંબન ખસી ગયું, પણ એમાં જાગેલા ભાવ મનમાં મમરાવવાની આંતરિક સાધના ચાલુ રાખવાની.

આ ક્યારે બને ? દા.ત. દર્શન-ચૈત્યવંદનની સાધના વખતે પહેલાં તો દર્શન-ચૈત્યવંદનના પ્રારંભે 'આ જગતમાં મારા પરમાત્માથી વધીને જોવા લાયક કોઈ ચીજ નથી' એવું મનને સચોટ ઠસાવી પરમાત્મા પર દૃષ્ટિ સ્થિર સ્થાપી હોય, ત્યારે પછી પ્રભુનાં દર્શનની આડે કોઈ આવ્યું ત્યાં પણ આંખ મીંચીને દર્શન જ ચાલુ રહે.

વીતરાગ પરમાત્મામાં દર્શનની મજા જ કોઈ ઓર છે ! એ દર્શન જો ભાવભર્યું થાય, દિલની સ્તુતિ સાથે થાય, તો એનો પ્રભાવ એ પડે, કે પ્રભુપ્રતિમા પાસેથી ચાલી ગયા પછી પણ મનમાં એ દર્શનના લાભ ચાલ્યા કરે.

**વીતરાગને સ્તુતિ કેવી હોય ?**

કોઈ આવા પ્રકારની કે પ્રભુને ઉદ્દેશીને કહેવાય, 'અહો કેવું શુદ્ધ સ્વરૂપ પરમાત્માનું !... એની આગળ કોણ વિસાતમાં છે ?' એમાં દર્શનમાં ભાવ ચઢે, ચઢે એટલે ક્યાં પહોંચે ? કહો કે અવસર આવ્યે શુકલ ધ્યાન અને ક્ષપકશ્રેણી પર પહોંચ્યો હોય ! ત્યાંથી નીચે ઊતરવાનું નહિ !

'અહો પ્રભુ ! તમારું કેવું સ્વરૂપ ! કોઈ અશિવ નહિ, પણ પૂર્ણ શિવ,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

અચલ, અરોગ, અનંત, અક્ષય અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ એવી સિદ્ધિગતિ નામના સ્થાનમાં શાશ્વતપણે બિરાજનારા આપ ક્યાં ? અને હું ક્યાં ? સેંકડો અશિવની ઉપદ્રવની સ્થિતિમાં ! કેવી ચલ સ્થિતિમાં ! કેવી ચલ ? કોઈ એક ઠેકાણું જ નહિ ! એક ભવમાંથી બીજા ભવમાં ! એક ચિંતામાંથી બીજી ચિંતામાં ! એક જડ પદાર્થ પરથી બીજા જડ પદાર્થ પર ! એક રાગાદિ લાગણીમાંથી બીજી લાગણી પર ! એક કર્મના ઉદયમાંથી બીજા ઉદયમાં ! ક્યાં હું આટલો ચલ-વિચળ, ને કેવા આપ સ્થિર ! કોઈ ભવ જ નહિ, ચિંતા જ નહિ, જડ સંયોગ જ નહિ, રાગાદિ ભાવ જ નહિ ! દેહ, મન, રોગ, વ્યાધિ, ઉપાધિ, કર્મોદય... ઈત્યાદિમાંનું આપને કાંઈ જ નહિ ! હે પ્રભુ ! આપ તો સિદ્ધિગતિમાં અનંત આનંદમાં ઝીલો છો ! ને હું રોબ્બડ અહીં રખડું છું !

**પ્રતિમા-દર્શને ઉદ્ધારના દાખલા :**

'નાથ ! તારા દર્શને કંઈકને સંયમ અને કેવળજ્ઞાન અપાવ્યાં ! અનાર્ય દેશના રાજપુત્ર **આર્દ્રકુમાર** પ્રતિમા જોતાં બૂઝ્યો ! અને નાસીને લીધું ચારિત્ર ! **શય્યભવ ભટ્ટ** યજ્ઞસ્તંભની નીચે રહેલી પ્રતિમા જોતાં પહોંચ્યા પ્રભવસ્વામી પાસે ! અને ચારિત્ર લઈ બન્યા શ્રુતકેવળી ! **નાગકેતુ**એ પુષ્પ પૂજા સાથે દર્શન કરતાં કરતાં કેવળજ્ઞાન લીધું ! હું કંગાળ અનેક વાર દર્શન કરવા છતાં મારે હજીય ચારિત્ર કે મોક્ષ ક્યાં છે ?

આજના તારા દર્શનની સફળતા માટે આટલો ત્યાગ તો જરૂર લઈને બહાર નીકળું'' આમ કશોક ત્યાગનો નિયમ લઈને બહાર નીકળાય.

ત્રણ લોકના દર્શને આમ કાંઈ લીધા વિના જીવ બેકાર જેવો બહાર નીકળે તો ગમાર કે બીજું કાંઈ ?

**દર્શન-પૂજનની સફળતાર્થે કાંઈક નિયમ લો, એ કૃતજ્ઞતા છે.**

જીવને કહો, કે ''તે જેવા પૂજ્ય છે, એ પૂજ્યતાની સામે તું ભક્તિના હિસાબે ય જે રાંકડું કરી રહ્યો છે, તેમાંનું કાંઈક કદાચ અનાદર આશાતનામાં ય જતું હોય ! તું જે ચૈત્યવંદન કરી રહ્યો છે, તે કદાચ તેમના ગુણગાન ઉપરાંત. કોઈ વિષય-કષાયની સાધનામાં ય જતું હશે. શાને ખુમારીના ખેલ રચી રહ્યો છે ?'' આશ્ચર્ય થશે, કે ત્યાં,-

**પૂજામાં વિષય-કષાયની સાધના ?**

જે પરમાત્મા દેવતાઈ દેવદુષ્યથી પૂજાવા યોગ્ય છે, એમને તે તો નહિ, પણ મૃત્યુલોકનાં ય ઉજ્જવલ અને મુલાયમ મલમલના ય વસ્ત્ર નહિ, કિન્તુ મેલા અને બરછટ થઈ ગયેલા કપડાથી પૂજા ! અને પોતાને તથા કુટુંબને સુંદર વસ્ત્ર-



પરિધાન ! એ વિષયસાધના નથી ? પ્રભુની આશાતના અનાદર નહિ ? તેમ ચૈત્યવંદનમાં જો મનમાં માનની લાગણી કે એવી બીજી કોઈ લાગણી છે, તો શું એ કષાય-સાધના નહિ ? 'હજી ક્યાં અમારું મન કાબૂમાં છે ?' એમ બચાવ કરાય, પણ મનમાં જો એવા કોઈ દેવ ધર્યા કે જેમાં માન્યું કે એનાથી કાર્ય સરે એવું છે, તો ત્યાં મન કેટલું સ્થિર અને પવિત્ર રાખી શકો છો ? કેટલો સમય કાઢો છો ? ને એ જ મંદિરમાં ઉપર જ મહાવીર સ્વામી પાસે કેટલો સમય ? શું પૂછો ખરા જીવને, કે 'અસંખ્ય ઈન્દ્રો અને ગણધરોથી પૂજીત એવા પ્રભુ પાસે જઈ આવ્યો તે સ્થિરતાથી હૈયું ભેળવીને જઈ આવ્યો ? એવું પણ વિચાર્યું ખરું કે, 'હું કાંઈ નક્કર લઈને જાઉં છું કે નહિ ?' આ વિચારવું કઠિન નથી.

માત્ર આત્મ-શુદ્ધિની સાચી ઈચ્છા કેળવીને ધર્મ કરવા જાઓ, તો સ્થિરતા, સમયભોગ, ને હૃદયમિલન વગેરે સુલભ થશે.

પછી વીતરાગ પરમાત્માના પ્રભાવ આગળ 'બીજા દેવ કૂછ નહિ' એમ લાગશે; વીતરાગની પૂજા બહુ ભાવથી થશે. કદાચ વિષયોમાં મન જાય તો વિચારવું,- ''પૈસા એ માટીની ચીજ ! વિષયો અને વિષયભોગનું ખોળિયું પણ માટીનું ! શું તેમાં આવેલો આત્મા એવો રંક છે કે, એ માટીની ચીજ ખાતર આત્માના પુણ્યને વેચે ? આત્માને વેચે ?'' રાગ અને દ્વેષ, અજ્ઞાન અને ઊલટું જ્ઞાન એજ ખરા ભયંકર છે. વધુમાં ભયંકર હોય તો મોહ છે. **દ્વેષ, રાગ અને મોહ (મૂઢતા) ત્રણે ય એકેકથી ચડિયાતા કૂતરા છે ! ડાઘિયા કૂતરા !**

દ્વેષ બિચારો કરડવા આવે તે ભસીને આવે, એટલે આપણને ખબર પડી જવાથી સાવધાન બની જઈએ. પણ રાગ શાંત રીતે આવે, ને ગફલતમાં રાખી કાટી જાય ! ત્યારે મોહ તો વળી એવો, કે આવે ત્યારે ઊલટું મનાવીને આવે. કૂતરાને બકરું મનાવે ! પછી એ કાટે છતાં માને નહિ કે 'આ કૂતરે કાટ્યું !' કેમકે એને બકરું માને છે ! પછી ઉપચારની વાત જ ક્યાં ? ફરી બચવાની વાત જ ક્યાં ? રાગમાં તો કરડ્યા પછી ખબર પડે કે આણે બચકું ભર્યું; તેથી ફરીથી બચાય. પણ મોહ મૂઢતા આત્માને કાટે ય ખરી, કાળાં કામે ય કરાવે, પાછું એ ખરાબ છે એવું માનવા જ ન દે ! તેથી પુનઃ પુનઃ કાળાં કામ કરાવે !

**મોહનું કામ ભયંકર :-**

દોષને ગુણ તરીકે બતલાવે ! 'રાગદ્વેષ ભયંકર છે,' એવું હૈયે બેસવા જ દે નહિ. સમકિતી જીવને મિથ્યાત્વ નથી, એટલે એ જરૂર સમજે છે, કે 'રાગ દ્વેષ ભયંકર છે. એને કરાવનારા જડ-ચેતન વિષયો વળી ઓર ભયાનક છે.' એમ એના પ્રત્યે અરુચિ જાગ્યા પછી એ કરવામાં મંદતા આવશે. આમ વિષયો પ્રત્યેના

રાગને દબાવાય.

**જિનેન્દ્ર પરમાત્મા પ્રત્યે ભક્તિભાવમાં આ તાકાત છે કે મન જઈ જઈને પ્રભુમાં ઠરે.**

**મનને રોકવાનું ઉત્તમ પાત્ર પરમાત્મા :-** આપણને એમ થાય કે, 'અનંત પુણ્યના ઉદયે મને વીતરાગ પ્રભુ જેવું ઉત્તમ પાત્ર મળ્યા પછી મનને આ પરમપાત્રમાં જ રોકું ! શા માટે મનને અધમ-કુપાત્ર વિષયોમાં રોકું ?'

જેમ સમજુ સમકિતીને હારનો હાર પરમાત્માના કંઠે અર્પાય તે 'લેખે લાગ્યો' લાગે છે, વ્યાજબી લાગે છે, ને એના બદલે પત્નીની ડોકમાં અર્પેલો વેડફાઈ ગયો લાગે છે, ગેરવ્યાજબી લાગે છે; એમ સમકિતીને લાગે કે,-

મન તો હીરાના હાર કરતાં ય અતિશય કિંમતી છે, એને પરમાત્માને અર્પાય એ જ વ્યાજબી છે.

મનને વિષયોમાં અર્પવું તદ્દન ગેરવ્યાજબી છે, મહા મૂર્ખાઈ છે.

**હીરાનો હાર પ્રભુના કંઠે લેખે, પત્નીના કંઠે વેડફાયો; એમ**
**આપણું મન પ્રભુમાં લગાડ્યું લેખે, વિષયોમાં લગાડેલું વેડફાયું.**

**જિનભક્તિભાવથી ઇન્દ્રિયનિગ્રહ કેમ ? :-**

આપણી વસ્તુનો સુપાત્રમાં જ વિનિયોગ કરાય, એમાં બુદ્ધિમત્તા છે. એના બદલે કુપાત્રમાં વિનિયોગ એ નરી બુદ્ધિહીનતા છે; બુદ્ધુપણું છે.

આ હિસાબ પર મનને વારે વારે પ્રભુમાં લઈ જવાનું થાય, તે પણ ઊછળતા ભક્તિભાવથી. એટલે એ મન વિષયોથી પરાઙ્મુખ એટલે કે વિષયવિરક્ત રહે. આમ મન પ્રભુમાં ઠરે એટલે,- મન સેનાપતિ છે, ઇન્દ્રિયો એની સેના છે, સેનાપતિ મનની પાછળ પાછળ ઇન્દ્રિયો પ્રભુમાં ઠરતી થાય. એટલે હવે ભક્તિની ક્રિયા પૂરી થયા પછી પણ વીતરાગદેવ પ્રત્યે ભક્તિભાવ ઊભો રહેવાનો, કેમકે મનનો પરમપાત્રમાં વિનિયોગ જ શ્રેષ્ઠ માન્યો, એ માનીને મનને એ દેવાધીદેવને જ અર્પવાનું રાખ્યું, અને પ્રભુમાં જ ઠરતું રાખવાનું કર્યું છે, પછી ભલે દુન્યવી કામ બજાવવાના આવ્યા, પરંતુ ત્યાં ય મન ઠરવાનું નહિ, મન પ્રભુમાં જ ઠરવાનું. માટે તો ઉપાધ્યાયજી મહારાજ કહે છે,-

**"જિમ મહિલાનું વહાલા ઉપરે ઘરના કામ કરંત."**

કન્યા પરણીને સાસરે ગઈ, ત્યાં ઘરના બધા કામ કરે છે, પરંતુ એનું મન તો વહાલા પતિમાં જ લાગેલું રહે છે, રસોઈ કરશે તો એમ વિચારશે કે 'આ ચીજ એમને સારી ભાવશે,' કપડાં ધોશે તો એમ વિચારશે, 'એમના માટે કપડાં ઊજળા બાફ બનાવું,' તાત્પર્ય, બધા કામનો હવાલો પતિમાં નાખતી રહેશે. બસ,



એ પ્રમાણે વીતરાગ પ્રત્યે ભક્તિભાવ જાગતો રહેવાથી ભક્તિની ક્રિયામાં તો મન વીતરાગમાં ઓતપ્રોત રહેશે જ. પરંતુ તે સિવાયની બીજી ક્રિયા વખતે પણ મન વહાલા વીતરાગ પ્રભુમાં ઠરવાનું.

અર્થાત્ એ કામના હવાલા વીતરાગ પ્રભુમાં નાખવાના. આવા વીતરાગ પ્રભુ પ્રત્યે અખંડ ભક્તિભાવ ઊભો કરી શકાય. એની એ તાકાત છે, કે ધર્મયોગને ઊંચા ઇચ્છાયોગની કક્ષામાં મૂકે.

એ ઇચ્છાયોગની કક્ષા વધતાં વધતાં એમાંથી પ્રમાદ ઓછા થઈ થઈ તદ્દન નીકળી જાય, તેમજ વીતરાગ પ્રત્યેના ઉચ્ચ ઉચ્ચતર ભક્તિભાવથી શ્રદ્ધાબળ વધે, તથા સાથોસાથ નિપુણ બોધ વધે, એટલે શાસ્ત્રયોગની કક્ષા પ્રાપ્ત થાય. અહીં ધર્મયોગ અપ્રમાદ-યુક્ત સંપ્રત્યયાત્મક શ્રદ્ધાથી સંપન્ન છે, અને સૂક્ષ્મ પણ અતિચાર ટાળે એવા તીવ્ર પટુબોધવાળો આરાધાય છે. એમાં પછી શાસ્ત્રયોગની ય કક્ષા વિકાસ પામતાં પામતાં આત્મામાં એવું અપૂર્વ સામર્થ્ય પ્રગટ થાય છે, કે ત્યાં ધર્મયોગ વિશિષ્ટ કોટિનો બને છે.

**સામર્થ્યયોગમાં ઉપાયો સામાન્યથી શાસ્ત્રોમાં વર્ણિત, વિશેષરૂપે અનુભવગમ્ય :-**

આવા સામર્થ્ય યોગમાં જે પ્રક્રિયા કામ કરે છે તેનું નિરૂપણ શાસ્ત્ર સામાન્યથી કહે છે, કેમકે શાસ્ત્ર જ્યારે ઠેઠ અંતિમ ફળ સુધીનું વર્ણન કરે છે, એટલે એના ઉપાયોનું વર્ણન પણ શાસ્ત્ર કરે જ; પરંતુ તે સામાન્યરૂપે કરે, વિશેષ રૂપે કરી શકે નહિ; કેમકે એ ઉપાયોને વિશેષ રૂપે શબ્દમાં ઉતારી શકાતા નથી, એવા એ ઉપાય આત્મશક્તિની એવી અત્યંત પ્રબળતાથી ઊભા થતા હોય છે, કે એ સ્વાનુભવનો વિષય છે, શબ્દનો વિષય નહિ. શાસ્ત્રના શબ્દ તો એટલું કહે, કે 'આવી આવી રીતે પ્રમાદ ત્યાગ થઈ અપ્રમત્ત ભાવ આવે, આવું શ્રદ્ધાબળ અને પટુબોધ ઊભો થાય, નિરતિચાર વિશુદ્ધ સાધના ચાલે, એમાં ધર્મધ્યાનની તીવ્રતા આવતી જાય, ત્યાં પછી અપૂર્વકરણ કરવાનું સામર્થ્ય પ્રગટ થાય, અર્થાત્ સાધનામાં સામર્થ્યયોગની કક્ષા ઊભી થાય, એ અપૂર્વકરણમાં આ પાંચ અપૂર્વ કાર્ય થાય' એટલું જ શાસ્ત્ર વર્ણવે પરંતુ એનું વિશેષરૂપે વર્ણન શબ્દમાં ન ઊતરી શકે.

આ 'સામર્થ્યયોગ' નામનો યોગ સર્વ યોગોમાં પ્રધાન યોગ છે, શ્રેષ્ઠ યોગ છે, કેમકે એ બધા યોગોની પરાકાષ્ઠાએ જન્મ પામનારો છે, અને સર્વ યોગ-સાધનાનું મુખ્ય ફળ જે વીતરાગ સર્વજ્ઞ અવસ્થા, એનું અતિનિકટનું કારણ છે, ફલોપધાયક કારણ છે.

કારણ બે જાતના,- (૧) સ્વરૂપયોગ્ય કારણ, અને (૨) ફલોપધાયક કારણ.

(૧) **'સ્વરૂપયોગ્ય કારણ'** એટલે કે કાર્ય માટેની જેનામાં યોગ્યતા છે. એવું કારણ. દા.ત. રસાળ ખેતરની માટીમાં ઘડારૂપી કાર્યને બનવાની યોગ્યતા છે, તો એ માટી ઘડા પ્રત્યે સ્વરૂપયોગ્ય કારણ કહેવાય. પછી ભલે માટી એમ જ પડી રહી, કોઈએ એમાંથી ઘડો ન બનાવ્યો, છતાં એ સ્વરૂપયોગ્ય કારણ કહેવાય. ત્યારે નદીની રેતીમાં ઘડો બનવાની યોગ્યતા જ નથી. તેથી ઘડા પ્રત્યે એને સ્વરૂપયોગ્ય કારણ ન કહેવાય. એક-બે પુત્રોને જન્મ આપનારી યુવાન સ્ત્રી અચાનક વિધવા થઈ, તો હવે એ પુત્રને જન્મ નથી આપવાની, છતાં એનામાં પુત્રરૂપ કાર્ય પ્રત્યે સ્વરૂપયોગ્યતા કહેવાય, જ્યારે વંધ્યા સ્ત્રીમાં સ્વરૂપ યોગ્યતા જ ન કહેવાય. એમ ભવ્યજીવમાં મોક્ષની સ્વરૂપ યોગ્ય કારણતા છે, જ્યારે અભવ્ય જીવમાં એ સ્વરૂપ યોગ્યતા જ નથી.

(૨) ફલોપધાયક કારણતા એવા કારણમાં કહેવાય જેની ઉત્તરમાં ફળ નક્કી નીપજતું હોય, જે કારણ ફળનું ઉપધાયક બનતું હોય, ફળને પોતાની ઉત્તરમાં ધારણ કરનારું થતું હોય. દા.ત. ચાકડા પર ચડાવેલી અને કુંભારથી ઘડાઈ રહેલી માટી એ ફલોપધાયક કારણ કહેવાય, કેમકે એ પોતાના ઉત્તરકાળમાં ઘડારૂપી ફળને ધારણ કરે છે. એમ અહીં સામર્થ્યયોગ એ વીતરાગ અવસ્થાનું ફલોપધાયક કારણ છે. કેમકે આ યોગના ઉત્તરકાળમાં ફળ વીતરાગતાને એ અવશ્ય ધારણ કરે છે. ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગ માટે આ અવશ્યંભાવ નથી કે પોતાના ઉત્તરકાળમાં વીતરાગતારૂપ ફળને ધારણ કરે, કેમકે એ યોગના સાધક યોગી જો સામર્થ્યયોગની કક્ષામાં ન ચડી શક્યા, અને જીવન પૂરું થયું, તો વીતરાગ અવસ્થા પામ્યા વિના જ પરભવે જન્મ પામવાના. ત્યારે સામર્થ્યયોગ આવ્યો એટલે એ તો અવશ્ય વીતરાગતા અને સર્વજ્ઞતારૂપ પ્રધાન ફળને જન્મ આપશે.

❖ ❖ ❖

## • સમ્યગ્દર્શનમાં ઉત્તરોત્તર વિશુદ્ધિ કેવી રીતે થતી આવે ? •

**દર્શન-વિશુદ્ધિનો પહેલો ઉપાય.**

**(i) પુણ્ય-સામગ્રીને પ્રભુભક્તિમાં જોડી પ્રભુ પર રાગ વધારો :-**

(૧) સમ્યગ્દર્શન વિશુદ્ધ કરવાનો પહેલો ઉપાય આ છે,- કે ભગવાન જિનેશ્વરદેવ ઉપર રાગ-બહુમાન-ભક્તિભાવ ખૂબ જ વધારતા રહેવાય, (જેનો વિચાર પૂર્વે કરી આવ્યા.) આપણામાં ભગવાન પર રાગ-બહુમાન-ભક્તિભાવ વધતો આવે છે એનું માપ આ પરથી નીકળે, કે આપણને ભગવાનના જ પ્રતાપે



બંધાયેલા ઉચ્ચતર પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા મહાકિંમતી માનવ-સમય, માનવ બુદ્ધિ, અને માનવ તન-મન-ધન, તથા ઈન્દ્રિયો અને વિશિષ્ટ વાણીશક્તિને, સંસાર અને મોહના પોષણમાં બરબાદ થતી અટકાવી, ભગવાનની ભક્તિમાં એનો કેટલો ભોગ આપીએ છીએ ?

જેમ પ્રભુ પર અંતરંગ વધુ ભક્તિ, એમ પ્રભુભક્તિમાં આ બાહ્ય સાધનાનો વધુ ભોગ આપવાનું કરાય. એ માટે આ જોતા રહેવાનું કે,-

(૧) દા.ત. ગઈકાલ કરતાં આજે દૂધ ઘી વગેરે આપણે જાત માટે ઓછું વાપરવાનું રાખી ભગવાનના અભિષેક આદિમાં વધારે વાપર્યું ?

(૨) એમ સમય-ભોગમાં સમય દુનિયાદારીમાંથી વધુ કાઢીને ભગવાનના સ્તુતિ-સ્તોત્રાદિમાં, પૂજાના વાસણ અંગ લૂંછણા વગેરે વધુ સાફસૂફ કરવા કરાવવામાં, તથા ભગવાનના મંદિરનું નિર્માણ-સમારકામ-સુશોભા... વગેરે પ્રભુભક્તિનાં કાર્યોમાં વધુ રસ લીધો ? ને વધુ સમય કાઢ્યો ?

(૩) એમ ગઈકાલ કરતાં આજે ભગવાનનું ચરિત્ર-વાંચન, સ્તુતિ-સ્તવન-સ્તોત્રોના અર્થ-વિચારમાં વધુ બુદ્ધિ વાપરી ?

(૪) એમ શરીરને વધુ ભક્તિ-કાર્યમાં જોડ્યું ?

(૫) આપણી ચક્ષુને ભગવાનની આંખમાં વીતરાગતા-નિર્વિકારતા-પ્રશાંતતા જોવામાં વધુ જોડી ?

(૬) કાનને પ્રભુના ચરિત્ર ગુણગાન અને પ્રભુની વાણી સાંભળવામાં વધુ લગાવ્યા ?

(૭) એવી રીતે, ગઈકાલ કરતાં આજે આપણી વાણીને પ્રભુના ચરિત્ર તથા ગુણગાન અને પ્રભુના તત્ત્વો તથા માર્ગ અને સૂત્ર-સિદ્ધાન્તો રટવામાં વર્ણવવામાં વધુ લગાવી ? અર્થાત્ આનું બોલવામાં વધારે વચન-યોગનો સદુપયોગ કર્યો ?

(૮) એમ, પ્રભુ માટે અષ્ટપ્રકારી, સત્તર પ્રકારી અને એકવીસ પ્રકારી પૂજાનાં વધુ દ્રવ્યોમાં, વધુ પ્રમાણમાં અને વધારે કિંમતી દ્રવ્યોમાં, આપણાં ધન-માલ-મિલકતનો વિનિયોગ કર્યો ? પ્રભુની સેવામાં એનું વધારે અર્પણ-સમર્પણ કર્યું ?

**પ્રભુને દિલ અર્પવામાં શું કરવું પડે ? :-**

(૯) એમ, જેવી રીતે નવા પરણેલા પતિ-પત્ની એક બીજાને વધુ ને વધુ દિલ અર્પે છે, એવી રીતે આપણે ગઈકાલ કરતાં આજે ભગવાનને વધારે દિલ અર્પ્યું ? એ ખરેખર અર્પ્યું શી રીતે સમજાય ? તો કે એ જ પતિના દાખલાથી, જેમ એ પતિને જો પત્નીને વધારે દિલ અર્પવામાં પછી દુનિયાના માણસ યાવત્

સગી માતા પરથી ય દિલ ઓછું થાય છે, તો એમ અહીં ભગવાનને વધુ દિલ અર્પ્યાથી સંસારના વિષયો અને સંસારી મોહગ્રસ્ત સગા સ્નેહી પરથી દિલ ઓછું થતું જાય. દિલ ઊઠી જાય,

**દિલને જેવા પ્રભુ ગમે, એવા દુન્યવી પદાર્થો અને સગાવહાલા ન ગમે.**

જેમ જેમ પ્રભુ વધારે ગમે, તેમ તેમ પેલા ઓછા ગમતા જાય, દિલ ત્યાં ઓછું ખેંચાય. આ શરીર-બુદ્ધિ-સમય-સંપત્તિ આદિ દેવ-દર્શન-પૂજા-સ્નાત્રાદિ, તીર્થયાત્રા, યાત્રાસંઘ,... વગેરેમાં વધુ ને વધુ લગાવતા રહેવાય. બસ,

સમ્યગ્દર્શન વિશુદ્ધતર કરવાનો આ પહેલો ઉપાય કે પુણ્ય-સામગ્રીને, દિલ સુદ્ધાં પ્રભુને વધારે ને વધારે અર્પિત કરાય, અને એમ કરીને પ્રભુ પ્રત્યે અંતરંગ રાગ-બહુમાન-ભક્તિભાવ વધારતા રહેવાય.

**(ii) દર્શન-વિશુદ્ધિનો બીજો ઉપાય-જિનવચન-ઉપાસના :-**

જિનની જેમ જિનવચન પર અંતરંગ રાગ તથા બહુમાન વધારતા રહેવાય. ગઈકાલ કરતાં એ આજે વધુ વધ્યાની નિશાની આ,- કે

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૫,તા.૧૨-૫-૧૯૮૪

## (૨૮) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

(૧) આપણી બધી પ્રવૃત્તિમાં જિનવચનને-જિનાજ્ઞાને વધુ ને વધુ આગળ કરીએ; અર્થાત્ યાદ કરાય, કે 'આ એટલા માટે કરું છું કે ભગવાનની આજ્ઞા છે.' 'આ એટલા માટે છોડું છું, કે ભગવાને એનો નિષેધ કર્યો છે.' અથવા મનમાં એમ આવે કે,- "મારા ભગવાને પ્રસ્તુત વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ અંગે કહ્યું છે કે, 'આ હેય છે, યા ઉપાદેય છે, આ અહિતકર છે, યા હિતકર છે... માટે એનો ત્યાગ યા આદર કરું છું.' આમ પ્રારંભે દા.ત. જો પાંચ પ્રવૃત્તિમાં જિનાજ્ઞા યાદ કરી હોય, તો પછીથી દસ પ્રવૃત્તિમાં એ યાદ કરાય, એ જિનવચનને વધુ આગળ કર્યું કહેવાય."

વળી જ્યાં જ્યાં મોકો આવે ત્યાં ત્યાં,- (૨) જિનવચનના ગુણ ગવાય,

(૩) બીજાને જિનવચનની સલાહ અપાય,

(૪) બીજા આગળ જિનવચનનું ગૌરવ કરાય,

(૫) જિનવચનની પ્રભાવના કરાય,

(૬) જિનવચન અર્થાત્ શાસ્ત્રોનું વધુ ને વધુ અધ્યયન કરાય, સ્વાધ્યાય



કરાય, વાચના અપાય.

(૭) શાસ્ત્રો લખાવાય, પ્રચારાય,

(૮) મનમાં નક્કી કરાય, કે ભગવાન જિનેશ્વરદેવની દ્રવ્યભક્તિ કરતાં જિનવચન-પાલનરૂપ ભાવભક્તિ વધુ શ્રેષ્ઠ છે. જિનવચન-પાલન એ મારું શ્રેષ્ઠ જીવનકર્તવ્ય છે. મારું જીવન વધુ ને વધુ- જિનાજ્ઞાપાલનમાં અર્થાત્ (૧) જિનાજ્ઞાના સ્વીકાર તથા બહુમાનમાં અને (૨) જિનાજ્ઞાના અમલમાં જાઓ. આવા આવા ચડતા મનોરથ, ભાવના અને દૃઢ નિર્ધાર કરતા રહેવાય, આ બધું વધારતા જવાય; એથી સમ્યગ્દર્શન વધુ ને વધુ વિશુદ્ધ બનતું જાય. આ બીજો ઉપાય.

**(iii) દર્શનવિશુદ્ધિનો ત્રીજો ઉપાય : દર્શનાચાર વૃદ્ધિ**

સમ્યગ્દર્શનના **'નિસ્સંકિય નિક્કંખિય...'** ગાથાએ કહેલ આઠે આચારો વધુ ને વધુ તેજસ્વી રીતે આચરતા રહેવાય. દા.ત.-

સર્વજ્ઞવચનમાં લેશમાત્ર શંકા નહિ. અન્ય મતનું લેશ પણ આકર્ષણ (કાંક્ષા) નહિ. ધર્મના ફળમાં સંદેહ નહિ; અન્ય ધર્મના આડંબર-ઠઠારા દેખી અહોભાવ નહિ. એમ આચાર છે **'વચ્છલ્લ'**- સંઘ-સાધર્મિક-વાત્સલ્ય; એ વધારતા રહેવાય. હૈયે સંઘ સાધર્મિક પ્રત્યે વધારે હેત ઊભરાવતા રહેવાય, એ હેતનો પાછો હેતભરી વાણી તથા સન્માન આદિ કરવામાં અમલ થાય.

એમ એક આચાર છે **'સ્થિરીકરણ.'** ધર્મમાં શ્રદ્ધામાં શિથિલ પડતા હોય એને તન-મન-ધન-વચનથી સ્થિર કરાય. આ વધુ ને વધુ કરતાં દર્શન નિર્મળતા વધે.

એમ એક આચાર છે **'ઉવવૂહ'** અર્થાત્ ઉપબૃંહણા એટલે કે ધર્માત્માના ધર્મસુકૃત અને ગુણિયલના ગુણની પ્રશંસા-સમર્થન પ્રોત્સાહન કરાય. એ વધુ ને વધુ કરાતા રહે તેમ સમ્યગ્દર્શન વધુ ને વધુ વિશુદ્ધ થતું આવે.

એમ આઠમો આચાર છે **'પ્રભાવના.'** એનો પરિચય ૬૭ વ્યવહારમાં આવશે. એ અધિકાધિક કરતા રહેવાથી સમ્યગ્દર્શન વિશુદ્ધ થતું આવે.

**(iv) દર્શન વિશુદ્ધિ માટે ૬૭ વ્યવહાર :-**

સમ્યગ્દર્શનની અધિકાધિક વિશુદ્ધિ કરવાનો ચોથો ઉપાય છે. સમ્યક્ત્વના ૬૭ વ્યવહારોનું અધિકાધિક તેજસ્વી રીતે પાલન. આ ઉપાય એક દરિયો છે; એમાં ઘણું ઘણું સમાય છે. કેમકે એમાં મુખ્ય ૧૨ પ્રકારનાં અવાંતર ૬૭ ભેદ પૈકી દરેક ભેદમાં ઘણો ઘણો વિચાર સમાયેલો છે.

સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારના મુખ્ય ૧૨ પ્રકાર યાદ રાખવા માટે આ એક ચાવી-સૂત્ર છે, આમાં દરેક પ્રકારનો પહેલો પહેલો અક્ષર લીધો છે, બે પ્રકારમાં પહેલા બબ્બે અક્ષર લીધા છે.

**૬૭ વ્યવહારના મુખ્ય ૧૨ પ્રકારનું સૂત્ર :**

**'સદ્દશૂલિ દૂભૂલ આજ ભાઠ્ઠા પ્રભા વિ'**

આ સૂત્રનો શબ્દાર્થ કરવો હોય તો આ, 'શબ્દ એ શૂળ જેવો છે, એમાં બે ભૂલ થાય છે, પોતાને ય એ પછીથી ભોંકાય, અને બીજાને તો તરતમાં ભોંકાય, દિલને દુઃખ કરે. આવા શબ્દ-શૂળ ભોંકનારા આજે ભાટ્ઠા જેવા માણસો પ્રભાવી થઈને ફરે છે.'' અલબત્ત આ સૂત્રાર્થનો પ્રસ્તુતમાં કશો ઉપયોગ નથી, પરંતુ સૂત્ર યાદ રહી જાય એ માટે જ આ ભાવાર્થ અહીં બતાવ્યો. બાકી સૂત્રમાંથી 'સદ' અને 'પ્રભા' એ બે-બે અક્ષર સાથે લેવાના, તથા બીજા એક એક અક્ષર લેવાના; અને એ બાર પ્રકાર પૈકી દરેક પ્રકારના પહેલા પહેલા અક્ષર છે, એ સમજી રાખવાનું. એટલે હવે એ દરેક અક્ષર પરથી ૧૨ પ્રકારના નામ જોઈએ, અને સાથે સાથે એનાં અવાંતર ભેદની સંખ્યા જોઈએ.

**૬૭ વ્યવહારમાં મુખ્ય ૧૨ પ્રકારના નામ-સંખ્યા :-**

(૧) 'સદ'=સદ્દહણા(શ્રદ્ધાન)૪. (૨) શુ'=શુદ્ધિ-૩. (૩) 'લિ' =લિંગ-૩. (૪-૫-૬) 'દૂ-ભૂ-લ'=દૂષણ, ભૂષણ, લક્ષણ, એ દરેક ૫-૫. (૭-૮-૯-૧૦) આજ-ભા-ઠ્ઠા=આગાર-જયણા-ભાવણા-ઠાણ એ દરેક ૬-૬.-(૧૧) 'પ્રભા'=પ્રભાવક ૮. (૧૨) 'વિ'=વિનય ૧૦. આમ ૧૨ ના ક્રમસર ૪+૩+૩/૧૦ ૫+૫+૫/૧૫ ૬+૬+૬+૬/૨૪ ૮+૧૦/૧૮ એમ કુલ ૬૭ વ્યવહાર સમ્યક્ત્વના છે.

**પરમાર્થ સંસ્તવઃ તત્ત્વપરિચય :-**

આમાંના દરેક વ્યવહાર પર ઘણો ઘણો વિચાર સમાયેલો છે, દા.ત. પહેલી જ સદ્દહણામાં પહેલો ભેદ 'પરમાર્થ સંસ્તવ' એટલે કે પરમ અર્થ જે જિનોક્ત જીવાજીવાદિ તત્ત્વ, એનો 'સંસ્તવ' અર્થાત્ પરિચય કરવાનો. અહીં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર બંધ-નિર્જરા-મોક્ષ,- આ નવ તત્ત્વમાં એટલો બધો વિસ્તૃત વિચાર સમાય છે, કે એ એકેક તત્ત્વનો પરિચય-બોધ, તે પણ પ્રતિભાસ જ્ઞાનરૂપ નહિ, કિન્તુ પરિણતિ જ્ઞાનરૂપ, પરિચય કરતા રહીએ, એ એકેક તત્ત્વનું વિસ્તારથી અધ્યયન, પુનરાવર્તન-પૃચ્છના-અનુપ્રેક્ષા (ચિંતન) તથા ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય વધારતા જઈએ, તો બીજા પાપ વિચારો, મુફલીસ વિચારો કરવાને સમય જ ન રહે. તેથી લાભ ? જેમ જેમ આ પરિચય કરતા જઈએ, તેમ તેમ સમ્યગ્દર્શન વધુ ને વધુ નિર્મળ-વિશુદ્ધ થતું આવે, મન ભારે પ્રસન્ન રહે.





# (૨૯) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

હવે આમાં એકેક તત્ત્વના અવાંતર પ્રકારો લઈને એનો અધિકાધિક પરિણતિ-જ્ઞાનરૂપ પરિચય કેવો કેવો સધાય, એટલા વિચારમાં જ એક પુસ્તક થાય. તો પછી સડસઠે વ્યવહારના પાલનમાં કેવી કેવી રીતે અધિકાધિક જોમ અને જોસ લવાય જેથી સમ્યગ્દર્શન અધિકાધિક વિશુદ્ધ બનતું જાય, એના વિસ્તૃત વિચારમાં તો એક મોટું વોલ્યુમ, મહાગ્રંથ થાય, છતાં અહીં સડસઠ વ્યવહારના નામ પરિચય જોઈએ.

## • સમ્યક્ત્વના ૬૭ વ્યવહારનો પરિચય. •

**૪ સદ્દહણા : (૧) પરમાર્થ-સંસ્તવ** = જીવ અજીવ વગેરે તત્ત્વો (પરમ અર્થ)નો પરિચય, હાર્દિક શ્રદ્ધાવાળો અભ્યાસ; **(૨) પરમાર્થના જ્ઞાતા સાધુજનોની સેવા; (૩) વ્યાપન્ન દર્શનવર્જન** યાને સમ્યગ્દર્શન ગુમાવી બેઠેલા કુગુરુનો ત્યાગ; **(૪) મિથ્યાદૃષ્ટિ કુગુરુના સંગનો ત્યાગ;**

**૩ શુદ્ધિ : મન વચન** આ જ કહે કે, 'જિન-શરણ અને જિનશાસન જ સારું, જિનભક્તિ જ સમર્થ.' **કાયા** જિનશ્રદ્ધામાંથી લેશ ન ડગે, ભલે દેવનો ય ઉપદ્રવ આવે ! જગતમાં જિનેશ્વર દેવ, જિનમત અને જિનમતમાં રહેલ સંઘ, એ ત્રણ જ સાર, બાકી સંસારને અસાર માને.

**૩ લિંગ :** (૧) મનોરમ પત્ની-પરિવરિત સુખી યુવાનને દિવ્ય સંગીત-શ્રવણ પર જેવો તીવ્ર રાગ થાય તેવો ધર્મશાસ્ત્ર- શ્રવણનો તીવ્ર રાગ. (૨) અટવી ઉતર્યા ભૂખ્યાડાંસ બ્રાહ્મણને ઘેબરની કાંક્ષાની જેમ ચારિત્ર ધર્મની તીવ્ર અભિલાષા. (૩) વિદ્યાસાધકની વિદ્યાસેવાની જેમ અરિહંત અને સાધુની વિવિધ સેવાનો નિયમ.

**(૫) દૂષણોનો ત્યાગ :-** (૧) જિનવચનમાં શંકા, (૨) અન્ય ધર્મની કાંક્ષા-આકર્ષણ, (૩) ધર્મક્રિયાના ફળમાં સંદેહ, (૪) મિથ્યાદૃષ્ટિની પ્રશંસા, ને (૫) કુલિંગી (મિથ્યાદૃષ્ટિ કુગુરુ)નો પરિચય=સંસ્તવ, આ પાંચે દૂષણ ન કરવા.

**(૫) ભૂષણ :-** (૧) જૈનશાસનમાં કુશળતા (ઉત્સર્ગ-અપવાદવચન, વિધિવચન, ભયવચન,... વગેરેનો વિવેક); (૨) શાસન પ્રભાવના; (૩) સ્થાવર તીર્થ શત્રુંજયાદિની, અને જંગમ તીર્થ શ્રવણ સંઘની વિવિધ સેવા; (૪) સ્વ-પરને જૈન ધર્મમાં સ્થિર કરવા; (૫) પ્રવચન-સંઘની ભક્તિ વિનય-વૈયાવચ્ચ.

**(૫) લક્ષણ :-** શમ, સંવેગ, નિર્વેદ,- અનુકંપા ને આસ્તિકય. **'શમ'**=તીવ્ર વિષયરાગ-દ્વેષનું શમન; **'સંવેગ'**=મોક્ષ અને દેવ-ગુરુ ધર્મ પર અથાગ-અનન્ય રાગ; **'નિર્વેદ'**=સંસાર પ્રત્યે ગ્લાનિ, અભાવ, અરુચિ; **'અનુકંપા'**=દ્રવ્યદયા-ભાવદયા; **'આસ્તિક્ય'**='જે જિન ભાખ્યું તે નવી અન્યથા' એવો દઢ રંગ.

**(૬) આગાર :- આગાર** એટલે **અપવાદ.** (૧) રાજા, (૨) જનસમૂહ, (૩) બળવાન, ચોર, જુલ્મગાર વગેરે (૪) કુલદેવી આદિ, અને (૫) માતા પિતાદિ ગુરુવર્ગ, આ પાંચનો તેવો અતિ આગ્રહ-બળાત્કાર થાય, તથા (૬) જંગલ આદિમાં આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય, ત્યાં મિથ્યા દેવ-ગુરુ-ધર્મને હૈયાના ભાવ વિના વંદન કરી લેવાનો અપવાદ.

**(૬) જયણા :-** જયણા એટલે યતના, કાળજી. મિથ્યાદૃષ્ટિ સંન્યાસી વગેરે કુગુરુ, અને મહાદેવ વગેરે કુદેવ, તથા મિથ્યાત્વીએ પોતાના દેવ તરીકે ગ્રહણ કરેલ જિનપ્રતિમા, આ ત્રણને (૧-૨) વંદન-નમન, (૩-૪) આલાપ-સંલાપ કે (૫-૬) દાન-પ્રદાન, એ છ વાનાં નહિ કરવા. આથી સમકિતની જતના-રક્ષા થાય છે.

(**વંદન**=હાથ જોડવા, **નમન**=સ્તુતિ આદિથી પ્રણામ, **'આલાપ'**=વગર બોલાવ્યા સન્માનથી બોલાવવું, **'સંલાપ'**=વારંવાર વાર્તાલાપ, **'દાન'**=પૂજ્ય તરીકે સત્કાર-બહુમાનથી અન્નાદિ દેવા, **'પ્રદાન'**=ચંદન-પુષ્પાદિ પૂજા-સામગ્રી ધરવી, યા યાત્રા-સ્નાન-વિનય-વૈયાવચ્ચાદિ કરવા.)

**(૬) ભાવના :-** સમ્યક્ત્વને ટકાવવા માટે એને 'મૂલં-દારં-પઇટ્ઠાણં, આહારો-ભાયણં-નિહી' એ છ ભાવના આપવી જોઈએ.

દા.ત. સમ્યક્ત્વ એ બાર વ્રતરૂપી શ્રાવક ધર્મનું (૧) મૂળ છે, (૨) દ્વાર છે, (૩) પાયો છે, (૪) આધાર છે, (૫) ભાજન (પાત્ર) છે. (૬) ભંડાર (તિજોરી) છે. **(૧)** સમ્યક્ત્વ-મૂળ સલામત વિના ધર્મવૃક્ષ સુકાઈ જાય. **(૨)** સમ્યક્ત્વરૂપી દરવાજા વિના દાનાદિધર્મ નગરમાં પ્રવેશ ન થઈ શકે. **(૩)** સમ્યક્ત્વના સારા પાયા વિના વ્રતાદિધર્મ ઈમારત ન ટકે, કે ન ઊંચી કરાય. **(૪)** સમકિતરૂપી પૃથ્વી-આધાર ઉપર જ ધર્મ-જગત ઊભું રહે છે. **(૫)** સિંહણનું દૂધ જેમ સુવર્ણ પાત્રમાં જ ટકે, તેમ વ્રત અનુષ્ઠાન-દાનાદિ આંતરિક ધર્મ એ સમ્યગ્દર્શનરૂપી પાત્રમાં જ ટકે છે. **(૬)** મણિ-માણેક-મોતી જેમ ભંડારમાં સુરક્ષિત રહે છે, તેમ દાનાદિધર્મ સમકિતરૂપી તિજોરીમાં જ સુરક્ષિત રહે છે. એ પ્રમાણે વ્રતધર્મ માટે સમ્યક્ત્વ પહેલું જરૂરી છે, એ ભાવવું.



**(૬) સ્થાન :** સમ્યક્ત્વને રહેવા માટે છ સ્થાન છે. તેને વિચારીને મનમાં એ સ્થાન નક્કી રાખ્યા હોય તો જ સમ્યક્ત્વ રહી શકે. ૬ સ્થાન એટલે આ ૬ નિશ્ચિત માન્યતા,-

(૧) આત્મા એ દેહથી ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય છે. (૨) આત્મા નિત્ય છે, અનાદિસિદ્ધ છે, સનાતન છે; કોઈએ બનાવ્યો નથી, ને ક્યારેય પણ નાશ પામતો નથી. (૩) આત્મા કર્મનો કર્તા છે, મિથ્યાત્વાદિ કારણે કર્મ ઉપાર્જે છે. (૪) વળી એ સ્વોપાર્જિત કર્મનો ભોક્તા છે, પોતાને પોતાનાં કર્મ ભોગવવા પડે છે. (૫) આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. 'સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવે છે, માટે એનો અંત અને મોક્ષ જ ન થાય,' એવું નથી. (૬) મોક્ષના સાચા ઉપાય પણ છે,- દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ.

**(૮) પ્રભાવના :** જનતામાં જૈન શાસ્ત્રની પ્રભાવના કરે એવી પ્રાવચનિકતા, ધર્મકથકતા વગેરે આઠ વિશેષતાઓથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે, માટે એને ય અહીં ૬૭ વ્યવહારમાં ગણેલ છે. એવી વિશેષતાવાળા આઠ છે. (આ આઠના પ્રથમાક્ષર **'પ્રાકકવિ નૈવાસિત'**) (૧) પ્રાવચનિક (પ્રવચન=દ્વાદશાંગી) તે તે કાળમાં ઉપલબ્ધ સર્વ આગમોના પ્રખર અભ્યાસી (૨) કથક ધર્મકથા-આક્ષેપિણી, વિક્ષેપણી, સંવેગ જનની અને નિર્વેદકારિણી એ ચાર ધર્મકથામાં કુશળ; (૩) કવિ, ચમત્કારિક વિશિષ્ટ ઉત્પ્રેક્ષાદિ ભર્યા કાવ્ય શીઘ્ર રચી શકે તે; (૪) વિદ્યાવાન='પ્રજ્ઞપ્તિ' 'આકાશગામિની' વગેરે વિદ્યા જેને સિદ્ધ છે તે; (૫) નૈમિત્તિક=ભૂત-ભવિષ્ય જાણી શકે એવા નિમિત્ત શાસ્ત્રમાં નિષ્ણાત; (૬) વાદી=પરમતખંડન-સ્વમતસ્થાપનકારી વાદની લબ્ધિવાળા; (૭) સિદ્ધ=ચમત્કારિક પાદલેપ, અંજન ગુટિકા, વગેરેના જાણકાર; અને (૮) તપસ્વી=પ્રભાવક તપસ્યાવાળો.

**૧૦ વિનય :-** સમકિતી આત્મા (૧-૫) પંચપરમેષ્ઠી, અને (૬) ચૈત્ય. (૭) શ્રુત (૮) ધર્મ, (૯) પ્રવચન, (૧૦) દર્શન એ દશનો વિનય કરે. (**ચૈત્ય**=જિનમૂર્તિ-મંદિર, **શ્રુત**=આગમ, **ધર્મ**=ક્ષમાદિ યતિધર્મ, **પ્રવચન**=જૈનશાસન-સંઘ, **દર્શન**=સમકિત-સમકિતી. એ વિનય પાંચ રીતે (૧) બહુમાનપૂર્વક વિનય-ભક્તિ, (૨) વસ્તુ-અર્પણથી પૂજા (૩) ગુણપ્રશંસા, (૪) નિંદાનો ત્યાગ અને (૫) આશાતનાનો ત્યાગ.

આ-૬૭ પ્રકારનો વ્યવહાર પાળવાથી, સમ્યક્ત્વનો આત્મપરિણામ પ્રાપ્ત ન હોય તો પ્રાપ્ત થાય છે; અને પ્રાપ્ત હોય તો વધુ ને વધુ નિર્મળ બને છે.

સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયું હોય તો ટકાવવા માટે આ કરણી પણ આચરવાની છે.-

**સમ્યક્ત્વની કરણી :-**

પ્રતિદિન જિનદર્શન-જિનભક્તિ-પૂજા, પૂજામાં પોતાના ઘરના કિંમતી પૂજન-દ્રવ્યોનું અવશ્ય યથાશક્તિ સમર્પણ, સાધુસેવા, સુપાત્રદાન, સત્સંગ, જિનવાણીનું શ્રવણ, નમસ્કાર-મહામંત્રનું સ્મરણ, અરિહંત-સિદ્ધ-સાધુ-જિનધર્મનાં ત્રિકાળ શરણનો સ્વીકાર, પોતાના દુષ્કૃતોની આત્મનિંદા, અરિહંતાદિના સુકૃતોની અનુમોદના, તીર્થયાત્રા, સાત વ્યસન (શિકાર-જુગાર-માંસાહાર-દારૂ,-ચોરી-પરસ્ત્રી-વેશ્યા)નો સર્વથા ત્યાગ, રાત્રિભોજન-ત્યાગ,... વગેરે વ્રત નિયમ, દયા-દાનાદિકની પ્રવૃત્તિ, સામાયિકાદિ ક્રિયા, તીર્થંકર પરમાત્મા વગેરે મહાપુરુષોના ચરિત્રગ્રંથો અને ઉપદેશમાળા-ધર્મસંગ્રહ-શ્રાદ્ધવિધિ, અધ્યાત્મ કલ્પદ્રુમ, ઉપમિતિ ભવપ્રપંચ કથા, વગેરે ગ્રંથોનું શ્રવણ વાંચન મનન આદિ.

સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારોનો આ માત્ર ટૂંક પરિચય છે, બાકી ૬૭ પ્રકારના વિસ્તૃત વિચારમાં વોલ્યુમ-મહાગ્રન્થ થાય. તેથી અહીં માત્ર અલ્પ દિગ્દર્શન છતાં એટલું ધ્યાનમાં રહે, કે ૬૭ વ્યવહાર પૈકી ૩ લિંગ (તત્ત્વ શ્રવણની અથાગ રુચિ, ચારિત્રની તીવ્ર ભૂખ, અને દેવ ગુરુની વિદ્યાસાધકના જેવી વૈયાવચ્ચ); તથા ૫ લક્ષણ (શમ-સંવેગ નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય); તેમજ ૫ ભૂષણ સ્વ-પર-શાસ્ત્ર કુશલતા, ધર્મ-દૃઢતા, સંઘભક્તિ, તીર્થભક્તિ અને શાસન પ્રભાવના); તથા ૬ ઠાણ (આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે. મોક્ષ છે, અને મોક્ષના ઉપાય છે); આના પર પુખ્ત ચિંતન, તથા તીવ્ર તાત્ત્વિક શ્રદ્ધાન કરવા જેવા છે. આ ૩ લિંગ, ૫ લક્ષણ, ૫ ભૂષણ, અને ષટ્સ્થાનના ચિંતનમાં ખાસ કરીને અધિકાધિક પ્રયત્ન, જોમ અને અહોભાવ વધારતા રહેવા જેવું છે. એથી સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિ કૂદકે ને ભૂસકે વધતી રહે છે. અલબત બાકીના શુદ્ધિ-દૂષણ ત્યાગ... વગેરે વ્યવહારોમાં ય અધિકાધિક વીર્યવાન પ્રયત્ન ચૂકવા જેવો નથી.

વાત આ હતી કે સમ્યગ્દર્શનની આગળની અનંત વિશુદ્ધિના ઉપાયો સ્થૂલથી અર્થાત્ સામાન્યથી તો શાસ્ત્ર દર્શાવી શકે, પરંતુ વિશેષ રૂપે આત્મામાં આંતરિક રીતે કેવી કેવી પરિણતિઓ કેવા કેવા અધ્યવસાયો કામ કરે છે એને વૈયક્તિક રૂપે યાને વિશેષ રૂપે શબ્દમાં ઉતારી શકાય એવા નથી; તેથી એ ઉપાયો હેતુઓ શાસ્ત્ર મર્યાદાની બહારના કહેવાય.

એક સમ્યગ્દર્શનમાં જો આમ, તો પછી ઉપરના અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિભર્યા અસંખ્ય અધ્યવસાય સ્થાનકોને વિશુદ્ધિવાર વિશેષરૂપે શાસ્ત્ર શી રીતે વર્ણવી શકે ? ત્યારે વળી વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી અંતે શુકલ ધ્યાન અને કેવળ



જ્ઞાનના બળે કરાતા યોગનિરોધના તો આંતરિક સ્વરૂપ વિશેષરૂપે શાસ્ત્ર ક્યાંથી જ વર્ણવી શકે ? હવે જો શાસ્ત્રથી જ મોક્ષ પર્યન્તના બધા જ ઉપાયો વિશેષરૂપે જાણી શકાતા હોય તો તો તેથી જ સંપૂર્ણ ઉપાયોનો બોધ થતાં તરત જ સર્વજ્ઞતા અને મોક્ષ સિદ્ધ થઈ જાય ! કેમકે મોક્ષનો છેલ્લો ઉપાય અયોગિ કેવલીપણું, એ શાસ્ત્રથી જ સમજાઈ જતાં અમલી બને ! અને તરત મોક્ષ થવામાં વિલંબ ન લાગે ! પરંતુ એમ બનતું નથી, તેથી કહેવાય કે સામર્થ્યયોગની પ્રક્રિયા અનુભવગમ્ય છે. એ અનુભવે એને અવશ્ય મોક્ષ મળે.

❖ ❖ ❖

## • સાધુદીક્ષાની યોગ્યતાના ૧૬ ગુણ •

**પ્રવ્રજ્યાની યોગ્યતા : ૧૬ ગુણ**

પ્રવ્રજ્યાને યોગ્ય કોણ બને ? એના ૧૬ ગુણો આ પ્રમાણે શાસ્ત્રે બતાવેલા છે :-

(૧) ચારિત્રાર્થી આર્ય દેશમાં જનમ્યો હોય, તથા

(૨) વિશિષ્ટ કોટિના જ્ઞાતિ અને કુળે કરીને સહિત હોય. આર્યદેશમાં જન્મ એ ગળથૂથીમાં સારા સંસ્કારોની ભેટ આપે છે. વિશિષ્ટ જ્ઞાતિ અને વિશિષ્ટ કુળની ખાનદાની અકાર્ય કરતાં અટકાવે છે. નથીને ચારિત્ર લીધા પછી કદાચ મોહનો ઉદય જાગ્યો, તો કુળની ખાનદાનીની આત્મા પર શરમ પડશે. મનને એમ થશે કે, 'આવા ઊંચા કુળમાં જન્મેલો હું મારાથી અકાર્ય કે વ્રત-ભંગ કેમ જ થાય ? નહિતર પછી મારામાં અને ઢેડ-ભંગીમાં ફરક શો ?' આમ વિચારી સદ્‌વિચારમાં પાછો ફરી પ્રતિજ્ઞાને દૃઢપણે વળગી રહેશે. તેમ એ પણ લાભ છે, કે વિશિષ્ટ જ્ઞાતિ અને કુળના હિસાબે એના લોહીમાં એવા અણુઓ હશે, કે જે એને ઉત્તમ સાત્ત્વિક પુરુષાર્થ અને પ્રગતિ કરવામાં ખૂબજ પ્રેરક બનશે. વળી,

(૩) ચારિત્રાર્થી 'ક્ષીણપ્રાય કર્મમલ' હોવો જોઈએ, અર્થાત્ સર્વ કર્મમાં ભયંકર જે મોહનીય કર્મ, તેમાંનું મિથ્યાત્વ કર્મ તો ઉદયમાં હોય જ નહિ; ઉપરાંત, ચારિત્ર મોહનીય કર્મ ઘણું ઘણું નાશ પામી ગયું હોય.

**પ્ર.-** ગુરુ આ શી રીતે જાણી શકે કે દીક્ષાર્થીનું ચારિત્ર-મોહનીય કર્મ ઘણું નષ્ટ થયું છે ?

**ઉ.-** ગુરુ પ્રશ્ન પરીક્ષાથી જાણી શકે, વળી દીક્ષાર્થી એ કર્મમલ ક્ષીણપ્રાય થવાથી 'વિમળ બુદ્ધિ'વાળો બનેલ હોય, એટલે એના બોલ પરથી એ પરખાય.

(૪) ચારિત્રાર્થી વિમળ બુદ્ધિવાળો હોય, એટલે કે એની બુદ્ધિ હવે નિર્મળ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

બની ગઈ હોય. અર્થાત્ આજ સુધી નડતી અનેક પ્રકારની વાસનાઓ અને વિકારોના મળ હવે સાફ થઈ જવાથી એની બુદ્ધિ વાસનામય ન હોય, વિકારી ન હોય. આ વસ્તુ એના વર્તાવ અને ઉદ્ગાર પરથી તેમજ આગળ બતાવશે એ ગુણો પરથી સમજી શકાય છે.

(૫) બુદ્ધિ નિર્મળ થવાના યોગે પાંચમો ગુણ એ બતાવ્યો કે એને સંસારની નિર્ગુણતાનું અસારતાનું ભાન હોય, કે 'આ સંસાર નગુણો છે, સંસાર અસાર છે.'- એવું સમજે છે તે ચારિત્રને યોગ્ય ગણાય **સંસાર નગુણો એટલા** માટે કે એને મનમાં સચોટ ભાસે છે કે (i) જે મનુષ્યપણું મળવું ઘણું જ દુર્લભ છે, (ii) જે મનુષ્યપણું પાછું અશુભ કરણીના યોગે ભાવી અનેક જન્મમરણનું નિમિત્ત બને છે, વળી (iii) જેમાં સંપત્તિઓ જીવને રાગ-મમતા-તૃષ્ણાના મહાપાપ કરાવે છે. ને (iv) જે સંપત્તિ આદિ વળી વીજળીના ઝબૂકા જેવી ચપળ છે, ચંચળ છે. એનો અર્થ એ છે, કે સંપત્તિ તો કદાચ આ જન્મ જીવતાં જીવતાં જ અથવા આ જન્મના છેડે અવશ્ય ચાલી જનારી છે, પરંતુ તજ્જન્ય પાપકર્મો અને પાપ સંસ્કારો પરભવે સાથે આવવાના. વળી (v) જેમાં વિષયો વિપાકદારુણ છે; સંસારમાં જીવને જે ઈષ્ટ અનિષ્ટ રૂપ-રસ-ગંધ-સ્પર્શ... વગેરે વિષયો મળે છે એ વિષવૃક્ષના ફળની જેમ ભયંકર દુઃખને દેનારા બને છે. ત્યારે (vi) જે સંસારની વળી એક મોહિની કુટુંબ-પરિવારનો સંયોગ, તે અંતે અવશય વિયોગમાં પરિણમે છે, ને એ જીવને દુઃખરૂપ બને છે. માટે પરિવારના સંગ માથે કરે એટલે સમજી રાખવાનું સરવાળે એને દુઃખ જ આવવાનું, **'સંજોગમૂલા જીવેણ પત્તા દુક્ખ પરંપરા.'** આમ સંપત્તિ-વિષયો-પરિવારની પાછળ કરેલા રકમબંધ રાગાદિ પાપોના ફળમાં સંસાર શું દેખાડે છે ? દુર્ગતિ-ભ્રમણનાં કારમા દુઃખ દેખાડે છે ! ઉપકાર પર અપકાર કરનાર નગુણા માણસની જેમ એ સંસાર કેવો નિર્ગુણ ! અને વર્તમાનમાં ય કેવો માલ વિનાનો ! સંસાર કેવો નિસ્સાર ! એમાં વળી આયુષ્ય કર્મની દૃષ્ટિએ જોઈએ તો, સંસાર નિસ્સાર એટલા માટે કે એમાં જીવનાં આયુષ્ય કર્મનાં દળિયાં ક્ષણે ક્ષણે ભોગવાઈ ભોગવાઈને નાશ પામતા જાય છે. એ પ્રતિક્ષણ મરણ જ છે. મરણ શું છે ? આયુષ્ય કર્મનો નાશ. તો અહીં પ્રત્યેક ક્ષણે આયુષ્ય કર્મ નાશ પામતું હોઈ, એ મૃત્યુ જ છે. એમ કરતાં જીવને અંતે મહા-મૃત્યુ પામી અહીંથી નવો જન્મ લેવા ચાલી જવું પડે છે ! ત્યાં અહીંના કરેલા હિંસાદિ પાપોનો, મોહનો અને રાગદ્વેષનો દારુણ વિપાક અર્થાત્ ભયંકર દુઃખદ નતીજો ભોગવવો પડે છે. આવી રીતે સંસારની નિર્ગુણતા અને સારરહિતતાનું ભાન દીક્ષાર્થીને હોવું જોઈએ. એ દીક્ષાની યોગ્યતાનો ૫ મો ગુણ.



**રુક્મિણીને ૧૬ ઘડીના પાપની ૧૬ વરસની સજા :-**

સંસારની એક નાનીશી મોજની પ્રવૃત્તિ કેવી દુઃખદ નીવડે છે, એના દૃષ્ટાંતમાં,- કૃષ્ણ વાસુદેવની પટરાણી રુક્મિણી પૂર્વભવમાં પોતાના પતિ સાથે વનમાં ફરવા ગયેલી. ત્યાં મોરલી વિયાણી હતી. એમાંથી એક મોરલીનું ઈંડુ સુંદર લાગી હાથમાં લીધું. હાથ કંકુવર્ણના, તેથી ઈંડુ લાલ થઈ ગયું. તે પાછું મૂકી તો દીધું, પરંતુ મોરલી એને ઓળખી ન શકવાથી ઝુરવા લાગી, ને ૧૬ ઘડી પછી વરસાદ પડતાં ઈંડુ ધોવાયું, રંગ ઊતરી ગયો, એટલે મોરલી પાછું સફેદ ઈંડુ જોઈ રાજી રાજી થઈ ગઈ ! રુક્મિણીની મોજમાં આ ૧૬ ઘડીમાં મોરલીને થયેલ વિરહ-વેદનાના પાપે રુક્તિણીએ ૧૬ વર્ષના પુત્ર-વિયોગનું પાપ ઉપાર્જ્યું ! આ સંસાર ! રુક્મિણીએ નેમનાથ ભગવાનના શ્રીમુખે આ સાંભળી સંસાર અસાર નગુણો જાણ્યો અને અવસર આવ્યે ચારિત્ર લઈ લીધું,

**શાંતિનાથ ભગવાનના પુત્ર અને ગણધર ચક્રાયુધ** એક ભવમાં અપરાજિત બળદેવ અને અનંતવીર્ય વાસુદેવ નાટકણીના રૂપે પ્રતિવાસુદેવની કન્યા કનકશ્રીને નૃત્યકળા શીખવતા. એમાં ભાઈ બળદેવના મુખે વાસુદેવના સૌંદર્ય, પરાક્રમ;... વગેરે ગુણ ગવાયા. એ સાંભળીને કનકશ્રી એકદમ આવર્જિત થઈ. પછી ત્યાં રૂપ પલટી મૂળ રૂપે વાસુદેવનાં દર્શન આપ્યા. કનકશ્રી એ જોઈને સ્તબ્ધ થઈ ગઈ ! કહે 'હમણાં જ ગાંધર્વવિવાહથી પરણી લો, નહીંતર આપઘાત કરી સ્ત્રી હત્યાનું પાપ આપીશ.' વાસુદેવ કહે 'અમારા દેશમાં ચાલ.' વિકુર્વેલા વિમાનમાં ચાલી. એનો બાપ સામે લડવા આવ્યો પણ હાર્યો, ને એના પોતાના જ ચક્રથી મરાયો ! રસ્તામાં કેવળજ્ઞાનીને કનકશ્રીએ પૂછ્યું,- 'પ્રભુ ! શું મારું એવું પુણ્ય કે આટલી ઉચ્ચ સ્થિતિ મળી ? અને છતાં શું મારું એવું પાપ કે મારા બાપના આવા મોતમાં હું નિમિત્ત થઈ ? ને પૂર્વ કુટુંબીઓનો વિયોગ થયો ?' ત્યારે કેવળીએ કહ્યું, 'પૂર્વે તું ગરીબ બ્રાહ્મણી પણ મુનિના ઉપદેશથી તપમાં ચડી, જિનભક્તિ, સાધુભક્તિ કરનારી બની, એથી આ પુણ્ય પામી પણ મનમાં સંદેહ પડ્યો, કે 'તપથી કાયા ઓગાળી, ધન સુખના બદલે ધર્મમાં ખર્ચ્યું, તો આ ધર્મનું ફળ મળશે ખરું ?' બસ, આ 'ધર્મના ફળમાં સંદેહ' રૂપ વિપરીત કલ્પના કરી તેથી આ દુઃખનું પાપ બાંધ્યું. કનકશ્રીને થયું 'આ સંસાર ?' તરત વાસુદેવને કહે, સાંભળ્યું ? જો એક વિપરીત કલ્પનાનું આ ફળ, તો સંસારમાં તો રોજના જીવનમાં કેટલીય વિપરીત કલ્પનાઓ ને પાપ વિચારો ચાલે; ઉપરાંત કેટલાય પાપ વચન બોલાય અને પાપ કાર્યો થાય. એના તમામના ફળ ભોગવવા કેટલાય દુર્ગતિના ભવ કરવા પડે ! માટે આવો સંસાર મારે જોઈતો નથી. મને ચારિત્ર અપાવી દ્યો.' બસ એમ સંસાર અસાર



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

નિર્ગુણ જાણી ચારિત્ર લઈ કર્મ ખપાવી મોક્ષે ગઈ.

**ચારિત્રાર્થીની યોગ્યતાનો છઠ્ઠો ગુણ : વૈરાગ્ય :-**

(૬) તેથી જ એવા સંસારથી વિરક્ત હોય. એને સંસાર પર લેશમાત્ર આસ્થા ન હોય, ઊલટું એવો અણવિશ્વાસ હોય કે 'રખેને આમાં ઠગાઈ ફસાઈને પાપત્યાગ કર્યા વિના અને ધર્મ સાધ્યા વિના એમ જ મરું તો ?' સંસારનો એને ભારે કંટાળો હોય.

(૭) સાતમો ગુણ **'પ્રતનું કષાય'**=સંસારના મૂળભૂત જે કષાયો, તે એના પાતળા પડી ગયા હોય. અત્યાર સુધી કષાય જોરદાર હતા હવે વિચારપૂર્વકની પ્રવૃત્તિ હોય એટલે કષાય કરતાં વિચાર કરે, અલ્પ કષાય કરે, કેમકે ક્રોધાદિ કષાયો જો દુર્બલ ન થયા હોય તો ચારિત્રી બન્યા પછી ચારિત્રમાં પાછો નવો સંસાર સર્જવાનો !

(૮) 'અલ્પ-હાસ્યાદિ'- દીક્ષાર્થીના જીવનમાં હાસ્યાદિ ન હોવા જોઈએ. અથવા નહિવત્ કવચિત્ બનતા હોય તો તે સહેજ મુખમલક જેવા, ત્યાં મુખ વિકારરહિત હોય. હાસ્યાદિ એટલે હાસ્ય-કુતૂહલ, શોક-વિલાપ, હર્ષ-ઉદ્વેગ ભય-જુગુપ્સા, કામ-ચેષ્ટા વગેરે ન હોય. મુમુક્ષુમાં જો આ દોષો હોય તો સમજવું પડે, કે-

એનામાં હજી હાસ્યના હિસાબે છીછરાપણું અને તુચ્છતા છે, ગંભીરતા નથી.

શોકના હિસાબે નિઃસત્ત્વતા છે.

જુગુપ્સાના હિસાબે કાં અહંભાવ છે કે કાં જડસંગિતા છે.

કામના હિસાબે વેદનો ઉદય છે.

હર્ષ-ઉદ્વેગના હિસાબે જડનાં મૂલ્યાંકન અને જડની પરાધીનતા છે.

આ હાસ્યાદિ દોષો ન હોય એ જ અંતરાત્મામાં ઠરેલો હોય. આ એ રીતે વિચારીને આવે, કે 'મારા માથે કર્મોનો ભાર કેટલો ? અનંતાકર્મોથી હું જકડાયો છું, ત્યાં હસવું-ખીલવું શું ? ઈષ્ટના સંયોગમાં ખુશી શું થવું ? અને અનિષ્ટમાં દુઃખી શું થવું ?' કર્મોનો માથા પર ભારે ભાર લાગે એટલે હાસ્યાદિ ક્યાં કરે ? એ તો કષ્ટથી ભયભીત ત્રસ્ત હોય, જેમકે હરણિયા જંગલમાં ત્રસ્ત હોય છે. હરણિયા વાઘવરુના ભયથી ત્રસ્ત, ત્રાસ પામેલાની જેમ એને જંગલમાં રહીને વાઘ-વરુની શંકાથી એનાથી બચવા મોજ નથી સૂઝતી, પણ થોડી થોડી વારે દોડાદોડ કરે છે. એમ આ જીવને પણ કર્મભયથી લાગતું હોય, કે અહીં કાંક કર્મ તો નહિ લાગે ? આ ભય સતત રહેતો હોય ત્યાં પછી હાસ્ય-મજાક વગેરે શાના સૂઝે ?



(૯) વળી દીક્ષાર્થી કૃતજ્ઞ હોવો જોઈએ, કેમકે જો કૃતજ્ઞ એટલે કે પોતાના ઉપર કોઈએ કરેલા ઉપકારને જાણનારો અને કદર કરનારો નહિ હોય, તો ગુરુ પ્રત્યે વિનય-સેવા-સમર્પણના લક્ષવાળો નહિ થાય. દીક્ષા અને જ્ઞાન શિક્ષા જેવા અતિમહાન ઉપકારને લીધા પછી પણ કદાચિત્ સ્વાર્થાંધ બની એ ઉપકારને ભૂલશે ! જરૂર પડ્યે ઉપકારી ગુરુ વગેરેનો ઉપરથી સામનો કરશે ! માટે મુમુક્ષુ આત્મા ઉપકારી વડિલજનોની કૃતજ્ઞતા સમજી પૂજા ભક્તિવાળો હોય.

(૧૦) એ 'વિનીત' હોવો જોઈએ. વિનય એ ધર્મનું મૂળ છે, ચારિત્રનો પાયો છે. એની તો ચારિત્રમાં ડગલે ને પગલે જરૂર રહે છે. વિનય ન હોય તો બીજા ગુણો આવે નહિ. પ્રથમ તો જ્ઞાન જ ન મળે. જ્ઞાન એ જાણવું એમ નહીં, જ્ઞાન એ પરિણમવું જોઈએ, જ્ઞાન પરિણત થવા માટે વિનય પાયામાં જોઈએ. વળી,

(૧૧) દીક્ષાર્થી 'રાજા-અમાત્ય પૌરજનને બહુમત-સમ્મત' હોય. પૂર્વે પણ એ રાજા અને શહેરીજનોને સારો માન્ય હોવો જોઈએ. જો રાજા, પ્રધાન વગેરે આ દીક્ષાર્થીને નાલાયક ગણતા હોય, યા એના પ્રત્યે બહુજન વિરોધ હોય ત્યારે વિચારવું પડે, કે દીક્ષાર્થીમાં કોઈ મોટી ખામી હોવી જોઈએ.' આપણા અનુચિત વર્તાવ વિના લોકનો આપણા પ્રત્યે વિરોધ અરુચિ શા માટે થાય ? અને જીવનમાં જો એવી અયોગ્ય કાર્યવાહી હોય, ને દીક્ષા લે, તો કદાચ રાજા વગેરે રુઠે, લોક વધુ નિન્દે, અને પછી પણ દીક્ષિત બીજું કાંઈ અનુચિત કરી બેસવાનો સંભવ રહે. માટે એ દીક્ષાને લાયક નહિ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૨,અંક-૩૭,તા.૨૬-૫-૧૯૮૪

## (૩૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

(૧૨) 'અદ્રોહકારી'=મુમુક્ષુ આત્મા દ્રોહકારી ન હોવો જોઈએ. વિશ્વાસઘાતી ન જોઈએ. સંસારમાં કોઈનો દ્રોહ-વિશ્વાસઘાત કરનારો હોય, તો અહીં ચારિત્રમાં પણ ક્યારેક એવા કોક લોભ યા હઠાગ્રહમાં ગુરુનો સાધુઓનો સાધુમાર્ગનો અને શાસનનો દ્રોહકારી મહાનુકસાન કરી બેસે ! જેમ વિનયરત્ન.

(૧૩) દીક્ષાર્થી ''કલ્યાણાંગ'' અખંડ અંગોપાંગવાળો હોય. એના અંગોપાંગ સાબૂત જોઈએ, અખંડ હોય. આંખે કાણો, પગે લંગડો, હાથે લૂલો-ઠૂઠો, એવો નહિ. લુલો-લંગડો દીક્ષિત થયો હોય તો લોક કહે 'જોયું ? આ ધર્મમાં આવા



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

લુલિયા-જમાલિયા એ ધર્મગુરુ !' એમ કહી નિંદા કરે; એટલે ધર્મ પ્રત્યે બહુજનને અપ્રીતિ થાય. માટે એવાને દીક્ષા ન અપાય. **લલિતવિસ્તરા**માં કહ્યું છે- 'ચારિત્રનો અધિકારી કોને ગણવો ? તો કે જે ચારિત્ર ધર્મનો અર્થી હોય અને પાળવા સમર્થ પણ હોય અને શાસ્ત્રે જેનો નિષેધ ન કર્યો હોય.' આમાં નિષિદ્ધ તરીકે ક્ષત-અંગ, શરીરજડ,... વગેરે લીધા.

(૧૪) 'શ્રાદ્ધ' :- દીક્ષાર્થી શ્રાદ્ધ એટલે કે અખૂટ ધર્મ શ્રદ્ધાવાળો જોઈએ. નહિતર પોતાની જ શ્રદ્ધાના અભાવે બીજાને ય અશ્રદ્ધાળુ કરશે ! તેમ શ્રદ્ધાના અભાવે પોતાને ચારિત્ર ધર્મ પરિણમશે નહિ, પછી ભલે ચારિત્ર ધર્મની ક્રિયાઓ કરતો હશે.

(૧૫) વળી દીક્ષાર્થી 'સ્થિર' જોઈએ, એટલે કે લીધેલી પ્રતિજ્ઞાઓ અને ઉત્તમ કડક માર્ગને વહન કરવાની આડે ઊભા થતાં વિઘ્નોનો સામનો કરી, પરિસહ-ઉપસર્ગમાં અચલ રહી, સ્વવ્રતો અને સમિતિ-ગુપ્તિ વગેરેના પાલનમાં સ્થિર-નિશ્ચલ રહેનારો જોઈએ, નહિતર ચંચળ તો વ્રતભંગ કે સાધુતાનો ત્યાગ કરી બેસે.

(૧૬) છેલ્લે દીક્ષાર્થી **"સમુપસંપન્ન"** જોઈએ. અર્થાત્ ગુરુને સારી રીતે શરણે આવેલો જોઈએ, આત્માનું અર્પણ કરનારો જોઈએ. ગુરુને કહે કે 'હવે આપની આંખ એ જ મારી આંખ, આપનું મન એ જ મારું મન, આપની રુચિ એ જ મારી રુચિ, આપની ઇચ્છા એ જ મારી ઇચ્છા, આપનો આદેશ એ જ મારું જીવન. અર્થાત્ 'આપની આંખ-કાન-જીભને જે ગમે એ જ મારા આંખ-કાન-જીભને ગમે. આપનું મન વિચારે એ જ મારું મન વિચારે.'

**ગુરુને સમર્પણ જો ન હોય તો દીક્ષા લીધા પછી,-**

(૧) વાસ્તવિક ગુરુ-નિશ્રા એ સેવી નહિ શકે.

(૨) ગુરુને પરતંત્ર નહિ રહી શકે.

(૩) ગુરુ પાસેથી મેળવવા યોગ્ય સારી હિતશિક્ષા, જ્ઞાનાભ્યાસ વગેરે નહિ મેળવી શકે.

(૪) ગુરુ-વચન અને ગુરુ-પ્રવૃત્તિ પર અનેક જાતના પાપ વિકલ્પો કરશે.

(૫) ગુરુ કહે કાંઈ, ને શિષ્ય કરે કંઈ; પણ ગુરુની ઇચ્છાનો અનુવર્તી નહિ થાય. જીવનમાં માત્ર આજ્ઞાનુસારિતા જ નહિ પણ ગુરુની ઇચ્છાનુવર્તીતા ય જોઈએ. આ સમર્પણનો ગુણ મોટો છે. જીવને એટલું સમજાવી દેવું જોઈએ, કે 'આટઆટલી સેવા કરે છે, પણ પછી સમર્પણ શું કામ બાકી રાખે ?' સમર્પણ માટે અહંને દૂર કરવો જોઈએ.



**જીવનમાં ગુરુની જો સેવા સમર્પણ હોય, તો એ જીવને ન્યાલ કરી નાખે.**

આ ૧૬ ગુણોથી રહિત હોય તે જ્ઞાનયોગને આરાધી શકે નહિ.

## • જ્ઞાનયોગ •

૧૬ ગુણથી શું આવે ? અત્યાર સુધી બધી પ્રવૃત્તિમાં મોહનો યોગ ચાલતો હતો, તે હવે જ્ઞાનયોગ આવે. દા.ત.

પૂર્વે અનંતા કાળમાં ચારિત્ર પાળ્યા તે મોહયોગથી પાળ્યા. એમાં મોહ આ રીતે કામ કરી ગયો, કે 'ચારિત્ર શા માટે પાળું ? તો કે ચારિત્રમાં સારું છે કે કમાવાની ચિંતા જ નહિ.' 'તપ શા માટે કરું ? તો કે શરીર સુધરી જાય.' 'શાસ્ત્ર શા માટે ભણું ? તો કે લોકોમાં માન, સન્માન મળે.'- આવા ઉદ્દેશ રાખવા એ બધો મોહયોગ છે.

**જ્ઞાનયોગમાં આવી ઉદ્દેશ-શુદ્ધિ હોય,-**

ખરી રીતે ચારિત્ર શા માટે પાળવું ? તો કે આત્મા પાપમાત્રથી બચે.

તપ શા માટે કરવો ? તો કે દુષ્ટ આહારસંજ્ઞા મોળી પડે, ને તપથી જનમ જનમના કર્મ ખપે.

શાસ્ત્રો શા માટે ભણવા ? તો કે (૧) આત્માને હેય-ઉપાદેયનો વિવેક આવે, અને હેયનો ત્યાગ તથા ઉપાદેયમાં આદર થાય, પ્રવૃત્તિ થાય, અથવા શાસ્ત્ર શા માટે ભણવા ? તો કે- (૨) શાસ્ત્રમાં જ મન રહેવાથી મન પાપ વિકલ્પોથી બચે.

આવા પવિત્ર ઉદ્દેશ રાખીને તે તે પ્રવૃત્તિ થાય. એ જ્ઞાનયોગની પ્રવૃત્તિ થઈ કહેવાય. આ ૧૬ ગુણ ન હોય એ આવા જ્ઞાનાયોગને આરાધી નહિ શકે. જ્યારે આ-૧૬ ગુણ જેનામાં હોય એ ઉત્તમ જીવ જ્ઞાનયોગને સારો ન આરાધી શકે, એમ બને નહિ.

સોળ ગુણો જ એવી કોટિના છે, કે ગુણોને 'મોહયોગ' સાથે મેળ જામે જ નહિ, તેમ એ ગુણવાળો 'જ્ઞાનયોગ' વિના રહી શકે નહિ. બીજી રીતે જોઈએ તો મોહયોગને આ ગુણો સાથે મેળ ન જામે. ત્યારે જ્ઞાનયોગને આ ગુણો સિવાય ચાલે નહિ. આનો અર્થ એ છે, કે તમારે ગૃહસ્થપણામાં પણ અંશેય જ્ઞાનયોગનું જીવન જીવવું હોય તો અંશે પણ આ ગુણોનો અભ્યાસ કેળવવો જરૂરી છે. માટે તો શ્રાવકજીવનમાં જિનભક્તિ, સાધુસેવા, ધર્મશ્રવણ, સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ, ત્યાગ-તપસ્યા વગેરે યોગો જ્ઞાનયોગની પ્રાપ્તિ માટે સાધવાના કહ્યા છે. એ અભ્યાસ ઊંચો વધી જતાં પૂર્ણ જ્ઞાનયોગનું જીવન અવશ્ય પ્રાપ્ત થશે. સોળ ગુણો એ તો

વિમાન છે. એમાં આરૂઢ થયા એટલે તો જ્ઞાનયોગના ગગન-વિહારને મોજથી આદરવાનું !

આપણી વાત એ હતી, કે ધર્મસંન્યાસ ગૌણપણે તો દીક્ષા લેતી વખતે ય આવે છે, કેમકે ત્યાં સાંસારિક પ્રવૃત્તિધર્મનો ત્યાગ કરી જ્ઞાનયોગનું નિવૃત્તિ-જીવન સ્વીકારવામાં આવે છે. પરંતુ તાત્ત્વિકપણે 'સર્વે ક્ષાયોપશમિક ધર્મોના ત્યાગ' રૂપી ધર્મસંન્યાસ દ્વિતીય અપૂર્વકરણે પ્રાપ્ત થાય છે. આ દ્વિતીય અપૂર્વકરણ માટે વિશિષ્ટ સામર્થ્યની યાને સામર્થ્યયોગની જરૂર રહે છે; અને એ જ્ઞાનયોગના ખૂબ અભ્યાસથી પ્રાપ્ત થાય છે.

**જિનાગમ (૧) સત્યાર્થ, (૨) ભૂતાર્થ, અને (૩) નિરૂપિતાર્થ : છે.**

(૧) **સત્યાર્થ** એટલે, કે સત્ય પદાર્થને કહેનારા છે, પણ અસત્ય જૂઠા પદાર્થને કહેનારા નહિ. દા.ત. જે શાસ્ત્ર એમ કહે કે 'બકરાની ક્રૂર હિંસામય યજ્ઞથી સ્વર્ગ મળે છે' તો એ શાસ્ત્ર અસત્ય પદાર્થ કહે છે; કેમકે જો હિંસાથી સ્વર્ગે જવાતું હોય તો નરકે કોણ જશે ? સર્વજ્ઞ-આગમ અહિંસાદિને જ આત્મહિતકર બતાવી સત્યાર્થ કહેનારા છે.

(૨) 'ભૂતાર્થ' એટલે કે સદ્ભૂત પદાર્થ યાને વાસ્તવ હકીકતમાં સત્ છે, એવા પદાર્થને કહેનારા; કિન્તુ વાસ્તવમાં સત્ નહિ એવા દા.ત. 'અદ્વૈત બ્રહ્મ' 'એકાન્ત ક્ષણિક જગત'... વગેરે કાલ્પનિક પદાર્થને કહેનારા નહિ.

(૩) 'નિરૂપિતાર્થ' અર્થાત્ બરાબર તપાસેલા, એટલે કે સર્વ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી પરીક્ષેલા પદાર્થને કહેનારું છે, સાક્ષાત્ નિહાળેલી વસ્તુને ઉપદેશનારું છે. કિન્તુ વગર પરખેલા અને વગર દેખેલા પદાર્થને તર્ક કે કલ્પનામાત્રથી કહેનારું નથી.

એટલે તો તીર્થંકર ભગવાન અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન જેવા દિવ્યજ્ઞાનને ધરનારા છતાં, અર્થાત્ અતીન્દ્રિયાર્થદ્રષ્ટા હોવા છતાં જ્યાં સુધી કેવળજ્ઞાની અર્થાત્ અનંત-અતીત-અનાગત વર્તમાન સમસ્ત દ્રવ્ય-સમસ્ત પર્યાયોને પ્રત્યક્ષ દેખનાર જ્ઞાની થાય નહિ ત્યાં સુધી પોતે સ્વતંત્રપણે તત્ત્વનિરૂપણ કરતા નથી. એટલે હવે સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા પછી જે કાંઈ કહે છે તે પ્રત્યક્ષ દેખાતું જ કહે છે.

❖ ❖ ❖



## • ઓઘદૃષ્ટિ એટલે શું ? : ભવાભિનંદીપણું : ઈશ્વરને અન્યાય •

**'યોગ એટલે મોક્ષ સાથે જોડી આપે તે.'**

એવી યોગની વ્યાખ્યા બતાવીને પરમાર્થથી યોગને એક જ જાતની વસ્તુ બતાવી. છતાં એ યોગ સાધનારા જુદા જુદા જીવોના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ જુદી જુદી જાતના હોવાથી યોગની દૃષ્ટિમાં ભેદ પડે છે, ચઢિયાતા ચઢિયાતા ક્ષયોપશમથી અધિકાધિક સ્પષ્ટ દર્શન થાય છે. આ જે દર્શનભેદ હોય છે, એના દૃષ્ટાંત માટે અહીં ઓઘદૃષ્ટિમાં પણ કેવો દર્શનભેદ હોય છે, તે બતાવે છે.

અહીં 'ઓઘદૃષ્ટિ' એટલે શું ? એ સમજીએ. 'ઓઘ' એટલે સામાન્ય; જગતના સર્વ જીવોમાં સામાન્ય રીતે જે દૃષ્ટિ હોય તે ઓઘદૃષ્ટિ કહેવાય. એટલે હવે સવાલ છે, કે આ ઓઘદૃષ્ટિ એટલે કે જીવસામાન્યની દૃષ્ટિ કેવી હોય છે ? તો કે ભવાભિનન્દી દૃષ્ટિ, પુદ્ગલાનન્દી દૃષ્ટિ, એટલે કે સંસારમાં જ આનંદ દેખનારી દૃષ્ટિ, જડ પુદ્ગલના જ આનંદને જોનારી દૃષ્ટિ હોય છે. જગત તરફ નજર નાખીએ તો દેખાય છે, કે-

એકેન્દ્રિય જીવને પણ (૧) આહાર, (૨) વિષય, (૩) પરિગ્રહની દૃષ્ટિ હોય છે. (૧) આહારની દૃષ્ટિમાં, ઝાડ જમીનની અંદર જ્યાં ખોરાક પાણી મળે તે તરફ મૂળિયાં રેલાવે છે. (૨) પારાના કૂવા પાસેથી યુવાન સ્ત્રી ઘોડા પર પસાર થતી હોય એ મોંમાંથી કૂવા પર પાનની પીચકારી મારે, ત્યાં જ પારો ઊંચો ઊછળે છે. એમ બકુલના છોડને યુવાન સ્ત્રી લાત મારે એટલે એના પર મહોર-પુષ્પ પ્રગટે છે. આ શું છે ? વિષયદૃષ્ટિ. એમ, (૩) સમરાદિત્ય કેવળિના ત્રીજા ભવના ચરિત્રમાં આવે છે, કે પર્વતના ચઢાણ પર ઊગેલા નારિયેરીના ઝાડે પોતાનું મૂળિયું ઠેઠ તળેટી સુધી લંબાવેલું; કેમકે એજ જીવે કેટલાય ભવો પૂર્વે ત્યાં તળેટીએ ૭ લાખ સોનૈયા દાટેલા, તે પડેલા હતા. શું આ ? પરિગ્રહ-દૃષ્ટિ.

વિચારો, જીવને ઠેઠ એકેન્દ્રિપણાથી આ આહાર-વિષય-પરિગ્રહની દૃષ્ટિ હોય, પછી જીવ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય વગેરેમાં આગળ વધતાં ઠેઠ મનુષ્યભવ સુધી આવે તો ય એ અનાદિ અનંત કાળથી ભવે ભવે પોષેલી આહારાદિની દૃષ્ટિ અને તેની પાછળ પોષેલી ક્રોધાદિ કષાયોની તથા હિંસામય આરંભ-સમારંભ આદિની દૃષ્ટિ શાનો છોડે ? એટલે જ આવા ઊંચા અવતારે પણ ભવાભિનંદી-પુદ્ગલાનંદી દૃષ્ટિ ચાલ્યા કરે છે. આ ઓઘદૃષ્ટિ છે.

જીવની દયાપાત્ર સ્થિતિ તો એ છે, કે જીવે જ્ઞાનીઓના કહેવા મુજબ ચારિત્ર અનંતીવાર લીધા અને પાળ્યા ! પરંતુ તે પણ બધું ઓઘદૃષ્ટિથી કર્યું !

અર્થાત્ કોઈ આહારાદિ દૃષ્ટિથી કર્યું ! તેથી સંસારમાં જીવને જન્મમરણના ચક્ર ચાલ્યા જ કર્યા, ચાલ્યા જ કર્યા,... તે હજી સુધી ચાલુ છે.

જીવને સંસારમાં ઘુમતી વખતે શું આવડે છે ? આ જ,- હિંસામય આરંભ-સમારંભની ઘેલછા, અસત્ય-અનીતિ વગેરે અસંયમની કુટેવ, ખાવા-પીવાની લાલસા, પરિગ્રહ-વિષયોની લંપટતા, કષાયના આવેશ, ને પ્રમાદની પરવશતા,... આ બધી પુદ્ગલાનંદીપણાની જ ઓઘદૃષ્ટિ રાખતાં આવડે છે. પછી એ ભલેને ધર્મક્ષેત્રમાં બેઠો હોય, તો ય ત્યાં મનમાં આ ઝેરી ઓઘદૃષ્ટિ જ રાખ્યા કરવાનો ! દા.ત. સામાયિકમાં બેઠો એક યા બીજો આરંભ-સમારંભનો વિચાર કરતાં એને સંકોચ નહિ ! યાત્રાએ ગયો હશે ત્યાં પણ પૈસા બચાવવા અસત્ય-અનીતિ આચરતાં ક્ષોભ નહિ ! તપ કરશે, પણ એકાસણા વગેરેમાં ટીપટોપ ભોજન ને ઠંડાગાર પાણીની લાલસા ! ધર્મ કદાચ સારા દાનનો વ્યય કરીને કરશે પણ એમાં નકરી માન-સન્માન કીર્તિની ભૂખ ! સંયમ સુધીના ધર્મ કરીને ય ફળમાં આલોક-પરલોકના સુખ-વૈભવ પામવાની જ લગન ! એમ ધર્મ કરતી વખતે પણ કષાયના આવેશ ! દા.ત. પ્રભુ-દર્શનની આડે ઊભેલા પર ગુસ્સો ! ધર્મનું કામ કરીને અભિમાન ! સેવાદિ ધર્મ થોડો કરીને વધારે દેખાડવાની માયા ! દાન-શીલ કરીને માન-કીર્તિ વગેરે. સંસાર-સુખ મેળવવાનો લોભ ! અને ધર્મ-ક્રિયા કરતાં શક્ય એટલો શારીરિક સુંવાળાશ-સુખશીલતા વગેરે પ્રમાદ સેવવામાં સંકોચ નહિ ! આ બધી ઓઘદૃષ્ટિની રામાયણ હોય છે; કેમકે ત્યાં પાયામાં ભવાભિનંદિતા અખંડ છે.

ભવાભિનંદી જીવને હૈયે ઓઘદૃષ્ટિ હોવાને લીધે ક્ષુદ્રતાદિ આઠ દોષોમાં ડૂબ્યા રહેવાનું સહજ હોય છે. શાસ્ત્રકાર આગળ પર ભવાભિનંદીપણાના આ ક્ષુદ્રતાદિ આઠ દોષો કહેવાના છે, તેને અહીં સંક્ષેપમાં જોઈએ,

**क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥**

અર્થાત્ ભવાભિનન્દી જીવ (૧) ક્ષુદ્ર (૨) લાભમાં રતિવાળો (૩) દીન (૪) માત્સર્ય-ઈર્ષ્યાવાળો, (૫) ભયવાળો, (૬) શઠ-કપટી, (૭) અજ્ઞ-મૂઢ, અને (૮) નિષ્ફળ પ્રયત્નવાળો હોય છે.

(૧) **ક્ષુદ્ર** :- ભવાભિનંદી જીવ ક્ષુદ્રતાવાળો હોય. તે કોઈ વિચાર કે વ્યવહાર કરશે યા ધોરણ બાંધશે તે ક્ષુદ્ર યાને તુચ્છ-અધમ રીતિના બાંધશે, પણ ઉમદા દિલના વિચાર, બીજા સાથે ઉમદા વ્યવહાર, કોઈ પ્રસંગ કે પદાર્થ અંગે ઉમદા વ્યવહાર, કોઈ પ્રસંગ કે પદાર્થ અંગે ઉમદા ધોરણ, એને આવડે જ નહિ. એમ,



(૨) **લાભરતિ** :- દુન્યવી લાભમાં હરખનો પાર નહિ, ત્યાં વૈરાગ્ય તો એ શીખ્યો જ નથી. વળી,

(૩) **દીન** :- એને મળેલું ઘણું ય હોય, પણ ઓછું ને ઓછું જ લાગ્યા કરવાનું, ને એથી લાચારી જ બતાવવાનો ! તેમજ એની પૂર્તિ કરવા માટે જેવા તેવાની પણ આગળ દીનતા ગરીબડાપણું-ઓશિયાળાપણું દેખાડી માગતાં સંકોચ નહિ. એટલું જ નહિ પણ,-

(૪) **મત્સરી** :- ઓઘદૃષ્ટિના પ્રભાવે બીજાનું સારું સહન નહિ કરી શકવાથી ઈર્ષ્યા-માત્સર્ય-અસૂયા કર્યા કરશે. બાકી,-

(૫) **ભયવાન** :- નાની મોટી માલમિલકત પર રાગ એટલો બધો કે એના ખોવાવા-બગડવા વગેરેનો ભય રાખ્યા કરશે. વળી,

(૬) **શઠ** :- શઠતા-માયા-દંભ-પ્રપંચ-દ્રોહ વગેરે પણ જડના લોભમાં સેવતાં હૈયે કોઈ અરેકારો નહિ ! એમ,-

(૭) **અજ્ઞ** :- જડના અંધરાગમાં કેટલીય અજ્ઞતા-મૂઢતા તો જાણે કોટે વળગેલી. ત્યારે,-

(૮) **નિષ્ફળ આરંભવાળો** :- ભવાભિનંદીપણાને લીધે જે કાંઈ કામો કરશે એમાં છેવટે તો નિષ્ફળતા-નિરાશા-નિસાસા જ એના લમણે લખાયેલા.

સારાંશ :

**જેમ પતંગિયો સળગતા દીવાની આસપાસ જ આંટા માર્યા કરે છે, એમ ઓઘદૃષ્ટિવાળા ભવાભિનંદી જીવનું મન-બુદ્ધિ વિચારણા-ગણિત-મનોરથ... બધું જ જડ પદાર્થોની આસપાસ જ ઘુમ્યા કરે છે.** અહીં એમ પૂછશો,-

**પ્ર.**- એને શું ચેતન એવા પત્ની-પુત્ર-પરિવાર પર દૃષ્ટિ નથી હોતી ? તો કેમ એનું મન માત્ર જડની જ આસપાસ ઘુમતું કહો છો ?

ઉ.- એ પત્ની-પુત્ર-પરિવાર વગેરેને જોયા કરે છે તે એમના આત્માને નહિ, પણ એમના જડ શરીરને જ જોયા કરે છે. એનું મન એમના જડ શરીરની આસપાસ જ ઘુમ્યા કરે છે. જો એમના આત્મા પર મન લઈ જાય ને ? તો તો એમના આત્માને અને પોતાના આત્માને પણ સદ્ઉપદેશ, સુકૃત-કરાવણ, સદ્ગુણ-સંપાદન... વગેરેથી ન્યાલ જ કરી નાખે ને ? પણ એ આત્મદૃષ્ટિ છે જ ક્યાં ? એ તો ત્યાં કુટુંબ-પરિવારના ય જડ દેહની જ દૃષ્ટિ જ કામ કરતી હોય છે. આમ ઓઘદૃષ્ટિમાં જ્યારે આત્મદૃષ્ટિ જ નહિ, પછી પરલોક-દૃષ્ટિ, મોક્ષ-દૃષ્ટિ, પુણ્ય-પાપની દૃષ્ટિ, પરમાત્મ-દૃષ્ટિ, વૈરાગ્યદૃષ્ટિ... વગેરે તો હોય જ ક્યાંથી ?

એટલે જ અહીં ઓઘદૃષ્ટિવાળાને યોગદૃષ્ટિમાં પ્રવેશ જ નથી હોતો. જ્ઞાનીઓ

કહે છે,- ઉપરની યોગદૃષ્ટિ તો પછી, પણ

**પહેલી ય યોગદૃષ્ટિ લાવવી છે ?**

**તો ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળો, ભવાભિનંદીપણું છોડો, દેહદૃષ્ટિ પડતી મૂકી આત્મ-દૃષ્ટિવાળા બનો; તો જ પહેલી ય યોગદૃષ્ટિ દિલમાં આવી શકશે.**

આ ઓઘદૃષ્ટિમાં રહેલા જીવોને પણ ચૈતન્ય અર્થાત્ જ્ઞાનશક્તિ તો હોય છે, પરંતુ એની પાછળ કામ કરતો જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ જુદા જુદા પ્રકારનો હોય છે, એટલે એ જ્ઞાનના પ્રકાશમાં તરતમતા પડે છે. દા.ત.

રાત્રિનો સમય હોય, એમાં વળી આકાશમાં ઘેરા વાદળ આવી ગયા હોય એટલે તારા પણ દેખાય નહિ, ત્યારે ત્યાં જે અતિ આછું વસ્તુ દર્શન થાય એના કરતાં વાદળ વિનાના દિવસ કરતાં ઓછું સ્પષ્ટ દર્શન થાય છે. ત્યારે દિવસે જો મેઘ ન હોય તો તો એથી ય વધુ સ્પષ્ટ દર્શન થાય છે. વળી નિર્મેઘ દિવસ છતાં જો મન કોઈ ગ્રહ-ભૂત વળગાડથી પકડાયું હોય, તો જે વસ્તુદર્શન થાય, એના કરતાં ગ્રહથી મુક્ત મન હોયે વધુ સ્પષ્ટ દર્શન થાય છે. એવું પણ દર્શન બાળક કરે એના કરતાં પુખ્ત વયવાળો કરે તો એનું વસ્તુદર્શન વિશેષ સ્પષ્ટ થવાનું. એમાં ય જે પુખ્ત ઉંમરવાળાને આંખમાં ઝાંખાશનો કોઈ દોષ હોયે એને જે વસ્તુદર્શન થશે, એના કરતાં નિર્મળ આંખવાળાને વધારે સ્પષ્ટ દર્શન થવાનું.

ખૂબી જુઓ,- આ બધા ય દર્શન કરનારને જોવાની વસ્તુ એક જ છતાં દર્શન વિવિધ જાતનાં થાય છે ! એનું કારણ ? આ જ કે દર્શનની પાછળ જુદા જુદા નિમિત્ત કામ કરી રહ્યાં છે. દા.ત. તદ્દન મંદ દર્શન કરનારને રાત્રિ ઉપરાંત વાદળ નડી રહ્યા છે, ત્યારે બીજાને વાદળ વિનાની રાત્રિ મળી છે.

જેમ આ ઓઘદૃષ્ટિવાળામાં લૌકિક વસ્તુ અંગે ભિન્ન ભિન્ન દર્શનો થાય છે, તેમ યોગદૃષ્ટિવાળાને પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમની વિચિત્રતાથી એક જ પારલૌકિક પદાર્થમાં ય તરતમતાવાળાં દર્શન થાય છે. જેનો ક્ષયોપશમ ઓછો હોય એને જે પ્રભુદર્શન થાય, એના કરતાં વધુ ક્ષયોપશમવાળો વિશેષ સ્પષ્ટ દર્શન કરી શકે.

**દૃષ્ટિ-ભેદની જેમ તત્ત્વ-સ્વીકાર ભેદ :-**

અનેક દર્શનકારોમાં ભિન્ન ભિન્ન તત્ત્વોનો સ્વીકાર કેમ થયો, એ દૃષ્ટાન્તથી બતાવવા કહે છે કે,

જેવી રીતે સામે કોઈ એક જ દૃશ્ય વસ્તુમાં જુદા જુદા પ્રકારના નિમિત્તોને લઈને યા જુદા જુદા પ્રકારની બાબતોને લઈને એના દર્શનમાં ભેદ પડે છે, તેમ પરલોકમાં સંબંધી (આત્મા-પરમાત્મા, શુભાશુભ ભાગ્ય... વગેરે...) પ્રમેય પદાર્થ



અંગે જુદા જુદા પ્રકારના ક્ષયોપશમને લઈને એના સ્વીકારમાં ભેદ પડે છે.

દા.ત. કોઈ નવું મકાન જોવા અનેક માણસો ભેગા થયા, તો મકાનમાં અનેક બાબતો છે, એમાંથી જોનારને અમુક અમુક બાબતને લઈને જુદું જુદું દર્શન થાય છે; દા.ત. કોઈ જુએ છે, કે 'આ મકાનમાં રંગ સરસ કર્યો છે !' કોઈ જુએ છે કે 'આમાં ફરસી સારી નાખી છે !' તો કોઈ વળી સિલિંગ સારી આકર્ષક હોવાનું જુએ છે. કોઈ વળી હવાની દૃષ્ટિએ, તો કોઈ અજવાળાની દૃષ્ટિએ જુએ છે. મકાન એક છતાં જોનારના દર્શનમાં ભેદ પડે છે, એનું કારણ આ જ છે, કે દૃશ્યમાન મકાનમાં બાબતો જુદી જુદી છે. પછી જેના મનમાં જે બાબત આવી, એ બાબતને આગળ કરીને એ મકાન-વસ્તુનું દર્શન કરે છે, દા.ત. કે 'મકાન સારા રંગવાળું' 'મકાન સારી ફરસીવાળું,' 'મકાન સારી હવાવાળું' 'મકાન સારા અજવાળાવાળું.'

જેવી રીતે વર્તમાન દૃશ્યમાન મકાન અંગે દર્શનભેદ રહે છે, તેમ પારલૌકિક આત્મા, શુભાશુભ ભાગ્ય, પરમાત્મા વગેરે પદાર્થો અંગે ચિંતકોના સ્વીકારમાં ભેદ પડે છે. કોઈ આત્માને ક્ષણિક તરીકે સ્વીકારે છે, તો કોઈ નિત્ય તરીકે સ્વીકારે છે; કોઈ ભાગ્યને આત્માના ગુણ તરીકે માને છે, તો કોઈ એને પ્રકૃતિનાં સર્જન તરીકે માને છે; પરમાત્માને કોઈ સદા શુદ્ધ-બુદ્ધ-અક્રિય તરીકે સ્વીકારે છે, તો કોઈ સર્જનહાર-પાલનહાર તરીકે સ્વીકારે છે.

આ સ્વીકારોમાં ભેદ કેમ પડ્યો ? તો કે સ્વીકાર કરનાર ચિંતકોના જ્ઞાનાવરણીયાદિ કર્મના તેવા તેવા વિચિત્ર ક્ષયોપશમને લઈને ભેદ પડ્યો. કોઈના કર્મનો ક્ષયોપશમ કેવો ! તો બીજાનાં કર્મનો વળી ક્ષયોપશમ કેવો ! અર્થાત્ ચિત્રવિચિત્ર ક્ષયોપશમને લઈને એમના આત્માદિ તત્ત્વના સ્વીકાર પણ ચિત્રવિચિત્ર બને છે.

યોગ પર ચિંતન કરનાર આચાર્યો કહે છે, કે તત્ત્વદર્શનમાં જે ભેદ પડે છે, અર્થાત્ તત્ત્વદર્શનકારોને જે ભિન્ન ભિન્ન દેખાય છે, તેની પાછળ કારણ તરીકે આ ભિન્ન ભિન્ન કર્મ-ક્ષયોપશમ છે. અર્થાત્ આત્મા વગેરે તત્ત્વ પર ચિંતન કરનારા દર્શનકારો પૈકી દરેકના કર્મ ક્ષયોપશમ જુદી જુદી જાતના હોવાના કારણે એમના તત્ત્વ-સ્વીકાર જુદા જુદા પ્રકારના બને છે.

**મિથ્યા દર્શનોમાં દર્શનભેદ :-**

વાદળ હોય કે ન હોય, એમ રાત્રિ હોય કે દિવસ હોય. જોનાર બાળક હોય યા પુખ્ત વયનો હોય, તો એ વિચિત્ર નિમિત્તોને લઈને બાહ્ય વસ્તુનાં દર્શનમાં ભેદ પડે છે; એવી રીતે પરલોક સંબંધી પદાર્થો આત્મા, કર્મ, કર્મબંધ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

હેતુઓ વગેરેમાં પણ ક્ષયોપશમની વિચિત્રતાથી બોધમાં ફરક પડે છે, પોતપોતાના ક્ષયોપશમને અનુસારે આત્મા, પુણ્ય-પાપ આદિ તે તે પારલૌકિક પદાર્થના સ્વરૂપની કલ્પના થાય છે.

સારાંશ, ઐહિક પદાર્થના જુદા જુદા પ્રકારના દર્શન દા.ત. (૧) મેઘવાળી રાત્રિએ વસ્તુદર્શન, અને મેઘ વિનાની રાત્રિએ વસ્તુદર્શન; એમ દિવસે વસ્તુદર્શન અને રાત્રિએ વસ્તુદર્શન જુદા જુદા પ્રકારનું થાય છે. એ તેવી તેવી બાહ્ય ઉપાધિને આભારી છે, અર્થાત્ બાહ્ય નિમિત્તને લઈને બને છે; ત્યારે

(૨) આ ચેતન આત્મા, જડ પ્રકૃતિ વગેરે પારલૌકિક પ્રમેય પદાર્થ અંગે... દર્શનભેદ દર્શન કરનારના ક્ષયોપશમની વિચિત્રતાને લઈને બને છે.

આ સૂચવે છે કે જો સર્વજ્ઞના સ્યાદ્વાદી શાસ્ત્રોનું આલંબન રાખીએ તો આપણને એવા પ્રકારનો બોધ મળે, કે જેના પ્રતાપે આત્મા પરમાત્મા વગેરે પારલૌકિક પ્રમેયો-પદાર્થો અંગે યથાસ્થિત દૃષ્ટિ મળે છે, ને તેથી અજ્ઞાનતા-મૂઢતા-એકાન્તવાદ-રાગદ્વેષ વગેરેમાં ફસાતા બચીએ. અરે ! ઐહિક પદાર્થો ધન-માલમિલકત-કુટુંબાદિનું પણ યથાસ્થિત દર્શન થવાથી એના મોહમાં તણાઈ જતા બચીએ.

**અનેકાંતદૃષ્ટિ-સ્યાદ્વાદ દૃષ્ટિની જીવનમાં કેટલી બધી જરૂર છે ?**

જુદી જુદી દૃષ્ટિએ વસ્તુને જોવાનો ઓળખવાનો જો સ્વભાવ પડી જાય, તો વ્યવહારમાં પણ ઝગડા કરવાનું ન બને. કેમકે ઝગડો થવાનું કારણ માણસ પોતાની દૃષ્ટિએ જ વસ્તુ જોઈ સામાની દૃષ્ટિએ થતાં દર્શનને અર્થાત્ ઊભી થતી પરિસ્થિતિને ધ્યાનમાં જ નથી લેતો. તેથી એનો વિરોધ કરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૨,અંક-૩૮,તા.૨-૬-૧૯૮૪

## ૩૧ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

દા.ત. નોકરના હાથે ઘડો ફૂટ્યો, ત્યાં શેઠ એને ધમકાવે છે કે 'ભાનભૂલા ! કેમ ઘડો ફોડ્યો ?'

ત્યાં નોકર કહે છે 'શેઠ ! બીજા કામમાં વ્યગ્ર હતો એટલે ખ્યાલ ન રહેવાથી ઘડો પગે અથડાયો, અને ફૂટી ગયો.'

ત્યાં શેઠ કહે છે, 'બીજા કામમાં વ્યગ્ર એટલે શું ઘડો ફોડી નાખવાનો ? ભાન નહિ રાખવાનું ?'



આમ શેઠ રગડો માંડે છે. એનું કારણ, કે પોતે પોતાની જ સભાનતાની દૃષ્ટિનો આગ્રહ રાખે છે, પણ એ નથી જોતો, કે બીજા કાર્ય પણ પોતાનાં જ છે. નોકરની દૃષ્ટિએ એની વ્યગ્રતામાં એટલે કે એની સભાન દશામાં નોકરને ઘડાનું ભાન ન રહે એ સ્વાભાવિક છે. આ ન જોવાને લીધે રગડો માંડે છે.

આ રગડાનું પરિણામ, સંભવ છે, એ આવે કે નોકર પર મૈત્રીભાવ અર્થાત્ સ્નેહ ગુમાવે છે, એની ભૂલ પર દયાનો વિચાર એને નથી રહેતો; નોકરની બીજી સેવા, નમ્રતા વગેરે ગુણો અંગે પ્રમોદભાવ પણ એને નથી રહેતો, અને પછી શેઠ બીજા આગળ એના આ દોષનું ગાણું ગાય છે, કે 'નોકર ભાનભૂલો ઘડો ફોડી નાખ્યો ! આવા તો એ કેટલાય નુકસાન કરતો હશે !' આમ મૈત્રી, કરુણા, પ્રમોદ અને ઉપેક્ષાભાવ, આ ચારેય શુભ ભાવ ગુમાવે છે. આમ બનવાનું શું કારણ ? કહો,

**માત્ર પોતાની દૃષ્ટિનો આગ્રહ એ બીજા પ્રત્યે મૈત્રી આદિ ભાવોને ગુમાવનારો છે.**

એ તો એવો ખોટો આગ્રહ ન રાખે એજ મૈત્રી આદિ ભાવોને પરતન્ત્ર રહી શકે. શેઠે જો પોતાની દૃષ્ટિનો જ આગ્રહ ન રાખ્યો હોત અને નોકરની દૃષ્ટિએ જોયું હોત, તો એને લાગત, કે 'બીજા કાર્યની વ્યગ્રતામાં એનું જ ભાન રહે, તેથી ઘડાનું ભાન ન રહે, એ વાસ્તવિક છે; ને તેથી તેની વચમાં પડેલો ઘડો ફૂટે એ સ્વાભાવિક છે,' તો શેઠને નોકર પરનો સ્નેહ ન તૂટત, નોકર પર દયાને બદલે દ્વેષ ન આવત, નોકરના બીજા ગુણો અંગે પ્રમોદભાવ રહેત, અને બીજાઓ આગળ નોકરના દોષ ન ગાત. પોતાની દૃષ્ટિના આગ્રહમાં આ બધું ગુમાવ્યું. મિથ્યાદર્શનની એકાંત દૃષ્ટિના આગ્રહવાળાની પણ આ સ્થિતિ થાય છે. એને પોતાની એકાંત દૃષ્ટિની માન્યતાના આગ્રહમાં એથી વિરુદ્ધ માન્યતાવાળા પર સ્નેહ-મૈત્રીભાવ નથી રહેતો; એના બીજા ગુણો તરફ પ્રમોદભાવ નથી રહેતો; ઊલટું એની ઘૃણાથી નિંદા કરે છે કે, 'આ તો આવું આવું મિથ્યા માને છે, આવું સાચું નથી માનતા...' વગેરે.

**જૈનો ઈશ્વર નથી માનતા ?**

દા.ત. ઈતરો કહે છે ને કે, 'જૈનો ઈશ્વર નથી માનતા, નાસ્તિક છે ?' એને કોણ કહે કે 'ભલા આદમી ! એ તો જો, કે એ જો ઈશ્વર-પરમાત્માને ન માનતા હોત તો પર્વતો પર અને બીજે લાખો કરોડો રૂપિયાના પરમાત્માનાં મંદિરો શું કામ બનાવત ? ક્યાં તમે ઈશ્વરને માનનારાઓએ આવા મોટી રકમોના મંદિર બાંધ્યા છે ? આબુના એકેક મંદિર પાછળ કરોડો રૂા. ખર્ચાયા છે ! રાણકપુરનું એક

મંદિર ૯૯ કરોડ રૂપિયાના ખર્ચે બંધાયું છે ! શત્રુંજય પર લાખો રૂપિયાના મંદિરોની હારમાળા છે. ઈશ્વરને-પરમાત્માને અથાગ બહુમાનથી માન્યા વિના શું આ બને ?

**ઈશ્વરને જગત્કર્તા માનવામાં ઈશ્વરની હલકાઈ :-**

ઊલટું ઈશ્વર-પરમાત્માને જગત્કર્તા માનનારાઓએ ઈશ્વરનું બહુમાન નહિ પણ અપમાન કર્યું છે, હલકાઈ કરી છે, વિટંબણા કરી છે. આમ એ કહેશે,- 'ઈશ્વર સર્વ શક્તિમાન છે, જીવોના ભલા માટે જ આખા જગતને સરજે છે,' પરંતુ

હવે એને પૂછો, કે 'તો પછી એમાં જીવોને ત્રાસ આપનારા નરકાગાર સરજીને જીવોનું શું ભલું કર્યું ? જીવોને ભયંકર દુઃખમાં રીબાતા કર્યા એ શું એનું ભલું ?'

તો એ કહે છે, 'એમાં તો જીવોના પાપકર્મો ધોવાય એ એનું ભલું છે.'

તો આપણે પૂછીએ, કે 'ઈશ્વર તો સર્વ શક્તિમાન છે, તો પાપી જીવોનાં પાપકર્મ એને ત્રાસ આપ્યા વિના એમજ ધોઈ નાખવાની શું ઈશ્વરની શક્તિ નથી ? જો એ શક્તિ નથી તો ઈશ્વર સર્વ શક્તિમાન ક્યાં રહ્યા ?'

ત્યારે એ કહે છે, 'તો શું જીવોએ પાપ કરતા રહેવાનું અને ઈશ્વર એમ જ પાપ ધોઈ નાખે ? તો તો ડાંડિયાઓનું ડાંડપણું પોષાતું જ રહે, અને તેથી સજ્જનોનો એમના હાથે મરો જ થતો રહે ! પાપકર્મ કરતા રહેવું અને શિક્ષા ન લેવી એ ક્યાંનો ન્યાય ? માટે ઈશ્વર એવા પાપકર્મ કરનારાને શિક્ષા માટે નરકાગાર વગેરે સરજે એ એના ભલા માટે જ છે.'

આની સામે આપણો પ્રશ્ન આ છે કે,-

'જો ઈશ્વર જીવોનું ભલું જ કરનારો છે, તો જીવોનું પહેલું ભલું તો આ છે, કે 'એ પાપકર્મ કરતા અટકે.' અગર જો ઈશ્વર સર્વ શક્તિમાન છે, તો એ જીવોને પાપકર્મ કરતાં અટકાવવાની શક્તિવાળો નથી ? સર્વ શક્તિમાન ઈશ્વર માટે આ શી મોટી વાત છે, કે જીવને હિંસા-ખૂન વગેરે કરવાનાં સાધન હાથ શસ્ત્ર વગેરેને ક્રિયાશીલ બનતાં અટકાવી ન શકે ? સમુદ્રમાં મોટી મોટી ભરતી-ઓટ કરવાની શક્તિવાળો ઈશ્વર શું ખૂન કરવા જનાર જીવના હાથ ન થંભાવી દે ? અક્કડ ન કરી શકે ? હાથ અક્કડ જ કરી નાખે તો પછી એ જીવ ખૂન શી રીતે કરી શકવાનો ? એમ જૂઠ બોલવા જનાર જીવની એક નાનકડી જીભ ન થંભાવી દે ? જો જીભ જ અક્કડ કરી નાખે, તો પછી એ જીવ અસત્ય બોલી જ શી રીતે શકે ? આમ ઈશ્વરને સર્વ શક્તિમાન કહી જીવોને પાપકાર્ય કરતાં અટકાવવામાં



શક્તિહીન કહેવો, એ શું ઈશ્વરનું અપમાન નથી ? વિટંબણા નથી ? હલકાઈ નથી ?

**જગત્કર્તૃત્વમાં ઈશ્વરની વીતરાગતા હણાય :**

આના કરતાં બહેતર છે, કે ઈશ્વરને વીતરાગ નિર્વિકાર માની આવી જગત્સર્જનના ખટપટ વિનાનો કહેવો. કેમકે જગતના વિચિત્ર સર્જનમાં તો રાગદ્વેષ કરવા પડે, ત્યાં ઈશ્વરની વીતરાગતા હણાય.

પરંતુ એકાંત એક દૃષ્ટિ રાખી એવો અસદ્ આગ્રહ રાખવો કે 'જગતની સર્જનહાર કોઈ એક વ્યક્તિ હોવી જ જોઈએ,' એમાં પરિણામ આ આવે છે, કે યુક્તિ પુરસ્સર પણ એમ ન માનનાર પ્રત્યે આ મિથ્યાદૃષ્ટિ મૈત્રીભાવ-સ્નેહ ગુમાવે છે, દ્વેષ કરે છે, અને સામાના બીજા ગુણોનાં પ્રમોદભાવ પણ ગુમાવી નિંદા કરે છે. ત્યાં પછી એને 'જીવનમાં મૈત્રી આદિ ભાવ તો હોવા જ જોઈએ,' એવી મૈત્રી આદિ ભાવની કોઈ પરતન્ત્રતા રહેતી નથી. એ તો અસદ્ આગ્રહો મૂકી દે, તો જ મૈત્રી આદિ ભાવના પરતન્ત્રતા આવે. સમ્યગ્દૃષ્ટિ આત્માને કોઈ અસદ્ આગ્રહ હોતો નથી, તેથી એનામાં મૈત્રી આદિ ભાવોનું પારતન્ત્ર્ય રહી શકે છે.

## • મૈત્રી આદિની પરતંત્રતા એક મહાન સિદ્ધિ •

**પ્ર.-** અહીં યોગદૃષ્ટિમાં 'મૈત્રી આદિનું **પારતંત્ર્ય** હોવાથી' એમ કેમ કહ્યું ? સાદું 'મૈત્રી આદિ હોવાથી' એમ કેમ ન કહ્યું ?

**ઉ.-** મૈત્રી આદિ ભાવોનું અસ્તિત્વ હોય એમ કહેવામાં તો અલબત મૈત્રી આદિ ભાવની હાજરી કહી, પરંતુ તે હંમેશાં નહિ, ને મોટા ભાગે હોય તો ય હાજરી તો કહેવાય, એટલે શ્રોતાને એ સમજ થવાનો સંભવ છે,- 'આમ તો મૈત્રી આદિ ભાવ રાખવાના, પણ કોઈ અવસરે મૈત્રી આદિ ભાવ ન રાખી શકાય તો ચાલે.'

ત્યારે 'પારતન્ત્ર્ય' કહેવાથી એ સૂચવ્યું, કે 'મૈત્રી આદિ ભાવને પરતંત્ર જ રહેવાનું,' એટલે હૈયું સમજી જ લે છે કે, "હવે હંમેશ માટે હું તો મૈત્રી આદિ ભાવોને જ પરતંત્ર રહીશ. એટલે ગમે તેવા સંયોગ પરિસ્થિતિ-પ્રસંગ આવીને ઊભા રહો તો ય હું તો મૈત્રી આદિ ભાવોને બંધાયેલો; એટલે મારાથી એ ભાવો છોડી શકાય જ નહિ." આ પરતંત્રતા હોય એને ક્યારેય પણ એ મૈત્રી આદિ ભાવ વિના ચાલે જ નહિ. અહીં પરતંત્રતા કોને કહે છે ? પરતંત્રતા એટલે પરાણે એને વળગ્યા રહેવું પડે એમ નહિ, કિન્તુ મન પર એવો ભાવ, કે 'મારે આના વિના



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ચાલે જ નહિ.' આજે લોકો સવાર પડી કે ચહાને પરતંત્ર હોય છે ને ? એટલે શું ચહા પરાણે પીવી પડે છે ? ના, ચહા વિના ચાલે જ નહિ. ચહા માટે હૈયું વલખાં મારે. ચહા મળે ત્યારે જ નિરાંત થાય. એમ પ્રસ્તુતમાં મૈત્રી આદિ ભાવ રાખ્યા વિના ચાલે જ નહિ. પ્રસંગમાં મૈત્રી આદિ ભાવને અખંડ રાખીને નિરાંત થાય એવું મનનું વલણ હોય. ગમે તેવા પ્રસંગમાં પણ મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષાભાવ રાખીને જ નિરાંત થાય.

ધનના લોભી માણસનાં મનને એમ હોય છે, કે 'મારે ધન વિના ચાલે જ નહિ. એવી એની ધનની પ્રત્યે પરતંત્રતા રહે છે, એમ અહીં સમ્યક્ત્વ પામેલા જીવના મનને એવું હોય છે, કે, 'મારે મૈત્રી આદિ ભાવ રાખ્યા વિના ચાલે જ નહિ.' સમ્યક્ત્વ અવસ્થામાં પ્રાપ્ત શુદ્ધ બોધના પ્રભાવે એવી એની મૈત્રી આદિ ભાવ પ્રત્યે પરતંત્રતા હોય છે.

આમ જ્યારે એના મનને 'મૈત્રી આદિ ભાવ વિના ચાલે જ નહિ' એવું હોય છે, ત્યારે એનું પરિણામ એ આવે છે, કે જે લોકો એકાંત એક નય જ પકડી એના આધારે પ્રાપ્ત એકાંત તત્ત્વ-વ્યવસ્થાને સાચી તરીકે પ્રરૂપી બીજા ઘટમાન તત્ત્વને ઉડાવે છે, ત્યારે આ મૈત્રી આદિને પરતંત્ર સમકિતી આત્મા એમના પ્રત્યે મૈત્રીભાવ-સ્નેહભાવ ગુમાવતો નથી. તેમ એમના પ્રત્યે દ્વેષ પણ ન લાવતાં કરુણાભાવ લાવે છે, કે, 'આ બિચારા મિથ્યાત્વ અને અજ્ઞાનતાવશ બીજા નયથી ઘટમાન ધર્મનો અપલાપ કરી અસત્ય સેવે છે ! એ બિચારા દયાપાત્ર છે !' સાથે મૈત્રી ભાવના રાખે છે, કે 'એ બિચારા સત્યનો અપલાપ ન કરો, ને એમનું ભલું થાઓ !' વળી સાથે પ્રમોદભાવ રાખી, એ મિથ્યાત્વ-પીડિત લોકમાં બીજા જે ગુણ હોય છે તેની અનુમોદના રાખે છે.

**સમકિતનું બીજ :-**

'અમૃતવેલની સજ્ઝાય'માં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે, કે,-

**"અન્યમાં પણ દયાદિક ગુણો, જે જિનવચન અનુસાર રે,**
**તે ગુણ તાસ અનુમોદીએ, સમકિત બીજ નિરધાર રે.**
**ચેતન જ્ઞાન અજુવાળિએ..."**

અર્થાત્ જૈન ધર્મથી અન્ય ધર્મ માનનારાઓમાં પણ જૈન ધર્મને અનુસાર જે દયાદિ ગુણો હોય, એ ગુણોની અનુમોદના કરીએ, તો એ અનુમોદના સમ્યક્ત્વનું નિશ્ચિત બીજ બને છે.' કેમકે કહ્યું કે- **"બીજં સત્પ્રશંસાદિ"** તે તે ગુણ કે ધર્મની સમ્યક્ પ્રશંસાદિ એ બીજ છે. તેથી અન્યના પણ દયાદિ ગુણોની પ્રશંસા અનુમોદના કરીએ એટલે એ તે તે પરાકાષ્ઠાના દયાદિ ગુણોના વૃક્ષનું બીજ બને છે. એમાં



પછી અમુક કક્ષાના દયા, પ્રશમ, સંવેગ, નિર્વેદ વગેરે ગુણો વિકસ્વર થતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેથી કહેવાય, કે અન્યોમાં રહેલા જિનવચનાનુસાર દયાદિ ગુણોની અનુમોદના એ સમ્યક્ત્વનું બીજ છે.

**'દયાદિ જિનવચનાનુસાર' કેમ કહ્યું ?-**

અહીં 'દયાદિકગુણો જિનવચન અનુસાર' કહ્યું, એ એટલા માટે કહ્યું કે, જે દયાદિકગુણો જિનવચન અનુસાર ન હોય એ સમ્યક્ત્વનું બીજ ન બને. દા.ત. માછીમારની જાળ તૂટી ગઈ, અને એ ધંધો બંધ થતાં ભૂખે મરતો હોય, તો એને નવી જાળ અપાવવાની દયા કરવી એ જિનવચન અનુસાર નથી. હા, એ ભૂખે મરતો હોય તો એને ખાવાનું આપી દેવું, એ દયા કરવી, એ અનુકંપાદાનનો ગુણ છે, ને એ જિનવચન અનુસાર દ્રવ્યદયા છે; પરંતુ જાળથી તો એ કેટલાય પંચેન્દ્રિય જીવ માછલા-માછલીઓને પકડી પકડી મારવાનો; એમાં તો મહાહિંસા છે, ને જિનવચનથી એ નિષિદ્ધ છે, જિનવચન અનુસાર નથી. એમ 'કન્યાદાન' એ જિનવચન અનુસાર દાનગુણ નથી, કેમકે એ કન્યા પછી પતિના ઘરનો આખો આરંભ, વિષય, પરિગ્રહમય ખટલો ચલાવવાની, તથા પતિ સાથે પ્રત્યેક વિષય-સંયોગમાં બેથી નવલાખ ગર્ભ જ પંચેન્દ્રિય મનુષ્યોની હિંસા ચલાવવાની. જિનવચન આવા પરિણામવાળા કન્યાદાનને દાનગુણ કહેતું નથી.

**સાધર્મિક ઉદ્ધાર માટે મિલ ન કઢાય :-**

લાલભાઈ દલપતભાઈ શેઠને એક વાર આચાર્ય શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજે સાધર્મિક ઉદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો, ત્યારે લાલભાઈ શેઠ કહે, 'સાહેબ ! તો પછી હું એક કાપડની મિલ ચાલુ કરું તો કેમ ? એમાં સીદાતા સાધર્મિકોને મોટી સંખ્યામાં નોકરીએ રાખી લઉં. એટલે પછી એમને જીવનભર આજીવિકા મળતી રહેશે.' આચાર્ય મહારાજશ્રી કહે, 'અરે લાલભાઈ ! આ તું શું બોલે ? આજીવિકા તો મળતી રહે; પણ એ તો જો કે પહેલું તો મિલ એટલે તારા માટે જ મોટા કર્માદાનનો ધંધો થાય એનું કેમ ? એમાં પાછું સાધર્મિકોના નિમિત્તે મિલ ચલાવે એટલે મોટા કર્માદાનમાં નિમિત્ત બનાવે સાધર્મિક ભાઈઓને ! વળી એ તારું કારખાનું તો યાવચ્ચંદ્ર દિવાકર એટલે કે કાયમી બની જાય. એ વર્ષોના વર્ષો મહા આરંભ-સમારંભ ચાલ્યા જ કરે એનું કેમ ? માટે આવી જિનશાસન બાહ્યની વિવેક વિનાની સાધર્મિક ઉદ્ધારની પ્રવૃત્તિની વાત રહેવા દે. તારાથી બની શકે તો યોગ્ય ઉપાયે સીદાતા સાધર્મિકોનો ઉદ્ધાર કર."

વાત આ છે કે, જે દયાગુણ-દાનગુણ, સાધર્મિક ભક્તિનો ગુણ જિનવચન અનુસાર હોય, એજ સમ્યક્ત્વનું નિશ્ચિત બીજ બની શકે. આ ગુણોમાં મૈત્રી આદિ



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

ગુણો પાયાના ગુણ છે. એની મન પર પરતંત્રતા આવે, 'હું આ મૈત્રી આદિને પરતંત્ર, પરાધીન, એ ગુણો વિના મારે ન જ ચાલે,' એવો ભાવ આવે, ત્યારે આત્માનો આશય ગંભીર અને ઉદાર બને છે. એના ઉપર પ્રવૃત્તિ પરાર્થ પરહિતની બનવાની છે.

કેવી સરસ આ વાત છે !- જટિલ રાગદ્વેષની ગ્રન્થિ ભેદાય, ગ્રન્થિભેદ થાય, એને રાગદ્વેષ મોળા પડવાથી શુદ્ધ બોધ થાય, જ્ઞાનની નિર્મળતા થાય. એ થવાથી અસદ્ આગ્રહો મૂકાઈ જાય. તેથી સર્વ જીવ પ્રત્યે સ્નેહભાવરૂપ મૈત્રીભાવ આદિની પરતંત્રતા આવે. પ્રશ્ન થાય,-

**સ્વાર્થ માયા અને આપમતિથી અસદ્ આગ્રહ.**

**પ્ર.**- અસદ્ આગ્રહોના ત્યાગને મૈત્રી આદિ ભાવો સાથે શો સંબંધ છે, કે અસદ્ આગ્રહ મૂકાઈ જાય એટલે મૈત્રી આદિ ભાવોની પરતંત્રતા આવે ?

**ઉ.**- સંબંધ આ રીતે છે, દા.ત. પહેલું એટલું વિચારો કે બીજા જીવ પ્રત્યે સ્નેહભાવ કેમ તૂટે છે ? અગર સ્નેહ કોણ નથી આવવા દેતો ?

જીવને પોતાના સ્વાર્થ સાધવાનો અને પરની પરવા નહિ કરવાનો એટલો બધો રસ છે, આગ્રહ છે, કે પોતાના સ્વાર્થની આડે કોઈ આવે છે એ ખમાતું નથી.

પરનો ઉત્કર્ષ થાય એય ખમાતું નથી, પછી ત્યાં સ્નેહ તૂટે એ સહજ છે. આ સ્વાર્થનો આવો આગ્રહ એ અસદ્ આગ્રહ છે, એટલે એ સ્વાર્થના દુરાગ્રહની જ્યાં સુધી બોલબાલા હોય ત્યાં સુધી એ સ્વાર્થીને પોતાના સ્વાર્થની આડે કોઈ આવે ત્યાં એને એ જીવ પ્રત્યે સ્નેહભાવ પાલવે જ નહિ.

એમ જીવને બીજો અસદ્ આગ્રહ આપમતિનો હોય છે. 'પોતે માને છે એ જ ખરું.' એવી આપમતિ છે; એટલે પોતાની કલ્પનાથી વિરુદ્ધ કોઈ બોલે, કલ્પનાનું કોઈ ખંડન કરે, તો તે પણ એને અસહ્ય બને છે. એટલે પછી એ વિરુદ્ધ બોલનાર કે ખંડન કરનાર પ્રત્યે દ્વેષ આવી જવાથી સ્નેહભાવ તૂટે છે, યા સ્નેહભાવ આવતો જ નથી. જો આ સ્વાર્થાંધતા અને આપમતિના અસદ્ આગ્રહ મુકાઈ જાય તો મૈત્રી આદિ ભાવોને આવવામાં ને પોતે મૈત્રી આદિ ભાવોને પરતંત્ર બનવામાં કશી કઠણાઈ નથી. ત્યારે સવાલ થાય.

**અસદ્ આગ્રહ છોડવાનો ઉપાય :-**

**પ્ર.**- આવા અસદ્ આગ્રહ તો અનાદિના છે, એ શે મૂકાય ?

**ઉ.**- આ માટે એ જુઓ, કે કેમ સ્વાર્થમાયા અને આપમતિનો અસત્ આગ્રહ ચાલે છે ? કહો, શુદ્ધ બોધ નથી માટે, સર્વજ્ઞ ભગવાને કહેલ હેય-ઉપાદેય તત્ત્વનો



બોધ નથી, તત્ત્વની શ્રદ્ધા નથી માટે. જો આ શ્રદ્ધા હોત, આ શુદ્ધ બોધ હોત તો સમજી રાખ્યું હોત કે,

**સ્વાર્થમાયા મૂકી દેવા શુદ્ધ બોધની સમજ :-**

'સ્વાર્થ માયા તો નાશવંત પદાર્થોના રાગ-આસક્તિ-મમતાનાં ઝેર પીવરાવ્યા કરનારી હોવાથી અત્યંત હેય છે, ત્યાજ્ય છે, તો એનો આગ્રહ શો રાખવો ? એ સ્વાર્થની વસ્તુ ગઈ તો જવા દે, શા એના શોક કરવા ? ચક્રવર્તીઓના છ ખંડ ગયા, તો મારે તે એવું શું ગયું છે કે એની ખાતર મૈત્રી શા માટે ગુમાવું ? મારા કિંમતી હૃદયમાં રોગ તુલ્ય ક્રોધ-દ્વેષ-વૈર શા માટે ઘાલું ? જગતની વસ્તુઓ હેય છે, એમ અંતરાત્માના ક્રોધાદિ કષાયો ય હેય છે. બહારની હેય વસ્તુ જવા પર આભ્યન્તર હેય વસ્તુ કષાયોને મારે મારી જાતે શા સારુ પોષવા ?'

જો આમ શુદ્ધ બોધ હોય તો જેવો સ્વાર્થમાયાનો અસદ્ આગ્રહ નહિ, તેવો આપમતિ અને અતાત્ત્વિક વસ્તુનો આગ્રહ નહિ રાખે. કેમકે સર્વજ્ઞ વચનાનુસારી શુદ્ધ બોધ છે. એટલે સમજે છે કે,-

**આપમતિ મૂકી દેવા શુદ્ધ બોધની સમજ :-**

'ક્યાં એ ભગવાનનું અનંતજ્ઞાન ? અને ક્યાં મારું દરિયામાં ખસખસ જેટલું અતિ અલ્પ જ્ઞાન ?

'એવા મારા અતિ અલ્પ જ્ઞાન અને બાકીના મહા અજ્ઞાન પર શી આપમતિ રાખું ? મારે તો સર્વજ્ઞ-કથિત તત્ત્વનું જ શરણ.

'મારી પોતાની કોઈ મતિ નહિ; મારે તો જિનની-સર્વજ્ઞની મતિ એ જ મારી મતિ, જિનના મત પ્રમાણેની જ મારી મતિ.'

આપમતિના અસત્ આગ્રહવાળાને આ નથી પોષાતું. એને અભિમાન ખપે છે, અને જિનવચનની અવગણના પોષાય છે; કેમકે, આપમતિમાં 'હું માનું તે જ ખરું; મને લાગે છે તે જ બરાબર છે,' એવી બુદ્ધિ રહે છે; અને આવી બુદ્ધિમાં સ્પષ્ટ અભિમાન છે, તેમજ સર્વજ્ઞ ભગવાનના મતની અને ભગવાનની અવગણના છે. જમાલિ એથી જ પટકાઈ પડ્યો; ગૌતમ મહારાજે એને સમજાવ્યો ન સમજ્યો. 'હું માનું તે બરાબર; ભગવાન કહે છે તે બરાબર નહિ,' આવા અસત્ આગ્રહમાં એને અભિમાન સારું પોષાઈ રહ્યું ! અને એમાં છઠ્ઠા ગુણઠાણેથી લપસ્યો તે પહેલા ગુણઠાણે આવી ઊભો ! અને ભવ ભમવાના વધી ગયા !

**અતાત્ત્વિકના અસદ્ આગ્રહ મૂકવા સમજ :-**

માટે અતત્ત્વની આપમતિનો ય દુરાગ્રહ ખરાબ. એમાં 'અતાત્ત્વિક યાને માલ વિનાની વસ્તુ કે બાબતની ખેંચપકડ ખરાબ,' એ પણ આવે. એય અસદ્



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

આગ્રહ છે. એમાં એને સમજાતું નથી કે,-

**'મનુષ્ય જન્મ કિંમતી છે, તાત્ત્વિક બાબતો માટે છે, એને અતાત્ત્વિક બાબતમાં વેડફી નાખવો એ મૂર્ખાઈ છે.'**

દા.ત. સામાએ કોઈ વસ્તુ અહીંની તહીં મૂકી હવે એના પર ચર્ચા માંડવી કે 'તહીં મૂકી જ કેમ ?' પેલો કહે 'મેં મૂકી જ નથી;' પછી આપણે કહીએ 'તહીં મૂકીને પાછું જૂઠું બોલો છો ?' ત્યાં પેલો કહે 'સાબિત કરો...' આ અતાત્ત્વિક બાબતની ખેંચપકડ છે.

**અતાત્ત્વિક ખેંચપકડમાં કેટલું ખોવાનું ? :-**

(૧) એમાં કિંમતી જન્મ, કિંમતી જીવન-સમય બરબાદ થાય છે. જીવનની મહાકિંમત ભૂલાય છે.

(૨) જીવનમાં દાખવી શકાતા ક્ષમા ઉદારતા ભૂલાય; તથા

(૩) જીવનમાં ચલાવી શકાતા અખંડ મૈત્રી આદિ શુભભાવો ગુમાવાય. તથા

(૪) વારંવાર ચિંતવી શકાતી અનિત્યતાદિની શુભભાવનાઓ જતી કરાય.

(૫) સહેજે કરી શકાતા તત્ત્વચિંતન, તીર્થસ્મરણ અને નવકારસ્મરણ... વગેરે ગુમાવાય.

એની મહાકિંમત ન સમજે, એ જ એવા આપમતિના અને અતાત્ત્વિક બાબતોના અસદ્ આગ્રહ અને ખેંચપકડમાં પડે; અને પછી સામા પ્રત્યે સ્નેહ ગુમાવે, મૈત્રીભાવ ગુમાવે. માટે કહ્યું, શુદ્ધ બોધ હોય તો અસદ્ આગ્રહ પડતા મૂકે, એથી નિવૃત્ત થઈ જાય.

**વળી શુદ્ધ બોધ આ, કે.**

'માનવ-સમય અને એમાં રખાતી શુભ વૃત્તિઓ મહાકિંમતી છે, એને ખોટી ચર્ચા ખેંચપકડ તથા તુચ્છ ગણતરીઓમાં વેડફી નાખવી એ કર્મસત્તાનો મોટો ગુન્હો છે, ને એની સજા ભારે !'

આ શુદ્ધ બોધથી અસદ્ આગ્રહ ન રાખે, તેથી મૈત્રી આદિ ભાવ ન ગુમાવે, પણ પોતે મૈત્રી આદિ ભાવને સદા પરતંત્ર રહે. મનને નિર્ધાર હોય કે 'ગમે તે થાઓ પણ મારે મૈત્રી આદિ વિના ચાલે જ નહિ. મારે અમૈત્રી આદિ પાલવે જ નહિ. હું મૈત્રી આદિ ભાવને જીવનભર બંધાયેલો. એના આધારે જ જીવી શકું.' આ થઈ મૈત્રીની વાત કે અસદ્ આગ્રહ હોય ત્યાં મૈત્રી ગુમાવાય.

**અસદ્ આગ્રહ ત્યાં કરુણા-પ્રમોદ કેમ નહિ ? :-**

જો અસદ્ આગ્રહ હોય તો, એવા કરુણાભાવ-પ્રમોદભાવ વગેરે પણ ટકાવવા



મુશ્કેલ બને છે. સ્વાર્થ માયાના અસદ્ આગ્રહમાં યાને સ્વાર્થમાયાની પકડમાં બીજા પર દ્વેષ આવે છે, દયા નથી કરી શકાતી. ઊલટું બીજાનું પડાવવા ધારે છે ! પ્રમોદભાવ નહિ એટલે બીજા સુખી અને ગુણિયલની ઈર્ષ્યા કરે છે. પછી આપમતિની પકડમાં સામા પ્રત્યે ભાવકરુણા કરવાની વાતેય શી ? ઊલટું સામા પર દ્વેષ કરશે, એટલે કરુણા ય ગુમાવશે, અને પ્રમોદભાવને પણ ગુમાવશે. બીજા પ્રત્યે પ્રમોદભાવને બદલે ઈર્ષ્યા કેમ થાય છે ? કારણ આ છે,- જો કે બીજાને એના પુણ્યે કરીને સુખ મળ્યું છે, તેમ એના ગુણે કરીને એને મહાનતા મળી છે, પરંતુ ઈર્ષ્યા કરનારને એવી માન્યતાની પકડ છે કે 'બીજાને સારું મળવું જ કેમ જોઈએ ? બીજાની મહાનતા થવી જ શા માટે જોઈએ ?' આ ખોટી પકડ એ અસદ્ આગ્રહ છે, ને તેથી પ્રમોદભાવના સ્થાને ઈર્ષ્યા કરે છે, ખાર-અસૂયા-અસહિષ્ણુતા રાખે છે. શુદ્ધ બોધના વાંધા, એટલે આવા આવા અસદ્ આગ્રહ મૂકાતા નથી, ને તેથી મૈત્રી આદિ પવિત્ર ભાવોને પરતંત્ર રહેવાનું બનતું નથી. એટલે અહીં ઠીક જ કહ્યું કે,

**શુદ્ધ બોધ આવે ત્યાં અસદ્ આગ્રહો નિવૃત્ત થઈ જાય, અને**
**એ નિવૃત્ત થઈ જવાથી મૈત્રી આદિ ભાવોની પરતંત્રતા આવે.**

હવે મૈત્રી પ્રમોદ કરુણા એ ત્રણ શુભ ભાવ ઉપરાંત ચોથો ભાવ છે ઉપેક્ષાભાવ, યાને પરદોષની ઉપેક્ષા.

**અસદ્ આગ્રહ ત્યાં ઉપેક્ષાભાવ નહિ :-**

અસદ્ આગ્રહો, સ્વાર્થનો આગ્રહ, આપમતિનો આગ્રહ અને અતાત્ત્વિક બાબતોનો આગ્રહ એ મૈત્રી આદિ ત્રણ શુભભાવને નથી આવવા દેતો, અગર નથી ટકવા દેતો. એમ ચોથો શુભભાવ જે ઉપેક્ષાભાવ, એ ઉપેક્ષા ભાવને પણ નથી આવવા દેતો, કે નથી ટકવા દેતો. ઉપેક્ષા કરવી એટલે પરના દોષ પ્રત્યે આંખમિંચામણાં કરી એની ચિંતા ન કરવી. એ એનાથી નથી બનતું. વાસ્તવમાં,

**સુખમય અને શુભમય જીવનની આ એક ઉત્તમ ચાવી કે પરદોષ દેખાવા છતાં મન પર નહિ લેવા.**

ઉપેક્ષાભાવમાં બીજાના દોષો, બીજાની ક્ષતિઓ-ત્રુટિઓ ભૂલો હલકાઈ વગેરે પ્રત્યે ઉપેક્ષા કરવાની આવે; એના પ્રત્યે આંખમિંચામણા કરવાના આવે; એને મન પર નહિ લેવાનું આવે.

**પ્ર.**- પણ પરદોષ દેખાઈ જાય એટલે મન પર તો આવે જ ને ?

**ઉ.**- ના, એવો નિયમ નથી કે દેખાઈ જાય એ બધું મન પર આવે જ.

# (૩૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

એમ તો સામે આંખ નાખો ત્યાં ઘણું ય બધું દેખાઈ જાય છે, પરંતુ તે બધું ય થોડું જ મન પર આવે છે ? કે મન પર લઈએ છીએ ? એ તો જે મન પર લેવું હોય તે જ મન પર આવે છે. કૃષ્ણ મહારાજાની ગુણદૃષ્ટિની પરીક્ષા કરવા દેવે એમની સવારીના રસ્તાની બાજુમાં કૂતરીનું કોહી ગયેલું દુર્ગંધમય મડદું વિકુર્વીને મૂક્યું. કૃષ્ણજીની સાથેના બીજાઓ નાકે ડુચો દેઈ 'હટ્ ! કેવું કોહેલું ને કીડા ખદખદતું મડદું !' કહી ચાલ્યા, કૃષ્ણજી વાસુદેવ 'અહો ! આ મડદામાં સફેદ દંતપંક્તિ કેવી મોતીના દાણા જેવી શોભી રહી છે !' એમ બોલતાં ચાલ્યા આગળ. મડદામાં તો બધું ય દેખાતું હતું, પરંતુ જેને મન પર જે લેવું હતું તે લીધું. બીજાઓ દોષદર્શી હતા, તેથી એમણે કીડા અને કોહવાટ લીધા, અને કૃષ્ણ મહારાજા ગુણપ્રેક્ષી હતા, તેથી એમણે મન પર સફેદ દાંતની પંક્તિ લીધી, પણ કીડા-કોહવાટ ન લીધા ! બસ, ઉપેક્ષાભાવમાં મન પર બીજાના દોષ નથી લેવાના. હવે અહીં પ્રશ્ન છે, કે-

**અસદ્ આગ્રહ-ત્યાગ અને ઉપેક્ષાભાવને શો સંબંધ ?**

**પ્ર.**- આ ઉપેક્ષાભાવને અને અસદ્ આગ્રહ ત્યાગને શો સંબંધ કે અસદ્ આગ્રહ છોડી દેવામાં આવે તો જ ઉપેક્ષાભાવ આવે ?

**ઉ.**- સંબંધ આ છે, કે જીવને અનંત અનંત કાળથી આ કુટેવ છે, એટલે કે જાણે આગ્રહ છે, કે પોતાનું સારું જ જોવું, અને બીજાનું હલકું જ જોવું; પોતાના ગુણ જ જોવા અને બીજાના દોષ જોવા. કદાચ પરનો ગુણ જોશે, તો ય સાથે દોષ પર દૃષ્ટિ લઈ જશે ! દા.ત. 'ફલાણાભાઈ તપસ્વી ખરા, પણ એમને ગુસ્સો બહુ...' 'ભાઈ દાન તો દે છે, પરંતુ અભિમાની છે.' 'આ પરદોષ-પ્રેક્ષણનો અસદ્ આગ્રહ મારે છોડી દેવો જ છે,'- એવો મન પર નિર્ધાર કરી એને છોડી દે, તો જ પછી સહેજે બીજાના દોષ ક્ષતિ-ભૂલ પ્રત્યે ઉપેક્ષાભાવ આવે.

**પ્ર.**- પણ આ અનંત અનંત કાળનો અભ્યસ્ત પરદોષ-પ્રેક્ષણનો અસદ્ આગ્રહ છૂટે શી રીતે ?

**ઉ.**- એ અસદ્ આગ્રહ છૂટે શુદ્ધ બોધથી, સર્વજ્ઞ-વચનથી. જ્યારે જાણ્યું કે 'પરદોષ જોવામાં નીચગોત્ર કર્મ બંધાય છે, પરભવે ઢેડ-ભંગીના કે કુતરા-ગધેડાના અવતાર મળે છે,' તો એ બોધથી સહેજે પોતાને એવી હલકી ગતિનો ભય લાગે,



ને પરદોષ જોવાનો આગ્રહ છોડી દેવાય.

'વળી બીજાના દોષ હલકાઈ વગેરેનો વિચાર એ કાળો વિચાર છે, અને પરનાં સારાનો વિચાર એ ઊજળો વિચાર છે.

**'કાળો વિચાર મન કાળું કરે, ઉજ્જ્વળ વિચાર મનને ઊજળું કરે.'**

'તો શા સારુ બીજાના દોષ જોઈ પોતાના મનને કાળું કરવું ?'

આ શુદ્ધ બોધ હોય તો સહેજે પરદોષ જોવાનું બંધ કરી, એની ઉપેક્ષા થાય.

વાત આ છે, કે પાછલી સ્થિરાદિ ચાર યોગદૃષ્ટિમાં સમ્યગ્દર્શન છે, શુદ્ધ બોધ છે. તેથી અસદ્ આગ્રહો નિવૃત્ત થાય છે. એનો ત્યાગ કરવામાં આવે છે. તેથી મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષાભાવનું પારતંત્ર્ય આવે છે. મન નક્કી કરે છે કે 'મારે અસદ્ આગ્રહોને વળગ્યા રહેવાનું નહિ, એની મારે ગુલામી નહિ, પરંતુ આ મૈત્રી ભાવ આદિ ચાર શુભ ભાવને જ વળગ્યા રહેવાનું, એની જ મારે પરતંત્રતા.' આનું નામ મૈત્રી આદિની પરતંત્રતા મન પર લીધી.

## • ગંભીર અને ઉદાર આશય એક મહાન સાધના •

જીવ મૈત્રી આદિ ભાવોને પરતંત્ર બનવાથી એ ગંભીર, અને ઉદાર આશયવાળો બની જાય છે. 'આશય' એટલે મનનો અધ્યવસાય, મનનો ભાવ, મનનું વલણ, મનની પરિણતિ. એ ગંભીર અને ઉદાર બની જાય છે.

**ગંભીરના ત્રણ અર્થ :-**

**ગંભીર આશય એટલે મનનું ગંભીર વલણ,**

એટલે કે

(૧) વસ્તુને ઉપલકિયા દૃષ્ટિથી નહિ, પણ ઊંડાણથી જોવાનું વલણ, દા.ત. ધંધામાં પૈસા ગુમાવ્યા, તો ત્યાં એમ ન જુઓ, કે 'ફલાણાએ ઊંધી સલાહ આપી તેથી પૈસા ગયા;' પરંતુ એમ જુએ, કે, 'મારે અશુભ કર્મનો ઉદય થયો લાગે છે, તેથી અવળી સલાહે ચાલવાનું ને આ પૈસા ગુમાવવાનું થયું.' વાત તો સાચી જ છે, ભલે સામાએ ઊંધી સલાહ આપી પણ પોતે માની કેમ ? કહો, પોતાના અશુભ કર્મે મનાવી. આમ ગંભીર દૃષ્ટિથી પોતાના કર્મનો વાક જુએ. તો પછી સહેજે મનને થાય કે 'લાવ ત્યારે,

**હવે શુભ ભાગ્ય ખૂટ્યું છે, તો શુભ ભાગ્યાર્થે શુભ ભાવ વધારું.**

એ માટે 'જિનભક્તિ, સાધુસેવા, અને ત્યાગ, તપ, વગેરે વધુ સારા સેવવા લાગુ.' અથવા

(૨) ગંભીર આશય એટલે તુચ્છ મામુલી પ્રસંગ કે પદાર્થને વજન ન આપે,



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

પરંતુ મહત્ત્વની વસ્તુ પર જ ધ્યાન દે. દા.ત. કોઈનાથી ઉતાવળે ભૂલથી બોલાઈ ગયું, કે 'ગાડી આગળ, ઘોડો પાછળ,' તો એ સાંભળીને હસવા ન લાગે કે, 'હેં હેં હ જુઓ ભાઈ બોલ્યા !' કેમકે એવી કોઈક ઉતાવળે ભૂલ એ મામુલી વસ્તુ છે, એને શી મન પર લેવી ? એમ દિલની ગંભીરતા રાખી હસે નહિ. અથવા,

(૩) ગંભીર એટલે બીજાના દોષ કે ગુપ્તવાત પેટમાં ઉતારી દેનાર, પરંતુ બહાર કોઈને ન કહેનાર. દા.ત. ગુરુઓ આગળ ભવી જીવો ભવ આલોચના કરે છે; અને ગુરુ એવા ગંભીર હોય છે, કે એ કોઈને ય પોતાના અતિ નિકટના અંગત શિષ્યને પણ, કહેતા નથી. એટલું જ નહિ પણ ગુરુ એ પાપ સેવનાર પ્રત્યે પછી પણ એટલું બધું વાત્સલ્ય રાખે છે, કે, પેલાને લાગે કે 'ગુરુ જાણે મારું પાપ ભૂલી ગયા લાગે છે ! એમણે એની કશી ગાંઠ વાળી નથી, મનમાં રાખી મૂક્યું નથી.'

**શ્રેષ્ઠિપુત્ર વિજયનો પ્રસંગ :-**

આ ગંભીર દિલ જીવનના ચાલુ વ્યવહારમાં ય જરૂરી છે. **'ધર્મરત્ન-પ્રકરણ'** શાસ્ત્રમાં આવે છે,- શ્રેષ્ઠિપુત્ર વિજય પહેલીવાર પત્નીને તેડવા ગયો ત્યારે સાસરે જવા અનિચ્છુક પત્નીએ રસ્તામાં વિજયને કુવામાં ધકેલી દીધેલો. પરંતુ ગંભીર વિજય પત્નીને બીજી વાર તેડવા ગયો ત્યારે ગંભીરતા રાખી, પત્ની આગળ પણ એ બાબતનો એક અક્ષર પણ કાઢ્યો નહિ, તેથી પત્ની ખૂબ આવર્જિત થઈ ગઈ, અને પ્રેમથી સાસરે ગઈ. પરંતુ વર્ષો પછી સંતાન સાથે જમવા બેઠેલો અને પત્નીએ બહુ આગ્રહ કરી પીરસવા માંડ્યું, ત્યારે વિજયને પૂર્વનું યાદ આવવાથી જરાક હસવું આવ્યું. પુત્ર પછીથી ઓરડામાં જઈ હસવાનું કારણ પૂછે છે. વિજય કહે 'કાંઈ નહિ' પુત્રે બહુ આગ્રહ કર્યો, ત્યારે વિજયે પૂર્વની બાબત કહેતા કહ્યું 'એક વખત એવો હતો, આજે એ બહુ પ્રેમ અને આગ્રહથી જમાડે છે. સમય સમયને માન છે.'' આ બહાર રહેલી પત્નીએ સાંભળ્યું, અને એના હૃદયને એવો આઘાત લાગ્યો કે ત્યાં જ હૃદય બંધ પડી ગયું ! અકાળ મોત ! ગંભીરતા ગુમાવી તો આ ભયંકર નુકસાન થયું. પૂર્વે ગંભીરતા હતી તો પત્ની ખૂબ આવર્જિત થઈ ગયેલી, તે પતિને દેવની માફક પૂજતી હતી. ગંભીર દિલ, ગંભીર આશય, ગંભીર વલણ એક મહાન ગુણ છે.

**મૈત્રી આદિ ભાવોની પરતંત્રતા હોય તો આ ગંભીર આશય આવે. પૂછો,-**

**પ્ર.- મૈત્રી આદિ ભાવો સાથે ગંભીરતાને શો સંબંધ ?**

**ઉ.-** સંબંધ આ, કે દા.ત. પ્રસ્તુતમાં ચોથી 'ઉપેક્ષાભાવના' એ પરના દોષ ન જોવાનું શીખવે છે; તેથી પરની ઉતાવળે ભૂલમાં બોલાયેલી વસ્તુને ઉપેક્ષાભાવનાથી



ધ્યાન પર ન લે. એમ કરુણાભાવનાથી ભાવકરુણાથી ભૂલમાં બોલવામાં સામાને નડતા કર્મ-આવરણ પર દયા ખાય, કે 'બિચારો કર્મવશ ઊંધું બોલે છે, તો એને સારી સમજ આપું.' ત્યારે મૈત્રીભાવમાં એ ભૂલતા જીવ પર સ્નેહ તો બેઠો જ છે, એટલે સ્નેહના લીધે એની ભૂલ ધ્યાન પર ન લે. માતાને પુત્ર પર સ્નેહ હોય છે, તો એ ક્યાં પુત્રની વાત-વાતમાં ભૂલ જોયા કરે છે ? માતા જેવા સ્નેહના વાંધા છે એટલે જ સામાની ભૂલ જોઈ હસવું આવે છે ! યા દ્વેષ અરુચિ થાય છે, ને ગંભીરતા રહેતી નથી, છીછરાપણું રખાય છે ! જો **'સર્વ જીવ સ્નેહ'** રૂપી મૈત્રીભાવ આદિ ઊભા હોય તો ગંભીરતા રહે. એમ 'પૈસા ખોયા તે સામાની ઊંધી સલાહ મળી માટે નહિ, પણ મારા પોતાના અશુભ ભાગ્યનો ઉદય થયો માટે ઊંધી સલાહે ચાલ્યો ને ગુમાવ્યા;- એવી ગંભીર એટલે કે ઊંડા ઊતરીને વિચારણા કરવામાં પણ મૈત્રી આદિ ભાવો કામ કરે છે.

**'સામા પર મૈત્રીભાવ એટલે સ્નેહ હોવાથી એનું હલકું નથી જોવું,' એ નિર્ધાર કર્યાથી ગંભીરતા રહે.**

એમ કરુણાભાવથી વિચાર આવે, કે 'એ ય શું કરે ? એ ય બિચારાને તેવા પ્રકારના જ્ઞાનાવરણીયાદિ કર્મ નડતા હોય જેથી એને એમજ સૂઝે.'

કોઈના દોષ અગર ગુપ્ત રાખવા જેવી બાબત બીજા આગળ ન કહેવારૂપ ગંભીરતા પણ; જો મૈત્રીઆદિ ભાવ સલામત હોય, તો જ સારી સચવાય છે. કેમકે સૌ પ્રત્યે મૈત્રીભાવ એટલે સ્નેહ છે તેથી, જેમ સુશીલ પત્નીને પતિ પર સ્નેહ છે, તો એ પતિની એવી ગુપ્ત રાખવા જેવી વાત કે પતિના દોષ બીજા આગળ નથી કહેતી, પણ પેટમાં ઉતારી દે છે, જેમ કલ્યાણમાતા પુત્રના દોષ બીજા આગળ નથી ગાતી પેટમાં ઉતારી દે છે, એમ, કોઈના દોષ યા રહસ્યભૂત બાબત આ મૈત્રીભાવથી બીજા આગળ નહિ કહે. એમ કોઈનાય દોષ પ્રત્યે ઉપેક્ષાભાવ છે એટલે પણ બીજા આગળ એનું પિંજણ નહિ કરે. આમ ગંભીર દિલ સચવાશે. આ થઈ મૈત્રી આદિની પરતંત્રતાથી પોષાતા ગંભીર આશયની વાત.

મૈત્રી આદિની પરતંત્રતા રાખવાથી ઉદાર આશય પણ પોષાય છે.

## ઉદાર આશય એટલે ?

ઉદાર આશય એટલે શું ? એને મૈત્રી આદિ સાથે શો સંબંધ ? એનો વિચાર કરીએ. 'ઉદાર આશય' એટલે મનનું ક્ષુદ્ર-કૃપણ-હલકટ વલણ નહિ, પરંતુ ઉમદા વલણ, વિશાળ દરિયાવદિલ. જ્યારે ક્ષુદ્ર દિલ એટલે તો તુચ્છ દિલ, ઉછાછળું દિલ. દા.ત.



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

(૧) રૂપિયા બે હજાર ખર્ચી જમણ કરે પરંતુ ત્યાં માગવા આવેલા ગરીબ કે ભિખારીઓને કશું ન આપે ! અગર સીદાતા સાધર્મિકને ૫-૨૫ રૂપિયા ય ન આપે ! યા જમણ પછી સાફસુફી કરાવવાનો ૨૫-૫૦ રૂા.નો ખર્ચ પણ ન કરે ! એમ,

(૨) બીજા સાથે બોલ-ચાલમાં તુચ્છ શબ્દો બોલે, તુચ્છ અપમાનભર્યો વર્તાવ કરે. એમ,

(૩) કૃપણ માણસ જાતે સુકૃત તો ન કરે, પરંતુ બીજાનાં સુકૃત કાર્ય એના માથે કરવાના આવ્યા હોય, તો તેમાં ય પેલાનું સુકૃત કેમ સારું શોભિતું-યશસ્પ્રદ થાય એ ન જુએ, પણ ખર્ચ કેમ ઓછો થાય એ જુએ ! એટલે ખર્ચમાં જ્યાં ને ત્યાં કાપકુપ કરે !

(૪) ક્યારેક પોતે પણ સુકૃત કરવા બેસે, તો એમાંય એ સ્થિતિ.

(૫) વળી કૃપણ માણસ પોતાના સંસાર વ્યવહારમાં ય સાચી કરકસર નહિ, પરંતુ કૃપણતા એવી કરે કે જેથી આશ્રિતજનોને અરુચિ રહ્યા કરે. ત્યારે

(૬) હલકટ વલણવાળો કરે થોડું ને ગાય ઘણું. અથવા

(૭) બીજાના સુકૃતને ઝાંખ પાડવા મથે; યા

(૮) પોતે બીજાની વતી માથે લીધેલા સુકૃતમાંથી પોતાનું ઘર તાજું કરવાની ત્રેવડમાં રહે ! ગાવલી ખાવાની પેરવીમાં હોય !

હવે જો આત્મા મૈત્રી આદિ ભાવોને પરતંત્ર હોય તો એ ભાવોથી એ એવો ઉદારદિલ બને, કે આ બધી ક્ષુદ્રતા-કૃપણતા-હલકટતા-સ્વાર્થાંધતા... વગેરે જીવનમાં ઊભી જ ન રહે. પૂછો.

**ઉદાર દિલને મૈત્રી આદિ સાથે સંબંધ :-**

**પ્ર.**- મૈત્રી આદિ ભાવોને ને ઉદાર દિલને શો સંબંધ કે મૈત્રી આદિ ભાવોથી ક્ષુદ્રતાદિ દૂર થઈ જાય ?

**ઉ.**- સંબંધ મોટો છે,- દિલમાં સૌ પ્રત્યે 'મૈત્રી' એટલે કે સ્નેહભાવ હોય તો સહેજે મૈત્રી-પાત્ર પ્રત્યે ક્ષુદ્ર વ્યવહાર કરવાનું મન ન થાય, પણ ઉમદા વ્યવહાર રહે. કૃપણ માણસે કન્યા જો સારા ઘરે વરાવી, તો એ ઘરનું ઉમદા અને દરેકનું સ્નેહભર્યું વાતાવરણ એને મળવાથી એ પણ ઉમદા બની જાય છે. માતાને પુત્ર પ્રત્યે સ્નેહ છે, એટલે એ પુત્ર પ્રત્યે ઉદાર-ઉમદા વલણ અને વ્યવહાર જ રાખે છે. એમ 'કરુણા'થી દયાળુને દુઃખી પ્રત્યે દયા છે, તો એ દુઃખી પ્રત્યે ઉદાર ઉમદા વહેવાર રાખે છે. દા.ત. ઘરઆંગણે આવેલા ભિખારીને તિરસ્કારતો નથી, પણ કંઈક આપવાની ઉદારતા, અગર છેવટે આશ્વાસનના બે બોલ કહેવાની ઉદારતા



કરે છે, ઉમદાગીરી દાખવે છે.

એમ મૈત્રી આદિને પરતંત્ર રહેવાથી ગંભીર ઉદાર ઉમદા આશયવાળા બની રહેવાય છે.

ગંભીર-ઉદાર અને ઉમદા આશયાવાળા એટલે કે ઉદાર ઉમદા દિલવાળા હોવાથી એમની પ્રવૃત્તિ પણ પરાર્થ જ હોય છે.

**ગંભીર-ઉદાર આશયથી પરાર્થ પ્રવૃત્તિ : પ્રવૃત્તિ પરાર્થ**

**પરાર્થ પ્રવૃત્તિના ૩ અર્થ :-**

(૧) 'પરાર્થ' એટલે કે પરને હિતકારી પ્રવૃત્તિ, પણ અહિતકારી નહિ. દા.ત. દુકાન પર ઘરાક આવ્યો તો અધમ વેપારીની જેમ એને ઝુડી ન પડે, કે નીચોવી નાખે નહિ; ભળતો માલ, ભેળસેળવાળો માલ ન પકડાવી દે, યા સારા માલના ડબલ ત્રબલ નાણાં ન ઓકાવે. પૂછો,-

**પ્ર.**- પણ ભલે એ થોડો નફો તો લે છે જ, એમાં એણે ઘરાકનું હિત શું કર્યું ?

**ઉ.**- હિત આ કર્યું, કે એ અહીંથી વ્યાજબી ભાવે અને સાચો માલ મેળવે, એમાં બીજેથી ઠગાતો બચ્યો, એજ એનું હિત થયું, ને તે આ ઉદાર ઉમદા આશયવાળા વેપારીએ હિત કર્યું કહેવાય.

(૨) વળી પ્રવૃત્તિ 'પરાર્થ' એટલે કે એકલી સ્વાર્થ-સાધુ નહિ, પણ પરના ભલાની ય હોય. દા.ત. પૈસા કમાયો, તો એનાથી એકલા જાતના યથેચ્છ ભોગ-વિલાસના અમન-ચમનિયાં ઉડાવે નહિ, પરંતુ (i) દુઃખીનાં દુઃખ ફેડવાની, ને (ii) સગા સ્નેહીને સહાયક થવાની, તેમજ (iii) ધર્મ-ક્ષેત્રો પુષ્ટ કરવાની પ્રવૃત્તિ કરે. માટે તો પૂર્વકાળે બહારથી ધન કમાઈ લાવનારા ઘરે આવીને પહેલાં ઉદાર દાન કરવામાં પૈસા ઉછાળતા ! કારણ ? દિલ ઉદાર અને ઉમદા છે, મૈત્રી આદિ ભાવોથી લચબચતું છે. આમ મૈત્રી આદિની પરતંત્રતાથી ઉદાર આશય આવે, ને એથી પરાર્થ પ્રવૃત્તિ થાય.

(૩) વળી પ્રવૃત્તિ 'પરાર્થ' એટલે કે પરનો વિચાર રાખનારી હોય છે, પરંતુ માત્ર સ્વનો જ વિચાર કરનારી નહિ. દા.ત.

(i) મંદિરમાં પ્રભુદર્શને ઊભો, તો પાછળવાળાનો વિચાર રાખીને ઊભો રહે. અર્થાત્ એમને દર્શનમાં અંતરાય ન થાય એ રીતે, બરાબર વચમાં પ્રભુની સામોસામ નહિ, પણ બાજુમાં ઊભો રહી દર્શન કરે. એમ

(ii) સ્તુતિ સ્તવન બોલે તે પરનો વિચાર રાખીને અર્થાત્ પરના સ્તુતિ-

સ્તવનના અવાજને ઢાંકી દે એવા રાડિયા અવાજથી ન બોલે. અથવા પરનો વિચાર એટલે કે

(iii) બીજાના ધર્મયોગ ન સીદાય એ રીતે પ્રવર્તે. દા.ત. પોતાને ટીપટોપ ભોજન જોઈએ છે, માટે પત્નીને રસોઈમાં એ રીતે ન જોડી રાખે કે એ બિચારી જિનપૂજા યા વ્યાખ્યાન-શ્રવણ કરી જ ન શકે. એમ પોતે સાધુ હોય અને પોતાને નવકારશી વાપરવી છે માટે બીજા જ્ઞાન-ધ્યાન કરનાર નિત્ય એકાસણાવાળાને પોતાની નવકારશી વહોરી લાવવા ન રોકે કે જેથી એના જ્ઞાન-ધ્યાનમાં અંતરાય પડે. પોતાનું દિલ એવું મૈત્રી આદિ ભાવથી ભીનું ને ઉદાર ઉમદા છે, કે પોતાની પ્રવૃત્તિ પરાર્થ જ હોય, અર્થાત્ પરના ભલાના વિચારવાળી હોય, પરનું ભલું ન ઘવાય એ કાળજીવાળી હોય.

**પૂ. ગુરુદેવશ્રીની પરાર્થતા :-**

પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ એક વખત માત્રુ જઈ પ્યાલો પોતે જ પરઠવી આવ્યા ! ત્યારે ભણતા સાધુને ખબર પડી એટલે કહે છે, 'સાહેબજી ! આ શું કર્યું ? સેવકને જરાક ખોંખારો ખાઈ ઈશારો ય ન કર્યો ?' ત્યારે પૂ. ગુરુદેવ કહે 'ભાઈ ! તું ભણતો હતો. ભણતાને અંતરાય ન કરાય.' પરને ધર્મનો અંતરાય ન કરવો એ પરાર્થકરણ. પોતાની જરૂરિયાતો બહુ જ ઓછી રાખીને પણ પૂજ્યશ્રી શિષ્યો પ્રત્યે પરાર્થ રહેતા. ગુરુની અધિક જરૂરિયાતો પૂરતા જવામાં શિષ્યોને બીજા યોગ ખોટા સીદાય.

**મહાવ્રતોથી પરાર્થકરણ :-**

સાધુ મહાવ્રતો પાળે એમાં પણ પરાર્થ પ્રવૃત્તિ છે, પરને દુઃખ દુભામણ ન થાય એવી પ્રવૃત્તિ છે; કેમકે નીચું જોઈને ચાલે એમાં 'બિચારો કોઈ નિર્દોષ જીવ મારા પગ નીચે ન કચરાઓ,'- આ આશય છે. સાધુ જૂઠ ન બોલે, ચોરી ન કરે કે, એમાં 'બીજાને દુઃખ ન થાઓ,' એ આશય છે. અબ્રહ્મનો ત્યાગ કર એમાં 'બેથી નવ લાખ જીવો ન મરો,' એવો જીવો પ્રત્યે દયાભાવ છે. પરિગ્રહ ન રાખે એમાં પણ પરિગ્રહથી આરંભ સમારંભ વગેરે થઈ જીવોને થતા ત્રાસ અટકાવવાનો શુભ હેતુ છે.

**સકલ સત્ત્વ-હિતાશયમાં પરાર્થતા :-**

સાધુની આ પરાર્થતા 'પંચવસ્તુ' શાસ્ત્રમાં આ રીતે બતાવી છે કે સાધુ હંમેશાં **સકલસત્ત્વહિતાશય** વાળા હોય. એ 'સકલ સત્ત્વહિત' આ જ, કે પોતાનાથી અથવા પોતાનાં નિમિત્તે સૂક્ષ્મ બાદર કોઈ પણ જીવને લેશ પણ પીડા



ન થાય એ રીતનો પોતાનો આશય અર્થાત્ પોતાનું દિલ બન્યું રહે, અને એને અનુસરીને પ્રવૃત્તિ કરે. આ હિસાબે સાધુની દરેક પ્રવૃત્તિમાં દરેક સાધ્વાચારમાં પોતાનાથી કોઈ પણ જીવનું અહિત ન થાય એ સાવધાની પાકી હોય, એ એમની પરાર્થ પ્રવૃત્તિ છે. ત્યારે અહીં સવાલ થાય કે-

**ગૃહસ્થ ઘરવાસમાં હિંસક છતાં પરાર્થ કેમ ?**

**પ્ર.-** સાધુ તો સર્વ આરંભ સમારંભના ત્યાગી છે એમની ભોજન વિધિ પણ લેશમાત્ર જીવ હિંસાવાળી ન હોય. પરંતુ અહીં સ્થિરા દૃષ્ટિવાળાની વિશેષતાનું વર્ણન ચાલી રહ્યું છે, અને સ્થિરા દૃષ્ટિમાં તો સમ્યગ્દર્શન છે. પરંતુ સમ્યગ્ ચારિત્રનો નિયમ નહીં, તેથી એ સમ્યગ્દર્શનની તો ગૃહવાસમાં રહ્યો એવી પૂર્ણ અહિંસાવાળો નથી, ષટ્કાય-હિંસા કરે છે, તો એને પરાર્થ જ પ્રવૃત્તિ ક્યાં રહી ? આરંભ-સમારંભમાં જીવોને નુકસાન તો પહોંચે જ છે ?

**ઉ.-** વિરતિ વિનાનાં સમ્યગ્દર્શનની આત્માને પણ એની કક્ષામાં પોતાનાથી જીવોનું અહિત ન થાય એની કાળજી હોય છે. જેમકે પૂર્વે કહ્યું તેમ પોતે ભગવાનનાં દર્શન-પૂજન-ભક્તિમાં બીજાને અંતરાયરૂપ ન થાય, પોતાના નિમિત્તે બીજાનાં ધર્મમાં બાધા ન પહોંચે યા બીજાના ભાવ ન બગડે એ કાળજી હોય છે. એમ ઘર-કામ-વેપાર-ધંધા વગેરેમાં પણ પોતાને માથે મૈત્રી આદિ ભાવોનાં બંધન હોઈને પોતે ગંભીર-ઉદાર-ઉમદા દિલવાળો હોવાથી શક્ય એટલો બીજાને પીડા ન થાય, બીજાનું અહિત ન થાય એની કાળજી રાખે છે. માટે એની પણ પ્રવૃત્તિ આ રીતે પરાર્થ હોય છે. અહીં પ્રશ્ન ઊઠે કે-

**પ્ર.-** 'પરાર્થ'નો જો આટલો જ અર્થ હોય કે પરનું અહિત ન કરવું,' તો શું પરને લાભકારી પરાર્થતા એનામાં ન હોય ?

**ઉ.-** શક્ય એટલું બીજાનું ભલું કરવું, બીજાને ઉપકારક થવું, એ પરાર્થતા પણ સ્થિરાદિ દૃષ્ટિવાળામાં હોય છે. એટલા માટે તો **'જયવીયરાય'** સૂત્રમાં 'પરત્થકરણં' અર્થાત્ પરાર્થ કરણની માગણી મૂકી છે. પરનો ઉપકાર, પરની સેવા, પરનું ભલું કરવું, એ લોકોત્તરધર્મપ્રાપ્તિ પૂર્વેનો લૌકિક ધર્મ તરીકેનો 'પરત્થકરણં' ગુણ મૂક્યો છે.

જો એ પરાર્થતા-પરાર્થકરણ લૌકિક ધર્મ તરીકે સ્થિરાદિ દૃષ્ટિની પૂર્વભૂમિકામાં હોય, તો શું સ્થિરાદિ દૃષ્ટિનો લોકોત્તર ધર્મ પ્રાપ્ત થયા પછી ન હોય ? અવશ્ય હોવો જોઈએ, હોય જ.

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3

(33)

# પરમાત્મ-પ્રીતિ

- પૂ.મુનિરાજશ્રી દિવ્યરત્નવિજયજી મ.સા.

હૃદય એટલે ધબક્તો પ્રભુ પ્રેમ...જીવંત જીવન જીવવું હોય, તો હૃદય નહીં પ્રેમ ધબકવો જોઈએ. જેના પ્રત્યે એ ધબકે એને લગતી બધી જ બાબતો હૃદયથી થાય...પછી એને કાનથી નહીં, હૃદયથી સાંભળે...એને આંખથી નહીં હૃદયથી જુએ...સંબોધન હોઠથી નહીં હૃદયથી થાય, એનું કામ હાથથી નહીં, હૈયાથી થાય અને એને મળવા પગથી નહીં હૃદયથી જાય.

સ્વ. પૂજ્યપાદશ્રીના હૈયામાં પરમાત્મપ્રેમ ધબકતો સ્પષ્ટ પારખી શકાતો... કોઈ મોટો અને અંગત ગણાતો ભક્ત પૂજ્યશ્રી પાસે આવી સંસારની કે બીજી ત્રીજી સારી/નરસી વાત કરે ત્યારે શાસ્ત્રના પાનામાં કે લેખનના કાગળમાં ડુબેલી આંખ રાખી પૂજ્યપાદશ્રી હૈયાથી તો શું કાનથી પણ સાંભળે નહીં, અને જ્યાં કોક પરમાત્મભક્તિની, પરમાત્માના શાસનની અનુમોદનાની વાત સંભળાય, એટલે ગૌતમસ્વામી જેવા જિજ્ઞાસા અને અહોભાવથી ભરેલી આંખ ઊંચે જુએ અને કાન સરવા થઈ જાય અને મોં હસું હસું થવા માંડે એટલે સહેજે ખ્યાલ આવે કે પૂજ્યપાદશ્રી કાનેથી નહીં હૈયાથી સાંભળે છે.

મોટો ચમરબંધી કે શ્રીમંત આવે, કે એવો કોઈ સહજ આંખ ઊંચી કરી જોવા પ્રેરે એવો પ્રસંગ ઊભો થયો હોય, ત્યારે પણ જાણે સો મણનું વજન પાંપણપર હોય, તેમ નીચે ઢળેલા નેણ જરા પણ ઊંચે ઉઠવા પ્રયત્ન જ ન કરે એ નેણ પરમાત્માની પ્રશમરસનિમગ્ન પ્રતિમાપર ચોંટ્યા પછી ઉખડે જ નહીં, પલકારા મારવાનું છોડી દે, રોજ રોજ જોવા છતાં જાણે પ્રથમવાર જ-અપૂર્વ દર્શન થયા હોય, અને છ મહીનાની ભૂખ-તરસ છીપી ગઈ એવી મસ્તી અનુભવે, ત્યારે આસપાસના સહજ અનુભવે કે પૂજ્યપાદશ્રી આંખથી નહીં હૈયાથી ભગવાનને નિહાળી રહ્યા છે.

બીજી-ત્રીજી વાત કહેતા જાણે શબ્દ દીઠ લાખ રૂપિયા ચૂકવવા પડતા હોય, રખેને અબજો રૂપિયાથી પણ વધુ કિંમતી મારી સાધનાપળ શબ્દોના તરંગમાં ખર્ચાઈ જાય...આ બધા બાહ્યભાવમાં મારો આંતરભાવ ઢોળાઈ જશે તો. એવી એવી



ગણતરીથી 'કેમ છો ?' એટલું બોલવા માટે હૈયું તો શું હોઠ પણ ફફડવા તૈયાર ન હોય, એ પૂજ્યપાદશ્રી ભગવાન સામે ગળુ ખેંચી ખેંચીની સ્તવનો લલકારે, વાચના અને વ્યાખ્યાનોમાં કલાકોના કલાકો સુધી અરિહંત અને અરિહંતનો પ્રભાવ ઉછળી ઉછળીને બતાવતા હોય, અને ત્યારે જાણે ઘડિયાલ થંભી ગઈ હોય, એમ સમયનો ખ્યાલ પણ રહે નહીં, ત્યારે સહજ પારખી શકાય કે આ હોઠથી નહીં હૈયાથી બોલાઈ રહ્યું છે.

એક અક્ષર પર અર્થ વિનાનો લખવામાં આંબેલ અને ઉપવાસના દંડ નજર સામે દેખાતા હોય, જાણે વર્ષોથી લખવાનું જ ભૂલી ગયા હોય એમ પેન જ ઉપડતી ન હોય, એવી રીતે વર્તનારા પૂજ્યપાદશ્રી જ્યારે કોઈ પણ વિષયપર અરિહંતને જ કેન્દ્રમાં રાખી લખવા બેસે ત્યારે પરમાત્માના નામે પ્રેમ પત્ર લખતા હોય, કંઈ કેટલાય વિશેષણો લખવા છતાં ઓછા લાગે, સતત નવા-નવા ગુણો-રૂપો દેખાયા કરે એટલે લખ્યા વગર ચેન ન પડે... એમ ખરેખર અનુભવાય કે પૂજ્યપાદશ્રી હાથથી નહીં હૈયાથી લખે છે.

બીજા કોઈ પણ પ્રસંગે કે જોવા લાયક સ્થળે જવા પગ ઉપાડતા જાણે બેડીનું બંધન નડતું હોય એમ ડગલું ય ન ચસકતા પૂજ્યપાદશ્રી યુવાનને પણ શરમાવે એવી સ્ફૂર્તિથી જિનજીને જુહારવા ઉમંગથી દોડી જતાં હોય, કે બીમારાદિને 'સમાધિ' આપવા માટે અરિહંતના ગુણગાન ગાઈ અરિહંતનો ભક્ત બનાવી દેવાના નિમિત્તે તરત તૈયાર થઈ જતાં જોઈ કહી શકાય કે પૂજ્યપાદશ્રી પગથી નહીં, હૃદયથી જતાં હતાં...

અને આથી જ કહી શકાય કે પૂજ્યપાદશ્રીના હૈયામાં ભગવાન પ્રત્યેનો અવિહડ પ્રેમ ધગધગતો હતો...કે જેથી તેઓ દેખાતા જાહેરમાં કે એકાંતમાં જાણે અરિહંત સાથે જ વાર્તાલાપ કરતાં હોય, પ્રેમગોષ્ટી કરતાં હોય, લયલીન થઈ ગયા હોય, એવો આભાસ વારે ઘડિયે અનુભવાતો. એમના એ અરિહંતપ્રેમને કરોડો પ્રણામ...

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖



E:/Divya-Darshan(Part-14)(Pravachan Mahodadhi)(Yogdrusti Samuchhai.pmd/prf.3